# ગુનાહાને કબીરા

## (ભાગ-૧)

**- : પ્રકાશક : -**

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

… Kitab Downloaded from …
*www.hajinaji.com*

• LIKE US ON FACEBOOK •
www.facebook.com/HajiNajiTrust

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

hajinajitrust@yahoo.com

# અનુક્રમણિકા

## પ્રકરણ – પહેલું


| ક્રમ | વિષય | પેજ |
|---|---|---|
| ૧ | તકવાની હકીકત | ૧૫ |
| ૨ | ગુનાહ નેક કાર્યોને નિરર્થક બનાવી દે છે. | ૨૧ |
| 3 | જન્નતના વૃક્ષોને સળગાવનારી આગ | ૨૪ |
| ૪ | હરામખોરી ઇબાદતને નષ્ટપ્રાય કરે છે. | ૨૬ |
| ૫ | નેક કાર્યો કબૂલ થવામાં | ૨૮ |




HAJINAJI.com

| | | |
|---|---|---|
| | માનવહક અંતરાયરૂપ છે. | |
| ૬ | માત્ર પરહેઝગારી સાથેનો અમલ જ કબૂલ થશે. | ૩૦ |
| ૭ | દુઆ કબૂલ થવામાં ગુનાહ અડચણરૂપ છે. | ૩૧ |
| ૮ | ગુનાહ કરવાનું છોડી દેવું એ જ સાચી ઇબાદત છે. | ૩૪ |
| ૯ | ગુનાહથી બચતા રહો. | ૩૬ |
| ૧૦ | નેક આમાલ ધૂળ અને રજકણની જેમ વેર વીખેર થઈ શકે છે. | ૩૭ |
| ૧૧ | અગણિત પરહેઝગાર લોકો જન્નતમાં જશે. | ૩૯ |

# પ્રકરણ – બીજું


| ક્રમ | વિષય | પેજ |
|---|---|---|
| ૧૨ | ગુનાહે કબીરા અને ગુનાહે સગીરાનું વિભાજન | ૪૩ |
| ૧૩ | જન્નતના દરવાજા પરહેઝગારો માટે ખુલ્લા છે. | ૪૬ |
| ૧૪ | શફાઅત | ૪૭ |
| ૧૫ | શફાઅત ગુનાહ કરનારાઓ માટે શૂરવીરતાનું કારણ ન બનવી જોઈએ. | ૪૯ |
| ૧૬ | શફાઅતની આશામાં આત્મહત્યા કરવી. | ૫૨ |

| | | |
|---|---|---|
| ૧૭ | હું તમારા માટે બરઝખથી ડરૂં છું. | ૫૮ |
| ૧૮ | કાલે લોહીના અશ્રુ વહાવશે. | ૬૦ |
| ૧૯ | નમાઝને હલ્કી સમજનાર માટે શફાઅત નથી. | ૬૩ |
| ૨૦ | અતિશય ગુનાહ ઈમાનને નષ્ટ કરે છે. | ૬૫ |
| ૨૧ | ગુનાહ દિલને શ્યામ કરી દે છે. | ૬૯ |
| ૨૨ | શ્યામ દિલ ઉપર ઉપદેશ અને નસીહતની કોઈ અસર થતી નથી. | ૭૧ |
| ૨૩ | ભૂતકાળના ગુનાહોનો ડર | ૭૪ |

| | | |
|---|---|---|
| ૨૪ | શફાઅત આશાનું કારણ છે, ગર્વનું નહીં. | ૭૮ |
| ૨૫ | ત્યારપછી પણ ડર અને ભય રહેવો જોઈએ. | ૭૮ |
| ૨૬ | એહલેબૈત અલય્હેમુસ્સલામનાં શીઆઓ | ૮૦ |
| ૨૭ | શીઆ અને મોહીબ | ૮૨ |
| ૨૮ | મોહમ્મદ બિન મુસ્લીમની કાઝી શરીક સાથે વાતચીત | ૮૪ |
| ૨૯ | ઈમામનું અનુસરણ કરનારા સાચા શીઆ છે. | ૮૬ |
| ૩૦ | કેટલાક શીઆઓ સાથે હઝરત | ૮૭ |

| | | |
|---|---|---|
| | અલી અલય્હિસ્સલામની વાતચીત | |
| ૩૧ | શીઆ હોવાનો માત્ર દાવો પુરતો નથી. | ૯૦ |
| ૩૨ | વિલાયત (મોહબ્બતે એહલેબૈત અલય્હેમુસ્સલામ) | ૯૫ |
| ૩૩ | વિલાયતનો અર્થ | ૯૭ |
| ૩૪ | હઝરત અલી અલયિહસ્સલામની વિલાયત ખુદાનો મજબુત કિલ્લો છે. | ૧૦૦ |
| ૩૫ | હિંસક સિંહથી બચવા કિલ્લામાં આશરો લેવો. | ૧૦૪ |




HAJINAJI.com

| | | |
|---|---|---|
| ૩૬ | કિલ્લામાં પ્રવેશવું જોઈએ. | ૧૦૬ |
| ૩૭ | શું સદચારિત્ર્ય વગરનો મૌખિક દાવો પુરતો છે ખરો ? | ૧૦૭ |
| ૩૮ | અમલથી જ હેતુ સાધી શકાય છે. | ૧૧૦ |
| ૩૯ | તકવાના પ્રકારો વિશે અલ્લામા મજલિસીનો અભિપ્રાય | ૧૧૨ |
| ૪૦ | મોહબ્બત | ૧૧૪ |
| ૪૧ | મોહબ્બત ઇન્સાનને દ્રઢ નિશ્ર્ચયી (સાબિત કદમ) બનાવે છે. | ૧૧૭ |
| ૪૨ | જનાબે જાબિરે અન્સારીની | ૧૧૮ |

| | | |
|---|---|---|
| | વસીય્યત | |
| ૪૩ | હઝરત અલી અલય્હિસ્સલામના દોસ્તો માટે ફરિશ્તાઓનો ઇસ્તિગ્ફાર | ૧૧૯ |
| ૪૪ | હઝરત અલી અલય્હિસ્સલામની મોહબ્બત ગુનાહોને સળગાવી નષ્ટ કરી દે છે. | ૧૨૦ |
| ૪૫ | બલા અને મુસીબતો ગુનાહોને નકામા કરે છે. | ૧૨૩ |
| ૪૬ | મોહબ્બતની ભાવનાથી ફાયદો ઉઠાવી શકે છે. | ૧૨૫ |
| ૪૭ | ખ્વાહીશાત મોહબ્બતના માર્ગનો | ૧૩૨ |

| | | |
|---|---|---|
| | અવરોધ છે. | |
| ૪૮ | અલ્લાહની નેઅમતોને ગુનાહના કામમાં ન વાપરો | ૧૩૫ |
| ૪૯ | ગુનાહોનો અંધકાર અને તૌબાનું નૂર | ૧૩૭ |
| ૫૦ | કબીરા અને સગીરાનો અર્થ | ૧૪૦ |
| ૫૧ | ચાર પ્રકાર વિશેની ઉર્વતુલ વુસ્કાનું મૂળ લખાણ | ૧૫૧ |
| ૫૨ | પહેલી રિવાયત | ૧૫૩ |
| ૫૩ | બીજી રિવાયત | ૧૭૫ |
| ૫૪ | ત્રીજી રિવાયત | ૧૭૮ |
| ૫૫ | ચોથી રિવાયત | ૧૮૨ |

| | | |
|---|---|---|
| ૫૬ | એક મુશ્કીલ પ્રશ્નનો ઉકેલ | ૧૮૮ |
| ૫૭ | પહેલા એઅતેરાઝનો જવાબ | ૧૯૦ |
| ૫૮ | ગુનાહે સગીરાનું પુનરાવર્તન કરવું એ પણ કબીરા છે. | ૧૯૩ |
| ૫૯ | ખરાબીમાં ફસાવાથી સવાબથી વંચીત થવાય છે. | ૧૯૫ |
| ૬૦ | એહલેબૈત અલય્હેમુસ્સલામ પ્રત્યેનું જ વલણ રાખવું જોઈએ. | ૧૯૮ |
| ૬૧ | એહલેબૈતે અત્હાર અલય્હેમુસ્સલામ એહલે ઝિક્ર કઈ રીતે ? | ૨૦૧ |
| ૬૨ | બીજા એઅતેરાઝનો જવાબ | ૨૦૭ |

# પ્રકરણ ત્રીજું


| ક્રમ | વિષય | પેજ |
|---|---|---|
| ૬૩ | પહેલો ગુનોહ : શિર્ક | ૨૧૯ |
| ૬૪ | બીજો ગુનોહ : યાસ - નિરાશા | ૪૨૧ |
| ૬૫ | ત્રીજો ગુનોહ : અલ્લાહની રહમતથી નાઉમ્મીદ થઈ જવું | ૫૫૨ |
| ૬૬ | ચોથો ગુનોહ : ખુદાના ગઝબથી લાપરવાહી | ૫૬૮ |
| ૬૭ | પાંચમો ગુનોહ: કત્લે નફસ | ૬૭૩ |
| ૬૮ | છઠ્ઠો ગુનોહ : આકે વાલેદૈન | ૭૦૨ |
| ૬૯ | સાતમો ગુનોહ: કત્એ રહમ | ૮૩૮ |

| | | |
|---|---|---|
| ૭૦ | આઠમો ગુનોહ : યતીમનો માલ ખાવો | ૯૬૭ |
| ૭૧ | નવમો ગુનોહ : વ્યાજખોરી | ૧030 |
| ૭૨ | દસમો ગુનોહ : ઝીના (વ્યભીચાર) | ૧૧૧૦ |
| ૭૩ | અગ્યારમો ગુનોહ : લાવાત | ૧૨૨૫ |
| ૭૪ | બારમો ગુનોહ : કઝફ | ૧૨૮૪ |
| ૭૫ | તેરમો ગુનોહ : શરાબખોરી | ૧૩૭૪ |
| ૭૬ | ચૌદમો ગુનોહ : જુગાર | ૧૫૦૫ |
| ૭૭ | પંદરમો ગુનોહ: સંગીત | ૧૫૬૦ |

# બિસ્મિલ્લા હિર્ રહમાનીર્ રહીમ

## <u>પ્રકરણ પહેલું</u>

## તકવા (પરહેઝગારી - સદાચાર)

### તકવાની હકીકત :-

‘તકવા’ શબ્દ મૂળ ‘વિકાયહ’ છે. જેનો અર્થ છે રક્ષણ અને પરહેઝગારી. શરઈ અર્થમાં જોઈએ તો ‘તકવા’ એટલે ઇન્સાને પોતાને દરેક એવી વસ્તુઓથી બચાવવો જે આખેરત માટે નુકસાનકર્તા હોય. બીજા શબ્દોમાં, જે કામ કરવાની અલ્લાહે મનાઈ ફરમાવી છે, તેમાંથી

બચવાને ‘તકવા’ કહેવાય છે. જયારે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને ‘તકવા’નો અર્થ પૂછવામાં આવ્યો ત્યારે આપે ફરમાવ્યું :

“જ્યાં ખુદાનો હુકમ હોય ત્યાં આજ્ઞાપાલન માટે માથું ઝુકાવી દો, જે કરવાની ખુદાએ મનાઈ કરી હોય તેવા કામ કરવાથી બચો.” (સફીનતુલ બેહાર, જિ.૨, પા.૬૭૮)

એટલે કે ખુદાના હુકમનું પાલન કરનારા બનો અને તેની નાફરમાની

કરનાર થવાથી બચો. તકવાના બે પ્રકાર છે -

એક:- અલ્લાહની ઇતાઅત કરવી અને તેના હુકમોનું ચુસ્ત પણે પાલન કરવું, એવી રીતે કે કોઈપણ વાજીબ કામ તમારાથી છુટે નહીં. વાજીબ કામ એ છે કે જેને ન કરવાથી પરવરદિગારના ગુસ્સા અને કોપનો ભોગ બનવું પડે. તેની સાથો સાથ શક્ય હોય ત્યાં સૂધી મુસ્તહબ (સુન્નત) કામોને પણ છોડો નહીં.

મુસ્તહબ કામ એ છે, જેને કરવામાં સવાબ છે અને તેને છોડી દેવામાં અઝાબ નથી.

બે:- હરામ ચીજોથી બચવું. અને જે કામ કરવાની મનાઈ કરવામાં આવી છે તે છોડી દેવી. એ રીતે કે અલ્લાહે હરામ અને મનાઈ કરેલ વાતો જે તેના કોપ અને ગુસ્સાનું કારણ બને છે તેનાથી બચતા રહેવું. બંદાનું એ કામ હરામ છે, જેને અમલમાં મૂકવાથી તે અલ્લાહના અઝાબને પાત્ર બને છે. અને મકરૂહાતને પણ છોડી દે, મકરૂહ એવા કાર્યો છે જેને ન કરવા

વધારે સારૂં છે અને તેને છોડી દેવામાં ખુદાવંદે કરીમનો રાજીપો છે. પરંતુ તે કરવામાં કોઈ પ્રકારના ગુનાહ નથી. જે માણસ અલ્લાહના હુકમનું પાલનકર્તા અને તકવાના ઉચ્ચ દરજ્જે પહોંચવા માંગતો હોય. તેણે તકવાનો બીજો પ્રકાર જે હરામ વસ્તુઓ અને ગુનાહોથી બચવું છે - એનાથી દુર જ રહે, કારણ કે જો ઇન્સાન હરામ ચીજોથી બચશે તો તેનો અમલ ભલે ગમે તેટલો ઓછો અને નજીવો હશે, તો પણ બારગાહે ઇલાહીમાં કબૂલ થઈ

ગશે, જેમકે અલ્લાહ કુરઆનમાં ફરમાવે છે -

**ઇન્નમા યતકબ્બલો મેનલ મુત્તમકીન** (સુ. નં ૫, આયત નં ૨૭)

'ખુદા ફક્ત પરહેઝગારોના (આમાલ) કબૂલ કરે છે.' અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ઇરશાદ ફરમાવેલ છે કે -

"દુઆની કબુલીયત માટે પરહેઝગાર માણસની ખૂબ જ ટુંકી દુવા એ

રીતે પૂરતી છે, જે રીતે ખાણાને સ્વાદષ્ટિ બનાવવા માટે થોડુંક નીમક (મીઠું) પુરતું હોય છે.” (ઇદતુદ દાઈ)

**ગુનાહ નેક કાર્યોને નિરર્થક કરી નાખે છે.**

કેટલાક ગુનાહે કબીરા નેક કાર્યોને નાબુદ કરી દે છે. જેનું વિગતવાર વર્ણન આગળ ઉપર કરવામાં આવશે. ટૂંકમાં એ ગુનાહોથી બચવું નેક અમલ બનાવવા કરતાં વધારે મહત્વનું છે. આ વાતની સાબિતી માટે કેટલીક રિવાયતો પ્રસ્તુત છે.

**રિવાયતોમાં હરામ કામ છોડવાની અગત્યતા :-**

**પહેલી રિવાયત :**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું છે કે:

“હરામ કોળીયો ન ખાવો, એ અલ્લાહ તઆલાની નઝદીક બે હજાર મુસ્તહબ નમાઝ પડવાથી પણ વધારે ખૂશીનું કારણ બને છે.” (ઇદતુદ દાઈ)

**બીજી રિવાયત :**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : "એક દિરહમ (એ જમાનાનો ચલણી સિક્કો) તેના માલિકને પાછો આપવો એ અલ્લાહ તઆલાની નઝદીક સિત્તેર કબુલ થએલી હજ સમાન છે." (ઇદતુદ દાઈ)

### *ત્રીજી રિવાયત :*

આપે ઇરશાદ ફરમાવ્યું છે કે : "નેક કામ કરવાના પ્રયત્નો અધિક કરો. જો નેક કામ કરી ન શકો તો (કમસે કમ) (ખુદાની) નાફરમાની ન કરો. કારણ કે જો

કોઈ ઇમાંરતનો પાયો નાખે અને તેને બગાડે નહીં, તો તના કામની પ્રગતિ ધીમી હશે તો પણ નિશંક ઇમાંરત ઉંચી બનશે. અને (તેનાથી ઉલ્ટું) માણસ જે પાયો નાખે અને સાથો સાથ તેને બગાડતો પણ રહે, તો શક્ય છે કે તે ઇમારતની દિવાલ કદી ઉંચી ન થાય.” (ઇદતુદ દાઈ, પા. ૨૩૫)

**જન્નતના વૃક્ષને સળગાવનારી આગ :**

***ચોથી રિવાયત :***

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: “જે

કોઈ ‘સુબ્હાનલ્લાહ’ કહે, તો ખુદાવંદે તઆલા તેના માટે જન્નતમાં એક વૃક્ષ લગાવશે.” આ સાંભળીને કુરૈશ કોમનો એક શખ્સ ઉભો થયો અને અર્ઝ કરી: “જો એમ છે તો અમારા માટે જન્નતમાં ઘણા જ વૃક્ષો થઈ જશે.” હઝરતે ફરમાવ્યું: “હા, પરંતુ એ ચીજોથી ડરજો જે તમે અહીંથી મોકલો અને તેના કારણે તે વૃક્ષો બળીને રાખ થઈ જાય.” (ઇદતુદ દાઈ, પા. ૨૩૫)

*પાંચમી રિવાયત :*

“હસદ ઈમાનને એવી રીતે (ખાઈને) નાબુદ કરે છે, જે રીતે આગ લાકડાને, (બાળીને નાબુદ કરે છે.)” (ઉસુલે કાફી, ઇદતુદ દાઈ)

## હરામખોરી ઇબાદતને બાળી નાખે છે :

*છઠ્ઠી રિવાયત :*

‘કયામતના દિવસે એવી કૌમ પણ હશે જેના નેક કાર્યો ‘તહામા’ના પહાડો જેટલા વજનદાર હશે. તેમ છતાં હુકમ આપવામાં આવશે કે તેમને જહન્નમની

આગમાં ફેંકવામાં આવે.' (આ સાંભળીને) કોઈએ અર્ઝ કરી 'યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! શું તેઓ નમાઝ ગુઝાર હતા ?' ફરમાવ્યું: 'હા, નમાઝ પડતા હતા અને રોઝા રાખતા હતા અને રાતનો અમૂક ભાગ ઇબાદતમાં વિતાવતા હતા, પરંતુ જયારે તેમને દુનિયાની કોઈ વસ્તુ મળતી હતી તો તેની ઉપર (જાનવરની જેમ) તુટી પડતા હતા. (એટલે કે હરામ અને હલાલ વચ્ચેનો ભેદ રાખતા ન હતા.)'

**નેક કાર્યો કબૂલ થવામાં હુકુકુન્નાસ (માનવ હક) અંતરાય રૂપ છે.**

*સાતમી રિવાયત:-*

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: "મને અલ્લાહ તઆલા તરફથી હુકમ થયો છે, કે મારી કૌમને ડરાવું અને કહું કે મારા ઘરો (મસ્જિદો)માંના કોઈ ઘર (મસ્જિદ)માં તેઓ (એવી) હાલતમાં દાખલ ન થાય કે મારા બંદાઓ પૈદી કોઈ બંદાના હક(ની જવાબદારી) તેમની ઉપર હોય. જો તેવી

હાલતમાં તેઓ નમાઝ માટે ઉભા રહેશે, તો હું તેમની ઉપર લાનત કરીશ. અને તે લાનત ત્યાં સુધી ચાલુ રહેશે જયાં સુધી તે હક તેના માલિકને પાછો ન પહોંચાડે.” (ઇદતુદ દાઈ પા. ૨૩૬)

***આઠમી રિવાયત:-***

આ હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: “અલ્લાહ તઆલાનો એક ફરિશ્તો દરરોજ બૈતુલ-મુકદ્દસ પરથી અવાઝ બુલંદ કરે છે, કે ‘જે કોઈ હરામ ખાતું હોય ખુદા તેનો વાજીબ કે

મુસ્તહબ કોઈ અમલ કબૂલ કરતો નથી.’ (ઇદતુદ દાઈ)

**માત્ર પરહેઝગારી સાથેનો અમલ જ કબૂલ થાય છે.:**

***નવમી રિવાયત:-***

જો તમે નમાઝ પડવા માટે એવી રીતે ઉભા રહો જે રીતે જમીનમાં લાકડી ખોડી હોય, રોઝા રાખીને સુકાઈ ગએલી લાકડી જેવા અશકત થઈ જાવ અને તીર કમાનની જેમ (વાંકા) વળી જાવ, તો પણ જયાં સુધી તમારી પાસે ગુનાહોથી મુકત

રહેવાય તેવા ઝોહદ અને તકવા નહીં હોય ત્યાં સુધી ખુદા તમારો કોઈ અમલ કબૂલ કરશે નહીં.” (ઇદતુદ દાઈ)

## દુઆઓ કબૂલ થવામાં ગુનાહ અડચણરૂપ છે.:

### *દસમી રિવાયત:-*

હઝરત મૂસા અલય્હિસ્સલામ એક એવા માણસ પાસેથી પસાર થયા જે તેમના અસ્હાબોમાંના એક હતા. તે સજદામાં હતા. જયારે હઝરત મૂસા અલય્હિસ્સલામ પોતાનું કાર્ય પતાવીને

પાછા આવ્યા ત્યારે જોયું તો તે અસ્હાબ હજી પણ સજદામાં જ હતા. તે જોઈને તેઓએ ફરમાવ્યું 'જો તારી (હાજત) ઇચ્છાઓને પૂરી કરવાનું મારા હાથમાં હોત, તો હું પોતે જ તારી હાજત પૂરી કરત.'

ખુદાવંદે તઆલાએ હઝરત મૂસા અલય્હિસ્સલામ પર વહી નાઝિલ કરી અને ફરમાવ્યું: 'જો આ માણસ મારા એટલા બધા સજદા કરે કે જેનાથી તેની ગરદન કપાઈ જાય, તો પણ હું તેના એ અમલને

કબૂલ નહીં કરૂં, જયાં સુધી તે મને અણગમતી વાતથી અળગો ન રહે. અને જે વાત મને પસંદ છે તેની ઉપર અમલ કરતો ન થાય (એટલે કે ગુનાહોથી પરહેઝ કરે અને ઇબાદત બજાવી લાવે.) નહીંતર (તેના) ગુનાહો (તેની) દુઆઓને કબૂલ કરશે નહી.

**ગુનાહો કરવાનું છોડી દેવું એ જ ખરી ઇબાદત છે.:**

***અગિયારમી રિવાયત:***

ગુનાહોથી પરહેઝ કરવું એ દીનનો પાયો છે. તેથી ગુનાહ કરવાથી બચો. સૌથી વધુ ઇબાદત ગુઝાર અને મુત્તકી થઈ જાવ અને તમારી જાતને તકવા અને પરહેઝગારીથી વધુ સુશોભિત કરો. તકવા વગરનો અમલ ન કરો. નિ:સંશય તકવા સાથેનો અમલ અલ્લાહની બારગાહમાં કબૂલ થશે. ભલે તેનું પ્રમાણ થોડું કેમ ન

હોય. જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે કે: ‘ખુદા માત્ર પરહેઝગારોના આમાલ કબૂલ કરે છે.’ (ઇદતુદ દાઈ)

અર્થાત, તમે ગુનાહોથી દૂર રહ્યા કરો, ભલે તમારા નેક આઅમાલ ઓછામાં ઓછા હોય તેમ છતાં બારગાહે ઇલાહીમાં કબૂલ થશે. કારણ કે “રબ્બુલ આલમીને” તેને કબૂલીયતનો દરજ્જો આપ્યો છે, અને અલ્લાહ જે અમલને કબૂલ કરે તે કદી ‘સામાન્ય અમલ’ હોઈ શકે નહીં.

**ગુનાહોથી બચતા રહો.**

ઉપરની રિવાયતોને લક્ષમાં લેતા ગુનાહોથી ડરવું જોઈએ અને ગુનાહ ન થઈ જાય તેની પૂરે પુરી સાવધાની રાખવી જોઈએ તે પછી જ નેક અમલ બજાવી શકાય છે. અને તે નેક અમલને આલે મોહમ્મદ અલય્હેમુસ્સલમની નિકટની મંઝીલે અને ઉચ્ચ દરજ્જે પહોંચાડવા જોઈએ. નહીં તો તે નકામા અને બરબાદ થઈ જશે.

પોતે ભેગા કરેલા નેક આઅમાલના ખઝાનાને બરબાદ થતો રોકવા અને તેને નુકસાનથી બચાવવા ઇન્સાને ખૂબ જ સાવધ રહેવું જોઈએ.

**નેક અમલ ધૂળ અને રજકણની જેમ વેર વિખેર થઈ શકે છે:**

સુલેમાન બિન ખાલિદ કહે છે કે મેં હઝરત ઈમામ જાઅફર સાદિક અલય્હિસ્સલામને ખુદાના એ કોલ વિશે પૂછયું: "અમે એ અમલનું વચન આપ્યું છે જે સુંદર સુરતમાં છે પછી તે અમલને

રજકણની જેમ હવામાં વિખેરી દે છે.” ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું ખુદાની કસમ, તેમના આઅમાલ મીસરી કપડાની જેમ દુધ જેવા સફેદ અને ચમકદાર છે. પરંતુ જયારે તેમની સામે ગુનાહ અને હરામ કામ આવે છે, ત્યારે તેને તેઓ છોડતા નથી.” (ઇદતુદ દાઈ)

બીજા શબ્દોમાં કહીએ તો, તેમના નેક આઅમાલ તકવા ન હોવાના લીધે હરામ કામ સાથે એવી રીતે મિશ્રિત થએલા હોય છે કે ધૂળ અને રાખની જેમ

વિખેરાઈ જાય છે અને એવા અમલની કોઈ કદ્ર કે કિંમત રહેતી નથી.

અલ્લામા મજલીસી અલયહિર રહમહ આ હદીસની છણાવટ કરતા ફરમાવે છે કે: "આ હદીસ એ વાત સાબિત કરી દે છે કે ઇબાદત અને ઇતાઅત ગુનાહોને કારણે નાશ પામે છે."

**પરહેઝગાર લોકો જન્નતમાં જશે :**

હઝરતે સાદિકે આલે મોહમ્મદ અલયહિસ્સલામે ફરમાવ્યું છે કે અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત મૂસા

અલય્હિસ્સલામ પર વહી નાઝિલ કરી અને ફરમાવ્યું: "નિ:સંશય મને પસંદ છે એવી ત્રણ બાબતો સિવાય મારો બંદો મારી નઝદીક આવી શકતો નથી.-

હઝરત મૂસા અલયહિસ્સલામે અર્ઝ કરી: 'અય પાલનહાર, એ ત્રણ બાબતો કઈ છે? અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : અય મૂસા, એ ત્રણ બાબતો આ છે. (૧) દુનિયામાં ઝોહદ (પરહેઝગારી)થી કામ લેવું (૨) ગુનાહોથી બચવું અને (૩) મારા ડરથી (ગીર્યા) રૂદન કરવું."

હઝરત મૂસા અલયહિસ્સલાએ પૂછયું: ‘પરવરદિગાર, જે કોઈ આ બાબતો પર અમલ કરે તેના માટે શું અજ્ર (બદલો) અને સવાબ શું હશે?’ ફરમાવ્યું : ‘દુનિયામાં ઝોહદ સાથે વ્યવહાર કરનારાઓ માટે જન્નત હશે અને મારા ડરથી રૂદન કરનારાઓ માટે એટલો ઉંચો દરજ્જો હશે કે જ્યાં તેમના સિવાય બીજા કોઈને સ્થાન આપવામાં નહીં આવે. બેશક દુનિયાના તમામ લોકોને તેમના આઅમાલ (કાર્યો) વિશે પુછપરછ કરવામાં આવશે. પરંતુ

નિ:સંશય મારી નાફરમાની કરવાથી બચનારાઓનો કોઈ હિસાબ કિતાબ કરવામાં નહીં આવે અને તેમને કોઈ પણ પ્રકારનો હિસાબ લીધા વગર જન્નતમાં દાખલ કરવામાં આવશે. (ઇદતુદ દાઈ)

# પ્રકરણ બીજું

## ગુનાહે કબીરા અને સગીરાનું વિભાજન

### કબીરા ગુનાહોથી બચવું, સગીરા ગુનાહ માફ થવા માટે કારણરૂપ બની શકે:

જો કોઈ ઇન્સાન ગુનાહાને કબીરાથી બચે તો તેના ગુનાહે સગીરા વિશે પૂછપરછ કરવામાં નહીં આવે. એવા ઇન્સાનને અલ્લાહ તઆલા તેના ફઝલો કરમથી બક્ષી દેશે. ખુદાવંદે તઆલા

કુરઆને શરીફની સુરએ નિસાની આયત નં.30 માં ફરમાવે છે. :

**“ઇન તજતનેબુ કબાએરો મા તુનહવ્ન અનહો નોકફફીર અન્કુમ સય્યેઆતેકુમ વનુદખિલકુમ મુદખલન કરીમા”** (સૂ. ૪, આયત 30)

“મોટા ગુનાહોથી (જે ગુનાહે કબીરાની) તમને મનાઈ કરવામાં આવી છે એનાથી બચતા રહેશો તો અમે તમારા નાના ગુનાહો (ગુનાહે સગીરા) ને દૂર (દરગુજર) કરી દઈશું અને અમે તમને

કિર્તીવંત પ્રવેશસ્થાનમાં દાખલ કરી દઈશું.”

(જો તમે ગુનાહે કબીરાથી બચતા રહો તો અમે તમારા (સગીરા) ગુનાહોથી પણ દરગુઝર કરશું અને તમને ખુબ જ સારી ઇઝઝતવાળી જગ્યાએ પહોંચાડી દઈશું અને તમારૂં મોટા ગુનાહોથી બચવું, નાના ગુનાહોના કફ્ફારા સમાન બની રહેશે.)

**જન્નતના દરવાજા પરહેઝગારો માટે ખુલ્લા છે.**

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની રિવાયત છે કે 'આપે ફરમાવ્યું : કસમ છે એ જાતની, જેના કબ્ઝએ કુદરતમાં મારી જાન છે. એવો કોઈ બંદો નથી. જે દિવસમાં પાંચ સમયની વાજીબ નમાઝ અદા કરે, માહે મુબારકે રમઝાનના રોઝા રાખે અને ગુનાહે કબીરાથી સાવધ રહે અને તેના માટે જન્નતના દરવાજાઓ ન ખુલે. આમ

ફરમાવ્યા પછી આપ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ઉપરની આયતે મુબારકની તિલાવત ફરમાવી. (તફસીરે મીનહાજુસ સાદેકીન)

**શફાઅત**

જેનાથી (ખુદાના ખાસ્તા) ગુનાહે કબીરા થઈ જાય અને તે તેની તૌબા ન કરે, તો તેની પાછળ નમાઝ પડવી જાએઝ નથી, તેની ગવાહી કબુલ કરવાને લાયક નથી. અને તે મર્યા પછી અઝાબે ઇલાહીને પાત્ર થાય છે. પરંતુ જો અલ્લાહનો ફઝલ

તેની ઉપર ઉતરી આવે, તો તે અઝાબથી બચી શકશે. અને અલ્લાહના ફઝલ પૈકી એક હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની અને આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામની શફાઅત પામશે. આં હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ઇરશાદ ફરમાવ્યું :

"ગુનાહે કબીરા છોડી દેનારા મારી ઉમ્મતના લોકો માટે મારી શફાઅતનો ખઝાનો મૌજુદ છે." (બેહારૂલ અન્વાર જિ. ૩) અને ફરમાવ્યું :

"મારી ઉમ્મતના ગુનાહે કબીરા છોડી દેનારા લોકો માટે મારી શફાઅતની જરૂર નથી. કારણ કે તેઓ નેક લોકો છે, એમની કોઈ પૂછપરછ થનાર નથી."

(બેહારૂલ અન્વાર, જિ. 3, ઇદતુદ દાઈ)

## 'શફાઅત', ગુનાહો કરવા માટે શુરવીરતાનું કારણ બનવી ન જોઈએ

અહીં એ વાતનો ઉલ્લેખ કરવો જરૂરી છે, કે શફાઅતનો વિષય ગુનાહો કરવા માટે (હિંમત વધવાનું) કારણ ન બનવો જોઈએ. તેમજ તૌબા કરવાથી

માફી અવશ્ય મળી જશે એવી ગફલતનું કારણ પણ ન બનવો જોઈએ.

જો કે શફાઅતની હકીકતમાં શંકાને કોઈ જ સ્થાન નથી, કારણ કે અલ્લાહ તરફથી પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને અઇમ્મએ અત્હાર અલય્હેમુસ્સલામની અઝમત, શાન, બુઝુર્ગી અને બીજાઓની શફાઅત કરવાનો જે અધિકાર આપવામાં આવ્યો છે, તે (અલ્લાહ તરફથી) તેઓનું માન-સન્માન છે અને એટલે જ તેમની શફાઅતની

બરકતથી તેમના દોસ્તોની માફક (તે ગુનેહગારો કે જેમના દિલોમાં તેઓની મોહબ્બત હશે અને સાચા દિલથી તૌબા કરીને પશ્ચાતાપ કર્યો હશે.) તેમને ઉંચું સ્થાન અને મરતબો આપવામાં આવશે. આ જ વાત કુરઆને મજીદ, મુતવાતીર અને મુસલ્લમ હદીસોથી સર્વ સ્વીકૃત સાબિત થાય છે. અહીં સંક્ષિપ્ત ચર્ચા જ કરવામાં આવી છે.

**શફાઅતની આશામાં આત્મહત્યા કરવી.**

શફાઅતની આશામાં ગુનાહ કરવા અને તૌબા ન કરવી, એ ઝેર ખાવા અને અઝગરના મુખમાં હાથ નાખવા સમાન છે. ઝેર ખાધા પછી અને અઝગરના મોઢામાં હાથ નાખ્યા પછી એવી આશા રાખવી કે ડોકટર આવીને ઇલાજ કરીને બચાવી લેશે એમ માનવું એ સરાસર મુર્ખામી છે ! કેમકે ઝેર ખાધા પછી એ વાતની ખાત્રી નથી હોતી કે ડોકટરની સારવાર અને દવાની અસર સફળ થશે. બીજી શકયતા એ પણ

છે કે ડોકટર અને દવા બંને મળી જાય. છતાં ઝેર શરીરની રગોમાં પ્રસરીને હૃદયને કામ કરતું બંધ કરી દે અને મૌતના મૂખમાં ધકેલી દે.

આવી જ રીતે ગુનાહ કરનાર માણસને એ વાતની કઈ રીતે ખાત્રી થઈ શકે કે મર્યા પછી તુરત જ શફાઅત કરનારની શફાઅત મળી જ જશે ?

***મૌત ત્રણ પ્રકારમાંથી કોઈ પણ એક પ્રકારનું હોઈ શકે છે***

હઝરત ઈમામ મોહમ્મદ તકી અલયહિસ્સલામે તેમના દાદાથી રિવાયત નોંધી છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામને કોઈએ મૌતની વ્યાખ્યા પૂછી, ત્યારે આપ અલય્હિસ્સલામે ફરમાવ્યું: "તું આલિમ અને જાણકાર માણસ પાસે આવ્યો છે. (હવે સાંભળ) ઇન્સાનને ત્રણમાંથી કોઈ એક હાલતમાં

મૌત આવે છે. બેશુમાર (અનંત) નેઅમતોની ખુશખબરી આપવામાં આવે ત્યારે, અથવા અનંત અઝાબની ધમકી સંભળાવવામાં આવે ત્યારે, અથવા તો એ હંમશા માટે ડર અને ભયમાં વ્યસ્ત રહે ત્યારે, પરિણામે તું કામ અનિશ્ચિતતાની સ્થિતિમાં રહે છે. અને એ નક્કી થતું નથી કે તેને કયા પ્રકારનું મૌત આવશે.

અમારા દોસ્તો અમારા ફરમાબરદાર હોય છે, તે કદી ગુનાહ કરનારાઓમાંના હોતા નથી. તેમને અનંત નેઅમતોની

ખુશખબરી આપવામાં આવે છે. પરંતુ અમારૂં બુરૂં ઇચ્છનારા, જે હંમેશા અમારો વિરોધ કરતા રહે છે તે હંમેશ માટે અઝાબમાં ગિરફતાર રહેશે.

પરંતું એ શખ્સ જે અનિશ્ચિતતાની હાલતમાં હોય અને તેને ખબર ન હોય કે તેનો અંત શું આવશે, કોઈ એવો મોઅમિન હોય જેણે પોતાના નફસ ઉપર ઝુલ્મ અને અતિરેક કર્યો હોય, એટલે કે તે ગુનેહગાર હોય, તો તેનું મૌત ભય, ડર અને નિરાશાની હાલતમાં આવે છે. ખુદાવંદે

કરીમ તેવા શખ્સને અને અમારા દુશ્મનોને સરખા ગણતો નથી પણ તેને અમારી શફાઅતને કારણે જહન્નમની બહાર કાઢવામાં આવશે.

તો મારા દોસ્તો, નેક અમલ કરો અને અલ્લાહના હુકમોનું પાલન કરો. ખુદાવંદે તઆલાના અઝાબને નાનો અને તુચ્છ સમજો નહીં. અને બેશક કેટલાક એવા ગુનાહો પણ છે જેને કરવાથી ત્રણ લાખ વરસ સુધી અમારી શફાઅત નહીં

પહોંચે.” (બેહારૂલ અન્વાર, જિ.૩, મઆનીઉલ અખ્બાર ઉપરથી)

## તમારા માટે બરઝખથી ડરૂં છું

“ઉમર બિન યઝીદ કહે છે કે ‘મેં હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પુછયું કે, મેં આપને એમ કહેતા સાંભળ્યા હતા કે અમારા તમામ શીઆઓ ભલે ગમે તેટલા ગુનેહગાર હોય - જન્નતી હશે. આપ અલય્હિસ્સલામે ફરમાવ્યું : ‘અલ્લાહ તઆલાની કસમ, મેં સાચું જ કહ્યું છે ! તે બધા જન્નતી હશે.’

પછી મેં પૂછયું : ‘હું આપ ઉપર કુરબાન થઈ જાઉં, બેશક ગુનાહોનું પ્રમાણ વધારે અને તે મોટા ગુનાહ હશે તો ? (તો પણ શું તે બધા જન્નતમાં જશે) ઇમામ અલય્હિસ્સલામે જવાબ આપ્યો : કયામતના દિવસે હઝરત નબીએ અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અથવા તેમના કોઈ પણ વસીની શફાઅતથી તે બધા જ જન્ન્તમાં જશે. પરંતુ ખુદાવંદે આલમની કસમ, તમને બરઝખમાં જે અઝાબ થશે તેથી હું ડરૂં છું.

મેં પૂછયું : મૌલા, બરઝખ શું છે ? આપ અલય્હિસ્સલામે જવાબમાં ફરમાવ્યું, બરઝખ કબ્ર છે, તેની મુદ્દત મરવાના સમયથી માંડીને કયામતના દિવસ સુધીની છે.” (કાફી)

## કાલે લોહીના અશ્રુ વહાવશે

હઝરત રસુલે ખુદા સલ્લલ્લાહો અલય્હ વઆલેહી વસલ્લમે ઇબ્ને મસઉદને સંબોધીને કેટલીક નસીહત ફરમાવી :

કદી કોઈ ગુનાહને નાના કે તુચ્છ (હકીર) ન ગણો અને મોટા ગુનાહ કરવાથી બચો, કારણ કે કયામતના દિવસે જયારે બંદાઓ પોતાના ગુનાહ તરફ દ્રષ્ટિ કરશે ત્યારે નિરંકુશપણે તેની આંખોમાંથી લોહી અને પરૂ વહેવા માંડશે, ત્યારે અલ્લાહ તઆલા ફરમાવશે કે, ‘કયામત એ દિવસ છે, જે દિવસે દરેક ઇન્સાન તેના સારા અને ખરાબ આઅમાલ પોતાની સામે જોશે, ત્યારે ઇન્સાન એવું ઇચ્છશે કે તેના

ગુનાહો અને તેની વચ્ચે મોટું અંતર થઇ જાય. (બેહારૂલ અન્વાર, જિ.૧૭)

અને હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલચ્હે વઆલેહી વસલ્લમથી મનકુલ છે કે:

"બેશક, બંદાના દરેક ગુનાહની સજામાં તેને એકસો (૧૦૦) વર્ષ સૂધી જહન્નમમાં કૈદ રાખવામાં આવશે." (કાફી)

## નમાઝને હલ્કી સમજનાર માટે શફાઅત નથી

નમાઝને હલ્કી ગણવી ગુનાહે કબીરામાં ગણાય છે. કેટલીક રિવાયતોમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે 'નમાઝને હલ્કી ગણનાર શફાઅતથી વંચીત રહેશે.' હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :

"જે કોઈ નમાઝને હલ્કી ગણતું હોય તેનો મારી સાથે કોઈ સંબંધ નથી. અલ્લાહની કસમ, મારી સાથે કોઈ સંબંધ

નથી, અલ્લાહની કસમ, હૌઝે કૌસર પર તેઓ મારી પાસે નહીં પહોંચી શકે.” (બેહારૂલ અન્વાર, જિ.3)

ઉપરની હદીસોથી સ્પષ્ટ થાય છે કે : ગુનાહોથી ન બચવું, અથવા તો ઇરાદાપૂર્વક ગુનાહોમાં વ્યસ્ત રહેવું અને શફાઅતની આશામાં (શફાઅત થઈ જશે તેમ માનીને) તૌબા કરવામાં વિલંબ કરવો, એ અજ્ઞાનતા, અભિમાન અને બેદરકારીની નિશાનીઓ છે.

# અતિશય ગુનાહ ઈમાનને નષ્ટ કરે છે

શફાઅત વિશે આગળ ઉપર જે કાંઈ વર્ણન કરવામાં આવ્યું છે તે વિશે એ પણ સ્પષ્ટતા થવી જરૂરી છે કે શફાઅત ફક્ત દુનિયાથી ઈમાન સાથે વિદાય થનાર ઇન્સાનને જ મળશે. ઘણી વખત એવું પણ બને છે કે ગુનાહોમાં અતિશય પ્રમાણમાં વ્યસ્ત રહેનાર અને તૌબા કરવામાં ઢીલ કરનારના દિલમાંથી ઈમાનનું નૂર ચાલ્યું જાય છે અને તેવો ઇન્સાન શંકામાં પડીને (ઇસ્લામી અકીદાના) ઇન્કારની હદ સુધી

પહોંચી જાય છે. એ હાલતમાં તે મોતના મૂખમાં ચાલ્યો જાય છે. આ ઇન્સાનનું ઉદાહરણ ઝેર ખાઈને આત્મહત્યા કરનાર એવા માણસ જેવું છે જેણે કાતિલ ઝેર પીધું હોય અને ડોકટર પહોંચે તે પહેલા જ મરી ગયો હોય. સ્વભાવિક રીતે એવું કાતિલ ઝેર પીને મરી જનાર માણસની સારવાર ડોકટર કરી શકતો નથી. આ જ રીતે શફાઅત કરનારની શફાઅત આવા લોકોને ફાયદો પહોંચાડી શક્તી નથી.

**“ફમા–તનફઓહુમ–શફાઅતુશ્શાફેઈન”**

માટે હવે શફાઅત કરનારાઓની શફાઅત, તેમના (જેના માટે શફાઅત કરવામાં આવી હોય) કાઈ કામમાં નહીં આવે. (સૂ.૭૪, આ.૪૯)

હું આ વિષય પરની કુરઆને શરીફની એક આયતે શરીફા અને બે રિવાયતોનો ઉલ્લેખ કરૂં છું, સૂ. રૂમની આયત નં.૧૦ માં ખુદાવંદે તઆલા ઇરશાદ ફરમાવે છે:

**“સુમ્મ કાન આકેબતુલ લઝીન મસાઉસ સોઆઅ અન કઝઝબુ બે આયાતિલ્લાહે વ કાનુ બેહા યસતહઝેઉન”**

અને પછી જે લોકોએ બુરાઈ કરી હતી તેનું પરિણામ ખરાબ જ આવ્યું કારણ કે તેઓએ અલ્લાહની આયતોને જુઠલાવી હતી અને તેની સાથે મશ્કરી (મજાક) કરી હતી.”

## ગુનાહ દિલને શ્યામ કરી દે છે

આ સંબંધમાં પ્રથમ હદીસ હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે બયાન ફરમાવી છે.

“ખુદાનો એવો કોઈ બંદો નથી જેના દિલમાં સફેદ ટપકું ન હોય જયારે તે ગુનાહ કરે છે ત્યારે તે સફેદ ટપકામાંથી કાળું ટપકું નિકળી આવે છે. જો તે બંદો તૌબા કરી લે તો ટપકાની કાળાશ દુર થઈ જાય છે. પણ જો તે ગુનાહો કરવામાં ડુબેલો રહે એટલે કે સતત ગુનાહો કરતો

રહે તો દિલના તે ટપકાની કાળાશ એટલી બધી વધી જાય છે કે તે સફેદ ટપકાને સંપૂર્ણપણે ઘેરી વળે છે. જયારે સફેદ ટપકું સંપૂર્ણ રીતે કાળાશથી ઘેરાઈ જાય છે ત્યારે તેવા કાળા ટપકાવાળા દિલનો માણસ કયારેય ભલાઈ તરફ વળી શકતો નથી. આ રિવાયત ફરમાને ઇલાહીને બરાબર મળતી આવે છે જેમકે ઇરશાદ ફરમાવે છે. “નહીં, નહીં જે લોકો ખરાબ કાર્યો (આમાલે-બદ) કરે છે તેમના દિલો પર કાટ ચડી જાય છે.” (કિતાબે કાફી)

**શ્યામ દિલ પર નસીહત અને ઉપદેશની કોઈ જ અસર થતી નથી**

એવા દિલો પર ગુનાહોનો કાટ જામી જાય છે, જેના કારણે દિલ પર અંધકાર (કાળાશ) છવાઈ જાય છે. તેવો ઇન્સાન વાસ્તવિક આંખોથી વંચિત થઈ જાય છે. તે ન તો હકના ચહેરાને ઓળખી શકે છે કે ન તો તેના માટે હકની ઓળખ બાકી રહે છે. તેવો ઇન્સાન કોઈપણ પ્રકારની નસીહત કબૂલ કરતો નથી કે તેને ખૈરો-ખૂબીનો કોઈ માર્ગ નજરે પડતો

નથી, એટલા માટે જ હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામનો ઇરશાદે ગિરામી છે:

(કોઈ શખ્સ કોઈ ગુનાહનો ઇરાદો કરે છે, પણ તેને અમલમાં મુકતો નથી.) કયારેક બંદો ગુનાહ કરે છે અને ખુદા તેને જોઈને ફરમાવે છે મારી ઇઝઝતની કસમ, હવે પછી હું તને હરગિઝ નહીં બક્ષું. બીજા શબ્દોમાં, એ ગુનાહોને કારણે હક તઆલાની મહેરબાનીના હક અને કાબેલીયતથી તે સંપૂર્ણ પણે વંચીત રહે

છે, અને તેને તૌબા કરવાની તૌફીક મળતી નથી. જેના પરિણામે તેના ગુનાહો બક્ષવામાં નથી આવતા.

અલ્લામા મજલીસી અલયહિર રહમહ આ હદીસનું વિવરણ કરતા ફરમાવે છે કે, ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની આ હદીસનો અર્થ એ છે કે ઈમામ અલયહિસ્સલામે તમામ ગુનાહોથી ડરવાનો હુકમ આપ્યો છે કારણ કે દરેક ગુનાહ સાથે એવી શંકાને સ્થાન

હોય છે કે કદાચ એ માફ થવાને પાત્ર નહીં હોય !

## ભુતકાળમાં થઈ ગએલા ગુનાહોથી ડરવું

ઈમાનદાર લોકોએ તેમનાથી ભૂતકાળમાં થઈ ગએલા ગુનાહોથી ડરવું અને રડવું જોઈએ. કારણ કે આપણને એ વાતની ખાત્રી અને આત્મસંતોષ થઈ શકતો નથી કે આપણા કયા ગુનાહ આપણા દૂર્ભાગ્યનું કારણ બનશે. (કેમકે ઈમામ અલયહિસ્સલામે આપણને એવી કોઈ નિશાની નથી આપી કે પરવરદિગારે

આલમની નજરોમાં ઈમાનદાર મોઅમિનને હલકો પાડનાર અને જેનાથી અલ્લાહની મગ્ફેરત અને માફીથી વંચીત થઈ જવાય છે એ કયા ગુનાહ છે અલબત્ત એવા ગુનાહો શોધી કાઢવાનો એક માત્ર માર્ગ એ છે કે (નાના કે મોટા) ગુનાહ થઈ ગયા પછી તૌબા ન કર્યા હોય અને જે ગુનાહ માટે પશ્ચાતાપ ન થયો હોય તેવા ગુનાહો અલ્લાહની માફી અને મગ્ફેરતથી વંચીત કરી દે છે.) એટલા માટે જ બારગાહે ખુદાવંદીમાં ખાકસારી અને રૂદન કરતા

કરતા તૌબાના દરવાજા દ્વારા દાખલ થઈએ. ખાસ કરીને એવા ગુનાહ જે આપણને યાદ હોય તેની વિશેષ (ખાસ) અને એવા ગુનાહ જે ભૂલથી થઈ ગયા હોય તેના (આમ) સાધારણ રીતે તૌબા કરીને બારગાહે ઇલાહીમાં માફી માંગી લેવી જોઈએ. અને તૌબા કરવાની રીતનો હવે પછી ઉલ્લેખ કરવામાં આવશે. ઇન્શાઅલ્લાહ.

## શફાઅત આશાનું કારણ છે, ગર્વ કરવાનું કારણ નથી

આગળના લખાણથી જાણ્યું તેમ શફાઅત એ અભિમાન અને અલ્લાહની નાફરમાની કરવાનું કારણ બનવું ન જોઈએ. પરંતુ ગુનેહગારોને નિરાશાની હાલતમાં શફાઅત આશા અને હિંમત આપે છે. અને બંદાને તૌબા અને પશ્ચાતાપ કરવાનો શોખ અને પ્રેરણા જમાવે છે. અને તેવા (ગુનેહગાર) બંદાઓ મહાન મરતબો મેળવીને રબ્બુલ આલમીનની નઝદીકીના

ઉચ્ચ દરજ્જે પહોંચવામાં સફળ થઈ શકે છે.

## ત્યારપછી પણ ખૌફો - હિરાસ (ડર અને ભય) હોવો જોઈએ

એક બાજુ શફાઅતની આશા અને બીજી બાજુ બેપરવાહી કદી હોવી ન જોઈએ. શફાઅતની આશાની સાથો સાથ ખૌફે ખુદા પણ હોવો જરૂરી છે. જો કે ખૌફથી શફાઅતની આશા ઘટતી નથી. એટલે કે જે માણસ પરવરદિગારે આલમની મહેરબાની અને કૃપા અને

શફાઅતનો ઇચ્છુક હોય તો શકય છે કે તે જ હાલતમાં તેને ખૌફો-હીરાસની અનુભુતી થઈ જાય, નહીંતર ખુદા ન કરે તેને પોતાના આકા (અઇમ્મએ માઅસુમીન અને એહલેબૈત અલય્હેમુસ્સલામ)ની શફાઅત ખૂબ જ લાંબા ગાળા (યુગોના યુગો) પછી મળે. બીજા શબ્દોમાં કહીએ તો તેને લાંબી મુદ્દત આલમે બરઝખના અઝાબમાં વીતાવ્યા પછી શફાઅત નસીબ થાય. અને તે ગાળામાં જે ખૌફ અને ભયનો તેને અનુભવ થયો હોય તે જ, તેને

એહલેબૈતે અતહાર અલય્હેમુસ્સલામની શફાઅત મેળવવાનો અને તેમનો દામન મજબુતીથી પકડવાને માટે કારણરૂપ બની જાય.

## એહલેબૈત અલય્હેમુસ્સલામના શીઆઓ

શીઆઓનું સ્થાન અને એહલેબૈત અલય્હેમુસ્સલામના દોસ્તદારોની ફઝીલતમાં જે રિવાયતો આપણા સુધી પહોંચી છે, તેમાં એક એ પણ છે કે શીઆઓ અને એહલેબૈત અલય્હેમુસ્સલામના દોસ્તદારોને જહન્નમની

આગ સળગાવી શકતી નથી. બસ આવી રિવાયતો આપણી આશાઓને દ્રઢ કરનાર બની રહે છે. આપણા આકા એહલેબૈત અલય્હેમુસ્સલામની મોહબ્બત આપણા માટે આત્મસંતોષનું કારણ અવશ્ય છે, પરંતુ આ આત્મસંતોષ, આપણને ગુનાહો કરવા માટે પ્રેરણા કે ગુનાહ કરવાની હીંમત આપનાર હરગીઝ બનવો ન જોઈએ.

## શીઆ અને મોહીબ

આ વિષય પરની રિવાયતો બે મુદ્દા ઉપર આધારીત છે. એક શીઆ અને બીજી મોહીબ્બે એહલેબૈત અલય્હેમુસલામ, આમા શીઆઓનું સ્થાન ઉંચુ છે. જો કે તેમણે ઇલ્મ અને અમલમાં અગ્રતા પ્રાપ્ત કરી હોવા છતાં પણ તેઓ એહલેબૈત અલય્હેમુસ્સલામની મહાનતા અને શખ્સીયતની ઉંચાઈ સામે પોતાને અદના અને પોતાની જાતને એહલેબૈત અલય્હેમુસ્સલામના શીઆ કહેવડાવવાને

લાયક સમજતા ન હતા. એટલે હઝરત ઈમામ બાકિર અલય્હિસ્સલામ અને ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે તે જમાનાના લોકોને હુકમ આપ્યો કે દીની મસાઈલો જાણવા માટે જનાબ મોહમ્મદ બિન મુસ્લિમ (જેઓ આપના જલીલોકદ્ર ગણાંતા અસ્હાબ)નો સંપર્ક કરો. આ સિવાય 'ઇલ્મે રજાલ'ની કિતાબોમાં લખ્યું છે કે '(એ જમાનામાં) મોહમ્મદ બિન મુસ્લિમથી વધારે ઉંચા, મોભાદાર અને ફકીહ બીજા કોઈ ન હતા.'

## મોહમ્મદ બિન મુસ્લિમની કાઝી શરીક સાથે વાતચીત

એક દિવસ આ બુઝુર્ગવાર અબુ-કરીબતુલ-યઝદીની સાથે કાઝી શરીકની ખિદમતમાં હાજર થયા. શરીકે ગુસ્સાભરી નજરે તેમની તરફ જોયું અને બોલ્યા : “આ બંને જાફરી અને ફાતેમી છે.” એટલે કે એહલેબૈતે અત્હાર અલય્હેમુસ્સલામના શીઆઓ છે. આ વાકય સાંભળીને બંને આલીમ પોકે પોકે રડવા લાગ્યા. કાઝીએ બંનેના રૂદનનું કારણ પૂછયું ત્યારે બંનેએ

જવાબ આપ્યો કે, તમે અમને એક મહાન પ્રતિભા (હઝરત જઅફર બિન મોહમ્મદ અસ્સાદીક અલય્હિસ્સલામ)ની તરફ નિસ્બત આપી છે. ક્યાં અમારા જેવા ઝોહદ અને તકવાની ઓછપવાળા માણસ અને ક્યાં ઈમામની મહાન પ્રતિભા? (ચે નિસ્બત ખાકરા બા આલમે પાક) તેઓ તેમની કૃપા અને મહેરબાનીથી અમારી વિનંતીને સ્વિકારે તો અમે તેમના કૃતજ્ઞ થઈશું.

**ઈમામ અલય્હિસ્સલામનું અનુસરણ કરનારા સાચા શીઆ છે**

હા, જે લોકો તેમના ચારિત્ર્ય, વ્યવહાર અને વાતચીતમાં ઈમામ અલય્હિસ્સલામના પૈરવ હોય, તેવા લોકોને જ 'સાચા શીઆ'નું બીરૂદ આપી શકાય. બાબુલ હવાએજ હઝરત મૂસા બિન જઅફર અલય્હિસ્સલામ ફરમાવે છે :

"અમારા શીઆઓ માત્ર એ લોકો જ છે, જે (તમામ હાલતમાં) અમારી પૈરવી કરે, અમારા નકશેકદમ પર ચાલે અને

અમારા કાર્યોનું અનુકરણ કરે. આ સિવાયના કોઈ અમારા શીઆ નથી.” (બેહારૂલ અન્વાર)

## કેટલાક શીઆઓ સાથે હઝરત અલી અયલહિસ્સલામની વાતચીત

એક રાત્રે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ મસ્જિદની બહાર જઈ રહ્યા હતા. ચાંદનીના કારણે વાતાવરણ પ્રકાશિત હતું, આપ અલય્હિસ્સલામે પાછું વળીને જોયું તો માણસોનો એક સમુહ આપ

અલય્હિસ્સલામની પાછળ આવી રહ્યો હતો. આપ અલય્હિસ્સલામે પૂછયું તમે કોણ છો ? તેઓએ જવાબ આપ્યો ‘અમે આપના શીઆઓ છીએ.’ આપે તેમના ચહેરાઓને નિરખીને જોયા અને પછી ફરમાવ્યું : “તમારા ચહેરા ઉપ૮ર શીઆ હોવાની કોઈ નિશાની કેમ દેખાતી નથી ?” લોકોએ અર્ઝ કરી : “મૌલા, શીઆઓની નિશાની કઈ છે ?” આપે ફરમાવ્યું :

“ઇબાદતે ખુદામાં વધારે પ્રમાણમાં રાતના જાગવાથી તેમના ચહેરા પીળા

થઈ ગયા હોય છે, ખૌફે ખુદામાં વધારે વિલાપ કરવાથી તેમની આંખોમાંથી પાણી વહેતું હોય છે. ઇબાદતમાં વધારે પ્રમાણમાં મશગુલ રહેવાને લીધે તેમની કમર વાંકી વળી ગઈ હોય છે, રોઝા વધારે પ્રમાણમાં રાખવાથી તેમનું પીટ પીઠ સાથે ચોંટી ગયું હોય છે. દોઆ વધારે માંગવાથી તેમના હોઠ સુકાઈ ગયા હોય છે. અને તેમની ઉપર ખૌફે ઇલાહી છવાઈ ગએલો હોય છે.”

વાંચકોની વધારે જાણકારી માટે અત્રે ત્રણ રિવાયતો પ્રસ્તુત છે.-

## શીઆ હોવાનો માત્ર દાવો પુરતો નથી

જાબિર (રઝી)થી હઝરત મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામની હદીસ છે કે, “શું કોઈના માટે એ પુરતું છે કે તે શીઆ હોવાનો દાવો કરે અને કહે કે હું એહલેબૈત અલય્હેમુસ્સલામનો દોસ્ત છું ? ખુદાની કસમ, અમારો શીઆ એ (શખ્સ)ના સિવાય બીજો કોઈ નથી, જે ખુદાથી ડરતો

હોય, અને તેના હુકમોનું સંપૂર્ણપણે પાલન કરતો હોય.” (કાફી)

હઝરત ઇમામે સાદિક અલયહિસ્સલામે મુફઝઝલ બિન ઉમરૂને ફરમાવ્યું : “જો તમે અમારા અસ્હાબને ઓળખવા માંગતા હો, તો એ જુઓ કે તેઓ ચુસ્તપણે ગુનાહોથી પરહેઝ કરતા હોય, તે પોતાના માલિકથી સૌથી વધુ પ્રમાણમાં ડરતા હોય અને તેને સવાબ મળે એ માટે ઇચ્છૂક હોય. જયારે તમે

આવી વ્યક્તિઓને જુઓ, તો સમજી લેજો કે તેઓ મારા અસ્હાબ છે.” (કાફી)

ઈસા બિન અબ્દુલ્લાહ બિન કુમી હઝરત અબી અબ્દિલ્લાહ ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં હાજર થયા, ત્યારે આપ અલય્હિસ્સલામે ફરમાવ્યું : “એ શખ્સ અમારામાંથી નથી, અને એવા શખ્સની અમારી પાસે કોઈ ઇઝઝત નથી, કે જે શહેરમાં તે રહેતો હોય તેમાં એક લાખ માણસોની વસ્તી હોય અને ત્યાં તેનાથી વધારે પરહેઝગાર હોય

તેવો એક (ગૈર શીઆ) શખ્સ પણ મૌજૂદ હોય, એટલે કે એહલેબૈત અલયહેમુસ્સલામના શીઆ ઈમાન, અમલ અને તકવામાં સૌથી શ્રેષ્ઠ હોવા જોઈએ. એટલે કે તેના જેવો પરહેઝગાર બીજો કોઈ ન હોવો જોઈએ. ખુદાવંદે કરીમે કલામે પાકમાં તેનો આ રીતે ખયરૂલ બરીય્યહ તરીકે ઉલ્લેખ કર્યો છે.-

"બેશક, જે લોકો ઈમાન લાવ્યા અને સદ્કાર્યો એ જ લોકો સૃષ્ટિમાં શ્રેષ્ઠ છે." (સૂ. ૯૮, આ. ૭)

અને હઝરત રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત છે કે ખયરૂલ બરીય્યહ શીયાઆને અલી અલય્હિસ્સલામ છે. જેમકે ફરમાવ્યું:

"અય અલી ખયરૂલ બરીય્યહનો અર્થ આપ અને આપના શીઆ છે. કયામતના દિવસે અલ્લાહ તઆલા તેઓને જે કંઈ આપશે તેનાથી રાજી અને ખૂશીની હાલતમાં રહેશે અને તે બધા ખુદાની પસંદગી પામેલા છે." (તફસીરે તબરી -

મનાકીબ - ખ્વારઝમી - અસ્સવાએક - તાલીફ - ઇબ્ને હજર)

## વિલાયત (મોહબ્બતે એહલેબૈત)

એ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી કે જને એહલેબૈતે અત્હાર અલય્હિસ્સલામની વિલાયત મળી હોય તે નજાત (મુક્તિ) પામી જશે. એટલું જ નહીં તે અંબિયાએ કીરામ અને અઇમ્મએ અતહાર અલય્હિસ્સલામ સાથે હશે. આ વિષયમાં ઇમામે રઝા અલયહિસ્સલામે ફરમાવ્યું :

"અમારા દોસ્તોના ચહેરાઓ ખુબ સુરતીથી ઝળહળતા હોય તે રીતે તેમને કયામતના દિવસે મહશુર (પુન:જીવીત) કરવાની જવાબદારી અલ્લાહની છે. આ માટેની સ્પષ્ટ દલીલ અને તેની હુજ્જત અલ્લાહ પાસે જાહેર છે. અલ્લાહ તઆલાની એ જવાબદારી છે અમારા દોસ્તો (સાહેબે વિલાયત)ને કયામતના દિવસે અંબિયા, શોહદાઓ અને સીદ્દીકોની સાથે મહશુર કરે અને એ હસ્તીઓ

અલ્લાહના શ્રેષ્ઠ દોસ્તો છે.” (બેહારૂલ અન્વાર)

## વિલાયતનો અર્થ

કિતાબે મજમઉલ બહરૈનમાં ‘વિલાયત’ના શાબ્દિક (ડીકશનરીના) અર્થ વિશે લખ્યું છે

**અલ – વલાયતો – બિલ – ફત્હે; મોહબ્બતો – અહલલ – બયત – અલય્હેમુસ્સલમો – વ – ઇત્તેબાઓહુમ – ફીદ્દીને – વમ્તેસાલો – અવામેરેહીમ – વનવાહીહિમ – વત્તાઅસ્સી**

**– બેહીમ - ફીલ – અઅમાલે – વલ – અખ્લાક.**

વલાયત (ઝબર સાથે)નો અર્થ એહલેબૈત અલય્હેમુસ્સલામની મોહબ્બત અને દીની કાર્યોમાં તેઓની પૈરવી કરવી છે. અને જે બાબતોનો હુકમ આપવામાં આવેલ છે તેને યોગ્ય રીતે બજાવી લાવવી અને જે કામ કરવાની મનાઈ કરવામાં આવી છે તેનાથી દૂર રહેવું. તેમના જેવા અખ્લાક અને અઅમાલ બજાવી તેમના નકશે કદમ ઉપર ચાલવું તે વિલાયત છે.

વિલાયતની આ વ્યાખ્યાથી સાબિત થાય છે કે વિલાયતનો અર્થ ફકત મોહબ્બત અને ઇતાઅત (અનુકરણ) છે. મારા આ બયાનની સાબિતી હદીસે ઝર્રારહ છે. જે હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામથી મનકુલ છે. જેમાં ઈમામ અલયહિસ્સલામે વિલાયતનો અર્થ 'ઇતાઅત' ગણાવ્યો છે.

**હઝરત અલી અલય્હિસ્સલામની વિલાયત ખુદાનો મજબુત કિલ્લો છે**

આ વિષયનો મુળ હેતુ સમજાવવા ‘સિલ સિલતુલ ઝહબ’ જેવી હદીસ શરીફથી ફાયદો ઉઠાવવામાં આવ્યો છે. જે સુદુક (રહ) એ ઈમામ રઝા અલય્હિસ્સલામથી નોંધી છે, જેનું લખાણ આ મુજબ છે.

**કાલલ્લાહો – તઆલા – વલાયતે – અલીય્યીબ્ને - અબી તાલીબીન – હીસ્ની –**

**ફમન - દખલ ફી – હીસ્ની – અમેન – મીન - અઝાબી (ઓયુને અખ્બારે રઝા)**

“અલ્લાહ તઆલાએ ફરમાવ્યું: અલી ઇબ્ને અબી તાલિબની વિલાયત મારો કિલ્લો છે. તો જે કોઈ મારા કિલ્લામાં પ્રવેશ્યો તે મારા અઝાબથી સુરક્ષિત રહ્યો.”

એ વાતમાં કોઈ શંકા નથી કે એહલેબૈતે ઇસ્મતો તહારતની વિલાયતના કિલ્લામાં દાખલ થવાનો અર્થ શૈતાન, નફસ અને ખ્વાહીશાતની પૈરવી કરવાથી દૂર ભાગવું અને તેના દુશ્મનોથી દૂર રહેવું

છે, અને એ બુઝુર્ગવારોની પનાહમાં પ્રવેશવું છે. ટૂંકમાં એ કે એહલેબૈત અલય્હેમુસ્સલામના અકવાલ (હદીસો) અને અફઆલ (કાર્યો)માં એ મહાન હસ્તીઓનું અનુકરણ કરનાર (અનુયાયી) થવું જોઈએ. એ પણ જાણવું જોઈએ કે તહસ્સુન (મજબુત કિલ્લામાં શરણ લેવું) નો અર્થ માત્ર શબ્દો સાથે સંબંધ ધરાવતો નથી. પરંતુ કાર્ય અને અમલ સાથે એ બુઝુર્ગવારની પનાહમાં આવવું જોઈએ. જો કે જે કોઈ માણસ કોઈ બુઝુર્ગવારની પૈરવી

કરતો હોય તો નિ:સંશય તે તેના આશ્રયસ્થાન (કીલ્લા)માં રક્ષણ મેળવે છે. જો કોઈ ગુનાહોમાં વ્યસ્ત રહેતો હોય તે તેના પાપાચાર (ગુનાહોથી ભરપુર જીવન)ની હાલતમાં (હીસ્ને અલી અલય્હિસ્સલામ) અલી અલય્હિસ્સલામના આશ્રયસ્થાનની બહાર નિકળી જાય છે. તે નફસે અમ્મારહ અને શૈતાનની જાળમાં ફસાઈ જાય છે.

## હિંસક સિંહથી બચવા કિલ્લામાં આશરો લેવો

બુઝુર્ગવારે દીનનું કહેવું છે કે જે કોઈ ફકત મોઢેથી “અઉઝો બિલ્લાહે મેનશ્શયત્તાનિર રજીમ” (એટલે કે અલ્લાહ પાસે શૈતાન મરદૂદથી રક્ષણ માંગું છું) એમ કહેતો હોય પણ અમલી રીતે શૈતાનની પૈરવી કરતો હોય, એનો દાખલો એવા માણસ સમાન છે જે શિકાર માટે કમીનગાહ (પ્રાણીના શિકાર માટે છુપાઈને બેસવાની જગ્યા)માં બેઠો હોય અને તેની

સામે એક કિલ્લો મૌજૂદ હોય અને તે માણસ સિંહને કહેતો હોય કે “જો તેં મારી ઉપર હુમલો કર્યો તો હું આ કિલ્લામાં શરણ મેળવી લઈશ.” તે હિંસક પ્રાણીનું જોખમ હોવા છતાં તેની જગ્યાએથી ખસતો નથી કે કિલ્લામાં દાખલ પણ થતો નથી. છેવટે સિંહ તેને ફાડી ખાય છે. જો તે જોખમની સ્થિતિ જોઈને કિલ્લામાં રક્ષણ મેળવી લેતે, તો સિંહના હુમલાથી બચી જાત.

કિલ્લામાં પ્રવેશવું જોઈએ.

આમ જે કોઈ માણસ એવું ઇચ્છતો હોય કે તે તમામ જોખમથી મુકત રહે, તેણે અલ્લાહ તઆલાના મજબૂત કિલ્લામાં જે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની પૈરવી છે - તેમાં દાખલ થઈ જવું જોઇએ. ખુદાના ખાસ્તા જો કોઈ તેના અમલમાં શૈતાનની જાળમાં ફસાએલો હોય અને માત્ર મૌખિક રીતે એવો દાવો કરતો હોય કે "હું મોહિબ્બે

અલી છું” તેને કોઈ પરિણામ (કે ફાયદો) મળી શકશે નહીં.

## શું સદ્ચારિત્ર્ય વગર માત્ર મૌખિક દાવો પુરતો છે ?

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામે શીઆઓની લાક્ષણિકતાઓ બયાન કરતા ફરમાવ્યું : “અય જાબિર, શું કોઈ શખ્સ અમલી રીતે એહલેબૈત અલય્હેમુસ્સલામની પૈરવી કરતો ન હોય અને માત્ર મૌખિક રીતે દાવો કરતો હોય કે હું હઝરત અલી

અલય્હિસ્સલામને દોસ્ત રાખું છું. અને મને તેઓની વિલાયત પ્રાપ્ત થઈ છે. તે પુરતું છે ખરૂં ! જો કોઈએ એમ કહ્યું કે બેશક હું હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને દોસ્ત રાખું છું, કેમકે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ હઝરત અલી અલય્હિસ્સલામ કરતા બહેતર છે અને હું 'શીઆ-એ-મોહમ્મદ' (સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) છું. (આ દાવાનો જવાબ એ છે કે ખૂદ પયગમ્બર

સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે પોતાના એહલેબૈત અલય્હેમુસ્સલામની પૈરવી કરવા વિશે તાકીદ ફરમાવી છે.) (આશ્ચર્ય કહેવાય કે) હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની મોહબ્બતનો દાવો કરવા છતાં અમુક લોકો તેમની સીરતે તય્યબા (પવિત્ર ગુણ)નું અનુકરણ કરતા નથી કે તેમની સુન્નત પર પણ અમલ નથી કરતા. માત્ર મોહબ્બતનો દાવો કરવાથી કોઈ પ્રકારનો ફાયદો નહીં થાય. બસ તમે અલ્લાહથી ડરો, જેથી

અલ્લાહની રહેમત પામો. કેમકે અલ્લાહ તઆલાની સાથે બીજા કોઈને સંબંધ નથી. અલ્લાહને માત્ર એ જ બંદો પસંદ છે જે તેનાથી સૌથી વધુ ડરતો હોય અને સૌથી વધુ (નેક) અમલ કરતો હોય.” (કાફી)

**અમલથી જ હેતુ સાધી શકાય છે.**

આગળના બયાનના અનુસંધાનમાં ફરમાવ્યું : “અય જાબિર અલ્લાહની ઇતાઅત કર્યા વગર કોઈ પણ રીતે તેની નઝદીકી નસીબ થઈ શકતી નથી. અમારા શીઆઓ પાસે ઇતાઅત અને અમલ નહીં

હોય, તો તેમને જહન્નમથી મુકત કરવાનો કોઈ આદેશ અમારી પાસે નથી. માત્ર એમ કહી દેવું કે ‘શીઆ છું.’ બારગાહે ઇલાહીમાં એ દલીલ પુરતી નથી. ખુદા ચાહશે તો એવા ઇન્સાનને અઝાબ આપી શકશે, કારણ કે ખુદાવંદે આલમ તરફથી એવો કોઈ વાયદો કરવામાં નથી આવ્યો કે તે શીઈય્યતના દાવેદારને બક્ષી દેશે. અલ્લાહનું માફી આપવાનું ધોરણ ઇતાઅત અને અમલ છે. જે કોઈ અલ્લાહની ઇતાઅત કરનારા છે તે જ અમારા વલી

(દોસ્તો) છે અને જે ગુનેહગાર છે તે અમારા દુશ્મન છે. અમારી વિલાયત તકવા અને અમલ સિવાય હરગીઝ પ્રાપ્ત થઈ શકતી નથી.” (કાફી)

## તકવાના પ્રકારો વિશે અલ્લામા મજલિસી રહઝરત નો અભિપ્રાય

અલ્લામા મજલિસી (રહ) ફરમાવે છે કે ‘તકવાના **ચાર પ્રકાર** છે’ :

(૧) વરએ તાબેઈન: જેનો હેતુ હરામ કામોથી બચવું છે.

(૨) વરએ સાલેહીન: જેનો હેતુ મુશતબા (સંદિગ્ધ-અસ્પષ્ટ) શંકાસ્પદ વસ્તુઓથી બચવું, એટલે હરામમાં ફસાઈ ન જવાય.

(૩) વરએ મુત્તકીન : જેનો હેતુ મુબાહ વસ્તુઓને છોડી દેવું છે. જેનાથી હરામ કામમાં ફસાઈ ન જવાય. દાખલા તરીકે ગીબતમાં ફસાઈ ન જવાય એ ડરથી લોકોને બીજાઓના ખબર અંતર ન પૂછવા.

(૪) વરએ સાલેકીન: ગૈરે ખુદાથી મુખ ફેરવી લેવું, જેથી અલ્લાહ તઆલાએ આપેલી કિંમતી ઝિંદગી નકામા કામોમાં

વેડફાઈ ન જાય. ભલે હરામ કામમાં ફસાવાની જરા જેટલી શક્યતા ન હોય.

**મોહબ્બત**

એહલેબૈતે અત્હાર અલય્હેમુસ્સલામ અને એહલે સુન્નત બિરાદરોની ઘણી રિવાયતોથી એવી વાતો જાણવા મળે છે કે, એહલેબૈત અલય્હેમુસ્સલામની મોહબ્બતની બરકતના કારણે ખ્વાહીશ પરસ્તી અને શૈતાનની પૈરવીથી સંપૂર્ણ દૂર રહી શકાય છે. આ વાતથી ઈમાનદાર લોકોની આશામાં વૃધ્ધિ થાય છે. કારણ કે

જો કોઈ બુઝુર્ગ હસ્તી સાથે દોસ્તી કરી હોય તો તેની દોસ્તી નિભાવવાની શર્ત એ છે કે તેના દોસ્તના દોસ્તો સાથે દોસ્તી રાખે અને તેના દુશ્મનો સાથે દુશ્મની રાખે. શૈતાનની દોસ્તી અને ખ્વાહીશાતે નફસની પૈરવી અલ્લાહની બંદગી અને મોહબ્બતે એહલેબૈતના માર્ગમાં સૌથી મોટી અડચણ છે.

ઈન્શાઅલ્લાહ, હઝરત અલી અલય્હિસ્સલામના દોસ્તો તેમની મોહબ્બતની બરકતથી શૈતાનના રસ્તાથી

દૂર રહેશે. આ વાતથી સ્પષ્ટ થયું કે વિલાયતની જેમ મોહબ્બત પણ ગુનાહથી મુક્તિ મેળવવાનું કારણ બની શકતી નથી, પરંતુ તેનાથી ઉલ્ટું સાચો અને વાસ્તવિક મોહીબ ખ્વાહીશાતે નફસાનીની આસપાસ કદી ફરકતો પણ નથી. આ હેતુને સ્પષ્ટ કરવા માટે અત્રે કેટલીક સંક્ષિપ્ત હદીસો પ્રત્યે અંગુલિનિર્દેશ કરીએ છીએ.

**મોહબ્બત ઇન્સાનને દ્રઢ નિશ્ચયી (સાબિત કદમ) બનાવે છે.**

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામે ફરમાવ્યું: “ખુદાવંદે આલમે જે શખ્સના દિલમાં હઝરત અલી અલય્હિસ્સલામની દોસ્તીને સ્થાન આપ્યું હોય તેના પગ કદી ગુનાહો તરફ વળતા નથી. પરંતું અલ્લાહ તેને બચાવીને (નેક અમલ તરફ વળવાની) દૃઢતા આપે છે. અને તેનો પ્રત્યેક કદમ મજબૂત બની જાય છે. (બેહારૂલ અનવાર)

**જનાબે જાબિરે અન્સારી (ર.)ની વસીય્યત**

હઝરત જાબિરે અન્સારીએ તેમની વસીયતમાં અતીયાએ કૂફીને કહ્યું: “જો એહલેબૈત સલવાતુલ્લાહે-અલયહિમ-અજમઈનના દોસ્તોનું પહેલું કદમ-ગુનાહોની અધિકતાના કારણે લથડી ગયું હશે તો બીજું કદમ એ હઝરાત અલયહિસ્સલમની મોહબ્બતને કારણે સ્થિર કરવાની (ગુનાહોથી બચવાની) શક્તિ અલ્લાહ તઆલા પૈદા કરી દેશે.” (સફીનતુલ બેહાર, જિ. ૧)

**હઝરત અલી અલય્હિસ્સલામના દોસ્તો માટે ફરિશ્તાઓનો ઇસ્તિગ્ફાર.**

ઘણી રિવાયતોથી એ વાત સાબિત થઈ ચુકી છે કે એહલેબૈત અલય્હેમુસ્સલામના દોસ્તો માટે ફરિશ્તાઓ ઇસ્તિગ્ફાર કરે છે. આ વિષયમાં બેહારૂલ અન્વારમાં એહલે સુન્નત વલ જમાઅતની નીચે મુજબની રિવાયત નોંધવામાં આવી છે.-

“ખુદાવંદે આલમે હઝરત અલી અલય્હિસ્સલામના નૂરથી (૭૦,૦૦૦)

સિત્તેર હજાર ફરિશ્તાઓ પૈદા કર્યા છે. આ ફરિશ્તાઓ તેમના માટે અને તેમના દોસ્તો માટે કયામત સૂધી ઇસ્તિગ્ફાર (દોસ્તોના ગુનાહો માટે માફી) કરતા રહેશે.”

**હઝરત અલી અલય્હિસ્સલામની મોહબ્બત ગુનાહોને સળગાવીને નષ્ટ કરી દે છે.**

આ વિષયમાં વિસ્તૃત રિવાયત છે કે ‘હઝરત અલી અલય્હિસ્સલામની દોસ્તી ગુનાહોનો નાશ કરી દે છે.’ બેહારૂલ અન્વારમાં ઇબ્ને અબ્બાસ (રહ.)ની

રિવાયત છે જે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી નોંધી છે.

“હઝરત અલી અલય્હિસ્સલામની મોહબ્બત ગુનાહોને એવી રીતે સળગાવી દે છે જેવી રીતે આગ લાકડાને સળગાવી દે છે.”

ઝે દિલે સ્વાદે મઆસી બરૂં બુર્દ મેહરશ
ચુનાંકે મા બુરદ ઝુલ્મતે શબ દેજુર
ઝે હબ્બે ઉસ્ત બરોઝે જઝા નેહ અઝ તાઅત

ઉમ્મીદે મગ્ફેરત અઝ હય્યો લા યઝાલે ગફુર

એટલે કે જે રીતે રાત્રીનો અંધકાર ચંદ્રના પ્રકાશથી દૂર થઈ જાય છે, તેવી રીતે હઝરત અલી અલય્હિસ્સલામની મોહબ્બત દિલની કાળાશને દૂર કરે છે. કયામતના દિવસે ઇબાદત અને ઇતાઅતને કારણે નહીં, પણ એમની મોહબ્બતને લીધે મગ્ફેરત થશે. પરંતુ એમની મોહબ્બતમાં હંમેશા મગ્ન રહેવાવાળાઓના દિલોમાં ગફૂરો રહીમ

પ્રત્યેની ઉમ્મીદ પણ હોવી જોઈએ. (એટલે કે હઝરત અલી અલય્હિસ્સલામની મોહબ્બતમાં મગ્ન થઈને અલ્લાહ તઆલાના હુકમોને ભૂલી ન જાય.)

**બલા અને મૂસીબતો ગુનાહને નકામા કરે છે.**

આ બારામાં રિવાયત છે કે ‘અલ્લાહ તઆલા એહલેબૈત અલય્હેમુસ્સલામના દોસ્તદારોને દુનિયામાં વિવિધ બલાઓમાં સપડાવે છે, જેથી કરીને તે બધા મરતા પહેલા ગુનાહોથી પાક થઈ જાય. જો

તેમના ગુનાહ વધારે હશે તો તે સકરાતની (અંતિમ સમયે થતી) સખ્તીથી ઉગારી લ્યે છે અને જો તેના કરતા પણ વધારે ગુનાહ હોય તો બરઝખથી લઈને મહેશર સૂધીના અઝાબથી પાક કરી દે છે. પણ તે એટલો બધો ગુનેહગાર હોય કે મેદાને હશ્રના સમય સુધી ખુબ જ પ્રમાણમાં ગુનાહ બાકી રહેતા હોય અને ત્યાં સૂધી માફ થઈ શકે તેમ ન હોય, તો તે જહન્નમની આગનું કષ્ટ ભોગવતો રહેશે અને ગુનાહોથી પાક અને સાફ થયા પછી જહન્નમમાંથી કાઢવામાં

આવશે અને એ શખ્સ કે જેના દિલમાં રજભાર પણ મોહબ્બતે એહલેબૈત અલય્હેમુસ્સલામ અને ઈમાન મૌજૂદ હશે તો તે જહન્નમમાં નહીં રહે. જો કે હંમેશા બાકી રહેનારો અઝાબ કાફિરો અને એહલેબૈતે રસૂલ સલવાતુલ્લાહે અલયહિમ અજમઈનના દુશ્મનો માટે ખાસ છે.

**મોહબ્બતની ભાવનાથી ફાયદો ઉઠાવી તો શકાય છે.**

અત્રે એ વાત યાદ દેવરાવવી જરૂરી છે કે અઝાબે ઇલાહીમાં વધારે કે ઓછી

મુદ્દત સૂધી સપડાવાનો આધાર મોહબ્બતે એહલેબૈત અલય્હેમુસ્સલામ પ્રત્યેની મોહબ્બતના પ્રમાણ ઉપર છે. મોહબ્બતે એહલેબૈત અલય્હેમુસ્સલામ વધારે હશે તો શફાઅત ઝડપથી થશે. એટલું જ નહીં તેઓ અલય્હિસ્સલામ સકરાતે મૌતના સમયે મદદ કરવા માટે પહોંચે છે. સૈયદ હમીરીના જીવનચરિત્રમાં લખ્યું છે કે : સૈયદ ઇસ્માઈલ હમીરી અલયહિર્રહમા શાયરે એહલેબૈત અલય્હિસ્સલામ હતા. જેમની વફાત હિ.સ. ૧૭૩માં થઈ. તેઓએ

હઝરત અલી અલય્હિસ્સલામની પ્રત્યેક ફઝીલત માટે જુદા જુદા કસીદા લખ્યા છે. કોઈ પણ મજલિસ (બેઠક)માં તેઓ પોતાના કસીદાઓમાંથી એક કસીદો પઢીને સંભળાવે નહીં ત્યાં સૂધી તેમને ચેન પડતું ન હતું. એ બુઝુર્ગના ઇન્તેકાલ વખતે એક કરામત જાહેર થઈ હતી. આ હિકાયત શીયા-સુન્નીની કિતાબો જેવી કે ‘અલ-ગદીર’ (જી. ત્રીજી) ‘કિતાબુલ અગાની’, ‘મનાકીબે-સરવી’, ‘કશકુલ-ગમ્મા’, ‘અમાલી શૈખ સદૂક’, ‘બશારતુલ-મુસ્તફા’

અને 'રિજાલે કશી'માં નોંધવામાં આવી છે. જેની વિગત નીચે મુજબ છે.-

સૈયદ સાહેબના અંતિમ સમયે શીઆ મઝહબના વિરોધીઓનો એક સમુહ ભેગો થયો હતો. સૈયદ સાહેબ ખુબસુરત માણસ હતા અને તેમનો ચહેરો ગોરો અને ગુલાબી હતો. ભેગા થએલા લોકો અફસોસ વ્યક્ત કરી રહ્યા હતા. એ જ અરસામાં સૈયદ સાહેબના ચહેરા ઉપર કાળી શાહી જેવું એક ટપકું દેખાયું અને જોત જોતામાં સમગ્ર ચહેરા ઉપર ફેલાવા લાગ્યું એટલે

સુધી કે તેમનો ચહેરો કોલસા જેવો કાળો થઈ ગયો. તેમના વિરોધીઓ રાજી થઈ ગયા અને જાત જાતની ટીકા અને મશ્કરી કરવા લાગ્યા. સૈયદ બેહોશ અને મુંગા થઈ ગયા હતા. જયારે તેઓ હોશમાં આવ્યા ત્યારે નજફે અશરફની દીશા તરફ ફરીને ફરીયાદ કરવા લાગ્યા “યા અમીરૂલ મોઅમેનીન, અય નિરાશ લોકોની આશાના કેન્દ્ર, શું આપ આપના દોસ્તો સાથે આવો વર્તાવ કરો છો ?” કહે છે કે તેમણે આ વાતને ત્રણ વખત દોહરાવી એટલામાં

ખુદાની કસમ, તેમના કપાળ ઉપર એક નૂર દેખાયું અને ધીરે ધીરે આખા મુખ પર ફેલાવા લાગ્યું અને તેમનો ચહેરો પૂનમના ચાંદ જેવો ઝળહળી ઉઠયો. સૈયદે આનંદીત થઈને નીચે મુજબના શેર કહ્યા.

*"જુઠ કહ્યું છે એવું ગુમાન કરનારે કે હઝરત અલી અલયીહસ્સલામ તેના દોસ્તોને સખ્તીથી નજાત નથી અપાવી શકતા.*

મારા પરવરદિગારની કસમ, હું જન્નતમાં દાખલ થયો છું અને નિ:સંશય અલ્લાહ તઆલાએ મારા ગુનાહો બક્ષી આપ્યા છે.

(તો) તમને બશારત થાય કે અય અલી અલય્હિસ્સલામના દોસ્તદારો જે મરતા દમ સૂધી અલી અલય્હિસ્સલામના દોસ્તદાર રહ્યા.

આપના પછી આપના અગિયાર ફરઝંદો જેઓ એક પછી એક ઈમામ છે તેમની સાથે મોહબ્બત કરે."

આ ચાર શેર કહ્યા પછી અલ્લાહની વહદાનિયત, પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની રિસાલત અને હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની વિલાયતનો જીભેથી એકરાર કર્યો, આંખો બંધ કરી અને દુનિયાથી વિદાય લીધી.

**ખ્વાહિશાત મોહબ્બતના માર્ગનો અવરોધ છે.**

કયારેક એવું બને છે કે દુનિયાની માલો દૌલત અને ખ્વાહિશાતે નફસાનીના

આવેશના કારણે અથવા આલે મોહમ્મદ સલવાતુલ્લાહે અજમઈનની મોહબ્બત દિલમાં ન હોવા અથવા ઓછી હોવાના કારણે લોકો તેમના જીવનના અંતિમ સમયે (સકરાત વખતે) એહલેબૈતે-અત્હાર અલય્હેમુસ્સલામને ભુલી જાય છે. અને જે દુન્યવી બાબતમાં પોતાની ઝિંદગીમાં રચ્યા પચ્યા રહેતા હતા. તેની મોહબ્બતને કારણે તેવી બાબતો તેમની નજરે તરવરે છે. આ વિષયની ઘણી રિવાયતો છે. જે બધી રિવાયતોનો ઉલ્લેખ વિષય બહાર

ગણાશે અને લંબાણ પણ થશે. તેથી અત્રે સંક્ષિપ્ત વર્ણન પ્રસ્તુત છે.

**સૌદા – ખુશ અસ્ત – કે – યકજા – કુન – કસે.**

ઉપરની પંક્તિનો અર્થ એ થાય છે કે એહલે ઈમાને તેમના દિલોમાં વધુમાં વધુ મોહબ્બતે એહલેબૈત અલય્હેમુસ્સલામ ઉત્પન્ન કરવાના પ્રયત્નો કરવા જોઈએ. તે સિવાયની બીજી વસ્તુઓની મોહબ્બત દિલમાંથી કાઢી નાખવી જોઈએ. અને બધા જ ગુનાહો ખાસ કરીને ગુનાહે કબીરાથી

બચવું જોઈએ. તેથી ઇન્શાઅલ્લાહ જીવનનો અંજામ સારો આવશે.

**અલ્લાહની નેઅમતોનો ઉપયોગ ગુનાહ કરવામાં ન કરો.**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે કેટલાક દોસ્તોને સંબોધીને પત્ર લખ્યો. આપે ફરમાવ્યું:

"જો તમે ઇચ્છતા હો કે દુનિયા અને આખેરત માટે તમારી ઝિંદગી સારા અને નેક આઅમાલમાં અને સારી હાલતમાં વીતે અને તેવી જ હાલતમાં તમારી રૂહ

કબ્ઝ થાય, તો અલ્લાહ તઆલાને કમા હક્કહુ (જેવો જાણવાનો હક છે તેવો) મહાન જાણો. ક્યાંક એવું ન બને કે અલ્લાહ તઆલાએ જ આપેલી નેઅમતોનો તેની જ નાફરમાની કરવામાં ઉપયોગ કરવામાં આવે. અને ખુદાની કૃપા અને દયાનો ખોટો ફાયદો ઉઠાવીને અભિમાની બની જાવ. (એટલે કે ખુદાની નેઅમતોને ગુનાહના કામમાં ન વાપરો.) અને અમો એહલેબૈતને યાદ કરતા હોય અથવા અમારી સાથેની દોસ્તી વ્યક્ત કરતા હોય

તેવા દરેક શખ્સની ઇઝઝત કરો. તમો એ નહીં જોતા કે તેનો દાવો સાચો છે કે જુઠો. કારણ કે તમને તમારી નિય્યતનો સારો બદલો (સવાબ) અને તેમને તેમના જુઠના ગુનાહની (સઝા) મળી જશે.” (બેહારૂલ અન્વાર)

## ગુનાહોનો અંધકાર અને તૌબાનું નૂર :-

ખુદાવંદે તઆલાનો આ કૌલ ‘ખુદા એ લોકોનો સરપરસ્ત છે, જે ઈમાન લાવી ચૂક્યા છે, તેઓને અંધકારમાંથી કાઢીને પ્રકાશમાં લાવે છે’ની તફસીર વિશે હઝરત

ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછવામાં આવ્યું ત્યારે આપે ફરમાવ્યું ‘એટલે કે ખુદા તેવા લોકોને ગુનાહોના અંધકારમાંથી કાઢીને તૌબા અને માફીના નૂર તરફ લઈ જાય છે. કારણ કે એ લોકોને દરેક ઇમામે આદીલ અને અલ્લાહ સાથે સંબંધિત પેશ્વા એટલે કે બાર ઈમામ અલયહીસ્સલામની વિલાયત મળેલી છે.”

“ઉપરની આયતનો બીજો ભાગ – “અને જે લોકોએ કુફ્ર ઇખ્તયાર કર્યું તેમનો સરપરસ્ત શૈતાન છે. તેમને (અમે)

પ્રકાશમાંથી કાઢીને અંધકારમાં નાખી દઈએ છીએ.” (સૂ. બકરહ, આ. ૨૫૭) વિશે ફરમાવ્યું: ‘ખુદાવંદે તઆલાનો આ આયત વિશેનો આશય એ સિવાય કઈ નથી કે: જે લોકો નૂરે ઇસ્લામ તરફ હતા અને ત્યારબાદ ઝાલિમ અને જુઠા પેશ્વાઓની પૈરવી કરવા લાગ્યા જે ‘મનસુબ મેનલ્લાહ’ ન હતા. તેથી તેવા લોકો ઇસ્લામમાંથી નિકળીને કુફ્રના અંધકાર તરફ ચાલ્યા ગયા, આથી જ અલ્લાહ તઆલાએ કાફિરો માટે જહન્નમની આગ

વાજીબ કરી દીધી છે. (તફસીરે સાફી, પા.૬૮, ઉસૂલે કાફી)

## કબીરા અને સગીરાનો અર્થ

આગળના મુદ્દાઓમાં આપણે જોઈ ગયા કે ગુનાહના બે પ્રકાર છે. કબીરા અને સગીરા. હવે કબીરા ગુનાહની વિશેષતા અને ગુનાહ કરવાથી જે અસર થાય છે તે પણ જોઈએ. અત્રે ગુનાહે કબીરાનો અર્થ અને તેની સંખ્યા રજૂ કરીએ છીએ.

આ વિષયમાં ઓલમાએ કિરામના વિધાનો જુદા જુદા છે. એ બધી

વિસંવાદીત વાતો રજૂ કરતા આ કિતાબનું સ્વરૂપ બદલાઈ જવાની શક્યતા છે. આ કિતાબ પ્રસ્તુત કરવાનો અમારો હેતુ સંક્ષિપ્તમાં જનસાધારણને કોઈ ફાયદો પહોંચાડવાનો છે. તેથી આ વિષયનો ઉંડો અભ્યાસ કરવા ઇચ્છુક લોકોને 'શર્હે કાફી' અને 'અરબઈન' નામની શૈખ બહાઈ (રહ.)ની કિતાબ વાંચી જવા ભલામણ છે.

આ વિષયમાં ઓલમાએ કિરામ અને મરાજએ તકલીદની તહકીક પ્રમાણે મુસ્તનદ અને જામેઅ કૌલ એ જ છે કે જે

ફકીહે એહલેબૈત આયતુલ્લાહ ઉઝમા અસ્સૈયદ મોહમ્મદ કાઝીમ તાબાતબાઈ યઝદી તાબસરાહે ‘બાબુશ્શરાએત ઇમામે જમાઅત ઉર્વતુલ વુસ્કા’માં બયાન કર્યો છે. તેઓએ ગુનાહે કબીરા નક્કી કરવાની **ચાર રીતો** નીચે પ્રમાણે વર્ણવી છે.-

**ગુનાહે કબીરા શું છે ?**

(૧) કુરઆન અને હદીસમાં સ્પષ્ટ રીતે જે ગુનાહને ‘ગુનાહે કબીરા’ ગણાવાયા હોય તે બધા કબીરા ગુનાહ છે. આ પ્રકારના ગુનાહોની સંખ્યા ૪૦

(ચાલીસ)થી વધારે છે. જેનું એહલેબૈતે ઇસ્મત અલય્હેમુસ્સલામની હદીસોમાં સ્પષ્ટ રીતે વર્ણન મળી આવે છે. હવે અમે અત્રે તે રિવાયતનું વિવરણ અને મુદ્દાસર અલગ અલગ વર્ણન કરીએ છીએ.

(૨) કુરઆને મજીદ અને સુન્નતે મોઅતબરહમાં જે ગુનાહ કરનાર શખ્સ માટે સ્પષ્ટ રીતે જહન્નમની ધમકી આપવામાં આવી હોય તે બધા ગુનાહ, ગુનાહે કબીરા છે. અથવા તો એવા ગુનાહ જેના વિશે કુરઆને મજીદ અને હદીસોમાં

આતિશે જહન્નમના વાયદાનો સ્પષ્ટપણે ઉલ્લેખ ન હોય, પરંતુ પ્રાસંગિક ઉલ્લેખ હોય. જેમકે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

‘જેણે જાણી બુજીને નમાઝ છોડી દીધી, નિ:શંક અલ્લાહ તઆલા અને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ તેના તરફની જવાબદારીથી મુક્ત છે. આ રિવાયતમાં દોઝખની આગનો (જહન્નામની આગની સઝાનો)

સ્પષ્ટ રૂપે નહીં પણ માત્ર ઇશારારૂપે ઉલ્લેખ છે. પરંતુ બીજી રિવાયતોથી આ અસ્પષ્ટ (મોઘમ) મુદ્દાની સ્પષ્ટ દલીલ મળે છે. જેમકે હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ અને હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :-

"એ તમામ ગુનાહ, ગુનાહે કબીરા છે, જે કરનાર માટે અલ્લાહ તઆલાએ જહન્નમને કાયમ કરી છે."

અને એ રિવાયત જે ઈમામઝાદા અબ્દુલ અઝીમ (રહ.)થી મનકુલ છે, તેનો ઉલ્લેખ આગળ ઉપર કરવામાં આવશે. આનાથી એ વાત સ્પષ્ટ થાય છે કે જેમાં અઝાબે ઇલાહીનો સંકેત અપાયો હોય તે કુરઆન, સુન્નત કે અખબાર, કોઈ પણ રીત હોય તેમા કોઈ ફર્ક પડતો નથી.

(૩) દરેક એ ગુનાહ જે કુરઆન અને સુન્નતે મોઅતબરાહથી ગુનાહે કબીરા સાબિત હોય તેનાથી કોઈ ગુનાહને વધારે મોટા ગણવામાં આવે તે પણ ગુનાહ છે.

દાખલા તરીકે કત્લે નફસ ગુનાહે કબીરા છે અને કુરઆન અને સુન્નત બંનેથી તે સાબિત છે. ઇબ્ને મહેબુબની સહીહ હદીસમાં ‘નફસે મોહતરમ’નો કત્લ સ્પષ્ટ શબ્દોમાં ગુનાહે કબીરામાં ગણવામાં આવેલ છે. અને કુરઆને મજીદમાં કાતિલ માટે અઝાબનો આગાઝ કરવામાં આવ્યો છે. આમ, જો કુરઆને પાકમાં અથવા એવી સુન્નતમાં જેને મોઅતબર સમજવામાં આવે તેનાથી એ સ્પષ્ટ થતું હોય કે અમુક ગુનાહ કત્લે નફસથી વધારે મોટા ગુનાહ

છે, તે સંજોગોમાં તે ગુનાહને પણ ગુનાહે કબીરા જ સમજવામાં આવશે. જેમકે ફીત્નો ફેલાવવા વિશે કુરઆને મજીદમાં ઇરશાદે રબ્બાની છે કે તે કત્લે નફસ કરતા પણ મોટો ગુનાહ છે. ‘વલ ફીત્નતો અકબરો મેનલ કત્લ.’

આ વાતથી ખાત્રી થઈ જાય છે કે ફીત્નો પણ ગુનાહે કબીરામાં શામિલ છે.

(૪) કબીરા, એ ગુનાહ છે જે દીનદાર અને શરીઅત પસંદ લોકો માટે મોટો ગુનોહ છે. અમુક ગુનાહને મઅસુમ

અલય્હેમુસ્સલામના જમાનાથી માંડીને હાલના જમાના સુધી બધા ઈમાનદાર લોકો સતત ગુનાહે કબીરા ગણતા આવ્યા છે. જેમકે જાણી બુઝીને અને મસઅલા જાણતાં હોવા છતાં ખાનએ ખુદાની બે હુરમતી કરવાના ઇરાદાથી મસ્જિદને નજીસ કરવી અથવા તો નઉઝોબિલ્લાહ કુરઆને મજીદને દૂર ફેંકવું, વિગેરે ગુનાહોને ગુનાહે કબીરા ગણવામાં આવે છે.

ગુનાહે કબીરાને ચોક્કસ રીતે જાણવાની ચાર રીત જે સૈયદ અલયહિર્રહમાએ ફરમાવી છે તે ઉપર પ્રસ્તુત કરી છે. જેમાંનો પહેલો પ્રકાર એ ગુનાહો છે, જેના વિશે ‘નસ્સ’ મૌજૂદ હોય. બાકીની ત્રણ રીતમાંથી કોઈ એક ગુનોહ ‘કબીરા’ હોવાનું સાબિત હોય તેનું વિવરણ નીચે મુજબ છે.

**ચાર પ્રકાર વિશે ઉર્વતુલ વુસ્કા કિતાબની અસલ રિવાયત:-**

(૧) દરેક એ ગુનાહો, ગુનાહે કબીરા છે. જે કુરઆન અને સુન્નથતથી સ્પષ્ટ રીતે સાબિત થઈ ચૂક્યા હોય. એ ગુનાહે કબીરા જેની સંખ્યા (૪૦) ચાલીસથી પણ વધારે છે. તે દરેકનો ઉલ્લેખ તેના વિષય અનુસાર થશે.

(૨) અથવા જે ગુનાહો કરનાર માટે કુરઆને મજીદ અથવા સુન્નતે મોઅતબરમાં અન્ય ગુનાહોના ઉલ્લેખ

સાથે તે ગુનાહ માટે ચેતવણીનો ઉલ્લેખ થયો હોય, તે દરેક ગુનાહો ગુનાહે કબીરા છે.

(૩) અથવા જે ગુનાહને કુરઆને મજીદ અથવા સુન્નતે મોઅતબરામાં બીજા કોઈ ગુનાહો કરતા વિગતવાર મોટા ગણાવવામાં આવ્યા હોય અથવા જે ગુનાહ (કરનાર) માટે જહન્નમની આગનો વાયદો આપવામાં આવ્યો હોય તે ગુનાહે કબીરા ગણાય છે.

(૪) અથવા એ દરેક ગુનાહો, ગુનાહે કબીરા છે જેને એહલે શર્અ (શરીઅતના નિષ્ણાંતો) એ મોટા ગુનાહો ગણાવ્યા હોય.

હવે અમે ગુનાહે કબીરા અને તેમના વિશેની રિવાયતો પ્રસ્તુત કરીએ છીએ, જે દરેકનું વિસ્તારપૂર્વક સ્પષ્ટીકરણ કરવામાં આવશે.

## પહેલી રિવાયત:-

(૧) શૈખે સદૂક અલયહિર્રહમાએ 'ઓયુનુલ અખ્બારે રેઝા'માં (ઈમામઝાદા) હઝરત અબ્દુલ અઝીમ બિન અબ્દિલ્લાહ

અલ હસનીના હવાલાથી આ રિવાયત નોંધી છે કે, આપે ફરમાવ્યું : મેં અબૂ જઅફરે સાની (ઈમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામ)થી સાંભળ્યું છે અને તેઓએ ફરમાવ્યું: મેં મારા વાલિદે બુઝુર્ગવાર હઝરત ઈમામ રઝા અલય્હિસ્સલામથી સાંભળ્યું: અને તેઓએ કહ્યું : મેં હઝરત ઈમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ પાસેથી સાંભળ્યું : તેઓ ફરમાવતા હતા કે એક દિવસ ઉમરૂ બિન ઉબૈદ હઝરત અબી અબ્દિલ્લાહ જઅફરે

સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં આવ્યા અને સલામ કરીને બેસી ગયા ત્યારે ઉમરૂ બિન ઉબૈદે આ આયતની તિલાવત ફરમાવી : “એ લોકો જે ગુનાહાને કબીરા અને બેશર્મીથી પરહેઝ કરે છે...” આ પછી થોડીવાર ચૂપ રહ્યા. ત્યારે હઝરત ઇમામે જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : આપ ચૂપ કેમ થઈ ગયા ? “હું કિતાબે ખુદાથી ગુનાહે કબીરા જાણવા અને કંઈક નસીહત પ્રાપ્ત કરવા માંગતો હતો.” આ પછી ઇમામ

અલય્હિસ્સલામે કહ્યું : “અય ઉમરૂ, તમામ ગુનાહે કબીરામાં સૌથી મોટો ગુનોહ કોઈને અલ્લાહ તઆલાનો શરીક ગણવો તે છે. જેમકે ખુદાએ પોતે જ ફરમાવ્યું છે, “જેણે જેણે ખુદાનો (કોઈ) શરીક બનાવ્યો તેની પર ખુદાએ બેહિશ્તને હરામ કરી દીધી.” (સૂ.૫, આ.૭૬)

(૨) અને ત્યારપછી અલ્લાહની નેઅમતથી નાઉમ્મીદ થવું પણ ગુનાહે કબીરા છે. કેમકે અલ્લાહ તઆલા ખૂદ ફરમાવે છે કે, “અલ્લાહની રહમતથી

(નાસ્તિકો) કાફિરોના સમુહ સિવાય બીજું કોઈ નાઉમ્મીદ (નિરાશ) થતું નથી.” (સૂ.૧૪, આ.૮૭)

(૩) અલ્લાહ તઆલાના મક્ર (એટલે કે ગૈબી ઇન્તકામ અને કોપ)થી ન ડરવું ગુનાહે કબીરા છે. ખુદાએ અઝઝ વ જલ્લનો ઇરશાદ છે કે : “યાદ રહે અલ્લાહના દાવપેચથી માત્ર હાનિ ભોગવનારાઓ સિવાય કોઈ બેદરકાર રહેતો નથી.” (સૂ.૭, આ. ૯૯)

(૪) ગુનાહે કબીરા પૈકી એક ગુનોહ મા (અથવા) બાપનું આક (તિરસ્કૃત કરવું) છે. કેમકે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા ફરમાવે છે કે : ‘અને જનાબે યાહયાહ (અ.) પોતાના મા-બાપની સેવા કરનારા (તેમના હકમાં ભલાઈ કરનારા) હતા. અને શીરજોર (ઉધ્ધતાઈ) અને નાફરમાન ન હતા.’ અહીં મા-બાપના નાફરમાનને સરકશ અને શકી ગણાવાયા છે.’ (સૂ.૧૯, આ.૧૪)

(૫) કોઈ મોઅમીનને નાહક કત્લ કરવો (ગુનાહે કબીરા) હરામ છે. કેમકે એ વિશે અલ્લાહ તઆલા ફરમાવે છે:

“અને જો કોઈ જાણી જોઈને કોઈ મોઅમિનને મારી નાખે તો તેનો (કોઈ કફ્ફારો નથી, પરંતુ) તેનો બદલો જહન્નમ છે, જેમાં તે હંમેશ માટે રહેશે. અને અલ્લાહ તેના પર કોપ ઉતારશે અને તેના ઉપર તે ફીટકાર (લાનત) કરશે અને (તે ઉપરાંત) તેના માટે (ખૂબ જ) મોટો અઝાબ તૈયાર કરી રાખ્યો છે.” (૪-૯૩)

(૬) કોઈ પાકદામન સ્ત્રી કે પુરૂષ ઉપર ઝીના (અનૈતિક સંબંધ) કે લાવાતા (સૃષ્ટિ વિરૂધ્ધ કર્મ)નું તોહમત મૂકે છે તે ગુનાહે કબીરા છે, તેની દલીલ અલ્લાહ તઆલાનો આ કૌલ છે.

"નિ"સંશય જે લોકો પતિવ્રતા બેખબર (નિર્દોષ-પાકદામન) મોઅમીન સ્ત્રીઓ પર અનિતી (ઝીના)નો આરોપ મૂકે છે, તેમના પર દુન્યામાં (પણ) લાનત કરવામાં આવી છે અને આખેરતમાં (પણ),

અને તેમના માટે મોટો અને સખ્ત અઝાબ છે.” (૨૪-૨૩)

(૭) અને યતીમોનો માલ ખાવો, એ ગુનાહે કબીરા છે. જેમકે ખુદાવંદે આલમે ફરમાવ્યું :

“નિ:સંશય, જેઓ ઝોર ઝુલ્મથી યતીમોનો માલ ખાઈ જાય છે. તેઓ પોતાના પેટમાં (માત્ર) અંગારા ભરે છે. અને બહુ જ જલ્દી તેઓ ધગધગતી આગ(નો અઝાબ - જહન્નમ) પામશે.” (૪-૧૦)

(૮) જેહાદમાં આગળ વધવાને બદલે ભાગી જવું ગુનાહે કબીરા છે. જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે. “અને (યાદ રાખો) તે (લડાઈ)ના દિવસે જે (કોઈ) લડાઈ લડવાના હેતુથી માર્ગ કાપીને જતો હોય અથવા બીજા (મોઅમિન) ટોળા સાથે આશ્રય લેવા માટે ફર્યો હોય તેના સિવાય જે તેમને પોતાની પીઠ દેખાડશે તે નિ:સંશય અલ્લાહના કોપને પાત્ર થશે અને તેનું સ્થાન જહન્નમ છે. અને તે ઘણું જ ખરાબ રહેઠાણ છે.” (૮-૧૬)

(૯) વ્યાજ ખાવું પણ ગુનાહે કબીરા પૈકી એક ગુનોહ છે. જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે. "જે લોકો વ્યાજ ખાય છે તે કયામતના દિવસે કોઈપણ રીતે ઉભા નહીં રહી શકે, પણ એ રીતે કે જાણે શૈતાને (હોશ અને હવાસ આંચકી લીધા હોય તેમ) પાગલ બનાવી દીધો હોય તે રીતે ઉભા રહેશે..."

.... આ એ માટે કે તેઓ કહેતા હતા કે, જેવી રીતે વેચાણનો વ્યવહાર એવી જ રીતે વ્યાજનો વ્યવહાર. જયારે કે વેચાણને

તો અલ્લાહે હલાલ ગણાવ્યો છે પણ વ્યાજને હરામ ગણાવવામાં આવ્યું છે.” (૨-૨૭૫)

(૧૦) અને સેહર (જાદુ) ગુનાહે કબીરા છે. જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે “તેઓ બેશક જાણી ચુક્યા હતા કે જે કોઈ તે (જાદુની બૂરાઈઓ)ના ખરીદનાર થયા તેઓ આખેરતમાં દુર્ભાગી છે. અને નિશંક (બદલો) ઘણો મોટો છે. જેના બદલામાં તેઓએ પોતાના જીવોને વેચ્યા, કાશ તેઓ સમજતા હોત તો.” (૨-૧૦૨)

(૧૧) ગુનાહે કબીરા પૈકી એક ‘ઝીના’ છે. જેમકે કુરઆને મજીદમાં ખુદા ફરમાવે છે:

“અને એ લોકો જેઓ ખુદાની સાથે બીજા મઅબૂદની (પરસ્તીશ) તાબેદારી નથી કરતા અને જેમને મારી નાખવાનું ખુદાએ હરામ ઠેરવ્યું છે, તેમને કત્લ નથી કરતા અને ન તો ઝીના કરે છે. પણ જે એવું કરશે તે આપ મેળે જ પોતાના ગુનાહોની સજા ભોગવશે. કયામતના દિવસે તેનો અઝાબ બમણો કરી

નાખવામાં આવશે. અને તેમાં તે હંમેશા ઝલીલો ખાર રહેશે.” (૨૫-૬૮/૬૯)

(૧૨) ગુનાહે કબીરા પૈકી એક ‘યમીન-ગમૂસ’ (જુઠી કસમ) છે. જેના વિશે ખુદાવંદે તઆલાનો ઇરશાદ છે:

“બેશક જે લોકો અલ્લાહને (આપેલા) વાયદા તથા પોતાની સોગંદોના બદલામાં નજીવી કિંમત (દુન્યવી બદલો) લઈ લે છે તેઓ એજ તો છે કે જેમનો આખેરતમાં કાંઈ ભાગ નથી અને અલ્લાહ તેમની સાથે (કયામતના દિવસે) વાત

પણ કરશે નહીં અને ન કયામતના દિવસે તેમને (રહેમતની નજરે) નિહાળશે તથા ન તેમને (ગુનાહોની ગંદકીથી) પાક કરશે અને તેમના માટે દર્દનાક અઝાબ છે.” (૩-૭૭)

(૧૩) જે ગુનાહો વિશે ‘નસુસે સરીહા’ મળે છે. તેમાંની એક ગલૂલ (ખયાનત) છે. જેના વિશે અલ્લાહ તઆલા ફરમાવે છે :

“અને કોઈ નબીનું એ કાર્ય (શાન) નથી કે કોઈ વસ્તુ પચાવી પાડે. પણ જો

બીજા કોઈ છુપી રીતે કોઈ વસ્તુ પચાવી પાડશે તો કયામતના દિવસે તે (વાત) તેની સામે જાહેર કરવામાં આવશે, અને પછી દરેકને તેના કર્મોની પુરેપુરી સજા કરવામાં આવશે, અને તેના ઉપર ઝુલ્મ કરવામાં આવશે નહીં.

જે માણસ ખુદાની ખુશ્નુદીનો પાબંદ થઈ ગયો (તો) તેની એવા માણસ જોડે સરખામણી કરી શકાય (ખરી?) (કે) (જે) ખુદાના ગુસ્સા અને ગઝબમાં ગિરફતાર

હોય ? અને તેનું ઠેકાણું જહન્નમ છે. જે ઘણું જ ખરાબ રહેઠાણ છે ?" (૩-૧૬૦/૧૬૧)

(૧૪) વાજીબ ઝકાત રોકવી ગુનાહે કબીરા છે. જેના વિશે અલ્લાહ ફરમાવે છે:

"અને જે લોકો સોનું અને ચાંદી ભેગા કર્યે જાય છે. અને તેને ખુદાની રાહમાં ખર્ચ કરતા નથી. તો અય રસૂલ તેઓને દર્દનાક અઝાબની આગાહી સંભળાવી દે." (૯-૩૪)

(૧૫) અને જુઠી ગવાહી આપવી ગુનાહે કબીરા છે. જેમકે ફરમાવે છે કે :

"તમે ખોટી ગવાહી આપવાથી પરહેઝ કરો." (૨૨-૩૦)

(૧૬) "તમે ગવાહી ન છૂપાવો અને જે (ગવાહી) છૂપાવશે તેનું દિલ ગુનેહગાર છે અને તમે લોકો જે કરો છો તેને અલ્લાહ સારી રીતે જાણે છે." (૨-૨૮૩)

(૧૭) અને શરાબ પીવો ગુનાહે કબીરામાંથી છે. કારણ કે અલ્લાહ તઆલાએ કુરઆને શરીફમાં બુત પરસ્તીની જેમ તેની પણ મનાઈ ફરમાવી છે. ખુદાએ ફરમાવ્યું :

"(અય રસૂલ) લોકો તમને શરાબ અને જુગાર વિશે પૂછે છે (તમે) કહી દો કે એ બંને મોટા ગુનાહો છે અને (તેમાં કેટલાક ફાયદાઓ પણ છે) તેના ફાયદા કરતા તેના ગુનાહો મોટા છે." (૨-૨૧૯)

(૧૮) અને જાણી બુઝીને નમાઝ છોડવી ગુનાહે કબીરા છે.

(૧૯) અથવા કેટલીક જરૂરિયાતે દીન જે અલ્લાહ તઆલાએ વાજીબ ગણાવી છે તેને જાણી જોઈને છોડવી ગુનાહે કબીરા છે. જેમકે હઝરત રસૂલે

ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: “જે કોઈ જાણી બુઝીને નમાઝ છોડે તો યકીનન તે ખુદાવંદે આલમ અને રસૂલની અમાનથી બહાર થઈ જશે.”

(૨૦) વચનભંગ કરવો એ ગુનાહે કબીરામાં ગણાય છે. જેના વિશે અલ્લાહ તઆલા ફરમાવે છે :

“અને એ લોકો જેઓ ખુદા સાથે અહદો પૈમાન કર્યા પછી તોડી નાખે છે.” (૧૩-૨૫)

(૨૧) અને સગાંવ્હાલાંઓ સાથે સંબંધ તોડી નાખવો પણ ગુનાહે કબીરા છે. જેમકે ખુદાવંદે તઆલા ઉપરની આયતમાં ફરમાવે છે : “અને જેમની સાથે (પરસ્પરના સંબંધો) જાળવી રાખવાનો ખુદાએ હુકમ આપ્યો છે તેને તોડી નાખે છે, અને પૃથ્વી ઉપર ફસાદ ફેલાવ્યા કરે છે. (તેઓ) એ લોકો જ છે જેના માટે લાનત છે, અને તેમના માટે અત્યંત ખરાબ ઘર (જહન્નમ) છે.” (૧૩-૨૫)

જયારે હઝરત અબી અબ્દિલ્લાહ જઅફરે સાદિક અલયહિસ્સલામે ગુનાહે કબીરા બયાન કરીને તેઓનું સંબોધન પૂર્ણ કર્યું ત્યારે રાવી ઉમરૂ બિન ઉબૈદ, ફરિયાદ અને રૂદન સાથે આ પ્રમાણે કહેતા બહાર નિકળી ગયા : "બેશક આપ (અઇમ્મા અલય્હેમુસ્સલામ)ના ઇલ્મ અને ફઝલનો ઇન્કાર કરીને જે માણસ (શરીઅતની વાતોમાં) પોતાના મનથી કંઈ કહેતો હોય, તે માણસ હલાક થઈ ગયો."

પહેલી રિવાયત અહીં પૂર્ણ થઈ.

## બીજી રિવાયત

ઇબ્ને મહેબૂબથી સહીહમાં આ રિવાયત નોંધવામાં આવી છે કે તેમણે કહ્યું : “મારા કેટલાક મિત્રોએ મારી સાથે હઝરત અબિલ હસન ઈમામ રઝા અલય્હિસ્સલામને પત્ર લખ્યો જેમાં પૂછવામાં આવ્યું હતું કે ગુનાહે કબીરાની સંખ્યા કેટલી છે અને તેની ચોક્કસ વ્યાખ્યા શું છે?” આ હઝરત અલયહિસ્સલામે આ મુજબ લખી જણાવ્યું :

ગુનાહે કબીરા એ ગુનોહ છે જેના કરનાર માટે (જહન્નમની) આગનો વાયદો આપવામાં આવ્યો છે, જે કોઈ મોઅમિને તેનાથી પરહેઝ કર્યો (અને તૌબા કરી) તો અલ્લાહ તઆલા તેને માફ કરી દે છે. પણ જે ગુનોહ કરવામાં અઝાબનો વાયદો આપવામાં આવ્યો છે તે **સાત** છે. -

**(૧) કત્લુલ નફસિલ હરામ** - જેને કત્લ કરવાનું શરઈ રીતે હરામ હોય તેને (જાનથી) મારી નાખવો.

**(૨) વ - ઓકૂકુલ વાલેદૈન** - અને મા-બાપનું આક (કાયમ માટે તિરસ્કૃત) કરવું.

**(૩) વ - અકલુર્રેબા** - અને વ્યાજ ખાવું

**(૪) વત્તઅરરાબો બઅદલ હીજરહ** - અને હિજરત કર્યા પછી પુન:જાહેલીયત (અજ્ઞાનતા) તરફ પાછા ફરવું.

**(૫) વકઝફુલ મોહસેનહ** - અને પાક દામન સ્ત્રી ઉપર ઝીના (ગૈરમર્દ સાથે અનૈતિક સંબંધ બાંધવા)નું તહોમત મુકવું.

**(૬) વલ અકલો માલિલ યતીમ** - અને યતીમનો માલ ખાવો.

**(૭) વલ-ફેરારો-મિનઝ ઝહફ** - યુદ્ધના મોરચેથી ભાગી જવું.

અહીં સૂધી ઇબ્ને મહેબૂબની રિવાયત પૂર્ણ થઈ. (વસાએલુશ્શીઆ, કિતાબે જેહાદ)

## ત્રીજી રિવાયત

અબી સામીતે હઝરત અબી અબ્દિલ્લાહ ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી નોંધેલ છે કે, આપ

અલય્હિસ્સલામે ફરમાવ્યું : ‘ગુનાહે કબીરામાં સૌથી મોટો ગુનોહ (૧) અલ્લાહ તઆલાને માટે શરીક બનાવવો, (૨) જેને કત્લ કરવો અલ્લાહ તઆલાએ હરામ ઠેરવ્યો હોય તેવા શખ્સને કત્લ કરવો. (પરંતુ શરઈ રીતે જે વાજિબુલ કત્લ હોય તેનો આમા સમાવેશ થતો નથી.), (૩) યતીમોનો માલ ખાઈ જવો, (૪) સંતાનોનું મા-બાપ દ્વારા આક (તિરસ્કૃત) થઈ જવું, (૫) પાક દામન સ્ત્રી ઉપર ઝીનાનું તોહમત મુકવું, (૬) મૈદાને જંગથી ભાગી

જવું અને (૭) ખુદાએ બુઝુર્ગ-વ-બરતર તરફથી ઉતારવામાં આવેલ જરૂરિયાતે દીનનો ઇન્કાર કરવાનો સમાવેશ થાય છે.

(૮) અબ્દુર રહેમાન ઇબ્ને કસીરે આ હઝરત અલય્હિસ્સલામની આ રિવાયત નોંધી છે કે આપે ફરમાવ્યું : 'એહલેબૈત અલયહેમુસ્સલામના હક્કોનો ઇન્કાર ગુનાહે કબીરા છે.'

અને અબી ખદીજાએ પણ આ હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી આ રિવાયત નોંધી છે કે આપે

ફરમાવ્યું (૯) અલ્લાહ તઆલા અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને અવસીયા કેરામ અલય્હિસ્સલામ પર બોહતાન મુકવું ગુનાહે કબીરા ગણવામાં આવે છે. અને સદૂક અલયહેમુર રહેમાથી આ રિવાયત છે. (૧૦) વસીયતમાં કોઈ પર ઝુલ્મ કરીને કોઈને વારસાથી વંચિત કરી દેવો ગુનાહે કબીરાથી સંબંધિત ગણવામાં આવેલ છે. (૧૧) અને કિતાબે કન્ઝુલ ફવાએદની રિવાયત મુજબ ખાનએ ખુદામાં અશાંતિ

ફેલાવવાને હલાલ સમજવું પણ ગુનાહે કબીરા છે. (કારણ કે ખુદાએ કાઅબાને શાંતિની જગ્યા ગણાવી છે.)

## ચોથી રિવાયત

“ઓયુનિલ અખ્બાર” નામની કિતાબમાં મોઅતબર સનદોનો હવાલો આપતા ફઝલ ઇબ્ને શાઝાને હઝરત ઈમામ રઝા અલય્હિસ્સલામના એ પત્રનો ઉલ્લેખ કર્યો છે, જેમાં ગુનાહે કબીરાથી દૂર રહેવા વિશે ઇમામ અલય્હિસ્સલામ

મામુનને લખ્યું હતું. આ હઝરતના પત્રનું સંક્ષિપ્ત લખાણ આ મુજબ છે.

(૧) જે લોકોને જાનથી મારી નાખવાનું અલ્લાહ તઆલાએ હરામ ગણાવ્યું છે તેવા લોકોને કત્લ કરવા.

(૨) ઝીના કરવા.

(૩) ચોરી કરવી.

(૪) શરાબ પીવો.

(૫) મા-બાપનું આક (તિરસ્કૃત) થવું.

(૬) મૈદાને જંગમાંથી નાસી જવું.

(૭) ઝુલ્મ કરીને યતીમનો માલ ખાઈ જવો.

(૮) મજબૂરીના સંજોગો ન હોવા છતા મુર્દાર, લોહી, સુવ્વરનું ગોશ્ત ખાવું, અને ગૈરે ખુદાનું નામ લઈને ઝબ્હ કરાએલ જાનવરનું ગોશ્ત ખાવું ગુનાહે કબીરા છે.

(૯) સ્પષ્ટ અને સાબિત હોય તેવું વ્યાજ ખાવું.

(૧૦) હરામ માલ ખાવો.

(૧૧) જુગાર રમવું.

(૧૨) માપ-તોલમાં ઓછું આપવું.

(૧૩) પાકદામન સ્ત્રી ઉપર ઝીનાનું તોહમત મુકવું.

(૧૪) પુરૂષે પુરૂષ અને સ્ત્રીએ સ્ત્રી સાથે (સૃષ્ટિ વિરૂધ્ધ કર્મ) બદકામ કરવું.

(૧૫) અલ્લાહ તઆલાની નેઅમતની નિરાશ થવું.

(૧૬) અલ્લાહ તઆલાના મકર (ગૈબી ઇન્તકામ અને કહર) પ્રયુક્તિથી ન ડરવું.

(૧૭) અલ્લાહની રહેમત વિશે બદગુમાની કરવી.

(૧૮) ઝાલીમોને સહકાર આપવો.

(૧૯) ઝાલિમો સાથે હળવું મળવું.

(૨૦) ખોટી કસમ ખાવી.

(૨૧) કોઈ મુશ્કેલી કે મજબુરી ન હોવા છતાં કોઈનો હક રોકી રાખવો.

(૨૨) ખોટું બોલવું.

(૨૩) અભિમાન કરવું.

(૨૪) પોતાની મર્યાદા કરતા વધારે ખર્ચ (ઈસ્રાફ) કરવો.

(૨૫) ખુદાની ઇતાઅત સિવાયના કામમાં માલ ખર્ચ કરવો.

(૨૬) દગો કરવો.

(૨૭) હજ્જે બયતુલ્લાહને યોગ્ય મહત્વ ન આપવું.

(૨૮) અલ્લાહના દોસ્તો (અવલીયા) સાથે લડવું.

(૨૯) લહવો-લએબ (નકામા કાર્યો, જેમકે ખેલકુદ, ગીત-સંગીત વગેરે)માં મગ્ન રહેવું.

(૩૦) ગુનાહોના કાર્યોને (આગ્રહપૂર્વક) વળગી રહેવું.

ઇન્શાઅલ્લાહ, આ રિવાયતોનો અનુવાદ અને વિવરણ તેમજ ગુનાહે

કબીરાને લગતી બીજી રિવાયતોનો ઉલ્લેખ આગળ જતાં કરવામાં આવશે.

## એક મુશ્કિલ પ્રશ્નનો ઉકેલ

ગુનાહે કબીરાના વિષય પર કેટલાક લોકો એઅતેરાઝ કરે છે કે -

(૧) આ અતિ મહત્વના વિષયનું કુરઆને મજીદમાં બહુ જ વિગતવાર બયાન શા માટે કરવામાં નથી આવ્યું અને તેની કોઈ ચોક્કસ સંખ્યા શા માટે આપવામાં નથી આવી ?

(૨) આ વિષયમાં સાહેબાને ઇસ્મતો તહારત અલયહેમુસ્સલામની હદીસોમાં વિસંવાદ (મતભેદ) કેમ છે ? કેટલીક રિવાયતોમાં ગુનાહે કબીરાની સંખ્યા પાંચ, કેટલીકમાં સાત, કેટલીકમાં નવ, એકવીસ અને એકત્રીસ બયાન થઈ છે. એટલે સૂધી કે ઇબ્ને અબ્બાસે (રઝી.) જે રિવાયત નોંધી છે તેમાં લગભગ ૭૦૭ (સાતસો સાત) ગુનાહે કબીરા ગણવામાં આવ્યા છે. હવે અમે ઉપરના બંને એઅતેરાઝનો જવાબ પ્રસ્તુત કરીએ છીએ.

## પહેલા એઅતેરાઝનો જવાબ

અલ્લાહ તઆલાએ કુરઆને મજીદમાં ગુનાહે કબીરાની સંખ્યા ચોક્કસ રીતે દર્શાવી નથી, તે બંદાઓ ઉપર તેનો મહાન એહસાન છે. અને તેમા ઘણી હિકમત છુપાયેલી છે. અર્થાત જો સંખ્યા ચોક્કસ રીતે દર્શાવાઈ હોત તો લોકો ફકત એવા ગુનાહોથી પરહેઝ કરત જેની મનાઈ કરવામાં આવી હોય. એ સિવાય જેહાલત અને ખ્વાહિશાતે નફસાનીના કારણે બીજા ગુનાહો કરવાની હિંમત કરત અને

અજ્ઞાનતાના કારણે એવું વિચારત કે (કુરઆને મજીદમાં) જે સંખ્યા દર્શાવવામાં આવી છે તે સિવાયના ગુનાહોથી બચવાની કોઈ જરૂર નથી. પરિણામે તેઓની ખરાબ અને ગુનાહના કામો કરવાની હિંમતમાં વૃધ્ધિ થાત. અને તેઓ મઝહબે પ્રતિબંધિત કરેલ તમામ કાર્યોમાં વ્યસ્ત રહેત.

યાદ રહે, એ બંદો બહુ જ ખરાબ બદકાર છે જે પોતાના મહેરબાન પરવરદિગારની હદો (મર્યાદા)ને

ઓળંગવામાં હિંમત અને નિડરતા વ્યકત કરે. અને એવા દરેક કામ કરે જે કરવાની મનાઈ ફરમાવવામાં આવી હોય, એટલું જ નહીં, એ પ્રકારની હિંમત અને નીડરતા ગુનાહે કબીરા તરફ આગળ વધવાની પણ પ્રેરણા આપે છે.

જો કે અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓને 'ગુનાહે સગીરા' કરવાની મનાઈ ફરમાવી છે. જો એ વિશે લાપરવાહી રાખવામાં આવે તો ધીમે ધીમે તે 'ગુનાહે કબીરા' કરવા તરફ પણ પ્રેરાશે.

**ગુનાહે સગીરાનું પુનરાવર્તન પણ ‘કબીરા’ છે.**

આ વિષયમાં એ વાતની સ્પષ્ટતા કરવાની રહે છે કે ‘ગુનાહે સગીરા’ વારંવાર કરવા એ પણ ગુનાહે કબીરા બની શકે છે. એ વાત સર્વ સ્વિકૃત છે કે ગુનાહે સગીરાનું પુનરાવર્તન પણ ગુનાહે કબીરાના વર્તુળમાં આવી જાય છે. અમે ઇન્શાઅલ્લાહ આ વિષયને “ગુનાહે સગીરા માટે આગ્રહ”ના ભાગમાં વિગતવાર રજુ કરીશું.

આમ ગુનાહે કબીરાને અસ્પષ્ટ (મોઘમ) રાખવામાં અલ્લાહ તઆલાની હિકમત અને રહેમત સમાંએલી છે. જેને કારણે તેના બંદાઓ બીજા ગુનાહોથી બચે અને ગુનાહે કબીરામાં ફસાઈ ન જાય. આ વિષયનો સાર એ છે કે નાના ગુનાહોને ઓછા (હલ્કા) સમજવા એ પણ ગુનાહે કબીરા થઈ જવા માટે કારણ ભૂત બની શકે છે. આ વિષય પર વિગતવાર વર્ણન આગળ જતાં રજૂ કરવામાં આવશે.

**ખરાબીમાં ફસાવું સવાબથી વંચિત રહેવાનું કારણ છે.**

(આ પણ પહેલા એઅતેરાઝનો જવાબ થઈ શકે છે.) ગુનાહે સગીરાની ખરાબીઓમાં ફસાવાથી બંદાઓ એવી નેકીઓના અજ્રો સવાબથી વંચિત રહી જાય છે, જે ગુનાહે સગીરાને છોડી દેવાથી મળે છે.

જો કે અલ્લાહ તઆલાએ જે કામ કરવાની મનાઈ કરી છે, (તે કામ કરવાથી) દુનિયા કે આખેરતમાં કંઈને કંઈ

નુકસાન અવશ્ય થાય છે, જે કોઈ બંદો ગુનાહે કબીરાથી બચતો રહેતો હોય અને તેનાથી ગુનાહે સગીરા થઈ જાય તો ગુનાહે કબીરા ન કરવાની બરકતને કારણે તેના ગુનાહે સગીરા માફ કરી દેવામાં આવશે. છતાં એની ઉપર એના કરેલા ગુનાહોની અસર તો રહેશે જ. જો કોઈ મોટા ગુનાહો કરવાની શક્તિ ધરાવતો હોવા છતાં, જો તેનાથી બચતો રહેશે તો તેની માફી થઈ શકશે.

આ ઉપરાંત જયારે અલ્લાહની ખૂશી માટે મોટા ગુનાહો કરવાનું છોડી દે, તો સવાબનો હકદાર પણ બને છે.

ઉપરના બયાનથી જાણવા મળે છે કે ગુનાહે સગીરા કરનાર એ ગુનાહોની ખરાબીઓથી દુનિયા અને આખેરત બંનેમાં પ્રભાવિત થશે અને ગુનાહ ન કરવાના સવાબથી પણ વંચિત રહેશે. કદાચ આ વાતને ધ્યાનમાં રાખીને મઅસૂમ અલયહિસ્સલામે ફરમાવ્યું છે કે : ખુદા ગુનેહગારોના ગુનાહોને માફ ફરમાવે.

બેશક આ લોકો સારા કામના સવાબથી વંચિત થઈ ગયા (એટલે કે તેઓ ગુનાહોથી દૂર રહેવાનો સવાબ મેળવી શકયા નહીં.)

**એહલેબૈત અલય્હેમુસ્સલામ પ્રત્યેનું જ વલણ રાખવું જોઈએ.**

આ વિષયમાં પણ બીજા વિષયોની જેમ કુરઆને મજીદમાં ખૂબ જ સંક્ષિપ્તમાં ઉલ્લેખ થયો છે. પરંતુ તેની સ્પષ્ટતા અને વિવરણ હઝરત પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ

તેમજ અઇમ્મએ અત્હાર અલય્હેમુસ્સલામના પાકીઝા દિલોમાં જે ઇલ્મ, હિકમત અને વહીએ ઇલાહીના ખઝાના છે, તેમાં ઇલ્હામ (અલ્લાહ તરફથી તેઓના દિલમાં ઉતારવામાં આવેલી વાત) મારફત કરવામાં આવેલ છે, અને બંદાઓને તેઓની તાબેદારી કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. આ વિષયમાં ખૂદ અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે.

"અને તમારી ઉપર કુરઆન નાઝિલ કર્યું છે, જે ઝિક્ર છે. જેથી એ

અહકામ જે લોકો માટે નાઝિલ કરવામાં આવ્યા તેને તું સાફ સાફ બયાન કરી (સ્પષ્ટ કરીને જણાવી) દે, જેથી લોકો પોતાની મેળે કંઈક ચિંતન કરે.” (૧૬-૪૪)

અને આવી જ રીતે એહલેબૈતે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની તરફ લાગણી ભર્યું વલણ રાખવા અને જરૂરી માર્ગદર્શન મેળવવા અંગે કુરઆને શરીફમાં ખુદાવંદે તઆલા ફરમાવે છે. :

“અગર તમે ન જાણતા હો તો એહલે ઝિક્રને પૂછી જુઓ.” (૧૬-૪૩)

**એહલેબૈતે અત્હાર અલય્હેમુસ્સલામ અહલે-ઝિક્ર કઈ રીતે ?**

આ વિષયની ઘણી રિવાયતો અમારી પાસે મૌજૂદ છે જેમાં એહલે ઝિક્રનો અર્થ એહલેબૈતે રસૂલે મુખ્તાર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ થાય છે. તે પૈકીની એક આ મુજબ છે:- એક દિવસ મામૂનની બેઠકમાં હઝરત ઈમામ રઝા અલયહિસ્સલામે ફરમાવ્યું : “અમે એહલે

ઝિક્ર છીએ.” આ બેઠકમાં ઓલમાએ આમ્માહ (એહલે સુન્નતના આલિમો) મૌજૂદ હતા. તેઓ કહેવા લાગ્યા કે, ‘એહલે ઝિક્રનો અર્થ યહૂદો નસારા છે અને ઝીક્રનો અર્થ તવરેત અને ઇન્જીલ છે.’ જે વિશે હઝરત અલય્હિસ્સલામે જવાબ આપ્યો:

“સુબ્હાનલ્લાહ એવું કેમ બની શકે ? ખુદાએ તઆલા મુસલમાનોને યહૂદી અને નસારાના આલિમોને અનુસરવાનું કહે, એવું કઈ રીતે જાએઝ હોઈ શકે ? જો કદાચ કોઈ તેમ કરે (યહૂદી-નસારાના

આલિમને અનુસરે) તો તેઓ એવું કહેશે કે ‘અમારો દીન બરહક (સત્ય) અને દીને ઇસ્લામ કરતા સારો છે અને તેઓ આપણને તેમનું દ્રષ્ટિબિંદુ સમજવાનું આમંત્રણ આપશે. (શું તમે એવું આમંત્રણ કબૂલ કરશો ખરા ?)”

તે પછી મામૂને ઈમામ અલય્હિસ્સલામને અર્ઝ કરી : “શું આપના દાવાની સાબિતી વિશે આપ કુરઆને મજીદથી કોઈ દલીલ રજૂ કરી શકશો ?”

ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : “જી હાં, ઝીક્રનો અર્થ રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ છે. અને તેમની એહલેબૈત છે. આ વિષયની દલીલમાં કુરઆને શરીફની આ આયત મારી દલીલ છે: ‘જે લોકો ઈમાન લાવ્યા છે, ખુદાએ તેમની તરફ (ઉપદેશક-ઝીક્ર) મોકલી દીધેલ છે. અને તે રસૂલ છે, જે તમારી સામે અમારી (અલ્લાહની) સ્પષ્ટ આયતો વાંચી સંભળાવે છે.” (૬૫-૧૧)

ઓલમાએ આમ્મા (એહલે સુન્નત)ના આલિમો પૈકીના એક શેહરીસ્તાની છે. તેઓએ હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ અને હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામથી જાણ્યું છે કે : આપ અલય્હિસ્સલામે ફરમાવ્યું : "અમો એહલે ઝીક્ર છીએ." અને કેટલીક બીજી રિવાયતોમાં છે કે, 'ખુદાવંદે આલમે કેટલીક બાબતોને કુરઆને મજીદમાં ટુંકાણમાં બયાન કરી છે.' તેની શર્હ (સ્પષ્ટતા) અને તફસીર (વિવરણ)થી

જાણવા મળે છે કે અલ્લાહ તઆલાએ તેમના બંદાઓને એહલેબૈત અલય્હેમુસ્સલામ પાસેથી માર્ગદર્શન મેળવવાનો હુકમ આપ્યો છે. અને ફરમાવ્યું છે : હરગીઝ તેમનાથી તમારી ઝાતને બેનિયાઝ નહીં સમજતા, પણ હંમેશા તમારી ઝાતને ઉલુમે આલે મોહમ્મદ અલયહેમુસ્સલામના એહસાનમંદ સમજ્જો. અને એ પાક હસ્તીઓનો દામન પકડી રાખજો. (તેમના આદેશો ઉપર ચુસ્તપણે અમલ કરજો.) એટલે સૂધી કે

તેમની મોહબ્બત અને વિલાયત જે વાસ્તવિક અને કાયમી રહેનારી સત્યતા છે, તે પ્રાપ્ત થઈ જાય.

## બીજા એઅતેરાઝનો જવાબ

ઉપરની રિવાયતો અને હદીસોથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે આપણા અઇમ્મએ તાહેરીન સલવાતુલાહે અલયહિમ અજમઈન મસ્લેહતને કારણે ગુનાહે કબીરાની સંખ્યા અને સ્પષ્ટતાની તરફેણમાં ન હતા. એટલે જયારે આ વિષય ઉપર કોઈ પ્રશ્ન પૂછતું, ત્યારે

પૂછનારના જવાબમાં ગુનાહે કબીરાનું વિગતવાર બયાન કરવા માંગતા ન હતા. આ વિષય પર મોઘમ બયાન કરવાની હિકમત અને રહસ્ય વિશે અગાઉ ઉલ્લેખ થઈ ચૂકયો છે. આ જ કારણોસર તેઓએ કયારેક ટૂંકમાં પણ ભારપૂર્વક ગુનાહે કબીરાની વ્યાખ્યા આપી છે. જેમકે સહીહએ હિલ્લીમાં રિવાયત છે કે સાદિકે આલે મોહમ્મદ અલયહિસ્સલામે ફરમાવ્યું :

"ગુનાહે કબીરા એ ગુનાહ છે (જે કરનારાઓ માટે) અલ્લાહ તઆલાએ

જહન્નમની આગની જવાળાઓનો વાયદો આપ્યો છે.”

## ગુનાહે કબીરા - બીજા મથાળા હેઠળ

કેટલીક વખત અઇમ્મએ તાહેરીન અલય્હેમુસ્સલામ કેટલાક ગુનાહોનો ગુનાહે કબીરા તરીકે અલગ ઉલ્લેખ કરતા ન હતા. જો કે તેની ગણતરી બીજા ગુનાહે કબીરાના પેટામાં થઈ જતી હતી, તેથી તેનો અલગ ગુનાહે કબીરા તરીકે ઉલ્લેખ થયો નથી. જેમકે ઉબૈદ બિન ઝર્રારહની રિવાયત જે હઝરત ઈમામ જઅફરે સાદિક

અલય્હિસ્સલામથી પ્રસ્તુત કરાઈ છે. આપે ફરમાવ્યું : ‘કિતાબે અલી અલય્હિસ્સલામમાં ગુનાહે કબીરાની સંખ્યા સાત દર્શાવાઈ છે.

(૧) અલ્લાહના વજૂદનો ઇન્કાર કરવો.

(૨) કોઈ નફસે મોહતરમને કત્લ કરવો.

(૩) મા-બાપના ‘આક’ (તિરસ્કૃત થવું).

(૪) સ્પષ્ટ રીતે જાણતા હોવા છતાં વ્યાજ ખાવું.

(૫) ઝુલ્મો સિતમ કરીને યતીમોનો માલ ખાઈ જવો.

(૬) મૈદાને જંગ (જેહાદ) થી ભાગી જવું.

(૭) હિજરત પછી જહાલત તરફ પાછું ફરવું.

મેં પૂછયું : ‘શું આ બધા મોટા ગુનાહો ગણાય છે ?’ ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : ‘સાચું છે.’ પછી મેં અર્ઝ કરી કે ઝુલ્મો ઝયાદતીથી યતીમના માલનો એક દિરહમ ખાવો એ મોટો ગુનોહ છે કે નમાઝ છોડવી એ મોટો ગુનોહ છે ?

આપે ફરમાવ્યું : નમાઝ છોડવી એ પ્રમાણમાં વધારે મોટો ગુનોહ છે. પછી મેં અર્ઝ કરી કે, ‘તો પછી આપે નમાઝ છોડવાના ગુનાહની ગણત્રી ગુનાહે કબીરામાં શા માટે કરી નહીં ?’ ઇમામ અલય્હિસ્સલામે પૂછયું : ‘મેં પહેલા કયા ગુનાહે કબીરા ગણાવ્યા હતા ?’ મેં અર્ઝ કરી : ખુદાનો ઇન્કાર કરવો. ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : નમાઝ છોડનાર (કોઈ પણ દલીલ વગર) બેશક કાફિર છે. કારણ કે તારેકુસ્સલાત

(નમાઝને છોડી દેનાર) કુફ્ર બિલ્લાહ કરનાર ગણાય છે. તેથી આપ અલય્હિસ્સલામે નમાઝ છોડવાનો અલગ ઉલ્લેખ ગુનાહે કબીરામાં કર્યો ન હતો. (કિતાબે કાફી, વસાએલુશ્શીઆ, કિતાબે જિહાદ)

આ બયાનથી જાણવા મળ્યું કે, મઅસૂમ અલય્હેમુસ્સલામ દ્વારા આપણા સૂધી પહોંચેલી હદીસોમાં સંપૂર્ણ વિવરણ સાથે ગુનાહે કબીરાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. એટલે કે કોઈ રિવાયત એવી

નથી જે જામેઅ (વિસ્તૃત) અને માનેઅ (અર્થપૂર્ણ) હોય, જેમાં ગુનાહે કબીરાની સંપૂર્ણ રીતે સંખ્યા દર્શાવીને વિગતવાર વિવરણ કરવામાં આવ્યું હોય અને આપણે સંપૂર્ણ આત્મ-વિશ્વાસ સાથે એમ કહી શકીએ કે ‘આ સિવાય બીજા કોઈ ગુનાહે કબીરા હોઈ શકે નહીં.’

હઝરત શાહઝાદા અબ્દુલ અઝીમ અલ હસની રિઝવાનુલ્લાહ તઆલા અલયહના સહીફા (કિતાબ)નો ઉલ્લેખ આગળ થઈ ચૂક્યો છે, તેના પર ચિંતન

કરવાથી જણાય છે કે હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે કુરઆને મજીદમાંથી ૨૧ (એકવીસ) ગુનાહે કબીરા ઉમરૂ બિન ઉબૈદને ગણાવી દીધા હતા. તેઓ તેના કરતા વધારે સાંભળવાની શક્તિ ધરાવતા ન હતા તેથી રડતા રડતા બહાર નિકળી ગયા, જો તેમનામાં સાંભળવાની શક્તિ હોત અને ધીરજથી કામ લેત. તો ઈમામ અલય્હિસ્સલામ (ગુનાહે કબીરાની) વિગતનું વર્ણન ચાલુ રાખત. હું માનવંતા વાચકોને એ જણાવવા

માંગું છું કે આ કિતાબમાં અમે ગુનાહે કબીરાનું વિવરણ રજુ કરવા માંગતા નથી, જે સાબિત અને સ્વીકૃત છે. અને ન તો અમે જે કંઈ ઉલ્લેખ કરીએ છીએ તેની ઉપર ગુનાહે કબીરાનો આધાર છે. પરંતુ બાકીના ગુનાહો જે કબીરા હોવાનું સાબિત નથી, તેવા ગુનાહો વિશે આ કિતાબમાં સંક્ષિપ્ત રજુઆત કરી રહ્યા છીએ.

આ ગુનાહોનું “સગીરા” હોવું પણ સ્વીકૃત નથી. તેથી તકવા સાથે જીવન વ્યતીત કરનાર લોકો માટે જરૂરી છે કે એ

તમામ મોધમ (અસ્પષ્ટ) અને જેનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ થયો છે એવા ગુનાહોથી પણ પરહેજ કરે. કારણ કે કદાચ એવું પણ બને કે એ ગુનાહો જ ગુનાહે કબીરા હોય અને આપણે તેને ગુનાહે કબીરા તરીકે સાબિત કરી શક્તા ન હોઈએ. અહીં સુધી ગુનાહાને કબીરા વિશે પ્રસ્તાવના - પરિચય રજૂ થયો અને કંઈક અંશે વિષયની જાણકારી પ્રાપ્ત થઈ. હવે ગુનાહે કબીરાની ચર્ચા કરીએ છીએ જેને

સ્પષ્ટ રીતે ગુનાહે કબીરા ગણાવવામાં આવ્યા છે.

# પ્રકરણ ત્રીજું

## કબાએરે - મન્સૂસહ

## (એટલે કે કુરઆનથી સાબિત થએલા મોટા ગુનાહો જેને ગુનાહે કબીરામાં ગણવામાં આવ્યા છે.)

---

## પહેલો ગુનોહ

## અશ્શિર્કો બિલ્લાહ

સૌથી પહેલો ગુનાહે કબીરા છે, અલ્લાહ તઆલા સાથે શિર્ક કરવું. અને આ બારામાં હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો

અલય્હે વઆલેહી વસલ્લમ, હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ, હઝરત ઈમામ કાઝીમ અલય્હિસ્સલામ, હઝરત ઈમામ રઝા અલય્હિસ્સલામ અને હઝરત જવાદ અલય્હિસ્સલામ તરફથી સ્પષ્ટ ખુલાસો મળે છે. હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : (જુઓ વસાએલુશ્શિઆ કિતાબે જિહાદ)

"તમામ ગુનાહોથી મોટો ગુનોહ અલ્લાહ તઆલા સાથે શિર્ક કરવું તે છે. જેની દલીલ અલ્લાહ તઆલાનો આ કૌલ છે. -

"નિ:સંશય ખુદા એને નથી બક્ષતો જેણે તેનો શરીક બનાવ્યો અને શિર્ક સિવાયના બીજા ગુનાહો જેના માટે તે ચાહશે તેને માફ કરી દેશે." (૪-૪૮)

એટલે જો કોઈ મુશ્રીક દુનિયાથી કૂચ કરી જાય તો તેને બક્ષાવાને પાત્ર રહેતો નથી અને શિર્ક સિવાયના, અલ્લાહ ચાહે તે ગુનાહો માફ થવાને પાત્ર બની શકે છે. અને અલ્લાહ ફરમાવે છે :

"બેશક જે કોઈ અલ્લાહ તઆલાનો શરીક બનાવી દેશે (તો) તેની ઉપર

ખુદાએ જન્નત હરામ કરી દીધી છે. અને તેનું ઠેકાણું જહન્નમ નિશ્ચિત છે. અને ઝાલિમો માટે કોઈ મદદ કરનાર નથી.” (૫-૭૨) આગળ ફરમાવે છે.

“કોઈને અલ્લાહ તઆલાનો શરીક ન બનાવો બેશક શિર્ક (એ) મોટો ગુનોહ છે.” (૩૧-૧૩)

“જે કોઈ અલ્લાહ તઆલા સાથે શિર્ક કરશે, બેશક તેણે જુઠ્ઠાણાને અમલમાં મૂકીને મોટો ગુનોહ કર્યો.” (૪-૪૮)

દરેક મુસલમાન શિર્કને ધોળા દિવસની જેમ સ્પષ્ટ રીતે ગુનાહે કબીરા જ માને છે. તેથી આના અનુસંધાનમાં કુરઆને શરીફની આયતો અને મઅસૂમીન અલય્હેમુસ્સલામની હદીસોને રજૂ કરવાની જરૂર સમજેલ નથી. પરંતું ‘શિર્ક’નો અર્થ અને તેનું સ્થાન સમજવું એ વધારે અગત્યની બાબત છે. જેથી કરીને શિર્કને લગતા તમામ ગુનાહોથી બચી શકાય. પરવરદિગારે આલમ કુરઆને મજીદમાં ફરમાવે છે :

“અને અલ્લાહની ઇબાદત કરો અને કોઈ વસ્તુને તેની સાથે શરીક ન કરો.” (૪-૪૧)

એ વાત હંમેશા યાદ રાખવાની છે કે : મુશ્રીક (અલ્લાહની ઝાતમાં શિર્ક કરનાર) અને મુવહ્હીદ (અલ્લાહને એક માનનાર) બંને વિરોધાભાસી છે. એટલે કે તૌહીદ એ દીનનો મૂળ સ્તંભ છે. જેના કેટલાય અલગ અલગ સ્થાન છે. અને તેવી જ રીતે શિર્કના પણ કેટલાય દરજ્જા છે.

(૧) અલ્લાહની ઝાત વિશે તૌહીદ અને શિર્ક

(૨) અલ્લાહની સિવાત વિશે તૌહીદ અને શિર્ક

(૩) અફઆલ (કાર્યો) માં તૌહીદ અને શિર્ક

(૪) અલ્લાહની ઇતાઅત બાબતે તૌહીદ અને શિર્ક

(૫) અલ્લાહની ઇબાદતમાં તૌહીદ અને શિર્ક

હવે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની તૌફીક હશે તો ઉપરના દરેક

વિષયનું અલગ અલગ વિવરણ કરવામાં આવશે.

## પહેલું : તૌહીદે - ઝાતે ખુદા

તૌહીદે ઝાતે ખુદા એટલે કે રબ્બુલ અરબાબની ઝાતે અકદસને એક માત્ર (અજોડ) કદીમ અને અઝલી હોવાનું સ્વિકારવું. ખુદા તમામ દુનિયાઓનો પૈદા કરનાર છે. જે મહસુસ થઈ શકતી હોય કે ન હોય તે બધાની શોધની શરૂઆત છે પણ તેની જગ્યાએ વધારે ખુદા માનવા એ ‘શિર્ક’ છે. સન્વીયહ ફિરકો એવું માને છે કે

આ સૃષ્ટિને પૈદા કરનાર બે (સમાંતર) છે. અને બંને કદીમ પણ છે અને અઝલી પણ છે.

જે પૈકી નેકીઓનો પૈદા કરનાર છે તેનું નામ યઝદાન છે અને જે બુરાઈનો પૈદા કરનાર છે, તેનું નામ અહરમન છે. આ ફિરકાના ફાસિદ અકીદાના રદમાં કુરઆને શરીફમાં બારી તઆલા ઇરશાદ ફરમાવે છે : “(અય મોહમ્મદ) કહી દયો બધું જ અલ્લાહ તરફથી છે.” (૬-૮૦)

આના જવાબમાં એક જ વાત કહેવી પુરતી છે કે : આ બ્રહ્માંડમાં પહેલેથી કોઈ ખાલિસ શર (બુરાઈ) મૌજૂદ હતી નહીં અને જે કાંઈ પહેલાં હતું, અત્યારે મૌજૂદ છે. અને ભવિષ્યમાં અસ્તિત્વમાં આવશે તે સઘળું (ખૈર) ભલાઈ જ ભલાઈ છે. અથવા તો એમ કહી શકાય કે કમસે કમ ખૈર (ભલાઈ)નું પલ્લું ભારે અને પ્રતિભાશાળી રહ્યું છે અને શર (બુરાઈ)ની બાજુ હલ્કી અને દબાએલી રહી છે.

આ વિષયનું વિગતવાર વર્ણન કરવા જતાં વિષયાંતર થઈ જવાનો ભય રહે છે. (યઝદાન અને ઈરાનના જૂના જમાનાના અગ્નિપૂજકો હતા. તેઓ નેકી અને બદીનો ખુદા અલગ અલગ માનતા)

**નસારા (ક્રીસ્ચનો) પણ મુશરીક છે.:**

ઈસાઈ મઝહબના માનનારાઓ તેના ત્રણ અસ્લ (મૂળ) એટલે કે 'અબ' (બાપ એટલે કે ખુદા) 'ઇબ્ન' (પુત્ર એટલે ઈસા) અને રૂહુલ કુદ્દસ (જીબ્રઇલ)ને માને છે. અને તે ત્રણેયની અલગ અલગ

વિશીષ્ઠતા હોવાનો અકીદો ધરાવે છે. અલ્લાહ તબારક વ તઆલા આ વાતને રદીયો આપતા ફરમાવે છે :-

“જે લોકો એવું માને છે કે “અલ્લાહ” ત્રણમાંથી એક છે (એટલે કે ઉલુહીયતમાં ખુદા, ઈસા અને રૂહુલ કુદ્દસ માહેનો ત્રીજો ખુદા છે.) તેઓ કાફીર થઈ ગયા. વાસ્તવમાં એક માત્ર ખુદા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી. (જે તમામ મૌજૂદાતનો પૈદા કરનાર છે)” (૫-૭૩)

આવી જ રીતે બ્રાહ્મણ અને બૌધ મઝહબ પણ ‘તસ્લીસ’ (ત્રણ ખુદાઓમાં માનવા)નો અકીદો ધરાવે છે.

**બૂતપરસ્તી (મૂર્તિ પૂજા) કરવી એ ખુદામાં શિર્ક કરવા સમાન છે. :**

આ શિર્કનો એક પ્રકાર છે જે કેટલાક બૂતપરસ્ત ફિરકા દરેક જાતિ માટે અલગ પરવરદિગારની કલ્પના ધરાવે છે. જેને “રબ્બુન-નોઅ” કહે છે. આ ફિરકાનું માનવું છે કે પાણીનો ખુદા અલગ છે, હવાનો ખાલિક અલગ છે, તેમના આ અકીદાને

રદ કરતા અલ્લાહ તઆલા કુરઆનમાં ફરમાવે છે :

“(જરા વિચાર કરો કે) જુદા જુદા ખુદા સારા છે કે એક અને ઝબરદસ્ત ખુદા (જે સઘળાઓ પર શક્તિશાળી હોય) સારો છે.” (૧૨-૩૯)

## બીજું : સિફાતે ખુદામાં તૌહીદ

સિફાતે ખુદામાં તૌહીદનો અર્થ એ છે કે ખુદાની ઝાતી–સિફાત, જેમકે હયાત, ઇલ્મ, કુદરત, ઇરાદો અને તેના જેવી બીજી સિફતો ખુદાએ વાહીદની યથાર્થ

સમજવી અને જુદી ન સમજવી. આ ઉપરાંત આ સિફતો મખ્લુકાત ઉપર અધિક અને બાધક સિફાત જાણવી અને એક ખુદાની ફૈઝાને રહમત અને બક્ષેલી નેઅમત સમજવી જોઈએ. (દાખલા તરીકે, કોઈ શખ્સની હયાત, ઇલ્મ અને કુદરત તેની ઝાતી સિફતો નથી, પરંતુ તેને પછીથી (અલ્લાહ તરફથી) મળેલી છે.) અહીં તૌહીદે ખુદાવંદીમાં શિર્કના બે પ્રકાર છે. પહેલી સિફાતે ઇલાહી (ઇલ્મ, કુદરત, હયાત વગેરે)ને ઝાતે હકથી અધિક

સમજવી (એ હાલતમાં જયારે કે ઝાતે ખુદા - ખુદ કદીમ છે અને તેની તમામ સિફતોને પણ કદીમ માનવી પડશે.) અને બીજી પ્રાચીન લોકોની ગણત્રીનો ક્રમ આવે છે જે અકીદએ અશાએરા સાથે સંબંધિત છે. (તેમના મતે માણસનું સારૂં અને ખરાબ પોતાના હાથમાં છે. અલ્લાહનો તેમાં કોઈ હાથ નથી.) તેમના એ દાવાને તેમની રીતે સાબિત કરવાનો જે રીતે પ્રયાસ કરાયો છે તેનો ઉલ્લેખ કરતા વિષયાંતર થઈ જશે.

## અલ્લાહનું સર્જન અને એની સિફત

સારી સિફતોનો તમામ મરતબો જે મખ્લૂકમાં જોવા મળે છે તે તમામ અલ્લાહ તઆલાના ફઝલો કરમથી મળેલ છે. તેમ સમજવામાં આવે તો એ જ ‘ઐન તૌહીદ’ અને વાસ્તવિક્તા છે. તેથી અંબિયા અને અઇમ્મએ અત્હાર અલય્હેમુસ્સલામ માટે આપણો એ જ અકીદો છે કે તે હઝરાતને ઇલ્મ, કુદરત, ઇસ્મત અને બીજી વિશીષ્ઠતાઓ પરવરદિગાર તરફથી મળેલ હતી. તેઓની એક પણ સિફત ઝાતી ન

હતી. પરંતું તેઓને જે મળ્યું હતું તે અલ્લાહ તઆલાના ફૈઝથી મળેલું હતું. ટૂંકમાં આલમે ઇમકાનના બધા મૌજૂદાતનું અસ્તિત્વ તેની ઝાત પર કાયમ નથી, પણ અલ્લાહના મોહતાજ છે.

તેથી જ મખ્લૂકાત મુમ્કીન (સંભવ) અને હાદીસ (નાશવંત) છે. સમગ્ર સૃષ્ટિ (જીવો) એ અલ્લાહની મોહતાજ છે, જેણે તેને પૈદા કરેલ છે. તેવી જ રીતે કોઈપણ વ્યક્તિમાં સારી સિફત હોવી તેની તેણે પોતે પૈદા કરેલી ઝાતી સિફાત નહીં પણ

સાનવી કમાલ (પછી મેળવેલ વિશિષ્ઠતા) છે. બલ્કે તે રબ્બુલ અરબાબનો મોહતાજ રહે છે. અને તે (અલ્લાહ) જ તેને તેના ઇરાદા અને મસ્લેહત પ્રમાણે ઉમદા સિફતોથી નવાજે છે અને રોઝી આપે છે.

**કયારેક ગફલતથી પોતાના નફસને સુધારે છે.**

એ વાત તમામ એકેશ્વરવાદી અકલમંદ અને ન્યાયી વિચારસણી ધરાવનારા લોકો જાણે છે કે તમામ સિફાતે કમાલ ધરાવતી એક માત્ર પરવરદિગારે

આલમની ઝાત છે. પરંતુ કયારેક કેટલાક એકેશ્વરવાદી (મોવહ્હીદ) ગફલતના કારણે મુશરીક જેવી વાતો કહેતા હોય છે, જેમકે “મારૂં ઇલ્મ, મારી શક્તિ, મારો ઇરાદો, મારી દૌલત, મારી સુઝબુઝ, મારી હોશીયારી, મારી તાકાત” વિગેરે વિગેરે. આને બદલે જો એમ કહેત કે, ‘મારૂં ઇલ્મ જે અલ્લાહ તઆલાએ મને આપ્યું છે, મારી શક્તિ જે ખુદાએ મને બક્ષી છે, મારી દૌલત જે અલ્લાહનો ફઝલ અને અમાનત છે, તો વ્યાજબી અને યોગ્ય ગણાત અને

(એમ કહેવું) તેજ વાસ્તવમાં “ઐન-તૌહીદ” (વાસ્તવિક રીતે એક ખુદામાં માનવું) છે.

પરંતુ તે સાચો મોવહહીદ ત્યારે જ હોઈ શકે છે જયારે કે તેનો ઝબાની ઇકરાર (મૌખિક સ્વિકાર) તેના દિલી ઇકરાર (સાચા અંત:કરણ પૂર્વકની ભાવના) સાથે વિસંગત ન હોય, પરંતુ બંનેમાં સામ્ય હોય. એ શખ્સ (સાચા મોવહહીદ)ની નિશાની એ છે કે તે હંમેશા અતિશય નમ્રતાપૂર્વક તેના ખાલિકની સામે રજૂ

થતો હોય છે અને કુફ્રાને નેઅમતની સ્થિતિમાં તેને ખુદાની આપેલી નેઅમતોનો અંત થઈ જવાનો હંમેશા ડર રહેતો હોય છે. અને તેની બીજી નિશાની એ છે કે કોઈ તેની પ્રશંસા કે ખુશામત કરે તો તેનાથી તે રાજી થતો નથી.

**પરહેઝગાર લોકો પોતાની પ્રશંસાથી ડરે છે.**

હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે 'ખુત્બએ હમામ'માં મુત્તુકીનની સિફતો વર્ણવતા ફરમાવ્યું :

“જયારે તેઓમાંથી કોઈ બીજાની (નેકી અને પરહેઝગારી માટે) પ્રશંસા કરવા માંડે ત્યારે તેમના વિશે જે કાંઈ કહે છે તે (પરહેઝગાર) તેનાથી ડરે છે. અને કહે છે : હું મારા નફસને બીજાથી વધારે સારી રીતે જાણું છું (મન આનમ ખુદ દાનમ) અને મારો પરવરદિગાર મારા નફસ અને ઝમીરને વધુ સારી રીતે જાણે છે. ત્યારપછી દરગાહે રબ્બુલ ઇઝઝતમાં એકાગ્ર થઈ દુઆ કરે છે કે “અય મારા મઅબૂદ, આ લોકો મારી પ્રશંસામાં જે કાંઈ

કહે છે તેને માંરો દોષ ગણીને મને સજા ન કર. આ પ્રશંસા કરનારા જે દ્રષ્ટિએ મને જુએ છે તેના માટે હું લાયક નથી. મને તેનાથી વધારે ઉચ્ચ (સારો) બનાવ અને મારા પ્રશંસકો મારા જે ગુનાહો વિશે જાણતા નથી તે ગુનાહો માફ કર.”
(ખુત્બએ હમાંમ, નહજુલ બલાગહઝરત)

**ખુદાની સિફાતમાં કોઈ શરીક નથી.**

એક મોવહહીદ પોતાને અથવા બીજા કોઈને એક યા બીજી રીતે ખુદાની હમ્દો સના કરવામાં શરીક કરી શકતો

નથી. જો કે તે દિવસ રાતમાં કેટલીયે વખત કહેતો હોય છે ‘સુબ્હાનલ્લાહ’, એટલે કે હું મારા ખુદાને દરેક પ્રકારના શરીક અને શીરકતથી પાકો પાકીઝા સમજું છું. તેવી જ રીતે તે વારંવાર કહેતો હોય છે ‘અલ હમ્દોલિલ્લાહ’ એટલે કે હમ્દો સનાની તમામ યોગ્યતા અને પાત્રતા ફકત પરવરદિગાર માટે જ મખ્સૂસ છે. તેની સિવાય બીજું કોઈ વાસ્તવિક પ્રશંસાની ક્ષમતા ધરાવતું નથી.

## -: ખુલાસો : -

મોવહહીદ ખાત્રીપૂર્વક જાણતો હોય છે કે : ખુદા સિવાય બીજા કોઈની (પોતાની) હૈસિયત કંઈ જ નથી અને (બધાને) જે કંઈ મળ્યું છે તે માલિકે હકીકી તરફથી જ મળેલું છે. અને બધા જ ઝાતી અને સિફાતી રીતે તેનાજ મોહતાજ છે. ઇરશાદે બારી તઆલા છે :

"અય લોકો તમે બધા જ (હંમેશા) અલ્લાહના મોહતાજ છો, અને (માત્ર)

અલ્લાહ જ (બધાથી) બેપરવાહ અને ઇબાદતને પાત્ર છે.” (૩૫ : ૧૫)

આ જ કારણોસર (કેટલાક) એકેશ્વરવાદી (મોવહહીદ) લોકો પોતાની પ્રશંસા પોતાની મેળે કરવા અને બીજાની ખુશામત (વખાણ) કરવાથી સંપૂર્ણ રીતે પરહેઝ કરે છે. હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે મોવહહીદની સિફ્રાત અને ખુશામત કરવાથી ડરવા વિશે જે ફરમાવ્યું તેનો ઉલ્લેખ આગળ કરી ગયા છીએ. એટલું જ નહીં પણ ગર્વ અને

અભિમાન,દંભ, આત્મપ્રશંસા, આપવડાઈ જાહેર થતી હોય તેવી વાતો કરવાથી પણ બચવું જોઈએ, જેમકે એમ કહેવું, “હું ફલાણી સિફત, (યોગ્યતા) અને વિશીષ્ઠતા ધરાવું છું.”

## આ વિષયમાં હઝરત પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો ઇરશાદ

એક શખ્સ હઝરત રસૂલે આઝમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની બારગાહે અર્શે ઇફતખારમાં પહોંચ્યો અને

દરવાજો ખખડાવ્યો. આ હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ઘરની અંદરથી પૂછયું : “આપ કોણ છો ?”

તેણે કહ્યું : “હું.” તેથી આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ “હું” (અના) શબ્દ સાંભળીને નારાજ થઈ ગયા. આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઘરની બહાર તશરીફ લાવ્યા અને પૂછયું : “હું કહેનાર કોણ હતું ?” (જાણવું જોઈએ કે) ખુદાવંદે આલમ સિવાય કોઈ આ (હું) શબ્દ વાપરવાને

લાયક નથી. અલ્લાહ તઆલા પોતાને કહે છે "હું જબ્બાર છું અને હું કહહાર (મહાકોપી) છું."

**કારૂન મુશ્રીક બની ગયો.**

કારૂન આ પ્રમાણે કહેવાથી મુશ્રીક થઈ ગયો :

"આ (માલો દૌલત) તો મને મારી રસાયણ શાસ્ત્રની વિદ્યા (ઇલ્મે-કીમીયા)ના કારણે પ્રાપ્ત થઈ છે." કહીને કારૂને પોતે રઝઝાકીયતનો દાવો કર્યો અને રઝઝાકીયત ખુદાની સિફત છે, તેમાં

પોતાની જાતને શરીક કરી દીધી ત્યારે તેના જવાબમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

“શું તે (કારૂન) એ વાત જાણતો ન હતો કે અલ્લાહે તેની પહેલાના કેટલાય લોકોને હલાક કરી નાખ્યા જે તેના કરતાં પણ વધારે શક્તિમાન હતા. અને (જેમના) અનુયાઈઓ પણ વધારે હતા તેમનો નાશ કરી નાખ્યો હતો. તેથી અગર (કારૂન) પોતે કોઈ પ્રકારની કુદરત અને તાકાત ધરાવતો હતો તો પછી પોતે પોતાની

જાતને હલાક થવાથી કેમ બચાવી ન શક્યો ?" (૨૮ - ૭૮)

એ વાત સ્પષ્ટ છે કે ઇલ્મ, કુદરત, હયાત (જીવન) અને બીજી તમામ લાક્ષણિકતા જે લોકો સૃષ્ટિના લોકો ધરાવે છે તે કોઈની પોતાની (ઝાતી) તાકાત નથી પણ તેનો પૈદા કરનાર 'કાદીરે-મુત્લક' સર્વ શક્તિમાન અલ્લાહ છે.

## ત્રીજું : અફઆલ (કાર્યો)માં તૌહીદ અને શિર્ક

અફઆલ (કાર્યો)માં તૌહીદનો અર્થ એ થાય છે કે, આપણે એ વાત ખાત્રીપૂર્વક જાણી લેવી જોઈએ કે બધા જ બ્રહ્માંડ પછી તે ભૌતિક હોય કે રૂહાની, તેનો માલિક, સંચાલક અને નિયામક ખુદા સિવાય બીજો કોઈ નથી અને એ પણ સ્પષ્ટ રીતે સમજી લેવું જોઈએ કે તેની ઉલુહીયત અને રબુબીયત (કુદરત)માં કોઈ પણ સંજોગોમાં બીજું કોઈ શરીક નથી અને

તેની રબુબીયતને આસમાન, જમીન અને તમામ દુનિયાઓ માટે એક સરખી સમજવી જોઈએ. જેમકે કુરઆને મજીદમાં ઇરશાદ છે :

"એ જ તો ખુદા છે જેણે સાત આસમાન પૈદા કર્યા અને તેની બરાબર જમીન પણ. તેમાં (વખતો વખત) ખુદાનો હુકમ પ્રગટ થતો રહે છે કે જેથી તમે જાણી લો કે ખુદા દરેક વસ્તુ પર કાબુ ધરાવનાર (કાદીર) છે, અને બેશક (આ પણ જાણી લો કે) ખુદાવંદે આલમે પોતાના જ્ઞાનની

રૂએ દરેક વસ્તુને પોતાના કાબુમાં રાખી છે.” (૬૫-૧૨)

ખુદાવંદે આલમને આસમાનોનો પૈદા કરનાર સમજવો જોઈએ અને એ પણ સંપૂર્ણ ખાત્રી પૂર્વક સમજવું જોઈએ કે આકાશમાં દેખાતા અગણિત તારાઓ (STARS) તેણે જ પૈદા કરેલા છે. હજુ સૂધી વૈજ્ઞાનિકો તેના રહસ્યો પરથી પર્દો ઉંચકી શકયા નથી. આધુનિક વૈજ્ઞાનિક શોધો દ્વારા માત્ર એક કરોડ તારાની સંખ્યા જાણી શકાય છે. જે દરેક એક જુદી દુનિયા જેવું

અસ્તિત્વ ધરાવે છે. અને દરેકનો પ્રકાશ જુદો છે અને આ એક કરોડ તારા એક બીજા સાથે અથડાયા વગર આકાશમાં તેના ખાસ ગુરૂત્વાકર્ષણ બળથી ઘૂમી રહ્યા છે.

"અને (સઘળા) સિતારાઓ પણ તેની આજ્ઞાથી જ (તમારા) આધીન કરી દેવાયા છે." (૧૬ - ૧૨)

આ સિતારાઓ પૈકીનો એ સૂર્ય છે. જેનું કદ આપણી પૃથ્વી કરતા તેર લાખ ગણું મોટું છે. આ સૂર્યના પ્રકાશની તીવ્રતા

એટલી બધી છે કે તે પૃથ્વીથી ૩૭ લાખ ફરસખ (એક ફરસખ એટલે લગભગ સાડા પાંચ કિલોમીટર) દૂર હોવા છતાં તેનો પ્રકાશ અને ગરમી માત્ર આઠ સેકંડોમાં પૃથ્વી સૂધી પહોંચી જાય છે. જેના કારણે સમગ્ર પૃથ્વી પર પ્રકાશ અને ગરમી ફેલાઈ જાય છે. અને તેનાથી તમામ જીવોને જીવન અને પોષણ મળે છે. કેવી અદભૂત શાન છે એ ખાલિકે બુઝુર્ગ અને બરતરની - સુબ્હાનલ્લાહે ખાલેકીલ અઅઝમ.

## રંગહીન પાણીના લાખો રંગ

અલ્લાહ તઆલા એવો સર્જનહાર છે જેણે જમીનને ફાડીને તેમાંથી હજારો પ્રકારના ફુલો અને અનેક જાતના છોડ અને લીલોતરી ઉગાડી. એટલું જ નહીં તેના ફૂલો અને પાંદડાઓને દરેક પ્રકારના રંગથી ભરપુર કરી દીધા. અને એ જ તો ખાલિક છે જેણે ઇન્સાનને કુવ્વતે શામ્મા (સુંઘવાની અજોડ શક્તિ) આપી છે જેના વડે તે ખૂશ્બુ અને બદબુને સમજી શકે છે. આ ઉપરાંત કુવ્વતે બાસેરા (જોવાની

તાકાત) આપી છે જેનાથી તે કુદરતની શાનના વિવિધ દ્રશ્યો નિહાળીને માણી શકે અને તેનાથી તે પોતાના પૈદા કરનાર ખાલિકને જાણી શકે.

## ફાલેકુલ હબ્બે વન્નીવા (બીજ અને ઠળીયાને ફાડનાર)

બીજ અને ઠળીયા (ગોટલા)માં તિરાડ પાડીને તેમાંથી છોડ અને ઝાડ પૈદા કરી શકે તેવો આપણો ખાલિક છે. ત્યારપછી તે છોડનો અડધો ભાગ મૂળમાં (ઝાડને) સ્થિર થવા અને તેમાંથી ખોરાક

લેવા માટે ચારે બાજુ ફેલાઈ જાય છે. અને બીજો ભાગ ઉપર આકાશ તરફ વાતાવરણમાં ફેલાઈને ધીમે ધીમે વિસ્તરવા લાગે છે. એટલે સુધી કે તેમાં વિવિધ જાતના જુદા જુદા સ્વાદવાળા ફળ ફુલ પૈદા થાય છે. જોકે તેને પોષણ આપતી જમીન, હવા અને પાણી જુદા જુદા નહીં પણ એક જ પ્રકારના હોય છે. છતાં  તેમાંથી પૈદા થતા ફળ-ફુલનો રંગ અને સ્વાદ જુદો જુદો (ખારો, મીઠો, તૂરો, તીખો, કડવો વગેરે) પૈદા થાય છે. આ

જુદા જુદા સ્વાદ ચાખી શકે તે માટે અલ્લાહે જ ઇન્સાનને ચાખવાની શક્તિ અતા કરી છે. અગણિત સ્વાદ ચાખીને તે પોતાના ખુદાની અઝમત અને રહમો-કરમનો અંદાઝ પ્રાપ્ત કરી શકે અને પોતાના ખાલિકે હકીકી (સાચા સર્જનહાર)ને ઓળખી શકે.

**ફી ઝોલોમાતીન - સલાસીન (ત્રણ અંધકારમાં)**

અલ્લાહની એ અદ્વિતીય ઝાત છે. જેણે ગંદા વીર્યબીંદુ (નુત્ફા)માંથી કેટલીય

જાતના પ્રાણીઓનું સર્જન કર્યુ છે. ઇન્સાનને (૧) પેટ, (૨) ગર્ભાશય અને (૩) ઝીલ્લી (એ પડ જેમાં બાળકના જન્મ સમયે વિંટળાએલું હોય છે.)ના અંધકારમાંથી પૈદા કર્યા છે. ત્યારપછી તેની કુદરતે કામેલાથી કેવી અજીબો ગરીબ તરકીબ દ્વારા અક્કલ આપી અને આંખ આપી. જેથી ઇન્સાન વિચારીને ચિંતન અને મનન કરી અલ્લાહ તઆલાની પ્રકૃતિની કારીગરી અને કુદરતના ચિહ્નો જોઈ શકે. અને પોતાનું

નફસ અને બીજી વસ્તુઓ પોતાના આંતરચક્ષુ વડે નિહાળી શકે.

**ગંદા લોહીમાંથી સ્વાદિષ્ટ દૂધ :**

ખુદાવંદે આલમ એ હસ્તી છે જે ગંદા, મેલા અને નાપાક લોહીથી પાક અને સાફ દૂધ પૈદા કરીને (માતાના) સ્તનની નસો દ્વારા દૂધ પીતા બચ્ચાઓના ગળા સુધી પહોંચાડે છે.

"અને નિ:સંશય જાનવરો પણ તમારા માટે બોધ(પાઠ) છે. તેમના પેટમાં જે છાણ અને લોહી વગેરે છે તેનાથી દૂધ

છુટું પાડીને તમને પીવડાવીએ છીએ, જે પીનારાઓને અતિ સ્વાદિષ્ટ લાગે છે.” (૧૬-૬૬)

એ સ્થિતિમાં કે જયારે બાળક કોઈપણ પ્રકારનો ખોરાક લેવાની (સમજણ કે શારિરિક) સ્થિતિમાં હોતું નથી ત્યારે તેને (માતાનું) શુધ્ધ દૂધ પીવડાવનાર ખુદા જ હોય છે. તે જ દરેક જીવંતને જિંદગી અને મૌત આપે છે. દરેકને મળતી ભલાઈ અને ખૈર ખુદા તરફથી જ હોય છે અને તકલીફ

અને નુકશાન પણ, તેની કુદરતી શક્તિ, હિકમત અને પરવાનગીથી પહોંચે છે.

"(અય રસૂલ) કહી દો જે કાંઈ છે તે અલ્લાહ તઆલા તરફથી છે."

**રોઝી આપે છે - કબૂલ કરે છે :**

અલ્લાહની ઝાત એ છે જે તમામ સૃષ્ટિને રોઝી આપે છે. રોઝીની વહેંચણી કરવી, વધારે કે ઓછી રોઝી આપવી સંપૂર્ણપણે ખુદાના હાથમાં જ છે. એ એવો રહીમ અને કરીમ છે જે દરેકની દુઆ કબૂલ કરીને તેની હાજત પૂરી કરે છે. ખુદા

જેને ચાહે છે તેની બુરાઈને દૂર કરે છે. ટૂંકમાં અફઆલમાં તૌહીદનો ખરો અર્થ “લા હવ્લ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહ”નો અર્થ સમજવો અને પછી દિલમાં યકીન પૈદા કરવું. બીજા શબ્દોમાં કલ્મએ શરીફા “લાએલાહ ઇલ્લલ્લાહ”નો અર્થ આ જ છે.

**ખુદા દરેક વસ્તુઓ પર અસરકર્તા છે. :**

આગળ જોયું તેમ દરેક જીવંતને જિંદગી આપનાર ખુદા છે. એવી જ રીતે દરેક જીવંતમાં દેખાતા જીવનના ચિહ્નો પણ ખુદા સાથે સંબંધિત છે અને તે

ચિહ્નોનું ઉદગમ પણ અલ્લાહ તરફથી જ થાય છે. પછી તે વાસ્તવિક રીતે જાહેર થાય કે કૈફીયતથી. અનુભવ અને જાણવા સમજવાથી એ વાત પણ સિધ્ધ થઈ ચૂકી છે કે અલ્લાહે પૈદા કરેલ વસ્તુની અસર કયારેક ઉલ્ટી પણ પડે છે. (જેમકે આતિશે નમરૂદ, નમરૂદે સળગાવેલ આગની ગરમીને નાબૂદ કરીને અલ્લાહે ઠંડક પૈદા કરી દીધી હતી.)

કારણ કે દરેક ચીજનો પૈદા કરનાર ખુદા જ છે. આ સંક્ષિપ્ત મુદ્દાનું વિગતવાર વર્ણન આગળ જતાં કરવામાં આવશે.

**અલ્લાહની શાન (શાને રબુબીય્યત) નો કોઈ અંત નથી. :**

ખુદાવંદે ઇઝઝ વ જલ્લ દરેક નિર્બળનો મદદગાર અને દરેક પરેશાનીમાં ઘેરાયેલાને મુક્તિ અપાવનાર છે. આ ઉપરાંત બીજી કેટલીય સિફતોનો માલિક છે. એટલું જ નહીં, બલ્કે તે દરેક નેકી અને ખૂબીનું ઉદગમસ્થાન પણ છે.

ખુદાવંદે તઆલાના બીજા નામો અને કાર્યો તેની રબુબીયતના મઝહર (પ્રગટ થવાના સ્થાન) છે. અને કલ્મએ મુબારક "રબ્બુલ આલમીન" અલ્લાહના નામના કેન્દ્રસ્થાને છે. આ વાતના સાર રૂપે એમ કહી શકાય કે તમામ સમુદ્રો શાહી બની જાય અને રબુબીયતના ફઝીલત અને વર્ણન લખવા ઇચ્છે તો દુનિયાનું તમામ પાણી ખલાસ થઈ જશે અને આખી દુનિયાની કેળવણી અને પરવરીશની અનંત દાસ્તાનના તબક્કાની શરૂઆત પણ

અધુરી રહી જશે. જેમકે કુરઆનમાં ઇરશાદ છે :

“(અય રસૂલ) તું કહી દે કે જો મારા પરવરદિગારની વાતો (કલમાઓ) (લખવા) માટે જો (બધા) સમુદ્રોનું (પાણી) શાહી બની જાય, છતાં (સઘળા) સમુદ્રો(નું પાણી) વપરાઈ જશે તો પણ મારા પરવરદિગારની વાત પૂરી નહીં થાય (પછી) ભલે અમે તેની મદદ માટે બીજો સમુદ્ર લઈ આવીએ.” (૧૮-૧૦૯)

**ઇન્સાનની શક્તિ :**

હકીકતમાં માણસનું અસ્તિત્વ જ અલ્લાહથી છે. માણસ તેના કાર્યમાં જે કાંઈ કરવાની શક્તિ ધરાવે છે, તે પણ અલ્લાહે જ આપેલી છે. અર્થાત, અલ્લાહ તઆલાએ ઇન્સાનને શક્તિ, ઇલ્મ અને ઇરાદો આપ્યો જેથી તે ખૈરો શરના (સારા અથવા ખરાબ) કાર્યો કરી શકે.

અત્રે મૂળ ઉર્દુ પુસ્તકમાં આપેલ આ વિષયને લગતા ફારસી અશઆરનું

લિપિયાંતર તથા ગુજરાતી અનુવાદ પ્રસ્તુત છે.

***આં હમા નકશે અજબ બર દરો-દિવારે વજુદ***
***હરકે ફીકરત ન કુનદ નકશે બૂવદ બર દિવાર***

આલમે વજૂદના દરો દિવાર ઉપર જે અજાયબ નકશો - નિગાર દૃશ્યમાન થાય છે, કોઈએ તેને જોઈને તેના વિશે વિચાર (ચિંતન) ન કર્યો તો તે માત્ર 'નકશે-દિવાર' દિવાલ પરના કોતરકામ જેવું છે.

***આફરીનશ - હમા તનબીહે ખુદાવંદે દીલ અસ્ત***
***દીલ ન દારદ કે ન દારદ બખુદાવંદ ઇકરાર***

સૃષ્ટિ બુધ્ધિશાળી માણસોને જાગૃત કરે છે. જેની પાસે અક્કલ નથી. તે ખુદાના અસ્તિત્વનો સ્વિકાર કરતો નથી.

*કે તવાનદ કે દેહદ મૈવએ શીરીન અઝ ચૌબ*
*યા કે દીનદ કે બરઆરદ ગુલે સદ રંગ અઝ ખાર*

જુઓ, લાકડીમાંથી મીઠાં મીઠાં ફળ કાઢી શકે છે ? કે કાંટાઓમાંથી સેંકડો રંગના ફુલો ઉગાડવાની કરામત કોઈ જાણે છે ખરૂં ?

*પાકો બે ઐબ ખુદાયે કે બતકદીરે વજૂદ*
*માહો ખુરશીદ મુનવ્વર કુનદ વ લૈલો નહાર*

એ પાક બે ઐબ ખુદા, જેણે તકદીર અને તદબીર વડે ચાંદ અને સુરજને રોશની આપી, દીવસ અને રાત બનાવ્યા છે.

*પાદશાહી ન બદસ્તુર કુનદ યા ગંજુર*

*નકશબન્દી - ન બેશંગરફ કુનદ યા ઝનગાર*

(અલ્લાહ) એવો બેનિયાઝ બાદશાહ છે. જેને નિયમો (બનાવવા)ની જરૂરત નથી પડતી કે તે કોઈ ખઝાનાનો કયારેય મોહતાજ થતો નથી, તે એવો કારીગર છે, જેને નકશીકામ કરવા માટે (રંગ રૌગાનના) સામાનની કયારેય જરૂરત પડતી નથી.

***ચશ્મા અઝ સંગ બેરૂં આરદ વ બારાન અઝ મેગ***

***અંગબીન અઝ મગસ નહલ દર અઝ દીબા બાર***

તે (અલ્લાહ) પત્થરમાંથી પાણીનું ઝરણું વહાવે છે અને વાદળમાંથી વર્ષા વરસાવે છે. માંખીમાંથી મધ પ્રાપ્ત કરાવે છે અને કીડાઓમાંથી રેશમ તૈયાર કરે છે.

***તા કયામત સુખન અન્દર કરમો રહમત ઉ***

***હમા ગોયંદ વ યકે ગુફતહ નયાયદ ઝહઝાર - (સઅદી)***

જો દુનિયાની તમામ મખ્લૂક ભેગી મળીને કયામત સૂધી અલ્લાહના અપાર અને અજોડ રહેમો-કરમ વિશે વાતચીત કરે તો તે તેની રહેમતના હજારમાં ભાગનું બયાન કરી શકશે નહીં.

*ઇન તઉદદૂ નેઅમતલ્લાહે - લા તુહસૂહા.*

જો તમે અલ્લાહની રહેમતને ગણવા માંગશો તો તેને કદીય ગણી નહીં શકાય.

**ઇન્સાનની શક્તિ ખુદાની મશીય્યતના હાથમાં છે.**

ઇન્સાનની શક્તિ અલ્લાહની કુદરતના રહસ્યોથી ઘેરાયેલી હોય છે. એટલું જ નહીં ઇન્સાનની શક્તિ મર્યાદીત પણ હોય છે. જેમકે ઇન્સાન કેટલાક કામ કરવા માટેનો ઇરાદો તો કરે છે, પરંતુ તેનો ઇરાદો અચાનક બદલાઈ જાય છે અથવા તો તેની તે કાર્ય કરવાની શક્તિ ખત્મ થઈ જવાથી તે કામ કરવું તેના માટે અશક્ય બની જાય છે. વાસ્તવમાં સર્વ

શક્તિમાન અલ્લાહની મરઝીની વિરૂધ્ધ કામ થવાનું હોય છે, તેથી તે કામ કરનારને રોકી દે છે. જેમકે કોઈએ હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામને પૂછયું કે “અય મારા મૌલા, આપે અલ્લાહ તઆલાને કેવી રીતે ઓળખ્યો ?”

આપે ફરમાવ્યું : “મેં તેને (અલ્લાહને) ઇરાદાઓના રદ થવાથી અને હિંમતોના તુટવાથી ઓળખી લીધો છે.” (નહ્જુલ બલાગાહ)

ખરેખર અલ્લાહને વિશ્વની તમામ વસ્તુઓ પર કાબુ ધરાવનાર, જે જે વસ્તુઓમાં તેની કુદરતની નિશાનીઓ નજરે પડે છે તેનો પૈદા કરનાર પણ જાણવો અને તેની ઉપર સંપૂર્ણ વિશ્વાસ (એઅતેકાદે કામિલ) રાખવો એ જ તૌહીદમાં માનનારનું સૌથી ઉંચુ (ટોચનું) સ્થાન છે. તૌહીદના ઉપર ઉલ્લેખાયેલ સ્થાને પહોંચવામાં બહુ જ ઓછા લોકો સફળ થાય છે. જયારે બંદાને એ વાતનું યકીન થઈ જાય કે આલમે ઇમકાનમાં

ભલે તે રૂહાની હોય કે ભૌતિક તે બધાનો પૈદા કરનાર ખુદા સિવાય બીજો કોઈ નથી, ત્યારે તેનામાં અમુક નિશાનીઓ અવશ્ય જાહેર થાય છે. અને તે નિશાનીઓ પૈકીની એક નિશાની 'ખૌફે-ખુદા' છે.

**ખૌફે ખુદા :**

યકીનના દરજ્જા સૂધી પહોંચ્યા પછી ઇન્સાન પરવરદિગારની અઝમતથી અને પોતે કરેલા ગુનાહો સિવાય બીજી કોઈ વસ્તુથી કયારેય ડરતો નથી. કારણ કે તેને એ વાતની ખાત્રી થઈ ચૂકી છે કે

તમામ પ્રાણીઓ, પક્ષીઓ, પેટેથી ચાલનારા જંતુઓ, જીન, માનવજાત, ફરિશ્તા અને બીજી મખ્લૂકાત તમામ અલ્લાહ તઆલાની ફૌજના સૈનિકો છે. અલ્લાહ તઆલાના હુકમ સિવાય તેમાંથી કોઈ તેને કાંઈ ફાયદો કે નુકસાન પહોંચાડી શકે તેમ નથી. જો આ વાત પર સંપૂર્ણ ભરોસો હોય તો પછી ભય કઈ વાતનો ?

*અગર તૈગે આલમ બે જુનદ ઝે જાએ*

*ન બર્રૂદ રગે તા ન ખવાહદ ખુદાએ*

જો કોઈની વિરૂધ્ધ સમગ્ર વિશ્વની તલવારો ચાલવા માંડે તો પણ જ્યાં સુધી અલ્લાહ ચાહે નહીં ત્યાં સુધી તેની એક રગ પણ કાપી શકાતી નથી.

*અઝ ખુદા દાન ખિલાફે દુશ્મન વ દોસ્ત*

*કે દીલ હર દો દર તસર્રૂફ ઉસ્ત*

દોસ્ત અને દુશ્મન બંનેનો વિરોધ અલ્લાહ તરફથી છે, તેમ સમજ કારણ કે બંનેના દિલ અલ્લાહના ઇખ્તયારમાં જ છે.

*મુદ્દઈ લાખ બૂરા ચાહે તો ક્યા હોતા હૈ !*

*વહી હોતા હે જો મંઝૂરે ખુદા હોતા હૈ !*

રિવાયત છે : યકીનની પરાકાષ્ઠા એ છે કે ‘અલ્લાહની સિવાય બીજી કોઈ વસ્તુથી કયારેય ન ડરો.’

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ સજદામાં આ પ્રમાણે ફરમાવતા હતા : “ખુદાવંદા, જો તારો ગઝબ (ગુસ્સો) મારી ઉપર નથી. તો પછી મને કોઈ ચીજની પરવા નથી.” (બેહારૂલ અન્વાર જી.૧૫)

## ઉમ્મીદે ખુદા :

જો કોઈ ખાત્રીપૂર્વક જાણી લે કે આલમે ઇમકાનમાં અલ્લાહ સિવાય બીજું કોઈ પહેલેથી અસ્તિત્વમાં નહોતું, તો એવો મોઅમિન (એકેશ્વરવાદી) ખુદા સિવાય બીજા કોઈથી કોઈ પ્રકારની આશા રાખતો નથી. હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામનો ઇરશાદે ગીરામી છે :

"તમારામાંથી કોઈએ પોતાના પરવરદિગાર સિવાય કોઈની આશા રાખવી જોઈએ નહીં." (નહજુલ બલાગાહ)

આગળ વિગતવાર જણાવી ગયા તે પ્રમાણે દરેક વ્યક્તિની ‘અસ્લ’ ખુદા જ છે અને દરેક ખૈર અને ભલાઈનું કેન્દ્રસ્થાન પણ ખુદા છે. તેવી જ રીતે દરેક નેકી જે એક માણસથી બીજા માણસ સુધી પહોંચે છે તે પણ ખુદા તરફથી છે. જેમકે ખુદા કુરઆને શરીફમાં ફરમાવે છે.

**બે યદેહિલ ખયર** - નેકી ફકત પરવરદિગારના જ હાથમાં છે.

સૂરએ યૂનુસના અંતમાં ખુદાવંદે કરીમ ફરમાવે છે :

"(હે ઇન્સાન) જો ખુદા તને કોઈ તકલીફ પહોંચાડે છે તો તેના સિવાય તે કોઈ દૂર કરી (ટાળી) શકતું નથી. અને તને કોઈ ફાયદો થાય છે. (સુખ પહોંચાડે છે) તો તે (કોઈ રોકી શકતું નથી, કારણ કે) તે દરેક વસ્તુ પર (સંપૂર્ણ કાબુ ધરાવનાર) કાદીર છે." (૧૦-૧૦૭)

અને બીજી જગ્યાએ ફરમાવ્યું :

"અને તમોને જેટલી પણ નેઅમતો મળે છે (તે બધી) ખુદાની તરફથી જ છે."

હવે એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે જે કોઈ આલમે મુલ્ક (ભૌતિક) અને મલકુત (રૂહાની)માં અસ્તિત્વ ધરાવે છે તે સઘળા ખુદાના બંદા છે અને ખુદાની સામે તે બધા પામર છે.

"આસ્માન અને જમીનમાં જેટલી વસ્તુઓ છે તે બધી અલ્લાહને જ આધીન છે. (આકાશ તથા જમીનમાં કોઈ જ એવું નથી કે જે દયાળુ અલ્લાહની હજુરમાં (નમ્ર) સેવક બની આવશે નહીં.)" (૧૯-૯૩)

જો કોઈ પોતાના કામોમાં પોતાના પરવરદિગાર સિવાય બીજા કોઈ પાસેથી આશા રાખે, તો ખુદાવંદે કરીમ તેના લુત્ફો કરમથી તેની આશાને નિરાશામાં ફેરવી નાખે છે. જેથી કરીને તે પોતાના માલિકે હકીકી તરફ પાછો ફરે.

“હું એ તમામ ઉમ્મીદવારોની ઉમ્મીદના સંબંધોને કાપી નાખીશ, જે ઉમ્મીદો તેણે બીજાઓ પાસેથી રાખી છે.” (ઇદતુદદાઈ)

**નેઅમતો આપનારનો શુક્ર અદા કરવો.**

જે કોઈને એ વાતનું યકીન થઈ જાય કે આલમે ઇમ્કાનમાં વર્ચસ્વ ધરાવનાર ખુદા છે, તો તેણે નેઅમતોને આપનાર (ખુદા)નો શુક્ર અદા કરવો જોઈએ. કારણ કે તમામ ઉદારતાનો તે માલિક છે. અલ્લાહ જે ચીજમાં ચાહે તેમાં અપાર ખૈર, બરકત અને રહેમત આપી શકે છે. તેથી જ ઇલ્મો-યકીન સાથે કહેવામાં આવે છે : 'અલ-હમ્દો લિલ્લાહ',

એટલે કે તમામ તારીફ (પ્રશંસા) અલ્લાહ માટે જ ખાસ છે.

**સાધન-સગવડ આપનારનો પણ શુક્ર અદા કરવો જોઈએ.**

જો કોઈની મારફત ભલાઈ અને રોઝી પ્રાપ્ત થાય, તો તેની પ્રશંસા અને શુક્ર કરવામાં આવે છે, પરંતુ ભલાઈ કરનાર કે રોઝી આપનારની પ્રશંસા અને શુક્ર તેને ભલાઈ કે રોઝીનો માલિક સમજીને કરવી જાએઝ નથી. પણ અલ્લાહ તઆલાએ તેને ભલાઈ કે રોઝી

પહોંચાડવામાં તેને વસીલો બનાવ્યો છે, તેમ સમજીને તેની પ્રશંસા કે શુક્ર અદા કરવો જોઈએ. અને પરવરદિગારે આલમના હુકમથી તે ભલાઈ કે રોઝી આપણા સુધી પહોંચાડવાનો વસીલો (માધ્યમ) બને છે, એટલા માટે જો કોઈના તરફથી ભલાઈ કરવામાં આવે, તો તેનો શુક્ર એ રીતે અદા કરવો જોઈએ, જે રીતે મઅસુમ અલય્હિસ્સલામ દ્વારા તાકીદ કરવામાં આવી છે:

“જેણે મુન્ઈમે મજાઝી (એટલે કે મખ્લૂક) નો શુક્ર અદા ન કર્યો તેણે (જાણે કે) પોતાના ખાલિક (મુન્ઈમે હકીકી) નો શુક્ર અદા નથી કર્યો.” (બેહારૂલ અન્વાર, જી. ૧૫)

“તમારામાં અલ્લાહનો સૌથી વધારે શુક્ર અદા કરનાર એ છે જે લોકોનો સૌથી વધુ આભારી (મમ્નુન) હોય.” (સફીનતુલ બેહાર, જીલ્દ પહેલી, પા.૭૦૯)

એ વાતમાં શંકાને સ્થાન નથી કે જો કોઈ મખ્લૂકે ખુદાને સંપૂર્ણ રીતે ભલાઈ પહોંચાડનાર સમજે, તો તેણે શિર્ક કર્યું.

**મખ્લૂકની પ્રશંસામાં છુપુ શિર્ક :**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે નીચે મુજબ આયતની તફસીર કરતાં ફરમાવ્યું :

અને મોટા ભાગના લોકોની એ હાલત છે કે તેઓ ખુદા પર ઈમાન નથી લાવ્યા, પણ શિર્કની હાલતમાં. (અને તેઓમાંથી ઘણા ખરા અલ્લાહની સાથે

બીજાઓને શરીક કર્યા વિના તેને માનતા નથી. (૧૨:૧૦૬)

આપ અલય્હીસ્સલામે શિર્ક વિશે ફરમાવ્યું કે 'શિર્કના પ્રકારો પૈકી એક આ પણ છે' :

"કોઈ શખ્સ એમ કહે કે, જો ફલાણો માણસ ન હોત તો હું હલાકતમાં પડી જાત, જો ફલાણો માણસ ન હોત તો ફલાણી વસ્તુ મને મળી શકત અને એવી જ રીતે કહે કે ફલાણો માણસ ન હોત તો

મારા બાલ-બચ્ચા રખડી પડત.” (બેહારૂલ અન્વાર)

આ જાતના ઉદગાર એ વાતની સાબિતી છે કે, આવું બોલનારનો અકીદો પણ શિર્ક છે. જો વાસ્તવમાં તે દિલથી એવું માનતો હોય તો તે મુશ્રીક છે. આ પછી હઝરતે ફરમાવ્યું : જો કોઈ આ પ્રમાણે કહે : “ખુદાવંદે આલમે ફલાણા માણસ મારફત મારી ઉપર અહેસાન ન કર્યો હતો તો હું મુસીબતમાં પડી જાત, તો

એ સંજોગોમાં કોઈ વાંધો નથી, કારણ કે તે 'એૈન-તૌહીદ' છે.

**હઝરત ઇમામે સાદિક અલય્હિસ્સલામ અને શુક્ર કરનાર સાઈલ :**

મીસ્માઅ બિન અબ્દુલ મલિકની રિવાયત છે કે, 'એક વખત હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ મીનામાં તશરીફ રાખતા હતા. ત્યારે એક સાઈલ (ફકીર) આપની ખિદમતમાં આવ્યો. આપે કોઈને હુકમ આપ્યો કે સાઈલને એક દ્રાક્ષનું ઝુમખું આપો. સાઈલે કહ્યું : 'મને

તેની જરૂર નથી, પૈસા હોય તો આપો.' હઝરતે ફરમાવ્યું : “અલ્લાહ તને બહોળું (વિશાળ) આપે !” આ પછી બીજો એક સાઈલ આવ્યો. આપે તે સાઈલને પોતાના મુબારક હાથે દ્રાક્ષના ત્રણ દાણા આપ્યા. સાઈલે તે લઈ લીધા અને કહ્યું :

“તમામ તારીફ દુનિયાના પાલનહાર માટે છે, જેણે મને રોઝી અતા કરી.”

આપે ફરમાવ્યું : રોકાઈ જા, એમ કહી આપે તેને બે વખત ખોબો ભરીને

દ્રાક્ષ આપી. સાઈલે ફરીથી શુક્ર ખુદા અદા કર્યો. આપે ફરીથી કહ્યું : હજુ રોકાઈ જા. તે સાઈલ ઉભો રહ્યો. ઇમામે તેના ગુલામને પૂછયું : ‘અત્યારે તારી પાસે કેટલા પૈસા છે ?’ ગુલામે કહ્યું : “લગભગ વીસ દીરહમ.” આપે તે દીરહમ સાઈલને આપ્યા, સાઈલે તે લઈને કહ્યું :

“તમામ તાઅરીફ, તમામ આલમના પરવરદિગાર માટે મખ્સુસ છે. ખુદાયા, આ રોઝી તારા તરફથી છે. તું એક છે, તારો કોઈ શરીક નથી.”

ઇમામે ચોથી વખત ફરમાવ્યું : હજુ ઉભો રહે, આપે આપનું ખમીસ ઉતારીને સાઈલને આપ્યું અને ફરમાવ્યું : 'આને પહેરી લે. સાઈલે તે પહેરી લીધું. અને લિબાસ અતા કરી રાજી કરનાર ખુદાનો શુક્ર અદા કર્યો. પછી સાઈલે ઈમામને સંબોધીને કહ્યું : 'અય બંદે ખુદા, અલ્લાહ તઆલા તમોને નેક બદલો અતા કરે.' આમ કહી તે ચાલ્યો ગયો.

રાવી મીસ્માઅ કહે છે કે, છેલ્લી વખત સાઇલ ઈમામ અલય્હિસ્સલામને

સંબોધન કરવાના બદલે ફકત અલ્લાહની હમ્દો સના કરત તો આપ તેને હજુ કંઈક વધારે આપત.

## તૌહીદ અને તવક્કલ : (અલ્લાહ અને એની ઉપર અડગ વિશ્વાસ)

યાદ રાખજો, તમામ અસ્બાબ મુસબ્બબના હાથમાં છે. તેથી મોવહ્હીદ (એકેશ્વરવાદી) માટે જરૂરી છે કે પોતાના તમામ કામો પછી તે ફાયદો મેળવવા સાથે સંબંધિત હોય કે તેના નુકસાન કે તકલીફ દૂર કરવા સાથે સંબંધિત હોય, તે

બધા પરવરદિગારના હુકમ મુજબ હોવા જોઈએ. તેણે એ પણ જાણવું જોઈએ કે તમામ અસ્બાબ (કારણો) અને ઇરાદા ખુદાને આધિન હોય છે. જો ભલાઈના તમામ કારણો તેના માટે ઉપલબ્ધ હોય, પણ જો ખુદા ન ચાહે તો તેને કોઈ ભલાઈ મળી શકતી નથી. એવી જ રીતે તમામ જાહેરી અસ્બાબ તેની સાથે જોડાએલા ન હોવા છતાં, જો ખુદા તેને તે આપવા ચાહે તો કોઈ પણ સબબ (કારણ) પૈદા કરીને તેને પહોંચાડી દેશે.

જો બંદાને નુકસાન કે તકલીફ પહોંચાડવાના તમામ સાધનો ભેગા થઈ જાય, પણ ખુદા તેને સુરક્ષિત રાખવા ચાહે તો કોઈ શર (નુકસાન) તેને સ્પર્શી પણ શકતું નથી.

## તૌહીદ અને તસ્લીમ :

મોવહ્હીદ (તૌહીદમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવનાર) માટે એ અત્યંત જરૂરી છે કે અલ્લાહે નસીબમાં લખેલી બાબતો (મુકદ્દરાતે ઇલાહીયા)ને કોઈ પણ પ્રકારની ચૂં કે ચાં કર્યા વગર ખૂશીથી સ્વિકારી લે

અને અમુરે તકવીની, જેમકે ઇઝઝત અને ઝીલ્લત, તંદુરસ્તી અને બીમાર, તવંગરી અને તંગદસ્તી, તેમજ અમુરે તકલીફીયાહ, જેવા કે વાજીબ અને હરામ કામોના હુકમ ઉપર દિલો જાનથી કોઈ પણ પ્રકારનો એતરાઝ (વાંધો) કે વિરોધ હરગીઝ વ્યકત કરે નહીં. અને એ હુકમો વિશે પોતાની અક્કલ, વિચાર કે દ્રષ્ટિકોણ વ્યકત ન કરે. જેમકે એવું કહે કે : “આવું શા માટે થયું ?, આમ થવું જોઈતું હતું.” અથવા તો એમ કહે “વરસાદ કેમ પડતો નથી. હવા

આટલી બધી ગર્મ કેમ થઈ ગઈ ?” અથવા તો એમ કહે કે : “અલ્લાહે મને માલ કે અવલાદ કેમ ન આપ્યા ? ફલાણો જુવાન ભરજુવાનીમાં કેમ મરી ગયો અને ફલાણો બુઢ્ઢો હજી કેમ જીવતો છે ! અલ્લાહે અમુક બાબતોને વાજીબ અને અમુક હરામ શા માટે કરી છે ?” આવી વાતો કરનાર વાસ્તવમાં અલ્લાહની રબુબીયત અને ઉલુહીયતમાં પોતાને શરીક ગણે છે.

જો અમુક લોકો એક(માત્ર) ખુદા - જેનો કોઈ શરીક નથી - ની ઇબાદત કરે,

નમાઝ અદા કરે, ઝકાત પણ આપે, ખાનએ ખુદાની હજ પણ બજાવે અને માહે મુબારક રમઝાનના રોઝા પણ રાખે, તે પછી અલ્લાહ તઆલાએ પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મારફતે મોકલેલ હુકમો વિશે એતરાઝ (વિરોધ) કરે અને કહે કે “આવું શા માટે નથી ક્યું ?” અથવા તો ફક્ત દિલમાં જ વિચારે અને મોઢેથી ન પણ કહે, તો પણ તે મુશ્રિ ક હશે. (ઉસૂલે કાફી, કિતાબુલ ઈમાન વલ કુફ્ર, બાબુશ્શિર્ક બિલ્લાહ

હદીસ-૬) ત્યાર પછી આ આયતની તિલાવત ફરમાવી :

"પછી અય રસૂલ, તમારા પરવરદિગારની કસમ, આ લોકો સાચા મોઅમિન નહીં હોય, જ્યાં સૂધી તેમના પરસ્પરના ઝગડામાં (તેના નિર્ણય માટે) તને પોતાનો હાકિમ (ન બનાવે) પછી (એટલું જ નહીં પણ) જે કાંઈ ફેંસલો તું આપ તેમાં તેમનું જરા પણ દિલ તંગ (નારાજ) પણ ન થાય, પરંતુ રાજી

ખૂશીથી તેને સ્વિકારી લે. (અને એઅતેરાઝ ન કરે.)” (૪-૬૫)

આ પછી ઈમામ સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : ‘તમારા માટે એ જરૂરી છે કે (ખુદાના હુકમનો સ્વિકાર) તસ્લીમ કરો.’

અલ્લામા મજલિસી અલયહિર્રેહમાં ‘શર્હે કાફી’માં ફરમાવે છે કે : ‘ઉપરોકત હદીસ એ વાતની દલીલ છે કે અલ્લાહ જે કાંઈ કરે છે તેના વિષે નારાજગી દર્શાવવી અને અઇમ્મએ અત્હાર અલય્હેમુસ્સલામ

તરફથી જે હુકમો આપવામાં આવ્યા છે, તેનો સ્વિકાર ન કરવો એ શિર્ક છે.

તૌહીદમાં માનનારા જયારે બલા અને મુસીબતમાં ગિરફતાર થાય, તો તેમણે પોતાની ઝબાન અને દિલને કઝાએ ઇલાહી વિશે એઅતેરાઝ કરવાથી રોકવું વાજીબ છે. અલબત્ત, અઝીઝો અને દોસ્તોના મૌત પર રડવું અને ફરિયાદ કરવી, ફકત જાએઝ જ નહીં, પસંદ કરવા યોગ્ય અમલ પણ છે. પરંતુ એવા પ્રસંગે એતરાઝ કરીને એમ કહેવું કે "આમ કેમ

થયું ? આમ થવું જોઈતું ન હતું” બિલ્કુલ હરામ છે.

## તૌહીદ અને મોહબ્બત :

ખુદાને એક માનનારાઓએ એ વાત પણ જાણી લેવી જોઈએ કે પરવરદિગારે આલમ તેને અને તમામ (મૌજૂદાત) અસ્તિત્વ ધરાવતી વસ્તુઓને સાચો નેઅમત આપનાર છે અને દુનિયામાં જે કોઈ વસ્તુ જે કોઈ રીતે તેને મળે છે તે બધી ખુદાનો ફઝલ અને કરમ છે અને તેનું જાહેરી અસ્તિત્વ અને પ્રારંભ પણ

અલ્લાહ તઆલાની કુદરતના હાથમાં જ છે. તેથી હ્રદયના ઉંડાણની દોસ્તી અને મોહબ્બત પામવાને લાયક માત્ર અલ્લાહની ઝાત છે. ખુદાની ઝાત સિવાય બીજા કોઈ સાથે સીધે સીધી (ડાયરેકટ) મોહબ્બત રાખવી ન જોઈએ. હા, કોઈ શખ્સ સાથે તેને 'મહબુબે ખુદા' સમજીને દોસ્તીનો સંબંધ અવશ્ય રાખી શકાય. ફારસીની કહેવત છે કે ! હુબ્બે મહબુબે ખુદા, હુબ્બે ખુદા અસ્ત, એવી દોસ્તી ઐન મોહબ્બતે ખુદા અને હુકમે ખુદા પણ છે.

અંબિયા, અઇમ્મા અલય્હેમુસ્સલામ, મલાએકા અને મોઅમિનો સાથે મોહબ્બત કરવી એ તેના ઉદાહરણ છે.

એ માટે નેઅમતે ઇલાહી સાથે દિલી મેળાપ - મોહબ્બત પૈદા થવી એ પરવરદિગારની ભેટ છે. જેથી તેની મોહબ્બતને કારણે ખુદાનો શુક્ર બનાવી શકાય અને જેનાથી (કુર્બે ઇલાહી) અલ્લાહની નિકટતા અને તેની ખુશ્નુદી પણ પ્રાપ્ત કરી શકાય છે. દાખલા તરીકે એહલો- યાલ (પત્નિ, બાળકો અને

કુટુંબીજનો) માલ અને દુનિયાની જિંદગી પ્રત્યે તેમને ખુદાની નેઅમત સમજી મોહબ્બત રાખવી એ ઇબાદતે પરવરદિગાર છે. તેનાથી ઉલ્ટું ખુદાની ખુશ્નુદીને અવગણીને આગળ જણાવેલ બાબતો અથવા કોઈપણ વસ્તુ સાથે મોહબ્બત કરનાર વ્યક્તિ શિર્કમાં સપડાઈ જાય છે. જો ખુદા સિવાયની બાબતોની દોસ્તી પ્રમાણમાં વધારે હોય, એટલે સુધી કે બંને મોહબ્બતની સરખામણીમાં ગૈરે ખુદાની મોહબ્બતને અગ્રતા આપતો હોય,

તો શિર્ક ઉપરાંત હરામ પણ છે. અને તે માટે તે અલ્લાહના અઝાબને પાત્ર પણ થશે. જેમકે કોઈના દિલમાં ખુદા કરતા માલે દુનિયાની મોહબ્બત વધારે હોય તો તેના માટે હુકમે ખુદા પ્રમાણે વાજિબાતે-માલી (માલથી અદા કરવાની થતી વાજિબાત, જેમકે ખુમ્સ, ઝકાત, વગેરે) અદા કરવી શક્ય ન રહે. આ વિષયમાં કુરઆને મજીદની ઘણી આયતો અને હદીસો વારીદ થઈ છે. અત્રે સંક્ષિપ્તમાં ત્રણ રિવાયત પ્રસ્તુત કરીએ છીએ.

(૧) કોઈએ હઝરત અબૂ અબ્દિલ્લાહ હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામને આ આયએ મુબારકનો અર્થ પૂછયો : “કયામતના દિવસે માલ અને અવલાદ ફાયદો નહીં પહોંચાડે, પરંતુ અલ્લાહની હુઝુરમાં કલ્બે સલીમ સાથે હાજર થાય.”

આપે ફરમાવ્યું : “સાલીમ દિલ એ છે કે જયારે તે અલ્લાહની મુલાકાત કરે ત્યારે તેના દિલમાં અલ્લાહ સિવાય બીજા કોઈની મોહબ્બત ન હોય. એવું દરેક દિલ

જેમાં શિર્ક અને શક હોય તે સાકીત એટલે કે નાશને પાત્ર છે.” (ઉસુલે કાફી - બાબુલ ઇખ્લાસ)

(૨) હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : “કોઈ શખ્સનું ઈમાન ખાલિસ (નિર્મળ) થઈ નથી શકતું જ્યાં સુધી તે અલ્લાહ તઆલાની સાથે પોતાના નફસ, અઝીઝ, મા-બાપ, અવલાદ, પત્નિ અને તમામ લોકો અથવા માલ સાથે વધારે મોહબ્બત કરતો હોય.” (સફીનતુલ બેહાર, જી.૧, પા.૨૦૧)

(૩) હઝરત સુલૈમાન નબીના જમાનામાં એક ચકલાએ તેની માદા ચકલીને કહ્યું : “મારામાં એટલી બધી તાકાત છે કે હું ધારૂં તો હઝરત સુલૈમાનના મહેલના ગુંબજને મારી ચાંચથી ઉઠાવીને દરિયામાં ફેંકી દઉં.”

હઝરત સુલૈમાન પક્ષીઓની ભાષા પણ જાણતા હતા. હવાએ તે ચકલાની વાતને સુલૈમાન અલય્હિસ્સલામના કાન સુધી પહોંચાડી દીધી. ત્યારે હઝરત સુલૈમાન મુસ્કુરાયા અને તે બંને (ચકલા-

ચકલી)ને પોતાના દરબારમાં બોલાવ્યા અને ચકલાને પૂછયું : તું જે મૌખિક દાવો કરે છે તે અમલી રીતે કરીને દેખાડી શકીશ ? ચકલાએ કહ્યું : હરગીઝ નહીં, પરંતુ એવી વાત કરીને હું મારા વ્યક્તિત્વને પ્રતિભાશાળી બતાવીને મારી પત્નિ (ચકલી)ને પ્રભાવિત કરી દેવા માંગતો હતો. જેથી તે મારા રોબમાં આવી જાય અને અમારી આશિક અને માંશુકની વાતોની ટીકા થવી ન જોઈએ. હઝરત સુલૈમાને ચકલીને પૂછયું : આ ચકલો તને

મોહબ્બત કરે છે. છતાં તેનાથી મુખ ફેરવીને અવિશ્વાસ શા માટે કરે છે ?

ચકલીએ કહ્યું : યા રસૂલલ્લાહ, તે જુઠ્ઠો દાવો કરે છે. તે મને ચાહતો નથી, પણ તેના દિલમાં બીજા કોઈની મોહબ્બત છે. આ વાત હઝરત સુલૈમાનના દિલને ખૂબ જ અસર કરી ગઈ. તેઓ ખૂબ જ રડવા લાગ્યા અને ચાલીસ દિવસ સૂધી તેમના ઇબાદતખાનાની બહાર ન નિકળ્યા અને દુઆ કરી કે, ખુદાવંદે આલમ, ચકલાનું દિલ તેની જોડી (ચકલી) સિવાય

બીજાની મોહબ્બતથી પાક કરી દે. (સફીનતુલ બેહાર, જી.ર, પા.ર૦૦)

**ચોથું : ઇતાઅતમાં તૌહીદ અને શિર્ક :**

મોઅમિન એ વાત ખાત્રીપૂર્વક જાણતો હોય છે કે તેનો અને સમગ્ર સૃષ્ટિનો પૈદા કરનાર, રોઝી આપનાર, સર્વજ્ઞ અને પાલનહાર એક અને માત્ર એક અલ્લાહ જ છે. તેની ઉલુહીયત અને રબુબીયતમાં કોઈ શરીક નથી. તો અક્કલ અને ઈમાનની રીતે તે એક માત્ર ખુદા (ખુદાએ વાહીદ) સિવાય બીજા કોઈની

ફરમાબરદારી કરતો નથી કે બીજા કોઈને હાકીમ તરીકે પણ સ્વિકારતો નથી. અને માત્ર અલ્લાહને જ (લાઝીમુલ ઇતાઅત) ‘હુકમનું પાલન કરવાને પાત્ર’ માને છે અને અલ્લાહ સિવાયની બીજી મૌજૂદાતને કુદરત અને શક્તિમાં નિર્બળ અને હૈસિયત વગરની સમજે છે. તમામ મખ્લુકાતમાં કોઈ પણ પોતાની જાતનું રક્ષણ કરવા માટે ન તો શક્તિમાન છે, ન તો પોતાના મૌત, હયાત, (હશ્રો નશ્ર) કયામતના

દિવસે ઉઠાડવાની વિગેરે તમામ બાબતોનો એ ઇખ્તયાર ધરાવે છે.

કારણ કે વિલાયત એટલે સંપૂર્ણ સરપરસ્તીનો ઇખ્તયાર માત્ર અલ્લાહ માટે જ છે. અલબત્ત, અલ્લાહ પોતે કોઈને વિલાયત માટે નિયુકત કરે અને (મખ્લૂકે ખુદા) સૃષ્ટિના તમામ લોકોના કાર્યોના રક્ષણકર્તા બનાવે, તો એ સંજોગોમાં તેની ઇતાઅત કરવી પણ વાજીબ (અનિવાર્ય) થઈ જશે, કેમકે તે (મનસુસમેનલ્લાહ) અલ્લાહ તરફથી નિયુક્ત થએલો હોય છે.

**અલ્લાહ તઆલાએ પસંદ કરેલ સત્તાધિશો :**

વિલાયતે ઇલાહીયાનો સિલસિલો અંબિયાએ કીરામ, અઇમ્મએ હોદા અલય્હેમુસ્સલામ ઉપરાંત ગૈબતે સુગરાના જમાનામાં નવાબે ખાસ્સા (ખાસ નાએબો) અને ગૈબતે કુબરા (જે પ્રવર્તમાન છે.)માં નવાબે આમ્મા (આમ નાએબો) પર આધારતિ હોય છે. આ વિશે કુરઆન કહે છે-

"જેણે રસૂલની ફરમાબરદારી કરી, તેણે વાસ્તવમાં અલ્લાહની ફરમાબરદારી કરી." (૪-૨૮) ઇરશાદ છે:-

"રસૂલ તમને જે કાંઈ હુકમ આપે તેની ઉપર અમલ કરો અને રસૂલ જેનાથી રોકે તેનાથી દૂર રહો. (અને રસૂલ તમને જે કાંઈ આપે તે લો અને જેનાથી તમને મના કરે (તેનાથી) દૂર રહો)" (૫૯-૭)

વધુમાં ફરમાવે છે : "**યા અય્યોહલ્લઝીન આમનૂ અતીઉલ્લાહ વ અતીઉર્રસૂલ વ ઉલીલ અમ્રે મિન કુમ.**"

"અય ઈમાન લાવનારાઓ, ખુદાની ઇતાઅત કરો, અને તેના રસૂલની (ઇતાઅત કરો) અને તમારામાંથી જે સાહેબે અમ્ર હોય તેમની (પણ) ઇતાઅત કરો." (૪-૫૯)

## ઉલીલ અમ્ર કોણ છે ?

સાહેબાને અમ્ર કોણ છે ? તે વિશે એહલે-સુન્નત-વલ-જમાતના ઘણા અકવાલ પ્રાપ્ત છે. એવું કહેવાય છે કે ઉલીલ અમ્રનો અર્થ હાકીમ (સત્તાધિશ) છે. પરંતુ એ વાત ઇલ્મ, હુજ્જત કે દલીલ

વગરની છે. જો હાકીમ હોય અને (સંપૂર્ણપણે ન્યાયપૂર્વક વર્તનાર) ન હોય, હુકમે ખુદા જાણવામાં નિષ્ણાંત ન હોય, ખ્વાહીશાતે નફસાનીથી વેગળો રહેનાર ન હોય. પોતાના આકા (એટલે કે ખુદાવંદે કરીમ)નો ફરમાબરદાર ન હોય, વિગેરે વિગેરે કારણોથી (ઇજતમાએ ઝીદૈન) વિરોધાભાસી અથવા તો (નાકીઝ) દોષપૂર્ણ ગણાશે. આ સિવાયની બાબતો અમારા વિષય બહારની છે. જેમકે ઉમર બિન ખત્તાબ કહે છે :

'બે મુત્આ (મુત્એ હજ અને મુત્એ નીસા) જે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના જમાનામાં હલાલ હતા અને મેં તેને હરામ ઠેરવી દીધા.'

જો કોઈ તેમને ઉલીલ અમ્ર સમજતા હોય તો તેણે પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલલમના હુકમ મુજબ મુત્આને હલાલ સમજવો જોઈએ. જે તેઓએ સ્વિકાર્યું છે. અને તેમના હુકમ પ્રમાણે હરામ પણ સમજે. જો એક જ વિષયના બે વિરોધાભાસી હુકમ

જોવા મળતા હોય તો તેમાંથી એક ભૂલ ભરેલો અને ખોટો હશે અને પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો હુકમ કયારેય ખોટો કે ભૂલ ભરેલો હોઈ શકે જ નહીં.

**હુબ્બે અલી (હઝરત અલી અલય્હિસ્સલામની મોહબ્બત) પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના હુકમથી કે મોઆવિયાના સંબંધથી?**

મોઆવિયા હઝરત અલી અલય્હિસ્સલામ સાથે જંગ કરવાનું વાજીબ ગણાવતો હતો. જયારે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે તે કાર્યને હરામ લેખ્યું હતું. આપે ફરમાવ્યું : ***"અલી સામે લડવું એ મારી સામે લડવા બરાબર છે."*** અને મોઆવિયા હઝરત અલી અલય્હિસ્સલામ સાથે બુગ્ઝ (દુશ્મની) રાખવાનું કહેતો હતો. જયારે પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે હઝરત અલી

અલય્હિસ્સલામની દોસ્તીને વાજીબ ગણાવી હતી. એટલું જ નહીં. અલ્લાહ તઆલાએ હઝરત અલી અલયીહસ્સલામ અને આલે અલી અલય્હેમુસ્સલામની મોહબ્બતને અજરે રિસાલત (રિસાલતના બદલા સમાન) ગણાવી છે. આ વિષયમાં કુરઆને શરીફની આયત છે.

"(અય રસૂલ) કહી દે કે હું આ (રિસાલતના પ્રચાર કાર્ય)નો મારા કરાબતદારો (નિકટના સ્નેહીઓ, એહલેબૈત અલય્હેમુસ્સલામ)ની મોહબ્બત સિવાય

તમારી પાસે કંઈ બદલો નથી માંગતો.” (૪૨-૨૨)

આ રીતે ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ઇતાઅત કરનાર માટે મોહબ્બતે હઝરત અલી અલય્હિસ્સલામ અનિવાર્ય છે. અને રિસાલતનો બદલો અને પાકીઝગી સમાન છે અને મોઆવિયાને ઉલીલ અમ્ર સમજવો એ હઝરત અલી અલય્હિસ્સલામ સાથે બુગ્ઝ રાખી દુશ્મની કરવા સમાન છે. (એ

સંજોગોમાં પણ એ બાબત વિરોધાભાસી અથવા ભૂલ ભરેલી બાબત હશે.)

**‘ઉલીલ અમ્ર’ એક સમુહ માટે ખાસ નથી :**

ઉલીલ અમ્રનો હોદ્દો ફકત હાકીમો માટે જ ખાસ સમજવો ઉપરોકત આયતની વિરૂધ્ધ છે. કારણ કે અલ્લાહ તઆલાએ પોતાની અને પોતાના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ઇતાઅત પછી ઉલીલ અમ્રની ઇતાઅત કરવાનો હુકમ આપ્યો છે એટલે કે ઉલીલ અમ્રની

ઇતાઅત કરવી તે ઇતાઅતે રસૂલ કરવા સમાન છે. તેથી જ ‘અતીઉ-ઉલીલ અમ્રે-મિનકુમ’ એમ ફરમાવવામાં આવ્યું નથી, પરંતું ત્રીજી વખત ‘અતીઉ’નું પુનરાવર્તન કરવાને બદલે (વાવે અત્ફ)નો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેનો અર્થ એ થયો કે ઉલીલ અમ્રની ઇતાઅત, રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ઇતાઅત સમાન જ છે. બંને એક જ છે, તેમાં કોઈ ફર્ક નથી. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની

ઇતાઅત, તેઓના તમામ માનનાર માટે સમાન રીતે લાગું પડે છે. તેમાં કોઈ અપવાદ કે વિશેષ વર્ગ માટે બીજો કોઈ હુકમ નથી. તેવી જ રીતે ઉલીલ અમ્રના તમામ હુકમોની ઇતાઅત કરવી પણ તમામ લોકો માટે વાજીબ છે. વિદ્વાનો પણ ઉલીલઅમ્રને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની જેવા જ સમજે છે. અને તેઓને પણ બધા પ્રકારની ભૂલોથી પાકો પાકીઝા અને મઅસુમ સમજે છે અને

તેમની ઇતાઅત અને પૈરવી કરવાને સંપૂર્ણ સંતોષકારક બાબત સમજે છે.

**શું ઓલમા ઉલીલ અમ્ર છે ?**

ઉપરોકત બાબત વિશે કેટલાક આમ આલિમો એવો અર્થ તારવે છે કે ઉલીલઅમ્રનો અર્થ આલિમો છે. પરંતુ આલિમો માસુમ હોતા નથી. અને બધા જ આલિમો (જાએઝુલ ખતા) ભૂલ કરવાને પાત્ર હોય છે. તેથી જ અમૂક બાબતોના અર્થઘટનમાં આલિમોમાં મતભેદ જોવા મળે છે. અત્રે એ વાત પણ ઉલ્લેખનીય છે

કે ઇસ્મત એ છૂપું કાર્ય છે, જે લોકોની નજરથી છુપું હોય છે, તેથી ઉલીલ અમ્રની પસંદગી ફકત ખુદાવંદે આલિમુલ ગૈબ અને તેના પયગમ્બર દ્વારા જ થવી જોઈએ.

**બાર ઈમામ ઉલીલ અમ્ર છે :**

શીઆ-સુન્ની બંનેની કેટલીય મોઅતબર રિવાયતો મૌજૂદ છે. તે મુજબ ‘અઇમ્મએ ઇસ્નાઅશ્ર’ની ઉલીલ અમ્ર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. તેમાંથી એક રિવાયત સંદર્ભ તરીકે પ્રસ્તુત છે. જે

ખાસ અને આમ બંનેની નઝદીક ‘મોતવાતિર’ (વિશ્વસનીય) છે.

**પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઉલીલ અમ્ર વિશે બયાન ફરમાવે છે :**

જનાબે જાબિર ઇબ્ને અબ્દુલ્લાહથી આ રિવાયત મનકુલ છે તેઓએ કહ્યું : મેં આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને પૂછયું કે ‘હું ખુદાએ તઆલા અને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને જાણું છું, પણ ઉલીલ

અમ્રને જાણતો નથી.’ આ હઝરતે ફરમાવ્યું : ‘અય જાબિર, મારા પછી ઉલીલઅમ્ર મારા ખોલફા અને મુસલમાનોના અઇમ્મા છે, જેમાં પહેલા અલી ઇબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ છે. તેમના પછી હસન અલય્હિસ્સલામ, તેમના પછી હુસૈન અલય્હિસ્સલામ, તેમના પછી અલી ઇબ્નિલ હુસૈન અલય્હિસ્સલામ, તેમના પછી મોહમ્મદ ઇબ્ને અલી અલય્હિસ્સલામ, જેમનો લકબ તૌરેતમાં ‘બાકિર’ છે. તમારી તેમની સાથે મુલાકાત

થાય તો તેમને મારા સલામ કહેજો. તેમના પછી જઅફર અલય્હિસ્સલામ, તેમના પછી મૂસા અલય્હિસ્સલામ, તેમના પછી અલી અલય્હિસ્સલામ, તેમના પછી મોહમ્મદ અલય્હિસ્સલામ, તેમના પછી અલી અલય્હિસ્સલામ, તેમના પછી હસન અલય્હિસ્સલામ, જયારે હુજ્જત ઇબ્નિલ હસન અલય્હિસ્સલામનું નામ લીધું ત્યારે ફરમાવ્યું : ‘તેઓ મારા હમનામ હશે. તેમની કુન્નીયત મારી કુન્નીયત હશે.

તેઓ અલ્લાહ તરફથી તેના બંદાઓ માટે હુજ્જત અને બકીયતુલ્લાહ હશે.'

અલ્લાહ તેમને પૂર્વ અને પશ્ચિમ ઉપર વિજયી કરશે. તેઓ તેમના માનનારાઓ વચ્ચેથી ગૈબ રહેશે. અને તે ગૈબતનો જમાનો અત્યંત લાંબો હશે અને ગૈબતના લાંબા જમાનામાં એમના વજૂદ (અસ્તિત્વ)નું સમર્થન મોઅમિનો જ કરી શકશે કે, જેમના દિલ અલ્લાહ તઆલા દ્વારા અજમાવી લેવાયા હશે.

જાબિર કહે છે મેં અર્ઝ કરી : ‘યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ શું શીઆઓને એમની ગૈબતથી ફાયદો થશે ખરો ?’

જવાબમાં આપે ફરમાવ્યું : “જી હા, લોકો એ ગૈબતથી એ રીતે ફાયદો ઉઠાવશે જે રીતે વાદળ પાછળ છુપાએલા સુરજના પ્રકાશથી સૃષ્ટિ લાભ ઉઠાવે છે.”

આ હદીસથી જાણવા મળે છે કે એહલેબૈતે અત્હાર અલય્હેમુસ્સલામની

ઇતાઅત પણ ઇતાઅતે ખુદા સમાન જ છે. (તફસીર મિન્હાજુસ્સાદેકીન)

આનાથી વધારે માહિતી માટે કિતાબ ‘ગાયતુલ મરામ’નો અભ્યાસ કરવા વિનંતી છે. આ કિતાબના ભા.૫૯માં એહલે સુન્નતની ચાર હદીસો અને ચૌદ શીઆ હદીસો નકલ કરવામાં આવી છે. આ કિતાબના એકસો ચાલીસમાં ભાગમાં ઈમામત વિશે ચાર એહલે સુન્નતની હદીસો અને ૨૭ શીઆ હદીસોનો ઉલ્લેખ કરાયો છે.

## આદિલ મુજતહિદની ઇતાઅત :

હવે આપણે કહી શકીએ કે ગૈબતે ઈમામ અલય્હિસ્સલામના જમાનામાં જામેઉશ્શરાએતની ઇતાઅત પણ વાજીબ છે. તેઓની ઇતાઅત એ ઈમામ અલય્હિસ્સલામની ઇતાઅત કરવા સમાન છે. કેમકે તેઓ ઈમામ સાથે સંબંધિત છે. જેમકે હઝરત હુજ્જત અલય્હિસ્સલામએ 'તૌકીઅ'માં લખ્યું છે : "એ શખ્સ તરફ ફીક્રોનઝરની નિગાહથી જુઓ તમારામાંથી (ઇસ્નાઅશ્રી શીઆ અને એહલેબૈત

અલય્હેમુસ્સલામની પૈરવી કરનારા હોય.) જે અમારી હદીસોને બયાન કરે છે અને હલાલ અને હરામને અમારી રીતે જ જુએ છે અને અમારા અહકામને તે જાણે છે. બસ, તો તમે તેના હુકમ માનવા લાગો. બેશક એ શખ્સને તમારો હાકિમ નિયુકત કરૂં છું. જયારે તે અમારા અહકામ વિશે હુકમ આપે, તો તેને ન સ્વિકારનાર નિ:સંશય, હુકમે ખુદાનો અનાદર કરનારો અને હુકમે ખુદાને હલકો ગણીને તેને અસ્વિકાર કરનાર ગણાશે. અમારા

અહકામથી મુખ ફેરવનાર શિર્ક બિલ્લાહની હદમાં આવી જાય છે.” (કિતાબે કાફી)

**આઝાદ - ફકીહ અનુસરવા યોગ્ય છે :**

ફકીહની શરતો આ છે : તે દુનિયાનો લાલચુ ન હોવો જોઈએ. દુન્યવી (શોહરત) દંભ, દેખાડ કે જાહો જલાલનો ઇચ્છુક ન હોવો જોઈએ. તેના દિલમાં કોઈ પણ જાતનો પક્ષપાત ન હોવો જોઈએ. આનાથી વધુ પરહેઝાર ફકીહ મૌજૂદ હોય તો પણ આ પ્રકારના ગુણો ધરાવતા હોય તેવા ફકીહની પૈરવી કરવી જોઈએ. આ

વિષયની એક હદીસ આલીમે રબ્બાની શૈખ અન્સારી અલયહિર્રેહમાએ તેમની કિતાબ 'એહતેજાજ'માં ખબરે વાહીદ હુજ્જત હોવા વિશે હઝરત ઈમામ હસન અસ્કરી અલય્હિસ્સલામથી નકલ કરી છે. જે આ પ્રમાણે છે.

"ફોકહા પૈકીનો કોઈ, ફકીહ હોવા ઉપરાંત પોતાના નફસ ઉપર કાબૂ રાખનાર, દીનનો રક્ષક, ખ્વાહીશાતે નફસાની (મનોવાસના)ને તાબે ન થનાર અને સંપૂર્ણ રીતે પોતાના મૌલાનો

ફરમાબરદાર હોય તો જ (સમાજના) લોકોએ તેની તકલીદ (પૈરવી) કરવી જોઈએ. તેમની ઇતાઅત ઈમામ અલય્હિસ્સલામની ફરમાબરદારીની જેમ વાજીબ છે.”

**મા-બાપની ઇતાઅત પણ ઇતાઅતે ખુદા છે :**

વાલેદૈન (મા-બાપ)ની ઇતાઅત એવા લોકોની ઇતાઅત સમાન છે જેની ફરમાંબરદારી ખુદાની ફરમાબરદારી ગણાય છે. તેથી કુરઆને મજીદે વાલેદૈનને

તકલીફ પહોંચાડવાનું હરામ ગણાવ્યું છે. અલ્લાહ તઆલાએ પોતાની ઇતાઅતનો ઉલ્લેખ કર્યા પછી કોઈ પણ પ્રકારના અંતરાય વગર (તુરંત જ) વાલેદૈનનું માન અકરામ કરવાનો ઉલ્લેખ આપ્યો છે.

"અને તારા પરવરદિગારે આ (તદ્દન છેવટનો) હુકમ આપ્યો છે કે તેના સિવાય બીજા કોઈની ઇતાઅત કરો નહીં. અને મા-બાપ સાથે નેકી કરો. અને જો તે બંને અથવા બેમાંથી કોઈ એક તારી સામે (તારી હયાતીમાં) વૃધ્ધાવસ્થાએ પહોંચી

જાય (અને કોઈ કારણે તારી ખિદમતના મોહતાજ થઈ જાય અને તારી ઉપર ક્રોધે ભરાય) તો ખબરદાર તેને જવાબમાં ‘ઉફ’ સુધ્ધાં ન કર. (એટલે કે નફરત અને નારાજગી દર્શાવતો નહીં.) અને તેમને તરછોડતો (પણ) નહીં. (જે કાંઈ કહેવું સાંભળવું હોય તે) બહુ જ વિનય અને વિવેકથી કહ્યા કર અને તેમની સામે ન્યાઝો અદબ સાથે નમ્રતાપૂર્વક ગરદન ઝુકાવીને રાખજે. અને (તેમના હકમાં) દુઆ કર કે : ‘અય મારા પાલનહાર, જે

રીતે આ બંનેએ મારા બચપણમાં (મને નાનપણથી ઉછેરવામાં મારી ઉપર કૃપા કરી હતી) મારી પરવરીશ કરી છે, તેવી જ રીતે તું પણ તેમના પર રહેમ કર.” (૧૭ : ૨૩-૨૪)

**વાજીબ કાર્ય છોડવાનો કે હરામ કામ કરવાનો હુકમ, વાલેદૈન આપી શકે નહી.**

સામાન્ય રીતે એ વાત જાણવી પણ જરૂરી છે કે તમામ હુકમ અને નિષેધમાં સંપૂર્ણ રીતે વાલેદૈનની ઇતાઅત વાજીબ

નથી. પરંતુ તેમની ઇતાઅત એ વાત પર આધારીત છે કે તેઓ હરામ કામનો હુકમ ન આપતા હોય અને વાજિબે કતઈથી મના કરતા ન હોય. આ વિષયમાં કુરઆનમાં સ્પષ્ટ બયાન મૌજૂદ છે.

“અને અમે ઇન્સાનોને તેમના મા-બાપ સાથે નેક વર્તાવ કરવાનો હુકમ આપ્યો છે. અને (એમ પણ કહ્યું છે) કે તને તારા મા-બાપ એ વાત પર મજબુર કરે કે તું કોઈને પણ મારો શરીક બનાવ કે (જેને

શરીક કરવાનું) તને ઇલ્મ પણ ન હોય, તો વાલેદૈનની આજ્ઞા માન નહી.” (૨૯ - ૭)

આ સિવાય મા-બાપની ઇતાઅત કરવાની એટલી બધી તાકીદ કરવામાં આવી છે કે અવલાદની નાફરમાની કે વિરોધ વાલેદૈનની નારાજગી કે તકલીફનું કારણ બની ન જાય. કારણ કે કુરઆનના હુકમ પ્રમાણે તેમને તકલીફ આપવી હરામ છે. તેથી મા-બાપ કોઈ કામ કરવાનો હુકમ આપે અથવા કોઈ કામ કરવાની મનાઈ કરે અને સંતાન તેમની મરજીની વિરૂધ્ધ

કામ કરે, તો વાલેદૈનને અવશ્ય તકલીફ પહોંચશે. અને તેવા સંજોગોમાં વાલેદૈનની ઇતાઅત કરવી વાજીબ અને તેમની અવગણના કરવી હરામ થશે.

## વાલેદૈનના હુકમની અવગણનાની વિગત :

પરંતુ એ સંજોગોમાં જયારે મા-બાપ કોઈ બાબતનો હુકમ આપે અથવા કોઈ કામ કરવાની મનાઈ કરે, પરંતુ સંતાન તેની અવગણના કરે તો તેમને કોઈ તકલીફ ન થતી હોય કે તેઓ નારાઝ ન

થતા હોય (તેમની દ્રષ્ટિએ હુકમની અવગણનાનું મહત્વ ન હોય) તો તેવા સંજોગોમાં સંતાનોની એવી અવગણના હરામ ગણાશે નહીં. દાખલા તરીકે કોઈ વાલેદૈન તેના ફરઝંદને મુસાફરી કરવાની મનાઈ કરે અને છતાંય ફરઝંદ મુસાફરી માટે નિકળી જાય. તે વખતે વાલેદૈન નારાઝ ન થાય તો તે સફર મુબાહ ગણાશે. તેનાથી ઉલ્ટું જો ફરઝંદની મુસાફરીથી વાલેદૈનને તકલીફ થતી હોય તો તે સફર ગુનાહના કામમાં ગણાશે. અને

તેવી સફર કરનાર ફરઝંદે નમાઝ (ક્સ્ર નહીં પણ પુરી) પડવી પડશે. (અને માહે મુબારક રમઝાનમાં સફર કરે તો) રોઝા પણ રાખવા પડશે.

**પત્ની દ્વારા પતિની ઇતાઅત :**

જેમની ઇતાઅત કરવી ખુદા અને રસૂલની ઇતાઅત કરવા સમાન ગણાય છે, તેમાં પતિના હકમાં પત્નિની ઇતાઅતનો સમાવેશ થાય છે. કુરઆને મજીદમાં ઇરશાદ છે :

"પુરૂષોને સ્ત્રીઓના કાર્યોમાં સરપરસ્તીનો હક છે. કારણ કે ખુદાએ અમુક (પુરૂષ)ને અમુક (સ્ત્રીઓ) પર ફઝીલત આપેલી છે. (આ સિવાય) પુરૂષો (સ્ત્રીઓ માટે) પોતાનો માલ ખર્ચે છે. એટલે ખુશનસીબ સ્ત્રીઓ તો (તેમના પતિઓની) તાબેદારી કરે છે. અને તેમની ગેરહાજરીમાં ખુદાએ જે રીતે હિફાઝત કરવાનો હુકમ આપ્યો છે તેવી રીતે (દરેક વસ્તુની) હિફાઝત કરે છે." (૪-૩૪)

અલ્લાહ તઆલાએ પુરૂષોને સ્ત્રીઓ ઉપર ફઝીલત (અગ્રતા) આપી અને તેના સંરક્ષક અને સરપરસ્ત એટલા માટે બનાવ્યા કે અલ્લાહે સ્ત્રીઓના પ્રમાણમાં પુરૂષોને તેના ફઝલો કરમથી ઘણી બધી બાબતો વધારે અર્પણ કરી છે. જેમકે અક્કલ, પ્રબંધ-કુશળતા, શારિરિક શક્તિ અને સમજણ શક્તિમાં વધારો, વિગેરે વિગેરે. આ ઉપરાંત સ્ત્રીઓને ખોરાક, પોશાક, રહેઠાણ, મહેર (નિકાહ વખતે પુરૂષ તરફથી અપાતી રકમ) વગેરે પણ

પુરૂષો તરફથી આપવામાં આવે છે. તેથી નેક સ્ત્રીઓ તેમના પતિના હક્કો અદા કરવામાં અલ્લાહનો હુકમ માનનારી હોય છે. અને પતિની ગેરહાજરીમાં પોતાનું ચારિત્ર પાકદામન તેમજ પતિના માલને સુરક્ષિત રાખે છે.

આ વિષયમાં હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

“એક ઇન્સાનને બીજા ઇન્સાનનો સજદો કરવો જાએઝ નથી. આ કામ

જાએઝ હોત તો હું સૌથી પહેલા સ્ત્રીને હુકમ આપત કે તેના પતિને સજદો કરે.” (વસાએલુશ્શીઆ, કિતાબે નિકાહ, ભાગ ૧૮૧)

**પતિ પત્નીના સંબંધમાં ‘તમકીન’ વાજીબ છે. :**

પત્નિએ પતિની ઇતાઅત કરવી જોઈએ તે વિશે ઘણીય રિવાયત જોવા મળે છે. પરંતુ સ્ત્રીઓએ એક વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે સામાજિક જીવનના વ્યવહારમાં પતિની ખુશ્નુદી

મેળવવી મુસ્તહબ છે. એટલું જ નહીં, તેના માટે બેહતરીન ઇબાદત પણ છે, પરંતુ ‘તમકીન’ એટલે કે હમબિસ્તરી માટે પતિની ઇતાઅત કરવી ફોકહાની દ્રષ્ટિએ સંપૂર્ણપણે વાજીબ છે. આ ઉપરાંત પત્નિએ ઘરની બહાર નિકળવા માટે શૌહરની પરવાનગી લેવી વાજીબ છે. સ્ત્રીએ પોતાના મા-બાપના ખબર અંતર પૂછવા (અયાદત કરવા) કે મળવા જવું હોય, તો પણ આ હુકમ લાગુ પડે છે. પતિની પરવાનગી વગર ઘરની બહાર નિકળનાર

સ્ત્રી ઉપર તે ઘરે પાછી ફરશે ત્યાં સુધી જમીન અને આસમાનમાં રહેનાર તમામ ફરિશ્તા તથા રહેમત અને ગઝબના ફરિશ્તા લાનત કરતા રહે છે.

**મુસ્તહબ ખર્ચ પતિની મંજુરીથી થવો જોઈએ. :**

સ્ત્રીએ પોતાના રોજીંદા વ્યવહારમાં મુસ્તહબ (સુન્નત) ખર્ચ કરવા માટે પતિની પરવાનગી પ્રાપ્ત કરવી આવશ્યક છે. જો સ્ત્રી પોતાના અંગત માલમાંથી ખર્ચ કરતી હોય, તો પણ પતિની રજા લેવી જરૂરી છે.

પત્નિ દ્વારા કરવામાં આવતી નઝર પતિ રજા આપે એ શરતે જ સહીહ થશે. અલબત એ વાજિબાત જેમકે વાજીબ હજ, ઝકાત, ખુમ્સ અને નઝદીકના સગાંવ્યહાલાઓ અને મા-બાપ સાથે નેકી કરવા માટે પતિની પરવાનગી જરૂરી નથી. પરંતુ (કદાચ) તે મનાઈ કરે, તો પણ શરઈ વાજિબાત અદા કરવામાં કોઈ અસર થશે નહીં. જો કોઈ સ્ત્રી પોતાના પરવરદિગારની ખુશ્નુદી મેળવવા માટે પોતાના પતિની ઇતાઅત બજાવી લાવે,

ભલે તે મુસ્તહબ કાર્યો માટે હોય કે વાજીબ કાર્યો માટે, બેશક તેણીએ ખુદાવંદે આલમ અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની પયરવી કરી છે અને બેહતરીન ઇબાદત બજાવી છે.

**ઝાલિમ હાકિમને તાબે થવું ન જોઈએ :**

આપણે જાણી ચુક્યા કે ખુદાવંદે તઆલાની ઇબાદત અને ઇતાઅત તેમજ ખુદા જેની ઇતાઅત કરવાનો હુકમ આપે તેની ઇતાઅત કરવી વાજીબ છે. આથી

પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ બાર ઇમામો તેમના નાયબો અને જેની ઇતાઅત કરવી શરીઅતે મુકદ્દસમાં અને હુકમે ખુદા દ્વારા કરવામાં આવી છે, તે બધાની ઇતાઅત વાજીબ છે.

પરંતુ દાવા અને ફેંસલા (ન્યાય) મેળવવા માટે ઝાલિમ હુકુમતની કહેવાતી અદાલતોમાં હાજર થવું એ શયતાનની હુકુમતને શરણે થવા સમાન છે. એવી અદાલતોનો આશરો લેવો હરામ છે. એવી

અદાલતો મારફતે મળતા ફેંસલાથી પોતાના હકનો માલ મેળવવો પણ હરામ છે. આ બારામાં હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ઇરશાદ ફરમાવ્યું :

"જે કોઈ ઝાલિમ હાકિમની અદાલતમાં, પોતાનો એવો દાવો દાખલ કરે જે હક (સચ્ચાઈ) ઉપર આધારિત હોય કે ન હોય, એ પ્રકારનો દાવો કરવો એ (સરકશ અને ગૈરે ખુદાને) મઅબૂદ, કાઝી અને હાકિમ સમજવા સમાન છે. અને એવી અદાલતનો આદેશ સ્વિકારી લે તે

દીને ખુદાની વિરૂધ્ધ અને હરામ છે, ભલે તેવી અદાલતથી મળેલ વસ્તુ ઉપર તેનો હક શરઈ રીતે સાબિત હોય.” (વસાએલુશ્શીઆ, કિતાબે કઝા, ભાગ-૧૧)

કુરઆને મજીદ ઝાલિમ હાકિમ પ્રત્યે વફાદારીનું વલણ રાખવાની મનાઈ ફરમાવે છે.

“પછી કોઈ વાતમાં તમારી વચ્ચે વિખવાદ (ઝઘડો) થાય તો તે વખતે ખુદા અને રસૂલ તરફ રૂજુઅ થાઓ. (ઝાલિમ અને સરકશ હાકિમ તરફ નહીં.)” (૪-૫૯)

**બે અમલ આલિમ અનુકરણને પાત્ર નથી. :**

જેવી રીતે હક ઉપર ન હોય તેવા ઝાલિમ હાકિમ તરફ રજુ થવાની મનાઈ ફરમાવવામાં આવી છે, તેવી જ રીતે દીની અહેકામો અને શરઈ મસઅલા મસાએલ જાણવા માટે, માલે દુનિયા અને જાહો જલાલીની લાલચ રાખતા હોય તેવા બે અમલ આલિમનું અનુકરણ કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

આલિમે દીનની શરતો વિશે આગળ "આઝાદ ફકીહની પૈરવી"ના વિષયમાં વર્ણન થઈ ચૂક્યું છે. જો કોઈ આલિમે દીન અથવા ફકીહ એ શરતોનું પાલન કરતા ન હોય, તો તેની પૈરવી કરવી જાએઝ નથી. આ વિષયની ફક્ત બે રિવાયત પ્રસ્તુત કરવામાં આવે છે.

**દુનિયાપૂજક આલિમો રાહે ખુદાના લૂંટારા છે :**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે :

જયારે તમે કોઈ દુનિયા દોસ્ત આલિમને જુઓ તો તેને દીનદાર ન સમજો, બેશક કોઈ વ્યક્તિ જે વસ્તુને ચાહતી હશે તેની હાલત અને તબિયત તે વસ્તુ જેવી જ હશે. (એટલે કે જેને માત્ર દુનિયાની જ મોહબ્બત હશે તેને આખેરત સાથે કોઈ લાગતું વળગતું નહીં હોય) જેમકે અલ્લાહ તબારક વ તઆલાએ દાઉદ અલય્હિસ્સલામ પર વહી નાઝિલ ફરમાવી : ‘અય દાઉદ ! મારી અને તમારી વચ્ચે એ આલિમોનો વાસ્તો કરાર

ન આપો, જે દુનિયાની મોહબ્બતમાં ફસાએલા હોય, તેવાઓ તમને પણ મારી મોહબ્બતથી રોકશે. (એટલે કે એવા આલિમ તમને પણ દુનિયાનો દોસ્ત બનાવી દેશે.)'

"નિ:સંશય એવા આલિમો મારી બારગાહ સૂધી આવનાર બંદાઓનો રસ્તો રોકનાર લૂંટારા છે. તેમની સાથે હું ઓછામાં ઓછો જે વ્યવહાર કરીશ તે એ હશે કે મારી સાથે રાઝો નિયાઝની વાતો

કરવાનો શોખ અને મિઠાસ તેમના દિલોમાંથી ખૂંચવી લઈશ.” (ઉસૂલે કાફી)

**માત્ર અલ્લાહ માટે જ ફકીહ થવું જોઈએ :**

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામથી રિવાયત છે કે જો કોઈ આલિમો સાથે ગર્વ કરવા અથવા બેવકુફો સાથે ઝગડવા અથવા સત્તા પ્રાપ્ત કરી લોકોનું લક્ષ પોતાના પ્રત્યે કેન્દ્રીત કરવા માટે ઇલ્મ મેળવે તો તેણે (જાણે) પોતાની રહેવાથી જગ્યા આગથી ભરી દીધી છે.

બેશક સત્તા (સરદારી) જુદી બાબત છે. જે તેના જેવા લોકો માટે યોગ્ય છે, પણ એહલે ઇલ્મ માટે યોગ્ય નથી.

**જનસમાજ ‘મુકસ્સિર’ (અલ્લાહના હુકમોને અવગણનાર) છે. :**

બેશક, એ તમામ લોકો એહલેબૈતે અત્હાર સલવાતુલ્લાહે અલયહિમ અજમઈન અને તેમના તરફથી નિયુક્ત થએલા ઓલમાએ રબ્બાનીથી જાણી બુઝીને દૂર રહીને પોતાની ખ્વાહીશાતે નફસાની પુરી કરવા માટે બીજાઓનું

અનુકરણ કરે છે, તેવા લોકો "મુકસ્સિર" (એટલે કે શક્તિ અને ઇખ્તયાર હોવા છતાં અલ્લાહના હુકમોનું પાલન કરવાનું છોડી દેનાર) છે. અને નીચેની આયતે શરીફાના અર્થઘટનમાં આવી જાય છે.

"શું તમે એ શખ્સને જોયો જેણે પોતાની નફસાની ખ્વાહીશ (વાસના)ને પોતાનો ખુદા (મઅબુદ) બનાવી રાખેલ છે." (૪૫ - ૨૩)

**પાંચમું : ઇબાદતમાં તૌહીદ અને શિર્ક :**

પરવરદિગારે આલમે પોતાના મહાન ફઝલો-કરમનો લાભ લેવા માટે તેની બારગાહમાં હાજર થવા, તમામ બંદાઓને ‘દાવતે આમ’ આપી છે. બંદાઓ અલ્લાહની બારગાહમાં હાજર થઈને તેની રહમતો, બરકત અને અનેક નેઅમતોનો અગણિત ફાયદો ઉઠાવીને એવા ઉચ્ચ દરજ્જા સુધી પહોંચી શકે છે. જ્યાં પહોંચવાની આ પહેલા કોઈએ કલ્પના કરી નહીં હોય. એ સ્થાન આંખોથી જોયું નહીં

હોય કે ન તો એના વિશે સાંભળવાની કોઈ કાનને તક મળી હશે.

“કોઈ પણ વ્યક્તિ એ વાત જાણતી હોતી નથી કે તેના આમાલ (સુકાર્યો)ના બદલામાં (અલ્લાહ પાસે) એવી એવી વસ્તુઓ સંતાડી રાખવામાં આવી છે, કે જે એની આંખોની ઠંડક બની રહે.” (૩૨-૧૭)

**બશરે ખાકી કુજા, રબ્બુલ આલમીન કુજા:**

**નાશવંત મનુષ્ય ક્યાં ? કાએનાતનો સર્જનહાર ક્યાં?**

ઉપરના મથાળામાં આપેલ વિધાનનો અર્થ સ્વયં સ્પષ્ટ છે. તે મુજબ: માલીત તોરાબે વ રબ્બુલ અરબાબે (ચે નીસ્બત ખાકરા બા આલમે પાક) અલ્લાહ તઆલાના બંદાઓ વસીલા અને અમલ વિના વ્યક્તિગત યોગ્યતા વગર કુર્બે ઇલાહી તરફ કોઈપણ સંજોગોમાં ડગ માંડી શકતા નથી. (જો કે નાચીઝ બંદાની કોઈ માધ્યમ કે અમલ વગર "મુજરીદે મહઝ"ની નિકટતા ઇચ્છવી અશક્ય છે.) તેથી જ ખુદાએ આલિમ અને હકીમે

પોતાની ગૂઢ હિકમતથી હઝરતે ખાતમુલ અબિયા-વ-અઇમ્મએ-હોદા-સલવાતુલ્લાહે વ સલામુલ્લાહ અલયહિમ અજમઈનને ખુદાના બંદાઓ માટે વસીલા અને મધ્યસ્થતાથી ઇબાદત વડે (કુર્બતનો ઝરયો) નિકટતા પ્રાપ્તિનું માધ્યમ બનાવ્યા. જેથી તેમના મજબુત રીશ્તા મારફત ખાકી બંદા માટે પોતાના મઅબુદે આલી સુધી પહોંચવાનું શક્ય બને.

નફસે ઇન્સાની ઉપર વસીલાની પ્રબળ અસર થાય છે અને માનવીની

પ્રકૃતિ એ રીતે બદલાઈ જાય છે, જે રીતે રસાયણનો સ્પર્શ થવાથી તાંબુ સોનું બની જાય છે. એવી જ રીતે ખુદાની ઇબાદતના નૂરાની અસરથી નફસનો અંધકાર પ્રકાશમય બની જાય છે. અને પછી પાકીઝગીના તમામ તબક્કાઓમાંથી પસાર થઈ ઇબાદતની બરકતથી કુર્બતે ઇલાહીની બિછાત પર ડગ માંડીને બંને જહાનની ખૈર અને ખૂબી મેળવી શકે છે.

## નિય્યતમાં ખુલૂસ :

ઇબાદત કબૂલ થવા માટેની કેટલીક શરતો છે. જેમાં સૌથી મુખ્ય શર્ત નિયતમાં ખુલૂસ હોવું જરૂરી છે. એટલું જ નહીં (નિય્યત ઉપરાંત) અમલમાં પણ ખુલૂસ હોવું એટલું જરૂરી છે. જેટલું જીવતા રહેવા માટે રૂહનું હોવું જરૂરી છે. જો ઇબાદત ખાલિસ નહીં હોય તો દરગાહે ઈલાહીથી નઝદીક થવાની વાત તો બાજુએ રહેશે પણ પોતાના ખાલિકથી બંદો વધુ ને વધુ દૂર થઈ જશે. કુરઆને મજીદમાં આ

વિષયની ઘણી આયતો મૌજૂદ છે. જેમાંની કેટલીક આયતોનો અહીં ઉલ્લેખ કરીએ છીએ-

"(અય રસૂલ) તું કહી દે કે મને હુકમ આપવામાં આવ્યો છે કે હું અલ્લાહ માટે જ નિર્મળ મનથી (ખાલિસ) ઇતાઅત કરીને અલ્લાહની બંદગી કરૂં." (૩૯-૧૪)

"અને દીનને તેના માટે જ ખાલીસ રાખી (નરમીથી) નિખાલસ ઇબાદત કરીને તેની પાસે જ દુઆ માંગો." (૭-૨૯)

"જે શખ્સ પોતાના પરવરદિગાર સમક્ષ હાજર થવા માટે ઇચ્છુક હોય (તો) તેણે નેક (ખાલિસ) અમલ (સદ્‌કાર્યો) બજાવી લાવવા જોઈએ, અને પોતાના પરવરદિગારની ઇબાદતમાં (બીજા) કોઈને શરીક કરે નહીં. અને રિયાએ સુમ્આહ) (એટલે કે આડંબર)થી બચે." (૧૮-૧૧૦)

**રિયાકાર મુશ્રીક છે: (રિયાકાર એટલે ફક્ત લોકોને દેખાડવા માટે ઇબાદત અને નેક કામ કરનાર)**

મોઅતબર રિવાયતોથી જાણવા મળે છે કે કોઈ પણ નેક કામ દેખાવ ખાતર કરનાર શખ્સ મુશ્રીક અને મુનાફિક (દાંભિક) છે. રિયા કરનાર પરવરદિગારે આલમના અઝાબમાં ગિરફતાર થશે અને પરવરદિગાર તેની ઉપર ગઝબનાક થશે. રિયાકારની રિયા વાજિબાતમાં હોય કે સુન્નત કામો માટે હોય, તે સંપૂર્ણ રીતે ફક્ત

રિયા (દંભ દેખાડ, આડંબર) માટે જ નેક અમલ કરતો હોય કે શિર્કની રિયા કરતો હોય, તે પરવરદિગારના અઝાબને પાત્ર બનશે. બીજા શબ્દોમાં કહીએ તો રિયાકાર લોકોમાં ખ્યાતિ પામવા, માનવંત બનવા અને લોકોની ખુશ્નુદી માટે ઇબાદત કરતો હોય છે, અને સાથો સાથ ખુદાનો હુકમ બજાવી લાવવાનો ઇરાદો પણ રાખતો હોય છે. અને તેવી રીતે ખુદાની મરઝીને તાબે થઈને કુર્બત (નઝદીકી) પ્રાપ્ત કરવાનો ઇચ્છૂક હોય છે. (આ પ્રકારની

ઇબાદતને શિર્ક-દર-મકામે-ઇબાદત કહેવામાં આવે છે.)

માનવંતા વાચકોએ આ વિષયની વધુ માહિતી ઉપલબ્ધ કરાવવા માટે કુરઆને મજીદની કેટલીક આયતોનો અત્રે ઉલ્લેખ કરીએ છીએ. જેમાંની એક સૂરએ નિસાની નીચે મુજબની આયત છે -

“બેશક મુનાફિકો (દાંભિકો) ખુદાને ફરેબ આપવાના પ્રયત્ન કરે છે. ખરેખર ખુદા તેઓને તેમના મકરો ફરેબનો બદલો દેનાર છે. આ લોકો જયારે નમાઝ પડવા

માટે ઉભા થાય છે, ત્યારે (બે દિલી અને) આળસાઈથી ઉભા રહે છે, અને ફક્ત લોકોને દેખાડવા માટે ઉભા રહે છે અને રિયા કરે છે. પણ દિલથી ખુદાની યાદ ઓછી કરે છે. આ લોકો કુફ્ર અને ઈમાનની વચ્ચે ડામાંડોળ (ઝુલી રહ્યા) છે, તેઓ ન તો મોઅમિનો સાથે છે (કારણ કે તેમનું બાતિન કુફ્રથી ભરેલું છે) અને ન તો કાફિરોના સમુહ સાથે છે. (કેમકે જાહેરમાં તો એ મુસલમાન છે અને મોઅમિન જેવા લાગે છે.)" (૪-૧૪૨)

સૂરએ માઉનમાં ફરમાવે છે.:

"એવા (રિયાકાર) નમાઝ ગુઝારો માટે સખ્ત અઝાબ તૈયાર છે, જેઓ પોતાની નમાઝથી ગાફિલ અને બેદરકાર રહે છે. (નમાઝને અહમીયત-મહત્વ આપતા નથી.) તે લોકો પોતાના આઅમાલ દેખાવ પુરતા કરે છે. (જેથી લોકો તેમની પ્રશંસા કરે.)" (૧૦૭-૪)

## રિયા શિર્કે અસગર છે :

હઝરત પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું:

“તમારા વિશે હું જે વસ્તુથી વધારે ડરૂં છું તે ‘શિર્કે-અસગર’ છે.” કોઈએ અર્ઝ કરી : ‘અય પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ નાના શિર્કનો અર્થ શું છે ?’ આપે ફરમાવ્યું : ‘તે રિયા છે. કયામતના દિવસે જયારે અલ્લાહ તઆલા તેના બંદાને (સારા) કામની જઝા આપશે ત્યારે રિયાકારોને કહેશે, તમે જે લોકોને ખૂશ કરવા માટે દુનિયામાં નેક કામ કરતા હતા તેમની પાસેથી તમારા નેક કામોનો બદલો મેળવો. શું તેઓ પાસેથી (આજે)

કોઈ બદલો મળવો શક્ય છે ખરો ? (હરગીઝ નહીં)" (બેહારૂલ અન્વાર)

## રિયાકાર પોતાની જાતને છેતરે છે :

"હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને કોઈએ પૂછયું કે : કયામતના દિવસે નજાત (મુક્તિ) કઈ રીતે થશે ? આપે ફરમાવ્યું 'અલ્લાહ તઆલાની સાથે દગાબાજી ન કરો, તેમાં નજાત છે. બેશક, જો કોઈ અલ્લાહ તઆલા સાથે દગો કરશે, તો અલ્લાહ પણ તેની સાથે દગો કરશે (એટલે

કે તેને તેના દગાનો બદલો આપશે.) અને તેની પાસેથી ઈમાન છીનવી લેશે અને વાસ્તવમાં અલ્લાહ સાથે દગો કરનાર સમજુ હોય, તો તે અલ્લાહ સાથે નહીં પણ પોતાની જાત સાથે જ દગો કરે છે. કોઈએ પૂછયું : 'અલ્લાહ તઆલાને દગો અને ફરેબ કઈ રીતે આપી શકાય છે ?' આપે ફરમાવ્યું : 'બંદો અલ્લાહનો હુકમ તો બજાવી લાવે છે પણ તેમા ગૈરે ખુદા (ખુદા સિવાય અન્ય કોઈ)ને ખૂશ કરવાનો તેનો ઇરાદો છુપાએલો હોય છે.' તમો

અલ્લાહથી ડરો અને રિયાથી પરહેઝ કરો. યકીનન રિયા એ અલ્લાહ સાથે શિર્ક બાંધવું છે. બેશક, કયામતના દિવસે રિયાકારને ચાર નામોથી સંબોધવામાં આવશે, અય કાફિર, અય ફાજિર (ગુનેહગાર), અય ગાદીર (મક્કાર), અય ખાસિર (રિયાકાર), તારો અમલ બાતિલ અને તારા અજ્રો સવાબ નકામા થઈ ગયા. આજે તારૂં કંઈ મહત્વ નથી. જા જેના માટે (દુનિયામાં) તું અમલ કરતો હતો તેની

પાસે જઈને અજ્રો સવાબ માંગ.” (મહજ્જતુલ બયઝાએ બેહારૂલ અન્વાર)

**જહન્નમની આગ રિયાકારને કારણે રડશે:**

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ અને હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે :

‘બેશક, જો કોઈ ખુદાનો બંદો અમલે ખૈર બજાવી લાવે અને તેમા તેનો હેતુ અલ્લાહની ખૂશી અને આખેરતનો સવાબ મેળવવાનો હોય અને સાથો સાથ તેમા

લોકો (મખ્લૂક) ને ખૂશ કરવાનો પણ ઇરાદો રાખતો હોય તો તે મુશ્રીક ગણાશે.' (બેહારૂલ અન્વાર)

હઝરત પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત છે કે આપે ફરમાવ્યું : "બેશક, જહન્નમની આગ અને જહન્નમવાસીઓ રિયાકારોને લીધે ફરિયાદ કરશે." કોઈએ પૂછયું : "યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આગ કેવી રીતે રડે છે ?" આપે ફરમાવ્યું : "રિયાકાર

લોકોને જે આગના અઝાબમાં નાખવામાં આવશે આગની ગરમીની તીવ્રતાને કારણે તેઓ ફરિયાદ કરશે.”

હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે ફરમાવ્યું :

“બેશક, ખુદાવંદે આલમે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને એ માટે મોકલ્યા હતા કે તેના બંદાઓને લોકોની પૂજા (પરસ્તીશ) કરતા અટકાવે અને ખુદાની ઇબાદત કરવાનું

માર્ગદર્શન આપે.” (સફીનતુલ બેહાર, જિ.૧)

**ક્યારેક ઇબાદતગુઝારને તેની ઇબાદત આગ તરફ ખેંચી જાય છે :**

અબૂ બસીરે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત નોંધી છે કે “કયામતના દિવસે એક બંદાને લાવવામાં આવશે જે દુનિયામાં નમાઝગુઝાર હતો. તેને કહેવામાં આવશે કે ‘તું દુનિયામાં નમાઝ પડતો હતો. પણ, તારો નમાઝ પડવાનો હેતુ એ હતો કે લોકો

તારી પ્રશંસા કરે અને કહે કે : જુઓ કેવી સરસ નમાઝ પડે છે. પછી તે શખ્સને આગમાં નાખી દેશે. ત્યારપછી બીજા માણસને લાવવામાં આવશે, જે કારીએ કુરઆન હશે. તેને કહેવામાં આવશે કે કુરઆનની તિલાવત કરવા પાછળ તારો ઇરાદો લોકો પાસે તારા કંઠ અને કિરાઅતના વખાણ કરાવવાનો હતો. તેને પણ આગ તરફ લઈ જવામાં આવશે. ત્રીજા માણસને લાવવામાં આવશે. જે જેહાદમાં શહીદ થયો હશે, તેને કહેવામાં

આવશે કે જેહાદ કરવાનો તારો હેતુ એ હતો કે લોકો તને બહાદુર અને પહેલવાન સમજે. તેને પણ જહન્નમમાં લઈ જવામાં આવશે. ચોથો માણસ દુનિયામાં રાહે ખુદામાં ખર્ચ (સખાવત) કરતો હતો તેને કહેવામાં આવશે કે તારો હેતુ 'દાનવીર' કહેવડાવવાનો હતો. પછી તેને પણ જહન્નમમાં નાખવામાં આવશે." (લેઆલી અખબાર, ભાગ-૮)

રિયાકાર મુશ્રિક છે એ વિષયની ઘણી હદીસો બલ્કે મુતવાતિર રિવાયતો જોવા

મળે છે. સાહેબાને દિલ અને એહલેઈમાન માટે ઉપરની હદીસ પૂરતી ગણાશે.

**ખુલૂસની ફઝીલત - રિયાની મઝીમ્મત:**

ઘણી રિવાયતોથી એ વાત જાણવા મળે છે કે રિયાકાર માટે આખેરતનું નુકસાન, અજ્રો સવાબની ઓછપ અને જહન્નમની આગમાં સળગવાનું છે. એટલું જ નહીં, દુનિયામાં પણ તે પોતાનો હેતુ પ્રાપ્ત કરી શકતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો રિયાકારનો મૂળ હેતુ લોકોની નજરોમાં માન અને મરતબો મેળવવાનો

હોય છે, તેમાં તે સફળ નહીં થાય, પરંતુ કેટલીક વાર તો તેને દુનિયામાં પણ શરમીંદગી અને બદનામીનો સામનો કરવો પડે છે.

કુરઆને મજીદનો ઇરશાદ છે :

દુનિયા અને આખેરત (બંનેનું) નુકસાન ઉઠાવ્યું અને તે જ સ્પષ્ટ નુકસાન છે. (આલોક તથા પરલોક બંને ગૂમાવી બેસે છે. (અને) એ જ તો ખુલ્લી હાની છે.)” (૨૨-૧૧)

આનાથી ઉલ્ટું મુખ્લિસ (રિયા વગરનો, નિર્મળ-સરળ) માણસ, આખેરતના અજ્રો સવાબ ઉપરાંત દુનિયામાં લોકોની નજરોમાં માનવંત અને મોહતરમ થશે. જેમકે સૂરએ કહફમાં છે :

"જે શખ્સ પોતાના પરવરદિગાર સામે હાજર થવાની આશા રાખતો હોય (તો) તેણે સદ્‌કાર્યો (અમલે સાલેહ) કરવા જોઈએ. અને પોતાના પરવરદિગારની ઇબાદતમાં (બીજા) કોઈને શરીક કરે નહી." (૧૮-૧૧૦)

ઉપરની આયતની તફસીરમાં હઝરત ઇમામે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :

"જે કોઈ વ્યક્તિ અલ્લાહ તઆલાની ખૂશી માટે નહીં પણ લોકોની પ્રશંસા મેળવવા માટે નેક અમલ કરે અને દિલમાં એવું ઇચ્છે કે લોકો તેને જુએ, સાંભળે અને તેને ખ્યાતિ મળે. આપે ફરમાવ્યું : આ એવો શખ્સ છે, જેણે પોતાના પરવરદિગારની ઇબાદતમાં બીજાને શરીક બનાવ્યા છે. ત્યારપછી આપે ફરમાવ્યું :

જો કોઈ બંદો પોતાના નેક અમલને ખાનગી રાખે (એટલે કે પોતાનો નેક અમલ માત્ર ખુદાની ખુશી માટે જ બજાવે) તો ખુદાવંદે આલમ તેના અમલને જાહેર કરશે અને જો કોઈ બંદો પોતાના નેક અમલને છુપા ન રાખે પણ તેની જાહેરાત કરે (જેથી લોકોને તેના અમલની જાણ થાય અને તેના વખાણ થાય) તો જેમ જેમ સમય પસાર થતો જશે તેમ તેમ અલ્લાહ તઆલા તેની બુરાઈઓને જાહેર

કરતો જશે. (અને તે ઝલીલ અને ખ્વાર થશે.)” (કિતાબે કાફી)

**સાચો અમલ તેજસ્વી હોય છે. :**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :

“કોઈ એવો ઇરાદો કરે કે ફક્ત થોડો નેક અમલ કરીને અલ્લાહ તઆલાને ખૂશ કરીશ, તો ખુદાવંદે કરીમ તેના અમલને ખૂબ જ વધારીને લોકોમા જાહેર કરશે, તેની નજરોમાં આદરણીય થશે. (આનાથી ઉલ્ટું) જો કોઈ વધુમાં વધુ અમલ કરે,

અમલ કરવામાં જે તકલીફ અને ઝહેમત ઉઠાવે, ઇબાદત માટે રાત્રીના ઉજાગરા કરીને થાકી જાય, પરંતુ તેની નિય્યત લોકોની પ્રશંસા અને દાદ મેળવવાની હોય તો ખુદાવંદે આલમ તેના વધારે અમલને લોકોમા સાવ સાધારણ ગણાવીને કાનોમાં એ વાત પહોંચાડશે. (એટલે સુધી કે લોકો તેનાથી નફરત કરવા લાગશે.)” (કિતાબે કાફી)

**દંભ-ફીકહી દ્રષ્ટિકોણથી :**

જો કોઈ "ઇબાદતમાં શિર્ક" જેવા ભયાનક ગુસ્સામાં ફસાયું હોય અને તેમાથી છુટવા માટે તૌબા કરવાનો ઇરાદો હોય, તો (૧) સૌથી પહેલા મનોમન ખરેખરી ભોંઠપ અનુભવવી જોઈએ. પછી (૨) તે (દેખાડવા માટે નેક અમલના) ગુનાહોનો હંમેશા ત્યાગ કરવાનો મક્કમ ઇરાદો કરવો જોઈએ. અને (૩) ત્રીજું ત્યારપછી સઘળી ઇબાદત ખાલિસ અલ્લાહ માટે જ બજાવવાની નિય્યત કરી લેવી જોઈએ.

અર્થાત સૌથી પહેલા થઈ ગએલા ગુનાહનો ઇસ્તગ્ફાર અને તલબે મગ્ફેરત કરવી વાજીબ છે. બીજું જે ઇબાદતમાં રિયા કરી હોય તે ઇબાદત ફરીથી બજાવવી જોઈએ. ભલે પછી તે સમગ્ર ઇબાદત રિયાના હેતુથી કરી હોય કે તેનો અમુક ભાગ એટલે ઇબાદતનો પ્રારંભ ગૈરે ખુદા પ્રત્યે અમલ કરવાના ઇરાદાથી થયો હોય, પણ વચ્ચેના ભાગમાં ખુદાની ખૂશી શામિલ થઈ ગઈ હોય તો પણ તે રિયામાં ગણાશે. જેમકે વાજીબ ઝકાત

પરવરદિગારની ફરમાબરદારીના ઇરાદાથી આપી હોય પણ સાથોસાથ ઝકાત લેનાર પાસેથી કોઈ ફાયદો મેળવવાની કે નુકસાન દૂર થવાની આશા પણ રાખતો હોય અથવા તો એમાં લેનારની બુઝુર્ગી અને એહતેરામનો ઇરાદો પણ શામેલ હોય, તો એ સંજોગોમાં ફરીથી માત્ર ખુદાની ખુશ્નુદી માટે ઝકાત આપવી વાજીબ છે.

નમાઝ ફરીથી પડવાથી એ ફર્ક નહીં પડે કે તમામ અમલ દેખાડવા માટે હતો કે



HAJINAJI.com

કોઈ એક ભાગ, એટલે સુધી કે નમાઝનો કોઈ એક મુસ્તહબ અમલનો કોઈ એક ભાગ રિયા માટે બજાવી લાવે. દાખલા તરીકે કુનુત પડવી, તો એહતેયાતન ફરીથી તેનું પુનરાવર્તન કરે અથવા તો અમલની કૈફિયતમાં રિયા દાખલ થઈ જાય, જેમકે ઘણી વખત બનતું હોય છે કે લોકો દેખાવ માટે નમાઝે જમાતમાં શીરકત અથવા પહેલી સફ (હરોળ)માં વહેલા આવીને બેસી જાય અથવા તો (દેખાડવા માટે) અવ્વલે વક્તમાં જ

નમાઝ અદા કરવાનો આગ્રહ રાખે, તો તે તમામ સંજોગોમાં (રિયાકારની) નમાઝ બાતિલ થશે.

## ઇબાદત સિવાયના કાર્યોમાં રિયા :

ફક્ત દુનિયાદારીના કામો જેની ગણત્રી ઇબાદતમાં થતી નથી તેમાં રિયાકારી હરામ હોવા વિશેની કોઈ સ્પષ્ટ દલીલ મળતી નથી. તેથી તેના વિશે ફોકહાએ ઉઝઝામ તેની હુરમત વિશે કોઈ ફતવો આપતા નથી. પરંતું એહલે ઇમાન રિયાના તમામ પ્રકારથી પરહેઝ કરે છે,

કારણ કે તે રાહે એહતયાત અને નજાત છે. એટલે સુધી કે તેઓ દુન્યવી અને મુબાહ કાર્યોમાં પણ રિયાથી બચે છે. રિયાકારીનું ઉદગમસ્થાન દુન્યાની દૌલત અને ઇઝઝતની મોહબ્બત છે. જયારે દુનિયા અને માલે દુનિયા પ્રાપ્ત કરવાની બૂરી આદત પડી જાય છે. અને તેની તીવ્રતા વધી જાય છે, તો ધીમે ધીમે ઇબાદતે ઇલાહીમાં પણ તે રિયાકારી પ્રવેશી જાય છે.

મરહૂમ ફૈઝ કાશાની "મોહજ્જતુલ-બૈઝા" નામની કિતાબમાં ઇબાદત અને ઇબાદત સિવાયના (દુન્યવી) કાર્યો વિશે નીચે મુજબ બયાન ફરમાવે છે:

રિયાકાર દેખાડવા માટે જે કામ કરે છે તેના પાંચ પ્રકાર છે.

(૧) શરીરની રિયા, (૨) હૈયત (શકલો-સુરત અને પોશાક)ની રિયા, (૩) કૌલી રિયા, (૪) અમલી રિયા, (૫) બાહ્ય અને જાહેર અમલમાં રિયા.


HAJINAJI.com

ઉપરના પાંચ પ્રકારની રિયા દુન્યવી અથવા આખેરતના કાર્યો સાથે સંબંધિત હોય છે. જેની વિગત નીચે મુજબ છે.

**(૧) શરીરની રિયા :**

આખેરતના કાર્યોની ઇબાદતમાં શરીરથી પ્રદર્શિત થતી રિયાનો અર્થ, પોતાના શરીર કમજોર બનાવીને એવો દેખાવ કરવો કે ખૌફે ખુદા, ખુદાના ભય અને ડરથી-ઇબાદતમાં (રાત્રીના જાગવાથી) શબ બેદારી વધારે કરવાથી

અને ઓછો ખોરાક લેવાથી શરીર નબળું થઈ ગયું છે અથવા લોકોને એવું દેખાડવા માટે કે પોતે રોઝેદાર છે, હોઠને સુકા રાખે અથવા પોતે આખેરતના કાર્યોમાં વ્યસ્ત છે એવું દેખાડે. જેથી લોકો આશ્ચર્ય પામે કે આ માણસ કેટલો પરહેઝગાર છે કે દિવસ અને રાત દીની કાર્યોમાં વ્યસ્ત રહે છે. શરીરથી જાહેર થતી દુન્યવી રિયા એ બીજો પ્રકાર છે. જેનો અર્થ મજબુત, તાકતવાન, ચરબીથી ભરેલ, સુશોભિત અને નાજુક દેખાતું શરીર છે. એટલે એવા

શરીરનો દેખાવ કરવો જે લોકોની નજરે ચડી જાય અને સારૂં લાગે.

**(૨) શકલો સુરત અને પોશાકની રિયા : આખેરતના કાર્યોમાં શકલો સુરત અને પોશાકની રિયા :**

દાખલા તરીકે મૂછો મુંડાવીને બિલ્કુલ સાફ રાખે, જેથી લોકોને એમ લાગે કે આ માણસ આદાબ અને સુન્નતે ઇસ્લામી પર કેટલો ચૂસ્ત રીતે અમલ કરે છે અથવા રસ્તા ઉપર ચાલતી વખતે માથું અને નજર નીચી કરીને પ્રભાવશાળી રીતે

ધીરે ધીરે ચાલે અને કપાળ ઉપર સજદાના નિશાન જાહેર છે. ગંદા, ફાટેલા અને થીગડા મારેલા કપડાં પહેરીને તર્કે દુનિયાનો દેખાવ કરે વિગેરે.

**દુન્યવી કામોમાં પોશાકની રિયા :**

દુનિયાવાળાઓને દેખાડવા માટે કિંમતી અને સુંદર પોષાક એ રીતે પહેરવો કે લોકોનું ધ્યાન પોતાની તરફ આકર્ષાય.

## (3) કૌલી રીયા:

### આખેરતના કાર્યોમાં કૌલી રિયા:

દાખલા તરીકે પોતે કોઈ ઝિક્ર કરવામાં મશગુલ હોય એવું દેખાડવા માટે લોકોની સામે હોઠ ફફડાવવા અથવા પોતાની ફઝીલત, બુઝુર્ગી અને ઇલ્મી કાબેલીયત દેખાડવા માટે વાએઝ અને નસીહત કરવી. તેમજ મજલિસો અને મહેફીલોમાં લોકોની સામે અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કરનો પ્રભાવ પાડે. પણ જો આ બધું કરવામાં ખુલૂસ

(નિર્મળ ભાવના) ન હોય. તેવી જ રીતે દુન્યવી કામોમાં કૌલી રિયાનો અર્થ એ છે કે લોકોની સામે પોતાની વિશિષ્ઠતાઓનો ઉલ્લેખ કરવો જેથી લોકો તેનું સન્માન કરે અને તેની ફઝીલતનો સ્વિકાર કરે. કોઈ પણ વિષય ઉપર ચર્ચા કે વાતચીત થતી હોય, તેમાં પોતાનો (સાચો કે ખોટો) અભિપ્રાય આપ્યા કરે, જેથી લોકો તેને વિદ્વાન અને જાણકાર માણસ સમજે. દરેકની ખુશામત અને દરેક સાથે હમદર્દી

વ્યક્ત કરે. જેથી લોકો તેના ચાહક બની જાય.

**(૪) અમલી રિયા :**

આખેરતના કાર્યોમાં રિયાકારી એટલે કે લોકોની સામે નમાઝ પડતી વખતે લાંબી લાંબી સૂરાઓની તિલાવત કરવી. રૂકુઅ અને સુજુદ લંબાવવા તથા ખુઝૂઅ અને ખુશૂઅનું પ્રદર્શન કરવું, વાજીબ અને મુસ્તહબ રોઝા રાખવા. હજ અને ઝિયારત બજાવવી, લોકોને જમાડવા અને સદકો તેમજ ખૈરાત એ માટે આપવા

કે આ બધું જોઈને લોકો તેને મઝહબી અને ઇબાદતગુઝાર સમજે.

દુન્યવી કાર્યોમાં રિયાકારી કરવી એટલે લોકો વધારે પ્રમાણમાં ભેગા થયા હોય ત્યાં લોકોની અપેક્ષા પ્રમાણે (સખાવત વિગેરે નેક કામમાં) રકમ આપવી. જેથી લોકો તેને સખી કહે અને પોતાને ખ્યાતિ પ્રાપ્ત થાય અથવા મોટી રકમ ખર્ચીને લોકોની દાવત આપે અને લોકોની આગતા સ્વાગતા કરે.

**(૫) બાહ્ય અને જાહેરી અમલમાં રિયા :**

આ પહેલા રિયાના ચાર પ્રકાર વર્ણવવામાં આવ્યા છે. જેનો સંબંધ ઇન્સાનની ઝાત સાથેનો હતો. હવે જે પાંચમો પ્રકાર બયાન કરવામાં અવશે તેનો સંબંધ બાહ્ય કાર્યો સાથે છે. આ પ્રકારની રિયા પણ દુન્યવી અને આખેરતના કાર્યોમાં થતી હોય છે. આખેરતના કાર્યોમાં આ પ્રકારની રિયાનું ઉદાહરણ એ છે કે કોઈ માણસ દીનદાર લોકો અને આલિમોની બેઠકમાં કોઈ પણ

પ્રકારના દિલી લગાવ વગર ફક્ત દેખાવ માટે શિરકત કરે અથવા ઇબાદતગુઝાર અને પરહેઝગારો સાથે દેખાવ પુરતો હળે મળે અથવા પોતાના ઘરે તેવા લોકોને નિમંત્રણ આપે જેથી લોકો તેને દીનદાર, ઇલ્મદોસ્ત અને બુઝુર્ગોંનો હમનશીન સમજે. આવી જ રીતે દુન્યવી કામોમાં રિયાકારી કરવાની મનાઈ છે. દાખલા તરીકે બાદશાહો અને સત્તાધિશોના દરબારમાં વધારે પડતી આવ જા કરી. જેથી લોકો તેનાથી પ્રભાવિત થઈ જાય

અને એ રીતે સીધા સાદા લોકો પાસેથી પોતાનો સ્વાર્થ સાધી લેવાય.

**રિયા નિય્યત સાથે સંકળાએલ છે :**

એક વાત જાણી લેવી જોઈએ કે રિયાનો આધાર ઇન્સાનની નિય્યત પર છે. બીજા શબ્દોમાં કહીએ તો એ દરેક કાર્ય જે લોકોને દેખાડવા માટે અથવા લોકોની નજરોમાં માન મરતબો મેળવવા માટે અથવા લોકોને ખૂશ કરવા માટે કરવામાં આવે તે દરેક કામ રિયામાં ગણાય છે.

ભલે પછી તે કામ દુન્યવી હોય કે આખેરત માટેનું હોય.

ઉપર જે પાંચ પ્રકારની રિયાના ઉદાહરણ આપવામાં આવ્યા છે તે વાસ્તવમાં જ્યાં સુધી અમલ કરનારનો ઇરાદો અને નિય્યત લોકોને દેખાડવા (રિયા) માટેનો ન હોય ત્યાં સૂધી રિયામાં ગણાશે નહીં. દાખલા તરીકે અલ્લાહ તઆલાની ખુશ્નુદી અથવા ફરમાબરદારીની નિય્યતથી સફાઈ (સ્વચ્છતા) રાખે તો તે અમલ ઇબાદત છે.

પરંતુ સફાઈ રાખવાનો એ અમલ જો લોકોને દેખાડવા માટે કરતો હોય, તો એ રિયા ગણાય છે. એવી જ રીતે સારો પોશાક પહેરવો, શ્રેષ્ઠ મકાન બનાવવું, વિગેરે અમલ ખુદાવંદે તઆલાની નેઅમતોને સંપૂર્ણપણે જાહેર કરવા માટે કરવામાં આવે, તો ઇબાદત છે અને દેખાવ અથવા પ્રશંસાનો ઇરાદો હોય, તો રિયા થઈ જાય છે. (આ વિષયમાં વિગતવાર વાચન માટે આ જ લેખકની કિતાબ કલ્બે સલીમનો અભ્યાસ કરવા વિનંતી છે.)

# પ્રકરણ - ચોથું

# કબાએરે - મન્સૂસહ

## (એટલે કે કુરઆનથી સાબિત થએલા મોટા ગુનાહો જેને ગુનાહે કબીરામાં ગણવામાં આવ્યા છે.)

## બીજો ગુનોહ

# યાસ – નિરાશા

## બીજો ગુનોહ :

# યાસ – નિરાશા

અલ્લાહની રહેમતથી નાઉમ્મીદ થવું એ બીજો ગુનાહે કબીરા છે.

જેનાથી ઇન્સાનને લઝઝત અને રાહ મળે એ ઠંડી હવા (પ્રાણવાયુ)ને શબ્દોકોશમાં ‘રોહ’ કહેવામાં આવેલ છે.

જે લોકો પરવરદિગારે આલમની કુદરત, ફઝલો કરમ અને અપાર રહેમત પર ભરોસો નથી કરતા તેમને નિરાશા

પૈદા થાય છે. કુરઆને પાકે તેને કાફરોની સિફત ગણાવી છે.

"બેશક રહમતે ખુદાથી કાફિરો (નાસ્તિકો) સિવાય કોઈ નાઉમ્મીદ થતું નથી." (૧૨ : ૮૭)

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ, હઝરત ઈમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ અને હઝરત ઈમામ મોહમ્મદ તકી અલયહિસ્સલામે ખુદાની રહમતથી માયુસી (નિરાશા)ને ગુનાહે કબીરાના ભાગમાં ગણાવેલ છે. આ

વિશે આ કિતાબના પ્રારંભમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**નિરાશા-શિર્ક પછીનો સૌથી મોટો ગુનાહ:**

શિર્ક પછી ‘નાઉમ્મીદી’થી મોટો બીજો કોઈ ગુનોહ હોઈ ન શકે. કારણ કે માણસ જયારે ચારે બાજુથી નિરાશામાં ઘેરાઈ જાય ત્યારે જ ગુનોહ કરે છે. એ પણ શક્ય છે કે એવો ગુનેહગાર તૌબા અને ઇસ્તગ્ફાર કરી લે, જેથી અલ્લાહ તેની મગ્ફેરત કરે. પરંતુ નિરાશ માણસ મગ્ફેરતને પાત્ર એ કારણે નથી કે તે

મગ્ફેરત અને બક્ષીસની આશા નથી રાખતો. ભલે તે તૌબા કરે અને કુર્બે ખુદાવંદીનો તલબગાર હોય.

નિરાશ થએલો માણસ જયારે એ કક્ષાથી આગળ વધીને પોતાના બધા ગુનાહોથી બેપરવા થઈ જાય છે, એટલે સુધી કે તે કહેવા લાગે છે કે, ‘હું ગુનેહગાર અને જહન્નમી છું જ, તેથી દુનિયામાં મારી તમામ ઇચ્છાઓ પુરી કરી લઉં.’

આનાથી સ્પષ્ટ થાય છે કે નિરાશા મોટો ગુનોહ છે. તેથી નિરાશાથી થતાં

ગુનાહના તમામ પ્રકાર અને નિરાશાના ગુનાહનો ઇલાજ અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે. જેથી મોઅમિનો તેનાથી બચી શકે.

**અસ્બાબ અને મુસબ્બેબુલ અસ્બાબ :**

અલ્લાહ તઆલાએ પોતાની કુદરતે કામેલા અને હિકમતે બાલેગાથી દુનિયા અને આખેરતના બાહ્ય અને અર્થપૂર્ણ કાર્યો માટે હેતુ અને સાધનોને જરૂરી ગણાવ્યાં છે. જેમકે બાહ્ય કાર્યોમાં પેટ ભરવા માટે ખાદ્ય વસ્તુઓનો ઉપયોગ, પ્યાસ બુઝાવવા

માટે પ્રવાહી લેવું, બીમારી વખતે ડોકટર પાસે જવું અને દવા ખાવી, નાદારી અને ફકીરી દૂર કરવા માટે કામ ધંધો મેળવવા માટે સંઘર્ષ કરવો, વિગેરે વિગેરે કામો માટે કારણ અને હેતુ જરૂરી ગણાવેલ છે. જેવીરીતે ગુનેહગાર શખ્સને અઝાબે ઇલાહીથી મુક્ત થવા માટે, અમલમાં ઇખ્લાસ (નિર્મળ ભાવના) તૌબા (ગુનાહ કરવા બદલની) શરમીંદગી અને ઈમાન જરૂરી છે, તેવી જ રીતે યકીનના દરજ્જા સુધી પહોંચવા માટે મઅસૂમ

અલય્હેમુસ્સલામની પૈરવી, તકવાનો મરતબો મેળવવા માટે અમલમાં ઇખ્લાસ પૈદા કરવો જરૂરી છે.

જો કે મખ્લૂકાતને અસ્તિત્વમાં લાવવાનો મૂળ હેતુ ખાલિકને ઓળખવાનો અને તેની મઅરેફત પૈદા કરવાનો છે. અને આ કામ યકીનની સાથે એ અકીદો ન હોય કે પોતાનું અસ્તિત્વ અને એના કારણનો ખાલિક પણ અલ્લાહ છે, ત્યાં સુધી શક્ય નથી. કારણ કે અસ્બાબ પોતાની મેળે સંપૂર્ણરીતે અસરઅંદાઝ થઈ

શક્વાને પાત્ર નથી. જ્યાં સુધી કે ‘મુસબ્બેબુલ અસ્બાબ’ તેમાં તાસીર (અસર) પૈદા ન કરે. એટલા માટે જ જાહેરી અસ્બાબ પૈદા થવાથી ઇન્સાને ખૂશ ન થવું જોઈએ અને જાહેરી અસ્બાબ પૈદા ન થવાથી ગમગીન પણ ન થવું જોઈએ. જો ખુદા ચાહે તો કોઈપણ કારણ કે નિમિત્ત વગર મઅદુમ (ગૈર-મૌજૂદ) વસ્તુને અસ્તિત્વમાં લાવી શકે છે અને મૌજૂદનો નાશ કરવા માટે પણ સંપૂર્ણ સામર્થ્ય ધરાવે છે.

**ક્યારેક નિમિત્ત, કાર્યશીલ નથી બનતું :**

સાધનો પૈદા થતા ઇન્સાનનું દિલ ખૂશ થઈ જાય છે અને તે ખુદાની કુદરત પર સંપૂર્ણ ભરોસો કરે છે. આનાથી ઉલ્ટું સાધનો અપ્રાપ્ય હોય, તો તે ગમગીન બને છે. આવી ભૂલોથી રોકવા પાછળ બે હિકમતે - અમલી (નીતિ) અસ્તિત્વમાં છે.

પહેલું એ કે મસલેહતને કારણે ક્યારેક અસ્તિત્વમાં હોય તેવા સાધનો અને કારણોને અલ્લાહ બેકાર અને બેઅસર બનાવી દે છે. જેથી કરીને મોઅમિનો

સાધનોને સંપૂર્ણરીતે અસરકારક સમજી ન લે. બીજું એ કે ક્યારેક કોઈ જગ્યાએ પહેલેથી જ સાધનો અસ્તિત્વમાં ન હોય ત્યાં પોતાની કુદરતથી કારણો નિમિત્ત પૈદા કરે છે. જેથી એહલે ઈમાનનું દિલ ભાંગી ન પડે અને તે ગમગીન ન થઈ જાય. આ વાતની સ્પષ્ટતા કરવા માટે કેટલાક ઉદાહરણ અત્રે પ્રસ્તુત કરીએ છીએ.

## પ્રથમ ઉદાહરણ

**આગ બાળતી નથી અને છરી કાપતી નથી :**

હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામને સળગાવવા માટે 'આતીશે નમરૂદ' (નમરૂદે સળગાવેલી આગ)ની ગરમીને ખાલિકે સંપૂર્ણ રીતે નાબુદ કરી દીધી હતી. કહેવાય છે કે, નમરૂદે સળગાવેલી આગના કારણે ત્રણ માઇલ ઉંચે ઉડતા પક્ષીઓ તે ગરમીના કારણે ઉડી શક્તા ન હતા. સળગાવેલી આ અગ્નિમાં, નમરૂદે હઝરત

ઇબ્રાહીમને ગોફણમાં બેસાડીને ફેંક્યા હતા. આપણે બધા જાણીએ છીએ કે આગ કોઈપણ વસ્તુને બાળી નાખવાથી શક્તિ ધરાવે છે. છતાં કાદિરેમુત્લક (અલ્લાહ તઆલા)એ તેમાંથી બાળી નાખવાનો ગુણ ખેંચી લીધો અને આગને સંબોધતા ફરમાવ્યું : “**યા નારો કૂની બરદંવ વ સલામા** - અય આગ ઠંડી થઈ જા.”

આ હુકમ મળતાની સાથે જ આગમાં ઠંડક પૈદા થઈ ગઈ. (જે આગનો વિરોધી ગૂણ છે.) એટલે સુધી કે ત્યારપછી

અલ્લાહ તઆલાએ ‘સલામાં’નો હુકમ ન આપ્યો હોત તો એ વાતની શક્યતા રહેત કે અતિશય ઠંડીના કારણે હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામની રૂહે પાક પરવાઝ કરી જાત.

આવી જ રીતે ધારદાર છરીનું કામ કોઈપણ વસ્તુને કાપવાનું હોય છે. પરંતુ જયારે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે પોતાના ફરઝંદ હઝરત ઇસ્માઈલ અલય્હિસ્સલામને ઝબ્હ કરવાનો ઇરાદો કર્યો ત્યારે પરવરદિગારે આલમે તે છરીની

કાપવાની તાકાત દૂર કરી નાખી. તે વખતે આપે છરીને દૂર ફેંકી દીધી ત્યારે છરીમાંથી એક આવાઝ બુલંદ થયો :

**"ખલીલ મને કાપવાનો હુકમ આપે છે અને રબ્બે જલીલ મને અટકાવે છે."**

## બીજું ઉદાહરણ

## જનાબે મૂસા અલય્હિસ્સલામ અને ફિરઔન :

ઝાલિમ બાદશાહો અને સંપત્તિવાન સત્તાધિશો જેની પાસે દુન્યવી માલો-દૌલત હતી, તેઓએ અંબિયા અઇમ્માએ હુદા

અલય્હિસ્સલામ અને મોઅમિનોને કત્લ કરવા માટે પોતાની માલો દૌલત અને સત્તાનો ઉપયોગ કરવાની સતત કોશિષો કરી, પરંતુ સાધન અને નિમિત્તના ખાલિકે છેલ્લી ઘડીએ તેના પ્રયાસો નિષ્ફળ બનાવ્યા. હઝરત મૂસા અલય્હિસ્સલામ અને ફિરઔનની દાસ્તાન પ્રારંભથી લઈને અંત સુધી આ દાવાની સાબિતી છે. ઇતિહાસ જુઓ તો ફિરઔને હઝરત મૂસા અલય્હિસ્સલામની વિલાદત ન થાય તે માટે પહેલેથી હઝરત મૂસા

અલય્હિસ્સલામની માતાના પેટમાં ગર્ભ ન રહે તેવા પ્રયાસો કર્યા હતા, પરંતુ તેમ છતાં તેની ધારણા બહાર ગર્ભ રહી ગયો હતો. અને હઝરત મૂસા અલય્હિસ્સલામની વિલાદત થઈ હતી. ત્યારપછી તેમને કત્લ કરવાના પ્રયાસો શરૂ કર્યા. ફિરઔન પાસે સંપૂર્ણ તાકાત અને શક્તિ હોવા છતાં, અલ્લાહ તઆલાએ તેના રાજકીય મનસુબાને ધૂળમાં મેળવી દીધો. કારણ કે મશીય્યતે ઇલાહીની સામે ભૌતિક અને જાહેરી સાધનોની કંઈજ હૈસિયત નથી

હોતી. પરિણામે હઝરત મૂસા અલય્હિસ્સલામનો ખૂદ ફિરઔનના ઘરમાં જ ઉછેર થયો.

આસિયાએ તેના પતિ ફિરઔનને કહ્યું : "આ બાળક તારી અને મારી આંખોની ઠંડક બનશે."

## ત્રીજું ઉદાહરણ

**અબ્રહાનો હુમલો અને કાઅબાનું સુરક્ષિત રહેવું :**

હઝરત ખાતેમુલ અંબિયા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની

વિલાદત થઈ તે વર્ષે નજ્જાશી બાદશાહે ખાનએ કાબાને તબાહ કરી નાખવા માટે અબ્રહા નામના સેનાપતિની સાથે હાથી ઉપર સૈનિકોનું મોટું લશ્કર મક્કા તરફ રવાના કર્યું હતું. અબ્રહાને તેના સૈનિકની સંખ્યા અને શસ્ત્રો માટે અભિમાન અને આત્મવિશ્વાસ હતો. પરંતુ મુસબ્બેબુલ અસ્બાબ અને નિર્બળના મદદગારે તેના શસ્ત્રો અને સામાનને અસરહીન બનાવી દીધા અને નિમિત્તના ખાલિકે ઇચ્છયું કે તુરત જ (અબ્રહાની ફૌજના) ઇન્સાન અને

હૈવાન બધા જ અટકી ગયા. તે બધાએ મસ્જિદે હરામ તરફ આગળ વધવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા પણ લશ્કરના હાથીઓએ એક ડગલું પણ આગળ ભર્યું નહીં.

બીજી બાજુ આકાશમાં એકાએક અબાબીલ નામના પક્ષીઓ આવી ચડયાં. બધા અબાબીલ પાસે ત્રણ ત્રણ કાંકરી તેની ચાંચ અને પંજામાં હતી. તે બધા પક્ષીઓ આકાશમાં છવાઈ ગયા અને એક એક કાંકરી દરેક ફૌજીના માથા ઉપર

નાખવા લાગ્યા. એક એક કાંકરી દરેક ફૌજીના માથામાંથી પસાર થઈને જમીનમાં ચાલી ગઈ. જેના પરિણામે બધા ફૌજી હલાક થઈ ગયા. એક ફૌજી બચી ગયો જેણે દરબારે નજાશીમાં જઈને આખી વાત કહી સંભળાવી. એ બનાવ એટલો બધો નોંધપાત્ર હતો કે આજ સુધી એ બનાવના વર્ષને 'આમુલફીલ' (હાથીઓના વર્ષ) તરીકે યાદ કરવામાં આવે છે. અરબના ઇતિહાસમાં પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની વિલાદતના વર્ષને

આમુલફીલનું વર્ષ ગણવામાં આવે છે અને તેમની બેઅસત આમુલફીલના ચાલીસમાં વર્ષમાં થઈ હતી, તેમ નોંધવામાં આવ્યું છે.

## ચોથું ઉદાહરણ

### હઝરત ખાતેમુલ અંબિયાનું રક્ષણ :

હઝરત ખાતેમુલ મુરસલીન સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના વજૂદ મુબારકને મક્કએ મોઅઝઝમામાં લોહી તરસ્યા કાફિરોથી અને થએલી તમામ લડાઈઓમાં પોતાના હિફાઝત અને

હિમાયતમાં રાખવા એ, અલ્લાહ તઆલાની આયાતે ઉઝમાં પૈકીની એક મોટી નિશાની ગણવામાં આવે છે. જેમકે ઇતિહાસથી જાણવા મળે છે કે એઅલાને-રિસાલતના આરંભથી માંડીને છેવટ સુધી મુશ્રીકો એક સંપ કરીને, તમામ દુન્યવી સાધન સરંજામ ભેગા કરીને, આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને શહીદ કરી નાખવા માટે એકત્ર થયા હતા. પરંતુ :-

*ચરાગે રા કે ઇઝદે બર ફરોઝદ*

*ક્સી કુ તુફ કુનદ રેશિશ બ સૌઝદ*

સાર : જેને અલ્લાહ બચાવવા માંગે, તેને કોણ મારી શકે છે !?

## પાંચમું ઉદાહરણ

**જાહેરી કારણો વગર પૈદા કરી શકે છે :**

અલ્લાહ તઆલા દુન્યવી, ભૌતિક કે જાહેરી સાધનો કે માધ્યમ વગર પોતાની કુદરતે કામેલાથી કોઈપણ વસ્તુ કે જીવને પૈદા કરે છે. આ પ્રકારના અનેક દાખલાઓ આપણી સમક્ષ મૌજૂદ છે. jજેમાંનો એક દાખલો અબુલ બશર હઝરત આદમ

અલય્હિસ્સલામનો છે. તેઓ મા-બાપ વગર વજૂદમાં આવ્યા છે. હઝરત મરિયમ સલામુલ્લાહે અલય્હા જેઓ પાક, પાકીઝા અને નેક બીબી હતા, એમને વગર પતિએ ગર્ભ રહ્યો હતો અને હઝરત ઇસા મસીહ અલય્હિસ્સલામ પૈદા થયા હતા. હઝરત ઝકરીયા અલય્હિસ્સલામની વૃધ્ધાવસ્થા અને શારીરિક નિર્બળતા હોવા છતાં એને એમના પત્નિ યાએસા (પચાસ કે સાઠ વર્ષથી વધુ ઉમરના) હોવા છતાં, હઝરત યહ્યા અલય્હિસ્સલામથી વિલાદત થઈ

અને ખલીલુલ્લાહ ઇબ્રાહીમ અલય્હિસ્સલામ પોતે અત્યંત વૃધ્ધ અને તેમના પત્નિ હઝરત સારા બાંઝ (પ્રજોત્પતિ ન કરી શકે તેવા-વંધ્યા) હોવા છતાં, હઝરત ઇસ્હાક અલય્હિસ્સલામને ઇનાયત ફરમાવ્યા.

**હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ઇલ્મ અને હિકમત, તે માટે કોઈ પાસેથી તાલીમ ન લેવી :**

હઝરત ખાતેમુલ અંબિયા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ કદી કોઈ મદ્રેસામાં તશરીફ લઈ ગયા ન હતા કે તેઓ કોઈ પાસેથી લખતા વાંચતા પણ શીખ્યા ન હતા. આમ છતાં આપ મોઅલ્લિમે બશર (માનવજાતના શિક્ષક) હતા. એટલું જ નહીં, કુરઆન, મઅરેફત અને દુનિયાના તમામ ઉલૂમ પર સંપૂર્ણ કાબૂ ધરાવતા હતા. બલ્કે આપની ઝાત પહેલાના તમામ અંબિયાઓના મોઅજિઝા અને કમાલાતના કેન્દ્રસ્થાને હતી. બીજા

શબ્દોમાં કહીએ તો સાધનો અને નિમિત્ત વગર આટલા અગણિત જાહેરી ગુણો પૈદા થઈ જવાની વાત અશક્ય અને પ્રકૃતિ વિરૂધ્ધની લાગે છે. છતાં અલ્લાહની કૃપાથી આપમાં આ બધા ગુણો હતા.

**તે કોઈ સાધન વગર હાજત પૂરી કરે છે. :**

ખુદાવંદે રહમાન બંદાઓની દુઆઓને કબૂલ કરીને તેની મુશ્કેલીઓ દૂર કરે છે. આપણી નજર સમક્ષ એવા કેટલાય દાખલા જોવા મળે છે કે, મજબુર

અને બેબસ લોકો જેના જાહેરી સાધનોની કડીઓ તૂટી ગઈ હતી અને સંબંધો કપાઈ ગયા હતા અને તેઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. તેમ છતાં તેમની દુઆઓની અસરથી ખુદાવંદે આલમે તેમની હાજતો પૂરી કરી દીધી હતી. સદકાની બરકતથી નિરાશ-હતાશ થઈ ગએલા દર્દીઓને શફા અતા કરી, ફકીરોને ગની કરી દીધા, જુદા જુદા પ્રકારની બલાઓમાં ઘેરાએલાને તેમની કલ્પના પણ ન હોય તે રીતે બલાઓમાંથી છુટકારો આપ્યો.

આ પ્રકારની કેટલીય દાસ્તાન, હીકાયત અને હદીસોથી ઇતિહાસના પાનાઓ ભરેલા છે.

ખુદાવંદે સુબ્હાનની રહમાનીયત અને કરીમીયતને મૌલાએ કાએનાત હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે અશઆર સ્વરૂપે આ શબ્દોમાં બયાન કરેલ છે.

***વકમ બિલ્લાહે મિન લુત્ફીન ખફીય્યીન***

***યદ્દક ખફફાહો અન ફહીમિઝ ઝકીય્યીન.***

આપણી ઉપર અલ્લાહ તઆલાનો અનંત લુત્ફો કરમ છે, આ વાત માત્ર ખૂબ જ સમજદાર અને બુધ્ધિશાળી માણસ જ સમજી શકે છે.

***વકમ યુસ્રીન અતા મિમ બઅદે ઉસ્રીન,***

***વફર્રજ કુરબતલ કલ્બીશ શજીય્યીન.***

તે (અલ્લાહ) સખ્ત મુશ્કેલીમાં ફસાઈ ગયા પછી કઈ રીતે સહેલાઈથી તેમાથી મુક્તિ આપે છે અને ભગ્ન હૃદયોના રંજો ગમને દૂર કરી દે છે.

***વકમ અમ્રીન તોસાઓ બેહી સબાહન***

*વતાઅતીકલ મસર્ઈતો બિલ અશીય્યીન.*

માણસ સવારમાં કેટલાંય કાર્યો માટે ગમગીન અને ચિંતાતૂર હોય છે. જેનો ગમ સાંજે ખૂશી અને આનંદમાં ફેરવાઈ જાય છે.

*એઝા ઝાકત બેકલ અહવાલો યવ્મન*

*ફ સિક બિલ વાહેદિલ ફરદીલ અલીય્યીન*

જયારે તારા કાર્યો મુશ્કેલ અને હાલત તંગ થઈ જાય ત્યારે, ખુદાએ વાહીદ અને બરતર પર સંપૂર્ણ ભરોસો કર.

**હુબ્બે અલી અલય્હિસ્સલામ (હઝરત અલી અલય્હિસ્સલામની મોહબ્બત) :**

ઈમામ યાફઈ તેમની કિતાબ ‘રવ્ઝુર રેયાહીન’માં દીવાને મબીદીના વિવરણમાં લખે છે: ‘કોઈ એક બાદશાહે એક કિંમતી મોતી તેના ગુલામને આપ્યું. યોગાનુયોગ તે ગુલામના બાળકના હાથમાં તે મોતી આવી ગયું. તે બાળકે મોતીના બે ટુકડા કરી નાખ્યા. આ બનાવથી તે ગુલામ ખૂબ જ મુંઝાઈ ગયો કે હવે આ મોતી માટે પોતે બાદશાહને શું જવાબ

આપશે ? તે ગુલામ આ મુંઝવણમાં હતો, તેને એક મોઅમિને ઉપરની રૂબાઈ સાચા દિલ અને ખુલૂસથી પડવાની સલાહ આપી અને કહ્યું કે : આ રૂબાઈ પડવાથી ઇન્શાઅલ્લાહ તારી મુશ્કિલ હલ થઈ જશે. હજી તો ગુલામે તે રૂબાઈ પડવાનું શરૂ જ કર્યું હતું. તે અરસામાં બાદશાહ તરફથી એક માણસ આવ્યો અને કહ્યું કે : બાદશાહની એક કનીઝ બીમાર પડી છે અને હકીમોએ તેની શફા માટે એક મોતી તોડીને તેનો ભૂકો ખવડાવવાનો ઇલાજ

સુચવ્યો છે. તેની બાદશાહે તેની પાસેના મોતીને તોડીને ભૂકો કરી લાવવાનો એને હુકમ આપ્યો છે.’

**માનવનો અંજામ :**

આખેરત સાથે સંબંધ ધરાવનારા કાર્યોને રોકવામાં જો કોઈ સાધનો કે કારણો નિમીત બનતા હોય તો અલ્લાહ તઆલા તેને બે અસર કરી નાખે છે. દાખલા તરીકે જે લોકો પોતાના આત્માની સાથે જેહાદ કરીને માલો-દૌલત અને માન-મરતબો પ્રાપ્ત કરે છે અને ઉંચે

દરજ્જે પહોંચી જાય છે. પછી એ પ્રકારના લોકો પયગમ્બરોની પૈરવી ન કરવાને કારણે, મોટા ગુનાહોમાં વ્યસ્ત બની જાય છે પરિણામે તેના અમલ બાતિલ (કાર્યો રદ) થઈ જાય છે.

**“બલઅમ-બાઉર” અને તેનું અનંત દુર્ભાગ્ય :**

“બલઅમ બાઉર” વિશિષ્ઠતાઓ અને ઉચ્ચ સ્થાન ધરાવતો હતો. પરંતુ તેના જમાનાના બાદશાહની ઇચ્છાને આધીન રહીને, તે જમાનાના પયગમ્બરે

ખુદાનો વિરોધ કરવા લાગ્યો. તે નફસાની ખ્વાહીશાતની જાળમાં ફસાઈ ગયો હતો. અને તેને જહન્નમના સાત તબક્કા (અસફલુસ્સાફેલીન)માં હંમેશા માટે નાખી દેવામાં આવ્યો. કુરઆને મજીદમાં તેની કૂતરા સાથે સરખામણી કરવામાં આવી છે.

"તો તેનો દાખલો એ કૂતરા જેવો છે જેને ધૂત્કારવામાં આવે તો પણ જીભ કાઢે છે અને છોડી મુકો તો પણ જીભ કાઢીને ચાલ્યો જાય છે." (૭-૧૬૭)

ચેતવણી :

(એહલે મઅરેફત અને સાહેબાને ઈમાન) મઅરેફત ધરાવનાર અને ઈમાનદાર લોકો, જેઓ અર્થપૂર્ણ દરજ્જા સુધી પહોંચ્યા નથી તેમણે ક્યારેય પોતાની જાત પર ભરોસો કે વિશ્વાસ કરવો ન જોઈએ અને હંમેશા ખરાબ હાલતમાં જ જીવનનો અંત આવી જશે તે વાતથી ડરવું જોઈએ. કારણ કે, તમામ બાબતોની આશા અને ભરોસાનું કેન્દ્ર માત્ર અલ્લાહ તઆલાની ઝાતે પાક છે. ખુશહાલી અને

સુખી જીવનની જાહેરી બાબતોને કોઈ પણ સંજોગોમાં કાયમી માની લેવી ન જોઈએ. કારણ કે, ખાલિકે હકીકી તમામ બાબતોને બે અસર કરી નાખવાની અજોડ શક્તિ ધરાવે છે.

**આખેરતની સુંદરતા :**

આખેરતની અર્થપૂર્ણ બાબતો જયારે બિલ્કુલ (ગાએબ) અસ્તિત્વમાં ન હતી, ત્યારે પરવરદિગારે આલમે પોતાના ફઝલો કરમથી અસ્બાબ પૈદા કર્યો. આ વિષયમાં ઘણી રિવાયતો અને વારદાત

નોંધવામાં આવી છે. જેનાથી જાણવા મળે છે કે અગણિત લોકોની કમનસીબી, બદબખ્તી, દુ:ખો અને મુસીબતોના ઉંડા કુવામાં ધકેલાઈ ગયા હતા. આના કારણે તેઓ પોતાના ખાલિકથી દૂર થઈ ગયા હતા. તેમ છતાં અચાનક રહેમતે ઇલાહીની ઘનઘોર ઘટા છવાઈ ગઈ. ખાલિકના ફઝલો કરમની વર્ષા થવા લાગી. ઉજ્જડ અને વેરાન થઈ ગએલી ખેતી લીલીછમ થવા લાગી. ઇલાહી નેઅમતોનો અજોડ

અનુભવ કરતા તમામ બુધ્ધિમાન અને બાહોશ લોકો દીગ્મૂઢ બની ગયા.

**ફિરઔની જાદૂગર :**

જાદૂગરના દુષ્ટ કાર્યો અને તેની દુનિયા તથા આખેરતની બદનસીબી અંગે માત્ર એટલું જ કહેવું પુરતું છે કે જાદુ એક કનિષ્ઠ વ્યવસાય છે. જાદૂ એ ગુનાહે કબીરા છે. હઝરત મૂસા અલય્હિસ્સલામ જેવા જલીલુલ કદ્ર પયગમ્બરનો મુકાબલો કરવા માટે જાદૂગરો મૈદાને પડયા હતા. ત્યારે પરવરદિગારે આલમની

મહેરબાનીથી સાચી હકીકત તે જાદૂગરોની નજરે ચડી ગઈ. તેઓની પ્રકૃતિ તુરત જ પલટાઈ ગઈ, એટલે સુધી કે ફિરઔન જેવા ઝાલિમ બાદશાહની ધમકીઓની પણ તેમને કંઈ અસર ન થઈ. જાદૂગરો ઉપર હઝરત મૂસા અલય્હિસ્સલામનો પ્રભાવ વધતો જોઈ ફિરઔને જાદૂગરોને લલચાવવા માટે માલ અને સત્તાનું વચન આપ્યું.

"તમારા એક તરફના હાથ અને બીજી તરફના પગ (ઉલ્ટા - સુલ્ટા) કાપી

નાખશું અને તમને બધાને ખચિત જ શૂળીએ ચડાવી દેશું. તેઓ (જવાબમાં) બોલ્યા (અમને) કોઈ પરવા નથી નિ:સંશય અમે તો બધી હાલતમાં અમારા પરવરદિગાર તરફ પાછા ફરવાના છીએ. (રજૂ થઈએ છીએ.)” (૨૬-૪૯/૫૦)

**હઝરત આસિયા મોઅમેના હતા :**

અલ્લાહ તઆલા જેને ચાહે છે તેને અર્થપૂર્ણ (સ્થાન) અને આખેરતની (મેઅરાજ) ઉચ્ચતા અતા કરે છે. હઝરત આસિયા જે ફિરઔનની પત્નિ હતા.

દુન્યવી ઐશો આરામથી જીવન વ્યતિત કરતા હતા. દુન્યવી નેઅમત અને દૌલતથી પણ તેઓ માલામાલ હતા. પરંતુ તેમનું દિલ અચાનક નૂરે ઈમાનથી મુનવ્વર થઈ ગયું. આપનું દિલ એટલી હદ સુધી મુત્મઈન અને મજબુત થઈ ગયું હતું કે ફિરઔન તરફથી સતત તકલીફ અને ત્રાસ મળવા છતાં પણ તેમના કદમ જરા પણ ડગમગ્યા ન હતા. અને તેઓ હક પ્રત્યેના દ્રષ્ટિકોણ પર અડગ રહ્યા અને આપે ખૂબ જ દિલેરી સાથે પરવરદિગારે

આલમ અને તેના રસૂલ હઝરત મુસા અલય્હિસ્સલામ પર ઈમાનનું એલાન કર્યું. જ. આસિયાને જયારે શહીદ કરવામાં આવી રહ્યા હતા. અને તેઓ છેલ્લો શ્વાસ લઈ રહ્યા હતા ત્યારે ખાલિક પાસે દુઆ માંગતા આપે ફરમાવ્યું :-

"અને ખુદાએ (તે લોકો માટે કે જે ઈમાન લાવ્યા છે) મોઅમિનોની (તસલ્લી) માટે ફિરઔનની બીબી (આસિયા)નો દાખલો વર્ણવ્યો છે. જયારે તેણે દુઆ કરી કે; હે મારા પરવરદિગાર, મારા માટે તારી

પાસે બેહીશ્તમાં એક મકાન બનાવી દે અને ફિરઔન તથા તેના (દુષ્ટ) કાર્યોથી મુક્તિ આપ. અને મને ઝાલિમોના સમુહથી મુક્તિ આપ.” (૬૬-૧૧)

**અસ્હાબે કહફ :**

કુરઆને મજીદમાં અસ્હાબે કહફનું વિગતવાર વર્ણન મૌજૂદ છે. અસ્હાબે કહફની સંખ્યા સાત ગણાવવામાં આવે છે. તે લોકો ઝાલિમ બાદશાહ દકીયાનુસના વઝીર અને જમાનાના શ્રીમંતો પૈકીના હતા. તેઓ દકીયાનુસના ખુદાઈના દાવાનું

સમર્થન અને હીમાયત કરતા હતા. એક દિવસ એકાએક તેમની આંખો ખુલી ગઈ, તેમના દિલ નૂરે ઈમાનથી પ્રકાશિત થવા લાગ્યા. તેઓને દકીયાનુસના જુઠા અકીદાનું ભાન થવા લાગ્યું. તેથી તેઓએ દુન્યવી સત્તા, ઇઝઝત અને નફસાની ખ્વાહીશાતથી મૂખ ફેરવીને શહેર છોડીને પહાડો અને જંગલો ભણી ચાલ્યા ગયા. અને કોઈ ગુફામાં છુપાઈ ગયા. તેઓનું વિગતવાર વર્ણન સૂરએ મુબારક 'કહફ'માં આપવામાં આવ્યું છે. તેઓના નામ

કયામત સુધી વિશ્વના ઇતિહાસમાં સુરક્ષિત રહેશે.

## મૌત પહેલા જાગૃતિ :

કેટલાક એવા ગુનેહગારો પણ જોવામાં આવે છે, જે ગુનાહે કબીરામાં એટલા બધા વ્યસ્ત રહીને એ રીતે બેશરમ અને દુષ્ટ થઈ ગયા હતા કે તેમના નજાતની કલ્પના કરવી પણ મુશ્કેલ હતી. પરંતુ અચાનક અલ્લાહ તઆલાના ફઝલો કરમથી તેમને તૌફીક થઈ અને પોતાના કરતુતો પર શરમીંદા થયા, તૌબા અને

ઇસ્તગ્ફાર કરવા લાગ્યા. છેવટે તેમની આકેબત ખૈરો ખુબી સાથે થઈ ગઈ અને કયામતના દિવસે તેઓ ખુશનસીબ લોકો સાથે થશે.

**મુસલમાન બનતા જ વફાત પામ્યા :**

એ ખુશનસીબ લોકોમા એક ‘મખરીક’ યહૂદી છે. ઓહદની જંગમાં પોતાના કબીલાવાળાઓને સંબોધીને કહ્યું : “શું તમને ખબર નથી કે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ જ સાચા અને મવઉદ (જેનો વાયદો અપાયો

છે તે) પયગમ્બર છે ?” જવાબ મળ્યો “કેમ નહીં ?” પછી તેણે પૂછયું : “તો પછી તેનું રક્ષણ અને મદદ શા માટે નથી કરતા ?” કબીલાવાળાઓએ કહ્યું : ‘આજે શનિવાર છે’ (એટલે રજાનો દિવસ છે.) શનિવાર રજાનો દિવસ, એ મૂસાની કૌમનો રિવાજ હતો. જયારે તેણે પોતાની કૌમ પાસેથી ઇન્કારમાં જવાબ સાંભળ્યો, તો મખરીક પોતે એકલાં જ આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં હાજર થઈને ઈમાન લાવ્યો. તે

યહૂદી બહુ જ માલદાર હતાં. તેણે પોતાની બધી જ સંપત્તિ આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને ચરણે ધરી દીધી અને પોતે મૈદાને જંગમાં લડતા લડતા શોહદાની હરોળમાં શામેલ થઈ ગયો. કહેવાય છે કે હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના કરેલા ઘણા સદકાત તે શહીદ સઈદની માલો દૌલતમાંથી હતા.

**અનંત આનંદ :**

હુર ઇબ્ને યઝીદે રીયાહી જેમણે સૈયદુશ્શોહદાને માર્ગમાં રોક્યા હતા. એટલું જ નહીં, તેમને પાછા પણ ફરવા દીધા ન હતા, અને કરબલામાં રોકાઈ જવા માટે મજબૂર કરી દીધા હતા. તેમણે એટલો મોટો ગુનોહ અને ઝુલ્મ કરેલ હોવાથી જાહેરી રીતે તેમની નજાત થવાની કોઈ આશા દેખાતી ન હતી. રોઝે આશુર જયારે તેમણે ઇમામે મઝલુમ અલય્હિસ્સલામનો ખુત્બો અને અંતિમ મદદ માટેની પુકાર

સાંભળી ત્યારે તેમનું હૃદય પરિવર્તન થયું. ફઝલ અને રહેમતે ઇલાહી તેમનામાં શામેલ થયા. તેમણે તૌબા કરી લીધી અને પોતાના કૃત્યો બદલ તેમને શરમીંદગી થઈ. જેના કારણે શોહદાએ કરબલાના સમુહમાં શામિલ થવાનું સૌભાગ્ય તેમને પ્રાપ્ત થયું. અને તે રીતે હઝરત હુરને અનંત સદભાગય અને ખુશનસીબી મળી. પરિણામે રોઝે આશુર હઝરત હુરના અંતિમ સમયે જયારે હઝરત ઈમામ હુસૈન

અલય્હિસ્સલામ તેની પાસે પહોંચ્યા ત્યારે તેમને બશારત આપી :

"તારી માતાએ તારૂં નામ (હુર) રાખ્યું છે, તે મુજબ (ખરેખર) તું (હુર) આઝાદ છે."

## શું બુધ્ધિશાળી કદી નિરાશ થાય ખરો ?

ઇન્સાને ક્યારેય ના ઉમ્મીદ થવું ન જોઈએ અને એવું પણ કદી વિચારવું ન જોઈએ કે પોતે ઇન્સાનીયતના ઉચ્ચ દરજ્જે કઈ રીતે પહોંચી શકશે ? જો કે એ પ્રકારની નાઉમ્મીદી (રહેમતે ઇલાહીથી

નિરાશ થવું) હરામ કે ગુનોહ તો નથી. તેમ છતાં મોઅમિન માટે એ યોગ્ય નથી ગણાતું કે રૂહાની પ્રગતિ માટે જાહેરી બાબતોને મહત્વ આપે. જેમકે એમ સમજે કે પ્રગતિ માટે યુવાનીની તાકાત, સમજી વિચારીને કામ કરવાની યોગ્યતા અને મોહબ્બતની લાગણી જરૂરી છે પણ એવું બિલ્કુલ નથી. ઘણાંય લોકો આ જાહેરી બાબતો-સાધનોથી વંચિત હતા, તેમ છતાં તેમના પર જયારે રહેમતે ખુદા નાઝિલ થઈ, ત્યારે તેઓ ઉંચામાં ઉંચા દરજ્જે

પહોંચી ગયા હતા. જેના ઉદાહરણો ફઝીલ બિન અયયાઝ, ઇમરાન સાબી, બરહમ નસ્રાની અને સાહેબે રિયાઝ વગેરે છે. આ એવા લોકો હતા જેઓ બુઢ્ઢા થઈ ગયા, એટલું જ નહીં તેમના આઅમાલ અને મહેનતની તાકાત પણ ખત્મ થઈ ગઈ. ત્યારપછી તેઓ ગફલતની નિંદ્રામાંથી જાગૃત થયા હતા.

## નિરાશા મોટો ગુનોહ છે :

નિરાશા એ કુફ્રના નાપાક ચિહ્નોનું પરિણામ અને રબ્બુલ ઇઝઝતની શાનનો

ઇન્કાર કરવા સમાન છે. જે કોઈએ અલ્લાહને કુદરતે કામેલાના ફઝલો કરમ અને ઇલ્મો રઝઝાકીયતથી ઓળખી લીધો હોય અને એ જાણતો હોય કે તે બધી જ સૃષ્ટિની તમામ વસ્તુઓનો સર્જનહાર અને તમામ જીવંત વસ્તુઓનો સંચાલક અને માલિક છે. તેની કુદરત અનંત અને તેની હિકમત અને રહેમત અસીમ છે, વિશ્વની તમામ મુમ્કેનાત (શક્યતાના વર્તુળમાં આવતી દરેક વસ્તુ) અને દરેક વ્યક્તિની દરેક જરૂરિયાતને તેની રહેમતના ફઝલથી

પૂરી કરે છે. તેના માટે નિરાશાની હાલતમાં રહીને, ગમગીન અને દુ:ખી થવાનો સવાલ જ ઉભો થતો નથી. અને એ કારણથી જ નાઉમ્મીદી ગુનાહે કબીરા છે.

**માનવસર્જન પર એક દ્રષ્ટિ :**

બાળક જયારે માના પેટમાં હોય ત્યારે પણ ખાલિકે હકીકી તેનાથી ગાફિલ રહેતો નથી. તે ગર્ભમાં રહેલા બાળકને આશ્ચર્યચકિત થઈ જવાય તે રીતે ખોરાક પહોંચાડે છે. જયારે બાળક માના પેટમાંથી

બહાર આવે છે ત્યારે તેની હોજરી અત્યંત કોમળ હોય છે. તેથી તે નવી દુનિયામાં પ્રવેશીને દુનિયાના બનેલા ખાદ્ય-પદાર્થો પચાવી શકતું નથી. આથી ખુદાવંદે તઆલા બાળકની પાચનશક્તિને લક્ષમાં લઈને તેને દુનિયાના વિવિધ ખોરાક, માતાના દૂધના સ્વરૂપમાં (લબનન-ખાલેસન) પહોંચાડે છે.

જયારે બાળકમાં ખોરાકને પચાવવાની શક્તિ ઉત્પન્ન થાય છે ત્યારે તેને ખોરાકને ખાવા અને ચાવવા માટે


HAJINAJI.com

દાંત આપવામાં આવે છે. અને તેવી જ રીતે બીજી જાહેરી અને બાતેની શક્તિ આપે છે.

કુદરતનું વિસ્મયકારક આયોજન અને મહેરબાની તો જુઓ કે બાળક પૈદા થાય છે, ત્યારે તે નિર્બળ અને અસહાય હોય છે. સંરક્ષક અને પરવરીશ કરનારનો મોહતાજ હોય છે. બાળકની આ જરૂરીયાતને પૂરી કરવા માટે અલ્લાહે માતાના દિલમાં બાળક પ્રત્યેની મમતા પૈદા કરી દીધી. માતા પોતે જન્મ આપેલા

બાળકથી પળવાર પણ વિખુટી પડતી નથી. તે પોતાની રાતોનો આરામ, દિવસની રાહત અને પોતાના તમામ સુખ સગવડ એ બાળક પર કુરબાન કરી દે છે. તેથી જ માઅસુમ અલય્હેમુસ્સલામ તેમની દુઆઓમાં આ પ્રમાણે ઇરશાદ ફરમાવે છે : ‘અય પરવરદિગાર, તું મારા મા-બાપથી વધારે માયાળુ અને મહેરબાન છે.’

**આપણે આશાવાદી થવું જોઈએ :**

ઉપરની તમામ વિગતો અને બીજી અનેક બાબતો જેનું અત્રે વર્ણન થયું નથી

તે તમામ પર ચિંતન કરતા શું એ યોગ્ય ગણાશે કે બંદો તેના પરવરદિગારે આલમ અને મહેરબાન ખુદા તરફ, કોઈ કામની સફળતા માટે કે મુશ્કેલી આસાન થવા માટે નિરાશા વ્યક્ત કરે ? અને બંદો પોતાના મઅબૂદ પ્રત્યેની આશાના તાંતણા તોડી નાખે ! બેશક હરગીઝ એ વાત યોગ્ય નથી, બલ્કે આપણે ખલ્લાકેદોજહાંથી હંમેશા બધી રીતે આશાવાન રહેવું જોઈએ.

## નિરાશા કુફ્ર અથવા અજ્ઞાનતાની નિશાની છે :

નિરાશા એ 'બાતેની-કુફ્ર' છે. અથવા તો પરવરદિગારે આલમની અઝમત અને કુદરતથી અજ્ઞાન કે ગાફીલ રહેવાનું પરિણામ છે. તેથી એવા લોકોએ પહેલાં પોતાના નફસની સુધારણા કરવી જોઈએ. બીજી રીતે જોઈએ તો બંને બાબતો ગુનાહે કબીરામાં ગણાઈ જશે.

મોવહ્હીદ (એક અલ્લાહમાં માનનાર) ખુદાવંદે આલમ પર ઈમાન

લાવ્યા પછી કોઈ કામમાં પોતાના પરવરદિગારથી નાઉમ્મીદ થઈ જાય તો તે કુફ્રની નીંદનીય સીફતમાં ફસાઈ જાય છે.

“બેશક ખુદાની રહેમતથી કાફિર લોકો (નાસ્તિકો) સિવાય બીજું કોઈ નિરાશ થતું નથી.” (૧૨-૮૭)

## દરેકની પ્રકૃતિ આશાવાદી હોય છે :

જ્યાં સુધી માણસ પોતાની કુદરતે આપેલી બુધ્ધિથી વિચારી ઉંડી દ્રષ્ટિથી જુએ છે અને દિલની આંખોથી આંધળો

નથી હોતો ત્યાં સુધી તે પોતાના રબથી માયુસ કે નિરાશ થતો નથી. અને જ્યાં સુધી તેના દિલમાં નૂરે ઈમાન રોશન રહે છે ત્યાં સુધી તે પોતાના મરકઝે વજૂદ (અસ્તિત્વના કેન્દ્ર) ખુદાવંદે કરીમની આશાનો સિલસિલો તોડતો નથી, પરંતું અલ્લાહ તરફથી રહેમતની આશા રાખે છે. અને કદાચ ગફલતના કારણે કયારેક તેને નિરાશાનો સામનો કરવો પણ પડે, તો પોતાના ખાલિકની અગાધ રહેમત તરફ એકાગ્ર થઈ, શરમીંદો થઈ અને પોતાના

કાર્યોની સુધારણા કરે તો અલ્લાહ તઆલા તેની મગફેરત કરશે.

**નિરાશા દૂર કરવાના ઇલાજો :**

**પહેલું : દુનિયાના ભૌતિક કાર્યોના ઇલાજ :**

*(૧) કુદરતે ખુદા :*

એ બાબત વિચારવી જોઈએ કે ઇન્સાનની અને તમામ મખ્લુકાતની હાજત પરવરદિગારે આલમની અનંત કુદરતની સામે નાચીઝ અને નગણ્ય છે. એ કાદીરે મુત્લક, ખુદાવંદે કરીમ જેણે આ વિશાળ

જમીન અને સાત આસમાન પૈદા કર્યા. જેની અઝમત અને ચિહ્નો ખુદા સિવાય બીજું કોઈ જાણતું નથી. તેણે તમામ પૃથ્વી અને આસમાનને ખૂબ જ ગણત્રી અને આયોજન પૂર્વક ગતિમાં રાખેલ છે. અને ખુદાના હુકમ વગર સોયની ટોચ બરાબર (ક્ષણભર પણ) આગળ પાછળ કરવાની કોઈની મજાલ નથી. માનવ બુધ્ધિ, તેની અઝમત અને કુદરતની સરહદો વિસ્મય પામીને લાચાર બની રહે છે. એવી અઝમતો વાળો, હકીમ પરવરદિગાર શું

એક બંદાની હાજત પૂરી કરવા માટે લાચાર હોઈ શકે ખરો ? હરગીઝ નહીં, તો પછી નિરાશ શા માટે થવું ?

*(૨) વ્યક્તિગત અનુભવ :*

ખુદાવંદે કરીમે ભૂતકાળમાં કઈ કઈ જાહેરી-બાતેની નેઅમતોથી આપણને નવાજ્યા છે, તે વિશે મનન કરવું જોઈએ. કાદીરે મુત્લક ખુદાવંદે કરીમ ઝુલ્માતે સલાસહ (ત્રણ અંધકારમાં) એટલે કે ગર્ભાશય, પેટ અને ઝીલ્લી (ઓર) (માતાના પેટ)માંથી પસાર કરીને

સલામતી પૂર્વક આપણને આલમે વજૂદ (અસ્તિત્વ)માં લાવ્યો છે. અને પળ માટે પણ તે ગાફીલ રહ્યો નથી. ઇન્સાનને (બાળવયમાં) જે હાલમાં જે વસ્તુની જરૂરત હતી તે પૂરી પાડી છે. અને કેટલી ખતરનાક હાલતમાંથી મુક્તિ આપી, જુદી જુદી બીમારીઓમાં શફા આપી, પરેશાનીઓ અને મુશ્કેલીઓને આસાન કરી. અને કેટલીય નેઅમતો અતા કરી. અલ્લાહની આવી કેટલીય અગણિત કૃપા હોવા છતાં નિરાશા શા માટે ? શું તે

આપણી હાજતો પૂરી કરવા માટે લાચાર કે કંજુસ છે કે અથવા તો આપણી હાલતથી બિલ્કુલ અજાણ છે? અસ્તગ્ફેરૂલ્લાહલઅઝીમ. હાશા-વ-કલ્લા.

*(3) જાહેરી ઉદાહરણ :*

એ લોકોની હાલત વિશે વિચારો કે જેઓ ખૂબ જ પરેશાની અને મુસીબતોમાં ફસાએલા હતા, પરંતુ પોતાના પરવરદિગારની રહેમતથી નાઉમ્મેદ ન થયા અને પરવરદિગારની બારગાહમાં જ આજીઝી સાથે દુઆ કરતા રહ્યા. અલ્લાહ

તઆલાએ તેવા લોકોની દુઆ કબુલ કરીને તેમની પરેશાની દૂર કરી દીધી, એટલું જ નહીં, તેઓ સમૃધ્ધ થઈ ગયા. અમુક લોકોએ તો અલ્લાહ તઆલાની બારગાહમાં ફરિયાદ ન કરી, છતાં પણ અલ્લાહે તેની ફરિયાદ સાંભળી લીધી. દાખલા તરીકે કોઈ નિસંતાન હોય અને વયોવૃધ્ધ થઈ જવાને કારણે નિરાશ થઈ જાય. પત્નિ પણ વાંઝણી હોય. આ બધા વિપરીત સંજોગો હોવા છતાં અલ્લાહ તઆલાએ તેને અવલાદ આપી.

## હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામ અને ફરમાંબરદાર પુત્ર :

હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામ એકસો બાર વર્ષ અને બીજી રિવાયત મુજબ એકસો એકવીસ વર્ષના અને આપના પત્નિ સારા નેવું અથવા નવ્વાણું વર્ષની ઉમરે પહોંચી ગયા હતા. તેમ છતાં નિસંતાન હતા. અલ્લાહ તઆલાએ ફરિશ્તા મારફતે તેઓને પુત્ર અવતરવાની ખૂશ ખબરી આપી-

"અને તે (ઇબ્રાહીમ)ની બીવી (સારા) (ત્યાં) ઉભી હતી તે આ ખબર સાંભળીને હસી પડી તો અમે તેણીને ઇસ્હાકના (પૈદા થવાની) ખુશખબરી આપી અને ઇસ્હાક પછી યાકૂબની (ખૂશ ખબરી આપી.) (ત્યારે) તેણી કહેવા લાગી કે હોય, (કેવું નવાઈ જેવું !) શું હું બાળકને જન્મ આપીશ ? એવી સ્થિતિમાં કે હું તો વૃધ્ધ (થઈ ગઈ) છું અને મારા પતિ પણ અતિ વૃધ્ધ (થઈ ગયા) છે; આ તો ઘણી આશ્ચર્યભરી વિચિત્ર વાત કહેવાય.

ફરિશ્તાઓએ તેના જવાબમાં કહ્યું : અય ઔરત, શું તું અલ્લાહના હુકમથી (ખુદાની કુદરતથી) આશ્ચર્ય પામે છે? અય એહલેબૈતે નબુવ્વત, તમારા ઉપર ખુદાની રહમત અને બરકત (નાઝિલ) થાય. બેશક, તે (અલ્લાહ) બુઝુર્ગ વખાણને પાત્ર અને મોટો મહિમાવાળો છે.” (સૂ.૧૧, આ.૭૧ થી ૭૩)

સંક્ષિપ્તમાં એ કે હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામ અને હઝરત સારા ઉપર

અલ્લાહની રહેમત થઈ અને તેમને ત્યાં હઝરત ઇસ્હાકની વિલાદત થઈ.

**હઝરત ઝકરીયા અલય્હીસ્સલામ અને તેમના ફરઝંદ હઝરત યહ્યા અલય્હીસ્સલામ :**

હઝરત ઝકરીયાની ઉમ્રે શરીફ નવ્વાણું વર્ષની થઈ ગઈ હતી અને તેમના પત્નિની ઉમ્ર અઠ્ઠાણું વર્ષની થઈ ગઈ હતી. આમ છતાં તેઓ ખુદાની રહેમતથી નિરાશ થયા ન હતા. અને પરવરદિગારે આલમ સાથે રાઝો-નિયાઝની વાતો કરતા રહ્યા :-

“અને અરઝ કરી ‘અય પાલનહાર, ખચિત મારા હાડકા શિથિલ થઈ ચુક્યા છે અને વૃધ્ધાવસ્થાથી મારા માથાના વાળ સફેદ થઈ ચૂક્યા છે. અને અય પાલનહાર, : હું તારી બારગાહમાં દુઆ કર્યા પછી કદી (પણ) નિરાશ નથી રહ્યો અને ખરેજ હું મારા વારસદારોથી ડરૂં છું કે મારા મર્યા પછી (બની ઇસરાઈલના માત્ર પિતરાઈ ભાઈ મારો વારસો મેળવીને તારી મરઝી વિરૂધ્ધ ખર્ચી નાખશે.) અને મારી પત્નિ (ઉમ્મે કુલસુમ બિન્તે ઇમરાન) વાંઝણી છે

માટે તારી પાસેથી મને એક એવો વારસ (જાનશીન ફરઝંદ) અતા ફરમાવ કે જે મારો (પણ) વારસ બને, અને અય મારા પરવરદિગાર તેને પારો પસંદ કરેલો બંદો બનાવ.' (જવાબ મળ્યો કે) 'અય ઝકરીયા અમે ખાત્રીપૂર્વક તને એક એવા ફરઝંદની ખૂશ ખબરી આપીએ છીએ કે જેનું નામ યહ્યા હશે અને અમે એ નામનો તેની પહેલા કોઈને બનાવ્યો નથી. '(ઝકિરયાએ) અર્ઝ કરી (કે) 'અય મારા પરવરદિગાર, મારે ત્યાં પુત્રનો જન્મ કઈ

રીતે થઈ શકશે કે જયારે મારી પત્નિ વાંઝણી છે અને હું પોતે પણ વૃધ્ધાવસ્થાની પરિસીમાએ પહોંચી ગયો છું.' (ખુદાએ) ફરમાવ્યું : "સાચી વાત છે. હાલત તો એજ છે, (પરંતુ) તારો પરવરદિગાર ફરમાવે છે એ વાત અમારા માટે (જરાય મુશ્કેલ નથી) સાવ સહેલી છે અને (તું તારી જાતને તો યાદ કર) આ પહેલા હું તને પણ એવી સ્થિતિમાં પૈદા કરી ચુક્યો છું કે જયારે તું કોઈ વસ્તુ જ ન હતો." (૧૯-૪ થી ૯)

છેવટે અલ્લાહ તઆલાએ હઝરત ઝકરીયા અલય્હીસ્સલામ ની દુઆ કબૂલ ફરમાવી અને હઝરત યહ્યા અલય્હિસ્સલામની વિલાદત થઈ.

જો કોઈ માણસ લાંબા સમયથી અસાધ્ય કે લાંબી બીમારીમાં સપડાએલ હોય અને જાહેરી રીતે નિરાશ હોય, તો તે બીમારી પાછળ નીચે મુજબના બે કારણ હોય તો નવાઈ નહી -

પહેલું :- હદીસો મુજબ તેની બીમારી તેના ગુનાહોનો કફ્ફારો હોય.

બીજું :- બીમારી લાંબા સમય સુધી રહે અને નિરાશાની હાલતમાં દુઆઓ અને સદકાથી શફા (પુનઃતંદુરસ્તી) મળે છે. અને તે રીતે નજાત પ્રાપ્ત કરવાની કોશિષ થઈ જાય.

**હઝરત અય્યૂબ અલય્હિસ્સલામ અને બલાઓ :**

ઇન્સાને શરમીંદગી અને નૂતન દ્રષ્ટિ પ્રાપ્ત કરવા માટે હઝરત અય્યૂબ અલય્હીસ્સલામના જીવનનો અભ્યાસ કરવો જોઈએ. તેઓ સાત વર્ષ અને બીજી

રિવાયત મુજબ અઢાર વર્ષ સુધી બીમારીથી ખૂબજ તકલીફો ઉઠાવતા રહ્યા, ત્યારપછી અર્ઝ કરી -

“અય મારા પરવરદિગાર, બેશક હું (જાન અને માલનું) નુકસાન ઉઠાવી રહ્યો છું (હવે) તું તો સૌથી વધુ રહેમ કરનાર છે (અને તારા તરફથી જ આશા છે.)” (૨૧-૮૩) અલ્લાહ તઆલાએ (તેમની) દુઆ કબૂલ ફરમાવી. તેની બીમારી દૂર કરી દીધી અને માલો દૌલત પણ પાછા આપી દીધા.

**આર્થિક મુશ્કેલીઓમાં પણ હિકમત છુપાએલી હોય છે :**

જો કોઈ લાંબા સમય સુધી પરેશાનીની હાલતમાં હોય અને કોઈ દિશામાં મુક્તિનો માર્ગ દેખાતો ન હોય તો નીચે મુજબની બે હાલતમાંથી એક હાલત હોઈ શકે :-

પહેલું :- તેની તંગદસ્તી અને પરેશાનીની પાછળ અલ્લાહ તઆલાની એવી મસ્લેહત અને હિકમત છુપાએલી હોય છે કે જો તે પહેલેથી તેના વિશે

માંહિતગાર થઈ જાય તો તે ફકીરી, તંગદસ્તી કે પરેશાની ખૂશીથી કબૂલ કરીને તેને ભોગવવા માટે તૈયાર રહેત.

બીજું :- જે લોકો સવારે ખૂબ જ તકલીફ કે ફકીરીમાં હોય તો સાંજે અનહદ આરામ અને આસાઈશ પામીને બેનિયાઝ થઈ જાય છે.

## ખાલી હાથમાં દૌલત :

ઉપરની વાતનાં સમર્થનમાં અત્રે એક અજીબો ગરીબ વાત "ફરજ બઅદુશ

શીદદાહ” નામની કિતાબમાં રજૂ કરવામાં આવે છે, જે નીચે મુજબ છે.

એક મોટો વેપારી કહે છે કે, ‘હું હજની સફરમાં હતો, મારી સાથે સોનાના ત્રણ હજાર દીનાર અને જર-ઝવેરાત ભરેલી થેલી હતી, જે મેં મારા કમરબંદમાં (કપડામાં લપેટીને કમરપટ્ટાની જેમ) બાંધી દીધી હતી, માર્ગમાં એક જગ્યાએ હું કુદરતી હાજતે જવા બેઠો. ત્યાં મેં કમરબંદ ખોલ્યું, તેમાંથી થેલી પડી ગઈ હતી, ત્યાંથી દૂર લગભગ એકાદ માઇલ ગયા

પછી મને યાદ આવ્યું. પરંતુ પાછું ફરવું શક્ય ન હતું. તેમ જ મારી પાસે ઘણી માલો-દૌલત હતી, તેથી તે થેલી ગૂમ થઈ જવાનો મને અફસોસ ન થયો. જોગાનુજોગ હું વતન પહોંચ્યો કે તરત જ મારી ઉપર પરેશાનીઓ અને મુસીબતોના દ્વાર એક પછી એક ખુલવા લાગ્યા. એકાએક મારી બધી જ દૌલત ખત્મ થઈ ગઈ. હું બેઆબરૂ થઈ ગયો. સગાંસંબંધીઓ અને મિત્રોથી શરમાઈને માલ દૌલતની તંગીથી કંટાળીને વતન છોડવા માટે હું

મજબુર થઈ ગયો. મુસાફરીની હાલતમાં રાત એક ગામડામાં વિતાવવી પડી. મારી પાસે માલમાં ચાંદીનો એક છઠ્ઠા ભાગનો સિક્કો હતો. રાત અંધારી હતી, વરસાદ વરસતો હતો. હું મારી પત્નિ સાથે એક સાધારણ મુસાફરખાનામાં રાત વીતાવવા માટે રોકાઈ ગયો, જોગાનું જોગ તે રાત્રે મારી પત્નિને પ્રસુતિ થવાના ચિહ્નો દેખાયા અને મારી પત્નિએ બાળકને જન્મ આપ્યો. મારી પત્નિ મને કહેવા લાગી કે ‘મને તાત્કાલિક કાંઈ ખાવાનું લાવી આપો.

નહીંતર ભૂખને લીધી મારો જીવ નિકળી જશે.’ તેથી અંધારી વરસાદી રાતમાં હું ખૂબ જ મુંઝવણ ભરી હાલતમાં એક બકાલાવાળાને ઘરે પહોંચ્યો. તેને મારી મજબુરી દર્શાવી. તેણે મહામુસીબતે ઘરનો દરવાજો ખોલ્યો. મેં તેને મારી પાસેના આખરી ચાંદીના સિક્કા આપ્યા જે લઈને તેણે ઠિકરાના વાસણમાં થોડું દહીં અને ઘી આપ્યું. હું જયારે મુસાફરઆના પાસે પહોંચ્યો ત્યારે અંધારા અને વરસાદને કારણે માંરો પગ લપસી ગયો. હું પડી

ગયો અને મારા હાથમાંથી ઠિકરાના વાસણો પડીને તુટી ગયા અને તેમાં જે કાંઈ હતું. તે ઢોળાઈ ગયું. તે વખતે મારી સબ્રની મર્યાદા તુટી થઈ. અને જીવનમાંથી રસ ઉઠી ગયો. હું બેકાબુ થઈને મોટા અવાજે રડવા લાગ્યો અને મારા પોતાના હાથે મારા ગાલ પર તમાચા મારવા લાગ્યો. સામે એક મોટું શાનદાર મકાન હતું. તેની બારીમાંથી એક માણસે મારો અવાજ સાંભળીને મોઢું બહાર કાઢયું અને કહ્યું કે, ‘અડધી રાત્રે શા માટે બુમાબુમ કરો

છો ? અમારા આરામમાં શા માટે ખલેલ પહોંચાડો છો ? તમે કોણ છો ?'

તેને મેં મારી આખી વાત કહી સંભળાવી. ત્યારે પેલા માણસે કહ્યું : 'શું તમે આટલો શોરબકોર માત્ર ચાંદીના થોડા સિક્કાના નુકસાન માટે કરો છો? આ તો શરમજનક વાત છે !' તે માણસની વાત સાંભળીને મારૂં હૃદય વધારે દ્રવી ઉઠયું. મેં કહ્યું : 'ભાઈ, ખુદા બહેતર જાણે છે કે હું આટલો હલકો અને નાદાર માણસ ન હતો. પરંતુ અત્યારે તો હું, મારી પત્નિ અને

અમારૂં નવજાત બાળક ભૂખથી તડપી રહ્યા છીએ. હું મારી પત્નિ અને બાળકની આ કફોડી દશાથી ખૂબ જ પરેશાન છું.

‘ખુદાની કસમ, ફલાણા વરસે મેં હજ કરી હતી અને હું ખૂબ જ દૌલતમંદ હતો. ફલાણી જગ્યાએ મારી ત્રણ હજાર દીનાર અને સોનું ઝવેરાત ભરેલી થેલી ખોવાઈ ગઈ હતી. જેની મને કંઈ અસર સરખી પણ થઈ ન હતી. કારણ કે તે વખતે મારી પાસે ખૂબ જ દૌલત હોવાથી મારી નજરે તેની કોઈ કિંમત ન હતી. માટે

અલ્લાહથી ડરો, અને મને જેમ તેમ ન બોલો.'

જ્યારે તે માણસે ગુમ થએલી થેલીની વાત સાંભળી ત્યારે પૂછયું કે : 'તમારી ગુમ થએલી થેલીની શું નિશાની છે ?' મને રડવું આવ્યું, મેં કહ્યું : 'અત્યારે મને એ પૂછવાનો શું અર્થ છે ?' તે માણસ તેના ઘરમાંથી બહાર આવ્યો અને કહેવા લાગ્યો કે, 'જ્યાં સુધી તું મને એ થેલીની નિશાની નહીં કહે ત્યાં સુધી હું તને અહીંથી જવા નહીં દઉં.'

મેં જયારે મારી ગુમ થએલી થેલીની નિશાની કહી ત્યારે તે મને મારો હાથ પકડીને પોતાને ઘેર લઈ ગયો અને પૂછયું કે ‘તારી પત્નિ અને બાળક ક્યાં છે ?’ મેં તેને સરનામું આપ્યું ત્યારે તેણે તેના ગુલામને તેમને બોલાવવા માટે મોકલ્યો. તે પછી ગુલામ જઈને મારી પત્નિ અને બાળકને લઈ આવ્યો. તેણે પોતાના ઘરમાં અમારા રહેવાની તેમજ બીજી જરૂરતો પૂરી કરવાની વ્યવસ્થા કરી આપી. સવાર પડી, ત્યારે તેણે કહ્યું કે ‘તમારી પત્નિની

તબિયત સારી થાય ત્યાં સુધી અહીં જ રહેજો.’ આમ દસ દિવસ સુધી તે અમારી મહેમાન નવાઝી કરતો રહ્યો. એટલું જ નહીં મને દરરોજ દસ વીસ દીનાર આપતો રહ્યો. હું તેના આ વ્યવહારથી આશ્ચર્ય પામતો રહ્યો. મને થયું કે આ માણસ મારી ઉપર આટલો બધો મહેરબાન શા માટે થયો હશે ? પછી તેણે મને પૂછયું કે : ‘તમારો કામ ધંધો શું છે ?’ મેં કહ્યું કે : ‘હું વેપારી છું અને મને મારા ધંધામાં સારી એવી ફાવટ છે.’ મારા મેજબાન માણસે

કહ્યું : ‘હું તને પૈસા (મુડી) આપું છું, તું કઈ ખરીદ વેચાણનું કામ શરૂં કર.’ આમ કહી તેણે મને બસો દીનાર આપ્યા જે લઈને મેં તેમાથી ધંધો શરૂ કર્યો. થોડા સમય પછી ધંધામાં જે કાંઈ નફો થયો તે મેં તેની સામે ધરી દીધો. તે બીજા ઓરડામાં ગયો અને એક થેલી લઈ આવ્યો એ મારી તે જ થેલી હતી, જે હજની મુસાફરીમાં ગુમ થઈ હતી. તે જોઈને મને ખૂબ જ આશ્ચર્ય અને આનંદ થયો. એટલે સુધી કે હું બેહોશ થઈ ગયો. જયારે હોશમાં આવ્યો ત્યારે કહ્યું :

"અલ્લાહ, અલ્લાહ, અલ્લાહ આ એ જ થેલી છે જે સફરે હજ દરમ્યાન ગુમ થઈ હતી." મેં અલ્લાહ તઆલાનો શુક્ર અદા ર્ક્યો અને મારા મેજબાનની રજા લઈ મારે વતન પાછો ફર્યો.

તેની પર અલ્લાહની રહમતના દરવાજા ફરી ખુલવા લાગ્યા અને પુનઃ તેનું જીવન એશોઆરામમાં પસાર થવા લાગ્યું.

"અને એ વાત આશ્ચર્ય પામવા જેવી નથી કે તમે કોઈ વસ્તુ તમારા માટે સારી

હોય છતાં તમે તેને નાપસંદ કરો, અને તે પણ આશ્ચર્ય પામવા જેવી વાત નથી કે જે વસ્તુ તમારા માટે નુકસાનકર્તા હોય છતાં તમે તેને પસંદ કરતા હો.” (૨ - ૨૧૬)

“ખુદા બહુ જ જલ્દી તંગી પછી વિપુલતા અતા કરશે.” (૬૫ - ૭)

**મુશ્કેલીઓ વખતે થતી નિરાશાનો ઇલાજ :**

જો કોઈ જમાનાના સંકટોનો શિકાર થઈ જાય તો તેણે બે બાબતો પ્રત્યે લક્ષ કેન્દ્રીત કરવું જોઈએ -

પહેલું :- એ કે આ દુનિયાની જીંદગીમાં હંમેશા (હરપળ) આઝમાઈશ અને પડકાર સામે ટક્કર ઝીલવાના પ્રસંગો ઉભા થતા રહેતા હોય છે. અને તેનાથી કોઈ જ બચી શકતું નથી.

બીજું :- પોતના કરતા વધારે તકલીફો મુસીબતો અને ખરાબ હાલતમાં સપડાયેલા બીજા લોકોની પરિસ્થિતિને પણ ધ્યાનમાં રાખવી જોઈએ. આ પ્રકારની સરખામણીથી દિલનો ગમ દૂર થશે અને શાંતિ મળશે. ઇન્સાન ગમે તેટલી

મુસીબતો અને તકલીફોમાં સપડાય છતાં રહમતે ઇલાહીથી કદી પણ નિરાશ થવું ન જોઈએ. કેમકે ભૂતકાળમાં કેટલાય લોકો જમાનાના કેટલાય અવનવા દુ:ખો અને તકલીફોમાં સપડાયા હતા અને તેમને એ મુસીબતો દૂર થવાની કલ્પના પણ આવતી ન હતી. તેમ છતાં ખુદાએ રહીમે તેમને તે મુશ્કેલીઓમાંથી મુકત કર્યા હતા. જેમકે 'ફરજ બઅદુશ્શીદદાહ' નામની કિતાબના સંપાદક જનાબ હુસૈન બિન સઈદ દેહીસ્તાનીએ એવા પાંચસોથી વધુ

લોકોની હિકાયતો લખી છે. જેઓ ખૂબ જ સખ્તી અને મુશ્કેલીમાં સપડાયા હતા. અને પછી તેઓને રાહત અને મુક્તિ મળી ગઈ હતી. આ ઉપરાંત આપણા અનુભવો એ વાતની સાક્ષી પુરે છે કે બુઝુર્ગાને દીનનો સંપર્ક, બરકત, સદકા અને દુઆની અસરથી કેટલાક, મુસીબત અને પરેશાનીમાં ઘેરાયેલા લોકો મુક્તિ પામ્યા છે.

ઉપર જણાવેલ કિતાબમાં મદીનાના એક બુઝુર્ગથી રિવાયત નોંધવામાં આવી

છે કે, તે કહે છે કે ‘હું નેઅમત અને દૌલતથી માલામાલ હતો, પણ એકાએક ગરીબી અને નાદારીમાં ફસાઈ ગયો. જેથી ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં હાજર થયો. મારી હાલત બયાન કરી, આપે મારી વાત સાંભળીને અફસોસ અને હમદર્દી વ્યક્ત કરી અને આપે મને સાંત્વન આપવા માટે નીચે મુજબના શેર કહ્યા :-

“જો થોડા દિવસની તકલીફમાં રહો તો અધીરાઈ ન કરતા કેમકે તમે ઘણો

વખત આરામ અને સુખ સગવડમાં વીતાવ્યો છે.”

“તું નિરાશ નહીં થતો, બેશક નિરાશા કુફ્ર છે, કદાચ, અલ્લાહ તઆલા થોડા સમયમાંજ તને બેનીયાઝ કરી દેશે.”

“અને ત્યારપછી (તારા) રબ વિશે બેદરકાર નહીં થઈ જતો, નિ:સંશય અલ્લાહ પોતાનો વાયદો જરૂર પૂરો કરશે.”

“-જો (ફકત) લોકોની અક્કલથી જ રિઝક મળી જતું હોત, તો દુનિયાની બધી

જ માલો દૌલત (માત્ર) બુધ્ધિશાળીઓ પાસે જ હોત.”

“-ખબરદાર, જો તમે મુશ્કેલીની જાળમાં સપડાઈ ગયા હો તો નાઉમ્મેદ નહીં થતા, કેમકે (દરેક બનાવના) પર્દા પાછળ કુદરતના અજીબો ગરીબ કરીશ્મા છુપાએલા હોય છે.”

રાવી કહે છે કે ‘જયારે મેં ઈમામ અલય્હિસ્સલામના પવિત્ર મુખેથી ઉપરના શે’ર સાંભળ્યા ત્યારે એટલી બધી ખૂશી અને આત્મસંતોષ થયો કે નિરાશા આશામાં

પલટાઈ ગઈ. રહેમતના દ્વારો મારી સામે ખુલવા લાગ્યા અને અલ્લાહ તઆલાએ તુરત જ મારી મુસીબતોને દૂર કરી.

**નોંધપાત્ર વાત :-**

આ કિતાબમાં અન્યત્ર હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની એ રિવાયત નોંધવામાં આવી છે કે 'બધી મુશ્કેલીઓ, તકલીફો અને પરેશાનીઓને દૂર કરવા માટે નીચે મુજબની આયત મુબારકની તિલાવત કરવી.'

"લાએલાહ ઇલ્લા અન્ત સુબ્હાનક ઇન્ની કુન્તો મેનઝ ઝાલેમીન. અલ્લાહો રબ્બી લા ઉશ્રેકો બેહી શયઆ."

યાદ રહે નિરાશા એ થઈ ગએલા તમામ ગુનાહોથી વધારે ખરાબ છે. કારણ કે નિરાશા, એ (અબ્દ અને મઅબૂદ) બંદા અને ખુદાનો સંબંધ કપાઈ જવાની અને મૂળ પ્રકૃતિથી મુખ ફેરવી લીધું હોવાની દલીલ છે. નહીંતર જ્યાં સુધી દિલમાં રજમાત્ર પણ ઈમાન મૌજૂદ હોય ત્યાં સુધી પોતાના પાલનહારથી સંબંધ કાપી નાખવો

અશક્ય વાત છે. અલબત્ત, એવું બને છે કે નિરાશાની હાલતમાં અજાણપણેં બધી આશાઓ પર પાણી ફરી વળતું હોવાનો અનુભવ થાય, અને ફરી પાછો રહેમતે ઇલાહીની આશાના તંતુઓ બંધાઈ જાય અને નાઉમ્મીદીના ગુનાહથી તૌબા કરી લેવાય.

**અપવાદ વગર તમામ ગુનાહ માફ થવાને પાત્ર છે :**

કુરઆને મજીદ અને મુતવાતિર હદીસોથી નિર્વિવાદપણે એ વાત સાબિત

થાય છે કે કોઈ પણ અપવાદ કે ફર્ક વગર સામાન્ય રીતે ઇન્સાનથી જે ગુનાહ થઈ જાય તેની તૌબા કરીને શરમીંદગી અનુભવે તે પછી માફી (બક્ષીસ)ને પાત્ર છે. એમ કહેવું યોગ્ય નથી કે અમુક પ્રકારના ગુનાહ તૌબા અને પશ્ચાતાપ પછી પણ માફ થશે નહીં. જેમકે ખુદાવંદે કરીમ કુરઆને મજીદમાં ઇરશાદ ફરમાવે છે.

“અને તે (અલ્લાહ) એ જ છે જે પોતાના બંદાઓની તૌબા કબૂલ કરે છે અને ગુનાહોને માફ કરે છે અને તમે જે

કાંઈ કરો છો તે (સઘળુ સારી રીતે) જાણે છે.” (૪૨ - ૨૫)

***અલ્લાહના કેટલાક નામ :***

તવ્વાબુન : તૌબા કબૂલ કરનાર

ગફ્ફારૂન : બક્ષિસ કરનાર

ગફૂરૂન : વધારે મગ્ફેરત કરનાર

ગાફેરૂઝ-ઝમ્બે: ગુનાહોની માફી આપનાર

કાબેલુત તવ્બે: તૌબા કબૂલ કરનાર

ખુદાવંદે આલમે તેના તમામ બંદાઓને, અપવાદ સિવાય પોતાની તરફ (ગુનાહો છોડીને) પાછા વળવાની ‘આમ

દાવત’ આપી છે, એટલું જ નહીં બંદાઓને તૌબા કરવાનો હુકમ આપ્યો છે.

આ વિષયની ‘સુરએ ઝુમર’ની ૫૪મી આયત વાંચીને તેના અર્થ ઉપર વિચાર કરવામાં આવે તો ગુનેહગારોની નિરાશા દૂર થઈ જશે. આ આયતને ‘આયતે રહમત’ પણ કહેવામાં આવે છે.

**કુલ યા એબાદેયલ લઝીન અસ્રફૂ અલા અનફોસેહીમ લા તકનતુ મીર રહમતીલ્લાહ. ઇન્નલ્લાહ યગફેરૂઝ ઝોનુબ જમીઆ. ઇન્નહુ હોવલ ગફૂરૂર રહીમ.**

“અય રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) તું કહી દે કે, ‘અય મારા બંદાઓ : જેણે (ગુનાહે કબીરા કરીને) પોતાના જીવ પર (અસહ્ય) હદ ઉપરાંતનો ઝુલ્મ કરેલ છે (એટલે કે અતિરેક કરીને હદથી વધી ગયા છે) તમે લોકો ખુદા(ની રહમત)થી નિરાશ થશો નહી. બેશક ખુદા (તમારા) બધા ગુનાહોને માફ કરી દેશે. ખુદા મહાન ક્ષમા કરનારો (અને) (બંદાઓ ઉપર) મહેરબાન છે.” (૩૯-૫૩)

## કેટલાક અર્થપૂર્ણ મુદ્દાઓ :

ઉપરોકત આયતે શરીફમાં કેટલાક મુદ્દાઓ ધ્યાન આપવા યોગ્ય છે.

પહેલો મુદ્દો :- એ કે ફરમાવ્યું છે "યા એબાદી" એટલે કે "અય મારા બંદા", એમ નથી ફરમાવ્યું : "યા અય્યતોહલ ઓસાતો" અય ગુનેહગારો, બંદો ગુનેહગાર હોવા છતાં તેને ગુનેહગાર તરીકે સંબોધન કરવામાં આવ્યું નથી. તેને બદલે (અલ્લાહ) પોતાની સાથેનો સંબંધ દર્શાવીને સંબોધન કરે છે. જેથી પોતાના

કમાલે લુત્ફો મરહમત (રહેમત)ની શ્રેષ્ઠતા વ્યક્ત કરવાથી બંદાની નિરાશા આશામાં ફેરવાઈ જાય.

બીજો મુદ્દો :- એ કે "અસરફૂ" (અતિરેક કરનાર) ફરમાવ્યું છે. આ સંબોધનમાં કોમળતા અને ઉદારતા વ્યક્ત કરવામાં આવી છે. એમ નથી ફરમાવ્યું : "અખતઉ" (એટલે કે અય ખતાકાર, ગુનેહગાર) જેથી આવા સંબોધનથી બંદાઓના દિલ ભાંગી જાય અને તેઓ નિરાશ પણ થાય.

## નિરાશા હરામ છે :

ત્રીજો મુદ્દો :- એ છે કે અલ્લાહ તઆલાએ ગુનાહોમાં વ્યસ્ત લોકોને સંબોધીને ફરમાવ્યું :

**"લા તકનતૂ"** તમે લોકો રહેમતે ખુદાથી નાઉમ્મેદ થતા નહીં. અહીં **"લા"** (નહીં) ના સીગાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે એ વાતની દલીલ છે કે : રહેમતે ખુદાથી નિરાશ થવાની મનાઈ છે અને તેની મગ્ફેરતથી નાઉમ્મેદ થવું હરામ છે.

ચોથો મુદ્દો :- એ છે કે "લા તકનતૂ" (એટલે કે નિરાશ થતા નહીં) આટલી સાંત્વના જ પૂરતી હતી, તેમ છતાં તાકીદ કરતા એક વાક્ય વધારે ઇરશાદ ફરમાવ્યું : **"ઇન્નલ્લાહ યગફેરૂઝ ઝોનૂબ"** અલ્લાહ તઆલા, અપવાદ સિવાય તમામ ગુનાહોની મગ્ફેરત કરી દેવાનું આમ એઅલાન કરે છે.

પાંચમો મુદ્દો :- **"જમીઅન"** શબ્દ એ વાત પર પ્રકાશ પાથરે છે કે 'ખુદાની મગ્ફેરત કોઈ ખાસ ગુનાહ માટે મખ્સુસ

નથી, પણ એ દ્વારા તમામ ગુનાહોની મગ્ફેરતની બશારત આપવામાં આવી છે.'

છઠ્ઠો મુદ્દો :- બીજી વખત **"ઇન્નહુ હોવલ ગફુરૂર રહીમ"** કહીને એ વાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે કે, 'અલ્લાહ તઆલા તમામ ગુનાહોનો બક્ષનાર છે.'

## પયગમ્બરના કાતિલની તૌબા પણ કબૂલ થાય છે :

જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીથી મનકુલ છે કે : એક સ્ત્રી હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની

ખિદમતમાં હાજર થઈ અને અર્ઝ કરી :- ‘જો કોઈ સ્ત્રી પોતાના હાથે પોતાના હાથે પોતાના બાળકને કત્લ કરે, તો શું એના માટે તૌબા છે ?’ આપે ફરમાવ્યું : ‘ખુદાની કસમ, જેના કબ્ઝએ કુદરતમાં મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની જાન છે. જો સ્ત્રીએ ૭૦ (સીત્તેર) પયગમ્બરોને કત્લ કરેલ હોય અને તે પોતાના ગુનાહ ઉપર શરમીંદા થઈને તૌબા કરે અને અલ્લાહ તેની ખુલૂસ અને સચ્ચાઈને જાણતો હોય કે ફરીથી તે ગુનોહ

નહીં કરે, તો તે સંજોગોમાં તેની તૌબા અવશ્ય કબૂલ કરવામાં આવશે. અને તેનો ગુનોહ માફ કરી દેવામાં આવશે. બેશક તૌબાના દરવાજા પૂર્વથી લઈને પશ્ચિમ સુધી ખુલ્લા છે. અને યકીનન (સાચા દિલથી) ગુનાહોની તૌબા કરનાર એટલો પાક થઈ જાય છે, જાણે કે તેણે ગુનાહો કર્યા જ નથી. (લોઆલિલ અખ્બાર ભાગ-૩, પા.૨૩)

**દુઆ કબૂલ ન થતા નિરાશ થવું યોગ્ય નથી :**

જો કોઈ શખ્સ પોતાની શરઈ કે દુન્યવી હાજત પુરી કરવા માટે અલ્લાહ તઆલા પાસે દુઆ કરે, પરંતુ તેની દુઆ કબૂલ ન થાય, તો સવાલ કરનારો નિરાશ થઈ જાય, તે વિશે બે મુદ્દા જાણવા જોઈએ.

પહેલો મુદ્દો :- એ વાત સ્પષ્ટ રીતે જાણી લેવી જોઈએ કે ‘અલ્લાહ તઆલાનો વાયદો સાચો છે. અલ્લાહ કદી વચનભંગ નથી કરતો. કેમકે તેણે બધાને દુઆ

કરવાનો હુકમ આપ્યો છે. અને દુઆ કબૂલ કરવાનું વચન પણ આપ્યું છે. જેમકે કુરઆનમાં ઇરશાદ છે :

"(અય રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) જયારે મારો કોઈ બંદો મારા વિશે પૂછે (કે હું ક્યાં છું ?) તો (કહી દો કે) હું (તેની) પાસે જ છું, અને જ્યારે કોઈ મારી પાસે સવાલ કરે છે, ત્યારે હું તે દુઆ કરનારની દુઆ કબૂલ કરૂં છું (અને જયારે યોગ્ય હોય ત્યારે કબૂલ

કરૂં છું)” (૨-૧૮૬) એવી જ રીતે બીજી જગ્યાએ ફરમાવે છે :-

“અને તમારા પરવરદિગારે ઇરશાદ ફરમાવ્યું : ‘તમે મારી પાસે (જ) દુઆ માંગો, હું તમારી દુઆ કબૂલ કરીશ.” (૪૦-૬૦)

બીજો મુદ્દો :- એ છે કે ખુદાવંદે આલમ અને હકીમ કોઈ હિકમત કે મસ્લેહતને કારણે તેની દુઆ કબૂલ કરવામાં વિલંબ પણ કરી શકે છે. એટલે

ધીરજ ખોઈને (ઉતાવળે) નિરાશ થવું ન જોઈએ.

## ગુનાહોને લીધે દુઆ કબૂલ થતી નથી :

ક્યારેક ગુનાહોને લીધે પણ દુઆ કબૂલ થતી નથી. વાસ્તવમાં અલ્લાહની બારગાહમાં દુઆ કબૂલ થવામાં થતા વિલંબનું કારણ એ હોય છે કે ખુદાવંદે આલમ તેના લુત્ફો-કરમ તેમાં શામિલ કરવા ઇચ્છે છે, અને બંદાને વારંવાર દુઆ કરવાની તૌફીક અતા કરીને તેને તેના મકસદમાં સફળ થવા દેવા માંગે છે. દુઆ

પૂરી થવામાં વિલંબની મુદ્દત સતત વધારીને દુઆ કરવાની તૌફીક આપવી, એ પણ અલ્લાહની મહાન નેઅમત છે.

લક્ષ કેન્દ્રીત કરવા જેવો બીજો મુદ્દો એ છે કે, સતત દુઆઓને પરિણામે છેવટે અલ્લાહ દુઆ કબૂલ કરવા જ માંગતો હોય છે પણ તે બંદાનો આવાઝ વારંવાર સાંભળવા ઇચ્છતો હોય છે.'

**દુઆ કબૂલ થવાનો વિલંબ, નિકટતાનું કારણ બને છે :**

ક્યારેક દુઆ કબૂલ થવામાં વિલંબ થાય છે. કેમકે દુઆ એ શ્રેષ્ઠ ઇબાદત છે અને દુઆ રહેમતે ખુદાની નઝદીક થવાનું કારણ બને છે. તેથી અલ્લાહ જેને ખૈરો-ખૂબીની તૌફીક અતા કરવા અને પોતાના રહેમ અને અહેસાનથી નવાઝવા ચાહે તેની દુઆ કબૂલ કરવામાં વિલંબ કરે છે. અલ્લામા મજલિસી ‘હયાતુલ કોલૂબ’માં લખે છે કે, ‘હઝરત ઈમામ મોહમ્મદ

બાકિર અલય્હિસ્સલામથી સહીહ અને મુસ્તનદ હદીસ રિવાયત છે કે, હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામ (દૂર દૂરની) વસ્તીઓ, જંગલો અને રણમાં મખ્લૂકાતે પરવરદિગારથી ઇબ્રત (બોધપાઠ) મળે એ માટે ફરતા રહેતા હતા. તેમણે એક દિવસ કોઈ જગ્યાએ એક મૈદાનમાં એક માણસને નમાઝ પડતો જોયો. તેના કપડાં વાળના બનેલા હતા. અને વાતાવરણમાં તેની ઇબાદતનો આવાઝ ગુંજી રહ્યો હતો. હઝરતે ઇબ્રાહીમ અલય્હિસ્સલામ એ

જોઈને આશ્ચર્ય પામ્યા અને તેની પાસે જઈને બેસી ગયા. અને તેની નમાઝ પૂરી થવાની રાહ જોવા લાગ્યા.'

તે માણસની નમાઝ પૂરી થઈ ત્યારે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે તેને કહ્યું : 'મને તારી આ ઇબાદત કરવાની રીત ખૂબ જ ગમી ગઈ છે. મારી ઇચ્છા છે કે તારી સાથે દોસ્તી બાંધુ. તારૂં ઘર ક્યાં છે એ મને કહે, એટલે મને જયારે ઇચ્છા થાય ત્યારે તને મળવા માટે આવી શકું.'

તેણે કહ્યું : 'હું જ્યાંથી પસાર થાઉં છું, ત્યાંથી તું પસાર નહીં થઈ શકે.'

આપે પૂછયું : 'શા માટે ?'

તેણે કહ્યું : 'હું પાણી ઉપર ચાલું છું.' આપે ફરમાવ્યું : જે ખુદાએ તને પાણી ઉપર ચાલવાની શક્તિ આપી છે. તે ખુદા મારા માટે પણ પાણીને મારે તાબે કરી દેશે. આપણે બંને સાથે ચાલશું. ચાલ, આજે રાતે હું તારા ઘરે રોકાઈશ.' બંને દરિયા પાસે પહોંચ્યા ત્યારે પેલા માણસે બિસ્મિલ્લાહ કહીને દરિયો પાર કરવાનું

શરૂ કર્યું. હઝરત ઇબ્રાહીમે પણ ‘બિસ્મિલ્લાહ’ કહીને દરિયો પાર કર્યો. તે માણસ આશ્ચર્ય પામ્યો. પછી બંને તે માણસના ઘરમાં પ્રવેશ્યા. હઝરત ઇબ્રાહીમે પેલા માણસને પૂછયું : ‘ક્યો દિવસ બધા દિવસોમાં વધારે સખ્ત છે ?’ આબિદે જવાબ આપ્યો : ‘અલ્લાહ તઆલા તેના બંદાઓને આમાલ (કાર્યો)નો જયારે બદલો આપશે તે દિવસ સૌથી વધુ સખ્ત હશે.’

હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે કહ્યું : ‘આવ, આપણે બંને સાથે મળીને

અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ કરીએ કે ખુદાવંદે આલમ આપણને એ દિવસની સખ્તીથી સુરક્ષિત રાખે.'

બીજી રિવાયતમાં છે કે : હઝરત ખલીલુલ્લાહે ફરમાવ્યું : 'આવો, આપણે બંને સાથે મળીને ગુનેહગાર મોઅમિનો માટે દુઆ કરીએ.'

આબિદે જવાબ આપ્યો : 'હું દુઆ નહીં કરૂં, કારણ કે મારી એક હાજત માટે અલ્લાહ તઆલા પાસે ત્રણ વર્ષથી સતત દુઆ કરૂં છું, પરંતુ તે દુઆ હજુ સુધી

કબૂલ થઈ નથી. તેથી બીજી દુઆ કરવાની ગુંજાઈશ જ નથી. તેથી હું અલ્લાહ પાસે બીજી કોઈ (દુઆ કરીને) માંગણી કરવા માંગતો નથી.'

હઝરત ઇબ્રાહીમે ફરમાવ્યું : 'જયારે ખુદા કોઈ બંદાને દોસ્ત રાખે છે ત્યારે તેની દુઆને અટકાવી દે છે, જેથી બંદો વારંવાર અલ્લાહ તઆલા સાથે રાઝો નિયાઝ કરે અને સતત દુઆ કરવાનું ચાલુ રાખે અને જયારે ખુદા કોઈ બંદાને દુશ્મન રાખે છે, ત્યારે તેની દુઆ તુરત જ કબૂલ થઈ જાય

છે. અથવા તો દુઆ કરનારના દિલમાં એવી નિરાશા પૈદા કરી દે છે કે તે દુઆ જ ન કરે.'

આપે આબિદને પૂછયું : 'તારી દુઆ શું છે, જે હજી સુધી કબૂલ થઈ નથી, એ કહે.'

આબિદે જવાબ આપ્યો : 'એક દિવસ હું જે જગ્યાએ નમાઝ પડી રહ્યો હતો, ત્યાં એક ખૂબ જ ખુબસુરત નુરાની ચહેરાવાળા બાળકને જોયો. તે બાળક ગાય, ઘેટા અને બકરીઓ ચરાવતો હતો.'

મેં તેને પૂછયું કે 'આ બધા કોના જાનવર છે ?' તેણે જવાબ આપ્યો 'આ બધા મારી માલિકીના છે.' મેં પૂછયું : 'તું કોણ છે ?' તેણે જવાબ આપ્યો : 'હું ખલીલે ખુદા હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામનો પુત્ર ઇસ્માઈલ છું.' ત્યારથી હું દુઆ કરી રહ્યો છું કે '(અય અલ્લાહ) તારા દોસ્ત ઇબ્રાહીમની ઝિયારત અને પરિચય મને કરાવી દે.'

હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે ફરમાવ્યું : 'હવે તારી દુઆ કબૂલ થઈ ગઈ છે, હું જ ઇબ્રાહીમ અલયહીસ્સલામ છું.'

આબિદ ખૂબ જ ખૂશ થયો. હઝરત ઇબ્રાહીમ અલયહીસ્સલામને ગળે લગાડી દીધા. હઝરત ઇબ્રાહીમ અલયહીસ્સલામનું સર મુબારક, આંખો અને હાથ ચૂમવા લાગ્યો અને સાથો સાથ શુક્રે ખુદા બજાવવા લાગ્યો. ત્યારપછી બંનેએ ભેગા મળી મોઅમિન અને મોઅમેનાતના હકમાં દુઆ કરી.

# પ્રકરણ પાંચમું

# કબાએરે - મન્સૂસહ

(એટલે કે કુરઆનથી સાબિત થએલા મોટા ગુનાહો જેને ગુનાહે કબીરામાં ગણવામાં આવ્યા છે.)

# ત્રીજો ગુનોહ

## અલ કુનૂતો મિર રહમતિલ્લાહ

## (અલ્લાહની રહેમતથી નિરાશ થઈ જવું)

# ત્રીજો ગુનોહ

# અલ કુનૂતો - મિર હમતિલ્લાહ

## (અલ્લાહની રહેમતથી નિરાશ થઈ જવું)

કુનૂત : આ કિતાબના આગળના ભાગમાં હઝરત ઈમામ રઝા અલય્હિસ્સલામની હદીસમાં ગુનાહે કબીરાની સંખ્યાનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમા યાસ (નિરાશા) પછી કુનૂત (હતાશા)નો ઉલ્લેખ થયો છે.

રહમતે ઇલાહીથી દિલમાં નિરાશા ઉદભવવી અને તેના કારણે નાસીપાસ

થઈ જવું, તેને ‘કુનુત’ કહેવામાં આવે છે. યાસ અને નિરાશા બંને વચ્ચેના તફાવત વિશે ઓલમાએ અખ્લાક ફરમાવે છે કે યાસનો સામાન્ય સંદર્ભમાં ઉપયોગ થાય છે. અને કુનૂતનો ખાસ સંદર્ભમાં ઉપયોગ થાય છે. એટલે કે ‘યાસ’ શબ્દ ફક્ત દિલમાં ઉત્પન્ન થતી નિરાશા માટે જ વપરાય છે. જ્યારે કે આ પ્રકારની આંતિરક નિરાશા તીવ્ર બની જાય અને તેની અસર બાહ્ય રીતે જાહેર થાય અને બુધ્ધિશાળી લોકો એવી નિરાશામાં

ફસાએલા માણસની વાતોથી નક્કી કરી લે કે તે હતાશ (નાઉમ્મીદ) થઈ ગયો છે, એ હાલતને કુનૂત કહેવાય છે.

ટૂંકમાં જેની વાતોમાં નિરાશાનો સૂર સંભળાય તે 'કાનિત' (કુનૂતમાં ફસાએલે) ગણાય છે.

## દુઆ કરવાથી નિરાશ થવું હતાશા છે.

કેટલાક આલિમોનું કહેવું છે કે 'નાઉમ્મીદીની હાલતમાં દુઆ કરવાનું છોડી દેવું એ 'યાસ'ના ચિહ્નો છે.' નિરાશ ઇન્સાનને દુઆઓ મારફત પોતાની નિશ્ચિત

મંઝીલ સુધી પહોંચવાની આશા હોતી નથી. ‘કુનૂત’નો અર્થ એ છે કે, બંદો પોતાના પરવરદિગાર વિશે એમ માની લે કે ખુદા તેની ઉપર રહેમ કરતો નથી અને પોતાની દુઆ કબૂલ કરતો નથી. તે એવું ખોટું માની લે છે કે તેના ગુનાહોની સજારૂપે તેની ઉપર મુસીબતો પડી છે. સહીફએ સજ્જાદીયાની ઓગણચાલીસમી દુઆના આ વાક્યો ઉપરથી વાતને સમર્થન મળે છે. “હું તારી નજાતની માયુસ થયો નથી, ન તો તારા વિશે

બેદરકાર છું, પરંતુ નિરાશા છવાઈ જવાનું કારણ એ છે કે મારા નેક અમલ ઓછા અને બુરા અમલ વધારે છે. નહીંતર તારી ઝાતે અકદસ એનાથી કેટલીયે ઉચ્ચતર છે કે તારી બારગાહમાંથી કોઈ ગુનેહગાર નિરાશ અને દુ:ખી થઈને પાછો ફરે.”

પરવરદિગારે આલમ વિશે બદગુમાની કરવી, એ ગુનાહે કબીરામાં ગણાય છે. તેમા શંકાને કોઈ સ્થાન નથી. કુનૂત એ મુશ્રીકો અને મુનાફીકોના લક્ષણ

પૈકીનું એક લક્ષણ છે. જેમકે સૂરએ ફત્હમાં ઇરશાદે રબ્બુલ ઇઝઝત છે-

"અને દાંભિક પુરૂષો અને દાંભિક સ્ત્રીઓ અને મુશ્રીક પુરૂષો અને મુશ્રીક સ્ત્રીઓ કે જેઓ ખુદાના સંબંધમાં ખરાબ મત ધરાવે છે, તેની ઉપર જ અલ્લાહ અઝાબ નાઝિલ કરે છે. (કાળચક્ર આવી પડે છે.)" (૪૮-૬)

બદગુમાની સજાનું કારણ બને છે :

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે મિમ્બર ઉપરથી ફરમાવ્યું :

“એ પરવરદિગારની કસમ, જેનો કોઈ શરીક નથી, ખુદા એ મોઅમિનને દુનિયા અને આખેરતની ભલાઈ હરગીઝ નથી આપતો, જ્યાં સુધી કે તે મોઅમિન પોતાના પરવરદિગાર વિશે નેક ગુમાન ન રાખતો હોય, નેક ચારિત્ર્ય ધરાવતો ન હોય, પોતાને મોઅમિનની ગીબત કરવાથી

અલિપ્ત રાખતો ન હોય. એ ખુદાની કસમ, જે વહદહુ લા શરીક છે, તે (ખુદા) કોઈ મોઅમિનને તૌબા અને ઇસ્તગ્ફાર કરી લીધા પછી અઝાબ નથી કરતો, પણ એ મોઅમિનને કે જે અલ્લાહ વિશે બદગુમાની કરે, તેનાથી ઉમ્મીદ રાખવામાં ઢીલ કરે, બદઅખ્લાકી કરે અને મોઅમીનની ગીબત કરતો હોય.” (ઉસુલે કાફી)

કસમ છે કે ખુદાની, જેના સિવાય બીજો કોઈ મઅબૂદ નથી. અલ્લાહ તઆલાની સાથે કોઈ મોઅમિન વિશે હુસ્ને

ઝન (નેક ગુમાન) રાખવું, ખુદાને પણ તેના સુંદર ખ્યાલોમાં શામિલ કરી દે છે. કેમકે ખુદાવંદે આલમ કરીમ છે, અને કોઈ બંદે મોઅમિનના હુસ્ને ઝન, શ્રધ્ધા અને ઉમ્મીદની વિરૂધ્ધ હુકમ આપતા તેને હયા થશે.

તો પછી તમે અલ્લાહ વિશે સારા વિચારો રાખો. અને તેના પ્રત્યે ઉંચી ભાવના રાખતા થઈ જાવ.

**માફી મળવાની આશા અને દુઆની કબુલીયત :**

પરવરદિગારે આલમ વિશે હુસ્ને ઝન રાખવાનો અર્થ એ છે કે, બંદો અલ્લાહ ઉપર પૂરેપૂરો ભરોસો રાખે કે તેનાથી કોઈ ગુનોહ થઈ જાય અને તે તૌબા કરે, તો અલ્લાહ તેને બક્ષી આપશે. તે દુઆ કરશે તો અલ્લાહ તે દુઆને કબૂલ કરશે. તે કોઈ નેક અમલ કરશે તો અલ્લાહ તે નેક અમલને કબૂલ કરીને તેનો સવાબ અતા કરશે.

મગ્ફેરતનો ભરોસો રાખવો ફાયદાકારક જ નહીં જરૂરી પણ છે. સાથોસાથ એ વાત પણ યાદ રાખવી જોઈએ કે સારા કામો બજાવ્યા વગર સવાબની આશા રાખવી એ અજ્ઞાનતા અને ઘમંડના ચિહ્નો છે.

**દુનિયા અને આખેરતની બાબતોમાં નિરાશા :**

કેટલાક ઓલમાએ - અખ્લાક યાસ અને કુનૂત વચ્ચેનો તફાવત આ રીતે સમજાવે છે. ‘કુનૂત દુન્યવી રહેમતોની


HAJINAJI.com

નિરાશા સાથે સંબંધ ધરાવે છે, જે વિશે કુરઆનમાં ખુદાવંદે કરીમ ફરમાવે છે :-

“તે એ જ (ખુદા) છે, જયારે બંદાઓ નિરાશ થઈ ચૂક્યા હોય, તે પછી વર્ષા વરસાવે છે અને પોતાની નેઅમત (વરસાદ)ને ફેલાવે છે અને તે જ વાલી (અને) સ્તુતિને પાત્ર છે.” (૪૨ - ૨૭)

“યાસ” વિશે ઓલમા ફરમાવે છે કે તે આખેરતની રહમતો સાથે સંબંધિત છે. જેમકે ઇરશાદ છે :

"હકીકતમાં આખેરતથી નિરાશ થઈ ગયા છે." (૬૦-૧૩)

**'યાસ'ની સરખામણીએ 'કુનૂત' બદતર છે :**

રહેમતે ઇલાહીથી નાઉમ્મીદ થવાનો અર્થ એ થાય કે બંદો હંમેશના સદભાગ્ય (સઆદતે અબદી)થી વંચિત થઈ ગયો. 'કુનૂત'ને કારણે બંદા અને મઅબૂદ વચ્ચેનો સંબંધ કપાઈ જાય છે. તેનું કારણ એ છે કે તેના દિલમાં તેના જન્મથી જે નૂર પ્રજવળી રહ્યું હતું, તે બુઝાઈ ગયું છે. જો

તે નૂર મૌજૂદ હોત તો તેના દિલમાં આશા પણ બાકી રહેત અને તે નિરાશ ન થઈ જાત.

સંભવ છે કે એ અતિશ્યોક્તિનો શિકાર થયો હોય, જયારે આવી હાલત આવી હોય, તો તે રહેમતે ખુદાથી દૂર જહાલતના અંધકારમાં ચાલ્યો જાય છે. પરંતુ યાસ (હતાશા) એ વાતની દલીલ છે કે બંદા અને મઅબુદ વચ્ચે ગુનાહનો પડદો પડી ગયો છે. પરંતુ મૂળ કુદરતી નૂર હજુ બાકી છે. યાસનો ભોગ બનનાર

પોતાના પરવરદિગાર સાથે આશાનો સંબંધ જાળવી રાખતો હોય છે. અને તેથી વચ્ચેનો પડદો હટાવી શકાય છે.

તેથી યાસ માફીને પાત્ર છે ત્યારે 'કુનૂત' દરગુઝર અને માફીને પાત્ર નથી. તેથી 'કુનૂત' શિર્કમાં શામેલ છે. તેથી 'કુનૂત' એ ઇન્સાન માટે સૌથી મોટો ગુનોહ છે. (મનકુલ અઝ તફસીરે રૂહુલ બયાન)



HAJINAJI.com

# પ્રકરણ છઠ્ઠું

# કબાએરે મન્સૂસહ

(એટલે કે કુરઆનથી સાબિત થએલા મોટા ગુનાહો જેને ગુનાહે કબીરામાં ગણવામાં આવ્યા છે.)

# ચોથો ગુનોહ

# અલ અમ્નો મિન મકરીલ્લાહ

## (ખુદાના કહરો ગઝબ પ્રત્યે લાપરવાહી)

# ચોથો ગુનોહ

# અલ અમ્નો મિન મકરીલ્લાહ

## (ખુદાના કહરો ગઝબ પ્રત્યે લાપરવાહી)

ગુનાહે કબીરા પૈકી એક અલ્લાહની પ્રયુક્તિથી લાપરવાહ અને નીડર રહેવું તે છે. બીજા શબ્દોમાં કહીએ તો માણસ પોતાના પરવરદિગારના અચાનક આવી પડનાર કોપ અને અઝાબને અવગણીને એશો આરામમાં વ્યસ્ત રહે, અને પોતાના ગુનાહોને કારણે અઝાબે ઇલાહીમાં ગિરફતાર થવાની લેશ માત્ર પણ પરવા

ન કરે, એ ગુનાહે કબીરા છે. જેમકે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ, હઝરત ઈમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ અને હઝરત ઈમામ અલી રઝા અલય્હિસ્સલામએ મક્રે ઇલાહીથી ન ડરવાને ગુનાહે કબીરા ગણાવેલ છે.

આ ઉપરાંત કુરઆને મજીદમાં ઇરશાદ થાય છે :

“તો શું એ વસ્તીના રહીશો (શહેરવાસીઓ) એ વાતોથી નિર્ભય થઈ ગયા છે, કે (તેમની ઉપર) અમારો અઝાબ

રાતો રાત નહીં આવે. (રાત્રીમાં પકડી નહીં લે) જયારે કે તેઓ (નિર્ભયતાથી) નીંદ્રાધીન હોય ?" (૭-૯૭)

"અથવા શું એ વસ્તીવાળા (શહેરવાસીઓ) એ (વાતથી) નિર્ભય થઈ ગયા છે કે 'અમારો અઝાબ તેમને ધોળે દિવસે (નહીં) પકડી લે, એવી સ્થિતિમાં કે તેઓ ખેલ કુદમાં મશ્ગુલ (મચ્યા) હોય ?" (૭-૯૮)

"શું તેઓ અલ્લાહની શક્તિઓ (પ્રયુક્તિ)થી નિર્ભય અને નીડર થઈ ગયા

છે ? (તો યાદ રહે કે) અલ્લાહના અચાનક આવી પડનારા અઝાબની હાની ભોગવનારા સિવાય કોઈ નિર્ભય રહેતું નથી.” (૭-૯૯)

ઉપરની ત્રણેય આયતોમાં અઝાબે ઇલાહીથી ન ડરનાર વિશે સ્પષ્ટ રીતે ચેતવણી આપવામાં આવી છે અને છેલ્લી આયતમાં અઝાબે ઇલાહીથી નીડર રહેનારાઓને અંતિમ નુકસાન પામનાર સમુહ સાથે સરખાવવામાં આવ્યા છે. જેનો અર્થ આખેરતના અઝાબનો ડર છે. કેમકે

ગુનેહગાર અને કાફિરો સિવાય કે જેઓ અઝાબને પાત્ર છે, જન્નતવાસીઓ અને નજાત પામનારાઓનો ઉલ્લેખ કુરઆનમાં નુકસાન ઉઠાવનારા તરીક થયો નથી.

કુરઆન અને હદીસથી સાબિત છે કે મક્રે ઇલાહી (ઇલાહી અઝાબ) થી ગાફીલ રહેવું એ ગુનાહે કબીરા છે. આમ પરવરદિગારે આલમના અઝાબ અને કોપ સામે નિર્ભયતા અને દીલેરી, એ અલ્લાહ તઆલાથી ન ડરવા અને તેની અઝમતો જલાલતનો ઇન્કાર કરવા અને તેના

હુકમોથી મુખ ફેરવી લેવા સમાન છે. આ વાતનો અર્થ સ્પષ્ટ કરવા પૂરતો દાખલો આપવામાં આવે છે કે, કોઈ એક માણસ અથવા પ્રજા ગફલતથી અને નિર્ભયતાથી બાદશાહે વક્ત અથવા હુકુમતની નાફરમાની કરે, તો તેનો અર્થ એમ થયો કે તેણે બાદશાહની રાજ્ય વ્યવસ્થા કે હુકુમતની સત્તાની નાફરમાની કરી છે અને તે બાદશાહ કે સત્તાધીશને વાજિબુલ ઇતાઅત (તેની ઇતાઅત કરવાની વાજીબ) સમજતો નથી. અને તેણે તેની

સામે ‘અલમે બગાવત’ (બગાવતનો ધ્વજ) ફરકાવી દીધો છે. સિધ્ધાંતિક રીતે આવો વિરોધ કરનારને બાદશાહ કે હુકુમત માંફ કરવાને પાત્ર ગુનો સમજતી નથી. જયારે વાસ્તવિક સલ્તનતના માલિક તેમજ દુનિયા અને આખેરતના માલિક સામે હકીર અને નિર્બળ ઇન્સાન વિરોધ કરવાની હિંમત કરે, તો કેટલી આશ્ચર્યની વાત કહેવાય ! તેની આ (લાપરવાહી) અને નીડરતાની સ્થિતિ જ ગુનાહે કબીરા છે. અને તે માંફીને પાત્ર નથી. પરંતુ તેણે

એ હાલતથી ભોંઠપ અનુભવી તૌબા અને ઇસ્તગ્ફાર કરવો જોઈએ. આ બયાનથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે તેના ગુનાહો બક્ષવાને પાત્ર છે કે નહીં, તે ગુનેહગારની હાલત સ્થિર છે કે ભયભીત છે, તેના એટલે કે ગુનેહગાર બંદાના દિલમાં ખૌફે ખુદાનું પ્રમાણ વધુ હશે, તેમ મગ્ફેરતને પાત્ર બનશે અને અઝાબ અને મક્રે ઇલાહીથી નિર્ભય રહેશે તો મગ્ફેરત અને રહમતે ઇલાહીથી દૂર રહેશે.

ઉપરની વાતનો સારાંશ એ છે કે મક્રે ઇલાહીનો અર્થ એ છે કે ગુનેહગાર પર અલ્લાહનો અઝાબ ઓચિંતો આવી પડે છે. જે વિશે કુરઆને શરીફમાં ઇરશાદ છે :

"શું ઇન્સાન એમ સમજે છે કે તેને (બે લગામ) આઝાદ છોડી દેવામાં આવ્યો છે ?" (૭૫ - ૩૬)

**ઇમ્લાઅ :**

મક્રે ઇલાહીના પ્રકારો પૈકીનો એક પ્રકાર "ઇમ્લાઅ" છે. માનવજાતના સર્જનથી માંડીને આજ સુધી આ સુન્નત

ચાલી આવે છે. નાશુક્રા ઇન્સાનની અવહેલના કરવામાં કે તેની અનીતિના પ્રમાણસર ગુનેહગારોને તેના ગુનાહોની સજા આપવામાં અલ્લાહ ઉતાવળથી કામ લેતો નથી. પરંતુ મોહલત આપે છે. એનું કારણ એ છે કે માઅસૂમીન અલય્હેમુસ્સલામ સિવાય એવો કોઈ બંદો નથી જેનાથી ગુનાહો થતા ન હોય. જો ગુનેહગારને તેના ગુનાહોની તાત્કાલિક સજા આપવામાં આવે અને બદલો લેવામાં આવે, તો આ પૃથ્વીના પટ ઉપર કોઈ

જીવંત હસ્તી મૌજૂદ નહીં રહે, બધાનો નાશ થઈ જશે. જેમકે કુરઆને કરીમમાં બારી તઆલા ઇરશાદ ફરમાવે છે.

“અને જો ખુદા પોતાના બંદાઓની નાફરમાનીની સજા કરત (ઝુલ્મોના પ્રમાણમાં તેમનાથી બદલો લેત) તો પૃથ્વી પર વસનારાઓમાંથી કોઈ એક જીવંત વસ્તુને બાકી ન રાખત એટલે તે એક નિશ્ચિત સમય સુધી તેમને મોહલત (મુદ્દત) આપે છે.” (૧૬ - ૬૧)

ઇમ્લા (મોહલત)નો બીજો અર્થ એ છે કે ખુદાએ મહેરબાન પોતાના બંદાઓને મોહલત આપે છે. એટલે સુધી કે તે પોતાના થઈ ગએલા ગુનાહોથી શરમીંદો થઈને તૌબા કરે અને ભવિષ્યમાં ગુનાહ ન કરવાનો પાકો ઇરાદો કરે. આવી મોહલત આપવામાં સાહેબાને ઈમાન અને એહલે તકવાને ફાયદો પહોંચાડવાનું લક્ષમાં રાખવામાં આવ્યું છે. આનાથી ઉલ્ટું એહલે કુફ્ર અને અલ્લાહની નાફરમાની કરનાર માટે મોહલતની મુદ્દત દરમ્યાન તેમના

ગુનાહમાં બીજા ગુનાહોનો વધારો થતો જાય છે. એટલે સુધી કે તેમની ખ્વાહીશાતે નફસાની (મનોવાસના) તૃપ્ત થઈ જાય, અને તુરત જ મક્રે ઇલાહી એટલે કે અલ્લાહનો કોપ નાઝીલ થઈ જાય છે. જેમકે કુરઆને પાકમાં ચેતવણી આપવામાં આવી છે.

"અને હું તેમને (દુનિયામાં) મોહલત આપું છું. બેશક મારી કૈદ (અચાનક આવી પડનારી સજા) સખ્ત મજબુત છે." (૭-૧૮૩)

(હું તેમને (દુનિયામાં) ઢીલ આપતો રહું છું : બેશક મારો દાવ પાકો (દાવ) છે.)

બીજા શબ્દોમાં કહીએ તો કાફિરો અને ગુનેહગારોને આપવામાં આવેલી લાંબી સફળ જિંદગી અને તેમના એશો આરામના સાધન - સગવડ જાહેરમાં તેના માટે ખૂશી અને સુખદાયક બાબતો છે, જેનાથી તે પોતાને માનવંત અને ઉચ્ચ સમજે છે, પરંતુ વાસ્તવમાં, એ ગઝબ અને ઇન્તેકામે ઇલાહી (અલ્લાહ તરફથી

બદલા અને કોપ)નો એક પ્રકાર છે, જેને મક્ર સાથે સરખાવવામાં આવે છે.

**શિથિલ ચારિત્ર્યવાળા (બદકીરદાર)ને મુદ્દત આપવી નિરર્થક છે :**

ઉપરોક્ત વાતના સમર્થનમાં કુરઆને મજીદ ફરમાવે છે :

"જે લોકો કાફર છે, તેઓ હરગીઝ એવું માની ન લે કે અમે તેને મોહલત અને નિશ્ચિતતા આપી છે, તે તેમના હકમાં લાભદાયી છે (વાસ્તવમાં) અમે તેને મોહલત અને (દુનિયાની ઝિંદગીમાં)

નિશ્ચિતતા ફક્ત એ માટે આપી (રાખી) છે, જેથી તેઓ ખૂબ વધારે પ્રમાણમાં ગુનાહો કરી લે અને છેવટે તો તેમને અપમાનીત કરનારો અઝાબ છે.” (૩-૧૭૮)

હઝરત ઇમામે રઝા અલયહિસ્સલામે ઇરશાદ ફરમાવ્યું :

“ખુદાની કસમ તેઓને એવો કોઈ અઝાબ કરવામાં નથી આવ્યો જે ઇમ્લાઅની સજાથી વધારે સખ્ત હોય (ઇમ્લાઅ એ મુદ્દતને કહેવાય છે, જે આ

દુનિયામાં આપવામાં આવે.)” (સફીનતુલ બેહાર, જી.૨, પા.૫૫૧)

હઝરત ઈમામ સજ્જાદ અલય્હિસ્સલામ ઇરશાદ ફરમાવે છે :

“(ખુદાવંદા) મને (એટલી) ઉમ્ર અતા ફરમાવ કે મારી લાંબી (આખી) ઉમ્ર તારી બંદગી અને ઇતાઅતમાં ખર્ચાઈ જાય અને જો મારી ઉમ્ર શૈતાનની ચરાગાહ (કાર્યક્ષેત્ર) બની જાય તો (એ પહેલા કે તારો કોપ અને અઝાબ મારી ઉપર નાઝિલ થાય) મારી રૂહ કબ્ઝ કરી લે અને

તારી તરફ લઈ જા.” (દુઆએ મકારેમુલ અખ્લાક)

**ઇસ્તદરાજ :-**

ઇસ્તદરાજ પણ મક્રે ઇલાહીનો એક પ્રકાર છે. એટલે કે કેટલાક લોકો ગુનાહ અને અવિનયને કારણે અલ્લાહના કોપને પાત્ર બની ગયા હોય છે. તેને જયારે પણ મોકો મળે છે ત્યારે ગુનાહ કરવાની તક છોડતા નથી. ખુદા પણ તેવા ગુનેહગારને એક ગુનાહ પછી પણ નવી નેઅમત અતા કરે છે. છતાં તે શરમીંદગી અનુભવવા કે

ગુનાહો માટે પસ્તાઈને માફી માંગવા અથવા તો નેઅમતે ખુદા મળવા બદલ ખુદાનો શુક્ર અદા કરવાને બદલે પોતે કરેલા ગુનાહોને ભૂલી જાય છે. અલ્લાહની નાફરમાની ઉપર નાફરમાની કરે છે. એવા બાગી લોકો માટે અલ્લાહનું ફરમાન છે.

"અને જે લોકોએ અમારી આયતો જુઠલાવી (છે) અમે નઝદીકમાં તેમને ધીમે ધીમે (જહન્નમમાં) લઈ જશું (જેની) તેઓને ખબર પણ નહીં પડે." (૭-૧૮૨)

સફીનતુલ બેહાર જી.૧, પા.૪૨ માં નોંધેલું છે કે :

જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદાને જઝા આપવા ચાહે છે, તો જયારે તે બંદો ગુનાહ કરે છે તો તેને ખુદા મુસીબતમાં સપડાવે છે. જેથી તે બંદો એ વાત પ્રત્યે જાગૃત થઈ જાય કે તેની મુસીબતનું કારણ તેના ગુનાહ છે અને તેથી ઇસ્તગ્ફાર અને તૌબા કરે છે. અને જયારે બંદાને તેના ખરાબ કામને પરિણામે (શર) બુરાઈનો બદલો આપવા ઇચ્છે છે જયારે બંદો

ગુનાહો કરે. તો તેને નવી નેઅમતો અતા થાય છે. જેથી તે નેઅમતો પામીને તૌબા અને ઇસ્તગ્ફાર કરવાનું ભૂલી જાય, ખુદાવંદે આલમનો આ કૌલ : "અમે તેને નઝદીકના સમયમાં એટલા ધીમે ધીમે જહન્નમમાં લઈ જશું કે તેને ખબર પણ નહીં પડે" નો અર્થ ઉપર મુજબ થાય છે.

**ઇસ્તદરાજનો અર્થ :**

**ઇસ્તગ્ફાર કરવાનું છોડી દેવું :-**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને જયારે ઇસ્તદરાજનો

અર્થ પૂછવામાં આવ્યો ત્યારે આપે ફરમાવ્યું : ‘જયારે કોઈ બંદો ગુનાહ કરવા માંડે છે ત્યારે (અલ્લાહ) તેને મુદ્દત (તક) આપે છે જે મુદ્દત દરમ્યાન તેની નેઅમતો પણ જારી રહેવા દે છે. જો તે તૌબા અને ઇસ્તગ્ફાર નથી કરતો તો તેને ધીમે ધીમે નાશની તરફ ખેંચે છે જે વિશે તે અજાણ અને બેખબર હોય છે. એ હાલતને ઇસ્તદરાજ અને મક્રે ઇલાહી કહેવામાં આવે છે. (વસાએલુશ્શીઆ કિતાબે જેહાદ, ભાગ ૮૮, પા.૧૬૨)

હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે ઇરશાદ ફરમાવ્યું છે :

“બેશક કોઈની મિલ્કત કે સંપત્તિમાં અલ્લાહ વધારો આપે તો એ બીજું કંઈ ન વિચારે, કારણ કે આ મુદ્દત ખરેખર ઇસ્તદરાજ છે. તે (અલ્લાહના કોપના ભય)થી નિર્ભય ન રહે (કેમકે શાંતિ પછી તોફાન આવતું હોય છે.)” (બેહાર, ભા.૧૫, પા.૧૬૨)

*નોંધ:-‘ઇસ્તરદરાજ’નો ડીક્ષનરીનો અર્થ એ થાય છે કે : કોઈ માણસનું એક*

*પછી એક ડગ માંડીને ઉંચાઈ પર ચડવું અથવા તો નીચે ઉતરવું. ઓલમાએ અખ્લાકની દ્રષ્ટિએ ‘ઇસ્તદરાજ’નો અર્થ નેઅમત ઉપર બીજી નેઅમતથી માલામાલ થવાનો થાય છે.*

**અલ્લાહના અઝાબથી નિર્ભયતા :-**

ખુદાએ બુઝુર્ગ અને બરતરની સિફતોના બે પ્રકાર છે :- જમાલી અને જલાલી.

(૧) સિફાતે જમાલીયા :- જેમકે રહેમાન, રહીમ, કરીમ, હલીમ, શકુર, ગફુર વિગેરે.

(૨) સિફતે જલાલીયા :- જેમકે ઝબ્બાર, કહહાર, મુન્તકીમ, મુઝલ્લ, મુતકબ્બીર, શદીદુલ એકાબ વિગેરે.

જેમકે આયતે જમાલીયાથી પહેલા ખૂશખબરી આપવામાં આવે છે. અને પછી સિફતે જલાલીયાથી ડરાવે છે.

"અય રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મારા બંદાઓને જાણ

કરી દે કે “બેશક હું મહા બક્ષનાર અને મહેરબાન છું. આ (ખબર પણ આપી દે) કે મારો અઝાબ (પણ) ઘણો દર્દનાક છે.” (૧૫ - ૪૯/૫૦)

બીજી એક જગ્યાએ ઇરશાદ થાય છે:

“(જે) ગુનાહોને બક્ષનાર, તૌબા કબૂલ કરનાર, પશ્ચાતાપ સ્વિકારનાર, સખ્ત અઝાબ આપનાર મહાકૃપાવંત છે.” (૪૦ - ૨)

ઉપરની વાતનો સાર એ છે કે “અલ્લાહ ‘અરહમુર રાહેમીન’ છે. ‘ફી

મવઝઈલ અફવે વર રહમતે,' માંફ કરનાર અને સખીના દરજ્જે છે, અને તે 'અશદદુલ મોઆકેબીન' છે. 'ફી મવઝેઈન નકાલે વન નકેમતે,' એટલે સખ્તી (કરનાર) અને બદલો લેનાર પણ છે."

**ભય અને આશા, મઅરેફતના ચિહ્નો છે :-**

જે પોતાના રબને સિફાતે કમાલીયા (જે વિશેષ સિફતો તે ધરાવે છે)થી ઓળખે અને પોતાના ગુનાહોની તૌબા કરે તો બક્ષાઈ જવાની આશા રાખી શકે. આ

ઉપરાંત પોતે ઇબાદત કરે તે કબૂલ થવાની અને શ્રેષ્ઠ બદલો મળવાની તેમજ પોતાની દુઆ તેના સુધી પહોંચીને કબૂલ થશે તેની પણ આશા રાખી શકે, કારણ કે તે (અલ્લાહ) ગફુર, રહીમ, (રહમ કરનાર) અને મુજીબુદ દઅવાત (દુઆઓનો કબૂલ કરનાર) છે.

જેમ ખુદાની જમાલી સિફતની મઅરેફતથી બંદાની આશાઓ દ્રઢ બને છે, તેવી જ રીતે જલાલી અને કહરી સિફતોનો પરિચય પામતા બંદાના દિલમાં ભયનું

પ્રમાણ વધે છે. તેને એ વાતનો ડર લાગે છે કે ગુનાહ કરીશ તો અઝાબે ઇલાહીનો અથવા તો તેના ત્વરીત બદલાનો ભોગ બની જઈશ. આ ડરને લીધી બંદાને તૌબા અને ઇસ્તગ્ફારની તૌફીક મળે છે.

**ગુનાહ કરતાં ડરવું જોઈએ :**

જ્યારે પણ ગુનાહ કરવાનો ઇરાદો થાય ત્યારે તેને અમલમાં મુકતા ડરવું જોઈએ અને એમ વિચારવું જોઈએ કે કદાચ પોતે એ ગુનાહ કર્યા પછી એવી વ્યક્તિઓમાં શામેલ થઈ જશે જે (તેણે

કરવા ધારેલ) ગુનાહો કર્યા પછી કયારેય રહમત અને મગ્ફેરતને પાત્ર રહ્યા નથી. જે વિશે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની રિવાયત છે :

આપે ફરમાવ્યું : ‘જેણે ગુનાહ (કરવા)નો ઇરાદો કરી લીધો (ખ્વાહિશે નફસ) તો તે મનોવાસનાને રોકે, તેને અમલમાં ન મૂકે. બેશક બંદો ગુનાહ કરે છે તો પરવરદિગાર તેનાથી નફરત કરે છે અને ફરમાવે છે કે : મારી ઇઝઝત અને

બુઝુર્ગવારીની કસમ, તારો ગુનાહ તને (કયારેય) નહીં બક્ષું. (ઉસુલે કાફી)

તેથી શક્ય છે કે દરેક એ ગુનાહ જે ઇન્સાનથી થઈ જાય છે તે માફ થવાને પાત્ર ન પણ હોય. માટે દરેક નાના કે મોટા ગુનાહનો પ્રારંભ કરતા પહેલા અલ્લાહથી ડરવું જોઇએ. કારણ કે કેટલીક રિવાયતોથી એ વાત જાણવા મળે છે કે ‘ગુનાહ મગફેરતને પાત્ર નથી હોતા તે (અંદાજે) એવા ગુનાહો હોય છે, જે ગુનાહો કરનારની નજરોમાં નાના અને નાચિઝ

હોય છે, અને ગુનાહ કરનાર તેનાથી લાપરવાહ રહેતો હોય છે અને એવા નાના ગુનાહો કર્યા પછી અભિમાન સાથે કહેતો હોય છે. "મેં ફલાણા ગુનાહો કર્યા છે." અથવા એમ કહેતો હોય છે કે "મેં ફલાણા જેટલા મોટા ગુનાહો તો નથી કર્યા !" જેમકે જનાબે સાદિકે આલે મોહમ્મદ અલય્હિસ્સલામ ફરમાવે છે :-

"તમારે મોહક્કેરાતથી ડરવું જોઇએ અને યકીનન તે બક્ષવામાં નહીં આવે"

(રાવી કહે છે) મેં અર્ઝ કરી : 'મોહક્કેરાત (હકીર ગુનાહ)નો અર્થ શું ?'

આપે ફરમાવ્યું : 'બંદો ગુનાહો કરવામાં ફસાય છે અને તે ગુનાહોને નાના સમજે છે. અને કહે છે કે, હું પ્રશંસાને પાત્ર છું કારણ કે મેં એટલા બધા મોટા ગુનાહો નથી કર્યા, જેટલા ફલાણા માણસે કર્યા છે.' (વસાએલુશ્શીઆ ભાગ ૪૨, કાફી બાબુલ અસ્રાર અલઝમ્બે)

**ચારિત્ર્ય, વાણી, ભય અને આશા હોવી જોઈએ :**

જો ગુનેહગાર બંદાને તૌબા કરવાનું નસીબ થઈ જાય તો પણ તેણે એ વાતથી ડરતા રહેવું જોઈએ કે, શક્ય છે કે તેની તૌબા શરીઅતના નિયમો મુજબની ન થઈ હોય, અને દરગાહે ઇલાહીમાં એની કબુલીયતના દરજ્જા સુધી ન પહોંચી હોય. કદાચ તૌબા કરી લીધા પછી ફરીથી ગુનાહોનું પુનરાવર્તન ન કરવાનો જે વાયદો અલ્લાહને કર્યો હતો તે પાળી

શકાયો ન હોય અને તૌબાની શરતોનો ભંગ થયો હોય તેથી જીવનના અંત સુધી ડર અને આશા વચ્ચે જિંદગી ગુજારવી જોઈએ. દાખલા તરીકે ‘કોઈ ઇબાદત કે ઇતાઅત બજાવી લાવે તો તેમાં અલ્લાહના ફઝલો કરમની ઉમ્મેદ રાખે કે તે કબૂલ થઈ જશે. તેની સાથો સાથ એ ડર પણ રહેવો જોઈએ કે ક્યાંક અદલે ઇલાહી (અલ્લાહ તઆલાનો ન્યાય)નો અમલ ન બજાવી શકાય એ કારણે તેની ઇબાદત રદ થઈ જાય અને શક્ય છે કે

હિસાબ કિતાબ કરતી વખતે (અલ્લાહ તઆલા) તેની પાસેથી ખરેખરી બંદગીનો હિસાબ માંગે.'

**હાજત પુરી થાય ત્યારે ડર જરૂરી છે :**

ઇન્સાનની દુઆ કબૂલ થતી ન હોય તો એ વાત વિચારવી જોઈએ કે, ક્યાંક તેના ગુનાહોના કારણે તો આમ થતું નથીને ? અને દુઆ કબુલીયતના દરજ્જે પહોંચી જતી હોય તો પણ એ વાતથી ડરવું જોઈએ કે ક્યાંક તે બારગાહે ખુદાવંદીનો (મર્દુદ) બહિષ્કૃત (કાઢી

મુક્વામાં આવેલો) તો નથી થઈ ગયો ને ? જેથી ખુદાવંદે આલમ તેનો અવાજ સાંભળવા પણ રાજી નથી, તેથી ઇસ્તદરાજને કારણે વહેલામાં વહેલી તકે તેની દુઆ કબૂલ કરી લે છે.

**વિયોગ મોટું દુ:ખ છે :**

જો ઇન્સાન ઉપર મઅરેફતના દરવાજાઓ પૈકી એક દરવાજો ખુલી જાય અથવા (મકામાતે મઅનવી) અર્થપૂર્ણ સ્થાન (ઇલ્મ, અદબ અને હિકમત)માંથી કોઈ એક સ્થાન પ્રાપ્ત થઈ જાય તો

પોતાની સમજ, બુધ્ધિ અને સમજણ પર સંતોષ માની પોતાને પ્રાપ્ત થએલ મહેરબાનીઓ ઉપર ગર્વ અને ઘમંડ કરતા ડરવું જોઈએ.

અલ્લાહ તઆલાના લુત્ફો કરમને ભૂલી જઈ શુક્રે ઇલાહી બજાવી લાવવામાં બેદરકારી અને આળસ કરનાર અલ્લાહ તઆલાના ફઝલો કરમથી વંચિત થઈ કાયમી નારાઝગીનો ભોગ બનશે. એ સંજોગોમાં તે મહેબુબે હકીકીથી વિખુટો થઈ જશે અને અલ્લાહની મઅરેફત

ધરાવનાર માટે આ જુદાઈ મોટા અઝાબ સમાન છે.

આ વિશે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ દુઆએ કુમૈલમાં ફરમાવે છે :

"એ મારા મઅબુદ અને એ મારા આકા અને એ મારા મૌલા અને મારા પરવરદિગાર ! તારા અઝાબ પર તો સબ્ર શક્ય છે, પણ (હું) તારી રહેમતની જુદાઈ પર કઈ રીતે સબ્ર કરી શકીશ ?"

**જીવનના અંત સુધી કઈ હાલતમાં રહેવું જોઈએ ?**

ઇન્સાને પોતાના જીવનનો અતં કઈ હાલતમાં થશે તે વિશે પણ ડરવું જરૂરી છે. કેમકે સદભાગ્ય અને દુર્ભાગ્યનો આધાર આખેરત સારી થવા કે ન થવા પર હોય છે. આપણા અનુભવથી એ વાત સાબિત થઈ ચૂકી છે કે ઘણાં લોકોએ આખી જિંદગી નેક કાર્યો અને ભલાઈમાં વીતાવી, પરંતુ જીવનના છેલ્લા ભાગમાં પોતાના કર્મોનો ભાર, આ દુનિયાથી લઈને ચાલ્યા ગયા.

“તો અય અક્કલવાળાઓ તેનાથી બોધપાઠ મેળવો.” (સૂ.હશ્ર, આ.૨)

**બધાની પરીક્ષા કરવામાં આવે છે :**

આપણે અલ્લાહ તઆલાની ખૂબ જ આકરી પરીક્ષામાંથી પસાર થવાનું છે, એ વાત ક્યારેય પણ ભૂલવી ન જોઈએ.

જેમકે તમામ એહલે-ઈમાન જે ઉંચા દરજ્જે પહોંચ્યા છે, તેઓને હંમેશા કોઈ ને કોઈ ખતરાનો સામનો કરવો પડયો હતો. તેમાં કોઈ અપવાદ રૂપ ન હતા. જેમકે કુરઆને શરીફ ચેતવણી આપે છે :

"શું લોકો એમ માને છે કે (ફક્ત) એટલું કહી દેવાથી કે : અમે ઈમાન લાવ્યા છીએ, છોડી દેવામાં આવશે, અને તેમની પરીક્ષા નહીં કરવામાં આવે." (૨૯ - ૨)

**હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામ અને આગ :**

જયારે ખલીલુલ્લાહ હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામને ગોફણમાં બાંધીને ભડકતી આગ તરફ ફેંકવાની તૈયારી થવા લાગી ત્યારે આપે ફરમાવ્યું :

"હસ્બેયલ્લાહ" એટલે કે મારા માટે ખુદા કાફી છે. દરેક વસ્તુ અને દરેક હાલતમાં ખુદા સિવાય બીજા કોઈના સાથ સહકારની આવશ્યક્તા નથી. જ્યારે ખલીલુલ્લાહ પયગમ્બરે આવી મોટી વાતનો દાવો કર્યો, ત્યારે અલ્લાહે તેમની પરીક્ષા કરવા માટે જીબ્રઇલ ફરીશ્તાને મોકલ્યા. જીબ્રઇલે પૂછયું : 'અય ઇબ્રાહીમ, જો કોઈ (પ્રકારની) હાજત હોય તો કહો, હું તેને પૂરી કરૂં !' હઝરત ઇબ્રાહીમ

અલયહિસ્સલામે ફરમાવ્યું : 'મારી હાજત તો જરૂર છે, પણ તારી પાસે નથી.'

જીબ્રઇલે અર્ઝ કરી : 'ઠીક છે, પણ જેની પાસે (હાજત પૂરી થવાની તમન્ના) છે, તેની પાસે તો માંગો.' ખલીલુલ્લાહે ફરમાવ્યું : 'તે મારી હાલતથી અજાણ નથી, તેથી માંગવાની કંઈ જરૂર નથી.'

**પરીક્ષામાં સફળ :**

મરહબા, એ બુઝુર્ગ પયગમ્બર હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામ જેઓએ અતિશય કપરી ઘડીમાં જીબ્રઇલ જેવા

અમીને વહી અને મુકર્રબ ફરિશ્તાની હમદર્દીને પણ ધ્યાનમાં લીધી નહીં અને પોતાના રાઝો-નિયાઝને જાહેર કર્યા નહીં. અને આઝમાઈશની કષ્ટદાયક પળોને સફળતાથી પાર કરીને નજાત મેળવી લીધી. એટલે ખુદાવંદે તઆલાએ ફરમાવ્યું:

"અને ઇબ્રાહીમ એ જ છે, જેઓ પોતાની વાતમાં સફળ થયા." (૫૩-૩૯)

આથી બંદએ મોઅમિન માટે જરૂરી છે કે, જીવનની કોઈ પણ ક્ષણે એની

થનારી પરીક્ષાથી ગાફીલ ન રહે. તેમજ અઝાબે ઇલાહી થવાનો છે એ વાતને ભૂલે નહીં. જેમકે મલાએકએ મુકર્રબીન અને અંબિયાએ મુરસલીન પણ અઝાબે ઇલાહીને કદી ભુલ્યા ન હતા. ખાસ કરીને ફીત્ના અને ફસાદ તેમજ શંકા-કુશંકાની હાલતમાં ગાફીલ રહ્યા વગર, સતત હક તઆલાને યાદ કરતા રહેવું જોઈએ. અને તેનાથી ડરવું જોઈએ. શક્ય છે કે ખુદાવંદે આલમની નિશ્ચિત સીમાઓ ઓળંગી જવાથી ખતરનાક હાલતમાં મુકાઈ જવાય.

જેમકે હઝરત સજ્જાદ અલય્હિસ્સલામ દુઆએ અબુ હમઝા શીમાલીના પ્રારંભમાં ફરમાવે છે :

"અને મારા દુષ્ટ કૃત્યોની સજારૂપે અચાનક તારા કહરો અઝાબમાં ફસાવા ન દે અને ગફલતમાં પણ રહેવા ન દે."

**નેક કામની તૌફીક અલ્લાહ તરફથી હોય છે :**

એ વાતથી લાપરવાહ ન રહેવું જોઈએ કે અલ્લાહ તઆલાની તૌફીક અને એહસાન વગર કોઈને સારા અમલ

કરવાની પ્રેરણા નસીબ થતી નથી. એવું પણ શક્ય છે કે કોઈ એક વખત અમલે ખૈર બજાવી લાવે, પણ તે પછી શુક્રે ખુદા બજાવી ન લાવે તો વધુ તૌફીકે ખુદા મળવાથી વંચિત રહી જશે. એટલું જ નહીં તેનાથી એવા ગુનાહ થઈ જશે જેને કારણે ભૂતકાળમાં થએલા નેક કાર્યો નકામા થઈ જશે. અને તે બંને જહાનમાં તિરસ્કૃત થશે.

**બુધ્ધિમાન લોકો અલ્લાહથી ડરે છે :**

જે લોકો હક તઆલાની ઇઝઝત, બુઝુર્ગી અને બેનીયાઝીને સારી રીતે જાણે

છે અને સાથો સાથ પોતાની તૂચ્છતા અને અર્થહીનતાથી પણ સારી પેઠે વાકેફ છે, તેવા લોકો પરવરદિગારે આલમથી વધારે પ્રમાણમાં ડરે છે. કુરઆને મજીદ આ વાતની સાક્ષી પૂરે છે :

"બંદાઓ પૈકી માત્ર જ્ઞાનીઓ (આલિમો) જ અલ્લાહથી (વધારે પ્રમાણમાં) ડરતા રહે છે." (૩૫-૨૮)

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત છે, આપે ફરમાવ્યું : "હિકમત અને ડહાપણનો

ખઝાનો ખૌફે ખુદા છે.” (વસાએલુશ્શીઆ, ભા.૧૪)

**હઝરત ઉમ્મે સલમા સાથે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની વાતચીત :**

હઝરત ઉમ્મે સલમા ફરમાવે છે કે ‘અડધી રાત્રે મેં હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને જોયા કે તેઓ ઘરના એક ખૂણામાં ઉભા ઉભા બંને હાથ બુલંદ કરીને આ મુજબ ફરિયાદ કરીને દુઆ કરતા હતા.

“ખુદાયા, જે નેઅમતો તેં મને ઇનાયત ફરમાવી છે તે મારી પાસેથી પાછી ન લે, અને મને કદી (મારા દુશ્મનોની) દુશ્મની અને હસદ કરનારાઓની હસદ (ની ટીકા) નું કેન્દ્ર ન બનવા દે. અય ખુદા ! જે બુરાઈઓથી તે મને બહાર કાઢયો છે તેની તરફ મને પાછો ન ફેરવજે. અય ખુદા ! મને પળવાર માટે પણ મારી હાલત ઉપર હરગીઝ ન છોડજે.” (બેહારૂલ અન્વાર, જી. ૬, ભાગ મકારેમુલ અખ્લાક)

જનાબે ઉમ્મે સલમા કહે છે કે : આ હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ઉપરની દુઆના વાક્યો સાંભળી અને તેઓની હાલત જોઈને મને ચોધાર આંસુથી રડવું આવ્યું. ત્યારે હુઝુર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે પૂછયું : ‘કેમ રડે છે?’ ત્યારે મેં જવાબ આપ્યો : ‘જયારે આપ આટલા ઉચ્ચ દરજ્જે બીરાજો છો અને આટલી ઉંચી કક્ષાએ પહોંચ્યા પછી પણ આપની

દુઆઓની અને ખુદાના ડરની આ કૈફીયત છે તો પછી મને રડવું કેમ ન આવે ?'

આપે જવાબ આપ્યો : 'હું કેમ ન ડરૂં ?' જયારે હઝરત યુનુસ અલય્હિસ્સલામને અલ્લાહ તઆલાએ એક ક્ષણ માટે તેમની (પોતાની) હાલત ઉપર છોડી દીધા તો એ જ બન્યું, જે બનવાનું હતું, (એટલે કે ખુદાએ તઆલાએ તેઓને ચેતવણી આપી અને તેઓ નિશ્ચિત સમય સુધી માછલીના પેટમાં રહ્યા.) (બેહારૂલ અન્વાર)

**અંબિયા અને અઇમ્મએ હોદા અલય્હેમુસ્સલામ અલ્લાહથી વધારે ડરતા હતા :**

કુરઆનમાં અંબિયા અલય્હેમુસ્સલામનો પરિચય આ રીતે કરાવવામાં આવ્યો છે.

“બેશક, બધા અંબિયા નેક કામોની ઉતાવળ (હરિફાઈ) કરતા હતા અને અમને ઘણી આશા અને ડર સાથે યાદ કરતા હતા. (અમારી પાસે દુઆ માંગ્યા

કરતા હતા; અને અમારી આજીજી કરતા હતા)” (૨૧ - ૯૦)

એહલેબૈતે ઇસ્મતો તહારત અલય્હેમુસ્સલામ વિશે ઇરશાદે બારી તઆલા ફરમાવે છે :-

“એ લોકોમાં જે દરેક (માનતા) નઝરોને પરિપૂર્ણ કરી છે અને તે (કયામતના) દિવસથી ડરે છે (કે) જેની સખ્તાઈ ચારે બાજુ ફેલાએલી હશે.” (૭૬-૭)

ખુદાના પયગમ્બરો અને અઇમ્મએ અત્હાર સલવાતુલ્લાહે અલયહિમ અજમઈનનો ખૌફે ખુદા નોંધપાત્ર છે. ખાસ કરીને હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામનું અલ્લાહ તઆલાની અઝમત અને જલાલતને યાદ કરીને બેહોશ થઈ જવું અને હઝરત ઈમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામનું બારગાહે ખુદાવંદીમાં ગીર્યાઝારી કરીને રાઝો નિયાઝ થઈ જવું. સહીફએ સજ્જાદીયાની દુઆઓથી જાણવા મળે છે

કે તેઓ કેટલી હદે અલ્લાહ તઆલાથી ડરતા હતા. તેની વિગતનું વર્ણન કરવામાં આવે, તો વિષયાંતર થઈ જશે. અક્કલમંદો માટે માત્ર આટલો ઇશારો કાફી છે.

**મોઅમિન ભય અને આશાની વચ્ચે હોય છે :**

અધિકૃત રિવાયતોથી એ વાત સાબિત થાય છે કે ‘મોઅમિને હંમેશા ભય અને આશા વચ્ચે રહેવું જોઈએ. એટલે કે મોઅમિન હંમેશા અઝાબે ઇલાહીથી ડરનાર

અને અલ્લાહના ફઝલ અને રહમતનો તલબગાર રહેવો જોઈએ.’

જેમકે કુરઆને મજીદમાં ઇરશાદ ફરમાવે છે : “માટે જો (તમે) મોઅમિન હો તો તેમનાથી (કોઈનાથી) ડરો નહીં, કેવળ મારાથી જ ડરો.)” (૩-૧૭૪)

દરેક મુસલમાન માટે જરૂરી છે કે તે એ પ્રકારનો ડર રાખે જેનાથી ગુનાહો કરવાની વાત તો એક બાજુએ રહી, પણ ગુનાહોની નઝદીક પણ ન જાય. આ વિશે કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા તેના

રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને સંબોધીને ફરમાવે છે :

"(અય રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) કહી દે જો હું મારા પરવરદિગારની નાફરમાની (ગુનાહ) કરૂં તો બેશક મહાન દિવસ (કયામત)ના અઝાબથી ડરૂં છું." (૬-૧૫)

**આશા અભિમાની ન બનાવી દે :**

બંદા માટે એ જરૂરી છે કે તે ખુદાએ તઆલાના લુત્ફો કરમનો ઇચ્છુક રહે, જેથી અલ્લાહ તરફથી તેને ભવિષ્યમાં પણ

ઇબાદત અને ઇતાઅતની તૌફીક મળતી રહે. અલબત્ત એ વાત પણ યાદ રાખવી જોઈએ કે તેની આશા અઝાબે ઇલાહીથી નિર્ભય બની જવા માટે કારણરૂપ બનવી ન જોઈએ. અને એવી નિરર્થક આશા પણ ન રાખવી જોઈએ જેનાથી ઘમંડ ઉત્પન્ન થાય. આ બારામાં કુરઆને શરીફની આયત છે :

“અને એવું ન બને કે (શૈતાન) તમને અલ્લાહના સંબંધમાં ફરેબ આપવા પામે.” (૫-૨૫, ૩૧-૩૩) અને સૂરએ

હદીદમાં અલ્લાહ મુશરીકોને સંબોધીને ફરમાવે છે :

"અને બુઢ્ઢા છેતરનારે (શૈતાને) તમને ખુદા વિશે છેતર્યા." (૫૭-૧૩)

ઉપરની આયતની તફસીરમાં 'મીન્હાજુસ્સાદેકીન'માં જણાવાયું છે કે આ આયતનો અર્થ એ છે કે શૈતાનનો ઇન્સાનના મનમાં એવો વસવસો પૈદા કરવો કે, અલ્લાહ તઆલા પ્રત્યે ભરોસો રાખવો કે તે હલીમ (સહનશીલ) અને કરીમ (દયાળુ) છે અને તે કોઈને અઝાબ

કરતો નથી. (અને તેમ માનીને ખૌફે ખુદાથી નિર્ભય થઈ જવું).

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામે ફરમાવ્યું : “દરેક મોઅમિન બંદાના દિલમાં બે નૂર હોય છે. (એક) ખૌફનું નૂર અને (બીજું) ઉમ્મીદનું નૂર. આ બંનેનું વજન એક બીજાથી વધારે નહીં પણ સરખું હશે.” (ઉસૂલે કાફી)

**અમલ ભય અને આશાનું કેન્દ્ર છે :**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી મનકુલ છે કે આપે

ફરમાવ્યું : જ્યાં સુધી મોઅમિનના દિલમાં ખૌફો રજા (ભય અને આશા) બંને ન હોય ત્યાં સુધી તેનું ધ્યાન સંપૂર્ણ હોઈ શકતું નથી. અને જ્યાં સુધી જે વસ્તુથી તે ડરતો હોય અને જે ચીઝની ઉમ્મીદ રાખતો હોય તે તેના અમલ અને કીરદાર (ચારિત્ર્ય)માં વ્યક્ત ન થાય ત્યાં સુધી તે ખાઈફ (અલ્લાહથી ડરનાર) અને (અલ્લાહ તરફની આશાનો) ઉમ્મીદવાર પણ ગણી શકાતો નથી. (ઉસૂલે કાફી) પરંતુ મોઅમિનની પૂર્ણતા અને શાન એ છે કે

ખૌફો રજાની શક્તિ તેની ઝાતમાં મૌજૂદ હોય. જેમકે હઝરત ઈમામ સાદિક અલય્હિસ્સલામની રિવાયત છે કે -

હકીમ લુકમાને પોતાની વસીયતના અનુસંધાનમાં પોતાના ફરઝંદને ફરમાવ્યું : "બેટા, તું ખુદાથી એ રીત ડર કે ભલે તારી નેકી તમામ જીન અને ઇન્સાનોની ઇબાદત અને આમાલ જેટલી હોય, છતાં એમ માન કે ખુદા તને અઝાબ આપી શકે છે. અલ્લાહ તઆલાથી એ હદ સુધી આશા રાખ કે જો તારા ગુનાહ તમામ જીન અને

ઇન્સાનો જેટલા હોય તો પણ એ ગુનાહોનો બોજ લઈને તેની દરગાહમાં હાજર થઈશ. છતાં તારી ઉપર તે અવશ્ય રહેમ કરશે.”

**નસીહત :**

હવે હું સ્વયં મારી જાતને તથા આ કિતાબના સુજ્ઞ વાચકોને વિચારવાનું નિમંત્રણ આપીને પ્રશ્ન રજું કરૂં છું કે : આપણા દિલોમાં સાચો ખૌફ (ડર) અને (અલ્લાહ તઆલાની રહેમતની) સાચી ઉમ્મીદ (આશા) છે કે નહીં? કે પછી માત્ર દાવો જ છે ?

જો આપણે સાચા અર્થમાં અઝાબે ઇલાહીથી ડરતા હોઈએ તો પછી આપણા ગુનાહોથી શા માટે નથી ડરતા ?

મઅસૂમીન અલય્હેમુસ્સલામના આદેશોના પાલન કરવા માટે આહો ફરિયાદ અને બેકરારી શા માટે વ્યક્ત કરવામાં આવે છે ? જો આપણે સાચા દિલથી રહેમતે ખુદાના અભિલાષી હોઈએ, તો મગ્ફેરતના સાધનો અને ઉપાયો પૈદા કરવાની કોશિષ ક્યાં ? અને ઇતાઅત તથા ઇબાદત તરફનું સંતુલન ક્યાં?

જી હાં, આપણે દુન્યવી કામોમાં સાચા દિલથી ખૌફ અને ઉમ્મીદ અવશ્ય રાખીએ છીએ. દાખલા તરીકે કોઈ યોગાનુયોગ એવો થઈ જાય કે જેનાથી ગભરામણ થાય, ભયની પરિસ્થિતિ હોય ત્યારે આપણી હાલત કેવી થાય છે અને સ્થિર કદમ ડગમગી જાય છે. આર્થિક સંકડામણ, બીમારી કે દુશ્મનો તરફથી મુશ્કેલી ઉભી થવાનો ડર હોય ત્યારે માણસ પોતાની તમામ તાકાત તે હાલતનો મુકાબલો કરવામાં ખર્ચી કાઢે છે,

અને તે પરિસ્થિતિ સુધરી ન જાય ત્યાં સુધી એક ઘડી પણ શાંતિ, ચૈન કે આરામ નથી લેતો. આનાથી ઉલ્ટું, ઇન્સાને જો કોઈ દુન્યવી હેતુ પાર પાડવાનું નક્કી કર્યું હોય, જેને મેળવવા જતાં ઘણો સમય લાગે તેમ હોય અને તે મળતા દિલને ખૂબ જ ખૂશી અને આનંદ મળે તેમ હોય, તો રાત દિવસ તે હેતુ પ્રાપ્તિ માટે કામ અને મહેનત કરતો રહેશે. અને તેને થાકની અસર સુધ્ધાં નહીં થાય.

અલ્લાહને નજર સમક્ષ રાખીને કહો કે આ દુન્યવી કામની સફળતા મેળવવા માટે જેટલી આતુરતા અને ધૂન હોય છે તેનો એક ટકો પણ આખેરતના કામોની સફળતા માટે આપણે ધરાવીએ છીએ ખરા ? હરગીઝ નહીં.

આ વાતનો સારાંશ એ છે કે જો આપણાથી ગુનાહ થઈ જાય, તો અઝાબે ઇલાહીથી ડરવું જોઈએ, હંમેશા રૂદન, ફરિયાદ અને ઇસ્તગ્ફાર કરતા રહીને, આરામ અને રાહતને છોડી દેવા જોઈએ.

એટલે સુધી કે જીવનના અંતિમ શ્વાસ વખતે રહમતે ખુદાની ખુશખબર સાંભળવા મળે.

"(મૃત્યુના સમયે) તેમની ઉપર રહમતના ફરિશ્તા (આ સંદેશ લઈ) ઉતરશે કે તમે (ભૂતકાળ માટે) ડરતા નહીં અને ભવિષ્ય માટે ગમગીન (પણ) થતા નહીં. તમને જે જન્નતનો વાયદો કરવામાં આવતો હતો, તેનો લહાવો લો." (૪૧ - 30)

આ વાતનો સાર એ કે ઇન્સાને તેના જીવનના અંત સુધી સતત ખૌફે ખુદામાં રહેવું જોઈએ.

**બે પ્રકારના ખૌફ વચ્ચે રહેવું જોઈએ :**

હઝરત અબૂ અબ્દીલ્લાહ ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :

"મોઅમિન હંમેશા બે પ્રકારની ખૌફના વચ્ચે હોય છે. એક તો થઈ ગએલા ગુનાહોનો એને ખૌફ હોય છે (એટલા માટે) કે એ નથી જાણતો હોતો કે ખુદા તેની સાથે એ ગુનાહો બદલ કેવો

વ્યવહાર કરશે. બીજું તે પોતાની ઉમ્ર જેમ જેમ વીતતી જાય છે તેમ ડરતો હોય છે, કારણ કે તેને એ વાતની જાણ પણ નથી હોતી કે તેનાથી ક્યા અને કેવા ગુનાહો થઈ ગયા છે અને થશે. જેનાથી પોતે નુકસાનમાં રહેશે. તેથી મોઅમિન (જીવનભર) સવાર નથી કરતો, પણ એ ડરની હાલતમાં કે તેના કાર્યોની સુધારણા ખૌફ વગર થઈ શકશે નહીં.' (કાફી)

**આખેરત માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ:**

કુરઆને મજીદમાં એ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે કે, ખુદાવંદે આલમે ઇન્સાનને તેની દુન્યવી જિંદગી વ્યતિત કરવા માટે રિઝ્ક (રોઝી રોટી) આપવાની જામીનગીરી લીધી છે.

"અને પૃથ્વી પર ચાલનારા (પ્રાણીઓ) માંથી કોઈ એવું (પ્રાણી) નથી કે જેની રોઝીની જવાબદારી ખુદાની ન હોય." (૧૧-૬)

પરંતુ આખેરતના કાર્યોની સફળતા, ખુદાના બંદાઓના અમલ અને પ્રયત્નો પર આધારિત રાખવામાં આવી છે.

જેમકે ઇરશાદે બારી તઆલા છે : "ઇન્સાન માટે (આખેરતમાં) એના સિવાય (બીજું) કંઈ જ નથી, પણ તેણે (આખેરત માટે) જે કંઈ પ્રયત્ન કર્યો હોય. અને તેના એ પ્રયત્ન (અમલ) નું પરિણામ (આખેરતમાં) બહુ જ જલ્દી નિહાળશે." (૫૩ : ૩૯/૪૦)

કોઈ પણ વાતનો દાવો અમલથી જાહેર થતો હોય છે :-

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ 'નહજુલ બલાગાહ' માં ફરમાવે છે : "જે કોઈ એવી ધારણાથી દાવો કરતો હોય અને જીભેથી (એમ) કહેતો હોય કે હું રહેમતે ખુદાનો ઉમેદવાર છું, તે ખોટો (જુઠ્ઠો) છે ! ખુદાએ બુઝુર્ગની કસમ, જો તે સાચું કહેતો હોય, તો તેની ઉમેદની અસર તેના અમલમાં કેમ જાહેર થતી નથી ?"

એ વાત સાચી છે કે આશા અને ભય એ આંતરિક બાબતો છે, જે અમલ દ્વારા જાહેર

થાય છે. જેમકે હઝરત સાદિકે આલે મોહમ્મદ અલયહિસ્સલામે ફરમાવ્યું :

"ખૌફની નિશાની ભાગવું છે, અને ઉમ્મીદની નિશાની ઇચ્છા કરવી અને નજદીક થવું છે."

આમ, જો કોઈ ગુનાહોથી ભાગતો ન હોય તો તે વાતની દલીલ છે કે તેને (ખુદાનો) ખૌફ નથી અને જે કોઈ મગ્ફેરતનો સામાન મેળવવા માટે સતત પ્રયત્નો નથી કરતો તે રહેમતે ઇલાહીનો ઉમેદવાર નથી. એમ કહેનારાઓ તો મોઢેથી એ વાત કરે છે કે

‘આખેરતના માંમલામાં ખુદા કરીમ (દયાળુ) છે. હકીકતમાં શૈતાન તેને ઘમંડી બનાવી દે છે. અને તેને મુખેથી આ શબ્દો બોલાવે છે. નહીંતર એમ શા માટે નથી કહેતો કે દુનિયાના માંમલામાં ખુદા કરીમ છે, અને આટલેથી સંતોષ નથી પામતો !’

**ખુદાને પ્રત્યક્ષ જોઈ રહ્યા હો તેમ ડરો :-**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : ‘ખુદાથી એ રીતે ડરવું જોઈએ કે જાણે તમે તેને

આંખોથી જોઈ રહ્યા છો. કેમકે જો તમે અલ્લાહને તમારી આંખોથી જોઈ રહ્યા નથી, તો તે તો તમને ચોક્કસ જુવે છે. અને જો તમે એમ માનતા હો કે તમને જોઈ રહ્યો નથી, તો તમે કાફર થઈ ગયા.' (ઉસૂલે કાફી)

જો તમે જાણતા હો કે ખુદા તમને જોઈ રહ્યો છે, અને તેમ છતાં ગુનાહના કામો ક્યાઁ કરો, તો ખુદાને સાવ તુચ્છ સમજવા બરાબર છે.

એ વાત સર્વ સામાંન્ય અને સ્વીકૃત છે કે, જો તમને કોઈ ગુનોહ કરતા જોઈ લે અથવા તમારા ગુનાહની વાત જાણી જાય, તો તમે શરમ અને ભોંઠપ અનુભવો છો અને ગુનાહ કરતા અટકી જાવ છો. પરંતુ કેટલી અફસોસની વાત છે કે ખાલિકે હકીકી (ખરો સર્જનહાર) અને (આલિમે માંફીયુઝ ઝમીર) તમારા અંત:કરણની સઘળી હાલતથી વાકેફ છે. તેનાથી કોઈ વાત છુપી નથી છતાં તેની સામે ગુનાહો કરવાની શરમ થતી નથી !!

**ડર અને આશા સાથેનું સંપૂર્ણ વ્યક્તિત્વ:**

હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામનો જીવન વ્યવહાર ખુદાના બંદાઓના આમાલના ત્રાજવા સમાન છે. આપણે ત્રાજવાની એક બાજુએ હઝરતે અમીર અલયહિસ્સલામની સીરતે તૈયેબા (પવિત્ર ઝિંદગી) અને બીજી બાજુ આપણા કાર્યો અને ઇબાદતને મુકીને ધ્યાનપૂર્વક જોઈએ તો તરત જ બંને વચ્ચેના તફાવતનો ખ્યાલ આવી જશે, કે આપણા

કાર્યો કેટલા ખરાબ અને હલકા છે. જેમકે હઝરત ખાતેમુલ અંબિયા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

"જંગે ખંદકમાં અલી અલય્હિસ્સલામની એક ઝરબત (પ્રહાર) જીન્નો અને ઇન્સાનોની તમામ ઇબાદત કરતા શ્રેષ્ઠ છે."(બેહારૂલ અન્વાર)

ઉપરની હદીસમાં વર્ણવ્યા અનુસાર હઝરત અલી અલય્હિસ્સલામનો અમલ તમામ જીન્નાત અને ઇન્સાનોની ઇબાદત કરતા અફઝલ છે. તેમ છતાં આપ જયારે પણ

ખુદાવંદે તઆલાની અઝમત અને જલાલત પ્રત્યે ધ્યાન કેન્દ્રીત કરતાં ત્યારે પોતાની જાત અને કાર્યોને એક કણ સમાન પણ સમજતા ન હતા.

મૌલાએ કાએનાત પોતાની વ્યક્તિગત વિશિષ્ઠતાઓ, નેક કાર્યો અને અજોડ મરતબાને રહેમતે ઇલાહીનો ફૈઝ સમજતા હતા. તેઓ પોતાના નફસમાં (નફ્સ) અધુરાશ, નમ્રતા અને એૈબ સિવાય બીજું કંઈ જોતા સમજતા ન હતા. તેથી હંમેશા

રૂદન અને ફરિયાદ કરતા હતા અને બેહોશ થઈ જતા હતા.

જેમકે અબૂ દરદાએ આપની દર્દભરી મુનાજાત નોંધી છે. તેઓ કહે છે કે આ મુનાજાત મેં મૌલા અલય્હિસ્સલામના દર્દનાક અવાજમાં સાંભળી હતી.

"અય મઅબુદ, હું તારા સિવાય કોઈ (બીજા) પાસે મગ્ફેરતની આશા રાખતો નથી. અને તારી સિવાય બીજા કોઈની ખુશ્નુદી ઇચ્છતો નથી. અય મઅબુદે હકીકી, જયારે હું તારી માંફી (આપવાની શક્તિ)

વિશે વિચારૂં છું, તો મારા ગુનાહોના બોજને ત્યારે હલકો અનુભવવા લાગું છું. અને તે પછી જયારે તારી કહહારીયત (પ્રકોપ) ને યાદ કરૂં છું તો પરેશાનીના ભાર તળે દબાઈ જાવ છું.”

અબૂ દરદાઅ કહે છે : ‘આ મુનાજાત પછી અચાનક મૌલા અલય્હિસ્સલામનો અવાજ આવતો બંધ થઈ ગયો. મેં આગળ વધીને જોયું તો મૌલા અલય્હિસ્સલામ બેહોશ થઈને પડી ગયા હતા. મેં આપના હાથ પકડીને હલાવ્યા, પણ જોયું તો હાથ સૂકી

લાકડી જેવા નિર્જીવ થઈ ગયા હતા. મને એવું લાગ્યું કે કદાચ મારા મૌલા રેહલત ફરમાવી ગયા. આવી જ રીતે ઝરાર બિન ઝમરાહ કહે છે કે : ‘ખુદાની કસમ, એક અંધારી રાતના પરોઢીયાના સમયે મેં મૌલા અલય્હિસ્સલામને જોયા કે આપે આપના હાથો વડે દાઢી મુબારક પકડીને એક માંરગુઝીદા (સાપ કરડી ગયો હોય તેવા માણસ) ની જેમ તડપી રહ્યા છે. અને ફરિયાદો પુકાર કરી રહ્યા છે, અને પોતાની

ખરાબ હાલત અને અમલની ઓછપનો ઉલ્લેખ કરીને ફરમાવી રહ્યા છે :-

"આહ ! અફસોસ, માર્ગનું ભાતુ ઓછું છે, અને અંતર ખૂબ જ લાંબુ છે, રસતો ભયાનક અને મંઝીલ ખતરનાર છે."(નહજુલ બલાગાહ)

"અય અલ્લાહ, મારી આઝમાંઈશ (ચકાસણી) વધી ગઈ અને મારી બદહાલી હદથી વધી ગઈ અને મારી નેક આમાંલી ખૂબ જ ઓછી છે."

**હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની ઝાત આપણા માટે નમુના રૂપ છે :-**

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામના ખૌફની જેમ આપની ઉમ્મીદે મગ્ફેરત પણ મશહૂર છે. આપ જીવનના પ્રારંભથી લઈને અંત સુધી ઇબાદત અને ઇતાઅતે ખુદામાં મશ્ગુલ રહ્યા. એક પળવાર માટે પણ તેનાથી ગાફિલ રહ્યા ન હતા. પરંતુ આપ કેટલીક વાર તો દિવસ - રાતમાં અસંખ્ય રકાત

નમાઝ પડતા હતા. આપે આખી ઝિંદગી માહે શાઅબાનના આખા મહીનાના રોઝા રાખતા હતા. આપની તહજ્જુદની નમાઝ પણ ક્યારેય છુટી ન હતી. એટલે સુધી કે જંગે સીફ્ફીનમાં લડાઈની એક રાત જેને લયલતુલ હરીર (સખ્ત ઠંડીની રાત) કહેવામાં આવે છે, તે રાતે પણ આપે નમાઝે શબ છોડી ન હતી. અલ્લાહ, અલ્લાહ આપે સતત ત્રણ રાત માત્ર પાણીથી રોઝો ઇફતાર ર્ક્યો હતો. આપના ભાગની રોટી યતીમ, મિસ્કીન(ફકીર) અને

અસીર (કૈદી) ને આપતા રહ્યા હતા. આપે પોતાના હાથે સજાવેલા બાગને વેચીને રાહે ખુદામાં હદીયો કરી દીધો હતો.

બેહારૂલ અન્વારના એક વિગતવાર પ્રકરણમાં હઝરત અલી અલય્હિસ્સલામના સદકાત (દાન, ખૈરાત) અને અવકાફનું વર્ણન અને તે વિશેની આપના વસીયતનામાંની વિગત આપવામાં આવી છે. જેમાંથી નમુનારૂપ કેટલુંક બયાન અત્રે આપવામાં આવે છે. જેથી ખૌફો રજા વિશેની ચર્ચાનું સમર્થન થઈ શકે.

**હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની વસીયતનો એક ભાગ:**

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામના વસીયતનામાંના એક ભાગનું લખાણ આ મુજબ છે :-

"આ (લખાણ) એ વસ્તુ છે જેમાં મારા માલ વિશે વસીયત અને ફેંસલો કરવામાં આવ્યો છે કે, અલ્લાહનો બંદો અલી બિન અબી તાલિબ અલય્હીસ્સલામ એ આશાથી કે ખુદાવંદે આલમ મારા કારે ખૈર

(ભલાઈના કાર્યો) ના કારણે મને બેહીશ્તમાં દાખલ કરશે અને એ દિવસે જહન્નમની આગ મારાથી દૂર કરશે. જે દિવસે કેટલાક લોકોના ચહેરા સફેદ અને કેટલાકના કાળા થઈ જશે.

બેશક, મારી મિલ્કત અને જાએદાદ જે 'યમ્બોઅ' (કોઈક જગ્યાનું નામ) અને તેની આજુબાજુ આવેલ છે, તે અલ્લાહ તઆલાની ખુશ્નુદી માટે સદકો (વકફ) કરૂ છું."

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ તેમના અનહદ નેક આઅમાલ અને ઇબાદત હોવા છતાં જયારે જંગમાંથી પાછા આવતા ત્યારે ફરમાવતા કે, ‘રાહે ખુદામાં શહીદ થવા કરતાં વધુ બીજો કોઈ નેક અમલ નથી. હું ડરૂં છું કે ક્યાંક હું શહાદતના એ ફૈઝથી વંચિત રહી ન જાઉં.’

છેવટે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે આપને સાંત્વના અને ખૂશ ખબર આપી કે, ‘અય

અલી અલય્હિસ્સલામ, તમારી ઝિંદગીનો અંત શહાદતથી થશે.'

હઝરત અલી અલય્હિસ્સલામનું આપણે અનુકરણ કરીએ:-

ઉપરનું વાક્ય વાંચ્યા પછી એવું બને કે કોઈ એમ કહે કે, હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની મઅરેફત અને યકીનનો ઉચ્ચ મરતબો ક્યાં અને અમારી જેવા ગુનેહગારો ક્યાં? અમે તેઓની જેવી બુઝુર્ગી, તેમના જેવો અઝાબે ઇલાહીનો ખૌફ અને તેમના જેવી

અલ્લાહની રહમતની ઉમ્મીદ કઈ રીતે પૈદા કરી શકવાના છીએ !

આ વાતનો જવાબ એ છે કે : ‘જેમ એક નાનું બાળક ઝેરીલી નાગણના જોખમથી પરિચિત નથી, શક્ય છે કે તેમની ચમક દમક અને નરમી જોઈને થાપ ખાઈ બેસે, તેને પકડી લે અને પછી નાગણ તેને ડંસ મારી દે અને બાળક મૌતનો શિકાર બની જાય.

માંની લો કે તે બાળકની પાસે તેના પિતા હાજર હોય, તો બાળકને એ જોખમની

હાલતમાં જોઈને બુમ પાડતા દોડશે અને તેથી નાગણ બાળક પાસેથી દૂર ભાગી જશે.

અય બેખબર ઇન્સાન !

શું હઝરત અલી અલય્હિસ્સલામ તારા રૂહાની પિતા અને વાસ્તવમાં ખરા અનુકરણીય નથી? અને શું તમે હઝરત અલી અલય્હિસ્સલામની મોહબ્બત અને વિલાયતના દાવેદાર નથી?

ઉપરના પ્રશ્નોનો જવાબ હકારમાં હોય તો આકા અને મૌલાની પૈરવી અને ઇતાઅત

જે રીતે શક્ય હોય તે રીતે કરવી અનિવાર્ય છે.

કયામતના એ ભયંકર અને સખત અઝાબની કલ્પના માત્રથી ઇન્સાનની હાલત નિરાશ અને ભયજનક થઈ જવી જોઈએ, પણ તમે છો કે આટલા સ્વસ્થ અને સંતોષી કેમ દેખાવ છો? આખેરતની સફરનો સામાન ભેગો કરવામાં ગાફિલ કેમ છો? જો તમે ખરેખર અલી અલય્હિસ્સલામના શીઆ છો તો તેઓ

તમારા માટે નમુનએ અમલ (દ્રષ્ટાંત રૂપ) છે.

મૌલાએ ફરમાવ્યું : 'તમે હુબહુ અમારા (જેવો) અમલ બજાવી નહીં શકો, પરંતુ અમારી નકલ અને પૈરવી તો ચોક્કસ કરી શકો છો.'

'ફક્ત એ જ અમારા શીઆ છે જે અમારી પૈરવી કરે.'

**જોખમની ચેતવણી :-**

જો કાફલાનો સરદાર માર્ગના જોખમની જાહેરાત કરતા કહે કે : 'મંઝીલ ખૂબ જ

દૂર છે, માર્ગમાં વસ્તી કે પાણી નથી. વળી હિંસક પશુઓ અને જંગલી જાનવરો ત્યાં મૌજૂદ છે. તેથી શક્ય તેટલું પાણી, ખોરાક અને બીજો જરૂરી સામાન ભેગો કરી લ્યો. દરેક માણસ પોતાની મેળે સાવચેત અને સતર્ક રહે.' આ જાહેરાત કરીને કાફલાનો સરદાર પોતે પણ ઝડપથી પોતાનો સામાંને સફર ભેગો કરવ માંડે છે.

જો કાફલાના સરદાર અને માર્ગદર્શકની નજરે સફરની આટલી ગંભીરતા હોય, તો કાફલાની હાલત કેવી થવી જોઈએ ?

આથી આટલા બધા આત્મ સંતોષપૂર્વક આ કિંમતી પળોને વેડફો નહીં. તમારા રહનુમાં (મૌલા) ની પૈરવી કરો. જેથી હશ્રના મૈદાનમાં હસરતભર્યા દિલ તમને અશ્રુભર્યા નયને તેમની સામે જવાનો વારો ન આવે.

**કાફલાના સરદાર ભયભીત છે :-**

'અય તકવા અને ઈમાનના કાફલાઓ! તમારા અમીર અને કાફેલા સાલાર હઝરત અલી બિન અબી તાલિબ અલય્હીસ્સલામ આખેરતની સફરથી અત્યંત ડરે છે. તે

માર્ગના જોખમથી બધાને ચેતવે છે. આપ દરરોજ રાત્રે મસ્જિદે કુફામાં મોટા અવાજે ફરમાવતા હતા :

"પ્રવાસીઓ! ખુદા તમારી ઉપર રહેમ કરે, સફરનો સામાન બાંધી લો, અને હંમેશા તૈયાર રહો. બેશક તમારા આગળ (ના પ્રવાસમાં) કેટલીય સંકટભરી (ઘાટી) ખીણો અને ભયંકર મંઝીલો આવશે, તમાંરે તેમાથી પસાર થયા વીના છુટકો નથી."

ત્યાર પછી મૌલા અલય્હિસ્સલામ ફરમાવે છે: "અફસોસ કે સફરનું ભાતુ ઓછું છે અને

સફર લાંબી અને મંઝીલ (પહોંચવાનું સ્થળ) અઝીમ છે.” (નહજુલ બલાગહ)

અફસોસની વાત એ છે કે અસાધારણ પ્રમાણમાં દુન્યવી કામોમાં વ્યસ્ત થવા અને નફસાની ખ્વાહીશાતના વમળમાં ફસાઈ જવાના કારણે આપણે હઝરત અઇમ્મએ અત્હાર અલય્હેમુસ્સલામથી અળગા થઈ ગયા છીએ. આપણો તેમની સાથેનો સંપર્ક કપાઈ ગયો છે. આપણે તેઓના અખ્લાકે કરીમાં અને સીરતે તૈયબાની પૈરવી કરવાનું ભૂલી ગયા છીએ.

અલ્લાહ તઆલા આપણને તેઓની મોહબ્બત અને વિલાયતના વર્તૂળમાંથી બહાર ડગ મૂકીને શૈતાનની વિલાયત અને ગુમરાહીમાં પ્રવેશી જવાથી સુરક્ષિત રાખે. કારણ કે કેટલાક ગુનાહોની અસરને લીધે, ગુનેહગાર ઇન્સાન વિલાયતે ખુદા અને વિલાયતે એહલેબૈત અલય્હેમુસ્સલામથી દૂર નિકળી જાય છે અને વિલાયતે શૈતાનમાં શામેલ થઈ જાય છે. ત્યાર પછી તે ઇન્સાનના અસ્તિત્વ ઉપર શૈતાન સંપૂર્ણ

પણે કાબુ જમાંવી દે છે. અને તેના ઉપર હુકમ પણ ચલાવવા માંડે છે.

મોઅમિનનું અપમાન કરવાથી માણસ વિલાયતથી બહાર થઈ જાય છે :-

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે કે : "કોઈ શખ્સ કોઈ બંદે મોઅમિનની વિરૂધ્ધ એવી વાત જાહેર કરે જેનો હેતુ તે મોઅમિનની ઐબ જાહેર કરવાનો અથવા લોકો વચ્ચે બે આબરૂ કરવાનો હોય તો, અલ્લાહ તેમ કરનારને પોતાની સરપરસ્તી અને

દોસ્તીથી વંચિત કરી દે છે અને તે શૈતાનની સરપરસ્તીમાં ચાલ્યો જાય છે. અને ત્યારે શૈતાન પણ તેનાથી બેઝારી વ્યક્ત કરે છે.”

અથવા “તે (દાંભિકો) નો દાખલો શૈતાન જેવો છે, કે જે ઇન્સાનને કહે છે કે તું નાસ્તિક (કાફિર) થઈ જા. અને જયારે તે નાસ્તિક (કાફિર) થઈ જાય છે ત્યારે તે કહે છે ખચિત હું તારાથી બેઝાર (નારાઝ) છું. હું તો આખી દુનિયાના પરવરદિગારથી ડરૂં છું.” (૫૯ - ૧૬)

## પ્રકરણ સાતમું

## કબાએરે - મન્સૂસહ

## (એટલે કે કુરઆનથી સાબિત થએલા મોટા ગુનાહો જેને ગુનાહે કબીરા ગણવામાં આવ્યા છે.)

# પાંચમો ગુનોહ

# કત્લે નફસ

# પાંચમો ગુનોહ

# કત્લે નફસ

હવે આપણે ગુનાહે કબીરા પૈકીના પાંચમાં ગુનાહની વિગત જોઈએ. જેને 'કત્લે નફસ' કહેવાય છે. એટલે કે જેને જાનથી મારી નાખવાનો ખુદાવંદે આલમે અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે હુકમ આપ્યો ન હોય તેવા માણસને જાનથી મારી નાખવો.

કત્લે ઇન્સાન ગુનાહે કબીરા હોવાની દલીલ આ કિતાબના પ્રારંભના ભાગમાં

મુસ્તનદ રિવાયતથી આપવામાં આવી છે. આ ઉપરાંત કુરઆને મજીદમાં કાતિલે નફસે મોહર્રમાં (જેને કત્લ કરવો હરામ છે - તેને કત્લ કરનાર) વિશે સ્પષ્ટ રીતે અઝાબનો વાયદો આપવામાં આવ્યો છે.

"અને જો કોઈ મોઅમિનને જાણી જોઈને મારી નાખે (તો ગુલામને આઝાદ કરવો વિગેરે તેનો કફફારો નથી પણ) તેની સઝા દોઝખ છે. અને તે હંમેશા તેમા રહેશે. તેની ઉપર ખુદાએ પોતાનો (કોપ વરરસાવ્યો છે અને) લા' નત (ફીટકાર) કરી છે. (અને

તે ઉપરાંત) એના માટે સખ્ત અઝાબ તૈયાર કરી રાખ્યો છે." (૪- ૯૩)

આ આયતે શરીફામાં કત્લે નફસ માટે પાંચ સજા નક્કી કરવામાં આવી છે. પહેલી જહન્નમ, બીજી જહન્નમમાં હંમેશા રહેવાની સજા, ત્રીજી ખુદાના ગઝબમાં ગિરફતારી, ચોથી ખુદાની લા'નતમાં સપડાવું અને પાંચમી અઝાબે અઝીમ

**કાફિરો માટે કાયમી અઝાબ છે :-**

આપણા મઝહબના સર્વસ્વીકૃત અકીદાઓ પૈકી એક અકીદો એ છે કે કાફિરો માટે

કાયમી (અનંત) અઝાબ વિશેષરૂપે છે. એટલે કે કોઈ માણસ દુનિયાથી ઈમાન સાથે વિદાય લે તો તે કાયમ માટે અઝાબમાં ગિરફતાર નહીં રહે, ભલે પછી તે નફસે મોહતરમહ (માનવંત નફસ) નો કાતિલ હોય. અને તે ઉપરાંત તેણે બીજા ગુનાહો પણ કર્યા હોય ! આજ કારણો સર ઉપરની આયતના કેટલાક સ્પષ્ટીકરણમાં પણ આ બાબત વર્ણવવામાં આવી છે. જે પૈકી એક એ પણ છે કે જો તેણે

મોઅમિનને ઈમાનની હાલતમાં કત્લ કર્યો હશે તો તે કાયમી અઝાબને પાત્ર બનશે. તે સંજોગોમાં કાતિલ કાફિર છે. તેમા શંકાને કોઈ સ્થાન નથી. કેમકે તેણે મોઅમિનનું લોહી વહેવડાવવાનું હલાલ સમજી લીધુ. જયારે ખરેખર તો મોઅમિનને જાનથી મારી નાખવો હરામ છે અને મોઅમિનની હુરમત જાળવવી જરૂરીયાતે દીન પૈકીની એક જરૂરીયાત છે અને જરૂરીયાતે દીનનો ઇન્કાર કરનારો કાફિર છે.

**મુસલમાનોનું લોહી અને માલ માનવંત છે:**

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે હજ્જતુલ વિદાઅના પ્રસંગે ફરમાવ્યું :

"લોકો, મુસલમાનોનું લોહી વહેવડાવવું જાએઝ નથી. અને તેવી જ રીતે તેમની મરઝી વગર તેમના માલનો ઉપયોગ કરવો (પણ) જાએઝ નથી. તો તમારી ઝાત પર ઝુલ્મ ન કરતા અને મારા મરી જવા પછી કુફ્ર તરફ પાછા ફરી ન જતા."

(વસાએલુશ્શીઆ - કિતાબે કિસાસ, ભાગ પહેલો)

**એક ઇન્સાનનું કત્લ તમામ ઇન્સાનિયતના કત્લ સમાન છે:**

ઇરશાદે ખુદાવંદી છે : “અને જો કોઈ બીજાને (નાહક) કત્લ કરી નાખે એ સિવાય કે તે કસુરવાર હોય અથવા ભૂમિમાં ફસાદ ફેલાવી દીધો હોય, (જેમકે લૂટારા, ઝાની, પરિણીત સ્ત્રી સાથે બદફેલી કરનાર, વિગેરે જેને જાનથી મારી નાખવા જાએઝ છે.) તે જાણે કે તેણે તમામ લોકોને કત્લ કરી

નાખ્યા અને જેણે એક માણસને જીવતો કરી દીધો (એક જીવને જીવનદાન દીધું) તેણે જાણે કે તમામ માંણસોને જીવંત કરી દીધા.” (૫-૩૨)

કેમકે, તમામ મોઅમિનો હઝરત આદમના પૂત્ર અને એક જ નફસના હુકમમાં આવી જાય છે. કાતિલે,લોકો વચ્ચે કત્લ જેવી દુષ્ટ બાબતની તાલીમ આપી છે અને લોકોને કત્લ કરવા માટે ઉશ્કેર્યા છે.

**આત્મહત્યા પણ કત્લ સમાન છે :**

અલ્લાહ તઆલા ફરમાવે છે : “તમે આત્મહત્યા (પોતાની જાતને કત્લ) ન કરો, કારણ કે બેશક ખુદા તમારા હાલ ઉપર મહેરબાન છે. (કત્લે નફસની મનાઈ એ માટે કરવામાં આવી છે કે તમામ મોઅમિનો એક નફસનો હુકમ ધરાવે છે, તેથી ફરમાવ્યું કે, ‘તમે તમારો જીવ ન લ્યો.’ બીજા શબ્દોમાં તમે તમારી જાતને બૂતો (મૂર્તિઓ) પર કુરબાન ન કરો. અને

ગુસ્સા અને આવેશમાં આવી જઈને આપઘાત ન કરો. અને જો કોઈ શખ્સ બળજબરી અને ઝુલ્મથી આમ કરશે તો (યાદ રાખો) અમે બહુ જ નિકટમાં તેને જહન્નમની આગમાં ફેંકી દઈશું અને આ કામ અલ્લાહ માટે (તદ્દન) સહેલું છે.” (૪-૨૯)

**સમગ્ર માનવજાતને જીવંત કરવા સમાન:**

ઇરશાદે બારી છે : “અને જેણે એક માણસને જીવતો કર્યો તેણે બધા લોકોને જીવતા કર્યા.” (૫-૩૨)

જેમકે કોઈ નફસે મોહતરમને બાકી રાખવા માટે કારણરૂપ બને. જેમકે માંફ કરીને અથવા કીસાસ (શરીઅત પ્રમાંણેનું વળતર) છોડી દઈને અથવા બદલો લેવાથી અળગા રહીને અથવા કોઈને મરી જતા બચાવે અથવા બચાવવાની વ્યવસ્થા કરે, તો આ બધી બાબતો લોકોને નજાત

આપવા સમાન છે. અને આ કાર્યો કરનાર તેનો સવાબ મેળવવાને પાત્ર બનશે.

બીજા શબ્દોમાં કત્લે નફસ પરવરદિગારની દ્રષ્ટિએ સૌથી મોટો ગુનોહ છે. અને કાતિલ માટે સખ્તમાં સખ્ત સજાનો વાયદો કરવામાં આવ્યો છે. તેવી જ રીતે નફસે મોહતરમની હિમાંયત અને હિફાઝત (બચાવ અને રક્ષણ) મોટામાં મોટી ઇબાદત છે.

**કાતિલ ઇસ્લામની હાલતમાં મરતો નથી:**

કોઈને કત્લ કરવો એ ગુનાહે કબીરા છે. જે વિશેની હદીસો પ્રત્યે અંગૂલી નિર્દેશ કરવામાં આવે છે.

હઝરત ઈમામ જઅફર સાદિક અલયહિસ્સલામે કોઈ મોઅમિનના કાતિલ વિશે ઇરશાદ ફરમાવ્યું કે, 'કાતિલ મરે છે ત્યારે તેને કહેવામાં આવે છે, તારે જે હાલતમાં મરવું હોય તે હાલતમાં મરી જજે, જો તું ઇચ્છે તો યહૂદી બનીને, મસીહી (ઈસાઈ) બનીને કે મજૂસીની મૌતે મર.' (ઉસૂલે કાફી)

**બીજી હદીસ :-**

‘મોઅમિન જ્યાં સૂધી પોતાના હાથ હરામ ખૂન (લોહી) થી ન રંગે ત્યાં સુધી પોતાના દીનના વિશાળ વાતાવરણમાં મુક્ત હોય છે.’

‘કોઈ મોઅમિનને જાણી જોઈને કત્લ કરી નાખનારને તૌબા અને પશ્ચાતાપ કરવાનું નસીબ થતું નથી.’ (અલ વસાએલ, કિતાબે કિસાસ, પા. ૪૬૨)

**કત્લ કરવામાં સાથ આપનારા પણ કાતિલ છે:**

આ વિષયની ત્રીજી હદીસ પણ ઇમાંમે સાદિક અલય્હિસ્સલામથી મનકુલ છે :

'જનાબે રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને કહેવામાં આવ્યું કે 'એક મુસલમાન મરી ગયો છે અને તેની લાશ ગલીમાં પડી છે. આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આપના અસહાબો સાથે તે સ્થળે પહોંચ્યા અને સવાલ કર્યો : 'આનો (મરનારનો) કાતિલ કોણ છે?' લોકોએ અર્ઝ કરી: 'યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે

વઆલેહી વસલ્લમ અમને ખબર નથી.' આપે આશ્ચર્ય પામતા ફરમાવ્યું : 'કોઈ કત્લ થઈને મુસલમાનો વચ્ચે પડયો હોય અને તેનો કાતિલ કોણ છે તેની તમને ખબર ન હોય !'

'એ ખુદાની કસમ, જેણે મને પયગમ્બરી માટે પસંદ ર્ક્યો, જો તમામ આસમાનમાં અને તમામ જમીનોમાં રહેનારા એક મુસલમાનના ખૂનમાં શામેલ થઈ જાય અને તે બધા એ ખૂન થવાથી રાજી થયા હોય, તો અલ્લાહ તઆલા એ બધાને

(અપવાદ વગર) અઝાબમાં સપડાવી જહન્નમમાં નાખી દેશે.'

આ હદીસથી એ નોંધપાત્ર વાત જાણવા મળે છે કે 'કાતિલ અને કત્લમાં શરીક થનાર બંને વચ્ચે કંઈ તફાવત નથી.'

જેમકે હઝરત મોહમ્મદ બાકિર અલયહિસ્સલામે ફરમાવ્યું : 'કયામતના દિવસે બારગાહે ખુદાવંદીમાં કોઈ (એક) ને રજુ કરવામાં આવશે.' તેની સાથે થોડું (એટલે કે હજામત કરતા નિકળી આવે તેટલું) લોહી હશે, તે શખ્સ કહેશે કે ખુદાની

કસમ, મેં કોઈને કત્લ કર્યો નથી અને હું કોઈને કત્લ કરવામાં શરીક પણ થયો નથી.' અલ્લાહ તઆલા ફરમાંવશે કે 'સાચી વાત છે, પણ કોઈ એક દિવસ તે મારા મોઅમિન બંદાનો ઉલ્લેખ કર્યો હતો અને તે વાત તેના કત્લ થવાનું કારણ બની ગઈ હતી. તેથી તેના કત્લની જવાબદારી તારી છે.'

હઝરત ઈમામ રઝા અલય્હિસ્સલામથી રિવાયત છે કે જો કોઈ પૂર્વમાં મરી જાય અને પશ્ચિમમાં રહેનારા તેના કત્લ થવાથી

રાજી થાય તો તે (પણ) તેના કત્લમાં શરીક ગણાશે.’ (વસાએલ,ભા. ૫,પા. ૪૯૧)

**ગર્ભપાત કરાવવો પણ હરામ છે :-**

જે બાળક માંના પેટમાં હોય અને તેને કોઈ પણ કુત્રિમ ઉપાયો દ્વારા નષ્ટ કરી ગર્ભપાત કરાવી નાખવામાં આવે, તો જીવતા મનુષ્યના કત્લની જેમ તે ગુનાહના બદલામાં દીયત (કત્લનો બદલો - વળતર) અદા કરવી પડશે.

ગર્ભના સ્વરૂપમાં બાળક અને મોટી ઉમરના માણસના કત્લમાં કંઈ જ તફાવત નથી. ભલે પછી (ગર્ભપાતના રૂપમાં) કત્લ કરનાર તેના મા-બાપ કેમ ન હોય. કોઈ માતા પોતાના ગર્ભપાત માટે એવી દવાઓનો ઉપયોગ કરે કે, તેનાથી ગર્ભની અસર નાબુદ થઈ જાય તો તે પણ એ જ સજાને પાત્ર બનશે, જે શરીઅતે ઇસ્લામમાં એક કાતિલ માટે નિશ્ચિત કરવામાં આવી છે. એટલે કે એક નફસે મોહતરમને કત્લ કરવાની સજા રૂપે એક હજાર મિસ્કાલ

(એક મિસ્કાલે શરઈ એટલે ૨૪ [ચોવીસ] ચણા બરાબરનું વજન) સોનુ અદા કરવું વાજીબ છે.

બાળકના કાતિલ તેના મા-બાપ હોય તો પણ તેને દીયત અદા કરવાથી મુક્તિ મળતી નથી. બલ્કે તે દિયતની રકમ મેળવવા માટે તેના બીજા વારસો હકદાર બનશે.

**જાણી જોઈને નૂત્ફો (વીર્ય બિંદુ) વેડફવું હરામ છે :-**

ઉપરના બયાનથી એ વાત સાબિત થઈ ગઈ કે દીને ઇસ્લામની પવિત્ર શરીઅતમાં માનવ જીવન અને તેના અસ્તિત્વને કેટલું મહત્વ આપવામાં આવ્યું છે.

નફસે મોહતરમની જાળવણી માટે જેટલી તાકીદ અને ભલામણ કરવામાં આવી છે તેટલી તાકીદ બીજા કોઈ વિષય માટે નથી, એટલે સુધી કે ઇન્સાનની ઉત્પત્તીનો પદાર્થ માતાના પેટમાં નૂત્ફા રૂપે ગોઠવાઈ જાય ત્યારપછી તેને નાબૂદ નષ્ટ કરી દેવાને હરામ ગણાવવામાં આવ્યું છે. અને

તેના માટે દીયત (કત્લનો બદલો - વળતર) આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) જો ગર્ભ નૂત્ફો (વીર્યબીંદુ) નષ્ટ કરવામાં આવે તો ૬૦ (સાઠ) મિસ્કાલ સોનુ.

(૨) જો ગર્ભમાં હાડકું પૈદા થઈ ગયું હોય તો ૮૦ મિસ્કાલ સોનુ.

(૩) જો ગર્ભમાં રહેલા બાળકનું ગોશ્ત અને અવયવો તૈયાર થઈ ગયા હતા અને રૂહ

દાખલ ન થઈ હોય તો ૧૦૦ એકસો મિસ્કાલ સોનુ.

(૪) જો ગર્ભમાંના બાળકમાં રૂહ પ્રવેશી ચુકી હોય અને તે પૂત્ર હોય તો ૧૦૦૦ મિસ્કાલ સોનુ.

(૫) જો ગર્ભમાંના બાળકમાં રૂહ પ્રવેશી ચુકી હોય અને તે પૂત્રી (દિકરી) હોય તો ૫૦૦ મિસ્કાલ સોનુ.

(૬) જો ગર્ભવતી સ્ત્રી મરી જાય તો તેનું પેટ કાપીને (ઓપરેશન દ્વારા) ગર્ભમાંના

બાળકને કાઢી લેવું વાજીબ છે, અને તેમા ગફલત કરવી હરામ છે.

(૭) ઉપરના કિસ્સામાં મોડું કરતા ગર્ભમાંનું બાળક મરી જાય (ગર્ભપાત થઈ જાય) તો જેની ગફલતથી એમ બન્યું હોય તેની ઉપર દીયત વાજીબ થશે.

**કત્લની તૌબા :-**

જો કોઈ જાણી બુઝીને કોઈ નફસને કત્લ કરે અને ત્યાર પછી તૌબા કરવા ઇચ્છે તો સૌની પહેલા તેણે મક્તૂલ (કત્લ થનાર) ના વાલીને શરણે થવું જોઈએ. મક્તૂલના

(કત્લ થનારના) વારસદારોને એ હક છે કે તે કાતિલ પાસેથી કિસાસ (બદલો) લે અથવા દીયત (વળતર) લે અથવા તેને માંફ કરી દે.

મક્તૂલના વારસદાર કાતિલને કત્લ ન કરે અને માંફ કરી દે તો કાતિલ ઉપર ત્રણ બાબતો વાજીબ થશે-

(૧) એક બંદો રાહે ખુદામાં આઝાદ કરે.

(૨) સાઇંઠ મીસ્કીનોને પેટ ભરીને જમાંડે.

(3) સતત એક ધાર્યા સાઇંઠ રોઝા રાખે.

જો કાતિલ, બંદાને આઝાદ કરવાની શક્તિ ધરાવતો ન હોય તો બાકીના બીજા બે કફ્ફારા તો આપવાના જ રહેશે.

આકસ્મિક અને ભૂલથી થએલી કત્લ :-

કોઈ ભૂલથી કત્લ થઈ જાય અને કત્લ થનારના વારસદારો તેને માંફ કરી દે, તો પણ મક્તૂલ (કત્લ થનાર) ના વારસદારોને દીયત આપવી વાજીબ છે.

આ સિવાય ઉપર જણાવ્યા મુજબ ગુલામને આઝાદ કરવો, સાંઈઠ (૬૦) ફકીરોને પેટ

ભરીને જમાંડવા અને એકધાર્યા સાઇંઠ (૬૦) રોઝા રાખવા વાજીબ છે.

આ ઉપરાંત કોઈ શરીરના અવયવને કાપવા પણ ગુનાહે કબીરા છે. આ વિષયની વધુ વિગત જાણવા માટે ફિકહી કિતાબો (તવઝીહુલ મસાએલ વગેરે) વાંચવા વિનંતી છે.

# પ્રકરણ આઠમું

# કબાએરે - મન્સૂસહ

(એટલે કુરઆનથી સાબિત થએલા મોટા ગુનાહો જેને ગુનાહે કબીરા ગણવામાં આવ્યા છે.)

# છઠ્ઠો ગુનોહ

# મા-બાપે ‘આક’ કરવું

# છઠ્ઠો ગુનોહ

# મા-બાપે ‘આક’ કરવું

ઉક્કે વાલેદૈન :-

(મા-બાપે કાયમ માટે તિરસ્કૃત ‘આક’ કરી દેવું)

ગુનાહે કબીરા પૈકીના છઠ્ઠા નંબરનો ગુનોહ, મા-બાપ દ્વારા સંતાનનું ‘આક’ થવું છે. જેમકે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને કેટલાક અઇમ્મહ અલય્હેમુસ્સલામની રિવાયત મળે છે કે ‘વાલેદૈન દ્વારા આક

થવું મોટા ગુનાહમાંથી એક ગુનોહ છે. આ બાબતનો વિગતવાર ઉલ્લેખ આ કિતાબની શરૂઆતમાં કરવામાં આવ્યો છે. તેમજ હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી મનકૂલ છે કે 'તમામ ગુનાહે કબીરામાંથી સૌથી મોટો ગુનોહ અલ્લાહ સાથે કોઈને શરીક ગણવું અને વાલેદૈનના આક (માં અથવા બાપ દ્વારા હંમેશા માટે તિરસ્કૃત) થવું છે.'

'આક' એવો ગુનોહ છે, જેના માટે કુરઆને મજીદ અને સહીહ હદીસોમાં જહન્નમનો

વાયદો આપવામાં આવ્યો છે. કુરઆને મજીદમાં હઝરત ઈસા અલય્હિસ્સલામનો કૌલ અલ્લાહ તઆલા પોતાના કલામમાં આ રીતે બયાન કરે છે.

“અને મને મારી વાલેદા (માતા)નો ફરમાબરદાર બનાવ્યો છે અને અલ્હમ્દો લિલ્લાહ મને સરકશ (અને) નાફરમાન નથી બનાવ્યો” (૧૯-૩૨)

હઝરત ઈસા અલય્હિસ્સલામને પિતા ન હતા. તેથી ફક્ત માતાનો ઝિક્ર કર્યો છે. આ સૂરાની પાંચમી આયતમાં હઝરત યહ્યા

અલય્હિસ્સલામના મા-બાપ બંનેનો ઉલ્લેખ છે. આ બંને આયતોમાં મા-બાપનાઆક કરાએલાને ત્રણ સિફતોથી યાદ કરવામાં આવ્યા છે-

(૧) જબ્બાર એટલે સરકશ

(૨) શકી એટલે બદબખ્ત

(3) અસી એટલે ગુનેહગાર

અને ઉપરની ત્રણેય સિફતો માટે સખ્ત અઝાબનો વાયદો કરવામાં આવ્યો છે

(૧) 'જબ્બાર' વિશે ઇરશાદ થાય છે :

"અને દરેક સરકશ, વિરોધી (દુરાગ્રહી) નિરાશ થયો, આ તો દુનિયાની સજા હતી અને આ સજા તેની પાછળ પાછળ જ જહન્નતમ હશે. અને તેમા પણ તેને પરૂ અને અને લોહીથી ભરેલું પાણી પીવા માટે આપવામાં આવશે. (તેને પરાણે) ઘૂંટડે ઘૂંટડા કરીને તે પીવું જ પડશે જે સહેલાઈથી તે પોતાના ગળે ઉતારી નહીં શકે અને (તે મુસીબત છે કે) ચારે બાજુથી મૌત તેને આવીને ઘેરી વળશે પણ તે

મરશે નહી; અને પછી તેની પાછળ વધારે સખ્ત અઝાબ હશે.” (૧૪-૧૫ થી ૧૭)

(૨) અને શકી સિફતવાળા (દુર્ભાંગી) માટે અલ્લાહ તઆલા ફરમાવે છે :

“પછી જે લોકો બદબખ્ત છે, તેઓ દોઝખમાં (જઈ) પડશે, તેમા જ હાય વોય કરી ચીસો પાડતા હશે (અને) જ્યાં સુધી આસમાન અને જમીન બાકી રહેશે. ત્યાં સુધી હંમેશા તેમા જ રહેશે. (ત્યાં સુધી કે જ્યાં સુધી તમારો પરવરદિગાર મુક્તિ આપવા ચાહે) બેશક તમારો પરવરદિગાર

જે ચાહે છે, તે કરીને જ રહે છે.” (૧૧ - ૧૦૬ થી ૧૦૮)

(૩) અસી એટલે નાફરમાન વિશે ફરમાવે છે :

“અને જે ઇન્સાને ખુદા અને રસૂલની નાફરમાની કરીને તેની હદો વટાવી ગયો તો પછી ખુદા તેને જહન્નામમાં દાખલ કરી દેશે. અને તે તેમા હંમેશા (પોતાનું કર્યું ભોગવતો) રહેશે. અને તેના માટે આ હિણપતભર્યો (નામોશી આપનાર) અઝાબ છે.” (૪-૧૪)

મા-બાપના ‘આક’ વિશેની હદીસો :-

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

ખબરદાર! મા-બાપની નારાઝગીથી પરહેઝ કરો. બેશક જન્નુતની એ ખૂશ્બુ જે એક હજાર માઇલ દૂરથી સુંધી શકાય છે. તે ખુશ્બુને મા-બાપના આક (તિરસ્કૃત) થએલ અને સગાં વ્હાલાંઓ સાથે સંબંધો તોડી નાખનાર સુંધી નહીં શકે. (વસાએલુશ્શીઆ)

આ હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની બીજી રિવાયત છે :

જેણે પોતાના મા-બાપને નારાજ કર્યા તેણે જાણે કે અલ્લાહને નારાજ કર્યો અને જેણે એ બંનેને ગુસ્સે કર્યા તેણે જાણે કે અલ્લાહને ગુસ્સે કર્યો. (મુસ્તદરક)

**એક બીજી જગ્યાએ ઇરશાદ છે :-**

જે કોઈએ પોતાના મા-બાપનેઈજા પહોંચાડી તેણે મને ઈજા પહોંચાડી છે, અને જેણે મને ઈજા પહોંચાડી તેણે અલ્લાહને ઈજા પહોંચાડી છે, અને અલ્લાહને ઈજા

પહોંચાડનાર મલઊન (લઅનતને પાત્ર) છે. (મુસ્તદરક)

આ હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો ઇરશાદ છે.

જેણે પોતાના મા-બાપનેનારાજ કર્યા હોય તે ગમે તેટલો (નેક) અમલ કરે છતાં બેહિશ્તમાં દાખલ થઈ શકશે નહીં. (મુસ્તદરક)

આ વિશેની આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની હદીસ :-

ત્રણ પ્રકારના સમૂહ સાથે અલ્લાહ તઆલા કયામતના દિવસે વાત કરશે નહીં, તેમની ઉપર નઝરે રહમત નહીં કરે અને તેમને ગુનાહોથી પાક પણ નહીં કરે.

આ ત્રણ સમૂહ માટે દર્દનાક અઝાબ છે. એ ત્રણ સમૂહની વિગત નીચે મુજબ છે-

(૧) તકદીરે ઇલાહી (અલ્લાહે નિશ્ચિત કરેલ ભાગ્ય) ને જુઠલાવનાર,

(૨) હંમેશા શરાબ પીનાર અને,

(3) મા-બાપે આક કર્યા હોય તેવા સંતાન.

(મુસ્તદરક કિતાબે નિકાહ, ભા. ૮૫)

**મા-બાપે આક કરેલ સંતાન મગ્ફેરતને પાત્ર નથી :-**

મા-બાપે ‘આક’ કરેલ સંતાનોની હીણપત માટે એટલું કહેવું જ પુરતું થઈ પડશે કે, જીબ્રઇલે અમીને તેવા લોકો માટે આ શબ્દોમાં બદદુઆ કરી અને કહ્યું :

‘પોતાના (હયાત) મા-બાપના હક્કો અદા ન કરનારની અલ્લાહ તઆલા મગ્ફેરત નહીં કરે.’

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે જીબ્રઇલે અમીનની

બદ દુઆ સાંભળીને ‘આમીન કહ્યું. (બેહારૂલ અન્વાર)

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે :

મલઊન છે, મલઊન છે, તે શખ્સ જેણે પોતાના મા-બાપને માર્યા, મલઊન છે, મલઊન છે તે શખ્સ જેણે પોતાના મા-બાપને નારાઝ કર્યા હોય. (મુસ્તદરક)

**આક થએલાની નમાઝ કબૂલ થતી નથી :-**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની રિવાયત છે કે :

જે કોઈ સંતાન મા-બાપ સાથે ગુસ્સા પૂર્ણ વર્તાવ કરશે, ભલે મા-બાપ તેના હકમાં ઝાલિમ હોય તો પણ અલ્લાહ તઆલા તેની નમાઝ કબૂલ નહીં કરે. (કાફી)

**અંતિમ શ્વાસ લેતા યુવાનની શફાઅત :-**

એક યુવાન અંતિમ શ્વાસ લઈ રહ્યો હતો. તેવામાં હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો

અલય્હે વઆલેહી વસલ્લમ તેની પાસે આવીને બેસી ગયા અને તેને “શહાદતૈન” પડાવવા લાગ્યા. પરંતુ તે યુવાન હુઝુર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના જવાબમાં કંઈ બોલી શક્યો નહીં. હુઝુર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે પૂછયું કે ‘આ યુવાનની માં હાજર છે?’ તે યુવાને માંથું હલાવીને હા પાડી. એક સ્ત્રીએ કહ્યું : ‘જી હા, હું જ આ યુવાનની માતા છું.’ આપે પૂછયું : ‘શું તું આનાથી નારાઝ છે?’ તે સ્ત્રીએ કહ્યું : ‘હા,

યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ, છેલ્લા છ વર્ષથી અમારી વચ્ચે વાતચીતનો વ્યવહાર પણ નથી.' હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે તે સ્ત્રીને પોતાના ફરઝંદને માંફ કરી દેવા કહ્યું.

હુઝુર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના કહેવાથી તે સ્ત્રીએ તેના પૂત્રને માંફ કરી દીધો. અને તેનાથી રાઝી થઈ ગઈ. તે પછી તુરત જ તે યુવાન 'કલ્મએ શહાદતૈન' પડવા લાગ્યો.

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે તેને પૂછયું : ‘અત્યારે તું શું જોઈ રહ્યો છે?’ તે યુવાને કહ્યું કે અય રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અત્યારે એક કાળા રંગના, બદસુરત, બદબૂદાર પુરુષે મને પકડી રાખ્યો છે, અને છોડતો નથી.’

આપે ફરમાવ્યું : આ દુઆ પડ-

“યા મન યકબલુલ યસીર વ યઅફૂ અનિલ કસીર, ઇકબલ મિન્નિલ યસીર વઅફો અન્નિ લ કસીર.”

ઉપરની દુઆ પડાવ્યા પછી હુઝુર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરી પૂછયું : 'હવે શું જોઈ રહ્યો છે?' તે યુવાને જવાબ આપ્યો કે, 'એક ગોરો, ખુબસુરત, ખુશ્બુદાર મર્દ મારી તરફ આવી રહ્યો છે.' આપે ફરમાવ્યું : 'તે દુઆ સતત રટયા કર.' જયારે તેણે એ દુઆ બીજી વખત પડી ત્યારે કહ્યું કે : 'યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ હવે બંને મારી નઝરોથી દૂર થઈ ગયા છે.' આ સાંભળ્યા પછી આં હઝરત સલ્લલ્લાહો

અલય્હે વઆલેહી વસલ્લમના ચહેરા મુબારક ઉપર ખૂશીના ચિહ્નો દેખાયા. આપે ફરમાવ્યું : ‘ખુદાવંદા, આ યુવાનના ગુનાહોને બક્ષી આપ.’ ત્યાર પછી તે વફાત પામ્યો. (બેહારૂલ અન્વાર)

ઉપરની હદીસ શરીફથી એ વાત સ્પષ્ટ થાય છે કે મા-બાપે ‘આક’ કરેલા માટે આખેરત કેટલી સખ્ત છે. ‘આક’ થએલા બે ઈમાંનીની હાલતમાં દુનિયાથી જાય છે અને હંમેશા માટે અઝાબે ઇલાહીમાં સપડાએલા રહે છે. ઉપરના કિસ્સામાં

યુવાનને ‘કલ્મ-એ-તૌહીદ’ પડાવનાર જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની પવિત્ર ઝાત હતી, છતાં જ્યાં સુધી તેની માં તેનાથી રાઝી ન થઈ ત્યાં સુધી તેની જીભ ‘કલ્મ-એ-તૈયબા’ પડવા માટે પણ ખૂલી શકી નહીં. છેવટે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના કદમ મુબારકની બરકત અને માતાના રાઝીપાથી તે નવયુવાનની બક્ષીસ થઈ શકી.

## ‘આક’નો અર્થ શું?

અલ્લામા મજલિસી ‘કિતાબે કાફી’ ના વિવરણમાં લખે છે :

સંતાનોના ‘આક’ થવાનો અર્થ એ છે કે, અવલાદ મા-બાપનું માન ન જાળવે, વ્યવહાર અને વાતચીતમાં તેમને તકલીફ પહોંચાડે અને મા-બાપની એ જરૂરિયાતોનો વિરોધ કરે જે શરઈ રીતે અને બુધ્ધિગમ્ય રીતે પૂરી કરવી જાએઝ હોય.

મા-બાપથી ‘આક’ થવું હરામ છે, એ બાબત એહલે તશ્શીઅ (શીઆ) અને



HAJINAJI.com

એહલેસુન્નત વલ જમાઅતની કિતાબો અને સુન્નતના સમુહ દ્વારા સ્વીકૃત બાબત છે. જેમકે હઝરત ઈમામ જઅફર સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે :

મા-બાપથી ‘આક’ થવાનું ઓછામાં ઓછું પ્રમાણ મા-બાપ સામે ‘ઉફ’ કહેવું છે. જો ખુદાની નજરોમાં ‘ઉફ’ કરતાય કોઈ હલ્કો શબ્દ હોત તો તેનું ઉદાહરણ આપત. મા-બાપ તરફ તેજ અને ગુસ્સાભરી નજર કરવી પણ આક થવાનું કારણ બની જાય છે. એ કામ જેના કરવાથી મા-બાપ નારાજ

થશે તેવી ખાત્રી હોય એ કામ કરવું ગુનાહે કબીરા ગણાય છે.

**મા-બાપ સાથે નેકી કરવી વાજીબ છે :-**

કુરઆને મજીદની આયતો અને અઇમ્મએ અત્હાર અલય્હેમુસ્સલામની હદીસોથી સ્પષ્ટ થયું કે 'વાલેદૈનની નાફરમાની તેમજ અવગણના કરવી તેમજ તેમને તકલીફ પહોંચાડવી હરામ છે.' તેવી જ રીતે તેમના હકમાં એહસાન અને નેકી કરી તેમના હકની સંપૂર્ણ અદાયગી પણ

વાજીબ છે. આ વિશેની કુરઆને મજીદની કેટલીક આયતો રજૂ કરીએ છીએ.

“વબીલ-વાલેદય્ને-એહસાના” – ‘અને અમે ઇન્સાનોને તેના માં બાપ સાથે નેકી કરવાનો (નેકીથી વર્તવાનો) હુકમ આપ્યો છે.’ (૨૯-૮)

‘અમે (ઇન્સાનોને) તાકીદ કરી કે માંરો શુક્ર અદા કરો અને તમારા માતા -પિતાનો પણ.’ (૩૧-૧૩)

ઉપરની આયતે શરીફામાં અલ્લાહે પોતાના અને વાલેદૈનના શુક્રનો ઝિક્ર એકી

સાથે કર્યો છે. બેશક બંદાઓ ઉપર જે રીતે ખુદાનો શુક્ર અદા કરવાનું વાજીબ છે, તેવી જ રીતે અવલાદ ઉપર પણ મા-બાપનો શુક્ર અદા કરવાનું વાજીબ કરવામાં આવ્યું છે.

"વ કઝા રબ્બોક અલ્લા તઅબોદુ ઇલ્લા ઇય્યાહો વબીલ વાલેદયને એહસાના, ઇમ્મા યબ્લોગન્ના ઇન્દકલ કેબર અહદોહોમાં અવકેલાહોમાં ફલા તકુલ્લહોમાં ઉફ્ફીંવ વલા તન્હરહોમાં વ કુલ્લહોમાં કવલન કરીમાં. વખફીઝ લહોમાં જનાહઝ ઝુલ્લે

મેનર રહમતે વ કુર રબ્બિર હમહોમાં કમાં રબ્બયાની સગીરા.”

“અને તારા પરવરદિગારે (આ તદ્દન છેવટનો) હુકમ આપ્યો છે કે, તમે તેના સિવાય બીજા કોઈની ઇબાદત કરો નહીં. અને તમારા મા-બાપ સાથે નેકી કરો, અને તે બંનેમાંથી એક અથવા બંને તમારી સામે વૃધ્ધાવસ્થાએ પહોંચી જાય અને તેમને તમારી ખિદમતની જરૂર પડે (અથવા નારાજ થાય) તો ખબરદાર, તેમના જવાબમાં (તેમની સામે) ‘ઉફ’

પણ નહીં કરતા, તેમજ તેમની સાથે ઝઘડતા નહીં. (તેમને તરછોડતા નહીં) અને (જે કંઈ કહેવું સાંભળવું હોય તે) બહુ જ વિનય અને વિવેકથી કહો અને તેમની સાથે હમદર્દી, ખાકસારી (નમ્રતા) અને વિનયથી પેશ આવો અને તેમના હકમાં દુઆ કરો કે ‘અય પરવરદિગાર, જે રીતે આ બંનેએ નાનપણથી મને ઉછેરવામાં મારી ઉપર કૃપા કરી છે, તેવી જ રીતે તું એમની ઉપર રહેમ કર.” (૧૭ : ૨૩ - ૨૪)

ઉપરની આયતોમાં ખુદાવંદે આલમે વાલેદૈનની સાથે નેકી કરવાને પોતાની ઇબાદત સમાન ગણાવેલ છે. જેવી રીતે અલ્લાહ તઆલાની ઇબાદત વાજીબ છે. તેવી જ રીતે વાલેદૈન સાથે સારો વર્તાવ કરવો પણ વાજીબ છે.

હઝરત સાદિકે આલે મોહમ્મદ અલયહિસ્સલામે ફરમાવ્યું : ‘જો અરબી ભાષામાં ‘ઉફ’ થી નાનો (હલકો) બીજો કોઈ શબ્દ હોત તો તેનો ઉલ્લેખ કરીને, તે

શબ્દ મા-બાપ સામે વાપરવાની મનાઈ કરવામાં આવત.'

આપને અબી વિલાદે "વબીલ-વાલેદૈને-એહસાના" નો અર્થ પૂછયો ત્યારે આપે ફરમાવ્યું :

વાલેદૈન સાથે શ્રેષ્ઠ વ્યવહાર કરો. અને તેઓને કોઈ વસ્તુની જરૂર હોય અને તે માંગે તે પહેલા જ રજુ કરી દો.

ત્યાર પછી "વકુલ્લહોમાં કવલન કરીમાં" વિશે પૂછયું ત્યારે આપે ફરમાવ્યું :

‘વાલેદૈન તને માંરે તો તું કહે કે : અલ્લાહ આપની મગ્ફેરત કરે.’

પછી “વખ્ફીઝ-લહોમાં” વિશે પૂછયું તેના જવાબમાં આપે ઇરશાદ ફરમાવ્યું :

‘તેમના તરફ ગુસ્સા ભરી (તિરસ્કાર પૂર્ણ) નજર ન કરજે, તારા અવાજને તેમના અવાજ કરતા મોટો (બુલંદ) નહીં કરજે, અને રસ્તામાં સાથે ચાલતી વખતે તેની આગળ નહીં વધી જજે. મજલીસમાં તેમના પહેલા બેઠક નહીં મેળવી લેજે.

અને તારા હાથને તેના હાથ કરતા ઉંચા નહીં કરજે.’

## વાલેદૈનની ખિદમત જેહાદ કરતા શ્રેષ્ઠ છે :-

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે કે ‘એક માણસ હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી : ‘મને રાહે ખુદામાં જેહાદ કરવાનો શોખ છે.’ આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી

વસલ્લમે ફરમાવ્યું : ‘રાહે ખુદામાં જેહાદ કર, બેશક જો તું જેહાદમાં મરી જઈશ તો અલ્લાહની નીકટ જીવતો રહીને રોઝી મેળવીશ અને તેનો બદલો આપવાની જવાબદારી અલ્લાહ તઆલાની રહેશે. અને જો જેહાદમાંથી સલામતી પૂર્ણ પાછો ફરીશ તો માતાના પેટમાંથી અવતરેલા બાળકની જેમ ગુનાહોથી પાક થઈ જઈશ.’ તે માણસે કહ્યું : ‘યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મારા મા-બાપ જીવતા છે અને

વૃધ્ધાવસ્થાએ પહોંચી ગયા છે. તેઓ મને બહુ જ ચાહે છે અને મારી જુદાઈ તેમને પસંદ નથી.’

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : ‘જો એમ હોય તો તેમની ખિદમત કરવા માટે રોકાઈ જા. ખુદાની કસમ, જેના કબ્ઝએ કુદરતમાં મારી જાન છે, મા-બાપ સાથે એક દિવસ અને રાત પ્રેમપૂર્વક રહેવું, સતત એક વર્ષ જેહાદ કરવા કરતાં વધારે સારૂં છે. આ

રિવાયત પણ આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી મનકુલ છે :

"વાલેદૈનના ખિદમતગાર બનીને જન્નતમાં સ્થાન મેળવી લો,

અને વાલેદૈનના 'આક' થયા, તો જહન્નામમાં તમાંરૂં ઠેકાણું મેળવો."

**મા-બાપ સાથેની નેકી ગુનાહોનો કફ્ફારો છે :-**

મા-બાપ સાથે નેકી કરવી એ ઘણા બધા ગુનાહોનો કફ્ફારો છે. જેમકે રિવાયતોમાં છે કે 'એક શખ્સ હઝરત રસૂલે ખુદા

સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી : ‘યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ  એવું કોઈ ખરાબ કામ બાકી નથી જે મેં કર્યું ન હોય, તો શું મારા માટે તૌબા શક્ય છે?’ આપે ફરમાવ્યું : ‘જા તારા પિતા સાથે નેકી કર, જે તારા ગુનાહોનો કફફારો બનશે.’ જયારે તે માણસ ચાલ્યો ગયો ત્યારે આપે ફરમાવ્યું : ‘જો આ (માણસ) ની માં જીવતી હોત તો તેની સાથે નેકી કરવી બેહતર થાત.’

**મા-બાપની ખૂશી એ અલ્લાહની ખૂશી છે:**

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો ઇરશાદ છે : વાલેદૈનના રાજીપામાં અલ્લાહ રાજી છે, અને તેમની નારાજગીમાં અલ્લાહની નારાજગી છે.' (બેહારૂલ અન્વાર)

આપે વધુમાં ઇરશાદ ફરમાવ્યું :

વાલેદૈન સાથે નેક વર્તન કરનારાઓનો બેહિશ્તમાં પયગમ્બરો કરતા ફક્ત એકજ દરજ્જો નીચો હશે. અને વાલેદૈને 'આક'

કરેલાઓ જહન્નમમાં ફીરઓનીઓથી માત્ર એક દરજ્જાના અંતરે હશે.’

**મા-બાપ સાથે નેકી કરનારાઓ માટે ફરિશ્તાઓની દુઆઓ:**

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ફરમાવે છે :

“વાલેદૈન સાથે નેકી કરવી એ વાજિબે ઇલાહીયા પૈકી સૌથી મોટી ફરજ છે.”

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઇરશાદ ફરમાવે છે કે:

અલ્લાહના બે ફરિશ્તા છે. જેમાનો એક કહે છે :

"ખુદાયા! વાલેદૈન સાથે નેકી કરનારાઓને (તમામ બુરાઈઓ અને આફતોથી) સુરક્ષિત રાખ." (મુસ્તદરક)

બીજો ફિરશ્તો કહે છે :

ખુદાવંદા, જે લોકોથી તેમના મા-બાપ નારાજ હોય તેને તારા ગઝબ (કોપ) થી હલાક કરી નાખ. (મુસ્તદરક)

બેશક, ફરિશ્તાઓની દુઆ બારગાહે ઇલાહીમાં અવશ્ય કબૂલ થાય છે.

## ‘આક’ની દુન્યવી અસર :-

આગળ ઉપર આપણે વાલેદૈનના ‘આક’ થએલાની આખેરતમાં શું હાલત થશે તે વિશેની હદીસોનું વર્ણન જોયું. ‘આક’ થવું એક એવો ગુનોહ છે જેની અસર અને પ્રતિક્રિયા આખેરત પહેલા આ દુનિયામાં દેખાઈ આવે છે, જેમકે હઝરત ખાતેમુલ અંબિયા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

‘ત્રણ પ્રકારના ગુનાહ એવા છે જેની સજા તાત્કાલિક આ દુનિયામાં જ આપવામાં

આવે છે. તે માટે કયામત સુધી રાહ જોવામાં આવતી નથી. એમાંથી સૌથી પહેલો ગુનોહ મા-બાપથી ‘આક’ થવું છે. બીજો ગુનોહ અલ્લાહના બંદાઓ ઉપર ઝુલ્મ કરવો અને ત્રીજો ગુનોહ (કોઈનો) ઉપકાર ભૂલી જઈ નગુણું થવું (એહસાન માટે નાશુક્રી કરવી.) (બેહારૂલ અન્વાર)

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર અલયહિસ્સલામે ફરમાવ્યું :

“ગુપ્ત રીતે સદકો આપવો પરવરદિગારના ગઝબને ઠંડો કરે છે. અને

વાલેદૈન (મા-બાપ) સાથે નેકી અને (નઝદીકના) સગાં વ્હાલાંઓ સાથે લાગણી ભર્યો વ્યવહાર કરવાથી આયુષ્યમાં વધારો થાય છે.” (બેહારૂલ અન્વાર)

બીજી એક હદીસમાં ફરમાવ્યું :

‘મા-બાપ સાથે નેકી અને છૂપી રીતે ખૈરાત કરવાથી તંગદસ્તી દૂર થાય છે અને આ બંને કાર્યો ઉમ્રને લાંબી કરે છે. અને તેનાથી ૭૦ (સિત્તેર) પ્રકારના કમૌત દૂર થાય છે.’ (બેહારૂલ અન્વાર)

આ પણ ફરમાવ્યું : ‘જો કોઈ મને જામિનગીરી આપે કે તે પોતાના મા-બાપ (વાલેદૈન) સાથે નેકી અને સગાં સંબંધીઓ સાથે સદ્વ્યવહાર કરશે, તો હું પણ તેના માલમાં વૃધ્ધિ, લાંબી ઉમ્ર અને તે ઉપરાંત તેના કુટુંબમાં લોક પ્રિય બનાવવાની અલ્લાહ પાસે દુઆ કરીશ.’ (મુસ્તદરક)

હઝરત ઈમામ તકી અલયહિસ્સલામે ફરમાવ્યું :- ‘વાલેદૈનની નારાજગીથી (રોઝીની) ઓછપ અને ઝીલ્લત (અપમાન) પીછો કરે છે.’

**‘આક’ થનાર ફકીરી અને દુર્ભાગ્યનો શિકાર બને છે:-**

મદીનએ મુનવ્વરામાં એક દૌલતમંદ યુવાન રહેતો હતો, તેના વૃધ્ધ મા-બાપ જીવતા હતા. તે યુવાન તેના મા-બાપ સાથે કોઈ પ્રકારની નેકી કરતો ન હતો અને તેણે મા-બાપને તેમની દૌલતથી વંચિત રાખ્યા હતા.

અલ્લાહ તઆલાએ આ કારણથી તેનો બધો માલ અને દૌલત છીનવી લીધી. તે નાદારી, તંગદસ્તી અને બીમારીમાં

સપડાઈ ગયો. એટલું જ નહીં, મજબુરી અને મુસીબતોની પરાકાષ્ઠાએ પહોંચી ગયો.

જનાબે રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : ‘જે કોઈ પોતાના મા-બાપને તકલીફ પહોંચાડતું હોય, તેણે આ યુવાન(ના બનાવ)થી બોધપાઠ લેવો જોઈએ.’

‘જુઓ, આ દુનિયામાં તે યુવાન પાસેથી માલ અને દૌલત છીનવી લેવામાં આવ્યા, તેની સ્વતંત્રતા અને શ્રી’ મંતાઈ

ગરીબીમાં અને તંદુરસ્તી બીમારીમાં પલટાઈ ગઈ. તે યુવાનને તેના કાર્યોના બદલામાં જે દરજ્જો જન્નતમાં મળનાર હતો, તે તેના ગુનાહોના કારણે તેનાથી વંચિત થઈ ગયો. અને જહન્નતમની આગ તેના માટે તૈયાર કરવામાં આવી.' (સફીનતુલ બેહાર)

હઝરત ઈમામ જઅફર સાદિક અલય્હિસ્સલામથી મનકુલ છે કે 'જયારે હઝરત યાકૂબ અલય્હિસ્સલામ તેમના ફરઝંદ યૂસફ અલય્હિસ્સલામ ની મુલાકાત

માટે મિસર તશરીફ લઈ ગયા. તે વખતે હઝરત યૂસુફ અલય્હિસ્સલામ તેઓને જાહેરી સલ્તનતની શાનો શૌકત જળવાઈ રહે તે હેતુથી પોતાના વાલિદે બુઝુર્ગવાર હઝરત યાકૂબ અલય્હિસ્સલામ પ્રત્યે આદર વ્યક્ત કરવા માટે પોતાની સવારી (ઘોડા) ઉપરથી નીચે ન ઉતર્યા, તે વખતે હઝરત જીબ્રઇલ નાઝિલ થયા અને હઝરત યૂસુફ અલય્હિસ્સલામને કહ્યું : 'તમારી હથેળી ખોલી નાખો.' આપે હાથની હથેળી ખોલી તો તેમાથી એક નૂર (પ્રકાશ) નિકળ્યું અને

આસમાન તરફ ચાલ્યું ગયું. હઝરત યૂસુફ અલયહિસ્સલામે જીબ્રઇલને પૂછયું કે ‘મારા હાથમાંથી જે નૂર નિકળીને આસમાન તરફ ચાલ્યું ગયું તે શું હતું ?’

જીબ્રઇલે જવાબ આપ્યો કે : ‘આપે આપના વાલિદનો આદર કર્યો નહીં, તેથી આપની પીઠમાંથી નબુવ્વતનું નૂર ચાલ્યું ગયું છે. હવે આપના ફરઝંદોમાંથી કોઈને પયગમ્બરી પ્રાપ્ત નહીં થાય.’

બેશક, હઝરત યૂસુફ અલય્હિસ્સલામ તેમના વાલિદે બુઝુર્ગવાર પ્રત્યે આદર

વ્યક્ત કરવા માટે સવારી ઉપરથી નીચે ઉતર્યા નહીં, તેનું કારણ તેઓનું અભિમાન ન હતું કે ન તો તેમનો અનાદર કરવાની ભાવના હતી; કારણ અંબિયાએ કિરામ બધા પ્રકારના ગુનાહોથી પાકીઝા હોય છે.

હઝરત યૂસુફ અલયહિસ્સલામે આવો વ્યવહાર પોતાની સલતનતનો ઉચ્ચ દરજ્જો, શાનો શૌકત અને પોતાની પ્રજા ઉપર પોતાનો રોબ અને દબદબો જાળવી રાખવા માટે ર્ક્યો હતો.

**મા-બાપે ‘આક’ કરેલાઓનો કરૂણ અંજામ :-**

મા-બાપે ‘આક’ કરેલાની અસરો પૈકીની એક અસર ખરાબ અંત છે. તેનાથી ઉલ્ટું મા-બાપ સાથે નેકી કરવાથી આખેરતની હાલત સુધરે છે. જેમકે ઈમામ જઅફર સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :

જે કોઈ ઇચ્છતું હોય કે તેની સકરાત (જીવનના અંતિમ શ્વાસ) આસાન થાય, તો તેણે પોતાના સગાં વ્હાલાં સાથે સારો વર્તાવ અને મા-બાપ સાથે નેકી કરવી

જોઈએ. જે કોઈ આ પ્રમાણે વ્યવહાર કરશે તેની ઉપર ખુદાવંદે આલમ મૌતની સખ્તીઓ હળવી કરી દેશે. અને તે પ્રમાંણે અમલ કરનાર જીવનભર પરેશાની અને તંગદસ્તી (આર્થિક મુશ્કેલી) નહીં અનુભવે. (સફીનતુલ બેહાર, જી. ૨, પા. ૬૮૭)

મા-બાપની દુઆ વહેલી કબૂલ થાય છે :-

મા-બાપ તેમના સંતાનો સારા કે ખરાબ વર્તનને ધ્યાનમાં રાખીને જે દુઆ કરે છે, તે બારગાહે ઇલાહીમાં અવશ્ય કબૂલ થાય છે. આ વિષયની ઘણી રિવાયતો વારિદ

થએલી છે. જેમાંની એક ‘દુઆ-એ-મશ્લૂલ’ ની ફઝીલતમાં નોંધવામાં આવી છે.

કહેવાય છે કે એક નવયુવાનનો જમણો હાથ તેના પિતાની બદદુઆને કારણે ખોટો પડી ગયો હતો. તે યુવાન, તેના પિતાના ઇન્તકાલ પછી સતત ત્રણ વર્ષ સૂધી મસ્જીદુલ હરામમાં આખી રાત સુધી બારગાહે ઇલાહીમાં ગળગળો થઈને આજીઝી પૂર્વક દુઆઓ કરતો હતો. એક દિવસ મૌલાએ મુત્તકીયાન હઝરત

અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામને તેની યુવાની પર દયા આવી. તેથી આપે તેને એક દુઆ પડવાની તાલીમ આપી તે દુઆની બરકતથી તે યુવાનને પુન:તંદુરસ્તી પ્રાપ્ય થઈ હતી.

**માતા સાથેનો સદ્વ્યવહાર સૌથી શ્રેષ્ઠ છે :-**

માતા સાથે નેકી કરવાની ફઝીલત વધારે છે. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે સતત ત્રણ વખત તાકીદ પૂર્વક માં સાથે સારો વ્યવહાર

કરવાનો હુકમ આપ્યો છે અને ચોથી વખત પિતા સાથે સદ્વર્તનનો હુકમ આપ્યો છે. આપને પૂછવામાં આવ્યું કે, 'મા-બાપમાં (સંતાન ઉપર) કોનો હક વધારે છે?'

આપે જવાબમાં ફરમાવ્યું : 'શું માતા એ હસ્તી નથી જેણે કેટલાય સમય સુધી તારો ભાર પેટમાં ઉંચક્યો અને ત્યાર પછી પ્રસુતિની પીડા વેઠી?' અને પોતાની છાતીમાંથી તારા માટે ખોરાક (દૂધ) ઉપ્લબ્ધ કરાવ્યું! એટલે માતાનો હક સૌથી વધારે છે.' (મુસ્તદરક - ૬૨૮)

**મા-બાપના હક :-**

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને કોઈએ સવાલ કર્યો કે ‘બાપનો હક શું છે?’ આપે જવાબ આપ્યો : ‘જ્યાં સુધી તે (બાપ) જીવતો હોય ત્યાં સુધી તેની ઇતાઅત કરવી.’ પછી પૂછવામાં આવ્યું કે ‘મા નો હક શું છે?’

ફરમાવ્યું : ‘રણની રેતીના તમામ કણ અને વરસાદના તમામ બિંદુઓ જેટલી સંખ્યામાં માતાની ખિદમત કરવામાં આવે તો પણ માતાના પેટમાં એક દિવસ

રહેવાનો હક અદા થઈ શક્તો નથી.' (મુસ્તદરક)

**એક યુવાન અને તેની અપંગ માતા :-**

રિવાયતમાં છે કે એક માણસ આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી : 'યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મારી માતા હાથ પગથી અપંગ છે. તે પોતાની મેળે જરાય હાલી ચાલી શક્તી નથી. હું તેણીને મારી પીઠ ઉપર ઉઠાવું છું, તેના મોઢામાં કોળિયા

દઈને ખવડાવું છું, તેની ગંદકીને સાફ અને પાક કરૂં છું. આ બધું કરવા પછી શું તેનો હક અદા કર્યો ગણાશે?'

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : 'ના, કારણ કે તું તેણીના પેટમાં ઘણાં સમય સુધી રહ્યો છે, તેના શરીરમાંથી ખોરાક મેળવ્યો છે, તેણીના હાથનો સતત તારી સુરક્ષા માટે ઉપયોગ થયો છે. અને આ બધી તકલીફો ઉપાડયા પછી પણ તે તારી ઉમ્ર લાંબી થાય તે માટે દુઆ કરતી રહી છે, પરંતુ

તારી ઇચ્છા એ છે કે તેણી આ દુનિયાથી રૂખ્સત થાય, જેથી તું તેની ચિંતાથી મુકત થઈ જા.’

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે માતાની મહાનતા વર્ણવતા ફરમાવ્યું :-

‘જો તમે મુસ્તહબ્બી (સુન્નેત) નમાઝ પડતા હો અને તમારા પિતા બોલાવે તો (સુન્નવત) નમાઝને તોડતા નહીં, પણ માતા આવીને બોલાવે તો નમાઝને છોડી દેજો.’

જી હાં, માતાની અઝમત અને ઇઝઝત બહુ જ છે. આ વિશે હઝરત ખાતેમુલ અંબિયા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ઇરશાદ ફરમાવ્યું :

"જન્નતની શોધમાં દૂર જવાની જરૂર નથી, જન્નત તો માના પગ નીચે મૌજૂદ છે."

**મા-બાપ મુસલમાન હોય કે કાફિર નેકી કરો :-**

મા-બાપ મોઅમિન અને ઇબાદતગુઝાર હોય કે કાફિર અને ખતાકાર હોય, કોઈ

ભેદભાવ વગર તેમની સાથે નેકી કરવી વાજીબ છે. અને તેમનું આક (તિરસ્કૃત) થવું હરામ છે. જેમકે સૂ. લુકમાનની પંદરમી આયતમાં ઇરશાદ થાય છે-

"જો તારા મા-બાપ તને એ વાત માટે મજબૂર કરે કે જેની તને કંઈ માહિતી ન હોય, તે વસ્તુને મારી શરીક બનાવ તો (એ બાબતમાં) તેમની એ આજ્ઞા ન માન. (પણ તેમને તકલીફ ન પહોંચાડ) અને દુનિયાના કામોમાં તેઓને સારી રીતે (ભલાઈથી) સાથ આપ. (જે શરીઅતે

મુતહરરાની નજરોમાં પસંદ કરવા લાયક રહેમો કરમને પાત્ર છે.)” (૩૧-૧૫)

**સુન્ની મા-બાપ માટે દુઆ :-**

મોઅમ્મર બિન ખલ્લાદે હઝરત ઈમામ રઝા અલય્હિસ્સલામને પૂછયું કે ‘શું મારા મા-બાપ હકની પૈરવી કરનાર અને શીઆ ન હોય છતાં તેમના હકમાં દુઆ કરવી જાએઝ છે?’

આપે ફરમાવ્યું : ‘હા, જો ઇન્તકાલ પામી ગયા હોય તો તેમના હકમાં દુઆ કરો, તેમના નામ ઉપર સદકો આપો અને

જીવતા હોય તો તેમને માન આપીને તેમને ખૂશ રાખો.'

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ઇરશાદ ફરમાવ્યું છે :

'અલ્લાહ તઆલાએ મને રહમતુલ લિલ આલમીન બનાવીને મોકલ્યા છે, પણ આક (થએલાઓ) માટે નહીં.'

જનાબે જાબિરે કહ્યું કે મેં કોઈ પાસેથી સાંભળ્યું છે કે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને એક માણસે પૂછયું, મારા માતા પિતા હકના વિરોધી છે.

એટલે કે શીઆએ એહલેબૈત અલય્હેમુસ્સલામ નથી, આપે જવાબ આપ્યો, અમારા શીઆઓ સાથે કરતા હો, એવી જ નેકી તેમના હકમાં કરજો.’ (ઉસૂલે કાફી)

ત્રણ વસ્તુઓમાં મોઅમિન અને કાફિર સરખા છે :-

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામે ફરમાવ્યું :

ત્રણ વસ્તુઓમાં અલ્લાહે બધાને સરખાં ગણાવ્યા છે.

પહેલું :- અમાનત પરત કરવી, ભલે પછી તેનો માલિક મોઅમિન હોય કે કાફિર હોય.

બીજું :- વાયદાનું પાલન કરવું, ભલે પછી વાયદો મોઅમિન સાથે કરવામાં આવ્યો હોય કે કાફિર સાથે.

ત્રીજું :- મા-બાપ સાથે નેકી કરવી, મા-બાપ મોઅમિન હોય કે કાફિર.

હઝરત ઈમામ રઝા અલયહિસ્સલામે મામૂનને સંબોધીને એક પત્ર લખ્યો હતો. જેમાં શરીઅતે ઇસ્લામીનો ઉલ્લેખ થયો

હતો. તેની સાથે નીચેના વિષયનું લખાણ પણ હતું -

“વાલેદૈન સાથે નેક વર્તાવ કરવો વાજીબ છે. ભલે પછી તે બંને મુશ્રીનક હોય. અલબત્ત જયારે તે ઇતાઅતે ખાલિક (ખુદા)ની નાફરમાનીનું કારણ બનતી હોય ત્યારે વાલેદૈનની ઇતાઅત વાજીબ થતી નથી.”

ઝકરીયા બિન ઇબ્રાહીમને સાદિકે આલે મોહમ્મદ અલય્હિસ્સલામની નસીહત :-

ઇબ્રાહીમનો ફરઝંદ ઝકરીયા નસ્રોની હતો. જે પછીથી મુસલમાન થઈ ગયો હતો. તે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ઝિયારતથી મુશર્રફ થયો. અને આપ સમક્ષ અર્ઝ કરી : ‘મારી માતા નસ્રાતની અને અંધ છે. તેણી ખૂબ જ વૃધ્ધ છે.’ આપે ફરમાવ્યું :

‘મા ની ખિદમત કર અને તેમની સાથે સુલુકાઈ અને માયાળુપણે વર્ત. તેણીનો ઇન્તેકાલ થઈ જાય તો તેનો જનાઝો (મૃતદેહ) બીજા કોઈને હવાલે નહીં કરી

દેતા. પરંતુ તમે પોતે જ તેના ગુસ્લ કફન સાથે અંતિમ ક્રિયા કરજો.

ઈમામની નસીહતમાં ભવિષ્યમાં બનનારી બે બાબતો પ્રત્યેનો ઇશારો કરવામાં આવ્યો હતો. એક તેની માતાની વફાત અને બીજી તેની માતાનું નસ્રાહનીમાંથી મુસલમાન થઈ જવું

પોતાના વતન કૂફા પહોંચ્યા પછી ઝકિરયાએ તેની માતા સાથે ખૂબ જ હમદર્દી અને પ્રેમાળ વર્તન કરવાનું શરૂ કર્યું. એટલે સુધી કે તે પોતાની માતાના

મોમાં કોળિયા મૂકીને જમાડતો તેને નવડાવતો, ધોવડાવતો, કપડા બદલાવતો. ટૂંકમાં તેની માતાની બધી રીતે ખિદમત કરવા લાગ્યો. પોતાના પુત્રમાં થએલા આ પરિવર્તનને જોઈને તેની માતાએ પૂછયું : ‘બેટા, તું નસ્રાૅની હતો, ત્યારે તો આ રીતે મારી ખિદમત કરતો ન હતો. હવે દિવસ રાત મારી ખિદમત કરવા માંડયો છે તેની પાછળનું રહસ્ય શું છે ?’

ઝકરીયાએ જવાબ આપ્યો : ‘અય મારી મા, મારા એક મૌલા છે, જે હઝરત રસૂલે

ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના ફરઝંદ છે, તેઓએ મને તારી આ રીતે ખિદમત કરવાની નસીહત આપી છે.’

માએ પૂછયું : ‘શું તેઓ પયગમ્બર છે ?’

ઝકરીયાએ કહ્યું : ‘ના, તેઓ પયગમ્બર નથી, પણ પયગમ્બરના ફરઝંદ છે.’

માએ કહ્યું : ‘એ બેટા એવા શખ્સ તો પયગમ્બર જ હોવા જોઈએ. કેમકે આવી નસીહત અને હિદાયત તો ફકત અંબિયાએ કિરામ જ આપતા હોય છે.’

ઝકરીયાએ કહ્યું : ‘પયગમ્બરે ઇસ્લામ હઝરત મોહમ્મદ બિન અબ્દુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઉપર નબુવ્વતનો ક્રમ પૂરો થઈ ગયો છે. તેઓ ખાતેમુલ અંબિયા છે. પરંતુ મને નસીહત કરનાર ફરઝંદે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસ્સલમ છે.’ તેની માતા બોલી ઉઠી, અય બેટા, તમામ મઝહબોમાં મઝહબે ઇસ્લામ શ્રેષ્ઠ છે. જેને તેં અપનાવ્યો છે, તે મઝહબની

તાલીમ મને પણ આપ. જેથી હું પણ મુસલમાન થઈ જાઉં.'

ત્યાર પછી ઝકરીયાએ તેની માતાને શહાદતૈન અને તમામ અકાએદે હકની તાલીમ આપી. ત્યાર પછી તેની માતાએ નમાઝે ઝોહરૈન અને મગરેબૈન અદા કરી. તે જ રાતે તેની ઉપર મૌતના ચિહ્નો દેખાવા લાગ્યા. તેણી પોતાના ફરઝંદ ઝકિરયાને કહેવા લાગી. તેં મને જે બાબતોની તાલીમ આપી હતી તે બાબતો મને ફરીથી શીખવ.' ઝકરીયાએ તે

અકાએદની બાબતો ફરીથી કહેવી શરૂ કરી. તે સ્ત્રી એ વાતો સાંભળવા લાગી અને તે જ હાલતમાં રહેલત કરી ગઈ.

**મા-બાપની હયાતીમાં અને ઇન્તકાલ પછી નેકી :-**

વાલેદૈનની નાફરમાની કરવી હરામ અને તેમની સાથે નેકી કરવી વાજીબ છે. વાલેદૈન જીવતા હોય કે ઇન્તકાલ કરી ગયા હોય. બંને સ્થિતિમાં આ હુકમ લાગુ પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો

વાલેદૈનના ઇન્તકાલ પછી પણ અવલાદ ઉપર તેમનો હક બાકી રહે છે.

જો વાલેદૈનના ઇન્તકાલ પછી પણ સંતાન તેને ભૂલી જાય, તેમના માટે કારે ખૈર (નેકીના કાર્યો) બજાવી ન લાવે, તો એ સંજોગોમાં પણ તેવા સંતાન 'આકે વાલેદૈન' ગણાશે. ભલે પછી એ સંતાન તેમના વાલેદૈન જીવતા હોય ત્યારે તેમની જિંદગીના અંત સુધી તેમની ખિદમત (સેવા ચાકરી) કરતા રહ્યાં હોય, છતાં મા-

બાપના મર્યા પછી તેમને ભૂલી જનાર ‘આક’ ગણાય છે.

**મા-બાપના ઇન્તકાલ પછીના હક :-**

પહેલું :- મા-બાપે તેમની હયાતીમાં જે વાજિબાત અદા કરી ન હોય તે અદા કરવી. જેમકે નમાઝ, રોઝા, હજ અને તેમના કર્ઝની અદાયગી વગેરે.

બીજું :- મા-બાપની વસીયત પર અમલ કરવો.

ત્રીજું :- મા-બાપની મગ્ફેરત અને બક્ષીસ માટેના વિવિધ અમલ બજાવી લાવવા.

તેમના તરફથી સદકો આપવો. કારે ખૈર (ભલાઈના કાર્યો) બજાવવા, મુસ્તહબ કાર્યો કરવા. સંક્ષિપ્તમાં શક્ય હોય તેટલા વધુમાં વધુ આખેરત માટેના હદીયા તેમના વતી મોકલવાના પ્રયત્નો કરવા.

**મા-બાપની વફાત પછી પણ 'આક' થવાય છે :-**

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામથી રિવાયત છે :

'બેશક, જો કોઈ બંદો તેના મા-બાપની હયાતીમાં તો નેક રહે અને જયારે તે બંને

ઇન્તકાલ કરી જાય, પછી તેને ભૂલી જાય અને તેના કર્ઝને અદા ન કરે, અને ન તો એમના માટે મગ્ફેરત અને રહેમત ચાહે, તો અલ્લાહ તઆલા તેના નામએ આમાલમાં તેના માટે ‘આકે-વાલેદૈન’ હોવાની નોંધ કરશે. અને તેનાથી ઉલ્ટું જો કોઈ બંદો તેના મા-બાપની હયાતીમાં ‘મા-બાપ દ્વારા આક થએલો’ હોય, પણ તેમના ઇન્તકાલ પછી તેમનું કર્ઝ અદા કરે અને તેમના માટે મગ્ફેરત અને બક્ષીસ ચાહે, તો અલ્લાહ તઆલા તે બંદાનું નામ વાલેદૈન

સાથે નેકી કરનારાઓની યાદીમાં નોંધશે. (ઉસૂલે કાફી)

**અમલ એક સવાબ અનેક :-**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : 'તમારા વાલેદૈનની હયાતી અને મૌત પછી (તેમના ઇન્તકાલ પછી) તેઓની ખિદમત કરતા તમને શું મુશ્કેલી નડે છે ?'

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ વાલેદૈનના ઇન્તકાલ પછી તેમની સાથે નેકી કરવાનો હુકમ આપે છે.

અને ઇરશાદ ફરમાવે છે : ‘તેમની નમાઝ પડો, (એટલે કે તેમની કઝા નમાઝ તમે પોતે પડો) અથવા ઉજરત (મહેનતાણું) આપીને પડાવો. જો તેમની કોઈ કઝા નમાઝ બાકી ન હોય તો તેમના વતી નવાફિલ (સુન્નફત) નમાઝો પડો અથવા (ઉજરત આપીને પડાવો) તેમના તરફથી સદકો આપો. તેમના કઝા રોઝા રાખો, તેમના વતી હજ કરો. તમે તેમના માટે જે કાંઈ નેક અમલ કરશો તેનો સવાબ બંનેને મળશે.’

આ ઉપરાંત વાલેદૈનના હકમાં નેકી કરવાનો બદલો બમણો મળશે. એક સવાબ તમારો પોતાનો અમલ બજાવવાના બદલામાં અને બીજો સવાબ વાલેદૈનના હકમાં નેકી કરવાના બદલામાં મળશે.

**મા-બાપ માટે દુઆ અને ઇસ્તગ્ફાર :-**

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત છે કે એક શખ્સ આપની ખિદમતમાં હાજર થયો અને પૂછયું કે શું મા-બાપના ઇન્તકાલ પછી

પણ મારી ઉપર તેમના કોઈ હક બાકી રહે છે ખરા ? આપે જવાબ આપ્યો :-

'હા, મા-બાપ માટે નમાઝ પડો, ઇસ્તગ્ફાર કરો અને તેમના દોસ્તોનું માન જાળવો, અને તેમના સગા સંબંધીઓ સાથે નેક વર્તણુંક રાખો.' (કાફી)

**જ્યાં મા-બાપની ઇતાઅત વાજીબ થાય છે :-**

વાજિબાતે અયની માટે અલ્લાહે આપેલ હુકમોની સરખામણીમાં મા-બાપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું ગુનોહ નથી.

દાખલા તરીકે મા-બાપ શરાબ પીવાનો હુકમ આપે અથવા તો વાજીબ નમાઝ અને રોઝા અદા કરવાથી રોકે, તો તેવા સંજોગોમાં મા-બાપના હુકમનું પાલન કરવાની શરીઅતે ઇસ્લામે મનાઈ ફરમાવી છે.

સૂરએ લુકમાનની પંદરમી આયતમાં આ બાબતનું વિવરણ કરવામાં આવ્યું છે.

"જો તમારા મા-બાપ તમને એ વાત માટે મજબૂર કરે કે તમે મારી સાથે કોઈ વસ્તુને શરીક કરો, જેના વિશે તમે કંઈ

જાણતા ન હો તો (તે બાબતમાં) તેઓની (મા-બાપની) આજ્ઞા માનો નહીં.”

નીચેની હદીસ કુરઆને મજીદમાં ઉપરોકત આયતનું સમર્થન કરે છે -

‘જે વાતમાં ખુદા (ખાલિકની નાફરમાની થતી હોય, તેમાં લોકો (મખ્લૂક)ની ઇતાઅત જાએઝ થતી નથી.’ (બેહારૂલ અન્વાર)

ઉપરની બંને બાબતો સિવાય તમામ સુન્નરત, મકરૂહ અને મુબાહ બાબતો તેમજ વાજિબે કિફાઈના અમલ માટે મા-બાપની

મરજીને ધ્યાનમાં રાખવી જરૂરી છે. જો આ અમલ મા-બાપની નારાઝગી માટે કારણરૂપ બનતો હોય, અથવા તેમને તકલીફ થતી હોય, તો તેનો વિરોધ કરવો હરામ અને ગુનાહે કબીરા થશે અને એવા વિરોધને ‘આક’ કહેવાય છે.

જેમકે પુત્ર મુસાફરીમાં જવા માંગતો હોય, પરંતુ મા-બાપ જાન કે માલના જોખમના કારણે અથવા પૂત્ર સાથેની અનહદ મોહબ્બતના કારણે તેની જુદાઈ સહન કરી શકે તેમ ન હોય તેથી તેને પ્રવાસમાં

જવાની પરવાનગી ન આપે છતાં મા-બાપની પરવાનગી વગર પુત્ર મુસાફરીમાં ચાલ્યો જાય, તો પુત્રની તે મુસાફરી ગુનોહ ગણાશે અને તેવી મુસાફરી હરામ છે.

એવી મુસાફરીમાં નમાઝ પૂરી પડવી પડશે અને (માહે મુબારકે રમઝાન હોય તો) રોઝા પણ રાખવા પડશે.

સંક્ષિપ્તમાં જે સફર મા-બાપ માટે મુશ્કેલી, દુ:ખ કે તકલીફનું કારણ બનતી હોય તે હરામ છે.

પરંતુ મા-બાપના એવા હુકમો જેનું પાલન કરવું સંતાનો માટે અસહ્ય હોય અથવા તેનાથી દીની કે દુન્યવી નુકસાન થતું હોય, જેમકે સંતાન માટે લગ્ન કર્યા વગર જીવવું મુશ્કેલ હોય અને મા-બાપ લગ્ન કરવાની મનાઈ કરતા હોય, અથવા તો લગ્ન કરવામાં રૂકાવટ ઊભી કરતા હોય અથવા તો મા-બાપ પોતાના પુત્રને તેની પત્નિને તલ્લાક આપી દેવાનું દબાણ કરતા હોય. ખરેખર તલ્લાક આપવી પતિ-પત્નિ બંને માટે નુકસાન રૂપ હોય, તો

આવા સંજોગોમાં મા-બાપની ઇતાઅત કરવી વાજીબ નથી. પરંતુ એવા કાર્યો જેમાં મા-બાપ તેમનો વિરોધ હોવા છતાં નારાજ ન થતા હોય અને તેમને કોઈ તકલીફ પણ થતી ન હોય, તો તેવા સંજોગોમાં મા-બાપનો વિરોધ કરવો હરામ અથવા મા-બાપની ઇતાઅત કરવી વાજીબ થતી હોય તેવું મારી જાણમાં નથી. આમ છતાં, વધારે સારૂં બલ્કે એહતિયાત એ છે કે શક્ય હોય ત્યાં સુધી મા-બાપના તમામ હુકમોનું પાલન કરવું જોઈએ.

તેમનો વિરોધ કરવાથી દૂર રહેવું જોઈએ. ખાસ કરીને જયારે મા-બાપ સંતાનના ઉજ્જવળ ભવિષ્ય અને ફાયદાને ધ્યાનમાં રાખીને હુકમ આપતા હોય અને તેવા હુકમમાં મા-બાપનો અંગત સ્વાર્થ સમાએલો ન હોય ત્યારે તેમના હુકમનું પાલન કરવું જરૂરી છે.

**માતા અને પિતાના હુકમ અને નિષેધમાં વિસંવાદ :-**

જયારે પણ માતા અને પિતાના હુકમોમાં વિરોધાભાસ જોવા મળે, જેમકે પિતા કહેતા

હોય કે ફલાણું કામ કર અને માતા કહેતી હોય કે તે કામ નહીં કરજે, તો તેવા સંજોગોમાં એ બંને રાઝી રહે તેવો પ્રયત્ન કરવો જોઈએ. અને જો બંને રાઝી રહી શકે તેમ ન હોય, તો માતાના હુકમને પ્રાથમિકતા આપવી જોઈએ. આદીકાળથી ઇન્સાન પર માતાના હકને અગ્રતા આપવામાં આવી છે. કારણ કે માતા ગર્ભ, પ્રસુતિ અને દૂધ પીવડાવવાની જવાબદારી ઉઠાવે છે. તેથી માતાને વધારે તકલીફ સહન કરવાની હોય છે.

માતા સાથે નેકી કરવાનો હક એ માટે પણ વધુ છે કેમકે સ્ત્રીઓ કુદરતી રીતે જ જન્મથી પુરૂષોના પ્રમાણમાં વધુ સંવેદનશીલ હોય છે. માતા પોતાના સંતાનની તકલીફ જોઈને દુ:ખી થઈને તડપી ઉઠે છે. અને ક્યારેક તો પોતાની સંતાન પ્રત્યેની મોહબ્બતને કારણે બેકાબુ થઈ જતી હોય છે.

આનાથી વિરૂધ્ધ પિતાની અકલ અને હોશો હવાસ મજબુત અને સ્વભાવ ગંભીર હોય છે. પિતાને પોતાના સંતાનની તકલીફોની

અસર પ્રમાણમાં ઓછી થાય છે. પિતાને એ વાતની જાણકારી હોય છે કે તેના સંતાનનો વિરોધ અંગત દુશ્મનીને લીધે નહીં, પણ માતાની તરફદારીને લીધે છે. અને તેથી જ પોતાનો વિરોધ થવાથી નારાજ થતો નથી.

**કેટલાક કાર્યોમાં મા-બાપની પરવાનગી જરૂરી છે :-**

ઇસ્લામની પવિત્ર શરીઅત મુજબ સંતાનોએ કેટલાક કાર્યો માટે મા-બાપ બંનેની અથવા કોઈ એકની પરવાનગી

પ્રાપ્ત કરવી જરૂરી છે. જેમકે વાજિબે કિફાઈના કાર્યમાં, જેહાદ અથવા મુસ્તહબ કાર્યોમાં, મુસ્તહબ્બી રોઝા રાખવા માટે અથવા કેટલાક કાર્યો, જેમકે અહદ, કસમ અને નઝર બજાવી લાવવા માટે તેમની રજા લેવી જરૂરી છે.

શહીદે અવ્વલ અલયહિર રહમાએ તેમની કિતાબ કવાએદમાં હુકુકે વાલેદૈન વર્ણવતા દસ બાબતો લખી છે. આ વિષયના અંતમાં એ દસ બાબતોનો ઉલ્લેખ કરવો યોગ્ય ગણાશે.

**સંતાનની મુસાફરી વિશે શહીદનું કથન:**

(૧) વાલેદૈનની રજા વગર મુબાહ અને મુસ્તહબ સફર કરવી જાએઝ નથી. પરંતુ વેપાર માટે કરવામાં આવતી સફર જે ફાયદો મેળવવા માટે કરવામાં આવે, અથવા જે સ્થળે વાલેદૈન રહેતા હોય ત્યાં ઇલ્મ પ્રાપ્ત કરવાની સુવિધા અને શક્યતા ન હોય, તો ઇલ્મ પ્રાપ્તિ માટે સફર કરવામાં આવે તે સફરને ફોકહા જાએઝ માને છે.

નોંધ :- સંતાનની જે સફર મા-બાપ માટે તકલીફરૂપ બને તેવી સફર કરવી હરામ છે. તેવી સફર કરનારે નમાઝ (કસ્રને બદલે) પૂરી પડવી પડે અને (માહે મુબારક હોય તો) રોઝા પણ રાખવા પડે. સંતાન માટે જે સફર વાજીબ હોય અને તેના મા-બાપ તે સફરમાં જવાથી રોકે છતાં સફરમાં જાય, જેમકે વાજીબ હજની સફર હોય તો નમાઝ કસ્ર પડે.

(૨) કેટલાક ફોકહાનું માનવું છે કે બધી જગ્યા અને બધા સંજોગોમાં ફરઝંદે મા-

બાપની ઇતાઅત કરવી વાજીબ છે. ભલે પછી તેમાં શંકા અને સંદેહ હોય, જેમકે વાલેદૈન પોતાની સાથે જમવાનો હુકમ આપે અને ફરઝંદને તે ખાણામાં સંદેહ હોય તો પણ મા-બાપની ઇતાઅત માટે તેણે મા-બાપ સાથે જમવું વાજીબ છે અને સંદેહને અવગણવો મુસ્તહબ છે.

(3) જયારે નમાઝનો અવ્વલે વક્ત થયો હોય અને મા-બાપ કોઈ કામ કરવાનો હુકમ આપે ત્યારે મા-બાપની ઇતાઅતને અગ્રતા આપવી જોઈએ. કેમકે અવ્વલે

વક્તમાં નમાઝ પડવી મુસ્તહબ છે, પણ ઇતાઅતે વાલેદૈન વાજીબ છે.

**નમાઝે જમાઅતથી રોકવું :-**

(૪) વાલેદૈન પોતાના ફરઝંદને નમાઝે જમાઅત પડવા માટે જતો રોકે નહીં, તે વધારે સારૂં છે. ફરઝંદ નમાઝે જમાઅતમાં શિરકત કરે તે મા-બાપ માટે તકલીફ રૂપ બનતું હોય, અથવા જો ફરઝંદ નમાઝે ઈશા કે નમાઝે સુબ્હ મસ્જિદમાં જમાઅત સાથે પડવા જાય અને વાલેદૈનને એકલા રહેવાનો, પોતાના જાન માલનો કે

અવલાદની જાતનો ખૌફ હોય, તો તે સંજોગોમાં વાલેદૈન ફરઝંદને રોકી શકે છે.

(૫) જો ફરઝંદ માટે જેહાદની સફર વાજિબે ઐની ન હોય, તો મા-બાપ ફરઝંદને તેવી સફરમાં જવાની મનાઈ કરી શકે છે.

(૬) જે વાજિબે કિફાઈ બીજા લોકો બજાવી લાવશે તેવી ધારણા કે ખાત્રી હોય, તો (માત્ર તેવા સંજોગોમાં) તમામ વાજિબે કિફાઈ માટે મા-બાપ પોતાના સંતાન (પૂત્ર કે પૂત્રી)ને રોકી શકે છે.

(૭) કેટલાક ફોકહા કહે છે કે ‘સંતાન મુસ્તહબ નમાઝ પડવામાં મશ્ગુલ હોય અને વાલેદૈન (મા-બાપ બંને) તેને બોલાવે તો તે (સુન્નોત) નમાઝ તોડી શકે છે.’

(૮) મુસ્તહબ રોઝા રાખવા માટે પિતા રજા ન આપે, તો સંતાન તે રોઝા રાખી શકતા નથી.

(૯) કસમ અને અહદના કાર્યો માટે મા-બાપ રજા ન આપે, તો છોડી દેવા જોઈએ.

(૧૦) સંતાન માટે એ વાજીબ છે કે તે પોતાના મા-બાપને કોઈ પ્રકારની તકલીફ પહોંચાડે નહીં. મા-બાપને કોઈ બીજું તકલીફ પહોંચાડવાનો ઇરાદો કરે, તો પોતાની શક્તિ અને તાકાત મુજબ મા-બાપનું રક્ષણ કરે.

**મા-બાપનો આદર :-**

મા-બાપનો હક અદા કરવાની સાથો સાથ તેમની ઇઝઝત કરવાની પણ ખૂબ જ તાકીદ કરવામાં આવી છે. આ બારામાં

એહલેબૈતે અત્હાર અલયહેમુસ્સલામની ઘણી રિવાયતો જોવા મળે છે. જેમકે :

(૧) વાલેદૈનને બુમ પાડવી હોય ત્યારે તેમને તેમનું નામ લઈને સંબોધવા ન જોઈએ, પરંતુ તેમના લકબ કે કુન્નીુયત વગેરેથી સંબોધવા જોઈએ.

(૨) માર્ગમાં સાથે ચાલતી વખતે વાલેદૈનની આગળ અને તેમની પહેલા ચાલવું ન જોઈએ.

(3) દસ્તરખાન (સૂફરા-ડાઈનીંગ ટેબલ) પર વાલેદૈનની સાથે જમતી વખતે તેમની

પહેલા (ખાણું લેવા માટે) હાથ લંબાવવો ન જોઈએ.

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામ ફરમાવતા હતા કે, ‘હું એ વાતથી ડરૂં છું કે જે કોળિયો મારી માતા લેવા માંગતા હોય અને મારો હાથ તે કોળિયો લેવા આગળ વધે જો એવું થાય તો એથી મારી માતાનો આદર અને માન જળવાશે નહીં.’

(૪) કોઈ મજલિસમાં વાલેદૈનથી મૂખ ફેરવીને ન બેસવું જોઈએ.

(૫) વાતચીત દરમ્યાન વાલેદૈનના અવાજ કરતા સંતાનનો અવાજ બુલંદ થવો ન જોઈએ.

(૬) સંતાને એવા કોઈ કામ ન કરવા જોઈએ જેના કારણે લોકો વાલેદૈનની ટીકા કરે અને તેમની ઉપર ધિક્કાર-ફીટકાર વરસાવે. એટલે કે સંતાનને કારણે મા-બાપને લોકો જેમ તેમ કહે, તેવા કામ સંતાનોએ કરવા ન જોઈએ.

(૭) હઝરત ઈમામ સજ્જાદ અલયહિસ્સલામે રસ્તામાં એક છોકરાને

જોયો. જે તેના પિતાનો હાથ પકડીને તેનો ટેકો લઈને ચાલી રહ્યો હતો. આપ તે છોકરાથી નારાજ થયા અને જીવનના અંત સુધી તે છોકરા સાથે વાત સુધ્ધાં પણ ન કરી. (કાફી)

અત્રે એ વાની સ્પષ્ટતા કરવી ઘટે કે વાલેદૈનના હકમાં નેકી વિશે જે કાંઈ બયાન થયું છે, તે વિશે ફોકહાનું માનવું છે કે, 'વાલેદૈન સાથે સંપૂર્ણ નેકી ત્યારે જ થઈ ગણાશે જયારે વાલેદૈન સાથે એવું વર્તન

કરવામાં આવે જેનાથી તેમના દિલને કોઈ પણ પ્રકારનું દુ:ખ ન પહોંચે.’

દાખલા તરીકે :-

(૧) તેમના નિશ્ચિત ખર્ચની રકમ નિયત સમયમાં ન આપવી જેથી તેઓ માંગણી કરવા માટે મજબૂર થાય.

(૨) સંતાન પોતાને ત્યાં કોઈ દાવત વગેરેનો કાર્યક્રમ યોજે ત્યારે બીજાઓની સાથે વાલેદૈનને પધ્ધતિસરનું આમંત્રણ ન આપે.

(૩) કોઈ પ્રવાસમાંથી પાછા ફરતી વખતે બીજાઓની સાથે તેમને ભેટ સોગાદ ન આપવી.

ઉપર મુજબની નેકી કરવાનું છોડી દેવું હરામ છે. અલબત એવા કાર્યો જેનાથી વાલેદૈન નારાઝ થતા ન હોય તેની હુરમત (મનાઈ)ની જાણ નથી.

અલબત વાલેદૈનના આદર-સન્માન વિશે ઉપર જે કાંઈ વર્ણન થયું છે તે ઓલમાંએ ઉઝઝામના મતે સંપૂર્ણ નથી. પરંતુ એવા બધા કાર્યો જે કરવાથી કે ન કરવાથી

વાલેદૈનના દિલમાં દુ:ખ પૈદા થતું હોય તે સઘળા કાર્યો વાલેદૈનના અનાદર કે અપમાન કરવા સમાન છે. જેમકે વાલેદૈનનું અપમાન અને તિરસ્કાર કરવાની નિય્યતથી તેમનાથી મૂખ ફેરવીને બેસવું. તેમના અવાજ કરતા મોટા અવાજે બોલવું, રસ્તામાં સાથે ચાલતી વખતે તેમનાથી આગળ નિકળી જવું, આ બધા કાર્યો હરામ છે.

પરંતુ જો વાલેદૈનના અપમાન અને તિરસ્કારની નિય્યત વગર કયારેક તેમનું

આદર અને સન્માન જાળવી ન શકાય અને એ કારણે વાલેદૈન નારાઝ પણ થતા ન હોય, તો એવા અનાદર કે અપમાનની હુરમત (મનાઈ) બાબત અમો જાણતા નથી. તેમ છતાં દરેક રીતે વાલેદૈનનો આદર અને સન્માન કરવું મુસ્તબહબ્બતા (સુન્નદત કાર્યો)માં ગણવામાં આવ્યું છે.

**સંતાનોના હક જે મા-બાપ ઉપર વાજીબ છે :-**

જે રીતે સંતાનો માટે મા-બાપના આદર - સન્માન જાળવી તેમની સાથે વિનય,

વિવેક ભર્યું વર્તન રાખવું વાજીબ છે. તેવી જ રીતે મા-બાપ ઉપર પણ સંતાનોના કેટલાક હક્કો અદા કરવાની જવાબદારી મુકવામાં આવી છે. અને આ હક્કો અદા કરવા મા-બાપ માટે વાજીબ છે. જો બાપ તેમના હક્કો અદા ન કરે, તો તેઓએ સંતાનો સાથે લાગણી મમતા અને પ્યાર કરવાનું છોડી દીધું ગણાશે. ઇન્સાન માટે પોતાના મા-બાપ પછી પોતાના સંતાન પર રહેમ કરવાની સૌથી મોટી ફરજ છે.

અને કત્એી રહમ (રહેમ ન કરવો) મોટો ગુનોહ છે. જેનો ઉલ્લેખ આગળ આવશે.

જેમ મા-બાપનો હક અદા ન કરનાર સંતાન મા-બાપનો 'આક' (તિરસ્કૃત) થઈ જાય છે. તેવી જ રીતે સંતાનોના હક અદા ન કરનાર મા-બાપને પણ 'આક' જેવી મુશ્કેલી અને સમસ્યાનો સામનો કરવો પડે છે.

મા-બાપ પોતાના સંતાનોને અસહ્ય મુશ્કેલ કામ કરવાની જવાબદારી ન સોંપે. બીજા શબ્દોમાં કહીએ તો મા-બાપ એના

સંતાનોને એવા અઘરાં અને મુશ્કેલ કામ ન સોંપે કે જેથી તે મા-બાપના હુકમની અવગણના કરે, જેના પરિણામે મા-બાપ તેને ‘આક’ કરવાની હદ સુધી પહોંચી જાય.

સંતાનનું ચારિત્ર અને વ્યક્તિત્વ સુધારવા માટે તેમની સતત ટીકા-ટીપ્પણ કરવા કે ધાક ધમકી આપ્યા કરવાના ફળ સ્વરૂપે સંતાન મા-બાપનો આદર સન્માન છોડી દે તેવું બનશે. મા-બાપ તથા સંતાન વચ્ચે

નફરત-ઘૃણા પણ પૈદા થશે. અને છેવટે વાત આક કરવા સુધી પહોંચી જાય છે !

તેવી જ રીતે સંતાનોને મોહબ્બત કરવાનું છોડી દેવાની પ્રતિક્રિયા રૂપે સંતાન પણ મા-બાપને ચાહતા નથી. પરિણામે બંને ગુનાહે કબીરામાં ફસાય જાય છે. આ સંદર્ભમાં હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ઇરશાદ ફરમાવ્યું :

"જે રીતે સંતાન મા-બાપના હક અદા ન કરવાને લીધે 'આક' થઈ જાય છે તેવી

રીતે મા-બાપ પણ સંતાનના હક અદા ન કરતા 'આક' થઈ શકે છે."

દેખીતી રીતે, જે મા-બાપ પોતાના સંતાનને આદર-સન્માનની તાલીમ ન આપે અને તેની તરબીયત થાય એવી સુવિધા ન પૂરી પાડે તો તે કાફર છે. ટૂંકમાં મા-બાપ તેમના સંતાનોને ઉદારતા અને માયાળુપણે કાબુમાં રાખે અને 'આક' થઈ જવાની શક્યતાઓથી બચાવવાના પ્રયત્નો કરે તે જરૂરી છે.

જેમકે સંતાનની સામાન્ય ભૂલ અને (લગ્ઝિશ) શરતચૂકને ધ્યાનમાં ન લે. તેમના નાના નાના કામોની પ્રશંસા કરીને, ઉત્તેજન આપે અને સામાન્ય ઇતાઅતને પણ કબૂલ કરીને શુક્રીયા અદા કરે, તેમની સામે સારી ઇચ્છાઓ પ્રદર્શિત કરીને તેમને નેક દુઆ આપે.

ઓલમાએ ઉઝઝામે ફિકહી કિતાબોમાં મા-બાપ પર સંતાનના હક્કો વિશે વિગતવાર મસાઈલ બયાન કર્યા છે. વિષયાંતર થઈ

જવા ન પામે, એ રીતે અત્રે તેનો સારાંશ રજુ કરીએ છીએ.

**સંતાનનું ભરણપોષણ બાપ ઉપર વાજીબ છે :**

સંતાનના જન્મથી લઈને હોશ અને અક્કલ સંભાળીને પોતાના નફા-નુકસાનની વાત સમજી શકે તેટલી ઉમરે પહોંચી અને આત્મ નિર્ભર થાય ત્યાં સુધી તેને ખોરાક, પોશાક, રહેઠાણ વગેરેની સુવિધા આપવી બાપ ઉપર વાજીબ છે. અવલાદ (દિકરી)ના આત્મ નિર્ભર થઈ જવા અથવા

શાદી કરીને પોતાના પતિના ઘરે જાય ત્યાં સુધીનો ખર્ચ અદા કરવાની જવાબદારી પિતા ઉપર રહે છે.

**સંતાનની શાદી કરવા માટે પ્રયત્નો કરવા :**

સંતાનના હક પૈકી એક અગત્યનો હક એ છે કે દિકરો બાલિગ થાય ત્યારે તેના લગ્ન કરાવી દેવા માટે પૂરતા પ્રયત્નો કરવામાં આવે અને દિકરીને સાસરે વળાવવામાં પણ વિલંબ કરવામાં ન આવે. વાલેદૈન દિકરીને યોગ્ય પતિ પસંદ કરતાં રોકી

શકતા નથી. આ બાબતમાં કુરઆને મજીદમાં સ્પષ્ટ ઇરશાદ છે :

"તેમને તેમના (જો તેઓ યોગ્ય રીતે રાઝી થઈ જાય તો) પતિ સાથે નિકાહ કરતા રોકો નહીં. (જયારે બંને પતિ પત્નિ શરીઅત મુજબ સારી રીતે હળી મળી જાય.)" (૨-૨૩૨)

## દીની તાલીમ અને તરબીયત :-

અવલાદના હક્કોમાં ખૂબ જ મહત્વનો હક તેમની તાલીમ અને તરબીયતનો છે.

મા-બાપે તેમના સંતાનને શક્ય હોય તે રીતે ઉસૂલ અને ફુરૂએ દીનથી સારી રીતે પરિચિત કરાવવા જોઈએ. બાળકોને તિલાવતે કુરઆન (સાચી રીતે) કરતા શીખવવું જોઈએ. તેમજ કુરઆને મજીદ 'હિફઝ' (મોઢે યાદ) કરવાની પણ પ્રેરણા આપવી જોઈએ. મા-બાપે સંતાનને આદાબ અને અખ્લાકે શરઈ (શરીઅતે ઇસ્લામે નિશ્ચિત કરેલા સંસ્કાર અને સદગુણના નિયમો) શીખવવા પ્રત્યે પણ બેદરકાર રહેવું ન જોઈએ. ભલે તે માટે

સંતાનો સાથે કડક હાથે કામ પણ લેવું પડે. અલબત, આવી કડકાઈ કરતી વખતે ‘અમ્ર બિલ મઅરૂફ’ અને ‘નહી અનિલ મુન્કર’ ના નિયમો લક્ષમાં રાખવા જરૂરી છે. જેનું વિગતવાર વર્ણન ‘અમ્ર બિલ મઅરૂફ’ અને ‘નહી અનિલ મુનકર’ ના પ્રકરણમાં કરવામાં આવશે.

સંતાનો સાથે મોહબ્બત ભર્યો વ્યવહાર કરવા વિશે ઘણી રિવાયતો મૌજૂદ છે, અત્રે ફકત કેટલીક સંક્ષિપ્તમાં રજૂ કરીએ છીએ.

## સંતાનોને પ્રેમ કરવો :-

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે કે, ‘તમારા સંતાનો સાથે મોહબ્બત કરો અને તેમની ઉપર રહેમ કરો. તેમની સાથે કોઈ વાયદો કરો તો તેને પૂરો કરો, કારણ કે સંતાનોની આશા ફકત મા-બાપ ઉપર જ હોય છે.’

સંતાન સાથે વાયદો કરીને તેને પૂરો કરવામાં ન આવે તો તેના કારણે તેમનામાં નિરાશા ઉત્પન્નવ થાય છે. છેવટે

સંતાનોના, મા-બાપ પ્રત્યે આશાના તંતુઓ તુટી જાય છે. બેશક, અલ્લાહ તઆલા ઔરતો અને બાળકોના દિલ તુટી જવા (નિરાશ થઈ જવા)થી જેટલો ગઝબનાક થાય છે તેટલો બીજી કોઈ બાબતથી થતો નથી.

## બાળકોને માયાળુપણે ચૂમવા :-

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : 'જે પોતાના બાળકને પ્યાર કરે છે, તેના નામએ આ' માલમાં એક નેકી લખવામાં આવે છે.'

બીજી એક હદીસ મુજબ, બાળકને એક વખત ચૂમવા (ચુંબન કરવા)ના બદલામાં વાલેદૈનનો જન્નદતમાં એક દરજ્જો વધારી દેવામાં આવે છે. આપે એ પણ ફરમાવ્યું : જયારે પિતા પોતાના સંતાનના ચહેરા સામે માયાળુપણે અને મોહબ્બતથી નજર કરીને ખૂશ થાય છે ત્યારે તેના નામએ આમાલમાં એક બંદાને રાહે ખુદામાં આઝાદ કરવા જેટલો સવાબ લખવામાં આવે છે.

**મા-બાપ પછી સંતાનોના હકમાં નેકી કરવી :-**

હુઝૂરે સરવરે કાએનાત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ફરમાન છે કે બાળકોની માતાનું પણ માન જાળવો, તેની સાથે દુર્વ્યવહાર ન કરો. કારણ કે બાળકોના દિલમાં માતા માટે વિશેષ લાગણી હોય છે. પોતાની માતાના નારાજ થવાથી બાળકોનું દિલ દુભાય છે અને તે ફુલની જેમ કરમાઈ જાય છે.

એક રિવાયત મુજબ હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને અન્સારો પૈકીના એક શખ્સે પૂછયું : કોના હકમાં નેકી કરવી જરૂરી છે ? આપે ફરમાવ્યું : મા-બાપના હકમાં, તેણે પૂછયું : મા-બાપ બંને આ દુનિયાથી ઇન્તેકાલ કરી ચૂક્યા હોય, તો કોના હકમાં નેકી કરવી જરૂરી છે ? આપે જવાબ આપ્યો : અવલાદના હકમાં.

## પુત્રી નેકીની વધુ હકદાર છે :-

મા-બાપ દ્વારા સંતાનના હકમાં દિકરી સૌથી વધુ નેકી કરવાને પાત્ર છે. પિતા પોતાના ઘરમાં જે કંઈ ભેટ સોગાત લાવે તે દિકરાની પહેલા દિકરીને આપવી જોઈએ. ખાસ કરીને જે દિકરીનું નામ ‘ફાતેમા’ હોય તેને વિશેષ અગ્રતા આપવી જોઈએ. અવલાદ (એટલે કે દિકરા અથવા દિકરી) મા-બાપના હુકમોની નાફરમાની કરતા હોય, તો પણ તેમને

મેણાં-ટોણાં મારવા અને તેમના મોઢે બદદુઆ કરવાની મનાઈ કરવાની આવી છે. મા-બાપ દ્વારા એ પ્રકારનો વ્યવહાર કરવામાં આવે તે સંતાન માટે મુસીબત અને ફકીરીનું કારણ પણ બની શકે છે.

**રૂહાની પિતા નેકીના વિશેષ અધિકારી :-**

આ પુસ્તકમાં અન્યત્ર મા-બાપના હક અને આદર જાળવવાના જે અહકામ વર્ણવવામાં આવ્યા છે તે ઇન્સાનને દુન્યામાં લાવવા માટે કારણરૂપ બનનાર (સાધારણ) મા-બાપ વિશે છે. જેમાં બાપ સંતાનને વહેવારૂ

અને ઉપયોગી તાલીમો તરબીયત આપે છે. પરંતુ એ રૂહાની પિતા, માનવ ઉત્પત્તિનો હેતુ સમજાવનાર અને હક્ક વાતોથી પરિચિત કરાવનાર પવિત્ર હસ્તીઓ, મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામ જ છે. આપણે બધા તેઓ સાથે રૂહાની સંબંધથી બંધાએલા છીએ. અને તેમના માનનારા અને અનુસરનારાઓ હંમેશા આફતોથી બચી

જાય છે. અને તેમની પાસેથી નેકીઓનો ભરપૂર ખઝાનો પ્રાપ્ત કરી શકે છે.

આ બારામાં હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : “હું અને અલી અલયહિસ્સલામ બંને આ ઉમ્મતના બાપ છીએ.”

રૂહાની બાપની શરાફત અને અહમીયત સગાં બાપ કરતા એ રીતે વધારે છે, જે રીતે શરીરનો સંબંધ રૂહ સાથે છે.

એવી જ રીતે શારીરિક બાપથી ‘આક’ થવાના કારણે જેટલા અઝાબનો વાયદો

કરવામાં આવ્યો છે, તેના કરતા રૂહાની બાપથી 'આક' થાય તો હજારો ગણો વધુ સખ્ત અઝાબ થશે.

**સવાબ અધિક અઝાબ સખ્ત :-**

મા-બાપ સાથે નેકી કરવા બદલ જેટલો સવાબનો વાયદો આપવામાં આવ્યો છે, તેનાથી હજાર ગણો વધારે સવાબ રૂહાની બાપ સાથે નેકી કરવાનો છે. અને તેવી જ રીતે રૂહાની બાપ દ્વારા 'આક' થવાનો અઝાબ પણ તેટલો જ સખ્ત છે. જેમકે રૂહાની બાપથી આક થનાર માટે જન્નાતનું

હરામ થવું, અલ્લાહે તેનો કોઈ પણ નેક અમલ કબૂલ ન કરવો, ભલે તેનો અમલ દરરોજ રાતે ઇબાદત કરવી અને દિવસના રોઝા રાખવા જેટલો પણ કેમ ન હોય.

આ પ્રકારનો અઝાબ એહલેબૈતે અત્હાર અલય્હેમુસ્સલામની વિલાયત છોડનારને પણ આપવામાં આવશે. કારણ કે વાસ્તવમાં ખરા રૂહાની બાપ આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામ છે.

વાલેદૈન દ્વારા અવલાદને આક કરવા વિશેની જેટલી આયતો અને રિવાયતો

આપણા સુધી પહોંચી છે. તેને કોઈ ખાસ એક વર્ગ માટે જ સમજી લેવી યોગ્ય નહીં ગણાય. કારણ કે, આ વિષય પરની કુરઆનની તમામ આયતો અને રિવાયતો સર્વ સામાન્ય છે. વાલેદૈનના આક થવાના અર્થમાં શારીરિક અને રૂહાની બંને વાલેદૈન શામેલ છે. આ વાતની દલીલ મૌજૂદ છે, કે અલ્લાહ તઆલાએ વાલેદૈનની ઇતાઅત અને શુક્રગુઝારીનો ઉલ્લેખ પોતાની ઇતાઅત અને શુક્રગુઝારી સાથે કર્યો છે.

**હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને હઝરત અલી અલય્હિસ્સલામના અહેસાન :-**

કુરઆને મજીદની આયત 'અનિશ્શકુરલી વલે વાલેદય્ક' વિશે ઘણી રિવાયતો મૌજૂદ છે. ફરમાવે છે કે આ આયતમાં 'વાલેદય્ક' નો અર્થ હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને હઝરત અલી અલય્હિસ્સલામ છે. અલ્લાહ તઆલાએ પોતાની પાક ઝાત પછી એ લોકોને વાલેદૈનમાં શ્રેષ્ઠ, શરીફ

અને સંપૂર્ણ વાલેદૈન ગણાવ્યા છે. આ બારામાં ઉસૂલે કાફીમાં સિલે રહમના ભાગમાં હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની બે હદીસો પ્રસ્તુત કરવામાં આવી છે.

પહેલી હદીસ : ઉમરૂ બિન યઝીદે, હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને સૂરએ રઅદની એકવીસમી આયતનો અર્થ પૂછયો જેમાં રબ્બુલ ઇઝઝતે ઇરશાદ ફરમાવ્યું છે : "આ એ લોકો છે, જેમની સાથે સંબંધો જોડવાનો હુકમ ખુદાએ

આપ્યો છે, તેને (તેની સાથે સંબંધ) કાયમ રાખે છે. અને પોતાના પરવરદિગારથી ડરે છે. અને કયામતના દિવસના સખ્ત અઝાબથી ડરે છે. (અને ખરાબ રીતે તેમનો હિસાબ લેવામાં આવશે એ વાતથી તેઓ બીએ છે.)" (૧૩-૨૧)

બીજી હદીસ : ઉપરની આયતની તફસીર છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ઉપરની આયત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામ સાથે સિલે રહમનો અર્થ

છે, પોતાના સગાં, સંબંધીઓ સાથે સારો વર્તાવ કરવા વિશે નાઝિલ થઈ છે. અને તે હુકમ મોઅમિનના નઝદીકના સગા વ્હાલાંઓ, પણ લાગે છે.

આયત જે વ્યક્તિઓ માટે નાઝિલ થઈ છે. તેવું માનતો હોય, પરંતુ જયારે પણ એવું સાંભળે કે અમુક આયત અમુક (વ્યક્તિ) માટે નાઝિલ થઈ છે, તો તેની સાથે બીજી વ્યક્તિઓને પણ શામિલ સમજે.

**રૂહાની વાલેદૈનના ‘આક’ :-**

રૂહાની વાલેદૈનના ‘આક’ થઈ થવાનો અર્થ એ છે કે તેઓએ જે કામ કરવાનો હુકમ આપ્યો છે તે કામો ન કરવા, તેમની પૈરવી અને ઇતાઅતની હદ ઓળંગી જવી. તેઓ સાથે વાસ્તવિક, અર્થપૂર્ણ સંબંધ અને સંપર્ક તોડી નાખવો. (એટલે કે તેમના હુકમની નાફરમાની કરવી) હઝરત ઈમામ રઝા અલયહિસ્સલામે ફરમાવ્યું : શું તમને એ વાત પસંદ પડશે કે મા-બાપ તમારાથી

નારાજ થઈને એમ કહી દે કે આ મારી અવલાદ નથી. લોકોએ જવાબ આપ્યો : અમને એ વાત પસંદ નહીં પડે. આપે ફરમાવ્યું : રૂહાની મા-બાપ તમારા (શારીરિક) મા-બાપ કરતા ઉચ્ચ છે. તેમને એવી વાત કહેવાની તક કદી ન આપો. પરંતુ રૂહાની મા-બાપના સાચા સંતાન થવાનું માન મેળવો.

- ઉર્દૂ કિતાબનો ભાગ - ૧ અહીં પૂરો થયો.

સાચો હિજરતી કોણ ?

ગુનાહોથી (ખુદા તરફ) હિજરત કરનારો સાચો હિજરતી (મુહાજીર) છે.

- હઝરત પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ

(ગુનાહાને કબીરા ઉર્દૂ - ભાગ ૨ નો અનુવાદ)

# સાતમો ગુનોહ

# કત્એ-રહમ

## (સગાં સાથે સંબંધ તોડવો)

ગુનાહે કબીરા પૈકીનો સાતમો ગુનોહ કત્એ રહમ છે. જેની સ્પષ્ટતા હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ, હઝરત ઈમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ, ઈમામ અલી રઝા અલય્હિસ્સલામ અને હઝરત ઈમામ મોહમ્મદ તકી અલયહિસ્સલામે ફરમાવી

છે. કુરઆને મજીદમાં પણ કત્એ રહમ કરનારને જહન્નમની આગ અને ખુદાની લાનતને પાત્ર ગણવામાં આવ્યા છે. તેમજ કત્એ રહમ કરનારને નુકસાન ઉઠાવનાર ગણાવાયા છે. હઝરત ઈમામ ઝયનુલ આબેદીન અલયહિસ્સલામે ફરમાવ્યું :

કત્એ રહમ કરવાથી બચો, કેમકે કુરઆને મજીદમાં મેં કત્એ રહમ કરનારને, ત્રણ જગ્યાએ લાનત (ફીટકાર)ને પાત્ર થવાનો ઉલ્લેખ જોયો છે.

(૧) સૂ. બકરહમાં પરવરદિગારે આલમ ઇરશાદ ફરમાવે છે :

"જેઓ અલ્લાહ સાથેનો કરાર તેના નક્કી થયા પછી તોડી નાખે છે અને જે વસ્તુઓ (સંબંધને) જોડવાનો અલ્લાહે હુકમ આપ્યો છે તેને કાપી નાખે છે (કત્એ રહમ કરે છે.) અને પૃથ્વી પર ફસાદ કરતા રહે છે, તે જ લોકો નુકસાનમાં રહેનારા છે." (૨-૨૭)

કુરઆને મજીદની પરિભાષામાં આખેરતના અઝાબને પાત્ર થનારને એટલે કે નુકસાન

ઉઠાવનારને, 'ખાસિર' કહેવામાં આવ્યા છે, અને ત્યાર પછીની બંને આયતોથી સમજાય છે કે કત્એ રહમ કરનાર મલઊન (લાનતને પાત્ર) છે.

(૨) સૂ. રઅદમાં ઇરશાદ છે :

"અને જેઓ અલ્લાહ (સાથે)ના કરારને પાકા થઈ ગયા પછી તોડી નાખે છે, અને જેમની સાથે પરસ્પરનો સંબંધ (જોડવા)નો હુકમ કર્યો છે તે કાપી નાખે છે. (સગાં-સંબંધીઓ સાથે સંબંધો તોડી નાખે છે. - કત્ઓ રહમ કરે છે.) અને પૃથ્વી પર

ફસાદ ફેલાવતા રહે છે, તેઓ એ જ લોકો છે જેમના માટે લાનત છે, અને આખેરતમાં તેમના જ માટે બુરૂં ઘર પણ છે.” (૧૩-૨૫)

(3) “પણ જો તમે સત્તાવાન થઈ જાઓ તો શું સંભવિત નથી કે પૃથ્વી પર ફસાદ ફેલાવવા લાગી જાઓ, અને કુટુંબીજનો સાથેનો સંબંધ તોડી નાખો? એ જ તે લોકો છે કે જેમના પર અલ્લાહે લાનત કરી છે. પછી તેમને બહેરા બનાવી દીધા છે. અને તેમના ચક્ષુઓ આંધળા કર્યા છે.” (૪૭-૨૩/૨૪)

## રિવાયતોમાં 'કત્એ-રહમ'ની ટીકા :-

કત્એ રહમની ટીકા થઈ હોય તેવી ઘણી રિવાયતો છે. જેમાંની કેટલીકનો અત્રે ઉલ્લેખ કર્યો છે. પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ઇરશાદ ફરમાવ્યું :

"જાણી લો કે, પરસ્પરની દુશ્મની (ખાસ કરીને સગાં-વ્હાલાંની દુશ્મની)માં તબાહી છે. મારા કહેવાનો મતલબ માથાના વાળની તબાહી નહીં. હદીસમાં માથાના વાળ ક્યાંથી આવ્યા સ્પષ્ટ નથી પણ

દીનની તબાહી અને બરબાદી છે. (અર્થાત, પરસ્પરની દુશ્મનીના પરિણામે ફકત માથાના વાળ અને શરીરને નુકસાન નહીં પહોંચતું, પણ દીન અને ઈમાન પણ નષ્ટ થઈ જાય છે.) (કિતાબે કાફી)

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :

'હાલેકહ' થી બચો. કેમકે તે લોકોને તબાહ કરી નાખે છે. રાવીએ પુછયું કે હાલેકહનો અર્થ શું છે ? ઇમામે ફરમાવ્યું : 'કત્એ રહમ' કરવું. (કાફી)

**ખુદાની નઝદીક સૌથી મોટા ગુનાહ :**

એક શખ્સ હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં આવ્યો અને સવાલ ર્ક્યો, 'ખુદાની નઝદીક સૌથી ખરાબ મોટો ગુનોહ ક્યો છે ?' હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : "ખુદાનો (કોઈ) શરીક માનવો" તેણે પૂછયું : "તે પછી સૌથી ખરાબ કામ ક્યું છે ?" આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : "કત્એ

રહમ કરવું.” તે સવાલ કરનારે ફરી પૂછયું : “તે પછી સૌથી ખરાબ કામ ક્યું છે ?” આપે ફરમાવ્યું : “બુરાઈનો હુકમ આપવો અને ભલાઈથી રોકવું.”

**સગાં-વ્હાલાંની બુરાઈ સામે નેકી :-**

એક શખ્સે ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં પોતાના સગાં વિશે ફરિયાદ કરી, ઇમામે ફરમાવ્યું : “તારો ગુસ્સો ગળી જા અને તેમની (સગાં-વ્હાલાંની) સાથે સારો વ્યવહાર કર.” તેણે કહ્યું : “મારા સગાંઓ મને કેવી કેવી

તકલીફો પહોંચાડે છે ? એવી કોઈ તકલીફ નથી જે મારા સગાંઓએ મને ન પહોંચાડી હોય અને તેવી કોઈ બુરાઈ નથી કે, જે મારા સગાંઓએ મારી સાથે ન કરી હોય." હઝરતે જવાબમાં ફરમાવ્યું : "શું તું પણ તેમની જેમ 'કત્એ રહમ' કરવા માંગે છે. તેમની સાથે સદવર્તન કરવાનું છોડી દેવા માંગે છે ? જો એમ હોય, તો તું પણ તેના જેવો જ થઈ જઈશ અને ખુદાવંદે આલમ તારી ઉપર 'નઝરે રહમત' નહીં કરે."

અલ્લામા મજલિસી (ર.) ફરમાવે છે કે જો તમે તમારા ખરાબ સગાં વ્હાલાં સાથે પણ સિલે રહમ કરો (નમ્રતા અને પ્રેમથી વર્તશો) તો કોઈને કોઈ દિવસ તેની અસર પડયા વગર નહીં રહે અને તેઓ જરૂર ભોંઠપ અનુભવશે અને પછી તમો બંને (તમામ સગાં વ્હાલાંઓ) ઉપર અલ્લાહની રહમત ઉતરશે. અને જો તારા ખરાબ સગાં વ્હાલાં શરમીંદા ન થાય, તો પણ તારી ઉપર તો રહમતે ઇલાહી અવશ્ય નાઝિલ થશે. આનાથી જાણવા મળ્યું કે

‘કત્એ રહમ’ કરનારા સગાં વ્હાલાંઓ સાથે પણ હંમેશા ‘સિલે રહમ’ બજાવી લાવવો જોઈએ.

હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે:

“તમારા સગાંવ્હાલાં તમારી સાથે સંબંધ તોડી નાખે અને ‘કત્એ રહમ’ કરે તો પણ તમે તેની સાથે સંબંધ તોડી ન નાખો.” (કાફી)

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે :

"ત્રણ બુરાઈ એવી છે, જેનો કરનાર તેના ખરાબ પરિણામ આ દુનિયામાં અનુભવ્યા પછી જ આ દુનિયાથી જાય છે. જેમાં પહેલી બુરાઈ 'ઝુલ્મ', બીજી 'કત્એ રહમ' અને ત્રીજી 'ખોટી કસમ ખાવી' છે. (કાફી)

**'કત્એ રહમ'થી મૌત નઝદીક આવે છે.**

હઝરત અલી ઇબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ આપના એક ખુત્બામાં ફરમાવે છે :

"હું એવા ગુનાહોથી અલ્લાહનું શરણ શોધું છું જેના, કારણે મૌત નઝદીક થઈ જાય છે. કોઈએ સવાલ કર્યો 'મૌલા, શું એવા પણ ગુનાહો છે જેના કારણે મૌત વહેલું આવે છે ? આપે ફરમાવ્યું : હા, 'કત્એ. રહમ.' એવા કુટુંબો જે બધી રીતે હળી મળીને રહેતા હોય, એક બીજાની બધી રીતે સંભાળ લેતા હોય, ખુદા તેમની રોઝીમાં બરકત અતા કરે છે, અને એવા કુટુંબો જે એક બીજાથી દૂર અને સંબંધો જાળવ્યા વગર (અલગ-અલગ) રહે છે,

ખુદા તેમની રોઝીમાંથી બરકત ઉઠાવી લે છે, તેમની ઉમ્ર ઘટાડી દે છે, પછી તે બધા મુત્તકી કેમ ન હોય ?”

**‘કત્એ રહમ’ના કારણે બધા મરી ગયા.**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ સમક્ષ આપના એક સહાબીઓ તેમના સગાંવ્હાલાં વિશે ફરિયાદ કરતા કહ્યું : “મારા સગાં અને પિતરાઈ ભાઈ મને ખૂબ જ ત્રાસ આપે છે. મારો જે ઘર પર હક હતો તે ઘર તેમણે મારી પાસેથી ખૂંચવી લીધું. તેમણે મને

રહેવા માટે ફકત એક રૂમ આપ્યો છે. હું હુકુમતમાં ફરિયાદ કરૂં તો તેની પાસેથી બધું પાછું મેળવી શકું તેમ છું.”

ઇમામે ફરમાવ્યું : “જરા ધીરજ રાખ, બધું બરાબર થઈ જશે.” ઈમામ અલય્હિસ્સલામના તે સહાબી શાંતિ પૂર્વક ચાલ્યા ગયા. હી. ૧૩૧માં એક જીવલેણ રોગ ફેલાયો, જેમાં તે સહાબીને ત્રાસ આપનારા તમામ સગાં વ્હાલાંઓ મરી ગયા. તેમાથી કોઈ બચ્યું નહીં. ત્યાર પછી એક વાર તે સહાબી ઈમામ સાદિક

અલય્હિસ્સલામની ખિદમતમાં આવ્યા, ત્યારે ઇમામે પૂછયું : “તારા એ સગાં વ્હાલાંઓની શું પરિસ્થિતિ છે ?” ઈમામ અલય્હિસ્સલામના સહાબીએ જવાબ આપ્યો : “ખુદાની કસમ તે બધા જ મરી પરવાર્યા છે.”

આપે ફરમાવ્યું : “તેમના કમોતનું કારણ તારી સાથેનો દુર્વ્યવ્હાર, તારી જેવા સગાંના હકને ડૂબાડવો એ કત્એ રહમ છે.” (કિતાબે કાફી)

## ખુદાની રહેમતથી વંચિત :

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું કે, હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

"જયારે લોકો પોતે ઇલ્મના જાણકાર હોવાની જાહેરાત કરે પણ નેક અમલ ન કરે, મોહબ્બત હોવાનો મૌખિક દાવો કરે પણ દિલમાં મેલ (વૈમનસ્ય) અને નફરત સાથે 'કત્એ રહમ' કરે, તો તેવા લોકોને ખુદા પોતાની રહમતથી વંચિત કરી દે છે

અને તેમને અકલથી વંચિત અને આંધળા બનાવી દે છે.” (બેહારૂલ અન્વાર, જી.૧૬, પા.૨)

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે : “તમામ ગુનાહોમાં ‘ઝુલ્મ’ અને ‘કત્એ, રહમ’ એવો ગુનોહ છે જે ગુનોહ કરનાર (ખુદાની નજરોમાં) દુનિયામાં વધારે સજાને પાત્ર છે. અને તે ઉપરાંત આખેરતમાં પણ તેના માટે અગાઉથી સજા (અઝાબ) તૈયાર રાખવામાં આવેલ છે.” (મુસ્તદરક)

અન્ય એક હદીસમાં હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : ‘કત્એ રહમ’ કરનાર જન્નતમાં દાખલ થઈ નહીં શકે. (મુસ્તદરક)

જાબિર બીન અબ્દુલ્લાહ અન્સારીએ હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ (જેમણે હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પાસેથી જાણેલી હદીસ) ફરમાવતાં જણાવ્યું કે.

"મને જીબ્રઇલે ખબર આપી છે કે 'એક હજાર વર્ષના અંતરેથી જન્નબતથી ખૂશ્બુ આવે છે, તેને વાલેદૈને 'આક કરેલા' (સંતાન), 'કત્એ રહમ કરનાર' અને 'વૃધ્ધ ઝીનાકાર' સુંઘવા નહીં પામે, બલ્કે (બેશક) બે હજાર વર્ષના અંતરેથી જન્નેતની ખૂશ્બુ આવે છે, તેને તમામ લોકો સુંઘી શકશે, પણ મા-બાપે 'આક' કરેલા અને 'કત્એ રહમ કરનારા' હરગીઝ સુંઘી નહીં શકે. (બેહારૂલ અન્વાર, જી.૧૬, પા.૨)

હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો આ પણ ઇરશાદ છે કે: ‘કત્એ રહમ’ ના કારણે દોઆઓ કબૂલ થતી નથી.

શબે કદ્રની ફઝીલતના પ્રકરણમાં આપની રિવાયત છે કે ખુદાવંદે આલમ આ રાતમાં ‘શરાબી’, ‘આક થનાર’, ‘કત્એ રહમ કરનાર’ અને મોઅમિનો સાથે દુશ્મની રાખનાર સિવાયનાઓના તમામે તમામ ગુનાહો માફ કરી દે છે.”

**‘સિલે રહમ’ વાજીબ છે :-**

કુરઆનમાં ખુદાવંદે આલમ ફરમાવે છે : “ખુદા(ના હુકમનો વિરોધ કરવા)થી ડરો, જેનો હવાલો આપી તમે એકબીજાથી સવાલ (તમારા હકોની માંગણી) કરો છો, અને ‘કત્એ રહમ’ (કુટુંબીજનો પ્રત્યેની તમારી ફરજમાં પછાત પડવા)થી ડરો.” (૪-૧)

આ આયએ મુબારકમાં લક્ષ ખેંચનારી વાત એ છે કે “અલ્લાહ” થી ડરવાની સાથો સાથ ‘અલ અરહામ’ (સગાં-વ્હાલાં સાથેના ખરાબ વ્યવહાર વિશે) ડરવાનો

હુકમ આપવામાં આવ્યો છે. આ જ વાતને તફસીરે મજમઉલ બયાનમાં હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામથી નોંધવામાં આવી છે. ઉસુલે કાફીના વર્ણન મુજબ આ આયતનો અર્થ હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે આ પ્રમાણે કહ્યો છે. : "અહીં 'અરહામ' નો અર્થ ખાસ સગાં વ્હાલાં નહીં, પણ તમામ સગાં વ્હાલાં થાય છે. બેશક, ખુદાવંદે આલમે તમામ સગાં વ્હાલાં સાથે 'સિલે રહમ' કરવાનો હુકમ આપ્યો છે, અને

અલ્લાહ તઆલાએ પોતાના નામની સાથે 'સિલે રહમ' નો ઉલ્લેખ કરીને તેની અગત્યતા સમજાવી દીધી છે."

**નમાઝ અને તકવાની જેમ 'સિલે રહમ' નો હુકમ :**

હઝરત ઈમામ અલી રઝા અલય્હિસ્સલામ ફરમાવે છે : પરવરદિગારે આલમે કુરઆને મજીદમાં ત્રણ બાબતોનો હુકમ, ત્રણ બાબતોની સાથે ફરમાવ્યો છે :

(૧) નમાઝ અને ઝકાતનો હુકમ સાથે આપવામાં આવ્યો છે. જો કોઈ નમાઝ પડે

અને (જો વાજીબ થતી હોય તો) ઝકાત ન આપે તો તેની નમાઝ કબૂલ નહીં થાય.

(૨) (અલ્લાહે) પોતાનો અને વાલેદૈનનો શુક્ર અદા કરવાનો હુકમ આપ્યો છે. હવે કોઈ વાલેદૈનનો શુક્ર અદા ન કરે, તો જાણે કે તેણે ખુદાનો શુક્ર પણ અદા ક્યોં નથી.

(૩) ખુદાએ તકવા સાથે જીવન વિતાવવાનો અને સિલે રહમનો પણ હુકમ આપ્યો છે. જે સિલે રહમ ન કરે, તે મુત્તોકી નહીં ગણાય.

**સગાં-સંબંધીઓના હક્કો અને આખેરતના હિસાબમાં સરળતા :-**

"નિસંશય, અલ્લાહ ન્યાય તથા ઉપકાર તથા નજીકના સગાં-વ્હાલાંઓને આર્થિક સહાય આપવાનો હુકમ કરે છે." (૧૬-૯૦)

સૂ. રઅદમાં ઇરશાદ છે :

"અને જેનો સંબંધ જોડવાની (સિલે રહમની) અલ્લાહે આજ્ઞા આપી છે, તે જોડતા રહે છે અને પોતાના પરવરદિગારનો ભય રાખે છે, અને (કયામતના દિવસે) ખરાબ રીતે તેમનો

હિસાબ લેવામાં આવે, એ વાતથી ડરે છે.” (૧૩ - ૨૧)

આ આયતમાં “સૂઅલ હેસાબ” થી એ સમજી શકાય છે કે ‘સિલે રહમી’ અને સગાં વ્હાલાંઓના હકની અદાયગી આખેરતમાં હિસાબ કિતાબના વખતે આસાનીનું કારણ બનશે.

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે સ્પષ્ટ રીતે ફરમાવ્યું છે કે:

“સિલે - રહમી આખેરતના હિસાબને સહેલો બનાવી દે છે.” (બેહારૂલ અન્વાર, જી.૧૬, પા.૨૮)

**હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામના દુશ્મન સગાં :**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે અંતિમ વખતે વસીયત કરી કે મારા “પિતરાઈ ભાઈ હસન અન્તસને સિત્તેર દીનાર પહોંચાડી દો.” આપને સવાલ કરવામાં આવ્યો કે “મૌલા, આપ એ માણસ ઉપર અહેસાન કરી રહ્યા

છો, જેણે આપની ઉપર તલવારથી હુમલો ક્યોં હતો ?"

આપે જવાબ આપ્યો : "શું તમે લોકો એ નથી ઇચ્છતા કે હું એ લોકોમા ગણાઉં જેના વિશે ખુદાવંદે આલમ ફરમાવે છે."

"જેની સાથે સંબંધો જોડવાનો (એટલે કે સિલે રહમ કાયમ રાખવાનો) હુકમ ખુદાએ આપ્યો છે. તેને (જોડતા રહે છે.) કાયમ રાખે છે." (૧૩-૨૧)

એ વાતમાં કોઈ શંકા નથી કે, પરવરદિગારે આલમે બેહિશ્ત બનાવીને

તેને પાકો પાકીઝા અને સુગંધીત બનાવી દીધી છે. તેની ખૂશ્બુ બે હજાર વર્ષના અંતર સુધી સુંધી શકાય છે, પરંતુ વાલેદૈને ‘આક’ કરેલા અને ‘કત્એ- રહમ’ કરનારા તે ખુશ્બુથી પણ વંચિત રહેશે.

**‘સિલે રહમ’ વિશેની હદીસો :**

‘સિલે રહમ’ વાજીબ હોવા વિશેની ઘણી હદીસો છે. જેમાંની એક હદીસ ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ નકલ કરે છે કે, હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

"હું મારી ઉમ્મતના તમામ હાજર અને ગેરહાજર લોકોને અને કયામત સુધી આવનારી નસ્લ જે પુરૂષોની પીઠમાં અને સ્ત્રીઓના પેટમાં છે, તે તમામને વસીયત કરૂં છું કે સિલે રહમી કરે, ભલે તેઓ એક વર્ષ(ની મુસાફરી)ના અંતરે રહતા હોય ? કારણ કે સિલે રહમ એ હુકમોમાંથી છે, જેને ખુદાએ દીનનો ભાગ (એક અગત્યનો અને જરૂરી હુકમ) ગણાવ્યો છે."

(બેહારૂલ અન્વાર, જી.૧૧૫, ૧૦૬)

**સિલે રહમ કરનારા પૂલે સેરાત પરથી સહેલાઈથી પસાર થઈ જશે :**

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામે હઝરત અબૂઝરે ગફ્ફારીથી અને તેઓએ હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની રિવાયત નોંધી છે.

"સેરાત (જહન્નમની ઉપર એક પૂલ છે, જેના ઉપરથી દરેકે પસાર થવું પડશે)ની બંને બાજુએ 'સિલે રહમ' અને અમાનત હશે. 'સિલે રહમ' અને અમાનત અદા

કરનારા પૂલે સેરાત પરથી સહેલાઈથી પસાર થઈને જન્નમતમાં પહોંચી જશે. અમાનતમાં ખયાનત કરનારા (અમાનત ઓળવી જનારા) અને કત્એ રહમ કરનારાઓને તેમનો કોઈ અમલ ફાયદો નહીં પહોંચાડે અને તેઓ પૂલે સેરાત પરથી જહન્નનમની આગમાં ફેંકાઈ જશે.” (કાફી)

**“સિલે રહમ” નો દુનિયામાં ફાયદો :**

સિલે રહમનો ફાયદો આ દુનિયામાં મળે છે તે વિશેની ઘણી રિવાયતો જોવા મળે છે.

જેમકે ઉમ્રમાં વધારો, મૌતનું ટળી જવું, બલાઓ દૂર થવી, રોઝીમાં વધારો, ગરીબી અને તંગદસ્તી દૂર થઈ જવી અને વંશ વૃધ્ધિ થવી વગેરે.

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે મન્સુરે દવાનકીના દરબારમાં હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ત્રણ હદીસો રજૂ કરી હતી, જે અત્રે પ્રસ્તુત છે -

(૧) કોઈ માણસની ઉપર ત્રણ વર્ષથી વધુ બાકી ન રહી હોય તે સિલે રહમ કરે, તો

ખુદાવંદે આલમ તેની ઉમ્ર વધારીને ૩૦ (ત્રીસ) વર્ષ કરી દે છે. તેવી જ રીતે એવું પણ થાય છે કે કોઈની ઉમ્ર ૩૦ (ત્રીસ) વર્ષ બાકી રહી હોય, પરંતુ કત્એ રહમ કરવાથી તેની ઉમ્ર ઘટીને ત્રણ વર્ષ થઈ જાય છે.

પછી હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : "ખુદા જે વસ્તુને ચાહે તેને રદ કરે છે અને જે વસ્તુને ચાહે તેને લખી નાખે છે. એટલે કે ઇન્સાનના સારા કે ખરાબ અમલના

કારણે તેની જિંદગી(ની નિયુક્તિ થએલી બાબતો)માં ફેરફાર કરી નાખે છે.” (બેહારૂલ અન્વાર)

(૨) “સગાં વ્હાલાંના હક્ક અદા કરવાથી ઘરો આબાદ થાય છે, અને તેના કારણે ઉમ્ર લાંબી થાય છે. ભલે પછી સગાં વ્હાલાંનો હક અદા કરનારો ફાસિક કેમ ન હોય.” (બેહારૂલ અન્વાર)

(૩) ‘સિલે રહમ’ કરવાથી કયામતનો હિસાબ આસાન થાય છે. અને તેનાથી અચાનક આવી પડનારૂં મૌત (અકસ્માત,

હાર્ટ ફેઈલ વિગેરે)થી બચી શકાય છે. (બેહારૂલ અન્વાર)

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :

"(અય મયસર) તારૂં મૌત ઘણી વખત નિશ્ચિત હતું, પણ સિલે રહમ અને સગાં વ્હાલાં સાથે તારા સદ્‌વ્યવહારને કારણે તેને દૂર કરી દેવામાં આવ્યું."

**'સિલે રહમ'થી આયુષ્ય વધે છે :**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે :

‘અય મયરસ’ , ખરેખર તમારૂં આયુષ્ય વધી ગયું છે. તમે ક્યા નેક કામ કરતા રહો છો ?’

મયસરે જવાબ આપ્યો : ‘હું મારી યુવાનીમાં દરરોજ પાંચ દિરહમ કમાંઈને મારા મામાને આપી દેતો હતો.’

એક વખત યાકૂબ મગરીબી ઈમામ મૂસા ઇબ્ને જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં આવ્યા ત્યારે આપે ફરમાવ્યું :

“તમારે અમુક જગ્યાએ તમારા ભાઈની સાથે ઝગડો થઈ ગયો હતો. એટલે સુધી કે

તમે બંનેએ એક બીજાને ગાળો આપી અને એક બીજા સાથે સંબંધો તોડી નાખ્યા. આ પ્રકારનો વ્યવહાર કરવાનું મારા કે મારા બાપ દાદાના દીનમાં કહેવામાં આવ્યું નથી. તેથી ખૌફે ખુદા કરો. અઝાબે ઇલાહીથી ડરો. તમારા આ વ્યવહારને કારણે નજદીકમાં જ મૌત તમારી વચ્ચે જુદાઈ નાખશે. તમારો ભાઈ જે સફરમાં ગયો છે તે સફરમાં જ મૃત્યુ પામશે અને તમારે પસ્તાવાનો વખત આવશે."

તે શખ્સે (યાકૂબે) કહ્યું : "મૌલા, આપ ઉપર કુરબાન થઈ જાઉં મને મૌત ક્યારે આવશે ?"

ઈમામ અલયહિસ્સલામે જવાબમાં ફરમાવ્યું : તારૂં મૌત પણ આવી ચૂક્યું હતું, પણ તેં તારી ફુઈની સાથે એક પ્રસંગે 'સિલે રહમ' અને નેક વર્તન કર્યું હતું. તારી ઉમ્ર વીસ વર્ષ (કે મહીના) વધી ગઈ છે."

છેવટે ઈમામ અલયહિસ્સલામે જે ફરમાવ્યું હતું તેમ બન્યું. યાકૂબના જીવનનો અંત તે

વતન પહોંચે એ પહેલા રસ્તામાં આવ્યો અને તેને રસ્તામાં જ દફન કરવામાં આવ્યા. (સફીનતુલ બેહાર, જી.૧, પા.૫૧૬)

**'સિલે રહમ'નો આખેરતમાં ફાયદો :-**

સિલે રહમથી ફક્ત દુનિયામાં જ ફાયદો નથી થતો, પરંતુ તેના આખેરતમાં રૂહાની ઉચ્ચતર ફાયદા પણ છે. ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :

"સિલે રહમ કરવાથી ચારિત્ર સારૂં બને છે. સખાવતનો ગુણ પૈદા થાય છે. (કારણ કે 'સિલે રહમ' કરનાર પોતાના સગાં

વ્હાલાં સાથે નરમાશથી સદવર્તન કરતો હોય છે. આમ નિયમિત રીતે સદ્વ્યવહાર કરવાથી તેનું પોતાનું ચારિત્ર્ય સુધરે છે. તેવી જ રીતે સગાં વ્હાલાં સાથે સારા વ્યવહાર અને તેમની મદદ કરવાને કારણે તેનામાં સખાવતનો ગુણ પણ પૈદા થાય છે.) અને તેનું નફસ (હસદ, દુશ્મની અને બીજા ગુનાહોથી) પાકો પાકીઝા થઈ જાય છે.” (સફીનતુલ બેહાર, જી.૧, પા.૫૧૬)

**‘સિલે રહમ’થી તમામ અમલ કબૂલ થાય છે. :-**

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે :

“સિલે રહમથી આમાલ પાકો પાકીઝા થઈ જાય છે. (એટલે કે ‘સિલે રહમ’ કરનાર જે અમલ કરે છે તેની ખામીઓ દૂર થઈ જાય છે તેમ જ તેમના આમાલ બારગાહે ઇલાહીમાં કબૂલ થઈ જાય છે.) તેના માલ અને દૌલતમાં વૃધ્ધિ થાય છે, મુસીબતો અને બલાઓ દૂર થાય છે,

આખેરતનો હિસાબ કિતાબ સરળ થાય છે. અને આવેલું (નિશ્ચિત થએલું) મૌત સુધ્ધાં ટળી જાય છે.” (કાફી)

**‘કત્એ રહમ’ કરનાર સામે દોસ્તીનો હાથ લંબાવવો :-**

હઝરત સય્યદે સજ્જાદ અલયહિસ્સલામે ફરમાવ્યું :

‘ખુદાવંદે આલમની નઝદીક, બે કામ તરફ કદમ ઉઠાવવાથી વધારે સારો બીજો કોઈ અમલ નથી.’

(૧) પહેલું, એ કદમ જે અલ્લાહની રાહમાં કાયમ થનારી સફ (હરોળ) માટે ઉઠાવવામાં આવે. (જેમકે જેહાદની સફ અને નમાઝે જમાઅતની સફ)

(૨) બીજું એ કદમ જે (દોસ્તી માટે) એવા સગાં વ્હાલાં તરફ ઉઠાવવામાં આવે જે તેની સાથે સંબંધો તોડી નાખવા માંગતા હોય. (બેહારૂલ અન્વાર)

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

બેશક બેહીશ્તમાં એક એવો દરજ્જો છે, જેને ત્રણ પ્રકારના લોકો સિવાય કોઈ પામી નહીં શકે.

(૧) આદિલ ઈમામ (૨) સિલે રહમ કરનાર અને (૩) એવો બાલ બચ્ચાવાળો માણસ જે ગરીબી અને તંગદસ્તીમાં સબ્ર કરતો હોય.

**‘સિલે રહમ’નો સવાબ :-**

એક જગ્યાએ હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

"જો કોઈ પોતાના સગાં વ્હાલાંનો હક જાન અને માલ (તન અને ધન)થી અદા કરે, તો ખુદા તેને એકસો શહીદ જેટલો સવાબ અતા કરે છે. તેના દરેક કદમ પર ચાલીસ હજાર હસના (નેકી) લખે છે. અને તેના ચાલીસ હજાર ગુનાહો માફ કરે છે, અને તેના ચાલીસ હજાર દરજ્જા બુલંદ કરે છે, તેને એકસો વર્ષ અલ્લાહની ઇબાદત કરનારા સમાન બની જાય છે." (બેહારૂલ અન્વાર) એવી જ રીતે અન્ય એક જગ્યાએ આપે ફરમાવ્યું :

“રાહે ખુદામાં સદકો આપવાના દસ દરજ્જા, કર્ઝ દેવાના બાર દરજ્જા, (કારણ કે કર્ઝમાં કર્ઝ લેનારની ઇઝઝત સુરક્ષિત રહે છે), દીની ભાઈ સાથે નેક વર્તાવ કરવાના વીસ દરજ્જા અને સિલે રહમ (સગાં વ્હાલાં સાથે સદવર્તન અને તેમના હક્ક અદા કરવા)નો સવાબ ચોવીસ દરજ્જા છે.” (બેહારૂલ અન્વાર)

**‘સિલે રહમ’ – ‘કત્એ રહમ’નો અર્થ :-**

શરીઅતે મુકદ્દસમાં ‘સિલે રહમ’ અને ‘કત્એ: રહમ’ નો કોઈ ખાસ અર્થ

આપવામાં આવ્યો નથી. તેથી જનસમાજની દ્રષ્ટિએ જેને સિલે રહમ અને કત્એ રહમ કહેવામાં આવે છે. તેને વિશ્વસનીય ગણવામાં આવે છે. સિલે રહમમાં જે સગાં વ્હાલાં સાથે સદવર્તાવ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે, તે સગાં વ્હાલાંનો સંબંધ બાપ તરફથી હોય કે મા તરફથી તેવી જ રીતે તે સગાં વ્હાલાંનું સગપણ સીધે સીધું હોય કે બીજા સગપણ મારફત હોય (દૂરના સગાં હોય) તે બધા જ સગાં વ્હાલાં જ ગણવામાં આવશે. તેવી

જ રીતે દીકરા કે દીકરીનો વંશજ પણ આદરને પાત્ર છે.

"અને જે સંબંધો જોડવાનો ખુદાએ હુકમ આપ્યો છે તે લોકો જોડવે છે." (૧૩-૨૧)

મરવાહ ઇબ્ને યઝીદે હઝરત ઈમામ અલય્હિસ્સલામથી ઉપરની આયતનો અર્થ પૂછયો. આપે જવાબમાં ફરમાવ્યું :

"હેય કરાબતોક"

'એટલે કે તમામ સગાં વ્હાલાં સાથે સિલે રહમ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. ભલે તે મહેરમ હોય કે નામહેરમ, દૂરના

સગાં હોય કે નઝદીકના સગાં એ સગાં સીધાં સગપણથી જોડાએલા હોય કે લગ્ન સંબંધી સગાં હોય, તો પણ 'સિલે રહમ' કરવો જરૂરી છે.' (કાફી)

**શ્રીમંત અને ગરીબ સગાં વ્હાલાં વચ્ચે કોઈ તફાવત નથી:-**

સામાન્ય રીતે એવું જોવામાં આવે છે કે લોકો તેમના શ્રીમંત અને વિખ્યાત સગાં વ્હાલાંને જ પોતાના વડીલ અને સંબંધી સમજીને તેમની સાથે સદવ્યવહાર કરતા હોય છે. અને તેમના ગરીબ સગાં સાથે

કોઈ જ સંબંધ કે વ્યવહાર રાખતા નથી. ઇસ્લામની શરીઅતમાં ગરીબ અને શ્રીમંત સગાં વ્હાંલાઓ વચ્ચે કોઈ તફાવત નથી. પરંતુ વધારે નઝદીકના સગાં વ્હાલાં પ્રત્યેની જવાબદારી પણ વધુ હોય છે. અને તેમના હક્કોનો ખ્યાલ રાખવો પણ જરૂરી હોય છે.

**‘સિલે રહમ’ શું છે ? :-**

લોકોની દ્રષ્ટિએ કુટુંબના વડીલો અને સગાં સંબંધીઓ સાથે જે સદવ્યવહાર કરવો યોગ્ય ગણાય તેને ‘સિલે રહમ’ કહેવામાં

આવે છે. સામાન્ય રીતે સાધારણ દેખાતું કાર્ય જેમકે પોતાના કોઈ વડીલને સલામ કરવી અથવા તો તેમને ખૂશ અખ્લાકી સાથે સલામનો જવાબ આપવો ‘સિલે રહમ’ માં ગણવામાં આવે છે.

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ઇરશાદ ફરમાવ્યું:

“સગાવ્હાલાં સાથે ‘સિલે રહમ’ અને દીની બિરાદરો સાથે નેકી કરવાથી આખેરતના હિસાબ કિતાબમાં આસાની થાય છે. અને ગુનાહોથી બચાય છે.

તમારા માટે જરૂરી છે કે તમે તમારા સગાં વ્હાલાં સાથે 'સિલે રહમ' કરો અને તમારા દીની ભાઈઓ સાથે નેકી કરો. ભલે તે નેકી સલામ કરવામાં ઉત્સાહ પૂર્વક પહેલ કરીને અને સલામનો જવાબ આપીને જ કેમ ન હોય." (કાફી)

ઇમામે ઝમાના અલય્હિસ્સલામ એક જગ્યાએ ફરમાવે છે :

"તમારા સગાં-વ્હાલાં સાથે 'સિલે રહમ' કરો, ભલે પછી થોડુંક (એક ગ્લાસ) પાણી

પીવડાવીને કરો. (વસાએલુશ્શીઆ, કિતાબે નિકાહ, ભાગ ૧૯)

**‘સિલે રહમ’ના દરજ્જા :-**

શહીદે સાની અલયહિર રહમાએ ‘સિલે રહમ’ ના દરજ્જાનું વર્ણન આ પ્રમાણે કર્યું છે : રિવાયતોથી જાણવા મળે છે કે સિલે રહમનો સૌથી ઉંચો દરજ્જો એ છે કે સગાં વહાલાને પોતાના નફસની જેમ જ સમજીને તેમની સાથે વ્યવહાર કરે, એટલે કે માણસ જે કાંઈ પોતાના માટે ઇચ્છે તે જ પોતાના સગાં વ્હાલાં માટે પણ ઇચ્છે.

(૨) આ પછી બીજો દરજ્જો એ છે કે સગાંવ્હાલાં પર કોઈ મુસીબત કે તકલીફ આવે તો તેને દૂર કરે.

(૩) ત્રીજો દરજ્જો એ છે કે તેઓને ફાયદો પહોંચાડે. તેનો અર્થ એ થયો કે જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી સગાં-વ્હાલાંને જાએઝ અને હલાલ રીતે ફાયદો પહોંચાડવા માટે ચિંતીત રહે. (તેઓને નોકરી કે ધંધો અપાવીને આર્થિક ફાયદો પહોંચાડે. દીની અને મઝહબી વાતો સમજાવીને

આખેરતનો ફાયદો પહોંચાડવાનું માધ્યમ બને.)

(૪) ચોથો દરજ્જો પોતાના વડીલ અને સગાં તેમ જ એવા સંબંધીઓ જેનું ભરણ પોષણ પોતાની ઉપર વાજીબ હોય (જેમકે ભાભી અને સાવકી મા, જેનું ભરણ પોષણ ભાઈ અને બાપ પર વાજીબ છે.) તેઓની સાથે સદવ્યવહાર કરે.

'સિલે રહમ' નો મામુલી દરજ્જો સલામ કરવી છે અને તેનાથી નીચો દરજ્જો સલામ પહોંચાડવી છે. ત્યારપછી સાવ

ઓછામાં ઓછો દરજ્જો સગાંવ્હાલાંની ગેરહાજરીમાં તેમના માટે દુઆ કરવી અને તેમની હાજરીમાં તેમની સારી બાબતો અંગે તેમની પ્રશંસા કરી તેમનો ઉત્સાહ વધારવો છે.

**‘કત્એ રહમ’ કોને કહેવાય ? :-**

જે રીતે ‘સિલે રહમ’ નો અર્થ સમજવા માટે લોકમતને અધિકૃત સમજવામાં આવે છે તેવી જ રીતે ‘કત્એ  રહમ’ નો અર્થ જાણવા માટે પણ લોકોનો અભિપ્રાય ધ્યાનમાં લેવો જોઈએ. જો સમાજના

લોકોની દ્રષ્ટિએ સલામ ન કરવી, મૂખ ફેરવી લેવું, વાતચીત ન કરવી (અબોલા લેવા), આદર સત્કાર ન જાળવવો, આ બધી બાબતો ‘કત્એ રહમ’ ગણાતી હોય, તો શરીઅતની દ્રષ્ટિએ પણ તે ‘કત્ઓ રહમ’ ગણાશે. જેમ કે પત્રનો જવાબ ન લખવો, લોકો સાથે હળવું મળવું નહીં, બીમારના ખબર અંતર ન પૂછવા, સફરમાંથી આવે ત્યારે મળવા માટે ન જવું. વગેરે બાબતોને જો લોકો સાથે સગાં-વ્હાલાંના હકનું ઉલ્લંઘન ગણતા હોય તો

એ બધી બાબતો પણ 'કત્એ રહમ' ની વ્યાખ્યામાં આવી જશે.

**નીકટના અને દૂરના સગાં સાથે 'કત્એ રહમ'નું ધોરણ :-**

એ વાતમાં શંકાને સ્થાન નથી કે લોકોની નજરોમાં નીકટતા અને દૂરના સગાં સાથે 'સિલે રહમ' અને 'કત્‌એ રહમ' નું ધોરણ જુદું હોય છે. એવું પણ બને છે કે અમુક પ્રકારનો વ્યવહાર એક સગાં સાથે કત્‌એં રહમ ગણાય પણ તે જ વ્યવહાર બીજા સાથે કરવામાં આવે તો તેને કત્‌એ

રહમ ન પણ ગણાય. એમ પણ બને કે કોઈ શિક્ષિત અને મુત્તહકી સગા સાથે કોઈ વર્તાવ ‘કત્એ. રહમ’ ગણાય. અને એ જ વર્તાવ બીજા સાથે ‘કત્એ રહમ’ ન પણ ગણાતો હોય. અલબત્ત, જયારે અમુક વ્યવહાર ‘કત્એ રહમ’ છે કે નહીં તે નક્કી ન થઈ શકતું હોય ત્યારે તેવો વ્યવહાર કરવાનું ટાળવું જોઈએ. અને એ વાતથી ડરવું જોઈએ કે ક્યાંક તે ‘કત્એહ રહમ’ અને ગુનાહે કબીરા ન થઈ જાય.

**ગરીબ સગાં સાથે તકબ્બુર – ‘કત્એવ રહમ’ :-**

કોઈ શ્રીમંત અને ઉંચા મોભાવાળો હોવા છતાં પોતાના ગરીબ સગાં સાથે સારો વર્તાવ ન કરે એટલું જ નહીં, તેમને પોતાના સગાં પણ ન સમજે અને તેમની સાથે (તકબ્બુર) ઘમંડથી વર્તે, તેમ જ બીજા શ્રીમંત સગા સાથે સારો વ્યવહાર રાખે તો તે સૌથી ખરાબ કત્એબ રહમ છે. આ પ્રકારનો વ્યવહાર કરનાર સગપણનો સાચો હક અદા કરતો નથી, પણ તેની

નજરોમાં ફક્ત માલે દુનિયા જ છે. તેણે માત્ર હકીર અને તુચ્છ દુનિયાને જ ભરોસાપાત્ર ગણી લીધી છે. આવો વ્યવહાર કરનારે સગાં વ્હાલાંનો હક કઈ રીતે અદા કર્યો ગણાશે ?

## ‘સિલે રહમ’ કેટલી હદ સુધી વાજીબ ?

‘સિલે રહમ’ નું આટલું મહત્વ જાણ્યા પછી સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થાય કે ‘સિલે રહમ’ કેટલા પ્રમાણમાં વાજીબ છે ? તો તેનો જવાબ એ છે કે ‘સિલે રહમ’ એટલો ઓછો ન કરવો જોઈએ કે જેથી

લોકો ‘કત્એ રહમ’ કરનાર સમજે. તેવા કાર્યો બજાવી લાવવા શરઈ રીતે વાજીબ છે. દાખલા તરીકે કોઈ સગાં જે એટલા બધા ગરીબ હોય કે પોતાની રોજીંદી જરૂરીયાતોને પણ પૂરી કરી શક્તા ન હોય, તે બીમારીની સારવાર માટે, અથવા કર્ઝ (દેવું) ભરપાઈ કરવા માટે પોતાના દૌતલમંદ અને સધ્ધર ગણાતા વડીલ / સગાં પાસે મદદ માંગે તો તેને મદદ કરવી વાજીબ છે. આ કિસ્સામાં જો ગરીબ સગાંને મદદ કરી તેની હાજત પૂરી

કરવામાં ન આવે, તો તે 'કત્એ રહમ' છે, જે ગુનોહ છે.

તેવી જ રીતે જયારે એ વાતની જાણ થઈ જાય કે મારા અમુક વડીલ કે સગાંને ફલાણી વસ્તુની જરૂર છે અને તે જરૂરત હું પૂરી કરી શકું તેમ છું, ત્યારે પણ એ સગાંની જરૂરત પૂરી કરવી વાજીબ થઈ જશે. પરંતુ જો સગાંની મદદ કરવા જતાં પોતાને તંગદસ્તી, મુશ્કેલી કે પરેશાનીમાં ફસાઈ જવાનો ડર હોય, તો મદદ કરવી વાજીબ નથી. આવી જ રીતે સગાં-વ્હાલાં

સાથે ‘સિલે રહમ’ કરવા જતા પોતે ગુનાહોમાં ફસાશે એવો ડર હોય તો પણ ‘સિલે રહમ’ કરવો વાજીબ થશે નહીં. જેમકે કોઈ સંબંધી લાંબી સફરમાંથી પાછા ફર્યા હોય અને ‘સિલે રહમ’ કરનાર તેના ઘરે જાય (જે લોકોની દ્રષ્ટિએ જરૂરી સમજાય છે) તો તેનાથી ગુનાહ થઈ જાય તેમ હોય (દાખલા તરીકે ગાયન, ગીત, સંગીત, સાંભળવું પડે કે ત્યાં બેપર્દગી હોય) તો તેવા સંજોગોમાં સિલે રહમ વાજીબ નથી.

**‘સિલે રહમ’ અને ‘કત્એ રહમ’નું ધોરણ:**

જયારે શંકા થાય કે આ સંજોગોમાં ‘સિલે રહમ’ વાજીબ હશે કે નહીં ત્યારે આમ જનતાનો અભિપ્રાય શું છે તે જોવું જોઈએ. જો આમ જનતા તેને ‘કત્એ રહમ’ ગણે, તો તેવા કામથી બચવું જોઈએ.

ટુંકમાં કહીએ તો ‘સિલે રહમ’ અને ‘કત્એત રહમ’ નું ધોરણ આમ જનતાનો અભિપ્રાય છે. લોકો સલામ ન કરવા, થોડી ઘણી નેકી ન કરવા સાધારણ હાજત પૂરી ન કરવા અને મળવા હળવા ન જવાને

‘કત્એ રહમ’ ગણે તો તે ‘કત્એ રહમ’ છે. અને તે કાર્યો કરવાને ‘સિલે રહમ’ ગણે તો તે ‘સિલે રહમ’ છે.

**કેટલાક સગાં સાથે ‘સિલે રહમ’ વાજીબ નથી, મુસ્તહબ છે:-**

ક્યારેક એવું બને છે કે કોઈ ખૂબ જ દૂરના સગાં સાથેનો કોઈ સારો વ્યવહાર લોકોની દ્રષ્ટિએ ‘સિલે રહમ’ ન હોય, છતાં એ વાત ખાત્રી પૂર્વક કહી શકાય કે એ કામ કરવું વાજીબ નહીં, તો મુસ્તહબ તો ચોક્કસ થશે. આ ઉપરાંત જયારે એવી દ્વિધા

(મુંઝવણ) ઊભી થાય કે (સિલે રહમ માટે) અમુક કામ કરવું વાજીબ થતું હશે કે નહીં, ત્યારે એવો (માર્ગ શોધીને) વ્યવહાર કરવો જોઈએ કે જેનાથી ખાત્રી થઈ જાય કે એ કામ કરતા ગુનાહે કબીરા થશે નહીં.

**‘કત્એ રહમ’ કરનાર સાથે પણ ‘કત્એ રહમ’ કરવું હરામ છે:-**

સમાજમાં મોટે ભાગે એવું જોવા મળે છે કે જયારે કોઈનો હક તેના બીજા સગાં સાથે અદા કરતા નથી અને તેની સાથે ‘કત્એ રહમ’ કરવા માંડે છે. ત્યારે જવાબમાં

પહેલા સગાં તેની સાથે કૌટુંબિક સંબંધો તોડી નાખે છે. અને એમ કરીને પોતે હક ઉપર છે, તેમ માને છે. આ વ્યવહાર શરઈ દ્રષ્ટિકોણથી હરામ છે. હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઇરશાદ ફરમાવે છે :

"તમારા સગાંવ્હાલાં તમારી સાથે 'કત્એછ રહમ' કરે (સંબંધો તોડી નાખે તો પણ તમે (તેઓ સાથે) 'કત્એ રહમ' ન કરો."

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામનું એક ફરમાન :-

અબ્દુલ્લાહ ઇબ્ને સનાન કહે છે કે મેં હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં અર્ઝ કરી : મારા એક પિતરાઈ ભાઈ છે, હું તેમની સાથે 'સિલે રહમ' કરીને સંબંધો જાળવવા માંગું છું, પણ તેઓ મારી સાથે 'કત્એ રહમ' કરે છે અને સંબંધો તોડી નાખવા માંગે છે. (મૌલા) હવે તો હું તેમના એ વ્યવહારથી કંટાળી ગયો છું અને તેમની સાથેના સંબંધો તોડી નાખવા

માંગું છું. શું આપ મને એ વાતની ઇજાઝત આપો છો ?

ઈમામ અલયહિસ્સલામે જવાબમાં ફરમાવ્યું :

"(યાદ રાખ) જો તેં તારા એ સગાંની કત્એ રહમની વર્તણુંક હોવા છતાં સિલે રહમ કર્યો (તો બનવા જોગ છે કે કોઈને કોઈ દિવસ તેની ઉપર અસર થાય અને તે પણ સંબંધી તરીકેનો તારો હક અદા કરે) અને તમારા બંને ઉપર રહેમતે ઇલાહી નાઝિલ થાય અને જો તું પણ તારા

પિતરાઈ ભાઈ સાથે સંબંધો તોડી નાખીશ, તો તમે બંને રહમતે ઇલાહીથી વંચિત રહી જશો. (કાફી)

**બુરાઈનો બદલો નેકી :-**

હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

"જો કોઈ તમારી સાથે ખયાનત, બેઈમાની (દગો) કરે તો તમે તેની સાથે ખયાનત ન કરો, નહીંતર તમે પણ તેની જેવા થઈ જશો. તેવી જ રીતે તમારા સગાંવ્હાલાં સાથે સંબંધો તોડી ન નાખો,

ભલે તેઓ તમારી સાથે સંબંધો તોડી નાખે. (બેહારૂલ અન્વાર)

જો તમે સંબંધો તોડી નાખશો તો તમે પણ તેની જેવા (તમારી સાથે સંબધો તોડી નાખનાર સગાં જેવા) જ થઈ જશો.

આ જ પ્રમાણે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે બુરાઈની સામે ભલાઈ કરવાની પ્રેરણા આપતા ફરમાવ્યું :

‘શું તમે ઇચ્છો છો કે હું તમને એ વાત કહું જે તમને દુનિયા અને આખેરત બંનેમાં ખૂબ જ ફાયદારૂપ થશે ?’

લોકોએ કહ્યું : હા, અય અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ જરૂર ઇરશાદ ફરમાવો

આપે જવાબમાં ફરમાવ્યું : એ ત્રણ ખાસીયતો છે :

(૧) જે ‘કત્એ રહમ’ કરે, તેની સાથે સિલે રહમ કરો.

(૨) જેણે તમને વંચિત રાખ્યા (એટલે કે કંઈ ન આપ્યું) તેને આપો.

(૩) જેણે તમારી ઉપર ઝુલ્મો સિતમ ર્ક્યો હોય તેને માફ કરી દો.

**કાફિર કે મુસલમાન સગાં સાથે 'કત્એ રહમ' :-**

માઅસુમીન અલય્હેમુસ્સલામની રિવાયતોથી જાણવા મળે છે કે સગાંવ્હાલાંના હક અદા કરવા અનિવાર્ય છે. સગાંવ્હાલાં શીઆ હોય કે સુન્નીલ, મુત્તમકી અને પરહેઝગાર હોય કે ફાસિક-

ફાજિર હોય. એટલે સુધી કે સગાં મુસલમાન હોય કે કાફિર. તેનો હક અદા કરી 'સિલે રહમ' કરવો જરૂરી છે. કોઈ મુસલમાન, સગાં કાફિર થઈ જતા તેના સગાં તરીકેનો હક પૂરો થઈ જતો નથી. ઇબ્ને હમીદે ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પ્રશ્ન કર્યો :

મારા સગાં મારા મઝહબ પર નથી, શું તેઓનો મારા પર કોઈ હક છે ?

હઝરતે જવાબમાં ફરમાવ્યું : કેમ નહીં, સગાં વ્હાલાંનો હક કોઈ પણ કારણોસર

પૂરો થઈ જતો નથી. (ભલે પછી તે સગાં કાફિર પણ કેમ ન હોય) હા, જો સગાં મુસલમાન હોય, તો તેને બે હક પ્રાપ્ત થાય છે : પહેલો હક સગપણનો અને બીજો હક મુસલમાન હોવાની હેસિયતનો.

**છઠ્ઠા ઈમામ અલય્હિસ્સલામ અને દાવૂદે રીક્કી :-**

દાવૂદ રીક્કી કહે છે :

હું હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં બેઠો હતો.

આપે પોતે જ વાતચીતનો આરંભ કરતા ફરમાવ્યું :

'અય દાઉદ, ગુરૂવારના દિવસે તેં કરેલા કાર્યો મારી સમક્ષ રજૂ કરવામાં આવ્યા.' મેં તારા કાર્યો જોયા, તેમાં તે તારા પિતરાઈ ભાઈ સાથે જે 'સિલે રહમ' નું વર્તન કર્યું હતું તે જોયું, ત્યારે મને ઘણી જ ખૂશી થઈ. અલબત્ત મને એ વાતની ખબર છે કે તેં આ (તેનો કત્એ રહમ હોવા છતાં) 'સિલે રહમ' કર્યો છે. જાણી લે કે તારા પિતરાઈ

ભાઈનું મૌત નઝદીક છે. કારણ કે તેણે ‘કત્એ રહમ’ કર્યો છે.

**ઈમામ સાદિક અલય્હિસ્સલામના સહાબી દાઉદ કહે છે :**

‘મારો પિતરાઈ ભાઈ મારી સાથે દુશ્મની રાખતો હતો. અને ખૂબજ હલ્કો અને નીચ માણસ હતો. તેની આર્થિક હાલત તંગ હોવાની મને જાણકારી મળી. ત્યારે હું મક્કા પહોંચ્યો, ત્યાં જઈને તેને મેં જીવન નિર્વાહ કરી શકે તેટલી રકમ આપી. આ મારો એ અમલ હતો જે ઈમામ

અલય્હિસ્સલામની ખિદમતમાં રજૂ કરવામાં આવ્યો. (મોઅમિનોનું આમાલનામું અઠવાડિયામાં બે વખત ઇમામે વકત સમક્ષ મલાએકા રજૂ કરે છે.) અને હું મદીના પહોંચ્યો ત્યારે ઇમામે મને તેની ખબર આપી.' (બેહારૂલ અન્વાર)

**દુશ્મન સગાં સાથે ઈમામ અલય્હિસ્સલામનો વ્યવહાર :**

દુશ્મન અને કાફિર સગાં સાથે પણ સંબોધો તોડી નાખવા ન જોઈએ. આ વાતના સમર્થનમાં અઇમ્મા અલય્હેમુસ્સલામના

જીવનના કેટલાક બનાવ આપણને જાણવા મળે છે. અઇમ્મા અલય્હેમુસ્સલામના કેટલાક સગાં એવા હતા જે હકથી વિમૂખ થઈ ગયા હતા. એટલું જ નહીં, બલ્કે ઈમામ અલય્હિસ્સલામના જાની દુશ્મન થઈ ગયા હતા. જોકે ઈમામ અલય્હિસ્સલામની દુશ્મની કુફ્ર છે. તેમ છતાં ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે હસન અફતસને ૭૦ (સિત્તેર) દીનાર આપવાની વસીયત ફરમાવી હતી. હસન અફતસ ઈમામ

અલયહિસ્સલામનો એટલો મોટો દુશ્મન હતો કે તેણે ઈમામ અલયહિસ્સલામની સામે તલવાર ઉગામી હતી. દુશ્મન સાથેનો આવો સદવ્યવહાર ઈમામ અલયહિસ્સલામના તેની સાથેના સગપણના કારણે હતો.

અબ્દુલ્લાહ ઇબ્ને હસન, છઠ્ઠા ઈમામ અલયહિસ્સલામનો એક સગો હતો, તેણે આપ સાથે (મઆઝઅલ્લાહ) ઝઘડો કર્યો હતો અને આપની સામે જેમ તેમ બોલ્યો હતો. આ એ માણસ હતો જેણે ઈમામ

અલય્હિસ્સલામ પાસે પોતાના પુત્ર મોહમ્મદની બયઅતની માંગણી પણ કરી હતી. તેના આવા દુર્વ્યવ્હાર પછી પણ ઇમામે તેની વિરૂધ્ધમાં ‘કત્એ રહમ’ ની શંકા પણ થઈ શકે તેનું કાંઈ કર્યું હોય, તેવું જોવા કે જાણવા મળતું નથી.

**અબ્દુલ્લાહ હસની સાથે ઈમામ અલય્હિસ્સલામની વાતચીત :-**

ઈમામ અલય્હિસ્સલામના એક સગાંનું નામ અબ્દુલ્લાહ હતું. એક દિવસ છઠ્ઠા ઈમામ અલય્હિસ્સલામ મદીનાની એક

ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તે ઈમામ અલય્હિસ્સલામને મળ્યો. તેણે ઈમામ અલય્હિસ્સલામ સાથે નકામી ચર્ચા શરૂ કરી અને ઈમામ અલય્હિસ્સલામની વિરૂધ્ધ જેમ તેમ બકવા લાગ્યો. આ પરિસ્થિતિ જોઈને આજુ બાજુમાં લોકો ભેગા થઈ ગયા. અબ્દુલ્લાહની 'કત્એ રહમ' ભરી અને આડી અવળી વાતોનો જવાબ ઇમામે ખૂબ જ વિનય પૂર્વક આપ્યો. બીજે દિવસે ઈમામ

અલય્હિસ્સલામ તેને હિદાયત કરતા માટે તેના ઘરે પહોંચ્યા અને ફરમાવ્યું :

"ગઈ રાતે મેં કુરઆને મજીદની આ આયત ‘વલ્લઝીન યસેલૂન મા અમરલ્લાહો બેહી અંય યૂસલ....'

જેની સાથે સંબંધો જોડવાનો (એટલે કે સિલે રહમ કરવાનો) હુકમ ખુદાએ આપ્યો છે તેને (જોડતા રહે છે) કાયમ રાખે છે.” (૧૩-૨૧)

વાંચી અને મને ખૂબ જ ડર લાગ્યો. આ વાત સાંભળીને અબ્દુલ્લાહ સમજી ગયો કે

ઈમામ અલય્હિસ્સલામ મને હિદાયત કરે છે. તેણે રડતાં રડતાં કહ્યું હું એ આયત વિસરી ગયો હતો  ત્યાર પછી હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ અને અબ્દુલ્લાહ એક બીજાને ભેટી પડયા. (કિતાબે કાફી)

**સાદાતે હસની ઉપર ઝુલ્મ વિશે હઝરત ઇમામે સાદિક અલય્હિસ્સલામનો રંજો ગમ :**

જયારે મન્સૂર દવાનીકીએ અબ્દુલ્લાહે મહઝ અને બીજા કેટલાય હસની સાદાતને

પકડીને કૂફાના કૈદખાનામાં મોકલી આપ્યા ત્યારે ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને ખૂબ જ દુ:ખ થયું. જો કે એ લોકો ઈમામ અલય્હિસ્સલામના વિરોધી હતા. આ બનાવથી ઈમામ અલય્હિસ્સલામને એટલો સદમો થયો હતો કે આપ વીસ દિવસ સુધી બિસ્તર ઉપરથી ઉભા થઈ શક્યા ન હતા. આપે તે કૈદીઓ માટે અફસોસ અને સાહનુભૂતી ભર્યો એક લાંબો પત્ર તેમને લખ્યો હતો. અને તેઓની હાલત વિશે સતત વાકેફ રહેતા

હતા. તે બધા કૈદીઓની હાલત અંગે આપ અવાર નવાર રૂદન કરતા હતા.

**કેટલાક કાફર સગાં સાથે ‘સિલે રહમ’ થઈ શકે છે :-**

નિસંદેહ ઇસ્લામમાં સિલે રહમ વાજીબ છે, અને ‘કત્એ રહમ’ હરામ છે. એટલે સુધી કે કેટલાક કાફર સગાં સાથે ‘સિલે રહમ’ કરવામાં કોઈ વાંધો નથી. વાસ્તવમાં કાફર તથા મુસલમાન અને એવી જ રીતે ફાસિક અને મુત્તટકી સગાં વચ્ચે ‘સિલે રહમ’ ની બાબતમાં કોઈ ફર્ક નથી. કોઈ

એવું ન વિચારે કે કાફરો સાથે દ્વેષ રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે, તો તેમની સાથે સિલે રહમ કઈ રીતે શક્ય બને ? અહીં એક વાત સમજવા જેવી છે કે સિલે રહમનો સંબંધ એવા વર્તન અને અમલ સાથે કરવો જોઈએ જેને જોઈને લોકો કહે કે તેણે સગાં સંબંધો તોડી નાખ્યા નથી. કાફરો સાથે બુગ્ઝ રાખવાનો અર્થ દય પૂર્વકનો દ્વેષ (બાતેની બુગ્ઝ) રાખવાનો છે. એટલે કે માણસ અમલી રીતે 'સિલે રહમ' કરે, પણ સગાં કાફર

હોવાથી (તેમના પ્રત્યે) દિલમાં દ્વેષ અને નફરત રાખે.

**કાફર સગાંના ઝુલ્મમાં મદદ ન થવી જોઈએ :-**

અલબત્ત, જો કાફર સગાં સાથે 'સિલે રહમ' કરવાથી તેનું કુફ્ર મજબુત થતું હોય અથવા કોઈ ગુનેહગાર અને વ્યભિચારી સગાંના વ્યભિચાર અને ગુનાહમાં વૃધ્ધિનું કારણ બનતું હોય, તેવી જ રીતે 'સિલે રહમ' ન કરવાથી કુફ્ર

અથવા ગુનાહ ઓછા થવાનો સંભવ હોય, તો ‘કત્એ રહમ’ કરવું વાજીબ છે.

આ બાબત ‘નહીં અનિલ મુન્કર’ ના હુકમ મુજબ બની જશે. પરંતુ ‘સિલે રહમ’ ન કરવા છતાં કુફ્ર, ઝુલ્મ, ગુનાહ અને દુરાચારમાં કોઈ ફર્ક ન પડતો હોય તો ‘સિલે રહમ’ કરવાનું છોડી દેવું હરામ થઈ જશે.

દીનના દુશ્મનોથી દૂર રહેવું :-

બીજી એક પરિસ્થિતિમાં પણ ‘કત્એ રહમ’ કરવું વાજીબ થઈ જાય છે. જયારે

કાફર અથવા ફાસિક સગાં દીને ઇસ્લામની દુશ્મની કરવા લાગે, ત્યારે ‘કત્એ રહમ’ વાજીબ છે.

સુરએ મુજાદીલહમાં ઇરશાદે ખુદાવંદી છે :

“જે લોકો અલ્લાહ તથા કયામત પર ઈમાન રાખે છે, તેમને તું એવા લોકો સાથે મિત્રતા રાખતા નહીં જુવે કે જેમણે અલ્લાહ તથા તેના રસૂલની અવગણના (દુશ્મની) કરી હોય, (પછી ભલેને) તેઓ તેમનાં બાપદાદા હોય અથવા તેમનો પુત્ર, પૌત્ર

અથવા તેમના ભાઈ ભાંડુ અથવા તેમના સગાં સંબંધીઓ (કેમ ન હોય) ?" (૫૮-૨૨)

ઉપરની આયએ શરીફાથી સ્પષ્ટ થાય છે કે જો સગાં ખુદા, હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને દીને ઇસ્લામના દુશ્મન હોય, તો તેની સાથે 'કત્અે રહમ' વાજીબ છે, ભલે પછી તે ગમે તેટલા નજીકના સગાં કેમ ન હોય ?

જાહેરી દુશ્મની ન હોય તો 'સિલે રહમ' વાજીબ છે :-

સુરએ મુમ્તહેનામાં ઇરશાદ થાય છે :

"જે લોકો દીનના સંબંધમાં તમારી સાથે લડયા નથી અને તમને તમારા ઘરોમાંથી કાઢયા પણ નથી, તેમની સાથે નેકી કરવા અને ન્યાયથી વર્તવાની અલ્લાહ તમને મનાઈ કરતો નથી, બેશક અલ્લાહ ન્યાય કરનારાઓને મિત્ર રાખે છે. અલ્લાહ તમને માત્ર તે લોકો સાથે મિત્રતા ધરાવવાની મનાઈ કરે છે કે જે તમારી સાથે દીનના સંબંધમાં લડયા, તથા તમને તમારા ઘરોમાંથી કાઢી મૂક્યા તથા તમને કાઢવામાં (બીજાઓના) મદદગાર બન્યા,

છતાં જો તેવાઓને દોસ્ત રાખે તેઓ જ (ખરેખરા) ઝુલ્મગાર છે.” (૬૦ : ૮/૯)

ઉપરની બંને આયતોથી સ્પષ્ટ થાય છે કે જો સગાં જાહેરી દુશ્મની ન કરે, તો ‘સિલે રહમ’ કરવું વાજીબ છે.

‘સિલે રહમ’ માટે લાંબી મુસાફરી :-

ઇસ્લામની પવિત્ર શરીઅતમાં ‘સિલે રહમ’ માટે એટલી બધી તાકીદ કરવામાં આવી છે કે સગાં વ્હાલાંને મળવા માટે દૂર દૂરની લાંબી મુસાફરી કરવી પડે, તો પણ તેને મુસ્તહબ ગણવામાં આવેલ છે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે હઝરત અલી અલય્હિસ્સલામને ફરમાવ્યું :

"અય અલી અલય્હિસ્સલામ ! તમારા વાલેદૈન (મા-બાપ) સાથે નેકી કરવા માટે બે વર્ષની લાંબી સફર કરવી પડે તો કરો, જો તમારા સગાંવ્હાલાં સાથે 'સિલે રહમ' કરવા માટે એક વર્ષની લાંબી મુસાફરી કરવી પડે તો કરો, કોઈ બીમારના ખબર અંતર પૂછવા (અયાદત) માટે એક માઇલની મુસાફરી કરો અને કોઈના

જનાઝામાં શિરકત કરવા માટે બે માઇલ ચાલવું પડે, તો ચાલો તથા કોઈ મોઅમિન ભાઈની મુલાકાત માટે ચાર માઇલ દૂર જવું પડે, તો પણ જાવ.” (બેહારૂલ અન્વાર, જી.૧૬, પા. ૨૦)

આગળની રિવાયતોમાં એ વાતનો ઉલ્લેખ થઈ ચૂક્યો છે કે જે શખ્સ પોતાના સગાંવ્હાલાંને મળવા માટે સફર કરે તો તેના એક એક ડગલાના અંતર માટે તેને ચાલીસ હજાર નેકીઓનો સવાબ મળે છે, તેના ચાલીસ હજાર ગુનાહો માફ થાય છે.

અને તેના ચાલીસ હજાર દરજ્જા વધારવામાં આવે છે.’

સગાંવ્હાલાંથી વિખૂટા અને નઝદીક :-

રિવાયતમાં છે કે હઝરત અલી અલયહિસ્સલામે પોતાના સત્તાકાળ દરમિયાન પોતાના કારભારીઓને આ પ્રમાણે લખ્યું :

“તમારા સગાં વ્હાલાંને હુકમ આપો કે તેઓ હળી મળીને રહે પણ એક બીજાના પાડોશમાં ન રહે.” મરહૂમ નરાકી તેમની કિતાબ ‘મેઅરાજુસ્સઆદહ’ * માં આ

હદીસનું વિવરણ કરતાં લખે છે કે પાડોશમાં રહેવું એ દ્વેષ, હસદ (ઇર્ષા) અને કત્એ રહમ માટે કારણરૂપ બને છે. પરંતુ જયારે સગાં વ્હાલાં એક બીજાથી દૂર રહેતા હોય છે ત્યારે તેમની મિત્રતા જળવાય છે. અને એક બીજા પ્રત્યે વધારે સ્નેહભાવ રહે છે. એક ફારસી કહેવત છે : “દુરી વ દોસ્તી” એટલે કે દુરી (અંતર) અને દોસ્તી (મિત્રતા) એ બંને એક બીજાના પૂરક છે.

* આ કિતાબનો ગુજરાતી અનુવાદ ‘રાહે નજાત’ કરાંચી (પાકિસ્તાન)થી પ્રસિધ્ધ થયો છે.

રૂહાની પિતા સાથે ‘સિલે રહમ’ :-

બુધ્ધિશાળી લોકો એ વાત જાણે છે કે માનવની લાક્ષણિકતાની બે બાજુ હોય છે. (રૂહાની અને જીસ્માની) આધ્યાત્મિક અને શારીરિક માનવનું શારીરિક અસ્તિત્વ તેના મા-બાપ દ્વારા મળે છે, પરંતુ માનવને આધ્યાત્મિક્તા (રૂહાનીયત) પૈદા કરવા અને સમગ્ર દુન્યવી જીવન અને

આખેરતમાં સફળતા પ્રાપ્ત કરવા માટેના માર્ગદર્શનની આવશ્યક્તા રહે છે. જે કોઈ રૂહાની શિક્ષક પાસેથી જ મળી શકે છે. અને તે રૂહાની શિક્ષક તેનો રૂહાની પિતા ગણાય છે. મુસલમાનો માટે (દરેકના પોત પોતાના જીવન કાળમાં) રૂહાની પિતા, હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને હઝરત અલી અલય્હિસ્સલામ છે. તેઓની મોહબ્બત, ફરમાબરદારી અને ઇતાઅતની બરકત મુસલમાન માટે રૂહાની શ્રેષ્ઠતા પ્રાપ્ત

કરવાનું માધ્યમ બની શકે છે. જે મુસલમાન ખુદાવંદે આલમને માનીને હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને હઝરત અલી અલય્હિસ્સલામ જેવા રૂહાની પિતાના સુરક્ષિત કિલ્લામાં પ્રવેશી જાય છે. તેની રૂહાનીયત અમલી રીતે જાહેર થવા લાગે છે. એટલું જ નહીં તેનામાં છુપાએલી રૂહાનિયત પણ પ્રગટ થવા લાગે છે તેની ઉપર જ્ઞાન અને મઅરેફતના દ્વાર ખુલવા માંડે છે. તેના દિલમાં હિકમત અને

હકીકતના ઝરણાં વહેવા માંડે છે. તે પાક નિય્યત અને માનવતાભરી જિંદગી પ્રાપ્ત કરે છે. જો એ બુઝુર્ગ અને પવિત્ર હસ્તીઓ ન હોય, તો ઇન્સાનની રૂહ હેવાનીયત અને હેવાની ઝિંદગીથી આગળ વધી શકત નહીં અને ઇન્સાનીયત કદી સંપૂર્ણ થઈ શકત નહીં.

બેઅસતે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ - મહાન નેઅમત:-

જ્યાં સુધી ઇન્સાન, એ પાકીઝા હસ્તીઓના રૂહાની ફરઝંદ ન બને અને તેમની

મોહબ્બત અને વિલાયત જેવી નેઅમતો મેળવી ન લે ત્યાં સુધી રૂહને સંપૂર્ણતા મળતી નથી.

"બેશક, અલ્લાહે મોઅમિનો પર (મહાન) ઉપકાર કર્યો જયારે તેઓમાં તેઓમાંથી જ એક રસૂલ મોકલ્યો, જે તેમની સમક્ષ અલ્લાહની આયતો પડે છે. તથા તેમને પાક કરે છે. અને કિતાબ તથા હિકમત (સારૂં નરસું પારખવાનું જ્ઞાન) શીખવે છે. જો કે તેઓ આ પહેલા ખુલ્લી ગુમરાહીમાં હતા." (3-૧૬3)

કુરઆને મજીદની ઉપરોકત આયતથી એ જાણવા મળે છે કે, (ખુદા તરફથી) હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને મોકલવામાં આવ્યા તે કેટલી મહાન નેઅમત છે, અને ખુદાવંદે તઆલાનો મોઅમિનો પર મોટો અહેસાન છે. આમ, હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ જેવા રૂહાની પિતાને મોકલવા, મોઅમિન ઉપર ખુદાની સૌથી મોટી દેણ છે.

વિલાયતે એહલેબૈત અલય્હેમુસ્સલામ અને દુન્યવી નેઅમત :-

એક દિવસ યૂનુસ ઇબ્ને અબ્દુર રહેમાને હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને કહ્યું : "ખુદાવંદે તઆલાએ આપ એહલેબૈત અલય્હેમુસ્સલામની વિલાયત અને મોહબ્બતને, આપનો અમારી ઉપર હક ગણાવ્યો છે. મારી દ્રષ્ટિએ આ નેઅમત (એહલેબૈત અલય્હેમુસ્સલામની મોહબ્બત) દુનિયા અને દુનિયામાં મૌજૂદ તમામ

ચીજોથી બહેતર છે.” આ વાત સાંભળીને ઈમામ અલય્હિસ્સલામ નારાજ થયા અને ફરમાવ્યું :

“તમે આ ખોટો તર્ક કર્યો છે. દુનિયા અને દુન્યાની ચીજો(નું મુલ્ય) શું છે ? આ બધું ક્ષણિક ખાવા પીવા અને પહેરવા(ની વસ્તુઓ સિવાય) બીજું શું છે ? અને તે (વસ્તુઓ) ની સરખામણી અમારી મોહબ્બત સાથે કરી રહ્યા છો, જે એક કાયમી અને અનંત જીવન છે ?” (સફીનતુલ બેહાર, જી.૨, પા.૬૯૧)

મા-બાપના હક વિશેના પ્રકરણમાં એ વાતનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ થઈ ચૂક્યો છે કે રૂહાની પિતા દ્વારા પણ આક થવાય છે. જે કોઈ પોતાના રૂહાની પિતાનો હક અદા કરવામાં કસર કરે (મન ટૂંકુ રાખે) તે આપમેળે જ રૂહાની પિતાનો આક થઈ જાય છે. જો કે રૂહાની પિતાનો હક અદા કરવો એ બધા લોકોના ગજા અને શક્તિની વાત નથી. સામાન્ય લોકો માત્ર એટલું જ કરી શકે છે કે એ પવિત્ર હસ્તીઓનો બની શકે તેટલો હક અદા કરે

અને તેની સાથે પોતાની નમ્રતા અને લાચારી પણ દર્શાવે.

રૂહાની સગાં કોણ છે ? :-

આમ, આપણે જોયું કે રૂહાની સગાં સાથે પણ 'સિલે રહમ' વાજીબ છે. જેમ શારીરિક મા-બાપ સાથે 'કત્એ રહમ' હરામ છે. તેવી જ રીતે રૂહાની પિતા સાથે પણ 'કત્એ- રહમ' હરામ છે. હવે પ્રશ્ન એ થાય કે રૂહાની સગાં કોને કહેવાય ? આમ તો દરેક રૂહાની હસ્તી સગાં સંબંધીમાં ગણાય અને તે દરેકનો આપણા

(મોઅમિનો) ઉપર હક છે. એ તમામ રૂહાની સગાંમાં સૌથી ઉચ્ચ દરજ્જે રૂહાની પિતા (પયગમ્બર અથવા ઈમામ) હોય છે. અન્ય રૂહાની સગાંના બે પ્રકાર છે. એક તો એ રૂહાની હસ્તીઓના વંશજ જેઓ ‘સાદાત’ તરીકે ઓળખાય છે. રૂહાની હસ્તીઓનો બીજો પ્રકાર મોઅમિનો અને શીઆઓ છે. એ બધા રૂહાની હસ્તીઓના રૂહાની ફરઝંદો છે. અને તે સંબંધથી બધા પરસ્પર ભાઈઓ છે.

"ઇન્નામલ મુઅમેનૂન ઇખ્વતુન. મોઅમિનો પરસ્પર ભાઈ ભાઈ છે." (સૂ. હોજેરાત, ૪૯, આ.૧૦) આથી સ્પષ્ટ થયું કે તેમનો સિલસિલો કોઈને કોઈ રીતે રૂહાની પિતાથી મળે છે.

સાદાતના હક :-

અલ્લામા હીલ્લીએ તેમના ફરઝંદ ફખ્રૂ લ મુહક્કેકીન માટે 'કવાએદુલ એહકામ' નામની કિતાબનું સંપાદન કર્યું હતું, તે કિતાબના અંતે તેઓએ પોતાના ફરઝંદ માટે આ પ્રમાણે નસીહત લખી હતી :

"સાદાતની પાક નસ્લ સાથે 'સિલે રહમ' કરવો એ પણ તારી ફરજ છે. ખુદાવંદે આલમે આ હુકમની એટલી બધી તાકીદ કરી છે કે, સાદાતની દોસ્તીને અજ્રે રિસાલત એટલે કે હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની રિસાલતનો અજ્ર (બદલો) ગણાવવામાં આવ્યો છે. કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

"કુલ્લા અસ્અયલો કુમ અલય્હે અજરન ઇલ્લલ મવદ્દત ફીલ કુરબા"

(અય રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) કહે કે હું તો આ (રિસાલતના પ્રચાર) માટે તમારી પાસે કાંઈ મહેનતાણું નથી માંગતો પણ મારા કરાબતદારો (એહલેબૈત અલય્હેમુસ્સલામ)ની મોહબ્બત" (૪૨-૨૩)

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : 'હું ચાર પ્રકારના લોકોની શફાઅત કરીશ, ભલે (પછી) તેઓ દુનિયાવાળાઓના તમામ ગુનાહો પોતાની સાથે લાવ્યા હોય.'

(૧) એવો માણસ કે જેણે મારી ઝુર્રીયત અને નસ્લ (વંશ વારસો)ની મદદ કરી હોય.

(૨) અને એવો માણસ જેણે મારી નસ્લ પર તેમની તંગીના વખતે પોતાનો માલ ખર્ચ ક્યૉ હોય.

(૩) અને એવો માણસ જેણે જીભ અને દિલથી મારી નસ્લ સાથે મોહબ્બત કરી હોય.

(૪) અને એવો માણસ જેણે મારી ઝુર્રીયત જયારે દુશ્મનના હાથમાં ગિરફતાર હતી

અથવા બેઘર હતી ત્યારે તેમની મદદ કરી હોય.

પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઉપર કોઈનો કંઈ હક છે ?

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :

'કયામતનો દિવસ હશે ત્યારે એક મુનાદી અવાજ બુલંદ કરીને કહેશે કે અય લોકો, શાંતિ રાખો, મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ તમને કંઈ કહેવા માંગે છે.'

પછી નબી સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઉભા થઈને ફરમાવશે : “અય લોકો, જે કોઈ માણસનો કોઈ હક, કોઈ અહેસાન કે કોઈ કારેખૈર(નો બદલો) મારી ગરદન ઉપર હોય તો તે ઉભો થઈ જાય. હું તેને એ કાર્યનો બદલો આપીશ.”

એ લોકો કહેશે : “અમારા મા-બાપ આપના ઉપર કુરબાન થાય. અમારો કયો હક, કયો અહેસાન અને કઈ ભલાઈ (કારે ખૈર) ? પરંતુ ખરો હક, અહેસાન અને ભલાઈ તો (આપ) રસૂલ સલ્લલ્લાહો અલય્હે

વઆલેહી વસલ્લમનો સમગ્ર મખ્લૂક પર છે.”

**સાદાતની હુરમત અને જન્નતમાં ઉચ્ચ દરજ્જો :-**

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવશે :

“નહીં તમારો હક છે. તમારામાંથી જે કોઈએ મારી એહલેબૈત અલય્હેમુસ્સલામમાંથી કોઈની પણ, જે લોકોએ રહેણાંક અને મદદ પૂરી પાડી હોય, અથવા તેમની જરૂરતના વખતે

તેમને પોશાક (કપડાં) આપ્યા હોય અથવા તેઓ ભૂખ્યા હોય ત્યારે તેમને જમાડયા હોય, તો તે ઉભા થઈ જાય, તેઓને હું બદલો આપીશ.”

પછી ઉપર જણાવેલ કામ કર્યા હશે તેવા માણસો ઉભા થઈ જશે.

પછી ખુદા તરફથી અવાજ આવશે.

“અય મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ, અય મારા હબીબ, તમારો ખ્યાલ રાખીને આ લોકોથી નેકીનો બદલો મુકર્રર કરવામાં આવ્યો છે. હું તે

લોકોને તમે ચાહશો તેવી જગ્યા જન્નસતમાં આપીશ.”

પછી ખુદા તેઓને આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના પાડોશમાં એવી જગ્યા આપશે કે તેમની અને મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામની વચ્ચે કોઈ પર્દો નહીં હોય.

**બિરાદરે ઈમાનીના હક :-**

મોઅમિનો અને બિરાદરે ઈમાનીના હક્કો વિશેની ઘણી રિવાયતો મૌજૂદ છે. જેમાંથી અમે અત્રે કેટલીક રિવાયત પ્રસ્તુત કરીએ છીએ.

મોઅલ્લા બિન ખુનૈસે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને સવાલ ર્ક્યો: "મોઅમિન ભાઈઓના હકો ક્યા છે ?" આપે જવાબમાં ફરમાવ્યું :

મોઅમિન ઉપર સાત હકો વાજીબ છે. જો કોઈ મોઅમિન આ પૈકીનો એક હક પણ અદા ન કરે, તો એ તેણે ખુદાની ઇતાઅત

કરી નહીં ગણાય. અને તેને પરવરદિગારે આલમ તરફથી કંઈ જ બદલો નહીં મળે. મોઅલ્લાએ પૂછયું : એ સાત હક ક્યા ક્યા છે ? ઇમામે ફરમાવ્યું : મને ડર છે કે તું એ હકને યાદ તો રાખીશ, પણ તેની ઉપર અમલ નહીં કરે. મોઅલ્લાએ કહ્યું : લા કુવ્વત ઇલ્લા બિલ્લાહે (ઇન્શાઅલ્લાહ એવું નહીં થાય.)

પછી ઈમામ સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :

(૧) એક હક પૈકી સૌથી પહેલો હક એ છે કે તમે (તમારા) મોઅમિન ભાઈઓ માટે એ જ વસ્તુ પસંદ કરો, જે તમારા માટે પસંદ કરતા હો, અને એ વસ્તુ નાપસંદ કરો જે તમને પસંદ ન હોય. ઇમાંમે બાકીના ૬ (છ) હક્કો આ પ્રમાંણે વર્ણવ્યા.

(૨) બીજો હક એ છે કે તમે મોઅમિન ભાઈને ગુસ્સે કરવાથી દૂર રહો. તેની ખૂશી પ્રાપ્ત કરવાની કોશિષ કરો અને તેની વાતોને માંની લ્યો.

(3) ત્રીજો હક એ છે કે તમે મોઅમિનની જાન, માલ, જીભ અને હાથ - પગથી (બધીરીતે) મદદ કરો.

(૪) ચોથો હક એ છે કે મોઅમિનને માર્ગદર્શન આપો, તેની ભલાઈ માટેની વાત કહો.

(૫) જ્યાં સુધી મોઅમિન ભાઈ ભુખ્યો - તરસ્યો હોય, ત્યાં સુધ તમે તૃપ્ત ન થાવ. અને જ્યાં સુધી મોઅમિન ભાઈ પાસે યોગ્ય કપડાં ન હોય ત્યાં સુધી તમે પણ સારા કપડાં ન પહેરો.

(૬) છઠ્ઠો હક એ છે કે તમારી પાસે કોઈ ખાદીમ (નોકર) હોય, તો તેને તમારા મોઅમિન ભાઈની જરૂરત પૂરી કરવા (ખિદમત) માટે મોકલો.

(૭) મોઅમિન ભાઈનો સાતમો હક એ છે કે તે કસમ ખાય, તો તેની વાતને સાચી માનો, તે દાવત (જમવા માટેનું નિમંત્રણ) આપે તો કબૂલ કરો, તે બીમાંર પડે તો ખબર અંતર પૂછવા માટે જાવ. (ખુદાના ખાસ્તા) તેનો ઇન્તેકાલ થઈ જાય તો તેના જનાઝામાં

શિરકત કરો. અને તેની કોઈ જરૂરિયાત વિશે તમને જાણ થાય તો તે કહે એ પહેલા તેની જરૂરતને પૂરી કરો. (કાફી)

અઇમ્મા અલય્હેમુસ્સલામ સાથે સિલે રહમ

હઝરત ઈમામ અલી રઝા અલય્હિસ્સલામ ફરમાવે છે :

જે લોકો અમારી ઝિયારત ન કરી શકે તે અમારા ચાહનારા નેક દોસ્તોની ઝિયારત કરે. તેઓને અમારી ઝિયારત કરવાનો સવાબ મળશે. અને જે લોકો અમારી સાથે સિલે રહમ કરવા ચાહે અને ન કરી શક્તા

હોય, તો તેઓએ અમારા માનનારા નેક દોસ્તદારો સાથે સિલે રહમ કરવો જોઈએ. (આમ કરવાથી) તેમને સિલે રહમનો સવાબ મળી જશે.

મોઅમિન ભાઈની ઇઝઝત અને આદર કરવો, એ રૂહાની પિતા (અઇમ્મએ માંસુમીન અલય્હેમુસ્સલામ) ની ઇઝઝત અને સન્માન કરવા સમાન છે. તેવી જ રીતે મોઅમિન ભાઈની બેઇઝઝતી અને અપમાન કરવું એ રૂહાની પિતાની

બેઇઝઝતી અને અપમાન (કરવા સમાન) છે.

આ કારણોથી બિરાદરે મોઅમિનની ઇઝઝત કે બેઇઝઝતી કરવાની ઉંડી અસરોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ વિષયની વધુ ચર્ચા કરતા લંબાણ થઈ જશે તેથી અમે અહીં એ હકોનું સંક્ષિપ્તમાં વર્ણન કર્યું છે. પરવરદિગારે આલમ આપણને સિલે રહમ કરવાની અને બીજાઓના હક અદા કરવાની નેક તૌફીક અતા કરે. આમીન.

# આઠમો ગુનોહ
## યતીમનો માલ ખાવો


HAJINAJI.com

# આઠમો ગુનોહ

# યતીમનો માલ ખાવો

ગુનાહે કબીરા પૈકીનો આઠમો ગુનોહ ‘યતીમનો માલ ખાઈ જવો’ છે. જે બાળક હજુ બાલિગ થયું ન હોય અને તેના પિતાનું અવસાન થઈ જાય, તેને યતીમ કહેવામાં આવે છે.

હઝરતમોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ,હઝરતઅમીરૂલ મોઅમેનીન અયહિસ્સલામ, હઝરતમૂસા કાઝિમ અલય્હિસ્સલામ અને હઝરત

મોહમ્મદ તકી જવાદ અલય્હિસ્સલામ યતીમનો માલ ખાઈ જવાને ‘ગુનાહે કબીરા’ ગણાવે છે. આ એવો ગુનોહ છે જે ગુનોહ કરનારને ખુદાએ આતિશે જહન્નમને પાત્ર ગણાવ્યો છે. અને તેને જહન્નમનો અઝાબ આપવાનું વર્ણન આ શબ્દોમાં કરવામં઼ા આવ્યું છે.

“નિ:સંશય જે લોકો અન્યાયથી યતીમોનો માલ ખાઈ જાય છે. તેઓ પોતાના માટે પેટમાં અંગારા જ ભરે છે. અને જલ્દી

તેઓને ધગમગતી આગમાં ફેંકવામાં આવશે.” (૪-૧૦)

તફસીરે કબીરમાં છે કે “યતીમનો માલ ખાનાર કયામતના દિવસે ઉઠશે ત્યારે તેમના મુખ, કાન અને આંખોમાંથી આગની જવાળા નિકળી રહી હશે. તેમની એ હાલત જોઈને લોકો સમજી જશે કે આ એ માણસ છે જે દુનિયામાં યતીમનો માલ ખાઈ જતો હતો.” ઉપરની આયતમાં ‘સયસ્લવ્ન સઈરા’ એટલે ‘નજદીકમાં જહન્નમ વાસીલ થશે.’ થી સ્પષ્ટ થાય છે કે નાહક યતીમનો

માલ ખાઈ જવો, એ એક ગુનોહ છે, ભલે બીજા કોઈ ગુનાહો ન કર્યા હોવા છતાં માત્ર આ ગુનાહના પરિણામે જહન્નામની આગમાં સળગાવવામાં આવશે. તેમજ આ ગુનાહને મોટા ગુનાહો પૈકીના એક ગુનોહ ગણવામાં આવેલ છે.

ખુદાવંદે આલમ ઇરશાદ ફરમાવે છે : “અને યતીમોને તેમનો માલ આપી દો, અને ખરાબ વસ્તુ (માંલે હરામ) ને સારી વસ્તુ (માંલે હલાલ) ના બદલામાં ન લો, અને તેમનો માલ તમારા માલ સાથે

ભેળવીને ન ખાવ, કેમકે તે મોટો ગુનોહ છે.” (સૂ. નિસા, આ. ૨)

ખુદાવંદે આલમ એ વાતની સ્પષ્ટતા કરે છે કે જો તમે યતીમના સરપરસ્ત, વલી કે વારસદાર નક્કી થાવ, તો એ યતીમ, કુમળી વયના, નાબાલિગ હોય ત્યાં સુધી તેમનો માલ તેમના માટે ખર્ચ કરો અને તેમને (આર્થિક) તંગીમાં ન રાખો. અને પછી જયારે તે બાલિગ (શરઈ હુકમ પ્રમાંણે પુખ્ત વયના) થઈ જાય ત્યારે તેનો તમામ માલ તેમને આપી દયો.

અલ્લાહ તઆલાએ ચોખ્ખો હુકમ આપ્યો છે કે પાક વસ્તુના બદલામાં નજિસ વસ્તુઓ નહીં લેતા. એટલે કે તમારો પાક અને હલાલ માલ યતીમો માટે ખર્ચ કરવાને બદલે યતીમનો માલ તમારા માલમાં ભેળવીને તેને તમારા માટે નજીસ ને હરામ ન બનાવી દો. ટૂંકમાં એ કે યતીમના માલમાંથી એ તમામ પ્રકારનો ખર્ચ કરવાની મનાઈ કરવામાં આવી છે, જેના કારણે તેને નુકસાન થતું હોય. તેમજ

યતીમના કિંમતી માલની જગ્યાએ પોતાનો હલકમો માલ પણ રાખી શકાતો નથી.

આ જ સૂ. નિસાઅની નવમી આયતમાં ઇરશાદ છે.

“અને તે લોકોએ (આ વાતથી) ડરવું જોઈએ કે જેઓ પોતાની પાછળ (મરવા પછી) કમઝોર (નાના - નાના) બાળકો મૂકી જાય, તો (તેમના પાયમાલ થવાનો) તેમને કેવો ભય લાગે  તેથી તેમણે (યતીમ અને ગરીબ બાળકો પર સખ્તી કરવા વિશે) ખુદાથી ડરવું જોઈએ અને

તેમની સાથે સીધી રીતે વાતચીત કરવી જોઈએ.” (૪-૯)

તફસીરે મીઝાતમાં છે કે જો કોઈ શખ્સ યતીમના માલમાં દગો કરશે અને તેમની ઉપર ઝુલ્મ કરશે તો તેવો જ વ્યવહાર તેમની અવલાદ સાથે કરવામાં આવશે. આ એક એવી હૈરત અંગેઝ હકીકત છે જે વિશે કુરઆનમાં રહસ્યસ્ફોટ કરવામાં આવ્યો છે. કુરઆને મજીદમાં આ પ્રકારની બીજી ઘણી આયતો છે, જેમાં એ વાત સ્પષ્ટ રીતે જણાવવામાં આવી છે કે સારી

અને ખરાબ બાબતોની અસર આ દુનિયામાં જાહેર થતી હોય છે. અને ઇન્સાન પોતાને સારા કે ખરાબ અમલનું પરિણામ જોઈ લેતો હોય છે. ટૂંકમાં સારા અને ખરાબ કાર્યોની પ્રતિક્રિયા આયતથી જાણવા મળે છે કે 'તે કાર્યનું પરિણામ અને તેની પ્રતિક્રિયા માત્ર તે કાર્ય કરનાર પૂરતી સિમિત નથી રહેતી, પણ તેની અસર અને પરિણામ તેના સંતાનોને ભોગવવા પડે એવું પણ બને છે.'

જો કોઈ શખ્સ કોઈ બીજાની સાથે ખરાબ કે સારો વ્યવહાર કરે તો તેનો અર્થ એ થયો કે તેવો વ્યવહાર તેને (પોતાના માટે) પણ પસંદ છે. કારણ કે બીજા લોકો પણ છેવટે તો તેનો જેવા ઇન્સાન જ છે ને આ કોઈ વ્યક્તિ કે ઝાતની વાત નથી પણ સમગ્ર માનવજાતનો પ્રશ્ન છે. તેથી જ જો કોઈએ બીજા સાથે નેકી કરી, તો તેણે જાણે કે એ નેકી પોતાના માટે પસંદ કરી. તેણે નેકી કરીને એક એવી દુઆ કરી છે, જે કદી રદ થવાની નથી પણ કબૂલ થવાને પાત્ર

બનવાની છે. અને કોઈએ બીજાની સાથે બુરાઈ (દુર્વ્યંવ્હાર) કરી તો જાણે કે પોતાના માટે પણ બૂરાઈ પસંદ કરી છે. બિલ્કુલ આ રીતે ઇન્સાન જે ભલાઈ કે બુરાઈ બીજાના યતીમ બાળકોની સાથે કરશે, તેવી જ ભલાઈ કે બુરાઈ તેણે પોતાના બાળકો માટે પસંદ કરી ગણાશે.

એક જ કુટુંબના (લોહી સંબંધ વાળા) સગાં હોવાનો અર્થ એ છે કે તે કુટુંબના તમામ સભ્યોમાં સરખા પ્રકારનું લોહી છે. જે રીતે એક માણસના શરીરનાં એક ભાગમાંથી

લોહી ખાલી થઈ જાય, તો તુરત જ તે ભાગમાં બીજું લોહી આવી જાય છે. શરીરના એક ભાગમાં કોઈ વસ્તુનો સ્પર્શ થશે કે ખૂંચશે તો તેની અસર શરીરના તમામ ભાગો ઉપર થશે. આનો અર્થ એ થાય કે માણસ બીજા લોકો કે તેમના બાળકો સાથે જેવું વર્તન કરે છે તેની પ્રતિક્રિયા પો◌ાના કુટુંબ અને બાળકો પર થાય છે. ઇન્સાન દુનિયામાં અન્ય કોઈ સારા કામ કરે, તો ખુદા તેના કેટલાક ખરાબ અમલને નઝરઅંદાઝ કરી દે, તે

અલગ વાત છે. ખુદાવંદે આલમનો ઇરશાદ છે.

“અને જે મુસીબત તમારી ઉપર પડે છે તે તમારા પોતાના કારણે જ પડે છે અને (તેમ છતાં) તે (અલ્લાહ) ઘણું બધું માંફ કરી દે છે.”(૪૨ - ૩૦)

આથી તમાંરે યતીમો પર ઝુલ્મ ન કરવો જોઈએ. યતીમો સાથે વ્યવહાર કરતી વખતે આપણા દિલોમાં ખૌફે ખુદા હોવો જરૂરી છે. યતીમો સાથે પ્રેમથી વાતો કરવી જોઈએ. આ વાતનો સારાંશ એ છે કે

પોતાના મૃત્યુ પછી પોતાના બાળકો પર કોઈ ઝુલ્મ ન થાય તેમ ઇચ્છતો હોય, તો તેણે બીજા યતીમ બાળકોનો ખ્યાલ રાખવો જોઈએ. તકવા ઇખ્તયાર કરીને યતીમ ઉપર ઝુલ્મ કરવાથી બિલ્કુલ દૂર રહેવું જોઈએ. કેમકે બીજાના યતીમ બાળકો ઉપર ઝુલ્મ કરવો એ પોતાના બાળકો પર ઝુલ્મ કરવા સમાન છે. જેવું વર્તન યતીમ બાળકો સાથે કરવામાં આવશે અને તેનો હક બરબાદ કરવામાં આવશે, તેવું જ વર્તન તેના યતીમ બાળકો

અને વારસદારો સાથે પણ કરવામાં આવશે.

સૂ. નિસાઅની ઉપરની આયતથી સાબિત થાય છે કે યતીમનો માલ ખાઈ જવો અને તેનો હક માંરવો એ ગુનાહે કબીરા છે. અને તેના ભયંકર પિરણામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**યતીમનો માલ ખાનારનો દુનિયામાં બદલો :**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે કે

પરવરદિગારે આલમે યતીમનો માલ ખાનારની બે સજા રાખી છે.

(૧) પહેલી સજા આખેરતમાં આપવામાં આવશે તે આતિશે જહન્નમ (જહન્નમની આગ) છે.

(૨) બીજી સજા દુનિયામાં મળશે. જે વિશે કુરઆને મજીદમાં એનો ઇશારો કરેલ છે કે “અને તે લોકએ ડરવું (અને વિચારવું) જોઈએ કે જો તેઓ તેમના પછી (નાના - નાના) કમઝોર બાળકોને મૂકી જાય તો તેમની (કેવી) દયાજનક હાલત થાય.

તેથી તેઓએ (યતીમ અને ગરીબ બાળકો ઉપર) સખ્તી કરતાં ખુદાથી ડરવું જોઈએ અને તેમની સાથે સારી રીતે વાત કરવી જોઇએ." (૪-૯)

યતીમોના વારસ દારોને હુકમ આપવામાં આવ્યો છે કે યતીમો સાથેના વ્યવહારમાં તેઓ તટસ્થ રહે અને પોતાના બાળકો સાથે સારો વ્યવહાર થાય તેવું ઇચ્છતો હોય તો તેની સાથે સારો વ્યવહાર કરે.

પરવરદિગારે ત્યાર પછી આ હુકમ આપ્યો છે "પછી તેમણે યતીમ અને ગરીબ

બાળકો પર સખ્તી કરતા ખુદાથી ડરવું જોઈએ. અને તેમની સાથે સીધી રીતે વાત કરવી જોઈએ." (૪-૯)

આમ યતીમો સાથે પોતાની અવલાદની જેમ માંયાળુ અને પ્રેમભર્યું વર્તન રાખવું જોઈએ, અને તેમની સાથે ખૂબ જ નરમાંશથી વાત કરવી જોઈએ.

કુરઆને મજીદની ઉપરની આયતોમાં જે વાતનો ઉલ્લેખ છે તે જ વાત હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામ, હઝરત ઈમામ જઅફરે સાદિક

અલય્હિસ્સલામ અને હઝરત ઈમામ રઝા અલય્હિસ્સલામથી પણ રિવાયત છે. અને બીજી તફસીરોમાં પણ તેનો ઉલ્લેખ છે.

હઝરત અલી અલય્હિસ્સલામ ફરમાવે છે : “નિસંદેહ, યતીમનો માલ ખાનારને આ દુનિયામાં તેનો જલ્દી બદલો મળી જશે, અને આખેરતમાં પણ તેની સજા મળશે.” (બેહારૂલ અન્વાર)

હઝરત અલી અલય્હિસ્સલામનો ઇરશાદ છે કે :

"બીજાની અવલાદ સાથે નેકી કરો, જેથી તમારી અવલાદની સાથે (તમારા મર્યા પછી) નેકી કરવામાં આવે."

આ રિવાયતના પ્રકાશમાં જાણવા મળે છે કે જે કોઈ યતીમ પર ઝુલ્મ કરશે અથવા તેનો માલ ખાશે તો તેના પરિણામે તે (ઝુલ્મ કરનાર) ની અવલાદ પર પણ ઝુલ્મ થશે. જો કોઈ એમ ઇચ્છે કે પોતાના મૃત્યુ પછી પોતાની અવલાદ પર ઝુલ્મ ન થાય તો પોતે પણ બીજા યતીમ બાળકો પર ઝુલ્મ ન કરે.

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

“જે કોઈ ઝુલ્મ કરશે તો ખુદાવંદે આલમ તેની ઉપર અથવા તેની અવલાદ ઉપર અથવા તેની અવલાદની અવલાદ ઉપર એક ઝુલ્મ કરનાર નક્કી કરશે.”

**તે વાત અદલે ઇલાહીથી વિરૂધ્ધ નથી.**

ઉપરની વાતના અનુસંધાનમાં એ પ્રશ્ન થાય કે ઝુલ્મ તો કોઈ બીજાએ કર્યો છે, યતીમનો માલ અન્ય કોઈએ ખાધો છે તો આ બાળકો (જેની ઉપર ઝુલ્મનો બદલો

લેવાશે) નો શો વાંક ? તેને ક્યા ગુનાહની સજા મળે છે ? કેમકે એ બાળકોએ કંઈ ગુનાહ કર્યા નથી, તો પછી શું એ અદલે ઇલાહી (અલ્લાહ તઆલાના અદલ ઇન્સાફ કે ન્યાય) ની વિધ્ધતાની વાત નથી ?

ઉપરના પ્રશ્નોનો જવાબ બહુ જ સહેલો છે. ઝુલ્મ કરનારની અવલાદ ઉપર ખુદાએ જે ઝાલિમ નિયુક્ત કર્યો છે, તેનો અર્થ એ નથી કે ખુદા ઝુલ્મ કરનારની અવલાદ ઉપર પોતાના તરફથી એક ઝાલિમ નિયુક્ત કરે છે, પણ તેનો અર્થ એ છે કે જો

કોઈ તેની (યતીમ પર ઝુલ્મ કરનારની) અવલાદ ઉપર ઝુલ્મ કરશે, તો ખુદાવંદે આલમ તેને બચાવશે નહીં. તેની અવલાદનું ઝાલિમોથી રક્ષણ કરવું એ અલ્લાહનો ફઝલો કરમ છે અને અહેસાન છે. અને તેના પિતાએ યતીમ પર ઝુલ્મ ર્ક્યો હશે તેથી અલ્લાહ પોતાનો ફઝલો કરમ અને અહેસન તેની ઉપર નહીં કરે. (કારણ કે) તેના પિતાએ (યતીમો માટે) ફઝલો કરમ અને અહેસાન પસંદ ર્ક્યો ન હતો.

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : જો પિતા નેક હોય તો ખુદાવંદે આલમ તેની અવલાદની હિફાઝત કરે છે. જે વિશે સૂ. કહફમાં ફરમાવે છે.

“અને તે દીવાલો (જે હઝરત ખીઝર અલયહિસ્સલામે બનાવી) તે શહેરના બે યતીમ છોકરાઓની હતી. અને તેની નીચે તે બે યતીમ છોકરાઓનો ખજાનો (દાટેલો) હતો. અને તે છોકરાઓનો બાપ એક નેક માણસ હતો. (તેથી જ તો)

તમારા પરવરદિગારે ઇચ્છયું કે તમારા પરવરદિગારની રહમતથી તે બંને છોકરાઓની યુવાનીની વય સુધી પહોંચે પછી, તમારા પરવરદિગારની મહેરબાનીથી પોતાનો ખજાનો કાઢી લે.” (૧૮-૮૨)

પરવરદિગારે આલમ તરફથી આ ફઝલો કરમ થવાનું કારણ એ હતું કે તે યતીમ છોકરાઓનો પિતા નેક અને સદાચારી હતો. કુરઆને શરીફની ઉપરની આયત અને પરવરદિગારે આલમે તે ઝમાંનાના

પયગમ્બરને યતીમના માલની રક્ષા માટે પ્રબંધ કરવા માટે આપેલ હુકમ પરથી સ્પષ્ટ થાય છે કે બાપ નેક હોવાના કારણે તેની અવલાદ ઉપર પરવરદિગારે આલમ ફઝલો કરમ કરે છે. આવી જ રીતે જો બાપ ઝાલિમ હોય, તો એ જ વાત તેની અવલાદ માટે પરવરદિગારે આલમનો ફઝલો કરમ ન થવાનું કારણ બની શકે છે.

## યતીમનો માલ ખાવાની મઝિમ્મતમાં હદીસ

ઉમર બિન ઝરરાહ ફરમાવે છે કે તેણે હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલમને ગુનાહે કબીરા વિશે પ્રશ્ન કર્યો ત્યારે આપે ફરમાવ્યું :

“નાજાએઝ રીતે યતીમનો માલ ખાવો ગુનાહે કબીરા છે.” (બેહારૂલ અન્વાર)

અને હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ તેઓના બુઝુર્ગવાર દાદા હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે

વઆલેહી વસલ્લમથી આ રિવાયત નોંધે છે.

હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે કે "કયામતના દિવસે કેટલાક લોકો તેમની કબ્રમાંથી નિકળશે ત્યારે (તેમની એ હાલત હશે કે) તેમના મૂખમાંથી આગની જવાળાઓ નિકળતી હશે."

લોકોએ પૂછયું : "યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ કેવા લોકો હશે ?"

આપે ફરમાવ્યું : તે નાજાએઝ રીતે યતીમોનો માલ ખાનાર લોકો હશે. (બેહારૂલ અન્વાર)

ઈમામ અલી અલય્હિસ્સલામને પૂછવામાં આવ્યું :

“યતીમનો ઓછામાં ઓછો કેટલો માલ ખાઈ જવાની સજા રૂપે જહન્નમની આગમાં નાખવામાં આવશે ?”

આપે ફરમાવ્યું : “યતીમનો માલ પાછો આપવાની નિય્યત વગર ખાવો (ભલે

પછી) તે વધારે હોય કે ઓછો, તેમા કંઈ ફર્ક પડશે નહીં.”

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે : શબે મેઅરાજ મને આસમાનની સફર કરાવવામાં આવી ત્યારે મેં કેટલાક લોકોને જોયા જેના પેટમાં આગ નાખવામાં આવે છે.અને તેની સંડાસની જગ્યાએથી તે આગ નિકળી રહી છે.

મેં જીબ્રઇલને પૂછયું કે આ લોકો કોણ છે ?

ત્યારે જીબ્રઇલે જવાબ આપ્યો કે આ તે લોકો છે જેઓ ઝુલ્મો સિતમ કરીને યતીમનો માલ ખાઈ જતા હતા. (વસાએલુશ્શીઆ, કિતાબુત તિજારહ, ભા. ૯૯)

## કર્ઝ આપનારનું મૌત અને તેના માસુમ બાળકો

જો કોઈએ બીજા માણસને કર્ઝ આપ્યું હોય, તે કર્ઝ આપનારા નાના - નાના માસુમ બાળકો હોય અને તેનું કર્ઝ વસુલ થતાં પહેલા આ દુનિયાથી કુચ કરી જાય

(અને કર્ઝ લેનાર, તેના વારસોને પોતાનું કર્ઝ અદા ન કરે) તો તે પણ યતીમનો માલ ખાનાર ગણાશે. અલબત્ત તે કર્ઝની રકમમાંથી બાળક જેટલી રકમ વારસામાં મેળવવવાને હકદાર હોય તેટલી જ રકમ માટે તે ઝાલિમ ગણાશે, કેમકે બાપના મર્યા પછી તેના માલમાં બાળકોનો હિસ્સો હોય છે.

## હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની આંખમાં દર્દ

એક દિવસ હઝરત અલી અલય્હિસ્સલામની આંખોમાં દુખાવો થતો હતો. એ દુખાવો એટલો બધી તીવ્ર હતો કે હ અલી અલય્હિસ્સલામથી આહનો અવાજ બુલંદ થઈ રહ્યો હતો. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આપની અયાદત માટે તશરીફ લાવ્યા અને ફરમાંવયું : તમારો આ અવાજ બેસબરીને લીધે છે કે અસહ્ય દુખાવાને

કારણે છે ? હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે જવાબ આપ્યો : મને આટલું સખ્ત દર્દ ક્યારેય થયું નથી. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એક એવી ખોફનાક હદીસ બયાન ફરમાવી, આ હદીસ સાંભળતા હઝરત અલી અલય્હિસ્સલામ તેમની આંખોના દર્દની તકલીફ ભૂલી ગયા. એ હદીસ નીચે મુજબ છે.

## એક ખોફનાક હદીસ

હઝરતરસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : અય અલી અલય્હિસ્સલામ, જયારે મલેકુલ મૌત (અઝાઝીલ) કાફરની રૂહ ખેંચશે ત્યારે તેની પાસે આગનો એક ગુર્ઝ (ગદા જેવું શસ્ત્ર) હશે. અને તેનાથી તે કાફરની રૂહને સખ્તીથી ખેંચી કાઢશે. જહન્નુમ (એ જોઈને) જોરથી ચીસ પાડશે. (જેથી તેને ઝડપથી અંદર ખેંચી શકાય.)

એ સાંભળીને હઝરત અલી અલય્હિસ્સલામ આહ કર્યા વગર શાંત બેસી ગયા.

અને આપે ફરમાવ્યું : અય અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ, એ હદીસ મને ફરીવાર સંભળાવો, આપની વાત સાંભળીને હું માંરો દુ:ખાવો ભૂલી ગયો છું.

પછી હઝરત અલી અલયહિસ્સલામે પૂછયું કે શું આપની ઉત્તમમાંથી આટલી સખ્તીથી કોઈની રૂહ કબ્ઝ કરવામાં આવશે અને તેની ઉપર એવો અઝાબ થશે ?

હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : મુસલમાનોમાં ત્રણ સમુહ એવા છે, જેની રૂહ આ રીતે સખ્તીથી ખેંચી કાઢવામાં આવશે.

(૧) ઝાલિમ સત્તાધીશોનો સમૂહ

(૨) યતીમોનો નાહક માલ ખાઈ જનારનો સમૂહ

(3) ખોટી સાક્ષી આપનારનો સમૂહઝરત

## યતીમો સાથે નેક વર્તન

જે રીતે યતીમો પર ઝુલ્મ કરવાની, દુનિયા અને આખેરતમાં સખ્ત સજા છે, તેવી જ રીતે યતીમોની સાથે નેક વર્તન કરવાનો અને તેમની ઉપર એહસાન કરવાનો દુનિયા અને આખેરતમાં ખૂબ જ મોટો સવાબ છે. ખાસ કરીને યતીમોનું રક્ષણ કરવા અને તેની પરવિરશ (ઉછેર) વિશે ઘણી હદીસો વારિદ થઈ છે. જે પૈકીની કેટલીકનો અત્રે ઉલ્લેખ કરવામાં આવે છે.

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

“જે કોઈ યતીમનું ભરણ પોષણ કરે, તો ખુદા તેની ઉપર જન્નત વાજીબ કરી દે છે અને તેવી જ રીતે યતીમનો માલ ખાઈ જનાર ઉપર જહન્નોમ વાજીબ કરી દે છે.”

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : હું અને યતમીનની સંભાળ લેનાર જન્નાતમાં પરવરદિગારે આલમની હુઝુરમાં, જે રીતે બે આંગળીઓ સાથે હોય છે તેવી રીતે

રહેશું, આપ ફરમાવી આપે શહાદતની અને વચ્ચેની આંગળી તરફ ઇશારો ક્ર્યો.

આમ કહેવાનો ભાવાર્થ એ હતો કે મારી અને યતીમની સંભાળ લેનાર વચ્ચે કોઈ અંતર કે પર્દો નહીં હોય, અમે બંને જન્નાતમાં સાથે સાથે રહેશું. આપનો આ પણ ઇરશાદ છે.

“તમારામાંથી જે કોઈ યતીમનો સરપરસ્ત બને અને યતીમની સાથે નેક વર્તાવ કરે, તેના કાર્યોને સારી રીતે પૂરા કરી દે અને તેના માંથા ઉપર પ્યારથી હાથ ફેરવે, તો

ખુદાવંદે આલમ તે (યતીમ) ના માંથાના વાળની સંખ્યા જેટલી નેકી તેના નામએ આમાલમાં લખશે, તેટલી જ સંખ્યામાં તેના ગુનાહોે માંફ કરશે અને તેટલી જ સંખ્યામાં તેનો દરજ્જા બુલંદ કરશે."

એક અન્ય જગ્યાએ હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : જયારે કોઈ યતીમ વિલાપ કરે છે ત્યારે તેના રૂદનને લીધે અર્શે ઇલાહી ધ્રુજી ઉઠે છે.

પછી પરવરદિગારે આલમ ઇરશાદ ફરમાવે છે કે અય ફરિશ્તાઓ  આ એ બાળક રડી રહ્યો છે, જેનો પિતા જમીનમાં દફન થઈ ચૂક્યો છે.

ફરિશ્તા જવાબ આપશે કે પરવરદિગારા તું વિશેષ જાણનાર છે. પછી અલ્લાહ તઆલા કહેશે, અય ફરિશ્તાઓ, તમે ગવાહ રહેજો કે જે કોઈ આ યતીમને સાંત્વન આપી રડતા બંધ કરાવીને ખૂશ કરી દેશે, તેને હું કયામતના દિવસે ખૂશ કરીશ.

યતીમના માંથા ઉપર પ્યાર ભર્યો હાથ ફેરવવાથી દિલની કઠોરતા (નિર્દયતા) દૂર થઈ જાય છે. એ વાતનો ઉલ્લેખ પણ ઘણી રિવાયતમાં કરવામાં આવ્યો છે. અમે અહીં આ વિષય પરની માત્ર આટલી રિવાયત પ્રસ્તુત કરી છે.

## નાબાલિગ બાળકોના સરપરસ્ત

જે છોકરાની વય પંદર વર્ષની થઈ ન હોય તે પોતાનો માલ ખર્ચવાનો હક ધરાવતો નથી. તેવી જ રીતે છોકરીની વય નવ વર્ષની થઈ ન હોય તે પોતાના માલ ખર્ચી

શક્તી નથી. ના બાલિગ છોકરા કે છોકરી પોતાનો માલ કોઈ પણ રીતે વાપરવા માટે હકદાર નથી. તેમના સરપરસ્ત તેમની ભલાઈ અને તેમના સારા કામ માટે એ માલ વાપરવાનો હક ધરાવે છે. સૌથી પહેલા નાબાલિગ બાળકોના વારસદાર તેના બાપ અથવા દાદા છે. યતીમ બાળકોની માં, નાની, ભાઈ, કાકા અને બીજા સગાં વ્હાલાં તેના શરઈ રીતે વાલી બનતા નથી.

બીજા સ્થાને એટલે કે જો બાળકના દાદા જીવંત ન હોય તો તેઓએ જેને પોતાના તરફથી વાલી (સંરક્ષક) બનાવેલ હોય, તે બાળકોની સપરપસ્તીનો હક ધરાવે છે.

ત્રીજા સ્થાને એટલે કે જયારે યતીમના બાપ અથવા દાદાએ પોતાની હયાતીમાં કોઈને પોતાના બાળકો માટે સંરક્ષક (એટલે કે બાળકોની દેખભાળ અને સારસંભાળ લેનાર વાલી નક્કી ર્ક્યો ન હોય, તો તેના સરપરસ્ત હાકિમે શર્અ છે.

અથવા તો હાકિમે શર્અ જેને બાળકોનો સરપરસ્ત બનાવે તે છે.

ચોથા સ્થાને એટલે કે જયારે હાકિમે શર્અ પણ મૌજૂદ ન હોય, તો તેની દેખરેખ, આદિલ મોઅમિનો કરશે. (જેને શરીઅતની ભાષામાં ‘અદુલુલ મોઅમેનીન’ કહેવામાં આવે છે.) જેનું વર્ણન યથા સ્થાને કરવામાં આવશે.

**યતીમના કામ સમજી વિચારીને કરવા જોઇએ.**

યતીમની સારસંભાળ લેનાર યતીમના માલમાંથી તેના માટે દરેક પ્રકારનો ખર્ચ કરી શકે છે. તેણે યતીમના ખોરાક અને પોશાક ઉપર અંકુશ રાખવો ન જોઈએ. પણ વચલો માર્ગ ધારણ કરવો જોઈએ. યતીમના જીવન ધોરણ મુજબ ખોરાક અને પોશાકની વ્યવસ્થા કરવી જોઈએ.

યતીમના વાલીએ યતીમના કપડાં વગેરેનો હિસાબ જુદો રાખવો જોઈએ. તે

ખર્ચનો હિસાબ પોતાના સંતાનોના ખર્ચ સાથે ન રાખવો જોઈએ. અલબત્ત યતીમના ખાવા પીવાના ખર્ચનો હિસાબ અલગ રાખવો જરૂરી નથી. પણ તેને પોતાના કુટુંબના ખર્ચની સાથે રાખી શકાય છે. દાખલા તરીકે કુટુંબના બધા સભ્યોનો જમવાનો કુલ ખર્ચ રૂા ૧૦૦/- થતો હોય અને પોતાના કુટુંબની સંખ્યા નવ હોય તો યતીમ બાળકને સાથે ગણતાં કુટુંબની સંખ્યા ૧૦ થશે. આમ કુલ ૧૦ માણસનો હિસાબ ગણીને યતીમના માલમાંથી ખર્ચ

પેટે રૂ. ૧૦/- (દસ) લઈ શકાય છે. પરંતુ જો તેનાથી ઓછી રકમ લે, તો વધારે સારૂ છે. આ સાવધાની રાખવાની રીત છે.

પોતાના કુટુંબીજનોના ભોજન સાથે યતીમનું ભોજન તૈયાર કરાવી (યતીમના માલમાંથી તેના ખર્ચના હિસાબ મુજબની રકમ મેળવી) લેવું, એ યતીમ માટે જુદું ખાણું તૈયાર કરાવવા કરતાં વધારે સારૂં અને સરળ છે. અને તેમ કરતા ખર્ચ પણ ઓછો થાય છે.

અલબત્ત, જો પોતાના બાળ બચ્ચા અને યતીમના ખોરાકમાં બહુ મોટો ફેર હોય, જેમકે યતીમ બાળક આવા કુટુંબની સરખામણીમાં અર્ધો ખોરાક ખાતો હોય અથવા તો એમ પણ બની શકે છે કે તે (યતીમ) ગોશ્ત અને ચોખા (ભાત) ખાતો ન હોય, તો પોતાના કુટુંબીજનોના જમવાના (ખર્ચની) સાથે યતીની જમવાની વ્યવસ્થા કરવામાં મુશ્કેલી ઊભી થશે. તેમ છતાં યતીમના માલની સુરક્ષા અને તેની

ભલાઈ ધ્યાનમાં રાખીને નિર્ણય કરવો જોઈએ.

સૂ. બકરહમાં ઇરશાદ થાય છે.

“અને તેઓ (લોકો) તને યતીમો સંબંધે પૂછે છે કહે કે તેમની (હાલત) સુધારવી સત્કાર્ય છે, અને જો તમે તેમની સાથે હળી મળીને રહો (ભાગીદારીમાં લો) તો (કોઈ વાંધો નથી, છેવટે) તેઓ તમારા (ધર્મ) બંધુઓ છે,અને અલ્લાહ (યતીમોની હાલત) બગાડનાર તથા સુધારનાર કોણ છે તે સારી પેઠે જાણે છે.” (૨-૨૨૦)

આ આયતની શાને નુઝૂલમાં કહેવામાં આવ્યું છે કે આ આયત નાઝિલ થયા પછી મુસલમાનો ઉપર યતીમોના માલની સાર સંભાળ વિશે ખૂબ જ ભય છવાઈ ગયો.તે લોકો યતીમનો માલ ખાવાથી અને અઝાબથી એટલા બધા ડરવા લાગ્યા કે યતીમનો માલ ખાવાની વાત તો બાજુ પર રહી પણ તેના માલની પાસે પણ જતાં નહીં. એટલે સુધી કે જો કોઈ યતીમનો વાલી બનીને તેના માલની સારસંભાળ રાખવની જવાબદારી લેતું, તો

તે લોકો તેને પણ જુદો રાખતા, અને તેની ખાવા પીવાની વ્યવસ્થા પણ જુદી કરતા, અને યતીમના વાલી માટે બનાવવામાં આવેલો ખોરાક વધતો, તો તેને હાથ સુધ્ધાં લગાડતા નહીં. અને તે ખોરાક બગડી જતો. આ પ્રકારના વ્યવહારથી તેઓ પરેશાન થઈ ગયા અને હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં આવીને તે વિશેની મુશ્કેલી રજુ કરી. ત્યારે પરવરદિગારે આલમે ઉપરની આયત નાઝિલ ફરમાવી.

પોતાના દીની ભાઈઓ સાથે હળી મળીને રહેવું જોઈએ. એ વાત બધા જ સ્વિકારે છે. પરવરદિગારે આલમ તમારા દિલોની વાતને અને તમારી નિય્યતોને જાણે છે. તેમ જ કોની નિય્યત યતીમોનો માલ ખાઈ જવાની છે અને કોણ તેની સુધારણા કરવા માંગે છે તે પણ ખુદા સારી રીતે જાણે છે.

## યતીમોના શ્રીમંત વાલી

યતીમોની સાર - સંભાળ લેનાર શ્રીમંત હોય, એટલે પોતાની જીવન જરૂરિયાત

સહેલાઈથી પૂરી કરી શક્તો હોય, તો તે યતીમોનું કામ મફત કરી આપે, તો વધારે સારૂં છે. તેના એ કામનો નેક બદલો અને સવાબ આખેરતમાં પરવરદિગારે આલમ આપશે. તેથી યતીમના શ્રીમંત વાલીએ પોતાના કામના બદલાની અપેક્ષા અલ્લાહ તઆલા સિવાય બીજા કોઈ પાસે રાખવી ન જોઈએ. જે વિશે કુરઆને મજીદમાં ઇરશાદ છે.

“અને જે (વાલી અથવા સરપરસ્ત) શ્રીમંત હોય તો (તેણે યતીમનો માલ પોતાના

માટે ખર્ચ કરવાથી) બચતા રહેવું જોઈએ.” (૪-૬)

## યતીમના ગરીબ વાલી

યતીમનો વાલી ગરીબ હોય, તો તે પોતાની ખિદમતનું મહેનતાણું લઈ શકે છે. આ પ્રકારનું મહેનતાણું લેવા વિશે ઓલમાંએ કેરામના ત્રણ અભિપ્રાય છે.

(૧) કેટલાક આલિમોનું કહેવું છે કે તે ‘ઉજરતુલ - મિસ્લ’ લઈ શકે છે. તેનો અર્થ એ કે (યતીમની) તે ખિદમત કરવાનું મહેનતાણું કેટલું થાય ? તે વિશે લોકોનો

અભિપ્રાય જાણીને, લોકોની ષ્ટિએ જે રકમ વ્યાજબી ગણાતી હોય તેટલી રકમ યતીમના માલમાંથી લઈ શકે છે.

(૨) બીજા અભિપ્રાય મુજબ તે માત્ર પોતાની જીવન જરૂરિયાત પૂરી થાય તેટલી રકમ યતીમના માલમાંથી લઈ શકે છે, તેથી વધારે લઈ શક્તો નથી.

(3) ત્રીજા મત મુજબ યતીમના ગરીબ વાલીએ જોવું જોઈએ કે 'ઉજરતુલ મિસ્લ' ની રકમ ઓછી છે કે પોતાની જીવન જરૂરિયાતની રકમ ઓછી છે ? એ

બંનેમાંથી જે રકમ ઓછી હોય તેટલી રકમ લઈ શકાય છે. ત્રીજો રસ્તો એહતિયાતથી વધુ નઝદીક અને વધારે સારો છે.

**યતીમ બાલીગ થાય ત્યાં સુધી તેના માલનું રક્ષણ કરવું જોઈએ.**

જ્યાં સુધી યતીમ બાળકમાંથી બાલિગ ન થઈ જાય અને પોતાની દૌલતનો ખર્ચ વગેરેની વ્યવસ્થા પોતાની જાતે કરી શકે તેવી યોગ્યતા ન ધરાવે ત્યાં સુધી તેનો માલ તેના કબ્જામાં સોંપી દેવો જાએઝ નથી. તેમ છતાં જો કોઈ યતીમનો વાલી

આ હુકમની અવગણના કરીને યતીમ બાળકના બાલિગ થાય એ પહેલા તેને તેનો માલ સોંપી દેશે,તો તેના માટે તે જવાબદાર ગણાશે. અને યતીમ બાળક બાલિગ અને સમજદાર થાય પછી, તેના પર યતીમના તે માલનો બદલો આપવો વાજીબ થશે.

## બાલિગ થવાની નિશાનીઓ.

બાળકના બાલિગ થવાના ત્રણ ચિહ્નો છે.

(૧) ચાંદની તારીખના હિસાબે છોકરાની પંદર વર્ષની અને છોકરીની નવ વર્ષની

વય પૂરી થવી. (૨) દુંટીની નીચેના ભાગમાં વાળ ઉગવાનું શરૂ થવું. (૩) સ્વપ્નદોષ અને અન્ય રીતે વીર્ય સ્ખલન થવું.

**રશીદનો અર્થ શું છે ?**

કુરઆને મજીદમાં ઇરશાદ છે :

“ફઇન આનસતુમ મિન્હુમ રૂશ્દન ફદફઉ એલયહિમ અમ્વાલહુમ”

પછી જયારે તમે (યતીમોના મોટા થઈ જવા પછી) તેમનામાં રૂશ્દ અને હોંશીયારી

જુઓ, તો તેમનો માલ તેમના હવાલે કરી દો. (૪-૬)

રશીદ અથવા રૂશ્દનો અર્થ વાસ્તવમાં સામાંજિક જીવન વ્યવહારમાં પુખ્ત થવાનો છે. યતીમ બાળક એટલી વયે પહોંચી જાય કે લેવડ દેવડમાં ભૂલ ન ખાય અને પોતાની રકમનો યોગ્ય રીતે ખર્ચ કરી શકે ત્યારે તેનો માલ તેના હવાલે કરી દેવો જોઈએ.

બીજા શબ્દોમાં કહીએ તો યતીમના બાલિગે રશીદ થવા પછી જ તેનો માલ તેને હવાલે કરી દેવો જોઈએ.

# નવમો ગુનોહ

# વ્યાજખોરી

# નવમો ગુનોહ

## વ્યાજખોરી

નવમો ગુનોહ જે ગુનાહે કબીરા હોવાનું સ્પષ્ટ છે તે વ્યાજ ખાવું છે. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ, હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ, હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ, હઝરત ઈમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ અને હઝરત ઈમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામથી જે હદીસો મળી છે તેમા વ્યાજ ખાવાને સ્પષ્ટ

શબ્દોમાં ગુનાહે કબીરા ગણામાં આવેલ છે. વ્યાજનો માલ ખાવો એક એવો ગુનોહ છે, જેના માટે અઝાબ નહીં પણ સખ્ત અઝાબની વાત કુરઆને મજીદમાં કરવામાં આવી છે .કુરઆને મજીદમાં બીજા ગુનાહે કબીરાના અઝાબનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેના કરવા વ્યાજ ખાનાર માટે મોટા અઝાબનો ઉલ્લેખ થયો છે.

સૂ. આલે ઇમરાનમાં છે :

“યા અય્યોહલ લઝીન આમનૂ લા તાઅકોલુર રિબા અઝઆફમ મુઝાઅફતંવ

વત્તકુલ્લાહ લઅલ્લકુમ તુફલેહૂન. વત્તકુન્નારલ્લતી ઓઇદ્દત લિલ કાફેરીન". - અય ઈમાન લાવનારાઓ તમારા માલમાં વધારો કરવા માટે વધારી વધારીને (બમણું ચોગણું) વ્યાજ ન ખાવ. અને અલ્લાહથી ડરો જેથી તમે મુક્તિ પામો. અને જહન્નમની (એ) આગથી ડરો જે (ખાસ) કાફરો માટે તૈયાર કરવામાં આવી છે. (૩-૧૩૦/૧૩૧)

એટલે કે જે આગ કાફરો માટે પ્રગટાવવામાં આવી છે, (જહન્નુમની) તે જ આગ વ્યાજખોરો માટે પણ છે.

સૂ. બકરહમાં ઇરશાદ છે :

“જે લોકો રિબા (વ્યાજ) ખાય છે તેઓ (કબરમાંથી નિકળી) ઊભા થશે નહીં, પણ તેની જેમ કે જેને શૈતાને અડકીને ચકભ્રમ કરી નાખ્યા હોય. આ (શીક્ષા) એ માટે કે તેઓ કહેતા હતા કે વેપારનો માંમલો પણ રિબા (વ્યાજ) ના જેવો જ છે. જો કે ખરી રીતે તો અલ્લાહે વેપારને હલાલ ર્ક્યો છે

અને રિબાને હરામ ઠેરવ્યો છે. માટે જે શખ્સ પાસે તેના પરવરદિગાર તરફથી નસીહત આવી અને તે (રિબા ખાતા) અટકી ગયો તો જે કાંઈ (આ) પહેલાં થઈ ગયું છે તે માટે દરગુજર કરવામાં આવશે. અને તેનો માંમલો અલ્લાહને હસ્તક છે. અને જેણે ફરીથી એવું જ કર્યું (તો) તેઓ જ આગના રહેવાસીઓ છે, જેમાં તેઓ હંમેશ રહેનાર છે." (૨-૨૭૫)

તફસીરે મીઝાનમાં અલ્લામા મોહમ્મદ હુસૈન તબા તબાઈ ફરમાવે છે કે, વ્યાજ

વિશેની ઉપરોક આયતોમાં ખુદાવંદે તઆલાએ જેટલી સખ્તી ફરમાવી છે, તેટલી સખ્તી કુરૂએ દીન પૈકી બીજી કોઈ બાબતની નાફરમાની માટે ફરમાવી નથી. અલબત આ પ્રકારનો અઝાબ દીનના દુશ્મનો સાથે દોસ્તી કરનારાઓને આપવામાં આવશે. સાથે સાથે ઝીના કરવા, દારૂ પીવો, જુગાર રમવો એટલે સુધી કે કત્લ જેવા ગુનાહે કબીરા માટે સખ્ત અઝાબનું વર્ણન થયું છે પણ વ્યાજખોર માટે જેટલા મોટા અને સખ્ત

અઝાબનું વર્ણન કરવામાં આવ્યું છે, તેટલા મોટા પ્રમાણમાં બીજા કોઈ ગુનાહો માટે અઝાબનું વર્ણન જોવા મળતું નથી. આનું કારણ એ છે કે વ્યાજની જે ખરાબ અસર સમગ્ર સમાજ પર પડે છે, તેવી ખરાબ અસર બીજા ગુનાહોથી પડતી નથી. તેવી જ રીતે દીનના દુશ્મનો સાથે દોસ્તી રાખવાનું પણ એટલું જ ખતરનાક પરિણામ આવે છે. આ બંને ગુનાહોને લીધે ઇસ્લામી સમાજની વ્યવસ્થા વેરવિખેર થઈ જાય છે. માનવ પ્રકૃતિ ઉપર આ બંને

ગુનાહના કારણે પર્દો પડી જાય છે. આ (બંને ગુનાહ કર્યા) પછી ઇન્સાનને પોતાની પ્રકૃતિ અને ઇન્સાનીયત નજરે જ પડતી નથી. કિતાબે ખુદાની આ વાતનું સમર્થન, ઇતિહાસના બનાવોથી થાય છે.

દીનના દુશ્મનો સાથેની દોસ્તીના કારણે મુસલમાનો તબાહી અને બરબાદીની ખીણમાં ધકેલાઈ ગયા છે. કેટલાક અશિષ્ઠ મુસલમાનોએ ઇસ્લામના દુશમન તત્વો સાથે હાથ મેળવીને કૌભાંડ ઊભુ કર્યું છે. અને સમગ્ર મુસ્લિમ સમાજને પોતાની

ખૂબીઓથી વંચિત કરી દીધો છે. કેટલાક દેશોમાં માત્ર નામ પુરતું જ દીન અને ઇસ્લામનું બંધારણ છે. તેવા દેશોમાં ઇન્સાનીયતની ઉચ્ચતા અને ઇસ્લામી અખ્લાકનો અંત આવી ચૂક્યો છે. એટલે સુધી કે મુસલમાનોનો પોતાના માલ ઉપર પણ હક રહ્યો નથી. હદ તો એ વાતની છે કે, મુસલમાનોની જાન અને ઇઝઝત સુધ્ધાં સલામત રહી નથી.

આ વાત વ્યાજખોરી, સંગ્રહખોરી અને માલ ઉપર માલ (વાપર્યા વગર) સતત ભેગો

ર્ક્યે જવો, જેવા દુષ્ટ કામોનું પરિણામ છે. જેના પરિણામે લોકો બે વર્ગમાં વહેંચાઈ ગયા છે. કેટલાક લોકો ખૂબ જ શ્રીમંત છે. અને કેટલાક લોકો ખૂબ જ ગરીબ છે. જેના કારણે ફિત્ના, ફસાદ અને લડાઈઓને ઉત્તેજન મળે છે. એટલે સુધી કે આ જ વાત વિશ્વયુધ્ધ સુધી પહોંચી જાય છે. પહાડોને બોંબવર્ષા કરીને ઉડાડી મુક્વામાં આવે છે. ધરતી ધણધણી ઉઠે છે. ઇન્સાનીયતનો અંત આવી જાય છે અને યુધ્ધોના પરિણામે જે કાંઈ બને છે તે

સર્વવિદિત છે. આ બંને ગુનાહો (વ્યાજ ખાવું અને ઇસ્લામના દુશ્મનો સાથે દોસ્તી રાખવી) જેનો ઉલ્લેખ કુરઆને મજીદમાં આગાહી રૂપે કરવામાં આવ્યો છે, તેનાથી મુસલમાનો દૂર નહીં રહે (અને આ ગુનાહો હજુ વધારે ફેલાઈ જશે.) તો સમગ્ર ઇસ્લામી સમાજ તબાહ અને બરબાદ થઈ જશે.

## વ્યાજ ખાવું અકલ અને શરીઅતની વિરૂધ્ધ છે.

વ્યાજની વિરૂધ્ધમાં સૂ. બકરહની ઉપરોક આયત રજૂ કરવામાં આવી છે. તેમા બયાન થયું છે કે વ્યાજખોર લોકોને વિકૃત અને માનસવાળા અને દીવાનાઓની જેમ હાજર કરવામાં આવશે. હશ્રના મૈદાનમાં લોકો તેમની દીવાનગીને જોઈને સમજી જશે કે આ વ્યાજખોર છે. હશ્રના મૈદાનમાં એ લોકોની અકલ ખરાબ થઈ જવાનું કારણ એ હશે કે તેઓ દુનિયામાં અકલ

અને શરીઅતની વિરૂધ્ધ કામ કરતા હતા. તેમજ ઇન્સાનીયત અને માનવજીવનની પાયાની જરૂરિયાતને અવગણતા હતા. તેઓ બીજા માનવબંધુઓની સાથે મહેરબાની, ન્યાય અને પરસ્પર સહકારના નિયમોનું પાલન કરતા ન હતા. ખરેખર તો વ્યાજખોર લોકો દુનિયામાં પણ એક પ્રકારના પાગલ અને વિકૃત દિમાંગવાળા લોકો હતા. જેઓ દુનિયામં઼ા શૈતાનના ઇરશારાઓ મુજબ ગાંડપણ ભર્યું વર્તન કરતા હતા.

## શું વ્યાજ અને વેપાર સરખા છે ?

જયારે લોકોને કહેવામાં આવે છે કે વ્યાજ હરામ અને ગુનાહે કબીરા છે, તમે વ્યાજ શા માટે ખાઓ છો ? ત્યારે તેઓ જવાબ આપે છે કે વ્યાજ પણ એ પ્રકારનો વેપાર છે. બીજા વ્યવહાર અને વ્યાજમાં કોઈ તફાવત નથી. જેવી રીતે વેપાર અને બીજા વ્યવહાર જાએઝ છે તેવી જ રીતે વ્યાજ પણ જાએઝ છે.

આવું કહેનારા અણસમજુ લોકો એ વાત સમજતા નથી કે વ્યાજ અને વેપારમાં

ઘણો તફાવત છે. વ્યાપાર કરનાર માણસ પોતાનો (એ) માલ આપી દે છે જેની તેને પોતાને જરૂરત હોતી નથી. વેપારમાં માલ ખરીદનાર અને માલ વેચનાર બંને પોતાની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને વ્યવહાર કરતા હોય છે. તેથી વેપારનો વ્યવહાર અકલ (બુધ્ધિ) અને અદલ (ન્યાય) પર આધારિત હોય છે. અને એવો વ્યવહારોથી જ માનવીની સામાંજિક જિંદગી ચાલતી હોય છે. જયારે વ્યાજનો વ્યવહાર તેનાથી ઉલ્ટો છે. (વ્યાજે પૈસા

લેનાર) માણસ જયારે મૂળ રકમ પાછી આપે છે ત્યારે તેમા વ્યાજની રકમ ઉમેરીને આપે છે. તે વ્યાજની રકમ ન ચુક્વવી પડતી હોય છે. અથવા તો તે ચુક્વવા માટેની મુદ્દત મેળવવી પડતી હોય છે. જ્યા સુધી કર્ઝ ઉપર લીધેલી મૂળ રકમ પાછી આપવાનો પ્રશ્ન છે, તો અકલ અને ઇન્સાનથી એ રકમ તેના મૂળ માલિકને પાછી આપી દેવી જોઈએ. પરંતુ વ્યાજમાં રકમની નાહક (ખોટી) વૃધ્ધિ થાય છે.

## વ્યાજ અને વર્ગભેદ

વ્યાજ એ અન્યાયી અને અત્યાચારપૂર્ણ વ્યવહાર છે. તેમા કોઈ સંદેહ નથી. વ્યાજ એ માનવ પ્રકૃતિ અને તેના અંતરના અવાજની વિરૂધ્ધ છે. વ્યાજના કારણે સામાંજિક જીવન અસ્તવ્યસ્ત બની જાય છે. એક બાજુ વ્યાજખોર માણસની તિજોરી ભરાતી રહે છે. જયારે બીજી બાજુ વ્યાજથી કર્ઝ લેનાર માંણસો વધારે ગરીબાઈનો શિકાર બનતા જાય છે. આના કારણે ગરીબો અમીર પ્રત્યે ધૃણા કરતા જાય છે.

જેની અસર સમગ્ર સમાજ ઉપર પડે છે. અને પરિણામે ખુના મરકી થાય છે, વર્ગભેદ ઉભા થાય છે, અને વાત લોહીયાળ ક્રાંતિ સુધી પહોંચે છે. તેથી જ કેટલાક વિાન લોકો વ્યાજને જ વિશ્વયુધ્ધ થવાના કારણો પૈકીનું એક કારણ ગણે છે.

“ઇસ્લામ વ સુલ્હે જહાની” નામની કિતાબમાં લખ્યું છે કે, ઇસ્લામ કહે છે કે વળતર અને મજુરી ફક્ત કામ અને કોશિષના બદલામાં આપવા જોઈએ. દૌલત અને મૂડી એ કોઈ કામ કે કોશિષ

નથી, તેથી દૌલતમંદ માણસ બેઠાં બેઠાં પોતાના માલમાં વૃધ્ધિ કરવા માટે પોતાની મૂડી ઉપર વ્યાજ મેળવવાને હકદાર નથી.

મૂડીવાદી સમાજમાં મૂડીપતિઓ માટે પોતાની મૂડીમાં વૃધ્ધિ કરવાનો શ્રેષ્ઠ માર્ગ વ્યાજ છે, પણ ઇસ્લામ ઇચ્છે છે કે તેવી રીતે મુડીમાં વૃધ્ધિ ન થવી જોઈએ. તેવી જ રીતે માલ ઉપર બીજા માલની સંગ્રહખોરીની મનાઈ કરવામાં આવી છે. કારણ કે તેથી ગરીબ વધારે ગરીબ બને

છે. વ્યાજ એ લાનત છે કે જેનાથી સમાજની આર્થિક સ્થિરતા પણ લથડે છે. સાથોસાથ અદલ અને ઇન્સાફના નિયમોની પણ બરબાદી થાય છે. વ્યાજના વિષય પર પાકીસ્તાનના મૌલાના સૈયદ અબૂલ આઅલા મૌદૂદીએ એક દળદાર અને દિલચસ્પ કિતાબ લખી છે. જેમાં તેઓએ વ્યાજ વિશેની ભરપૂરી માંહિતી અને આંકડાઓ પણ રજુ કર્યા છે.

## વ્યાજ રહિત કર્ઝે હસના

ખરેખર જરૂરત મંદ લોકોને કર્ઝ તો આપવું જોઈએ પણ તેની ઉપર કોઈ પણ પ્રકારનું વ્યાજ ન લેવું જોઈએ. તેનાથી મિત્રતા, મહેરબાની, ખૂલુસ અને પરસ્પર સહકારનું વાતાવરણ ઉભુ થશે. વ્યાજે કર્ઝ આપવાથી ફક્ત સામાંજિક અને આર્થિક વાતાવરણ નથી ડહોળાતું પણ સાથોસાથ દવેષ, અદાવત, ઇર્ષા અને નફરત જેવી લાગણીઓ પણ ઉશ્કેરાય છે.

**વ્યાજખોર નેકીથી વંચિત રહે છે.**

વ્યાજખોરીના કેટલાય નુકસાન છે. વ્યાજખોરના માલમાંથી બરકત ચાલી જાય છે. જયારે મહેનતની કમાંણીમાં ખૂબ જ બરકત થાય છે. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો ઇરશાદ છે.

“ઇબાદતના (૭૦) સિત્તેર પ્રકાર છે. જેમાનો શ્રેષ્ઠ પ્રકાર હલાલ રોઝી મેળવવી તે છે.” (વસાએલુશ્શીઆ, વ્યાપારનું પ્રકરણ, ચોથી ફસ્લ, પા. પ૨૯)

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો ઇરશાદ છે : “સાચો (ઈમાનદાર) અને સાચું બોલનાર વેપારીને અંબિયાની સાથે કયામતના દિવસે જીવિત કરવામાં આવશે. ત્યારે તેનો ચહેરો પૂનમના ચાંદ જેવો ઝળહળતો હશે.” (મહજ્જતુલ બયઝા, જી. 3, પાના નં ૧૪૦)

**વ્યાજખોરને અલ્લાહ પર ભરોસો નથી હોતો.**

વ્યાજખોરીનું એક નુકસાન એ પણ છે કે વ્યાજખોરને અલ્લાહ ઉપર ભરોસો અને શ્રધ્ધા રહેતી નથી. તે ખુદા પાસે ગળગળો થઈને અને આજીઝી પૂર્વક દુઆ માંગતો નથી. વ્યાજખોરની તમામ આશાઓ (તેને મળનારા) વ્યાજ સાથે સંકળાએલી હોય છે. જે તે બિચારા મજબૂર અને લાચાર કર્ઝદાર પાસેથી વસુલ કરે છે. આ પણ

શિર્કનો એક પ્રકાર હોવાનું સ્પષ્ટ છે જેનું વિવરણ શિર્કના પ્રકરણમાં આવી ગયું છે.

વ્યાજનું બીજું નુકસાન એ છે કે વ્યાજ ખાનારને પોતાના આર્થિક નુકસાન થવાની આશંકા રહેતી નથી, જયારે વેપારમાં લાભ (નફો) અને નુકસાન (ખોટ) બંનેની સંભાવના હોય છે, જયારે વેપાર કરનાર પોતાને નુકસાન ન થાય તે માટે પતાનાથી બનતી બધી કોશિષ કરે છે. એટલું જ નહીં વેપારી, ખુદાની બારગાહમાં પણ વેપારમાં બરકત થવાની અને નફો

થવાની બાબતમાં નિરાશ ન કરવાની દુઆ કરે છે, જયારે વ્યાજોર ઈમાનના દરજ્જે પહોંચવાથી વંચિત રહે છે.

**કર્ઝ આપવાનો સવાબ, સદકો આપવા કરતા વધારે છે.**

વ્યાજ લીધા વગર જે કર્ઝ (કર્ઝે હસના) આપવામાં આવે છે, તેમા મળતા સવાબથી, વ્યાજ લઈને કર્ઝ આપનાર વંચિત રહે છે.

જો સદકો આપવામાં આપવામાં અને પૈસા પાછા લેવાની વાત કર્યા વગર આપવામાં

(૧૮) અઢાર નેકીઓ લખાય છે. એટલે કે કર્ઝ આપવાનો સવાબ રાહે ખુદામાં સદકો અને ખૈરાત આપવા કરતા વધારે છે. અને જે કોઈ કર્ઝદારને તેનું કર્ઝ અદા કરવામાં મુદ્દત વધાર આપે અને તેની પાસેથી વ્યાજ પણ ન માંગે. તો જેટલા દિવસની મુદ્દત આપે તે દરેક દિવસે એટલો માલ રાહે ખુદામાં ખૈરાત કરવાનો સવાબ લખાતો રહેશે. આનાથી કરવાનો સવાબ લખાતો રહેશે. આનાથી એ વાત સ્પષ્ટ થાય છે કે, વ્યાજખોર આ રીતે સવાબ

મેળવી શક્તો નથી. એનાથી ઉલ્ટું વ્યાજખોરને કંજુસાઈ અને લાલચનો રોગ લાગુ પડે છે, જે દિવસે દિવસે વધતો જાય છે. બેશક કંજુસાઈ અને લાલચનું પરિણામ દોઝખ છે.

## વ્યાજખોરનો કરૂણ અંત

વ્યાજખોર દુનિયામાં નુકસાન ઉઠાવે છે, એટલું જ નહીં, તે આખેરતમાં પણ નુકસાનમાં રહે છે. વ્યાજખોર પોતાને જ નુકસાન થતું નથી, પણ આખા સમાજને તેનું નુકસાન થતું હોય છે. અને તે

નુકસાન બીજા ગુનાહોના નુકસાન કરતા વધારે હોય છે. આ જ કારણોસર કુરઆને મજીદમાં અને એહલેબૈત અલયહેમુસ્સલામની રિવાયતોમાં વ્યાજ (અને વ્યાજખોર) ની જેટલી મઝિમ્મત કરવામાં આવી છે, તેટલી બીજા કોઈ ગુનાહો માટે કરવામાં આવી નથી. ઇસ્લામમાં વ્યાજખોરીને બધા જ ગુનાહોથી મોટો ગુનોહ ગણાવવામાં આવ્યો છે, અને તેનો અઝાબ પણ મોટો અને સખ્ત વર્ણવવામાં આવ્યો છે. જો વ્યાજખોર તેના

ગુનાહ માટે ભોંઠપ ન અનુભવે (અને બારગાહે ઇલાહીમાં તૌબા ન કરે) તો અલ્લાહ તેને કાયરો અને હંમેશા જહન્નમમાં રહેનાર લોકો જેવો અઝાબ આપશે, જેઓ હંમેશા જહન્નમમાં રહેશે. વ્યાજખોરને જહન્નમમાંથી કદી મુક્તિ મળશે નહીં.

"પછી જે માણસ પાસે તેના પરવરદિગાર તરફથી નસીહત (મનાઈ) આવી અને તે (વ્યાજ ખાતા) અટકી ગયો, તો તે હુકમ આવતા પહેલાં જે વ્યાજ લઈ ચૂક્યો હોય

તો (આ) પહેલા જે થઈ ગયું છે. અને જે મનાઈ પછી (પણ) વ્યાજ લે અથવા વેપાર અને વ્યાજના વ્યવહારને એક સરખા ગણાવ્યા કરે, તો એવા લોકો જહન્નામી છે. તેઓ હંમેશા જહન્નંમમાં રહેશે." (૨-૨૭૫)

અલબત ગુનાહ છોડીને તૌબા કરવાની પણ કેટલીક રીત છે. કેટલાક ગુનાહ એવા હોય છે, જેની ફક્ત તૌબા કરી લેવાથી બક્ષીસ થઈ જાય છે. જેમકે, શિર્ક કરનાર મુશ્રિપક (માણસ) તૌબા કરીને મુસલમાન

થઈ જાય, તો તેનો શિર્ક જેવો મોટો ગુનોહ પણ માંફ થવાને પાત્ર બને છે. અને તેણે શિર્કના ગુનાહના પશ્ચાતાપ માટે વિશેષ કાંઈ કરવું પડશે નહીં. પરંતુ કેટલાક ગુનાહો એવા છે, જેના પશ્ચાતાપ રૂપે તૌબા ઉપરાંત તેના નિવારણ (નુક્સાની ભરપાઈ કરવા) ની પણ આવશ્યક્તા રહે છે. જેમકે નમાઝ, રોઝા વગેરે છોડી દેનારે તેની કઝા અદા કરવી પડે છે. તેવી જ રીતે માલને લગતો વ્યવહાર, જેમકે વ્યાજ ખાનારે તે ગુનાહની તૌબા કરવાની સાથો સાથ જે

માલ (રકમ) વ્યાજના નામે લીધી હોય, તે પણ કર્ઝદારને પરત કરી દેવા પડે છે.

**વ્યાજના માલમાં બરકત નથી.**

ત્યાર પછી ઇરશાદ થાય છે : "અલ્લાહ રિબા (ભારે વ્યાજ) ને બરકત વિહોણો કરી દે છે અને ખૈરાતને વધારી દે છે. અને અલ્લાહ કોઈ પણ અનુપકારી (નાશુક્રા) ઇન્સાનને દોસ્ત રાખતો નથી." (૨-૨૭૬)

એ વાત નોંધી રાખજો કે વ્યાજથી ભેગો થએલો માલ ગમે તેટલો વધ હોય, તો પણ તે ખલાસ થઈ જાય છે અને

વ્યાજખોર બદનામ થઈ જાય છે. એ વાત અનુભવ સિધ્ધ હકીકત છે કે વ્યાજનો માલ હંમેશા સુરક્ષિણ નથી રહેતો. વ્યાજનો માલ વ્યાજખોરના હાથમાંથી ચાલ્યો જાય છે. અથવા તો તેની ઔલાદ અને વારસદારોના હાથમાં જઈને છેલ્લે નાશ પામે છે.

સદકો માત્ર આખેરતમાં જ કામ નથી આવતો, પણ તેનાથી દુનિયામાં પણ માલમાં બરકત થાય છે. જયારે વ્યાજખોરના અસલ માલમાં પણ

વ્યાજખોર માટે બરકત રહેતી નથી. સદકો સમાજમાં શાંતિ, સંતોષ, રહેમત અને મોહબ્બતને ફેલાવે છે. ત્યારે વ્યાજથી શાંતિ અને સંતોષ જતા રહે છે. રહેમદીલી અને મોહબ્બતની લાગણી, કઠોર (પાષાણ દયની) અને ધિક્કારપૂર્ણ બની જાય છે. સમાજમાં જયારે વ્યાજ તેના મૂળ ફેલાવી દે છે, ત્યારે લોકો એક બીજાનો માલ હણવા અને ચોરી કરવા લાગે છે. જેનાથી એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે કે માલનો એકદમ નાશ થઈ જાય છે. લોકો

એક બીજાના દુશ્મન થઈ જાય છે. અને એકબીજાનો બદલો લેવાની ચિંતામાં મગ્ન રહે છે. માનસિક એક્સુત્રતા અને પરસ્પર સહકારની ભાવના નાશ પામે છે. જયારે સદકા અને ખૈરાતમાં તેનાથી ઉલ્ટું તમામ ખૂબીઓ મૌજૂદ છે. માણસ નેકીના બદલે નેકી કરવા પ્રેરાય છે. અને સમાજ શાંતિનું પારણું બની જાય છે. (તફસીર અલ મીઝાનમાંથી)

## ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ સાથે જંગ

કુરઆને મજીદમાં એક જગ્યાએ ઇરશાદ છે "અય ઈમાનદારો ખુદાથી ડરો, અને જે વ્યાજ લોકો ઉપર બાકી રહી ગયું હોય અને જો તમે સાચા મોઅમિન હો, તો તેને છોડી દો, અને જો તમે તેમ ન કર્યું તો ખુદા અને તેના રસૂલ સાથે લડવા માટે તૈયાર થઈ જાવ."

ખુદાના હુકમનું પાલન કરવું એ ઈમાન હોવાની દલીલ છે. આ આયતમાં પછી ઇરશાદ થાય છે :

“અને જો તમે તૌબા કરી લો તો તમને તમાં◌ી મૂળ રકમ (અસ્લ માલ) મળશે, ન તમે અન્યાય (ઝુલ્મ) કરો અને ન તમારા પર અન્યાય કરવામાં આવે.” (૨-૨૭૯)

જો તમે અસલ માલથી વધુ નહીં માંગો તો તમને અસલ માલથી ઓછું આપવામાં નહીં આવે. આ હુકમનો વિરોધ કરવો હોય, તો ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે

વઆલેહી વસલ્લમ સાથે જંગ કરવા તૈયાર રહો.

તફસીરે મીનહજુસ્સાદેકીનમાં છે કે આનાથી જણાઈ આવે છે કે વયાજનો ગુનોહ કેટલો ગંભીર અને મોટો છે. તેનો અર્થ એમ પણ શક્ય છે કે તમે દુનિયામાં રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સામે થશો, તો તમાં◌ા સામના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની તલ્વાર હશે. અને આખેરતમાં ખુદાના હુકમથી જહન્નમની આગ તમને

સળગાવી દેશે. એટલે કે તે ખુદા સામેની જંગ હશે. આ આયતથી એ વાત સાબિત થાય છે કે વ્યાજખોર માંણસો સામે ત્યાં સુધી લડાઈ ચાલુ રાખવી જોઈએ કે જ્યાં સુધી તે અલ્લાહના હુકમને માંન્ય રાખે નહીં. (વ્યાજ ખાવાનું બંધ કરીને તૌબા ન કરે.) ત્યાં સુધી તેની સામે જંગ કરવી જોઈએ.

રિવાયતમાં છે કે સૂ. બકરહની ઉપરની આયતો નાઝિલ થયા પછી હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી

વસલ્લમે મક્કાના આમીલ (કમિશ્નર) ને હુકમ આપ્યો કે “જો બની મોગીરાના લોકો વ્યાજખોરી (ના ગુનાહ) થી તૌબા ન કરે તો તેમની સાથે જંગ કરો.”

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે મક્કા મોઅઝઝમાંમાં આપના એક ખુત્બામાં ફરમાવ્યું હતું.

“જાણી લો કે જાહેલીયત (અજ્ઞાનતા) ના જમાનામાં જે કાંઈ વ્યાજ લેવામાં આવ્યું છે, તે સઘળું માંફ છે. સૌથી પહેલા હું જે વ્યાજ માંફ કરૂં છું તે (મારા કાકા) અબ્બાસ

ઇબ્ને અબ્દુલ મુત્તલિબનું વ્યાજ છે. (જે તમારા લોકોની ગરદનો ઉપર લાગેલું છે.)"

## વ્યાજની મઝિમ્મતમાં રિવાયત

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે "વ્યાજનો એક દિરહમ (ચલણી સિક્કો) ખુદાની બારગાહમાં એટલો બધો ખરાબ છે કે (તેના પ્રમાણમાં) મહેરમ સ્ત્રીઓ સાથે ૭૦ (સિત્તેર) વખત ઝીના કરવા એટલા ખરાબ

નથી (ગણાતા.)" (કાફી, તહઝીબ, ફીકીયહઝરત)

ઈમામ અલી અલયહિસ્સલામે ફરમાવ્યું : "હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે વ્યાજ ખાનાર (લેનાર), વ્યાજ ખવરાવનાર (આપનાર), વ્યાજ ખરીનાર, વ્યાજ વેચનાર, તથા વ્યાજનો વ્યવહાર લખનાર, અને તે વ્યવહારમાં સાક્ષી આપનાર આદિલોં ઉપર લાનત, (ધિક્કાર) ફરમાવેલ છે."

(વસાએલુશ્શીઆ, કિતાબે તિજારત, વ્યાજનું પ્રકરણ, ભાગ - ૪, પાના નં ૫૯)

ઇબ્ને બકીરથી રિવાયત છે કે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને કહેવામાં આવ્યું કે એક માણસ વ્યાજનો માલ ખાય છે, અને વ્યાજના માલને માતાના દુધની જેમ હલાલ અને વ્યાજબી સમજે છે.

આપે ફરમાવ્યું : "જો અલ્લાહ તઆલા મને એ શખ્સ માટે સત્તા આપે તો હું તેની ગરદન ઉડાવી દઉં. (કાફી)

આમ, વ્યાજને હરામ સમજવું એ જરૂીયાતે દીનમાંથી છે.જે કોઈ જરૂરિયાતે દીનમાંથી કોઈ બાબતોનો ઇન્કાર કરે, અને કહે કે વ્યાજ હરામ નથી. તે મુરતદ (ઇસ્લામને છોડી દેનારો) છે, અને શરઈ રીતે મુરતદને કત્લ કરી નાખવો વાજીબ (વાજિબુલ કત્લ) છે.ળ્

(ળ્ વાજિબુલ કત્લનો હુકમ ફક્ત ઇમાંમે વક્ત (ઈમામ મહદી અજ્જલલ્લાહો તઆલા ફરજહૂ શરીફ) આપી શકે. છે.)

# કુરઆનમાં વ્યાજની મઝિમ્મત

સમાંઅહે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછયું કે અલ્લાહ તઆલાએ કુરઆનમાં કેટલીયે જગ્યાએ વ્યાજ હરામ હોવાનો ઉલ્લેખ ર્ક્યો છે. તેનું શું કારણ છે ?

ઈમામ અલયહિસ્સલામે ફરમાવ્યું : લોકો નેકી અને ખૈરાતના કાર્યો (જેમકે કર્ઝ દેવું) છોડી ન દે તે માટે. (વસાએલુશ્શીઆ)

ઈમામ બાકિર અલય્હિસ્સલામનો ઇરશાદ છે : વ્યાજનો વ્યવહાર એ રાક્ષસી અને સૌથી ખરાબ વ્યવહાર છે.

**દીન હાથમાંથી સરકી જાય છે.**

ઝરરાહ કહે છે : મેં કુરઆને શરીફની આ આયત વિશે હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે પૂછયું, જેમાં કહેવામાં આવ્યું છે કે ખુદા વ્યાજને માલને ઘટાડીને બરકત રહિત કરી દે છે. જયારે સદકાને સ્વિકારીને માલમાં વૃધ્ધિ કરે છે,

“હું તો જોઉં છું કે વ્યાજ ખાનાર માણસનો માલ વધતો જ રહે છે “

જવાબ મળ્યો : (વ્યાજ ખાનારના) એના માલમાંથી એથી વધારે ઘટાડો શું થઈ શકે કે તેના (વ્યાજના) એક દીરહમની આવકના બદલે તેનો દીન બરબાદ થઈ જાય ? અને જો તે પોતાના (વ્યાજ ખાવાના) ગુનાહની તૌબા કરવા ચાહે તો તેનો બધો માલ નષ્ટ થઈ જશે અને તંગદસ્ત થઈ જશે. (વસાએલુશ્શીઆ)

**વ્યાજખોરના પેટમાં આગ ભરવામાં આવશે.**

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો ઇરશાદ છે :

જે માણસ વ્યાજ ખાતો હોય તો તેણે જેટલા પ્રમાણમાં વ્યાજ ખાધું હશે તેટલા પ્રમાણમાં ખુદાવંદે આલમ તેનું પેટ આગથી ભરી દેશે. અને જો તેણે વ્યાજના માલમાંથી વધુ કંઈ કમાંણી કરી હશે, તો ખુદા તેનો કોઈ પણ અમલ કબૂલ નહીં કરે, અને જ્યાં સુધી તેની પાસે વ્યજનો

એક રતીભાર પણ માલ બાકી હશે ત્યાં સુધી તેની ઉપર ખુદા અને તેના ફરિશ્તા લાનત કરતા રહેશે. (મુસ્તદરેકુલ વસાઈલ)

**વ્યાજ ખાનારને બરઝખમાં અઝાબ :**

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો ઇરશાદ છે :

શબે મેરાજ, મેં એવા કેટલાક લોકોને જોયા છે, જેઓ ઉભા થવા માંગતા હતા, પણ તેમના પેટ ખૂબ જ મોટા હતા.

મેં પૂછયું : અય જીબ્રઇલ  આ કોણ લોકો છે ?
જીબ્રઇલે કહ્યું : આ એ લોકો છે, જેઓ વ્યાજ ખાતા હતા, હવે એ લોકો એવા માંણસોની જેમ ઉભા થઈ શકે છે જેને શૈતાને સ્પર્શીને ગાંડાઘેલા (વિકૃત માનસવાળા) કરી દીધા હોય.
આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે કે મેં જોયું કે તેઓને ફિરઔનને માનવાવાળાના માર્ગ પર લગાવી દેવામાં આવ્યા. તેમને દરરોજ

સવાર સાંજ ફિરઔનીઓની જેમ જહન્નમ પાસે લઈ જવામાં આવે છે. અને (જહન્નામની) આગની વવાળાઓની તીવ્રતા જોઈને તેઓ કહી ઉઠે છે કે અય ખુદા, કયામત ક્યારે આવશે ? (સ્પષ્ટ છે કે તેઓને જે આગની પાસે લઈ જવાય છે તે બરઝખની આગ છે.)

**વ્યાજખોર આલે ફિરઔનના પગ તળે :**

બીજી એક હદીસમાં છે કે જયારે તેઓ ફિરઔનીઓને જોતા ત્યારે તેમનાથી દૂર ભાગવા માટે ઉભા થવા જતા હતા, પણ

તેમના મોટા મોટા પેટને લીધે ઉભા થઈ શક્તા નહીં અને પડી જતાં. ફિરઔનની કૌમના લોકો (કુરઆનના શબ્દોમાં આલે ફિરઔન) તેમને કચડીને આગળ વધી જતાં હતા.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત છે :

જયારે કોઈ વસ્તીમાં ઝીના અને રિબા (વ્યાજ) સામાંન્ય થઈ પડે ત્યારે તે વસ્તીના રહીશોને મારી નાખવા માટે

ફરિશ્તાઓને પરવાનગી મળી જાય છે. (મુસ્તદરેકુલ વસાએલ)

## વ્યાજ ઝીનાથી પણ વધુ ખરાબ

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો ઇરશાદ છે :

એક માણસ પોતાની માં સાથે ખાનએ ખુદામાં ઝીના કરે તે કામ વ્યાજ ખાવાના પ્રમાણમાં ૭૦ (સીત્તેર) ગણું હલ્કું છે. (વસાએલુશ્શીઆ, વેપારનું પ્રકરણ, ભાગ - ૧, પા. ૫૯)

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામનો ઇરશાદ છે :

વ્યાજનો એક દીરહમ લેવો એ ખુદાની નજરોમાં, મહેરમ ઔરતો, જેમકે ફુઈ (કાકી) અને માંસી સાથે (૩૬) ત્રીસ વખત ઝીના કરવા કરતા પણ વધારે મોગો ગુનોહ છે. (વસાએલુશ્શીઆ, વેપારનું પ્રકરણ, ભાગ - ૧, પા. ૫૯)

આ પહેલા એક રિવાયત આવી ગઈ, જેમાં ૭૦ વખતની વાત છે એક અન્ય રિવાયત મુજબ ૨૦ (વીસ) વખત ઝીના, એક

દીરહમ વ્યાજ લેવાથી હલકો ગુનોહ ગણવામાં આવે છે. (વસાએલુશ્શીઆ) સંખ્યાનો તફાવત, યુગ, જગ્યા, પરિસ્થિતિ અને લોકોના પ્રમાણમાં અલગ અલગ છે. આજની દુનિયામાં વ્યાજ લેવા - દેવાની પ્રથા એટલી બધી વધી થઈ છે, કે તેનાથી સમગ્ર અર્થતંત્ર ખોરવાઈ ગયું છે. અને તેનું નુકસાન આખી દુનિયામાં ભોગવી રહી છે. કેટલાક લોકોની માંન્યતા એવી છે કે પ્રગતિ માટે વ્યાજ જરૂરી છે. જો આ માંન્યતા સાચી હોય, તો ઇસ્લામમાં

વ્યાજને હરામ ગણાવવામાં ન આવ્યું હોત, તેથી અર્થતંત્રની પ્રગતિ માટે વ્યજ જરૂરી છે એ વાત પાયા વગરની છે. એ વાત બધા જાણે છે કે આજે દુનિયામાં બે પ્રકારના મુખ્ય આર્થિક દ્રષ્ટિકોણ અસ્તિત્વ ધરાવે છે.જે બંનેનો પાયો વ્યાજ પર નથી. ઇસ્લામ અને સામ્યવાદ, આ બંનેનો પાયો વ્યાજ પર નથી. જયારે મુડીવાદી અર્થ વ્યવસ્થા (ઇમ્પરીયાલીઝમ) નો પાયો વ્યાજ ઉપર જ રચાએલો છે. ઇસ્લામ અને કોમ્યુનીઝમ (સામ્યવાદ) આ બંને તાકાતો

પૈકી એક બાજુથી સામ્ય વાદીઓ પોતાના અર્થતંત્રને વ્યવહારમાં મુક્વાના ભરપૂર પ્રયત્નો કરી રહ્યા છે. પણ તેઓ હજી માર્ગમાં જ છે. અને ઇસ્લામની તાકાત હજી ક્રમબધ્ધ રીતે સંગઠીત થઈ નથી. તેમ છતાં ઇસ્લામના આદર્શ મુજબ અર્થતંત્ર જ્યાં જ્યાં અમલમાં છે. ત્યાં ઝડપભેર પ્રગતિ થઈ રહી છે. જયારે ઇસ્લામની કાયદેસરની હુકુમતની સ્થાપના કરવામાં આવે છે, ત્યારે વહેલામાં વહેલી તકે તે દેશના અર્થતંત્રને વ્યાજ (ની નજાસત) થી

પાક કરવામાં આવે છે. ઇસ્લામને આર્થિક જરૂરિયાતો એટલી લાચાર નથી બનાવતી કે તેણે વ્યાજને અમલમાં રાખતો કાયદો પસાર કરવો પડે. સામ્યવાદી તાકાતોની આર્થિક વ્યવસ્થા વ્યાજથી ક્રમ બધ્ધ રીતે રચાએલી નથી. તેમ છતાં તેમની અર્થ વ્યવસ્થા નિષ્ફળ થઈ ગઈ જગી. આમ, વ્યાજ એ અર્થતંત્ર ચલાવવા માટેની જરૂરિયાત હરગીઝ નથી.

હા, કેટલાક સ્વાર્થી, કંજુસ અને લાલચુ મુડીવાદીઓની નજરે વ્યાજ જરૂરી છે.

જેઓ આખી દુનિયાના ગરીબોનું લોહી ચૂસવા માંગે છે. અને તેમ કરીને ગરીબોને વધુ ગરીબ બનાવવા, અને પોતાની મૂડીમાં અધિક વૃધ્ધિ કરવા માંગે છે. એટલું જ નહીં એ તક્સાધુઓ આખી દુનિયામાં બીન મુડીવાદીઓને પોતાના ગુલામ બનાવવા માંગે છે. અમે મૂડીવાદીઓની દુનિયાનો તર્ક સારી રીતે સમજીએ છીએ.

(ઇસ્લામ વ નાબસા માંનીહાયે રૌશન ફીકરાન - નામની કિતાબમાંથી. લેખક : સય્યદ કુત્બ)

## વ્યાજથી કર્ઝ

વ્યાજથી કર્ઝ એ છે જેમાં એક માણસ પોતાનો માલ બીજા માણસને કર્ઝ તરીકે આપે અને તેમા એ શર્ત રાખે કે નિશ્ચિત સમય પછી તે કર્ઝથી આપેલ પોતાના માલથી વધુ (માલ) પાછો લેશે. ભલે પછી ભલે વધારાની વસ્તુ એ જ પ્રકારની હોય. જેમકે કોઈ માણસ ૧૦ (દસ) તુમાન (ઈરાની ચલણ) આપે અને એવી શર્ત કરે કે (અમુક મુદ્દત પછી) ૧૧ (અગિયાર) તુમાન પાછા લેશે. અથવા તો ૧૦ (દસ)

મણ ચાવલ ઉધાર આપે અને એવી શર્ત કરે કે તેના બદલામાં અમુક સમય પછી ૧૧ (અગિયાર) મણ ચાવલ ઉધાર આપે અને એવી શર્ત કરે કે તેના બદલામાં (અમુક સમય પછી) ૧૧ (અગિયાર) મણ ચાવલ પાછા લેશે.

પછી વૃધ્ધિ કામના વધારાના હિસાબે હોય, જેમ કે દસ તુમાન કર્ઝ આપીને એવી શર્ત કરવામાં આવે કે કર્ઝ લેનાર માણસ દસ તુમાન પણ પરત કરશે અને એક જોડી કપડા પણ ધોઈ આપશે.

એવી જ રીતે બીજો કોઈ ફાયદો કર્ઝ આપનાર, કર્ઝના માલ ઉપરાંત મેળવે, તો એ પણ વ્યાજ છે અને હરામ છે. દાખલા તરીકે એક હજાર તુમાન કર્ઝ તરીકે આપે અને એવી શર્ત કરે કે એક હજાર તુમાન કર્ઝના પરત આપવા પડશે અને સાથે કર્ઝ આપનાર એક વર્ષ સુધી ભાડું આપ્યા વગર કર્ઝ લેનારના મકાનમાં રહેશે.

વસ્તુની ખૂબી કે ખામીના કારણે પણ વ્યાજ થઈ જાય છે. જેમકે કોઈ માણસ પાંચ તોલા સોનાની લગડી લેનારને આપી

દે અને તેના બદલામાં એવું ઇચ્છે કે તેના ઘરેણા મફતમાં બનાવી આપે.

બેશક, આ તમામ વ્યવહાર વ્યાજ છે. અને તે હરામ છે. કર્ઝ આપતી વખતે કોઈ શર્ત મૂકે અથવા તો પહેલાથી શર્ત નક્કી કરીને તે પ્રમાંણે કર્ઝ આપે એ બંનેમાં કશો ફર્ક પડતો નથી.

## કેટલાક મહત્વના મુદ્દાઓ

(૧) જેવી રીતે વ્યાજ લેવું હરામ છે. તેવી જ રીતે વ્યાજ આપવું પણ હરામ છે. વાસ્તવમાં વ્યાજનો વ્યવહાર જ હરામ

અને બાતિલ છે. વ્યાજથી કર્ઝ લેનાર માણસ કર્ઝની લીધેલા માલનો હકદાર બની શક્તો નથી. પણ તે કર્ઝથી માલ આપનારની માંલિકીનો જ રહે છે. આમ છતાં, કર્ઝથી માલ લેનાર તે માલને વાપરે અને તેમાથી કોઈ નફો કમાંય, તો તે નફાનો અસલ માલિક કર્ઝ આપનાર માણસ રહેશે. દાખલા તરીકે કોઈ વ્યાજથી થોડા ઘઉં લઈને તેનું વાવેતર કરે. તેનો જે કંઈ પાક થાય તેનો માલિક વ્યાજથી (કર્ઝના) ઘઉં આપનાર માણસ તેના

માલના (વાવેતર કરવાના) ઉપયોગમાં સહમત છે. તો વ્યાજથી કર્ઝ લેનાર માટે એ નફાનો ઉપયોગ જાએઝ છે. બિલ્કુલ એ રીતે કે આપણને ખબર હોય કે કોઈ માણસની કોઈ વસ્તુનો આપણે ઉપયોગ કરશું તો તેનાથી તે રાજી થશે, અને તે વસ્તુનો ઉપયોગ કરવાથી આપણ માંલિકીની થઈ જશે નહીં તો તેનો ઉપયોગ આપણા માટે જાએઝ થશે.

(૨) જો કોઈ માણસ કોઈ વેપારીને અમુક રકમ આપે અને તેનાથી ઓછી રકમ તે વેપારી બીજા

કોઈ શહેરમાં પરત આપે, તો તેમા કાંઈ વાંધો નથી. દાખલા તરીકે શીરાઝમાં કોઈ વેપારીને એક હજાર તુમાન આપે, જે તહેરાનમાં નવસો નેવું તુમાન પાછા આપે તો તેમા કાંઈ વાંધો નથી. આ વ્યવહારને સર્ફે બરાઅત કહેવાય છે. આ વ્યવહારમાં વ્યાજ નથી. કેમકે માણસ મૂળ રકમ કરતા ઓછી રકમ પાછી મેળવે છે. જયારે માણસ

ઓછું આપીને વધારે પાછું મેળવવાની અપેક્ષા રાખે, તો તે વ્યાજ છે. જો તે શિરાઝમાં નવસો નેવું તુમાન આપીને તહેરાનમાં એક હજાર તુમાન માંગે તો એ વ્યાજ અને હરામ વ્યવહાર છે.

(૩) જો કર્ઝ આપતી વખતે વ્યાજ કે વધારાની કોઈ વાત ન થઈ હોય પણ કર્ઝ લેનાર ઉપકારનો બદલો વાળવાના હેતુથી આપમેળે કંઈ વધુ આપવા માંગતો હોય તો તે વ્યવહાર હરામ નથી. પરંતુ મુસ્તહબ છે. કર્ઝ લેનારે નિશ્ચિત કરેલા

સમયે અથવા કર્ઝ આપનાર માંગે તે પહેલા કર્ઝ અદા કરી દેવું મુસ્તહબ છે. એ પણ મુસ્તહબ છે કે કર્ઝ લેનાર જયારે કર્ઝ પાછુ આપે ત્યારે તેની સાથે બીજી કોઈ વસ્તુ (સ્વૈછીક રીતે) તોહફા (ભેટ) ની નિય્યતથી આપે. અલબત્ત, તેમા તોહફાની નિય્યત હોવી જોઈએ. ક્યાંક એવું ન થાય કે તેવી ભેટને વ્યાજ સમજવામાં આવે. બીજી બાજું કર્ઝ લેતી વખતે તેની સાથે જે વસ્તુ કે રકમ ભેટ (તોહફો) આપવામાં આવે તેને મૂળ કર્ઝની રકમ સાથે ગણી લે

અને વધારાની રકમ કે વસ્તુ પાછી આપવાનો પ્રયત્ન કરે.

## વ્યાજનો વ્યવહાર

વ્યવહાર ગમે તે હોય પણ તેમા નીચે મુજબની બે બાતોમાંથી કોઈ પણ એક બાબત અમલમાં આવે તો તે વ્યાજનો વ્યવહાર થઈ જાય છે. જે બાતિલ અને હરામ છે.

(૧) જે વસ્તુ લેવામાં આવે અને જે વસ્તુ આપવામાં આવે તે બંને એક જ પ્રકારની હોય અને એક વધારે હોય અને બીજી

ઓછી હોય. દાખલા તરીકે, ચોખા લેવામાં આવે પણ (બદલામાં અપાય તે) કાંતો વજનમાં કોઈ એક વધારે હોય, કાં તો કોઈ એક ક્વોલીટી (અથવા ધોરણ) ની ષ્ટિએ વધારે સારા હોય અને વજનમાં બંને સરખા હોય તો તે વ્યાજ છે.

(૨) એક પ્રકારનું માંપ અથવા વજન ઉપયોગમાં લેવાયું હોય, દાખલા તરીકે એક કીલો ગ્રામ ઘી ના બદલે દોઢ કીલો ઘી પાછું લેવાયું હોય, અલબત્ત લેતી વખતે વ્યવહાર કીલોગ્રામમાં થયો હોય

અને પાછું આપવામાં તે જ વજનનો માલ શેર અથવા પાઉન્ડમાં હિસાબ આપવામાં આવે તો કોઈ વાંધો નથી, તેવી જ રીતે જો કોઈ વસ્તુ મીટરના હિસાબે મળી હોય, તે જ લંબાઈની વસ્તુ ફુટ અથવા ગજના હિસાબે પાછી આપવામાં આવી હોય તો કંઈ વાંધો નથી. તે વ્યવહાર સાચો ગણાશે.

માણસ એક મણ ઘઉં દઈને દોઢ મણ ઘઉં પાછા લ્યે, અથવા એક મણ ઘઉં દઈને એક મણ ઘઉં સાથે એક શેર ચોખા પાછા

લેવાથી વ્યાજના હિસાબે કોઈ ફર્ક પડતો નથી. એ વ્યવહાર પણ વ્યાજ અને હરામ છે.

આવી જ રીતે જો એક માણસ બીજા માણસને એક વર્ષની મુદ્દત માટે એક મણ ઘઉં આપે અને બીજો માણસ પહેલા માણસને બે મહીનાની મુદ્દત માટે એક મણ ઘઉં આપે તો એ પણ વ્યાજ છે કારણ કે વ્યવહારમાં મુદ્દતનું પણ મહત્વ છે.

ત્રણ દ્રષ્ટિબિંદુ.

(૧) વ્યાજના વ્યવહારમાં જવ અને ઘઉંને એક જ વસ્તુ ગણવામાં આવે છે. તેથી જે કોઈ માણસ એક મણ ઘઉં આપીને બદલામાં દોઢ મણ જવ પાછા મેળવે તો તે પણ વ્યાજ અને હરામ છે.

તેવી જ રીતે દરેક (વસ્તુ)ની મૂળ અસ્લ તેના અંશની સાથે જ ગણાય છે. જો કોઈ માણસ એક કીલો દહીં આપીને બદલામાં દોઢ કીલો દૂધ પાછું મેળવે તો એ પણ વ્યાજ અને હરામ છે. તેવી જ રીતે કોઈ માણસ એક કીલો ◌ાક્ષ પાછી મેળવે

અથવા એક કીલો સાકર આપીને દસ (૧૦) કીલો શેરડી પાછી મેળવે તો એ પણ વ્યાજ અને હરામ થઈ જશે.

(૨) જો કોઈ માણસ એક મણ ઘઉં અને એક રૂમાલ આપીને બદલામાં દોઢ મણ ઘઉં પાછા મેળવે તો એ વ્યવહાર વ્યાજ અને હરામ ગણાશે નહીં. જેમાં એક મણ ઘઉં, એક મણ ઘઉંના બદલામાં ગણવામાં આવશે. એમ પણ થઈ શકે છે કે માણસ એક મણ ઘઉં અને બીજી કોઈ પણ વસ્તુ

જેમકે સાબુ કે રૂમાલ લઈ શકે છે. એ સંજોગોમાં માણસ વ્યાજથી બચી શકશે.

જો કોઈ માણસ પહેલા વ્યવહારમાં પોતાના એક મણ ઘઉં બે તુમાનમાં વેચે અને તે પછી બીજા દોઢ મણ ઘઉં બે તુમાનમાં ખરીદે તો એ વ્યવહાર વ્યાજ અને હરામ નહીં થાય. એ બંને જુદો વ્યવહાર ગણાશે. આ રીતે પણ માણસ વ્યાજથી બચી શકે છે.

એમ પણ શક્ય છે કે ઝૈદ એક મણ ઘઉં ખાલીદને વેચે અને ખાલીદ પોતાના

અડધો પણ ઘઉં ઝૈદને ભેટ (તોહફા) તરીકે આપી દે. તો એ પણ જાએઝ છે અને તે વ્યાજ નથી.

એ વ્યવહાર જેમાં વ્યાજ જાએઝ છે.

ત્રણ પ્રકારના લોકો વચ્ચે વ્યાજની લેવડ દેવડ જાએઝ છે.

(૧) પિતા અને પૂત્ર : પિતા અને પૂત્ર બંને એક બીજા સાથે વ્યાજનો વ્યવહાર કરી શકે છે. પરંતુ માતા અને પૂત્ર વચ્ચે વ્યાજનો વ્યવહાર હરામ હોવાનું સાબિત છે.

(૨) પતિ – પત્નિ : પતિ પત્નિ પરસ્પર વ્યાજનો વ્યવહાર કરી શકે છે. દાખલા તરીકે સો રૂપિયા આપીને દોઢસો રૂપિયા લઈ શકે છે આ જાએઝ છે.

(૩) કાફિરે હરબી : (એવો કાફર જે મુસલમાન અને શરઈ હુકુમતમાં ન હોય) કાફિરે હરબી સાથે મુસલમાન વ્યાજનો વ્યવહાર કરી શકે છે.

અલબત્ત, તેની પાસેથી વધારે લઈ શકે છે, પણ કાફિરે હરબીને વધારે આપવું જાએઝ નથી. અને જ્યાં સુધી કાફિરે ઝિમ્મીનો

સંબંધ છે, એટલે કે જો તે હુકુમતની પનાહ (રક્ષણ) માં હોય તો તેની સાથે વ્યાજનો વ્યવહાર કરવો હરામ છે.તેની પાસેથી વ્યાજ લેવું પણ હરામ છે, અને તેને વ્યાજ આપવું પણ હરામ છે.

# દસમો ગુનોહ
# ઝીના - વ્યભિચાર

# દસમો ગુનોહ

# ઝીના - વ્યભિચાર

ગુનાહે કબીરા પૈકી દસમો ગુનોહ જેના વિશે નસ્સે માંસુમીન અલય્હેમુસ્સલામ (કુરઆનથી સ્પષ્ટથી સ્પષ્ટ થએલ માંસુમીન અલય્હેમુસ્સલામના હુકમો) મળી આવે છે તે ઝીના (વ્યભિચાર જારકર્મ) છછે. હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ, હઝરત ઈમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ અલી રઝા અલય્હિસ્સલામ અને હઝરત ઈમામ

મોહમ્મતદ તકી અલયહિસ્સલામે ઝીનાને ગુનાહે કબીરા હોવા વિશેની સ્પષ્ટતા કરી છે. કુરઆને મજીદના સૂ. કુરકાનની ૬૮ મી આયતમાં આનો ઉલ્લેખ કરવામાંઆવ્યો છે. એ આયતમાં પવરદિગારે આલમ ફરમાવે છે.

“વલ્લઝીન લા યદઉન મઅલ્લાહે એલાહન આખર વલા યક્તોલુનન્નાફસલ લતી હર્રમલ્લાહો ઇલ્લા બિલ હક્કે વલા યઝુજન, વ મંય યફઅલ ઝાલે યલ્ક

અસામાં. યોઝાઅફ લહુલ અઝાબો યવ્મલ કેયામતે વ યખલુદ ફીહી મોહાના.”

“(ખુદાના નેક બંદાઓની સિફત એ છે કે) તે લોકો, ખુદાના સિવાય બીજા કોઈની પરસ્તીશ કરતા નથી (એટલે કે મુશ્રિક નથી) અને એવા કોઈ પણ જીવને કે જેને કત્લ કરવો અલ્લાહે હરામ કર્યો છે, વિના ગુનાહે કત્લ કરતા નથી, અને ન વ્યભિચાર કરે છે, અને જે કોઈ ેએવું કૃત્ય કરશે તો તેની યોગ્ય સજા અવશ્ય પામશે. કયામતના દિવસે તેનો અઝાબ તેના માટે

બમણો કરી દેવામાં આવશે. અને તે હંમેશને માટે ઝલીલ થઈ તેમા જ રહેશે. (૨૫ - ૬૮/૬૯)

## ‘અસામ’ અને ‘ગય્ય’નો અર્થ

તફસીરે મિનહજુસ્સાદેકીન માં ઉપરની આયતમાં વપરાયેલ શબ્દ અસામાનો અર્થ દોઝખની એક ખીણ છે.દોઝખની એ ખીણમાં ઝીનાકારોને સજા આપવામાં આવશે. અને એમ પણ કહેવામાં આવ્યું છે કે અસામાનો અર્થ દોઝખીઓના શરીરના

ગુપ્ત ભાગમાંથી નિકળનાર લોહી અને પરૂ જેવું પ્રવાહી છે.

કેટલીક રિવાયતોમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, આ આયતે અસામ અને બીજી આયત ફસક યલ્કન ગય્યા જલ્દીમાં જલ્દી તેઓ ગુમરાહી (ની સજા) મેળવશે. (૧૯-૫૯) માં ગય્યનો અર્થ જહન્નામના બે કુવા છે. જહન્નુમના એ કુવા એટલા ભયંકર અને ઉંડા છે કે તેમા ઉપરથી પથ્થર ફેંક્વામાં આવે તો તે ૭૦ (સિત્તેર) વર્ષ પછી તેના તળીયે પહોંચે છે.

સૂ. બની ઇસરાઈલમાં ઇરશાદ થાય છે :
"અને તમે ઝીના (વ્યભિચાર) ની પાસે પણ (હરગીઝ) ન જાઓ, કેમકે બેશક તે નિર્લજ્જપણા (નું કાર્ય) છે, અને અતિ બૂરો માર્ગ છે." (૧૭-૩૨)

ઝીનાને સૌથી ખરાબ કાર્ય હોવાનું કહેવાયું છે, તેનું કારણ એ છે કે ઝીનાના પરિણામે નસ્લ (વંશ) સાબિત થઈ શક્તી નથી. જેના કારણે ફીત્નો અને ફસાદ પણ પૈદા થઈ શકે છે. ઝીનાથી પૈદા થએલા સંતાનને વારસો મળી શક્તો નથી (કારણ

કે ઝીનાથી પૈદા થનાર બાળકનો સાચો પિતા કોણ છે ? તે નિશ્ચિત હોતું નથી) તેમજ ઝીનાથી પૈદા થનાર બાળકના પિતા અને પુત્રના હક્કો પણ સાબિત થઈ શક્તા નથી.

## વાસનાપૂર્તિનો કનિષ્ટ માર્ગ

"બલાહાએ ઇજતમાંઈ" નામની કિતાબમાં ઉપરની આયતના વિવરણમાં લખ્યું છે કે ઝીનાની નજદીક હરગીઝ ન જવું જોઈએ. કારણ કે તે ખૂબ જ ખરાબ અને ધૃણાસ્પદ કાર્ય છે. કુરઆને મજીદે ઝીનાની અત્યંત

મઝમ્મત કરી છે, કદાચ એ કારણનું વર્ણન કુરઆને શરીફની આ આયતના ભાગમાં થયું છે, કદાચ એ કારણનું વર્ણન કુરઆને શરીફની આ આયતના ભાગમાં થયું છે : વસાઅ સબીલા અને આ (ઝીના) સૌથી ખરાબ રસ્તો છે. (૧૭-૩૨)

કેમકે આ વાક્ય ઇસ્લામના પાયાની દ્રષ્ટિકોણને સ્પષ્ટ કરી દે છે. ઇસ્લામમાં અશ્લીલ અને બેશર્મના કાર્યોનો કેટલો સખ્ત વિરોધ છે, તે વાત ઉપરની આયતથી સ્પષ્ટ થઈ જાય છે. આ

વાક્યથી એ પણ સ્પષ્ટ થાય છે કે ઝીના એ એક દુષ્ટ અમલ છે. અને વાસનાપુર્તિનો ખતરનાક માર્ગ છે. જો સમાજ એ ખતરનાક રસ્તે ચાલીને ઝીના ારા પોતાની જાતિય વાસના તૃપ્તિ કરવા માંડે, તો તે સમાજ નાશના ભયંકર વળાંક સુધી પહોંચી જાય. પરવરદિગારે આલમે માનવવંશની ઉત્પતી માટે જાતિય અને કામવાસનાની વૃત્તિ આપી છે. તેમજ એ કારણોસર પુરૂષો અને સ્ત્રીઓમાં પ્રેમ અને મોહબ્બતની લાગણી ઉત્પન્ની કરી છે. આ

લાગણીઓ મર્યાદીત અને નિશ્ચિત હદ સુધી રહે, તો તેનાથી માનવવંશ બાકી રહે છે, અને સમાજમાં (ઘરોમાં) શાંતિ અને સલામતી જળવાઈ રહે છે. અને તે રીતે આખો સમાજ શાંતિનું પારણું બની જાય છે. એ વાત યાદ રાખવી જોઈએ કે ઝીનાના કારણે માત્ર સંતતિ ખરાબ થતી નથી, પણ તેના પરિણામે આખો સમાજ એક ખોફનાક ખીણમાં ધકેલાઈ જાય છે. જેમાં લાખો જાતિય (ગુપ્ત રોગ) બીમારીના દર્દીઓ હોય છે. જેની સારવાર

અને ઈલાજ માટે કરોડો ડોલરનું બજેટ તૈયાર કરવું પડે છે. જેમંા લાખો બીન વારસી (જેના મા-બાપ કોણ છે તે નક્કી ન થઈ શક્તું હોય તેવા) બાળકોને ઘ્યાનમાં લેવાય છે. (બલાહાએ ઇજતમાંઈ, પા. ૧૪૩)

ઉપર જણાવેલ કિતાબના પાના નં ૧૩૧ ઉપર નોંધવામાં આવ્યું છે કે :

અશ્લીલતામાં વૃઘ્ધિ અને નાજાએઝ બાળકો પૈદા થવાના કારણ રૂપે હજારો પ્રકારનું નુકસાન નજરે પડયું છે, એ

નુકસાનનું પ્રમાણ એટલું મોટું છે કે તેનો દાખલો વીસમી સદીમાં જોવા મળતો નથી.

આજનો આધુનિક અને પ્રગતિશીલ માનવ કેટલીએ તકલીફો વેઠીને સાધારણ, નજીવી વસ્તુઓ અને કણો (અણુ) ની શક્તિનો ફાયદો મેળવવાનું શોધી કાઢે છે. તો પછી ખુદાવંદે આલમ તરફથી મળેલી યોગ્યતા અને શક્તિને, મનોવાસના, અશ્લીલતા અને ઝીના જેવા બદતરીન અને ખોટા માંર્ગેથી લીઝ્ઝત મેળવવામાં શા માટે

વેડફી નાખે છે ? આશ્ચર્યની વાત એ છે કે એક બાજુથી તો માનવ સાધનો અને સામગ્રી ારા પુરેપુરો ફાયદો મેળવીને પ્રગતિ સાધવા માંગે છે. તો બીજી બાજુ એવા કામો કરે છે જે ઝીના અને અશ્લીલતાના રૂપમાં વિનાશ નોતરે છે.

પ્રવર્તનમાન યુગમાં વિજ્ઞાને ઘણી જ પ્રગતિ કરી છે. એટમ (અણુ) ની શક્તિ ારા ફાયદો મેળવવામાં આવી રહ્યો છે. ચિકિત્સાના ક્ષ્ોત્રમાં પણ આશ્ચર્યજનક પ્રગતિ સાધવામાં આવી છે. હજારો

સંશોધકો સંશોધનમાં મગ્ન છે અને હજારો પ્રકારની બીમારીઓનો ઇલાજ શોધવામાં આવી રહ્યો છે, પરંતુ અફસોસની વાત છે કે એ ચિકિત્સાના સંશોધનના પ્રમાણમાં દર વર્ષ્ે જાતીય દર્દોના રોગીઓમાં ઉત્તરોત્તર વૃધ્ધિ થતી જાય છે. વ્યભિચારના પ્રસારના કારણે લાખોની સંખ્યામાં લોકો જાતીય બીમારીઓનો ભોગ બને છે. અને એની સંખ્યામાં સતત વૃધ્ધિ થતી જાય છે. આ કારણસાર અનેક દેશોના લોકો હોસ્પિટલમાં સારવાર મેળવવા માટે

દાખલ થઈ રહ્યા છે. તેમનું જીવન બરબાદ થઈ ચુક્યું છે. તે લોકો લક્વાના દર્દી જેવા અપંગ બનીને સમાજ ઉપર બોજારૂપ બની ગયા છે. દરેક દેશ પોતાની આર્થિક પ્રગતિ માટે નવા નવા કાર્યક્રમો ઘડી કાઢે છે. પરંતુ ક્ષણભરની લીઝઝત અને જાતિય કામવાસનાની પૂર્તિ અને થોડીવારના અનૈતિક જાતીય સમાંગમના કારણે કેટલાય મિલિયન (એક મિલિયન દસ લાખનો થાય) ગેરકાયદેસર બાળકો પૈદા થઈ રહ્યા છે. અને તે દેશના

સત્તાધિશો બાળકોના ઉછેરની વ્યવસ્થા પૂરી કરી શક્યા ન હોય ત્યાં બીજા કેટલાક મિલિયન બાળકો જન્મી ચૂક્યા હોય છે. એ લાવારિસ બાળકો યોગ્ય રીતે ઉછેર (શિક્ષણ વગેરે) ન થઈ શક્વાને કારણે ભયાનક ગુનાહખોરીનો ભોગ બને છે, જે હુકુમત અને ન્યાયતંત્ર માટે ભય અને નિરાશાનું કારણ બને છે.

આ વિસંગતતાપૂર્ણ અને મુશ્કેલી ભરી પરિસ્થિતિ, અશ્લીલતા અને જાતીય વ્યભિચારના કારણે ઉભી થઈ છે. અમે

આપની ખિદમતમાં વિનાશ અને નુકસાનના કેટલાક નમુના પેશ કરીએ છીએ. જે આધુનિક સંસ્કૃતિના કપાળ પર કાળુ કલંક છે.

બ્રિટનની દાયરંતુલ મઆરીફ ભાગ ૨૩ના પાના નં ૪૫ ઉપર નોંધવામાં આવ્યું છે કે (સંશોધન મુજબ)

અમેરિકામાં ઘણા બધા લોકો જાતીય બીમારી (ગુપ્ત રોગો) નો શિકાર બની ગયા છે. અમેરિકાની સરકારી હોસ્પિટલોમાં જાતીય રોગોની સારવાર લેનાર દર્દીઓની

સંખ્યા ૩,૬૦,૦૦૦ (ત્રણ લાખ સાંઈઠ હજાર) ની છે. અમેરિકાનો હોસ્પિટલો પૈકી ૬૫૦ (છસો પચાસ) હોસ્પિટલો ખાસ જાતીય રોગોની સારવાર અને ઇલાજ માટે છે.

ઉપરની સંખ્યા કરતા દોઢ ગણી વધુ સંખ્યામાં લોકો પોતાના ફેમિલિ ડોકટર્સ પાસે ખાનગી દવાખાનાઓમાં સારવાર લઈ રહ્યા છે.

'ક્વાનીને જીન્સી' નામની કિતાબમાં પાના નં ૩૦૪ ઉપર નોંધેલું છે કે

અમેરિકામાં દર વર્ષે ત્રીસથી ચાલીસ હજાર બાળકોનો વારસામાં જાતીય બીમાર સાથે જન્મ થવાને કારણે જન્મતાની સાથે મૌતાના મૂખમાં ધકેલાઈ જાય છે. જાતિય બીમારીઓને કારણે મૃત્યુ પામનાર ટકાવારી (ટી.બી. ની બીમારી સિવાય) બીજી તમામ બીમારીઓ કરતા વધારે છે.

“ક્યહાન” નામનું દૈનિક તેના અંક નંબર ૫૩૫૬માં લખે છે કે મોલીન નરજુ નામના ડોકટર, દક્ષિણ લંડનમાં લોકોની ટ્રીટમેન્ટ કરતા હતા. તેઓ લખે છે કે

લંડનમાં દર વર્ષ્ે ૫૦,૦૦૦ (પચાસ હજાર) ગર્ભપાત કરાવવામાં આવે છે. અને જન્મનાર દરેક વીસમાંથી એક બાળક ગેરકાયદેસરનું હોય છે.

“ઇત્તલાત” નામનું દૈનિક તેના અંક નંબર ૧૪૧૪ માં લખે છે કે ૧૯૮૫ ના વર્ષમાં ગેરકાયદેસર બાળકોની સંખ્યા અમેરિકામાં ૨,૦૧,૭૦૦ની હતી, આ બાળકોને કાયદેસરના લગ્યન થયા ન હોય તેવી સ્ત્રીઓએ જન્મ આપ્યો હતો.

જેમાં છેલ્લા વીસ વર્ષમાં પાંચ ટકાનો વધારો થયો છે. આ વર્ષ્ે ગેરકાયદેસર બાળકોના જન્મની સંખ્યા ૨૪,૦૦૦ ની હતી. અને ચોંકાવનારી વાત એ છે કે આ રીતે ગેરકાયદેસર બાળકોને જન્મ આપતી માતાઓની વય ૧૮ (અઢાર) વર્ષથી ઓછી હતી. પેરિસમાં જન્મતા ૨૩૫૧૫ બાળકોમાંથી ૪૧૪૫ ગેરકાયદેસરના હોય છે. સ્વીડનમાં ૧૭,૦૦૦ બિન અધિકૃત બાળકો જન્મે છે.

## ઝીનાની દુનિયા અને આખેરતમાં અસર

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે :

ઝીનાની છ પ્રકારની અસર છે. ત્રણ દુનિયામાં અને ત્રણ આખેરતમાં.

જે ત્રણ અસર દુનિયાની છે તેમાની :

(૧) પહેલી અસર એ છે કે દુનિયામાં ઝીનાકારના ચહેરા ઉપરથી નૂર ચાલ્યું જાય છે.

(૨) બીજી એ છે કે તે (ભૂખ્યા રહેવું પડે તેટલી હદ સુધી) આર્થિક તંગીમાં રહે છે. અને

(૩) ત્રીજી એ છે કે તેનું મૌત નજદીક આવી જાય છે. (એટલે કે જિંદગી ટૂંકી થઈ જાય છે.)

આખેરતમાં ઝીનાકાર માટે જે ત્રણ અસર જાહેર થઈ છે તેમા :

(૧) પહેલી એ છે કે પરવરદિગારે આલમનો ગઝબ તેની ઉપર નાઝિલ થાય છે.

(૨) બીજી એ છે કે તેનો હિસાબ સખ્તીથી લેવામાં આવે છે, અને

(૩) ત્રીજી એ છે કે તે હંમેશા જહન્નામની આગમાં સળગતો રહે છે. (ફુરૂએ કાફી)

ઝીનાકારની બરઝખમાં હાલત :

પાંચમાં ઈમામ અલય્હિસ્સલામનો ઇરશાદ છે કે જે કોઈ માણસ મુસલમાન યહૂદી, નસરાની અથવા મજૂસી (અગ્નિ પૂજક) સ્ત્રી સાથે ઝીના (વ્યભિચાર) કરશે, તે સ્ત્રી આઝાદ હોય કે કનીઝ, તે ઝીના કરનાર ગર્વ કરશે. અને તૌબા ર્ક્યા વગર

દુનિયાથી ચાલ્યો જશે, તો પરવરદિગારે આલમ તેની કબ્રમાં અઝાબના 300 (ત્રણસો) દરવાજા ખોલશે. અને તે દરેક દરવાજાઓમાંથી કેટલાય સાપ, વીંછી, અજગર નિકળી આવશે. અને તેને કયામત સુધી દઝાડતા અને તકલીફ આપતા રહેશે.

## રોઝે મહેશર અને ઝીના કરનાર

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ આ વિષયની વધુ સ્પષ્ટતા કરતા ફરમાવે છે : ઝીના

કરનારને મહેશરના દિવસે તેની કબ્રમાંથી ઉઠાડવામાં આવશે. ત્યારે તેની ખૂબ જ ખરાબ હાલત હશે. આપ ફરમાવે છે : જયારે ઝીનાકાર કબ્રમાંથી ઉઠશે ત્યારે તેના શરીરમાંથી નિકળીતી દુર્ગંધથી મહેશરના લોકો સમજી જશે કે આ (માણસ) દુનિયામાં શું શું કામ કરતો હતો. એટલે સુધી કે પરવરદિગારે આલમ હુકમ આપશે કે તેને આગમાં નાખી દો. હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ આગળ ફરમાવે છે : યાદ રાખો, અલ્લાહ

તઆલાએ હરામ વસ્તુઓને ખુદ પોતાના તરફથી જ હરામ ગણાવી છે, અને અલ્લાહે જીવન જીવવાના નિતી નિયમો નિશ્ચિત ર્ક્યાં છે. કોઈ પણ માણસ ખુદા કરતા વધુ ગૈરતમંદ નથી. એ તેની ગૈરત (સ્વાભિમાન) છે, કે તેણે ફહહાશીને હરામ કરેલ છે.

**ઝીનાકારની દુર્ગંધથી મહેશરના લોકો ત્રાસી ઉઠશે.**

હઝરત અલી અલય્હિસ્સલામ ફરમાવે છે : કયામતના દિવસે અલ્લાહ તઆલાના હુકમથી એવી ગંદી બદબૂ ફેલાશે, કે મહેશરના લોકોને ખૂબ જ તકલીફ પહોંશે. એટલે સુધી કે લોકોના શ્વાસ રૂંધાવા લાગશે.

એવામાં એક મુનાદી (જાહેરાત કરનારો અવાજ) બુલંદ કરશે કે અય મહેશરના

લોકો આ બદબૂભરી હવા તમને તકલીફ પહોંચાડે છે તે શેની છે, તે તમે જાણો છો ? મહેશરના લોકો જવાબ આપશે, ના અમને ખબર નથી. અલબત આ બદબૂભરી હવાથી અમને સખત તકલીફ થઈ રહી છે.

પછી હઝરતે ફરમાવ્યું :

આ એ ઝીનાકારોની શર્મગાહ (ગુપ્તાંગ) ની બદબૂ છે, જેમણે ઝીના કર્યા હતા, અને તેના તૌબા કર્યા ન હતા. અય લોકો, ખુદા તેમની ઉપર લાનત કરે છે, તમે પણ તેઓ પર લાનત કરો. ત્યાર પછી મહેશરના

લોકો પૈકી કોઈ એવું નહીં હોય જે એમ ન કહેતું હોય કે પરવરદિગાર, તું એ ઝીનાકારો ઉપર લાનત (ગઝબ) મોકલ.

## ઝીના અને અચાનક મૌત

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઇરશાદ ફરમાવે છે :

“મારી હયાતી પછી વધારે પ્રમાણમાં ઝીના થવા લાગશે. ત્યારે અચાનક (આવી પડનારા) મૌતનું પ્રમાણ વધી જશે.” (વસાએલુશ્શીઆ)

આપ ફરમાવે છે : ઝીના, ફકીરી અને ભૂખમરાનું કારણ બને છે અને તેનાથી આબાદી - વીરાનીમાં ફેરવાઈ જાય છે.

## વંશથી અજાણ

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામના મક્તુબમાં છે કે ખુદાવંદે આલમે ઝીનાને એ માટે હરામ ઠેરવેલ છે કે તેમા ઘણી ખરાબીઓ છે, જેમકે બે ગુનાહ (નિર્દોષ) જીવની કત્લ, વંશ સાબિતીનો અભાવ, બાળકોની યોગ્ય

પરવિરશ અને વારસદાર તરીકેની સાબિતિનો અભાવ.

**પાકદામન સ્ત્રી સાથે ઝીના**

શરીઅતે મુકદ્દસામાં ઝીનાની સજા એકસો કોરડા ફટકારવાની છે, પરંતુ જો પાકદામન પિરણીત સ્ત્રી સાથે ઝીના કરવામાં આવે તો તેની સજા વધી જાય છે. ઝીનાએ મોહ્સેનહ (એટલે પતિ પોતાની પત્નિ સાથે સંભોગ કરી શકે તેમ હોવા છતાં, ઝીના - વ્યભિચાર કરે) તેવી જ રીતે સ્ત્રી તેના પતિ પાસેથી જાતીય સુખ પ્રાપ્ત કરી

શકે તેમ હોવા છતાં, પર પુરૂષ સાથે અનૈતિક શારીરિક સંબંધ બાંધે, તો તેની સજા સંગસાર (પત્થર મારીને મારી નાખવાની) અને મૌત છે.

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :

“ત્રણ સમુહો એવા છે, જેની સાથે ખુદાવંદે આલમ કયામતના દિવસે વાત સુધ્ધાં નહીં કરે, અને તેમની શુધ્ધિ નહીં કરે. તેઓના માટે દર્દનાક અઝાબ છે. એ ત્રણ સમુહો માંથી એક સમુહ એવી ઔરતોનો

હશે જે પોતાનો પતિ હોવા છતાં બીજા કોઈ સાથે ઝીના કરાવે.

હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલચ્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

જે માણસ પિરણીત (પતિવાળી) સ્ત્રી સાથે ઝીના કરશે, તો તે સ્ત્રી અને પુરૂષ બંનેના શરીરની શર્મગાહથી એટલી બધી ભયાનક દુર્ગંધ છુટશે, જે પાંચસો વર્ષના અંતર સુધી ફેલાશે. આ દુર્ગંધથી જહન્નામના લોકોને સખ્ત તકલીફ પહોંશે. અને એવા

ઝીના કરનારાઓ ઉપર સખ્ત અઝાબ થશે.

## તમામ મુદ્દાઓ ઉપર ઇસ્લામની નજર

‘બુરહાને કુરઆન’ નામની કિતાબમાં આ વિષય પર લખ્યું છે કે ઇસ્લામમાં ઝીનાની સજા સમજી વિચારીને, ઇન્સાનની જાતીય ખ્વાહીશાત અને તેના શારીકિ કામાંવેગને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવી છે. ઇસ્લામમાં ઇન્સાનની જાતીય જરૂરિયાતને પૂરી કરવા અને તેના કામાંવેગને શમાંવવા માટે સરળ માર્ગ દેખાડવામાં

આવ્યો છે. ઇસ્લામે તેના માનવાવાળાઓને પોતાની યુવાનીના પ્રારંભમાં જ શાદી (લગ્ન) કરી લેવાનો હુકમ આપ્યો છે, અને યુવાન વયમાં જ શાદી કરી લેવાને વધારે સારૂં ગણ્યું છે. શાદી કરવાની તાકીદ કરતા હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે "નિકાહ કરવા એ મારી સુન્નયત છે, અને જે માણસ મારી આ સુન્ન્તથી મૂખ ફેરવશે તે મારામાંથી નથી."

આજ કારણોસર ઇસ્લામમાં શાદી કરવાના કાયદા કાનૂન સાવ સરળ બનાવવામાં આવ્યા છે. ઇસ્લામી હુકુમતમાં એ પ્રથા છે કે જો કોઈ માણસ શાદી ન કરી શક્તો હોય, તો તેને બયતુલ માલથી મદદ કરવામાં આવે. તે રીતે સમાજનું વાતાવરણ વાસના પૂર્તિ અને જાતિય તૃષ્ણાથી પાકો પાકીઝા થઈ જાય. ઇસ્લામમાં યુવાનીની ઉધ્ધ્તાઈ અને યુવાનીના આવેગને કાબુમાં રાખવા માટે ઘણા માંર્ગો દર્શાવવામાં આવ્યા છે. જેમકે

એક બાજુ અભણને તાલીમ આપવાનો હુકમ આપ્યો છે. લોકોનું જીવન ધોરણ ઉંચુ લાવવાના પ્રયત્નો કર્યા છે, તો બીજી બાજુ ઇન્સાનના આવેશને નિશ્ચિત અને મધ્યમસરનો રાખવા માટે રોઝા વાજીબ કર્યા છે. નમાઝની ફર્ઝ મૂકી છે. અને મુસ્તહબ નમાઝ, રોઝા અને એઅતેકાફનો હુકમ આપ્યો છે. આ બધા હુકમો એ માટે આપવામાં આવ્યા છે, જેથી તેનો જાતીય આવેગો ઓછો થઈ જાય. તે શૈતાની વિચારોથી સુરક્ષિત રહે અને ખુદા વિશે

ચિંતન અને મનન કરે. આ હુકમોનું પાલન કરવાથી ગુનાહોથી બચી શકાય છે. અને ખુદાએ દેખાડેલ રસ્તે ચાલીને નફસની સુરક્ષા કરી શકાય છે, અને આવેશોને કાબુમાં રાખી શકાય છે.

આ તમામ આયોજનની સાથોસાથ એ વાત પણ નોંધપાત્ર છે કે ઇસ્લામે ગુનેહગારો માટે સજા આપવામાં ઉતાવળથી કામ લીધું નથી. સજાનો હુકમ એ માટે છે કે ગુનાહોને કારણે સમાજનું વ્યવસ્થાતંત્ર ભાંગી પડે. ઝીના કરનાર

ઉપર હદ એ વખતે જારી કરી શકાય (ઇસ્લામી શરીઅત મુજબ સજા આપી શકાય) છે જયારે ગુનેહગાર બેહયાઈ અને બેશર્મી સાથે ચાર આદીલ ગવાહોની હાજરીમાં કોઈની આબરૂં લૂંટે અને જાનવરની જેમ પોતાની જાતીય ઇચ્છાને જાહેરમાં પૂરી કરે. ઇસ્લામ ઝીનાની સજા એ વખતે આપે છે, જયારે આદીલ ખાત્રી પૂર્વક ગવાહી આપે કે અમે બિલ્કુલ સ્પષ્ટ રીતે ઝીના કરતા જોએલ છે. ઇસ્લામ

ઝીનાકારને, સમાજની ઇઝઝત સાથે એ ખેલ કરે ત્યારે સજા આપે છે.

અચંબો પમાંડે તેવી વાત એ છે કે એ તબક્કે પણ ઇસ્લામ ઉદાર રહીને, ગુનેહગારની પરિસ્થિતિ અને મજબૂરી જોઈને સજા કરે છે.

ઝીનાકાર જયારે અપિરણિત હોય તો ઝીના સાબિત થયા પછી તેને ૧૦૦ (એકસો) કોરડા મારવામાં આવે છે. જે પુરૂષ પોતાની પત્નિ મૌજૂદ હોવા છતાં, માત્ર પોતાના વ્યભિચાર અને હવસખોરીના

કારણે ઝીના જેવો ભયાનક ગુન્હો કરે, તેને સંગસાર કરવાનો હુકમ આપવામાં આવે છે.

અત્રે એ વાત ઉલ્લેખનીય અને ધ્યાનાકર્ષક છે કે આજના આપણા સમાજની આર્થિક હાલત અને અખ્લાકી વાતાવરણ એવું થઈ ચૂક્યું છે કે જેના લીધે આપણા નવયુવાનો શાદી કરવાનું ટાળે છે, એટલું જ નહીં, અશ્લીલતાપૂર્ણ કાર્યો તરફ વળવા માટે લલચાય છે.

એ હકીકત છે કે આજના યુવાનો આર્થિક ભીંસ અને સમાજમાં પ્રવતૃતા દુષણોનો શિકાર બની થયા છે, પરંતુ એ તો વિચારો કે આ પ્રશ્નો પાછળના કારણો શું છે ? આનો સાવ સીધો સાદો જવાબ એ છે કે આપણે ઇસ્લામી નીતિ નિયમોના પાલનનું ધ્યાન રાખ્યું નથી. જો ઇસ્લામના કાયદા કાનૂન અમલમાં હોય તો આપણે બધી મુશ્કેલીઓ અને પરેશાનીઓથી સુરક્ષિણ રહેશું. જો ઇસ્લામી હુકુમત હોત તો કામવાસના અને હવસખોરી પૈદા કરનાર પિરબળોનો અંત

લાવી દેવાના પ્રયત્નો થાત. અને યુવાનોની શાદી કરવાની સરળ વ્યવસ્થા કરાવી આપત. અને લોકોની જીવન જરૂરિયાતના સાધનો પૂરા પાડવાની કોશિષ કરતા અને એ નવયુવાનો જેની ઉપર કોઈ પણ હુકુમતના ભવિષ્યનો આધાર હોય છે, તેને ખોફનાક ખીણમાં ધકેલાઈ જવાથી ઉગારી લેત.

ઇસ્લામી કાનૂનની હુકુમતમાં અશ્લીલ ફિલ્મો, બેશર્મી ફેલાવનાર ટીવી. પ્રસારણ, અશ્લીલતા અને જાતીય ઉશ્કેરાટ

ફેલાવનારા ચિત્રો શરાબખાના, નાઈટ કલબો વગેરેનું અસ્તિત્વ જ ન હોત. ઇસ્લામે એ દરેક કામ જેનાથી ફિસ્કો ફુજુર (દુરાચાર) ફેલાવવામાં મદદ મળે તે કરવાની મનાઈ કરી છે. ઇસ્લામી વ્યવસ્થા તંત્રમાં જુદી જુદી સમસ્યાઓ ઉભી કરીને યુવાનોને કુંવારા રહેવાની ફરજ પાડવામાં આવતી નથી. પણ ઇસ્લામી કાનુનોના અમલથી શુધ્ધ વાતાવરણ અને નિર્દોષ સમાજ અસ્તિત્વમાં આવે છે. જેમાં લોકો મુત્તકી અને પાકદામન રહીને જીવન

વ્યતિત કરી શકે. ઇસ્લામ માત્ર લોકોને સજા આપવા માટે નથી, પણ ઇસ્લામના કાનૂન સમાજને પાકો પાકીઝા બનાવવા માટે છે. તેથી જ ઇસ્લામી કાયદા પ્રમાંણે ઝીના કરનારની હાલત અને તેની મજબૂરીને પણ જોવામાં આવે છે. અને ત્યાર પછી સજા આપવામાં આવે છે. આ પ્રમાંણે ઝીનાના ગુનાહોમાં ફસાએલા લોકોનું સાત પ્રકારના સમુહમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે, તેની વિગત અને સજા નીચે પ્રમાંણે છે.

(૧) સંગસાર કરવું.

(૨) સંગસાર અને કોરડા મારવા બંને સજાઓ

(૩) ૧૦૦ (એકસો) કોરડા મારવા અને માંથુ મુંડાવીને શહેરની બહાર કાઢી મૂક્વા.

(૪) ૫૦ (પચાસ) કોરડા મારવા

(૫) ૭૫ (પંચોતેર) કોરડા મારવા

(૬) ઝીગ્સ એટલ કે કેટલીક વખત કોરડા હાથમાં ઉપાડીને એક વખત માંરવો.

(૭) હદે ઝીના અને તાઝીર બંનેની સજા.

અહીં અમે સુજ્ઞ વાચકોના જ્ઞાનમાં વૃધ્ધિ થાય તે હેતુસર ઝીનાની જે સજા છે એની વિગત, ઇસ્લામના સિધ્ધાંતો, કાયદાઓ અને શરતો ફીકહ અને હદીસોના પ્રકાશમાં પ્રસ્તુત કરીએ છીએ.

(૧) ઝીના સાબિત થવા માટે ચાર આદીલ પુરૂષો અથવા ત્રણ આદીલ પુરૂષો અથવા બે આદીલ સ્ત્રીઓ અથવા બે આદીલ પુરૂષો અને ચાર આદીલ સ્ત્રીઓ ગવાહી

આપે ત્યારે જો ઝીના કરનારો પુરૂષ કુંવારો (અપિરણીત) હોય, એવી જ રીતે ઝીના કરનારી સ્ત્રી પિરણીત હોય, તો તેમને સંગસારની સજા નહીં અપાય પણ ફક્ત કોરડા મારવામાં આવશે.

(૨) ઝીનાની ગવાહી આપનાર આદીલો એક જગ્યાએ (સ્થળે) ઝીના થયા હોવાની ગવાહી આપે.

(3) ઝીનાની ગવાહી આપનાર આદિલો એક જ સમયે ઝીના થયા હોવાની ગવાહે આપે.

(૪) ગવાહી આપનાર આદિલો એક જ બેઠકમાં ગવાહી આપે.

(૫) જો ચાર આદીલ ગવાહો અન્ય ચાર આદિલ ગવાહોની નકલ કરે તો તે પૂરતું નથી.

(૬) જો ચાર આદીલ જે સ્ત્રી સાથે ઝીના થયા હોય તેને ઓળખતા ન હોય તો તેમની ગવાહી માંન્ય રાખી શકાશે નહીં. કારણ કે એવું શક્ય છે કે તે સ્ત્રી તે પુરૂષની પત્નિ હોય અને ગવાહી આપનાર તેને (બરાબર) ઓળખતો ન હોય.

(૭) જયારે ગવાહી દેનાર પૈકી ત્રણ વ્યક્તિ ગવાહી આપે પણ ચોથો ગવાહી આપવાનો ઇન્કાર કરે અથવા તો તેનું બયાન બાકીના ત્રણ ગવાહી આપનારની ગવાહીથી જુદું પડતું હોય, તો એ સજોગોમાં બાકીના ત્રણ ગવાહી આપનારને કઝફ (એટલે કે કોઈની ઉપર ઝીનાનું બોહતાન મુક્વાની) સજા આપવામાં આવશે.

(૮) જો ઝીના કરનાર ત્રણ વખત પોતાનો ગુનોહ કબૂલ કરે પણ ચોથી વખત ગુનાહ

ર્ક્યા હોવાનો ઇન્કાર કરે, તો પણ તેની ઉપર હદ જારી થઈ શક્તી નથી. કારણ કે હદ જારી કરવા માટે ચોથી વખત પણ ગુનોહ ર્ક્યાની સ્વિકારવું જરૂરી છે.

(૯) જો ઝીના કરનાર એક જ બેઠકમાં ચાર વખત ગુનોહ ર્ક્યા હોવાનું કબૂલ કરે તો પણ તેની ઉપર હદ જારી થઈ શક્તી નથી. હદ જારી કરવા માટે ગુનેહગાર ચાર બેઠકમાં ચાર વખત પોતાનો ગુનોહ કબૂલ કરે તે જરૂરી છે.

(૧૦) કાઝીને એ વાતનો હક નથી કે તે તહોમતદારને ઝીનાનો ગુનોહ કબૂલી લેવા માટે આગાહ કરે અને તેના બયાનના વાક્યો પૂરા કરવામાં મદદ કરે. પરંતુ કાઝીએ જન સાધારણની આબરૂ પવિત્રતા અને શર્મો હયાને ધ્યાનમાં રાખીને તેને ગુનોહ કરવાના સાહસથી રોકવા માટે શક્ય હોય ત્યાં સુધી પ્રયત્નો કરવા જોઈએ કે (કોઈ પણ હિસાબે) ઝીના (થયા હોવાનું) સાબિત ન થાય. કાઝીએ તોહમતદારને એવી વાતો કરવી જોઈએ કે જેથી શંકાનો

લાભ ઉઠાવીને પોતાને સજાથી બચાવી શકે. કાઝીની ફરજ છે કે તે તહોમતદારને ગુનોહ કર્યા હોવાનો ઇન્કાર કરવાની નસીહત કરે.

(૧૧) જયારે પિરણીત પુરૂષ ઝીના કર્યા હોવાનું ચાર વખત સ્વિકારી લીધા પછી તેનો ઇન્કાર કરે, તો તેને સંગસાર કરવાની સજા આપી શકાતી નથી, અને તેની સજા ઘટાડી દેવામાં આવશે.

(૧૨) જે કોઈ (તાજો) નવો મુસલમાન થયો હોય અને તેને ઝીનાની શરઈ

સજાની જાણકારી ન હોય, તેને સજા કરી શકાતી નથી.

(૧૩) જો કોઈ બીમાંર અપરણીત પુરૂષ ઝીના કરે તો હાકીમે શરઅને હક છે કે તેની લાકડાની સળીવાળી ઝાડુ (સાવરણા) અથવા ખનૂરના વૃક્ષની ડાળીથી માંરે અને તેને કોરડો ગણે અને છેવટે તે ડાળી અથવા ઝાડુની સળીઓને (દરેકને) અલગ અલગ કોરડા ગણે.

(૧૪) કોરડો એવી રીતે માંરવો જોઈએ. જેથી શરીરના માંસને અસર ન થાય.

જયારે ગુનેહગાર બાલિગ અને આકિલ હોય અને પોતાના ઇખ્તેયારથી ગુનોહ કર્યો હોય. (કોઈને ઝીના કરવા માટે મજબૂર કરવામાં આવે અને તે ઝીના કરે તો તેની ઉપર હદ જારી કરાશે નહીં.)

(૧૫) જો કોઈ માણસ ભૂલથી બીજી કોઈ સ્ત્રીને પોતાની પત્નિ માંનીને સમાંગમ કરી લે, તો પણ તેની ઉપર હદ જારી કરાશે નહીં.

આ શર્તોનો ખુલાસો છે જેને રહમાન, રહીમ અને મહેરબાન પરવરદિગારે સ્પષ્ટ કર્યો

છે. જે (પરવરદિગાર) પોતાના બંદાઓથી સારી રીતે વાકેફ છે. અને તેણે ઝીના જેવા મોટા ગુનાહોની સજા નિશ્ચિત કરી છે. અમે અહીં એક રિવાયત પ્રસ્તુત કરીએ છીએ. જેનાથી આપ એ વાતનો અંદાજ લગાવી શકશો કે અવલીયાએ ઇસ્લામ લોકોની ઇઝઝતનું રક્ષણ કેટલી હદ સુધી કરવા માંગતા હતા અને ઝીનાની હદ સુધી કરવા માંગતા હતા અને ઝીનાની હદ જારી કરવામાં કેટલું એહતીયાતથી કામ લેતા હતા.

હઝરત ઉમરની ખિલાફતના જમાનામાં એક સ્ત્રી તેમની પાસે આવી અને તેણીએ પોતે ઝીના કર્યા હોવાનું કબૂલ કર્યું. સાથોસાથ એ સ્ત્રીએ કહ્યું કે મારી ઉપર ઝીનાની હદ જારી કરી દો.

હઝરત ઉમરે જયારે એ વાત સં◌ાભળી ત્યારે સ્ત્રી ઉપર ઝીનાની હદ જારી કરવાનો હુકમ આપી દીધો. ત્યાં હઝરત અલી અલય્હિસ્સલામ તશરીફ લાવ્યા અને એ બનાવની વાત સાંભળીને ફરમાવ્યું : અય

ઉમર, આ ઔરત પાસેથી એ વાત જાણો કે તેણીએ ક્યા સંજોગોમાં ઝીના કર્યો છે.

ઔરતે જવાબ આપ્યો : વેરાન રણમાં મને ખૂબ જ તરસ લાગી હતી. હું પાણી શોધતી શોધતી આગળ વધી ત્યારે મને એક કાળી ચાદર પાથરેલી દેખાઈ તે એક અરબનો તંબુ હતો. હું ત્યાં પહોંચી, મેં તે અરબ પાસે પાણી માંગ્યું, તે મારી સાથે ઝીના કર્યા વગર મને પાણી આપવા માટે તૈયાર ન હતો. હું તેની શૈતાની ખ્વાહીશાતને તાબે ન થઈ અને ત્યાંથી ભાગી છૂટી. પરંતુ

તેના કારણે મારી તરસમાં વધારો થઈ ગયો એટલે સુધી કે મારી આંખો ઉંડી ઉતરી ગઈ. મને એવું લાગવા માંડયુ કે જાણે મારા હાડકાઓ તુટી રહ્યા છે. હું તે અરબની પાસે પાછી ગઈ અને પાણીના એક ઘુંટડાના બદલામાં માંરૂં શરીર તેના હવાલે કરી દીધું.”

હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું : આ તો લાચારી અને મજબુરી (કાબુ બહારના સંજોગો) નો મોકો હતો, જેનું બયાન ખુદાએ કુરઆનમાં કર્યું છે.

કમનીઝતુર્રૂ ફી મખ્તમસતીન ગય્ર મોતજાતેફીલ લે ઇસ્મીન ફ ઇન્નલ્લાહ ગફુરૂર રહીમ્ પણ જે કોઈ ભૂખના કારણે વ્યાકુળ બનીને (છતાં) ગુનાહનો હેતુ ન રાખતા (મજકુર હરામ કાર્ય કરે) તો બેશક અલ્લાહ મોટો માંફ કરનાર (અને) દયા કરનાર છે. (પ-૩)

આ સ્ત્રી કોઈ રીતે ગુનેહગાર નથી.

પછી ઈમામ અલયહિસ્સલામે ફરમાવ્યું કે આ સ્ત્રીને છોડી મૂકો, તે સ્ત્રીને છોડી મૂકો, તે

સ્ત્રીને છોડી મૂક્વામાં આવી. (બુરહાનુલ કુરઆન)

## બુધ્ધિપૂર્વક વ્યવસ્થા

ઝીના એ સમાજમાં અવ્યવસ્થા અને કુસંપ ફેલાવવા માટે કારણરૂપ બને છે. તેનાથી ઝીનાકારની આખેરત નાશ પામે છે. તેથી ઝીનાથી બચવા માટે સંરક્ષક પિરબળ તરીકે ખુદાવંદે તઆલાએ પોતાની અપાર હિકમતભર્યા કેટલાક હુકમો આપણા માટે વાજીબ ઠેરવ્યા છે. જો આ હુકમોનું ચુસ્ત રીતે પાલન કરવામાં આવે તો મુસલમાનો

કદી ઝીના જેવા મોટા (ગુનાહે કબીરા) માં ફસાશે નહીં.

## કુરઆનમાં પર્દા (હિજાબ)નો હુકમ

કુરઆને મજીદમાં કેટલીક જગ્યાએ સ્ત્રીઓને પર્દા (હિજાબ) રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે. દાખલા તરીકે સૂ. નૂરમાં ઇરશાદ છે "અને (અય રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) તું મોઅમિન સ્ત્રીઓને કહી દે કે તેણીઓ પોતાની નજર નીચી રાખે અને પોતાની શર્મગાહ (શરીરના ગુપ્તભાગો) ને

(બીજાઓની નજરથી બચાવે) અને પોતાના સાથે શણગાર (જાણી જોઈને) કોઈની ઉપર જાહેર થવા ન દે. પરંતુ જે આપમેળે જાહેર (થતા હોય) અને છૂપાવી નથી શકાતા તેનો કોઈ ગુનોહ નથી. અને તેમને જોઈએ કે તેમની ઓઢણીઓને (ઘૂંઘટ તાણીને) પોતાની છાતી ઉપર નાખી રાખે અને મહેરમ પુરૂષો સિવાય પોતાનો બનાવ શણગાર બીજા કોઈ વખત ઉપર જાહેર થવા ન દે."(૨૪-૩૧)

સૂ. અહઝાબમાં ઇરશાદ છે :

“હે નબી સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ  તું તારી પત્નિઓ તથા તારી પૂત્રીઓ, અને ઈમાનદારોની સ્ત્રીઓને કહી દે કે તેઓ પોતાની ચાદરોનો થોડો ભાગ (ઘરની બહાર નિકળતી વખતે) પોતાના (ચહેરા) પર નાખી રાખે, આમ કરવાથી (આ વાત) વધુ સંભવિત છે કે તેણીઓ, ઓળખાઈ આવે અને સતામણીમાંથી બચી જાય, અને અલ્લાહ મોટો માંફ કરનાર (અને) રહેમ કરનારો છે.” (૩૩-૫૯)

સૂ. અહઝાબમાં આ પણ ઇરશાદ છે :

“અય નબી સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની પત્નિઓ, તમે બીજી (સામાંન્ય) સ્ત્રીઓ જેવી તો નથી. (પછી) જો તમને પરહેઝગારી મંજુર છે, (તમે અલ્લાહનો ભય રાખતી હો તો) તો (અજાણ્યા પુરૂષો સાથે) કોમળ સ્વરે વાત ન કરો કે જેથી તે શખ્સ કે જેના મનમાં અનિતિ (ઝીનાની કામવાસના) હોય તે કોઈ પ્રકારની લાલચ કરે અને (કોઈને શંકાનું કારણ ન મળે તેવી) વ્ય્◌ા◌ાજબી રીતે બોલો” (૩૩-૩૨)

સૂ. અહઝાબમાં આ પર ઇરશાદ છે.

“અને જયારે તમે નબી સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની પત્નિઓ પાસે કોઈ વસ્તુ માંગો તો તેમની પાસે પડદાની પાછળ રહીને માંગો, આ વાત તમારા અંત : કરણને વધુ પાક કરનારી છે અને તેમના અંત : કરણને પણ” (૩૩-૫૩)

ઉપરના હુકમના પ્રકાશમાં મુસલમાન સ્ત્રીઓની એ ફરજ છે કે તેણીઓ નામેહરમ પુરૂષોથી પર્દો (હિજાબ) કરે. એવો પોશાક પહેરીને કે એવી હાલતમાં નામેહરમ

પુરૂષોની સામે ન નિકળે. જેથી પર્દાનો આદર જતો રહે. અને નામહેરમ પુરૂષોની નજર શરીરના એ ભાગ પર પડે જેનાથી કામાંવેગ ઉત્પન્નૂ થાય. સ્ત્રીઓની ફરજ છે કે પોતાના સંસ્કાર અને સંસ્કૃતિનું રક્ષણ કરે અને પુરૂષોની દાનત બગડે અને તેની જાતીય ઇચ્છા (ખતરનાક હદ સુધી) ઉશ્કેરાઈ જાય તેવી રીતે પોતના શરીરના અંગોનું પ્રદર્શન ન કરે. ક્યારેક કોઈ કામાંતૂર નજર, ફસાદ અને બદકારીની તૈયારી માટે પૂરતી થઈ પડે છે.

બેપર્દગીના કારણે સમાજમાં નાપાક ઇશ્કે, રાક્ષસી અને બિહામણું સ્વરૂપ ધારણ કરી લીધું છે. અને કેટલાક કુટુંબોને વિનાશના ખપ્પરમાં હોમી દીધા છે. ઈરાનમાં (૧૯૭૯ પહેલા) શાહના જમાનામાં જયારે સ્ત્રીઓ બેપર્દા (હિજાબ વગર) નિકળતી હતી, ત્યારે ઝીનાના બનાવો બેફામ વધી ગયા હતા. દરરોજ નાજાએઝ રીતે જાતીય સંબંધો બાંધવાના કેટલાય કિસ્સાઓ અદાલતમાં રજૂ થતા હતા. દર મહીને કેટલીય પિરણીત (પતિવાળી) અને બાલ

બચ્ચાવાળી સ્ત્રીઓ કુટુંબની શાંત જિંદગી છોડીને રંગભવનો (વેશ્યાઘરો) માં પહોંચી જતી હતી. પાંચ હજાર વાસનાભૂખી વ્યક્તિઓએ ભેગી મળીને (તહેરાન) શહેરની બહાર કુકર્મ કરવા માટે નવું શહેર વસાવી લીધું હતું. અને દરરોજ એ શહેરની વસ્તીમાં વધારો થયા કરતો હતો. તહેરાનની બહાર વસેલા શહેરની હાલત એટલી બધી વિકૃત થઈ ચૂકી હતી કે (એ જમાનાના) તહેરાનના કમિશ્નરે મજબૂર થઈને કહેવું પડયું હતું કે “દરરોજ સરેરાશ

સાત દૂધમલ બાળકો તહેરાનની ગલીઓ અને સડકો પરથી બિનવારસી મળી આવે છે. તેના મા-બાપ કોણ છે તેની કોઈ ભાળ મળતી નથી. સ્વભાવિક રીતે જે નાના માસુમ દુધ પીતા બાળકોના મા-બાપ કોણ છે, તેની કોઈને ખબર ન હોય તેની પરવરીશ કોણ અને કેવી રીતે કરે  અને તેવા બાળકો મોટા થયા પછી સમાજમાં કોઈ દરજ્જો પામી શક્તા નથી. અને તેવા બાળકો સમાન માટે કંઈ ઉપયોગી સાબિત થતા નથી. બેપર્દગીના કારણે ઝીના

સામાંન્ય થઈ પડે છે, અને હજારો પાકદામન સ્ત્રીઓ વ્યભિચારણી (કુલટા) થઈ જાય છે. હવસખોર અને બદનજરવાળા નીચ પુરૂષોની નજરોથી બચવા અને ખરેખર તો ઝીનાના ગુનાહે કબીરાથી બચવાનો ઉત્તમ અને શ્રેષ્ઠ રસ્તો સ્ત્રીઓએ બા કાયદા પર્દામાં રહેવું તે જ છે.

**નામહેરમ સાથે નજર કરવી :**

ઇસ્લામનો હુકમ છે કે, સ્ત્રીઓ પોતાની નજરે નામહેરમ પુરૂષો પર ન નાખે. મુસલમાન પુરૂષોને પણ હુકમ આપવામાં

આવ્યો છે કે તેઓ નામહેરમ સ્ત્રીઓ તરફ ન જુએ. સૂ. નૂરમાં ઇરશાદ છે કે :

“(અય રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ) મોઅમિનોને કહે કે, તેઓ તેમની નજરોને નીચી રાખે અને પોતાના ગુપ્ત ભાગોનું રક્ષણ કરે, આ તેમના માટે વધારે પવિત્રાઈ ભર્યું છે, બેશક તેઓ જે કાંઈ કરતા કહે છે તેનાથી અલ્લાહ સારી રીતે જાણકાર છે.” (૨૪-૩૦)

## શૈતાનનું ઝેરી તીર

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે કે "બૂરી નજર ઇબ્લીસ (શૈતાન) ના ઝેરથી ભરેલા તીરોમાંનું એક તીર છે. કેટલીય નજરો એવી હોય છે કે જે મોટી લાલસાનું કારણ બની જાય છે." (વસાએલુશ્શીઆ)

## ઝીનાના અવયવો

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ અને હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ બંનેથી રિવાયત છે

“કોઈ માણસ એવો નથી જેણે કોઈને કોઈ પ્રમાણમંા ઝીનાનો અપરાધ કર્યો ન હોય ખરાબ ષ્ટિથી નામહેરમ સ્ત્રીને જોવી એ આંખનો ઝીના છે, ના મહેરમ સ્ત્રીને ચુંબન કરવું એ હોઠનો ઝીના છે. ના મહેરમ સ્ત્રીને સ્પર્શ કરવો (અડવું) એ હાથની ઝીના છે.” (વસાએલુશ્શીઆ)

આ પ્રમાંણે પણ રિવાયત છે :

ઢજે કોઈ (માણસ) પોતાની આંખોને નામહેરમને જોઈને ભરશે. (સતત જોયા કરશે) તો ખુદા કયામતને દિવસે તેની

બંને આંખોમાં આગના સળીયા ભોંકી દેશે, ખુદા (દુનિયાના) તમામ લોકોનો ફેંસલો કરશે ત્યાં સુધી તેની આંખોમાં આગના સળીયા ભરાવેલા રહેશે. ત્યાર પછી ખુદા એ (નામહેરમને સતત જોનાર) ને જહન્નમમાં ફેંકી દેવાનો હુકમ આપશે. (વસાએલુશ્શીઆ, કિતાબુન્નીઆકાહ, ભાગ - ૧૦૪, પા. ૨૪)

## ઇબ્લીસ સાથે આંગની સાંકળમાં

જે માણસ નામહેર સ્ત્રીને આલીંગન આપે તેને કયામતના દિવસે શૈતાનની સાથે

આગની એક જ સાંકળમાં બાંધવામાં આવશે. તે સાંકળ આગની હશે. અને તે બંનેને સાથે જ જહન્નમમાં ફેંક્વામાં આવશે. રિવાયતના શબ્દો પણ છે.

“જે માણસની નજર કોઈ નામહેરમ (સ્ત્રી) ઉપર પડી જાય અને તરત જ તે પોતાની નજર આસમાન તરફ ઉઠાવી લે અથવા નજરને ઝુકાવ દે, તો તે નજર હજુ પૂરેપૂરી ફેરવી નહીં હોય, ત્યાં ખુદાવંદે આલમ તેની શાદી હુરે ઈન સાથે કરી દે છે. અને તેના દિલમાં ઈમાનની એવી તાઝગી ભરી દે છે,

જેનાથી તે પ્રફુલ્લિત બની જાય છે.” (વસાએલુશ્શીઆ, કિતાબુન નિકાહ, ભાગ ૧૦૪, પા. ૨૪)

નબીએ કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : એવી પિરણીત (પતિવાળી) સ્ત્રી ઉપર અલ્લાહ ખૂબ જ ગઝબનાક થશે જે પોતાના પતિ સિવાય બીજા કોઈ નામહેરમને નજર ભરીને જુએ.

જે કોઈ સ્ત્રી એવું કામ કરે તો ખુદાએ ઝુલજલાલ તેણે કરેલ તમામ નેક અમલને

નાબૂદ કરી દેશે અને તેનીને (તેના નેક અમલનો) કોઈ સવાબ નહીં આપે. (બેહારૂલ અન્વાર) (અમુક રિવાયતોમાં એ પણ છે કે પર્દેદાર સ્ત્રીઓને પર્દાની મૌજુદગીમાં જોવામાં તલ્લીન રહેવું તેની પણ મનાઈ કરવામાં આવી છે.)

નામહેરમને જોવાથી દૂર રહેવાની અગણિત રિવાયતો મૌજૂદ છે, પરંતુ અત્રે ઉપર મુજબની રિવાયતો જ પ્રસ્તુત કરાઈ છે.

## નામહેરમ સાથે એકાતમાં

જો કોઈને હરામ કામમાં ફસાઈ જવાની શક્યતા લાગતી હોય, તો અજાણી અથવા નામહેરમ સ્ત્રીઓ સાથે એકાંતમાં રહેવું પુરૂષ માટે હરામ છે. ભલે પછી બંને ઇબાદતમાં મશ્ગુલ હોય. તેવી જ રીતે હરામ (કાર્ય) માં ફસાઈ જવાનો અંદેશો હોય, તો સ્ત્રીએ પણ નામહેરમ સાથે એકાંતમાં રહેવું હરામ છે.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત છે કે

જે માણસ ખુદા અને રોઝે કયામત ઉપર ઈમાન રાખતો હોય તે કોઈ નામહેરમનો શ્વાસ લેવાનો અવાજ આવતો હોય, તેવી જગ્યાએ નથી હોતો. (વસાએલુશ્શીઆ)

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

જયારે પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે સ્ત્રીઓ પાસેથી બયઅત લીધી ત્યારે વચન લીધું હતું કે તે (સ્ત્રીઓ) નામહેરમ પુરૂષો સાથે એકાંતમાં કદી નહીં બેસે. (વસાએલુશ્શીઆ)

એકાંત એટલે એવી જગ્યા જ્યાં બીજી કોઈ વ્યક્તિને પ્રવેશવા અથવા આવી જવાની શક્યતા ન હોય. દાખલા તરીકે એવો રૂમ જેનો દરવાજો અંદરથી બંધ હોય અથવા એવી જગ્યા હોય જ્યાં લોકો (સામાંન્ય રીતે) ક્યારેય આવતા ન હોય.

**સખ્ત સજા**

ઇસ્લામે ઝીના જેવા અત્યંત ખરાબ અને ભયંકર ગુનાહોને અટકાવવા માટે બહુ જ સખ્ત સજા રાખી છે, જેથી એ ગુનોહ ફેલાઈ

ન જાય. તેના સારાંશ રૂપે અત્રે ફક્ત પાંચ મુદ્દા પ્રસ્તુત કરીએ છીએ.

(૧) જો કોઈ માણસ પોતાની લોહીના સંબંધવાળી મહેરમ સ્ત્રી જેવી કે બહેન, દીકરી, ફુઈ, માંસી, ભત્રીજી, ભાણેજ વગેરે સાથે ઝીના કરી બેસે તો શરઈ રીતે તેને કત્લ કરી દેવો જોઈએ.

(૨) જો કોઈ માણસ પોતાની પત્નિ સાથે બીજા કોઈ પુરૂષને ઝીના કરતા જુએ તો, જો તે માણસને પોતાને સુરક્ષિત રહેવાની ખાત્રી હોય તો (પોતાની પત્નિ અને બીજા

માણસ) ને કત્લ કરી નાખે. અને જો પોતે સુરક્ષિત ન હોય તો અથવા બંનેને કત્લ કરવા માંગતો ન હોય તો (કોઈ પણ રીતે) તેની પત્નિ તેના માટે હરામ થઈ જતી નથી.

(૩) જો કોઈ કાફર પુરૂષ મુસલમાન સ્ત્રી સાથે ઝીના કરે, તો તે પુરૂષને કત્લ કરી નાખવો જોઈએ. તેમજ જો કોઈ મુસલમાનને ત્રણ વખત ઝીનાની શરઈ સજા થઈ હોય અને ચોથી વખત તેની

ઉપર ઝીના કરવાનો ગુનો સાબિત થાય, તો તેને પણ કત્લ કરવામાં આવશે.

(૪) જે કોઈ માણસ નિકાહ (લગ્ન) થએલી પત્નિ મૌજૂદ હોય, તે બાલિગ અને આકીલ પણ હોય, અને તે માણસ પોતાની પત્નિ સાથે સમાંગમ કરી ચુક્યો હોય અને જયારે ઇચ્છે ત્યારે (વધારે વખત) સમાંગમ કરી શકે તેમ હોય તેમ છતાં તે બીજી કોઈ આકીલ અને બાલિગ સ્ત્રી સાથે ઝીના કરી બેસે, તો તેને શરઈ રીતે સંગસાર કરવામાં આવશે. કેટલાક મુજતહિદોનું એક પણ

કહેવું છે કે તેને સંગસાર કરતા પહેલા એકસો કોરડા પણ મારવા જોઈએ.

(૫) જો ઝીના કરનાર માણસ મોહસીન ન હોય (એટલે કે એ શરતો પૂરી ન થતી હોય જે ઉપર નં ૪ માં લખાઈ છે) અને તે કોઈ નામહેરમ સ્ત્રી સાથે ઝીના કરે તો તેની શરઈ સઝા એકસો (૧૦૦) કોરડા મારવા છે. તેવી જ રીતે પોતાની મરજીથી ઝીના કરનાર સ્ત્રી, પતિવાળી હોય તો તેણીને સંગસાર કરવામાં આવશે. અને જો

સ્ત્રી પતિવાળી હોય તો તેને ૧૦૦ કોરડા મારવામાં આવશે.

“વ્યભિચાર કરનારી સ્ત્રી અને વ્યભિચારી પુરૂષ, એમાંથી દરેકને સો સો કોરડા માંરો, અને (ખબરદાર) જો તમે અલ્લાહ તથા કયામત પર ઈમાન રાખતા હો તો તે બંનેના સંબંધમાં અલ્લાહનો કાનુન અમલમાં મુક્તા તમને દયા આવવા ન પામે, અને તેમની સજા (અમલમાં મુક્તી) વખતે મોઅમિનોનું એક ટોળું હાજર હોવું જરૂરી છે.” (૨૪ - ૨)

ઉપરની આયતે શરીફાને બયાન કરીને અંજુમને તબ્લીગાતે ઇસ્લામીના સામાયિકમાં નીચે મુજબ લખવામાં આવ્યું છે.

અહીં બે મહત્વની બાબતો જોવા મળે છે. પહેલી વાત તો એ છે કે ઝીના કરનાર પુરૂષ અને ઝીના કરનાર સ્ત્રીને લોકોના સમુહની વચ્ચે કોરડા મારવાથી બીજા લોકોને પણ નસીહત મળે છે. અને તેઓના દીમાંગ ઉપર એ વાત ઉતરી જાય છે કે જો તેઓના દીમાંગમાં એ વાત ઉતરી

જાય છે કે, જો તેઓ આવું કૃત્ય કરશે તો તેમને પણ આવી જ સજા કરવામાં આવશે. અલબત્ત, આખેરતની ભારે સજા તો આ ઉપરાંત છે જ.

બીજી વાત છે, તે સો ટકા હકીકત પર આધારિત હોવાનું મને હજી સુધી જાણવા મળ્યું નથી, અને એ વાત છે કે ઝીના કરનારાઓને કોરડા મારવા એ તે એમનો તબીબી ઇલાજ પણ છે. ઝીનાના કારણે પૈદા થતા રોગો (મૂત્રાઘાત - ગનોરિયા) અને બીજી ગંદી બીમારીઓનો એ ારા

ઈલાજ થઈ જાય છે કે શરીર ઉપર માંર પડવાથી શરીરમાં ગરમી ઉત્પન્ન થાય છે અને ગરમીને લીધે શરીરમાં જે નવા રોગોના જંતુઓ ઝીના કરવાના કારણે ઉત્પન્ના થયા હોય છે, તેનો વિકાસ થઈ શક્તો નથી. એકસો કોરડા ઉપર શરીર ઉપર લાગવાથી એટલી બધી ગરમી પૈદા થાય છે કે તમામ જંતુઓ નાશ પામે છે.

આ વિશેનો બીજો દ્રષ્ટિકોણ એ છે કે, ઝીનાને કારણે મૂત્રાઘાત જેવા ભયંકર ગુપ્તરોગ પૈદા થાય છે. એટલું જ નહીં,

પણ ઝીના કરનાર પુરૂષની પત્નિને અથવા ઝીના કરનાર સ્ત્રીને ઝીના કરતી વખતે તેનો ચેપ પણ લાગે છે. અને તેને લીધે તેઓ પણ એ રોગના ભોગ બને છે. તેથી જ ઝીના કરનાર પુરૂષ કે સ્ત્રી સાથે લગ્ન કરવાનીમનાઈ કરવામાં આવી છે. અલબત્ત, ઝીના કરનાર પુરૂષ અને સ્ત્રી પરસ્પર લગ્ન કરી લે, તો તેમા કોઈને નુકસાન નહીં થાય. તેમ છતાં ઝીનકારના રોગની અસર તેમના સંતાનો પર તો પડશે જ. તે ઝીનાકારની સંતતિમાં

જન્મથી જ કોઈને કોઈ શારીરિક ખામી, રોગ કે ઐબ હોય છે. તેથી જ દીને ઇસ્લામે કેટલો સુંદર હુકમ આપ્યો છે.

“વ્યભિચારે પુરૂષ વ્યભિચારી અથવા મુશ્રિછક સ્ત્રી સિવાય અન્ય કોઈ (સ્ત્રી) સાથે નિકાહ કરવા ન પામે, અને વ્યભિચારી સ્ત્રી સાથે વ્યભિચારી અથવા મુશ્રિસક પુરૂષ સિવાય બીજો કોઈ નિકાહ કરે નહીં, અને આ (નિકાહ) મોઅમિનો પર હરામ કરવામાં આવ્યા છે.” (૨૪-૩)

## ઝીના, શરઈ રીતે સાબિત થાય ત્યારે

એ વાત સ્પષ્ટ રીતે સમજી લેવી જરૂરી છે કે ઝીનાની હદ એ વખતે જારી કરી શકાશે જયારે ઝીના શરઈ રીતે સાબિત થયા હોય, આ પહેલાના મુદ્દાઓમાં વિગવાર વર્ણન થઈ ગયું છે, તે મુજબ ઝીના સાબિત થવાની કેટલીક શર્તો છે. જેમાંની એક શર્ત એ છે કે ચાર આદિલ ગવાહોએ (પોતાની નજરે) ઝીના થતા જોયા હોય. આદીલ વ્યક્તિઓ એક જ સમયે અને એક જ જગ્યાએ ઝીના થયા હોવાની વાત ઉપર

સ્પષ્ટ રીતે એકમત હોય. તે આદીલ ગવાહો ઝીનાકાર સ્ત્રીને ચોક્કસપણે ઓળખતા હોય, જેથી તે ઝીના કરનાર પુરૂષની પત્નિ હોવા વિશે શંકા ન રહે.

**બે ઉલ્લેખનીય મુદ્દા :**

(૧) અપિરણીત સ્ત્રી અથવા એવી સ્ત્રી જે તલ્લાકે રજઈના ઈદ્દા ળ્(ળ્તલાક આપ્યા બાદ ત્રણ મહિના સુધી.) માં ન હોય એટલે કે સ્ત્રીના પતિએ તલ્લાકે રજઈ આપ્યા પછી તે સ્ત્રીનો પતિ તેની સાથે નિકાહ કર્યા વગર રજૂઅ કરી શકે છે. તે કોઈ પણ

પુરૂષની સાથે ઝીના કરે, તો ત્યાર પછી તેની સાથે શાદી કરી શકે છે. પરંતુ જો સ્ત્રી પિરણીત હોય અથવા ઇદ્દએ રજઈમાં હોય તો ઝીના કરનાર ક્યારેય તેની સાથે નિકાહ (અકદ) કરી શક્તો નથી અને એવી સ્ત્રી તેના માટે હંમેશા હંમેશા માટે હરામ થઈ જશે. એટલે સુધી કે જો તેવી સ્ત્રીનો પતિ મૃત્યુ પામે અથવા તેણીને તલ્લાક આપી દે, તો પણ તે ઝીના કરનાર માણસ માટે હરામ થઈ જશે.

(૨) જો કોઈ માણસ કોઈ સ્ત્રી સાથે ઝીના કરે, તો તેવી સ્ત્રીની માં અને પૂત્રી તેના માટે હરામ થઈ જાય છે. આ વિધાન વધારે મશહૂર છે, એટલે કે તે પુરૂષ તેની સાથે કદી શાદી નહીં કરી શકે, તેમજ તેણીએ પુરૂષ માટેની મહેરમ સ્ત્રીઓમાં નહીં ગણાય. એવી જ રીતે જે સ્ત્રી કોઈ પુરૂષ સાથે ઝીના કરે, તેના પિતા સ્ત્રી માટે હરામ થઈ જશે. એટલે તે સ્ત્રી તેની સાથે કદી શાદી નહીં કરી શકે. આ એવી બાબતો છે જેમાં મુજતહીદોના અભિપ્રાયોમાં

મતભેદ છે. તેથી આ બાબતમાં અમલ કરતા પહેલા પોતે જે મુજતહિદે આલમની તકલીદ કરતા હોય તેના મસઅલા (તવઝીહુલ મસાઈલમાં) જોઈ લેવા.

ઢબુરહાને કુરઆન’ નામની કિતાબમાં લખ્યું છે. અમેરિકા, યુરોપ, ફ્રાંસ અને બીજા યુરોપીય દેશો જેઓ સ્વછંદી રીતે જાતીય સંબંધો બાંધવાની હીમાંયત કરે છે. આ ઇસ્લામના કટ્ટર વિરોધી દેશો ઇસ્લામે મુકેલી પાબંદીઓની ટીકા કરતા કહે છે કે યુરોપ અને અમેરીકાના લોકોના જાતીય

આનંદ માંણવાની જે ચ્છા હોય છે તેને મૂક્તપણે રજુ કરે છે, અને તેમા કોઈ દંભ રાખતા નથી. તેઓના દિલમાં કાંઈ હોય એને જાહેરમાં તેઓ કહે છે કે જાતીય તૃષ્ણા (છીપાવવી એ) ઇન્સાનની મૂળભુત જરૂરિયાત પૈકીની એક છે. અને જાતીય સુખ દબાવવાથી ઇન્સાનના મન ઉપર અવળી અસર પડે છે. તેથી શક્ય હોય તે રીતે જાતીય તૃષ્ણા તૃપ્ત કરી લેવી જોઈએ. અને જાતીય આનંદ મેળવવાની મુક્તિ હોવી જોઈએ. જેથી માણસ પોતાનું

રોજીંદુ કામ શાંતિપૂર્વક કરી શક ેઅને પ્રગતિના શિખરો સર કરી શકે.

ઇસ્લામના દુશ્મનો ઉપરનું વિધાન મૂર્ખાઈ ભર્યું છે. તેઓ બીજા વિશ્વયુધ્ધની એ વાત ભૂલી ગયા, જયારે જર્મન લશ્કરના પહેલા જ હુમલા પછી ફ્રાંસના લોકોએ ઘૂંટણ ટેક્વી દીધા હતા. તે પછી જર્મન સૈનિકોએ જે પાશવી અને રાક્ષસી રીતે પોતાની કામવાસના સંતોષવા માટે ફ્રાંસની સ્ત્રીઓ ઉપર બેફામ બાળાત્કાર ગુજાર્યા હતા. જાતીય ભૂખ સંતોષનારાઓની ક્રુરતા

એટલી હદે વિકૃત થઈ હતી કે તેનાથી ખૂદ ફ્રાંસના લોકો તોબા પૂકારી ઉઠયા હતા. આઝાદીની પણ કોઈ મર્યાદા હોવી જોઈએ. જાતીય આનંદ મેળવવા માટેની સ્વતંત્રતા આપવામાં આવે, તો માણસ જાનવર કરતાંય બદતર થઈ જાય છે. આ સિવાય, જોઈએ તો બીજા વિશ્વ યુધ્ધમાં ફ્રાંસનો પરાજ્ય અમર્યાદીત જાતીય આઝાદી આપી દેવાને લીધે થયો હતો. "ચરા ફરાન્સા શીકસ્ત ખુરદ" માં લખ્યું છે.

જયારે જર્મનીના બોંબવર્ષક વિમાનો ફ્રાંસના શહેરો ઉપર બોંબવર્ષા કરીને તબાહી મચાવી રહ્યા હતા, ત્યારે વડાપ્રધાન “પૌલ રૈનો” એ કેન્દ્રીય લશ્કરી વડા મથક, નો વધુ લડાયક લશ્કરી વિમાનો મોકલવા માટે ફોનથી સંપર્ક કર્યો. વડા પ્રધાનના ટેબલ ઉપર ત્રણ ટેલિફોન હતા. ત્રણેયનો ઉપયોગ કરવામાં આવ્યો, પણ સામે છેડે કેન્દ્રીય લશ્કરી મથક ઉપર મેજરની પ્રેયસી મેડમ ડોલીઓ ડોન ઉપાડયો અને બોંબ વર્ષા જેવા અન્યંત

ભયાનક અને લોહીયાળ યુધ્ધના સમયે જયારે ફ્રાંસ દોઝખનો નમુનો બની ગયું હતું ત્યારે ડોલી વડા પ્રધાન સાથે ઠઠ્ઠા મશ્કરી કરવા લાગી અને તેણીએ વડા પ્રધાનને રાજકીય અને લશ્કરી બાબતો અંગે એવી સલાહ આપી, જેથી લશ્કરી સૈનિકો માટે ચાલતી રંગ રાગની મહેફીલોની અસર ન થાય

જ્યાં સુધી અમેરિકાનો સંબંધ છે, તો ત્યાં મીડલ સ્કુલમાં ભણતી છોકરીઓમાંથી ૩૮% (આડત્રીસ ટકા) છોકરીઓ ગર્ભવતી

હોય છે. પરંતુ હાઇસ્કુલો, કોલેજો અને યુનિવર્સીટીઓની છોકરીઓને જેમ જેમ જાતીય સંબંધોનો અનુભવ થતો જાય છે તેમ તેને ગર્ભ રહેવાની શક્યતાઓ ઘટતી જાય છે કેમકે છોકરીઓ પોતાના અનુભવથી ગર્ભ નિરોધક સાધનો અને દવાઓનો ઉપયોગ કરીને ગર્ભ રહેવા દેતી નથી.

બેશક, જો જાતીય ઇચ્છાની પુર્તિ યોગ્ય રીતે નીતિ નિયમોની મર્યાદામાં રહીને કરવામાં આવે, તો તે કુદરતી બાબત છે.

અને ઇસ્લામે તેના વિશે ઘણી તાકીદ કરી છે. અમેરિકા જાતીય પ્રશ્નોમાં એટલું બધું ગુંચવાઈ ગયું છે કે, તેને કાયદાઓ ◌ારા આ પ્રશ્નનો નિવેડો લાવવાની પણ શક્યતા રહી નથી. ઇસ્લામ મઝહબમાં એમ હરગીઝ કહેવામાં નથી આવ્યું કે માણસ જાતીયસુખ કે આનંદ ન મેળવે અને (ઉદાસ) ખિન્નર રહીને પોતાનો કામ ધંધો યોગ્ય રીતે કરી શકે.

અલબત ઇસ્લામ એક એવો વિશિષ્ઠ માર્ગ સૂચવે છે (જેનું નામ મુત્અ છે.) જેનાથી

ઇન્સાનની જાતીય વૃત્તિ સંતોષાય છે અને સમાજમાં કોઈ ખરાબી પણ ફેલાતી નથી, ઇસ્લામમાં જાતીય સુખ પ્રાપ્ત કરવા માટે ચોપગા જાનવરો જેવું વર્તન કરવાની જરાય છુટ નથી.

જાતી ઇચ્છા સંતોષાતા આનંદ મળે છે તેમા શંકાને સ્થાન નથી. પરંતુ દરેક આનંદની એક મર્યાદા હોય છે. જો માણસ કોઈ નેઅમતનો હદથી વધારે ઉપયોગ કરે તો તે નુકસાન કર્તા સાબિત થાય છે. દાખલા તરીકે દસ્તરખાન અથવા

ડાયનીંગ ટેબલ ઉપર અનેક પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓ મુક્વામાં આવી હોય, તો માણસને તેનું આકર્ષણ થાય છે. પરંતુ તે વખતે માણસ અક્કલથી કામ લીધા વગર (બેકાબુ બનીને) ખાવા માંડે, તો તેને બદહઝમી થાય છે. એટલું જ નહીં તેની તંદુરસ્તીને હાની પહોંચે છે. એ વાતમાં કોઈ શંકા નથી કે યુરોપનો સમાજ ભૌતિક, વૈજ્ઞાનિક, ઔદ્યોગિક અને સાંસ્કૃતિક ક્ષ્ોત્રે બીજી કૌમ કરતા આગળ છે. પરંતુ તેમની એશોઆરામ અને બેફામ જાતીય સુખ

માણસવાની વૃત્તિના કારણે તેઓની ભૌતિક પ્રગતિનું ધીમું પતન થઈ રહ્યું છે. તે કૌમ અમર્યાદીત વિલાસી બનવાના કારણે વિનાશના માંર્ગે આગળ ધપી રહી છે, ભૌતિક રીતે પણ તેમનું બળ સુક્ષમ પ્રમાણમાં તુટી રહ્યું છે. કેટલીક સર્જનાત્મક તાક્તો પોતાના સત્તાધારી પક્ષ સાથે મળીને ફક્ત અમૂક સરકારી અધિકારીઓ અને અમૂક શ્રીમંત વર્ગની ભલાઈ કેમ થાય તે જ વિચારે છે. તેઓને પોતાની સત્તા અને શાસન જળવાઈ રહે અને લોકો

તેમની બાબતોમાં માંથુ ન માંરે (અથવા તેમની સાથે માંથું ન ઉંચકે) તેમાજ પોતાની ભલાઈ દેખાય છે. સમાજના લોકોને પોતાના એશો આરામ અને સ્વાર્થી હેતુ પુરા કરવાના માર્ગમાંથી કાઢવા માટે ભોગ વિલાસ, શરાબ કેફી વ્યો, ખેલકુદ અને અમર્યાદીત જાતીય આનંદ લૂંટવાના અવળે માંર્ગે ચડાવી દીધા છે.

પશ્ચિમની દુનિયામાં એક બાજુથી સ્ત્રીઓ પુરૂષોની બરોબરી કરીને દરેક બાબતોમાં પુરૂષોની સમોવડી ગણાય છે. જયારે બીજી

બાજુથી ઘરેલું બાબતોમાં સ્ત્રીઓને સમાંતર હકો આપીને શરીકે ઝિંદગી ગણવામાં નથી આવતી. યુરોપની સ્ત્રી ન તો તેના પતિ માટે એક પાકદામન પત્નિ સાબિત થાય છે અને ન તો તેના બાળકો માટે એક આદર્શ પરવરીશ કરનાર (શ્રેષ્ઠ) માતા તરીકેનો ભાગ ભજવી શકે છે. પરંતુ આજે પશ્ચિમી દુનિયાની હાલત એ છે કે મોટી સંખ્યામાં યુગલો કાયદેસર લગ્ન વગર ભેગા રહે છે, અને જયારે એક બીજાથી નારજ થઈ કંટાળી જાય છે ત્યારે બીજો

કોઈ સાથી શોધી લે છે. કદાચ લગ્ન થાય છે તો પણ અમર્યાદીત જાતીય સુખમાં વૃધ્ધિ થતા તલ્લાક લઈને છૂટા પડવાની વૃત્તિ જોર પકડતી જાય છે. આજે અમેરિકામાં લગ્નના ૪૦% તલ્લાકમાં પરિણમે છે. અને તેનું મૂળ કારણ એ છે કે પુરૂષ તેની પત્નિથી સંતોષ પામતો નથી, અને ન તો સ્ત્રી તેના પતિથી. જો પતિ - પન્તિ બંને લગ્ના વ્યવહાર વિશે ગંભીર હોય તો આ પિરસ્થિતી કદી ન ઉદભવે. માત્ર જાતિય ઇચ્છા સંતોષવી એ લગ્નનો

મૂળ હેતુ નથી. અમર્યાદીત જાતિય સુખ માંણવાના લોભથી માનસિક શાંતિ બરબાદ થઈ જાય છે. બાળકોની સાચી કેળવણીની વાત તો જવા દો. બાળકોની પરવિરશ પણ થઈ શક્તી નથી. અને બાળકો પણ બાળવયથી અમર્યાદિત મનોલાલસાનો ભોગ બની જાય છે. સ્ત્રી આખો દિવસ ઓફિસોમાં નોકરી કરીને રાત્રે કોઈને કોઈ આશિકની સાથે ભટકે અને દરરોજ નવા નવા આશિક બદલતી રહેતી હોય, તો બાળકોને પ્રેમ અને મમતા આપવાનો

સવાલ જ ક્યાંથી રહે  એવી સ્ત્રીઓ મંત્રાલય એસેમ્બલી અને મોટા મોટા સરકારી કે ખાનગી કાર્યાલયોમાં કામ કરે, તો તેનાથી માનવતાના કોઈ પ્રશ્નોનો કદી નીવેડો નહીં આવે. એ ઓફીસોમાં પણ દુરાચાર થતા રહે છે. આ બધી અફસોસની વાતી છે.

જયારે સ્ત્રી પુરૂષ શરીઅતે ઇસ્લામની શરતો મુજબ લગ્ન કરે અને માત્ર એક બીજાના જ થઈને રહે ત્યારે જ સાચી અને વાસ્તવિક ખૂશી પ્રાપ્ત થઈ શકશે. અને

એવા યુગલોના સંતાનો ઉપર પુરૂષ, પિતાની હુંફ અને માતા પોતાની મમતા ન્યોછાવર કરી શકશે. એક પ્રેમાંળ અને કીલ્લોલ કરતા કુટુંબનું નિર્માણ કરી શકશે. જેમાં માનવતા, જાતીય તૃપ્તિ, માનસિક શાંતિ, ગંભીરતા, રૂહાની સુકુન (આધ્યાત્મિક શાંતિ) અને ભાવી પેઢીની ભલાઈ મૌજૂદ હોય.

આમ, ઇસ્લામે જે રીતે જાતીય સંતોષ મેળવવાનો માર્ગ દેખાડયો છે, અને જે મર્યાદા નક્કી કરી છે, તેમા સમાજના દરેક

સભ્યો માટે જ નહીં પણ સમગ્ર સમાજ માટે રૂહાની, જાતીય, ભૌતિક અને દરેક પ્રકારનું સુખ, શાંતિ, સંતોષ અને ભલાઈ સમાંએલી છે. બેશક શ્રેષ્ઠ માર્ગ બેફામ, અમર્યાદીત ઉપયોગ નહીં, પણ વચલો માર્ગ ધારણ કરવો છે. (બુરહાને કુરઆનમાંથી)

# અગિયારમો ગુનોહ

# લાવાત

# (સૃષ્ટિ વિરૂધ્ધ કર્મ)

# અગિયારમો ગુનોહ

## લાવાત - સૃષ્ટિ વિરૂધ્ધ કર્મ

અગિયારમો ગુનોહ એવો ગુનોહ છે જે ગુનાહે કબીરા તરીકે સાબિત છે, તે લાવાત છે. હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ અને હઝરત ઈમામ અલી રઝા અલય્હિસ્સલામથી મનકૂલ છે. તેનાથી લાવાત, ગુનાહે કબીરા હોવાનું સાબિત છે. આ ગુનોહ ઝીના કરતા પણ મોટો ગુનોહ છે. આ ગુનાહની સજા અને

અઝાબ ઝીનાના ગુનાહની સઝા અને અઝાબ કરતા વધારે છે.

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

પાયખાનાની જગ્યામાં (પુરૂષની પેશાબની) શર્મગાહ દાખલ કરવી તે (સ્ત્રીની) પેશાબની શર્મગાહમાં દાખલ કરવાથી વધારે ખરાબ છે. ખુદાએ તઆલાએ એક આખી કૌમ (કૌમે લૂત) ને એ કારણસર હલાક કરી નાખી હતી કે તેઓ લવાત જેવા હરામ કામ કરતા હતા.

ખુદાએ કોઈ એક માણસને પણ ઝીના જેવા હરામ કામની સજા રૂપે હલાક કર્યો નથી. (ઉસુલે કાફી)

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું જે માણસ કોઈ છોકરા સાથે બદફેલી (લવાત) કરશે તો તેની જનાબત એવી થશે જે દુનિયાનું કોઈ પાણી ધોઈ (પાક કરી) શકશે નહીં. ખુદા તેની ઉપર ગઝબનાક થશે. તેની ઉપર લાનત કરશે (તેને પોતાની રહમતથી દૂર કરશે.) અને તેને

જહન્નતમમાં નાખવામાં આવશે, જે ખરાબ જગ્યા છે.

પછી આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું જયારે કોઈ પુરૂષ બીજા પુરૂષ ઉપર શહવત (વાસના તૃપ્ત કરવા) ના ઇરાદાથી સવાર થાય તો તે કારણે અર્શ ધ્રુજી ઉઠે છે. અને જે કોઈ માણસ પોતાની પાછળ કોઈને લવાત (સૃષ્ટિ વિરૂધ્ધ કાર્ય, ગૂદાં મૈથુન) માટે ચડવા દે (સવાર થવા દે) તો ખુદા તેને તમામ લોકોનો હિસાબ લઈ લેશે, ત્યાં સુધી

જહન્નતમના કિનારે (સખ્ત ગરમીમાં) ઉભો રાખશે. પછી તેના વિશે હુકમ આપવામાં આવશે કે તેને જહન્નામમમાં ફેંકી દો. તેને જહન્નમમાં એક એક કરીને તમામ તબક્કાઓનો અઝાબ આપવામાં આવશે. એટલે સુધી કે તેને સૌથી નીચે (તળીયે) અને સૌથી સખ્ત તબક્કામાં પહોંચી જશે, અને પછી ત્યાંથી ક્યારેય નિકળી શકશે નહીં." (ફરોગે કાફી - વસાએલુશ્શીઆ, કિતાબે નિકાહ, ભાગ ૧૭ અને ૧૮)

**લવાત કુફ્ર છે.**

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલય્હિસ્સલામનો ઇરશાદ છે :

લવાત ગુનાહે કબીરામાંથી છે, જેની સજા એ હદ માં છે કે પુરૂષ બીજા કોઈ પુરૂષ ઉપર શહેવત (કામવાસના તૃપ્ત કરવ) ના ઇરાદાથી સવાર તો થાય, પણ ઇન્ ્રી દાખલ ન કરે, પરંતુ જો દાખલ કરી દે તો તે કુફ્ર છે. (ફરોગે કાફી, કિતાબે નિકાહ)

આનો અર્થ એ કે કોઈ લવાત અને ગૂદાં (પાયખાનાની જગ્યા) માં ઇન્ ્રી દાખલ

કરવાને જાએઝ સમજે તો તે કુફ્ર છે, કારણ કે લવાતને હરામ સમજવું એ જરૂરિયાતે દીનમાંથી છે. અને જે માણસ જરૂરિયાતે દીનમાંની કોઈ એક બાબતનો પણ ઇન્કાર કરે તો તે કાફર થઈ જાય છે. અલબત, જે કોઈ આ કામને હરામ સમજીને બદકામ કરે, તો તેના અઝાબની તીવ્રતા પણ કાફરને આપનાર અઝાબ જેટલી જ હશે. અને તે અઝાબ કાયમ માટે બાકી રહેશે.

હુઝૈફા ઇબ્ને મન્સૂર કહે છે.

મેં હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને લવાતના ગુનાહે કબીરા વિશે પૂછયું :

ઇમાંમે ફરમાવ્યું : બે જાંઘ વચ્ચે શર્મગાહને હરામ રીતે દબાવવું.

મેં પૂછયું કે એ માણસ કેવો છે જે પાયખાનાની જગ્યા (ગૂદાં) માં ઇન્‌્રી દાખલ પણ કરી દે ?

ઇમાંમે ફરમાવ્યું : ખુદાએ નબી સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પર જે (કુરઆને મજીદ) નાઝિલ ફરમાવ્યું

છે તેનાથી કુફ્ર અને ઇન્કાર કરે તેવો છે. (વસાએલુશ્શીઆ)

## મૌત વખતે પત્થરનો અઝાબ

અબૂ બસીરે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને નીચેની આયત વિશે પૂછયું :

“અને તેના પર થર ઉપર થર બાઝેલા માંટીના ભૂંજેલા પથ્થરો વરસાવ્યા.” (૧૧-૮૨)

ઇમાંમે ફરમાવ્યું : દુનિયામાંથી કોઈ પણ બંદો એવો કૂચ કરી જતો નથી, જે કૌમે

લૂતના અમલને (લાવાતન) જાએઝ સમજતો હોય.

વસાએલુશ્શીઆમાં આ રિવાયત છે તે મુજબ જે માણસ વારંવાર લવાત કરે અને તૌબા ર્ક્યા વગર મૌતની મંઝિલ સુધી પહોંચી જાય, તો ખુદાવંદે આલમ તેના મૃત્યુ વગતે લૂતની કૌમ ઉપર વરસાવેલ પથ્થરોમાનો એક પથ્થર તેને માંરશે અને તે પથ્થર વાગવાથી જ તે મરી જશે, પણ લોકો તે પથ્થરને જોઈ શકશે નહીં. (તફસીરે કુમ્મી)

## ઝાલિમો પર કૌમે લૂતનો અઝાબ

કુરઆને મજીદમાં કૌમે લૂત ઉપર નાઝિલ થએલ અઝાબના ત્રણ પ્રકાર વર્ણવવામાં આવ્યા છે.

(૧) સખ્ત મોટો અવાજ અને ચીસ સંભળાઈ હતી.

(૨) લૂતની વસ્તી ઉપર પથ્થરોની વર્ષા થઈ હતી.

(૩) જમીન ઉપર તળે થઈ ગઈ હતી. એટલે ઉપરની જમીન નીચે ધસી ગઈ હતી. અને નીચેની જમીન બહાર નિકળી

ગઈ હતી. સૂ. હુદમાં આ અઝાબના ઝિક્ર પછી નીચે મુજબ ફરમાંવવામાં આવ્યું છે.

“એ બધો અઝાબ જે કૌમે લૂત ઉપર નાઝિલ થયો તે (અઝાબ મક્કાના) ઝાલિમોથી દૂર નથી. (૧૧-૮૩)

આનાથી સ્પષ્ટ થાય છે કે લવાત કરનારાઓ ઉપર પણ એવો જ અઝાબ નાઝિલ થશે.

## એક ગુલામ દ્વારા માલિકનું કત્લ

હઝરત ઉમરના જમાનામાં આ બનાવ બન્યો હતો. એક ગુલામે તેના માલિકને

કત્લ કરી નાખ્યો. તે ગુલામે તેના માલિકને કત્લ ર્ક્યો હોવાને સ્વિકારી લીધું. હઝરત ઉમરે તેને (ગુલામને) કત્લ કરી નાખવાનો હુકમ આપ્યો. હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે તે ગુલામને પૂછયું : તેં તારા માલિકને શા માટે કત્લ કરી નાખ્યો ? તેણે અર્ઝ કરી તેણે મારી સાથે પરાણે લવાત (સૃષ્ટિ વિરૂધ્ધનું કાર્ય) ર્ક્યું હતં. તેથી મેં તેને કત્લ કરી નાખ્યો, હઝરત અલી અલયહિસ્સલામે તેના (માલિકના) વારસદારોને પૂછયું : શું તમે


HAJINAJI.com

તેને દફન કરી દીધો ? તેઓએ જવાબ આપ્યો : જી હાં, અમે તેને હમણા દફન કરીને આવ્યા, હઝરત અલી અલય્હિસ્સલામની સલાહથી હુકમ આપવામાં આવ્યો : ગુલામને ત્રણ દિવસ સુધી સુરક્ષિત રાખો અને (કત્લ થએલ) માલિકના વાસરદારોને ત્રણ દિવસ પછી હાજર કરો.

**લવાત કરનાર કયામતના દિવસે કૌમે લૂત સાથે રહેશે.**

ત્રણ દિવસ પસાર થઈ ગયા. હઝરત અલી અલય્હિસ્સલામ, હઝરત ઉમર અને મરનારના કેટલાક વારસો સાથે મરનારની કબ્ર પાસે ગયા, ત્યાં હઝરત અલી અલયહિસ્સલામે વારસદારોને પૂછયું : આ તમારા માણસની કબ્ર છે ? તેઓએ હા પાડી, તેઓ આપે તે કબ્રને ખોદી કાઢવાનો હુકમ આપ્યો. પરંતુ લોકોને એ જોઈને આશ્ચર્ય થયું કે કબ્ર ખાલી હતી. તેમા

મરનારનું મૈયત હતું નહીં. હઝરત અલી અલયહિસ્સલામે તકબીર કહી અને ફરમાવ્યું : ખુદાની કસમ, મારા રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે સાચું કહ્યું હતું. મેં હઝરત રસૂલે ખુદા રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને એમ ફરમાવતા સાંભળ્યા હતા કે મારી ઉમ્મતમાંથી કોઈ પણ માણસ કૌમે લૂત જેવો અમલ (એટલે કે લવાત) કરશે, અને તૌબા કર્યા વગર આ દુનિયાથી ચાલ્યો જશે, તો તેની કબ્રમાં ત્રણ દિવસથી

વધારે ટકી નહીં શકે. તેના મૈયતને જમીન પોતાની અંદરથી ખેંચી લેશે અને તે એ જગ્યાએ પહોંચી જશે જ્યાં કૌમે લૂતના મૂડદાઓ પડયા હશે. અને ત્યાં તેની હલાક્ત થશે. અને પછી તે માણસને કયામતના દિવસે કૌમે લૂતની સાથે ઉઠાડવામાં આવશે.

## લવાત વ્યભિચાર છે.

હઝરત ઈમામ અલી રઝા અલય્હિસ્સલામનો ઇરશાદ છે :

ઝીના અને લવાતથી પરહેઝ કરો, અને એ (લવાત) તો ઝીના કરતા પણ વધારે ખરાબ છે. આ બંને ગુનાહો દુનિયા અને આખેરતના ૭૨ (બોંતેર) દર્દ અને રોગોનું કારણ બને છે. (ફિકહીર રિઝા અલય્હિસ્સલામ)

કુરઆને મજીદમાં ઝીના માટે ફાહેશહ શબ્દ વાપરવામાં આવ્યો છે. ત્યાં આ હલકા કૃત્ય માટે પણ ફાહેશહ શબ્દ વપરાયો છે.

સૂ. અઅરાફમાં ઇરશાદ છે.

"અને (યાદ કરો કે જયારે) લૂતે પોતાની કૌમને કહ્યું કે શું તમે એવું નિર્લજ્જ પણું કરો છો કે તેના જેવું દુનિયામાં તમારા આગમન (પહેલા) કોઈ કર્યું નથી ?"

"નિસંશય, તમે સ્ત્રીઓને મૂકી પુરૂષો સાથે અકુદરતી કૃત્ય કરો છો, બલ્કે તમે મર્યાદા ઓળંગી જનારા લોકો છો." (૭-૮૦ : ૮૧)

માણસ પોતાનો નૂત્ફો (વીર્ય બિંદુ) સ્ત્રીઓના ગર્ભમાં નાખવાને બદલે ખુદાએ મનાઈ કરી હોય તેવી જગ્યાએ વેડફી નાખે, તેનાથી વધારે બેહુદુ કામ બીજું શું

હોઈ શકે ? વાસ્તવમાં વીર્ય બિંદુ (અનાજવના) બી ની જેમ વંશ વૃધ્ધિ માટે ઉપયોગી છે.

લવાત અથવા અગ્લામની ટીકા સૂ. અઅરાફ ઉપરાંત સૂ. હુદ, સૂ. નમ્લ, સૂ. અન્કબૂ, સૂ. કમર અને સૂ. નજમમાં પણ કરવામાં આવી છે. અને તેના અઝાબનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. જેથી કદાચ લોકો નસીહત મેળવે.

એ ગંદા કામથી લોકોને રોક્વા માટે સુરક્ષાત્મક પગલાં તરીકે કેટલાક કામને

ખુદાવંદે આલમે પહેલાથી જ હરામ ઠેરવી દીધા છે.

## કુમળા બાળકો પર દ્રષ્ટિ

જુવાન છોકરાઓને બદનજરથી જોવા હરામ છે. ખાસ કરીને એવા છોકરાઓ પર કુષ્ટિ કરવી જેને દાઢી ઉગી ન હોય. ઝીનાના વિષયમાં હરામ નજરના ખરાબ પરિણામ અને તેના કારણે થનાર ભયંકર અઝાબનું વિગતવાર વર્ણન થઈ ચૂક્યું છે. બલ્કે હઝરત રસૂલે ખુદા રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની

રિવાયત એટલે સુધી છે કે શ્રીમંત લોકોના પૂત્ર અને ગુલામને વધારે પ્રમાણમાં (બૂરી નજરથી) જોવાથી બચો, જેમને દાઢી ઉગી ન હોય. કારણ કે તેની હિજ્ઞાતા એવી નામહેરમ છોકરીઓને જોવા કરતાંય વધારે હોય છે જે છુપી (પર્દામાં) રહે છે. (વસાએલુશ્શીઆ, કિતાબે નિકાહ, ભા. ૨૧, પા. ૪૩)

આમ, દરેક મુસલમાનોએ પોતાની આંખો ઉપર કાબૂ રાખવો જરૂરી છે.અને પોતે એવા મોલટા ગુનાહમાં ફસાઈ તો નથી

રહ્યા ને ? તે બાબત સતત સજાગ રહેવું જોઈએ.

## મનોવાસનાથી ચૂંબન અને આગની લગામ

કોઈ યુવાનને કામવેગની ઇચ્છાથી ચૂંબન કરવું હરામ છે. હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે પયગમ્બરે અકરમ રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની આ હદીસ નોંધી છે કેજે માણસ કોઈ નવજવાન છોકરાને કામાંવેગથી ચૂમશે તો ખુદાવંદે તઆલા

કયામતના દિવસે તેના મૂખમાં આગની લગામ લગાવી દેશે. (ઉસૂલે કાફી)

હઝરત ઈમામ અલી રઝા અલય્હિસ્સલામથી રિવાયત છે : જયારે કોઈ માણસ કોઈ યુવાનને કામાંવેગથી ચૂંબન કરે છે, ત્યારે તેની ઉપર આસમાનના ફરિશ્તા, જમીનના ફરિશ્તા, રહમતના ફરિશ્તા અને ગઝબના ફરિશ્તા તમામ લાનત કરે છે અને ખુદા તેના માટે જહન્નમનું ઠેકાણું નિશ્ચિત કરી દે છે અને તે

કેટલું ખરાબ ઠેકાણું છે. (ફિકહે રઝા અલય્હિસ્સલામ)

પયગમ્બરે ઇસ્લામ રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત છે. જો કોઈ માણસ છોકરાને કામાંવેગથી ચૂમશે તો ખુદા તઆલા તેને જહન્નમમાં એક હજાર વર્ષ સુધી અઝાબ આપ્યા કરશે. (મુસ્તદરકમુલ વસાએલ, કિતાબે નિકાહ, બાબ ૧૮, પા. ૫૮૦)

જો (શરઈ રીતે) એ વાત સાબિત થઈ જાય કે કોઈ માણસે કોઈ જવાનને

કામાંવેગથી ચૂંબન કર્યું છે (એટલે કે બે આદીલે તેને ચૂંબન કરતો જોયો હોય અને તે શરઈ કાઝી સમક્ષ ગવાહી આપે) તો શરઈ રીતે તે સજાને પાત્ર બને છે, અને તે સજા ૩૦ (ત્રીસ) થી માંડીને ૯૦ (નેવુ) કોરડા સુધીની, જે કાઝીને યોગ્ય લાગેતે આપવામાં આવે છે.

રિવાયતોમાં છે કે એવું કામ કરનારાને ઝીનાકાર જેવી જ સજા આપવામાં આવે છે. એટલે કે દરેકને સો - સો કોરડા ફટકારવામાં આવે છે. અલબત, મશહુર એ

છે કે બે સ્ત્રીઓ આવું કામ કરે તો શરઈ હાકીમ તેને સો કોરડાથી ઓછી સજા ફરમાવી શકે છે.

## બે પુરૂષ કે બે સ્ત્રીએ એક સાથે સુવું

કેટલાક ઓલમાં ફરમાવે છે કે બે પુરૂષોએ એક જ ગોદડા, રજાઈ કે ચાદરમાં નગ્ન થઈને સુવાથી શરઈ સજાને પાત્ર બને છે. તેથી એ કામ ગુનાહે કબીરામાં શામિલ છે. તેથી પતિ - પત્નિ સિવાય, સારા ખરાબની સમજણ ધરાવનારા કોઈએ (કપડા પહેરીને) નગ્ન થયા વગર એક સાથે ન

સુવું પણ મુસ્તહબ છે. એટલે કે એક જ ગોદડા રજાઈ કે ચારદ નીચે પતિ - પત્નિ સિવાયના બીજા લોકોએ સુવું પસંદ કરવા યોગ્ય નથી ગણાતું એટલે સુધી કે સગાં ભાઈ બહેન માટે પણ આ જ હુકમ છે.

હઝરત રસૂલે ખુદા રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ઇરશાદ ફરમાવ્યું : દસ વર્ષની ઉમરના થયા પછી તમારા બાળકોને જુદા જુદા બિસ્તર ઉપર સુવરાવો, ભાઈ ભાઈની સાથે ન સુવ, ભાઈ બહેનની સાથે ન સુવે, અને બહેન બહેનની

સાથે ન સુવે, એટલે કે ભાઈ બહેન અડકીને ન સુવે. જો ગોદડા, રજાઈ અથવા ચાદર ઓઢે તો તે દરેક માટે જુદા જુદા હોવા જોઈએ. (વસાએલુશ્શીઆ, કિતાબે નિકાહ, બાબ ૧૨૮ પા. ૩૦)

## લવાતની સજા

લવાત એ ઝીના કરતા વધુ મોટો ગુનોહ છે, અને લવાતનું નુકસાન પણ ઝીના કરતા વધુ છે. તેથી લવાતની સજા પણ ઝીનાની શરઈ સજા કરતા વધુ છે. લવાત કરનાર અને કરાવનાર બંનેની સજા એ છે

કે બંનેને શરઈ રીતે કત્લ કરવામાં આવે. જો બંને આકીલ અને બાલીગ હોવા પછી પણ એવું કાર્ય કરે તો બંને કત્લની સજાને પાત્ર છે. દાખલ કરનાર અને લવાત કરનાર માણસને તલવારથી કત્લ કરી દેવાય, સંગસાર કરવામાં આવે, (આગથી) જીવતો સળગાવી દેવાય, અથવા હાથ પગ બાંધીને ખૂબ જ ઉંચાઈએથી જેમકે ઉંચા પહાડ ઉપરની નીચે ફેંકી દેવામાં આવે. જેથી તેના જીવતા રહેવાની શક્તા ન રહે. પરંતુ લવાત કરનારને કઈ રીતે કત્લ

કરવો તેની પસંદગી શરઈ હાકીમ કરે છે. તેવી જ રીતે જે માણસે પોતાની ઇચ્છાથી લવાત અથવા ઇઝ્લામ કરાવ્યું હોય તેને કત્લ કરવાની રીત પણ શરઈ કાઝી નક્કી કરે છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામથી એટલે સુધી રિવાયત છે કે એવા માણસને કત્લ કર્યા પછી આગમાં સળગાવી દો.

અલબત ઝીનાની જેમ લવાત જેવો મોટો ગુનોહ સાબિત થવાની પણ બે રીત છે.

એક તો એ કે લવાત કરનાર, અને કરાવનાર બંને માણસ અથવા બંનેમાંથી કોઈ એક ચાર વખત કાઝીની પાસે પોતાનો ગુનોહ કબૂલ કરી લે. પરંતુ ચારથી ઓછી સંખ્યામાં કબુલાત કરે તો તેની ઉપર શરઈ હદ જારી થઈ શક્તી નથી. પરંતુ ફક્ત તઅઝીર કરવામાં આવે છે. એટલે કે એટલો ઠપકો આપે અથવા મારવામાં આવે કે જેનાથી તે ફરીથી એવું ખરાબ કામ ન કરે. કેટલાક મુજતહિદોએ ફરમાંવયું છે કે ગુનેહગારે એ ગુનાહનો

ચાર વખત સ્વિકાર ચાર જુદી જુદી જગ્યાએ કરવો જોઈએ. અને ગુનાહ કબૂલ કરનાર આકીલ, (બુધ્ધિમાન) આઝાદ (સ્વતંત્ર) અને બાઇખ્તયાર હોવો જોઈએ. (એટલે કે તેણે સ્વેચ્છાએ ગુનોહ ર્ક્યો હોવો જોઈએ.) શરઈ સજા આપતા પહેલા આ શર્ત પણ જોઈ લેવી જોઈએ, એટલે કે જો નાબાલીગ બાળક ચાર વખત લવાતનો ગુનોહ ર્ક્યો હોવાનું કબુલ કરે તો તેને ફક્ત એટલી હદ સુધી ઠપકો આપવો (ધમકાવવો) અથવા તો માંરવો જોઈએ કે

ફરીવાર તે એ કામ ન કરે. તેવી જ રીતે પાગલ અને ગુલામ માટે પણ હુકમ છે.

આ ઉપરાંત કોઈ માણસ ઉપર બળજબરીથી ખરાબ કામ કરવામાં આવ્યું હોય અને તેણે બચવાના પ્રયત્નો કર્યા હોવા છતાં તે બચી શક્યો ન હોય, તો તેની ઉપર કોઈ શરઈ હદ જારી કરી શકાતી નથી.

લવાતને શરઈ રીતે સાબિત કરવા માટેની બીજી શર્ત એ છે કે ચાર આદીલ પુરૂષ પોતે પોતાની આંખો વડે એકી સાથે કોઈને

બીજા કોઈ સાથે લવાત કરતા જોઈલે. જો ગવાહની સંખ્યા ચાર કરતા ઓછી હોય. તો તેની ગવાહી કબૂલ રાખવામાં આવશે નહીં. અને લવાતના ગુનાહ માટે શરઈ હદ જારી કરી શકાતી નથી. જો ચારથી ઓછા આદીલલ ગવાહોએ તે કામ જોયું હોય તો તેઓએ ગવાહી આપવી ન જોઈએ. નહીંતર તેમના ઉપર જ જુઠ અથવા તહોમતના ગુનાહ સબબ હદ જારી કરવામં ા આવશે. જેનો ઉલ્લેખ આગળ કરવામાં આવશે. જો લવાત અને ઇન્ ી

દાખલ કરનાર (તેની વિરૂધ્ધ) ગવાહી આપવામાં આવે તે પહેલા જ તૌબા કરી લે, તો તેની ઉપર શરઈ હદ જારી થઈ શક્તી નથી. અને તેને કત્લ કરવામાં આવતો નથી. ગુનોહ કબૂલ કરનાર અથવા ગવાહ ગવાહીનો વિષય, પાયખાનાની જગ્યા (ગૂદાં) માં (પેશાબની) શર્મગાહ દાખલ થવાનો હોય, તો જ કત્લની હદ જારી કરી શકાય છે. પરંતુ જો દાખલ કર્યા વગર જ બંને પુરૂષોએ વીર્ય સ્ખલન કર્યું હોય, દાખલા તરીકે બીજાની

જાંઘ કે કુલા વચ્ચે દબાવીને સ્ખલન કરી નાખ્યું હોય, તો તેના માટે હદ એકસો (૧૦૦) કોરડાની સજા છે.

**લાવાતની સજા કત્લ શા માટે ?**

બે એવા માંણસો જેઓએ પોતાની લાજ શરમ છોડ દીધી હોય, માનવતાના સિધ્ધાંતોને ભૂલી ગયા હોય અને એટલી હદ સુધી બેશરમ થઈ ગયા હોય કે ચાર આદીલ પુરૂષો, તેમને સૃષ્ટિ વિરૂધ્ધનું જાતિય દુષ્કૃત્ય કરતાં જોઈ જાય તો લોકો તેને સમાજ માટે એક બદતરીન રાક્ષસથી

વધુ કંઈ નહીં સમજે  આ વાત નિર્વિવાદ છે. જો આવા માંણસો જીવતા રહે તો આખા સમાજને પોતાની જેવા કુકર્મો કરતા કરી દેશે. કૌમે લૂતની એ જ હાલત તો થઈ હતી. શૈતાને પહેલા તે કૌમના એક માણસને એ ગુનાહમાં ફસાવ્યો હતો. ત્યાર પછી તે દુષ્ટ માણસે બીજા માણસને ગંદા કામ માટે ખેંચ્યો. કૌમે લૂતની હાલત એટલે સુધ બગડી ગઈ હતી કે લોકો એક બીજાની સામે લવાત કરતા હતા. (એક પુરૂષ બીજા પુરૂષ ઉપર સવાર થઈ જતો

હતો અને જાતીય બદકામ કરતો હતો.) તેવી જ રીતે સ્ત્રીઓ બીજી સ્ત્રીઓની સાથે (જાતીય મેળાપ) બદકામ કરતી હતી. આ એટલો મોટો ગુનોહ છે કે જો આ ગુનોહ કર્યા પછી માણસ શરમ (ભોંઠપ) ન અનુભવે, અને તૌબા ન કરી લે, તો હકીકતમાં તે ખુદાનો ઇન્કાર કરનાર કાફર જેવો થઈ જાય છે. તેથી જ તેવા માણસને કત્લ કરી નાખવા અને સળગાવી દેવા સિવાય બીજો કોઈ રસ્તો રહેતો નથી.

ઇસ્લામમાં ઝીના અને લાવાત જેવા મોટા ગુનાહો નિયંત્રિત કરવા માટે તેની સજા પણ ભારે સખ્ત છે. પરંતુ સાથો સાથ ઇસ્લામ એમ પણ ઇચ્છે છે કે આ દુરાચાર ખુલ્લેઆમ થવો ન જોઈએ. આજ કારણસર ઝીના અને લવાતનો ગુનોહ સાબિત થવા માટે ચાર ગવાહની આવશ્યક્તા રહે છે. આ ગુનાહ માટે બે કે ત્રણ આદીલ ગવાહથી કામ ચાલી શક્તું નથી. આ ગુનાહ માટે કત્લ જેવી ભયંકર સજા રાખવાનું કારણ એ છે કે લોકો

પોતાનો જીવ બચાવવા માટે આવો ગુનોહ કરે જ નહીં અથવા તો કરે તો લોકોની નજરોથી છુપાઈને કરે. આ ભયંકર ગુનાહને ફેલાતા રોક્વાની શરઈ રીત છે. અને અના માટે પણ છૂટ આપવામાં આવી છે કે ગવાહી અપાયા પહેલા જો બદકારી કરનાર શરમીંદો થઈને તૌબા કરી લે, તો તેને કત્લ કરવામાં નહીં આવે. અલબત ગવાહી ારા ગુનોહ સાબિત થઈ ગયા પછી તૌબા કરવાથી શરઈ હદ ની સજા

રદ કરી શકાતી નથી, અને તેને કત્લ જ કરવો પડે છે.

જ્યાં સુધી ગુનોહ કબૂલી લેવાનો સવાલ છે, તો માણસ પોતે ઝીના અથવા લલાવાત ર્ક્યું હોવાની ત્રણ વખત કબૂલ કરે, તો પણ તે સાબિત નથી થતું. પરંતુ તેણે કાઝી સમક્ષ ચાર વખત કબુલાત કરવી પડશે. એ વાત પણ ધ્યાનમાં રાખવી પડશે કે ગુનાહની કબુલાત કરનારે સ્પષ્ટ અને સાફ શબ્દોમાં કબુલાત કરવી પડે છે. ઇશારા કે ગોળ ગોળ શબ્દોમાં

કરવામાં આવેલી વાતને માંન્ય રાખવામાં આવતી નથી. તેમજ કબુલાત કરનાર મજાક, મશ્કરી કરતો હોય કે માનસિક રીતે બીમાંર હોવાની સંભાવના હોય તેમજ હકીકતમાં કંઈ જ ન બન્યું હોય અને માત્ર વાત કરવા પૂરતી વાત કરતો હોય, તેવું પણ ન હોવું જોઈએ. આનું કારણ એ છે કે જો માણસને પોતાના ગુનાહની ખરાબીનો અંદાજ આવી જાય અને તે ગુનાહની કબુલાત ન કરીને, સંભવ છે કે પોતાનો જીવ બચાવી લે, પણ ભવિષ્યમાં તેવા

ખરાબ કામોથી બચતો રહે. અને જો તેણે ખરેખર ગુનોહ ર્ક્યો હોય અને તેની કબુલાત કરીને મૌતની સજાને પાત્ર બની જાય તો સમાજના બીજા લોકોને મોટો બોધપાઠ મઈશે. આ બધી વાતોનો મૂળ હેતુ દુષ્ટ કૃત્ય કરનારનો જીવ લેવાનો નથી. પણ સમાજ આવા ગુનાહિત કાર્યોથી બચે તે છે. ચાર આદીલ ગવાહ અને ચાર વખત ગુનાહની કબુલાતની શર્ત હોવા પાછળનો આશય પણ આજ છે. અલબત

શરઈ હાકીમની સામે ગુનાહનો ઇકરાર કરવો મકરૂહ છે.

એ વાત સાબિત છે કે ગુનોહ કબૂલ કરીને શરઈ રીતે મૌતની સજાને પાત્ર બનનાર માણસને આખેરતમાં એ ગુનાહ માટે કોઈ અઝાબ થતો નથી. દુનિયામાં શરઈ રીતે સજા મેળવ્યા પછી, માણસ ગુનાહથી પાક થઈ જાય છે, તે વાત નિર્વિવાદ છે. પરંતુ બહેતર એ છે કે તે પોતાના (ગુનાહના) રહસ્યને છુપાવી રાખે, અને તે બાબતે પોતાના પરવરદિગારની બારગાહમાં આ

વાતની રજુઆત કરીને તૌબા કરે. ખુદાની સામે આજીજી પૂર્વક ગળગળો થઈને શરમીંગી અને પશ્ચાતાપ વ્યક્ત કરે. આપ ર્ક્યા પછી ઇન્શાઅલ્લાહ, ખુદા તેને માંફ કરી દેશે અને તેની શેષ ઝિંદગી નેક કામો કરવામાં પસાર થશે. અલબત તૌબા ર્ક્યા પછી માણસે બે પરવાહ થઈ જવું ન જોઈએ કે ખુદા તેને આખેરતમાં અઝાબ નહીં જ કરે.

અંતમાં અમે કેટલીક રિવાયતો પ્રસ્તુત કરીએ છીએ. હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામથી રિવાયત છે

જો કોઈ માણસ બે વખત સંગસાર કરવાને પાત્ર થતો હોત તો તે લાવાત કરનાર હોત. (ફુરૂએ કાફી, કિતાબુલ હદુદ, પા. ૧૯૯)

બધી આસમાંની શરીઅત એ વાત પર એકમત છે કે લાવાતની વિરૂધ્ધ કડક હાથે કામ લેવું જોઈએ. એક બાજુ લાવાતને કારણે માનવવંશનો અંત આવી જવાની

શક્યતા રહે છે. તો બીજી બાજુ સમાજમાં લોકો વિવિધ જાતની શારીરિક અને રૂહાની બિમારીઓ અને દુર્ગણોનો ભોગ બની જાય છે. છોકરા મર્દાનગી (પુરૂષાતન) ના કામ મર્દાનગીથી કરી શક્તા નથી. એ રીતે પણ સમાજને મોટું નુકસાન થાય છે. તેથી જ પુરૂષો અને સ્ત્રીઓ માટે લગ્ન કરવા જરૂરી છે. જેથી પોતાની જાતીય ઇચ્છા સ્વાભાવિક રીતે સંતોષી શકે અને માનવવંશ પણ ટકી રહે. અને તેમા કોઈ કચાશ ન રહે.

તૌબા કરનારને આગ નહીં સળગાવે.

કુરૂએ કાફી, કિતાબુલ હોદુદ (શરઈ હુદુદના વિષયમાં) હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની આ રિવાયત મૌજૂદ છે કે એક દિવસ હઝરત અલી અલય્હિસ્સલામ તેઓના અસ્હાબ સાથે બેઠા હતા. તે વખતે એક માણસ આવ્યો અને કહ્યું : યા અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ, મેં એક છોકરા સાથે લાવાત કરે છે. મને પાક કરી દયો. (એટલે કે મારી ઉપર હદ જારી કરો, મને

શરીઅત મુજબની સજા આપો.) હઝરત અલી અલયહિસ્સલામે કહ્યું : તારા ઘરે ચાલ્યો જા, કદાચ તને સંદેહ થયો છે.

બીજા દિવસે ફરી તે જ માણસ આવ્યો તેણે ફરીથી એ જ વાતની કબુલાત કરી અને શરઈ સજા આપવાનો આગ્રહ કર્યો. હઝરતે બીજી વખત ફરમાવ્યું : તારે ઘરે ચાલ્યો જા, કદાચ અત્યારે તું હોશમાં નથી. તે ચાલ્યો ગયો. ત્રીજી વખત પાછો આવ્યો અને એ જ વાતની કબૂલાત કરી અને

ફરીથી પોતાને શરઈ સજા કરવાનો આગ્રહ ર્ક્યો.

છેવટે જયારે ચોથી વખત આવ્યો ત્યારે હઝરત અલી અલયહિસ્સલામે ફરમાંવયું : પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે આવા કૃત્ય માટે ત્રણ રીત બયાન કરી છે. એ ત્રણ રીત પૈકી તું કહે તે રીતે તને સજા કરવામાં આવશે.

પહેલી રીત : તારા હાથ પગ બાંધીને તને ઉંચા પહાડ પરથી ફેંકી

દેવામાં આવે,

(અથવા)

બીજી રીત : તને તલ્વારથી કત્લ કરવામાં આવે, (અથવા)

ત્રીજી રીત : તને આગમાં જીવતો સળગાવી દેવામાં આવે.

તે માણસે કહ્યું : યા અલી અલય્હિસ્સલામ, આ ત્રણમાંથી કઈ રીત સૌથી વધુ સખ્ત છે? ઈમામ અલી અલયહિસ્સલામે ફરમાવ્યું : આગમાં સળગાવી દેવાની. તેણે કહ્યું : મેં આ રીત પસંદ કરી.ત્યાર પછી તે માણસ

હઝરત અલી અલય્હિસ્સલામની પરવાનગી મેળવીને ઉભો થયો અને બે રકાત નમાઝ દા કરી અને કહેવા લાગ્યો.

“ખુદાયા મારાથી જે ગુનોહ થઈ ગયો હતો, તેનાથી તું સારી રીતે વાકેફ છે. હું મારા એ ગુનાહથી ડરી ગયો અને તારા રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના વસી પાસે હાજર થયો અને મારા ગુનાહોથી પાક કરી દેવાની ઇચ્છા પ્રદર્શિત કરી. તેણે મને (આ ગુનાહની) સજાની ત્રણ રીતમાંથી કોઈ એક રીત પસંદ કરવા

કહ્યું : ખુદાવંદા, મેં એ ત્રણ રીતમાંથી સજાની સૌથી સખ્ત રીત પસંદ કરી છે. હવે તારી પાસેથી એ આશા રાખું છું કે આ સજાને મારા ગુનાહોનો કફ્ફારો ગણજે અને (ગુનાહોનો બદલો આપવા માટે) જહન્નમમાં જે આગ ભડકાવી છે, તેનાથી મને બચાવજે."

પછી તે માણસ રડતો રડતો ઉભો થયો. અને જે ખાડામાં આગ સળગાવવામાં આવી હતી, તેમા કુદી પડયો. તે આગમાં

બેસી ગયો. અને આગ તેને ચોમેરથી ઘેરી વળી.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલય્હિસ્સલામ તેની હાલ જોઈને રડી રહ્યા હતા. બીજા તમામ અસ્હાબ પણ આ જોઈને રડી રહ્યા હતા. પછી હઝરતે ફરમાવ્યું :

અય શખ્સ ઉભો થા, તેં તો આસમાન અને જમીનના ફરિશ્તાઓને રડાવી દીધા. બેશક, ખુદાએ તારી તૌબા કબૂલ કરી છે.

ઉઠ, હવે પછી એ ગુનોહ ફરીથી કરતો નહીં.

પછી એ તૌબા કરનાર માણસ આગની જવાળાઓમાંથી સહી સલામત બહાર નિકળી ગયો. હૃદય પૂર્વક તૌબા અને પશ્ચાતાપ કરનારને આગ સળગાવતી નથી.

## એક ધ્યાનાકર્ષક વાત

મુજતહિદોમાં એ વાત મશહુર છે કે ગુનેહગાર માણસે ગુનાહની કબુલાત કરી લીધા પછી શરઈ હદ જારી થાય અને

કત્લ થવા પહેલા તૌબા કરી લે તો ઈમામને તેની ઉપર હદ જારી કરવા કે ન કરવાનો અધિકાર છે. ઉપરની હદીસથી પણ એ સ્પષ્ટ થાય છે કે ઈમામ અલયહિસ્સલામે તે ગુનેહગાર પર હદ જારી થવા દીધી નહીં, અલબત ચાર ગવાહોની ગવાહી પછી ગુનેહગાર તૌબા કરી લે, તો હદ જારી કરવાનો અમલ રદ કરી શકાતો નથી.

## લાવાત કરનારની માં, બહેન અને દિકરી વિશેનો હુકમ

એ વાત જાણી લેવી જોઈએ કે જો પુરૂષ કોઈ છોકરા સાથે ઇગ્લામ કરે એટલે કે છોકરાની સંડાસ કરવાની જ્યાએ પોતાની ઇન્‍ી દાખલ કરે તો તે છોકરાની માં, બહેન અને દીકરી, તે પુરૂષ માટે હંમેશા હરામ થઈ જાય છે. એટલે કે તે પુરૂષ કદી તે છોકરાની માં, બહેન અથવા તો દીકરી સાથે શાદી કરી શક્તો નથી.

# બારમો ગુનોહ

# કઝફ

# બારમો ગુનોહ

## કઝફ

બારમાં ગુનાહનું નામ કઝફ છે. કઝફ એટલે કે પાકદામન મુસલમાન પુરૂષ કે સ્ત્રી ઉપર ઝીના અથવા લાવાતનું તોહમત મુક્વું. હઝરત રસુલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ, હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ, હઝરત ઈમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ, હઝરત ઈમામ અલી રઝા અલય્હિસ્સલામ અને હઝરત ઈમામ મોહમ્મદ તકી

અલય્હિસ્સલામથી આ વિષય પરની જે હદીસો વારિદ થઈ છે, તેમા કઝફ ગુનાહે કબીરા હોવાની વાત સ્પષ્ટ રીતે દર્શાવાઈ છે. કુરઆને મજીદમાં આ ગુનાહ માટે અઝાબ હોવાનો ઉલ્લેખ પણ છે. સૂ. નૂરમાં ઇરશાદ છે :

"નિસંશય, જે લોકો પવિત્રતા બેખબર (નિર્દોષ) મોઅમિન સ્ત્રીઓ પર અનિતીનો આરોપ મૂકે છે, તેમના પર દુનિયામાં લાનત કરવામાં આવી છે. અને

આખેરતમાં પણ, અને તેમના માટે ઘણો મોટો અઝાબ છે.

તે દિવસે કે જે દિવસે તેની જબાનો તથા તેમના હાથ તથા પગ (વગેરે અવયવો) તેમના કૃત્યોના સંબંધમાં તેમની જ વિરૂધ્ધ સાક્ષી આપશે." (૨૪ - ૨૩/૨૪)

**તેને રદ કરવામાં આવશે.**

એટલે કે જે લોકો પાકદામન સ્ત્રી અથવા પુરૂષ ઉપર તોહમદ લગાડે (આળ મૂકે) છે, તેઓ મલઉન (લાનતને પાત્ર) છે. તેઓ દુનિયામાં છે ત્યાં સુધી ખુદાની લાનતના

હકદાર છે અનેઆખેરતમાં પણ તેઓ ખુદાની રહેમતથી વંચિત રહેશે અને જાત જાતનો અઝાબ ભોગવશે. ખુદાના ગઝબને પાત્ર બનેલા લોકોને પોતાની પાસે ફરકવા પણ ન દો, અને તેઓ જે તોહમત મુક્તા હોય તેને સાચા પણ ન માનો. તેવા લોકો ઉપર દુનિયામાં પણ શરઈ હદ જારી થાય છે અને તહોમત સાબિત થયા પછી ક્યારેય પણ કોઈ વિષય માટે તેમની ગવાહી કબુલ કરવામાં આવતી નથી.

## જહન્નમી શખ્સના અવયવો

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામથી રિવાયત છે કે "સાચા મોઅમિનની વિરૂધ્ધ (તેના શરીરના) અવયવો ગવાહી આપશે નહીં. પણ એવા માણસની વિરૂધ્ધ ગવાહી આપશે, જેને જહન્નામમાં જ સળગવાનું છે." (કાફી)

ઝીના અથવા લાવાતનું તોહમત મુકનાર એવો જ માણસ છે. એટલે કે તે જહન્નમમાં જવાને પાત્ર છે, તેથી જ કુરઆને મજીદની

નસ્સ મુજબ તે માણસના અવયવો તેની વિરૂધ્ધ ગવાહી આપશે.

## કઝફની સજા, સાક્ષી રદ થવી અને દુરાચાર

સૂરએ નૂરમાં ઇરશાદ છે “અને જે લોકો પતિવૃતા સ્ત્રીઓ પર (ઝીનાની) તહોમત મૂકે, (અને) પછી (એ તહોમતના પુરાવામાં) ચાર સાક્ષીઓ રજૂ ન કરે તો તેમને ૮૦ (એંસી) કોરડા માંરો, અને (ભવિષ્યમાં) તેમની સાક્ષી કદી પણ માંન્ય

રાખો નહીં, અને તેઓ જાતે જ બદકાર છે.” (૨૪-૪)

ઉપરની આયતમાં કઝ્ફ લગાવવા એટલે કે ઝીના કે લાવાતનું તોહમત મૂકનારાઓ માટે ત્રણ હુકમ મૌજુદ છે એક તો એ કે તેમને શરઈ હદ લગાવવામાં આવે, બીજું એ કે તેની ગવાહી ભવિષ્યમાં કદી પણ કબૂલ કરવામાં ન આવે અને ત્રીજો હુકમ એ છે, કે તેવા માણસને હંમેશને માટે ફાસિક (દૂરાચારી) અને બીન ભરોસાપાત્ર સમજવો જોઈએ.

ઇસ્લામી સમાજમાં પવિત્ર ચારિત્ર અને ઇઝઝતની સુરક્ષાને ખૂબજ મહત્વ આપવામાં આવયું છે. અને તેથીજ તોહમત મૂકનારને સજા આપવામાં આવે છે. આનું કારણ એ છે કે, જો સમાજમાં તહોમત મૂક્વાનો રિવાજ પ્રચલિત થઈ જાય તો સમાજની સ્થિરતા સુરક્ષિત રહી શકે નહીં અને જે કોમ પોતાના લોકો અને તેમની ઇઝઝતનું રક્ષણ ન કરી શકે તે પોતાના વતનની સુરક્ષા કરવા માટે

લાયક રહેતી નથી. (બુરહાને કુરઆનમાંથી)

ઇસ્લામ વ સુલ્હે જહાન નામની કિતાબમાં લખ્યું છે કે સમાજમાં તહોમત મૂક્વાની બાબતને અંકુશમાં રાખવા માટે એવા તહોમત મૂકનાર જે શરઈ રીતે ચાર આદિલ ગવાહ રજૂ કરી ન શકે તેને એંસી કોરડા મારવાની સજા આપવામાં આવે છે. એટલે સુધી કે લાવાત કે ઝીના થતા પોતાની આંખે જોયા હોય તેવા ત્રણ આદીલ ગવાહી આપે, પણ ચોથો આદીલ

ગવાહ ન મળે, તો એ ત્રણેય આદીલ ગવાહને એંસી એંસી કોરડાની સજા થાય છે. અલબત, જો પતિ પોતાની પત્નિ ઉપર ઝીનાનું તોહમત મૂકે, અને તેના (પતિ) પાસે ગવાહ મૌજૂદ ન હોય તો સામાંજિક વાતાવરણને સમતોલ રાખવા માટે પતિ પાસે ગવાહ મૌજૂદ ન હોય તો સામાંજિક વાતાવરણે સમતોલ રાખવા માટે પતિ પાસે ગવાહ માંગવામાં આવતો નથી. પતિએ પોતાની સચ્ચાઈ માટે ચાર વખત ખુદાને ગવાહ બનાવીને કહેવાનું હોય છે કે

તેની પત્નિએ ઝીના કર્યા છે. અને પાંચમી વખત કહેવાનું હોય છે કે જો તેની વાત ખોટી હોય તો (પોતાની) ઉપર ખુદાની લાનત થાય. અને ત્યાર પછી સ્ત્રીને શરઈ સજા કરવામાં આવે છે. અલબત, સ્ત્રીને પણ એ હક આપવામાં આવ્યો છે કે તે ચાર વખત ખુદાને ગવાહ બનાવીને કહી શકે છે, કે તેનો પતિ જુઠુ બોલી રહ્યો છે. અને પાંચમી વખત કહેવાનું હોય છે કે જો તેનો પતિ સાચુ કહી રહ્યો હોય, તો ખુદાનો કહરો ગઝબ (ગુસ્સો, અઝાબ) અને લાનત

તેની (સ્ત્રી) ઉપર થાય, આમ કહેવાથી તે સ્ત્રી સજાથી બચી જાય છે. આ હુકમો કુરઆને મજીદના સૂ. નૂરની આયત નં ૬ અને ૭ થી સાબિત છે.

એ વાત જાણી લેવી જોઈએ કે તોહમત હોય કે હકીકત, જ્યાં સુધી કોઈને ખૂદ પોતાની આંખોથી એ કામ કરતા ન જુએ, એટલે કે શર્મગાહને દાખલ થતાં ન જુએ, ત્યાં સુધી કોઈના વિશે ઝીના કે લાવાતની વાત કહેવી હરામ છે. અલબત પોતે એ કાર્ય જોયા પછી, પોતાની સિવાય બીજા

ત્રણ આદીલ ગવાહોએ એ કાર્ય નજરે નિહાળ્યું ન હોય (અને પોતે પણ આદીલ હોય) ત્યાં સુધી કાઝી સામે ગવાહી આપવી પણ હરામ છે. આ પહેલા ઉલ્લેખ થઈ ચૂક્યો છે, તે મુજબ ચારથી ઓછા ગવાહોને ફાસિક (દુરાચારી) ગણાવવામાં આવ્યા છે. અને ઝીના કે લાવાત કરનારા માણસને બદલે ખૂદ તેઓન કખોટી ગવાહી આપનારાઓને) જ સજા આપવામાં આવે છે, અને તે સજા દરેકને જુદા જુદા એંસી કોરડા લગાવવાની છે.

ઝીના કે લાવાતનું તહોમત મૂકનાર મોઅમિન નથી.

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે કે જે માણસ કઝફ છે, તેને ખુદાવંદે તઆલા મોઅમિનની હરોળમાંથી બહાર કાઢી નાખે છે અને તેને ફાસિક દૂરાચારી ગણે છે. ફાસિક મોઅમિનથી બિલ્કુલ વિરોધી ગુણ ધરાવે છે. જેમકે ખુદા ફરમાવે છે.

“શું તે શખ્સ કે જે મોઅમિન છે, તે તેના જેવો (થઈ શકે) છે, કે જે દૂરાચારી હોય ? બંને (હરગીઝ) બરાબર નથી.” (૩૨-૧૮)

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું કથન છે.

“જે માણસ નેક પુરૂષ અથવા પાકદામન સ્ત્રી ઉપર બદકારીનો ઇલ્ઝામ લગાવે, તો ખુદાવંદે તઆલા તેના તમામ નેક આમાલ રદ કરી નાખશે, (તેને કોઈ સવાબ નહીં મળે) અને કયામતના દિવસે ખુદા તેને જહન્નામમાં નાખવાનો હુકમ આપે ત્યાં

સુધી તેને ૭૦,૦૦૦/- (સિત્તેર હજાર) ફરિશ્તા સામેથી અને પાછળથી કોરડા માંરતા રહેશે.” (વસાએલુશ્શીઆ, કિતાબુલ હોદુદ)

## કઝફની હદ

“અને જે લોકો પતિવૃતા સ્ત્રીઓ પર તહોમત મૂકે (અને) પછી (એ તહોમતના પૂરાવામાં) ચાર સાક્ષઓ રજૂ ન કરે, તો તેમને (૮૦) એંસી કોરડા માંરો.” (૨૪-૪)

ઉપરની આયતે શરીફા, ઘણી રિવાયતો અને મુજાહીદોના ફત્વાથી એ સ્પષ્ટ છે કે

ઝીના અથવા લાવાતનું તહોમત મૂકનાર દરેકને (એ શરતે કે તે વખતે એકી સાથે ચાર આદીલ ગવાહ મૌજૂદ ન હોય) એંસી એંસી કોરડા (અલગ અલગ) મારવામાં આવશે. જેની કેટલીક શરતો નીચે પ્રમાંણે છે.

(૧) તહોમત મૂકનાર માણસ બાલિગ અને આકિલ હોવો જોઈએ. જો નાબાલિગ બાળક અથવા તો દીવાનો આવું તહોમત મૂકે તો તેને એંસી કોરડા મારવાની સજા કરવામાં આવશે નહીં. બીજી શર્ત એ પણ

છે કે બાલિગ માણસે સમજી વિચારીને, જાણી બુઝીને એ તહોમત મૂક્યું હોવું જોઈએ. જો એ વાત સાબિત થઈ જાય કે તેનાથી ભૂલ થઈ ગઈ હતી. અથવા તો તેણે માત્ર મજાક કરવા ખાતર એવી વાત કર હતી, તો તેની ઉપર શરઈ હદ જારી થશે નહીં.

(૨) જે માણસ ઉપર ઝીના અથવા લાવાતનું તહોમત મૂક્વામાં આવે તેનામાં પાંચ સિફતો હોવી જોઈએ.

૧. તે બાલિગ હોય, ર. તે આકીલ હોય અને દીવાનો ન હોય, ૩. તે આઝાદ હોય અને થુલામ ન હોય, ૪ તે મુસલમાન હોય, કાફર ન હોય, અને પ તે જાહેરી રીતે નેક હોય. પરંતુ જો કોઈ જાહેરી રીતે જ દુરાચારી હોય એટલે કે ખુલ્લેઆમ ◌ુનાહો કરતો હોય તો તેની ઉપર, તહોમત મુકનારી શરઈ હદ જારી કરી શકાતી નથી. જે માણસ એ વાત પસંદ ન કરતો હોય કે તેની ઉપર ઝીના કે લાવાતનું તહોમત મૂક્વામાં આવે તેવા માણસને નેક

ગણવામાં આવશે. પરંતુ ઉપરની પાંચ શરતો મૌજુદ ન હોય તો તેવા માણસ ઉપર, તહોમત મૂકનાર ને લગૂ પડતી શરઈ હદ જારી થઈ શક્તી નથી.

(૩) ઝીના અથવા લાવાતનું તહોમત સ્પષ્ટ શબ્દોમાં મૂકાયુ હોવું જોઈએ.જો તહોમત મૂકનાર ગોળ ગોળ શબ્દોમાં (ઇશારાથી) જ વાત કરે અથવા જે માણસ ઉપર તહોમત મૂકાયું હોય અથવા તો અય ઝીનાકાર, એવા શબ્દોથી માત્ર સંબોધન કરે, તો તેના કારણે કશું સાબિત થતું નથી.

અલબત, એ સંજોગોમાં જેની ઉપર તહોમત મૂકાયું હોય તે માણસ, તહોમત મૂકનાર ઉપર શરઈ હદ જારી કરવાની માંગણી કરી શકે છે.

કેટલીક વાર એવું પણ બને છે કે જેને સંબોધન કરાયું હોય તેના સિવાય બીજા કોઈ માણસ ઉપર તહોમત મૂકાયું હોય. જેમકે તહોમત મૂનાર કહે કે તારો પિતા લાવાત અથવા ઝીના કરતો હતો. તો તેવા સંજોગોમાં તહોમત મૂકનારને સજ આપવાની માંગણી કરવાનો અધિકાર, જેને

સંબોધન કરાયું હોય તેના પિતાને રહેશે. અલબત્ત, જેને સંબોધન થયું છે, તેના પિતા ઉપર તહોમત મૂકાયું હોવાથી તેની ઇઝઝતને હાની પહોંચી છે. તેથી તે તહોમતદારને શરઈ હદ (એંસી કોરડાની સજા) અપાવી શક્તો નથી. પરંતુ તઅઝીર (એટલ કે તહોમત મૂકનારને એટલો ઠપકો આપવો અથવા માંરવો કે તે ભવિષ્યમાં કોઈ ઉપર એવું તોહમત ન મૂકે.) કરાવી શકે છે. જે સજા શરઈ હદ કરતા ઓછી છે.

તેવી જ રીતે જો કોઈને અય હરામઝાદા, અય ઝીનાથી પૈદ થએલા, વગેરે શબ્દોથી સંબોધન કરવામાં આવે, તો જે માણસ પર ઝીનાનું તહોમત મૂકાયું હોય ◌ે તહોમત મૂકનાર ઉપર શરઈ હદ જારી કરવાની માંગણી કરી શકે છે. અને જેને સંબોધન કરાયું હોય તેને તઅઝીરની માંગણી કરવાનો અધિકાર છે.

(૪) તહોમત મૂકનારે પોતાના ઉપરાંત બીજા ત્રણ મળીને કુલ ચાર એવા આદીલ ગવાહ રજુ કરવા જોઈએ. જેણે ઝીના

અથવા લાવાતને પોતાની આંખે થતા જોયા હોય.

**હુકમે ઇલાહીનો અનાદર અને આબરૂનું રક્ષણ**

ઝીના અને લાવાતના ગુનાહો સાબિત કરવા માટે ચાર આદીલ ગવાહની આવશ્યક્તા રહે છે, જયારે કે બીજા ગુનાહોની સાબિતી માટે બે આદીલ ગવાહ પૂરતા હોય છે, એટલા માટે કે કોઈ ઝીના કે લાવાત જેવા ગુનાહનો આરોપ કોઈના ઉપર મૂક્વાની હિંમત ન કરે. અને જો ચાર

આદીલ ગવાહ મૌજૂદ હોય તો જ આરોપ મૂકી શકે છે. એવું પણ બને કે જેની ઉપર તહોમત મૂક્વાનો ઇરાદો હોય અથવા તો જેને બદનામ કે અપમાંનિત કરવા માંગતા હોય તે પોતે જ ગુનાહની તૌબા કરી લે અને ફરી તે ગુનોહ કદી ન કરે. કદાચ એવા ડરથી પણ ગુનોહ ન કરતો હોય કે કોઈ તેને જોઈ જાય અને તેના વિરૂધ્ધ ગવાહી આપે. એ શક્યતા એ પણ છે કે ઝીના અને લાવાતના ગુનાહોની સજા કત્લ સુધીની છે. એટલે ગવાહની સંખ્યા પણ

વધારે (ચાર આદીલની) રાખવામાં આવી છે. ઝીના અથવા લાવાત કરવામાં બે વ્યક્તિઓ શામેલ હોય છે. તેથી બે ગવાહ ગુનોહ કરનારને આરોપી ઠરાવા અને બે ગવાહ ગુનોહ કરાવનારનો આરોપ સાબિત કરવા માટે એમ કુલ ચાર ગવાહ આખવામાં આવ્યા છે.

(૫) જે વ્યક્તિ ઉપર આરોપ મૂક્વામાં આવ્યો હોય તે પોતે ગુનોહ ર્ક્યા હોવાનો ઇન્કાર કરે, તો આરોપ મૂકનાર ઉપર હદ જારી કરવામાં આવે છે. પણ તેની શર્ત એ

છે કે જેની ઉપર આરોપ મૂક્વામાં આવ્યો હોય તેની ઇચ્છા હોવી જોઈએ, પણ જેની ઉપર આક્ષ્ેપ મૂક્યો હોય તે માંફ કરી દે, તો કોઈ હદ જારી થઈ શક્તી નથી. તેવી જ રીતે આરોપી ગુનાહનો સ્વિકાર કરે, તો પણ આરોપ મૂકનારને કોઈ સજા થતી નથી.

## કયામતના દિવસે ગુનાહોની માંફી

એક સ્ત્રી હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં આવી અને તેણીએ કહ્યું :

યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મેં મારી કનીઝને કહ્યું હતું : અય ઝાનીયા, (એટલે ઝીના કરનારા તરીકે સંબોધી હતી.)

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : શું તે કદી તેને ઝીના કરતા જોઈ હતી ખરી ?

તેણીએ કહ્યું : જી ના,

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : જાણી લે કે કયામતના દિવસે તારા નેક આમાલનો

બદલો આ કનીઝને બળશે. તે તારા ગુનાહનું (નિવારણ) પ્રાયશ્ચિત થઈ જશે.

તે સ્ત્રી પાછી કનીઝ પાસે ગઈ અને તેના હાથમાં એક કોરડો આપ્યો અને કહ્યું કે મને કોરડા માર.

પરંતુ કનીઝે કોરડ મારવાનો ઇન્કાર ર્ક્યો તો તે સ્ત્રીએ તેને આઝાદ કરી દીધી. ત્યાર પછી તે સ્ત્રી પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં હાજર થઈ અને આખી હકીકત કહી સંભળાવી.

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : શક્ય છે કે તારો આ અમલ તારા એ કહેવાની માંફી બની જાય અને આખેરતમાં તને કોઈ અઝાબ કે નુકસાન ન થાય. (વસાએલુશ્શીઆ, કિતાબુલ હોદુદ)

## કઝબની તૌબા

જે વ્યક્તિ મુસલમાન ઉપર ઝીના અથવા લાવાતનું તહોમત મૂકે તેણે જાણી લેવું જોઈએ કે કઝફ અથવા તહોમત એ એવો ગુનોહ છે, જેની બે બાજુઓ છે. એક

હક્કુન્નાસ અને બીજું હક્કુલ્લાહઝરત જ્યાં સુધી હક્કુન્નાસ એટલે કે માનવ હકનો પ્રશ્ન છે, તો એવા તહોમતથી એક મુસલમાનની આબરૂ રગદોળાય છે. માટે તે શરઈ હાકીમ પાસે તહોમત મૂકનારને લઈ જઈ શકે છે. જો તહોમત મૂકનાર તહોમત મૂક્વાનું સ્વિકારે અથવા તો બે આદીલ ગવાહી આપે કે તેમણે બંનેએ તેને તહોમત મૂક્તા સાંભળ્યા છે, તો શરઈ હાકીમ તેને એંસી કોરડા મારવાનો હુકમ આપશે. તોહમત મૂકનાર માટે વાજીબ છે

કે જેની ઉપર તોહમત મૂક્યું હોય, તે તેને કાઝી પાસે લઈ જવા માંગતો હોય, તો તેને હવાલે થઈ જાય. અલબત્ત તોહમત મૂકનારને હક છે કે તેને માંફ કરવા માટે વિનંતી કરે અને તે માટે તેને રાજી કરી લે. જો તે માંફ કરી દે, તો તહોમત મૂકનાર ઉપર શરઈ હદ જારી કરી શકાશે નહીં. પણ તે માંફ ન કરે અને જેની ઉપર તહોમત મૂકાયું હોય તે મરી જાય તો તહોમત મૂકનારને સજા કરવવવાનો હક મરહૂમના વારસદારોને રહેશે. તે વખતે

પણ તહોમત મૂકનારની એ ફરજ થઇ પડશે કે તે મરહૂમના વાસરદારોને તાબે થઈ શરઈ હાકીમ પાસે જાય અથવા તેઓની માંફી માંગી લે. જો મરહૂમના વારસદારો માંફ કરી દે તો તે સજાથી બચી જશે.

સમાંઅહ કહે છે : મેં હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને એવા માણસ વિશે પૂછયું જે બીજા ઉર ઝીનાનું તહોમત મૂકે, પણ જેની ઉપર તહોમત મૂકાયું હોય તે માણસ તેને માંફ કરી દે,

પણ પછી માંફ કરનાર માણસને પસ્તાવો થાય (કે મેં તેને માંફ ન ર્ક્યો હોત, અને સજા અપાવી હોત તો સારૂં થાત) તો શું જેની ઉપર તહોમત મૂકાયું હોય તે તહોમત મૂકનારને સજા અપાવી શકે ખરો ?

ઇમામે ફરમાવ્યું : માંફ કરી દીધા પછી તેને કોઈ સજા થઈ શક્તી નથી.

સમાંઅહે પુછયું : જો માણસ કહે કે અય ઝીનાકારના છોકરા  પરંતુ તે તેને માંફ કરી દે અને તે માંમલો ખુદાને સોંપી દે, તો શું હુકમ છે ?

ઇમાંમે ફરમાવ્યું : જો તેની માં જીવીત હોય, તો તેના છોકરાને માંફ કરવાનો હક નથી.
તેને માંફ કરવો એ તેની માતાનો હક છે. જે હકનો ગમે ત્યારે તે ઉપયોગ કરી શકે છે. પછી ઇમાંમે ફરમાવ્યું : જો તેની માં મરી ચૂકી હોય તો તેની માનો હક તેને (છોકરાને) મળશે અને તેના માટે માંફ કરી દેવો જાએઝ છે. (વસાએલુશ્શીઆ, કિતાબુલ હોદુદ, અબ્વાબુલ કઝફ, બાબ 30)

તહોમત મૂકનાર ઉપર વાજીબ છે કે શરઈ સજા મળી ગયા પછી અથવા જેની ઉપર તહોમત મૂક્યું હોય તેના માંફ કરી દીધા પછી શરઈ હાકીમ અને બીજા મુસલમાનો સમક્ષ પોતાના તહોમતનું નિવારણ (ક્ષતિપૂર્તિ) કરે અને પોતે ખોટું બોલ્યો હોવાનો જાહેર સ્વિકાર કરે. દાખલા તરીકે એમ કહે કે મેં ફલાણા માણસ ઉપર ઝીનાનું જે તહોમત મુક્યું હતું તે ખોટું હતું, તેણે એટલા પ્રમાણમાં પોતે કરેલ તહોમતનો રદીયો આપવો પડશે કે જેથી

જે લોકોએ તે તહોમત વિશે સાંભળ્યું હોય તે બધાને ખોટી વાત હોવાની જાણ થઈ જાય.

ઇબ્ને સીનાનથી આ સહીહ રિવાયત છે કે તેઓએ હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછયું એક તહોમત મૂકનાર (તેના ગુનાહની) શરઈ હદ જારી થઈ ચૂકી હોય અને પછી તેણે તૌબા કરી લીધી હોય તો શું ભવિષ્યમાં તેની ગવાહી કબૂલ થશે ?

ઇમાંમે ફરમાવ્યું : જો તે તૌબા કરે અને તેની તૌબા એ છે કે તેણે જે કંઈ કહ્યું હતું તે શબ્દો પાછા ખેંચી લે અને ઈમામની સામે અને મુસલમાનોની સામે પોતાની જાતને જુઠો કહે. તે પછી ઈમામની ફરજ થશે કે તેની ગવાહી કબૂલ કરે અને તેને આદીલ સમજે.

તહઝીબ અને કિતાબે કાફી માં આ વિષયની કેટલીક રિવાયતો નોંધવામાં આવી છે. જો તેણે ખરેખર ઝીના કે લાવાતનો ખોટો આક્ષ્ોપ મૂક્યો હોય તો

પોતાનું તહોમત ખોટું હોવાનો સ્વિકાર કરવો જોઈએ તે સાચી વાત છે. અને જો તેણે ઝીના અથવા લાવાત થતા પોતાની આંખોથી જોયું હોય પણ કુલ ચાર આદીલ ગવાહ રજૂ ન કરી શક્વાને કારણે તેની ઉપર શરઈ હદ જારી થઈ હોય, અને માંફી માંગવી પડી હોય, તો પણ પોતાની વાત ખોટી હોવાનું સ્વિકારવું પડશે. હવે તે ઇરાદો જાહેર કરે કે ઇસ્લામી શરીઅત પ્રમાંણે ઝીના અથવા લાવાત સાબિત થયા નથી, તેથી તે શરઈ રીતે ખોટો

પડયો છે. જયારે વાસ્તવમાં તે સાચો છે. તેમ છતાં પોતાની વાત ખોટી હોવાનો સ્વિકાર કરવો એ કુરઆને શરીફની આયત પ્રમાંણે સહીહ છે.

“(વળી જેમણે તહોમત મૂક્યું હતું) તેઓ આ (વાત) ઉપર ચાર સાક્ષીઓ કેમ ન લાવ્યા ? હવે જયારે તેઓ ચાર સાક્ષીઓ નથી લાવ્યા તો તેઓ અલ્લાહની પાસે અવશ્ય જુઠા છે.” (૨૪-૧૩)

કિતાબ નીહાયહ માં શેખે ફરમાવ્યું : તહોમત મૂકનારની તૌબા એ છે કે જે

જગ્યાએ તેણે તહોમત જાહેર કર્યું હોય ત્યાં હાજર થાય અને ત્યાં મુસલમાનોના સમુહ સમક્ષ પોતે મુકલો તહોમતને જુઠલાવે જેથી જે લોકોએ તહોમત (ની વાત) સાંભળી હોય તે લોકો તે તહોમતની વાત ખોટી હોવાનું પણ સાંભળી લે. અને જે મુસલમાન ઉપર તહોમત મૂકાયું હતું તેના વિશે લોકોમા બદગુમાંની ન રહે.

જ્યાં સુધી હક અને ખુદાના ન્યાયનો સંબંધ છે, તો કુરઆનમાં ઝીના અથવા લાવાતનું તહોમત મૂક્વું હરામ કહેવામાં

આવ્યું છે. અને તેની તાકીદ પૂર્વક મનાઈ કરવામાં આવી છે. તેથી તહોમત મૂકનાર ખુદાના હુકમની નાફરમાની કરનાર સમાન છે. અને તે દુનિયા ઉપરાંત આખેરતની સજાને પણ પાત્ર બનશે. અલબત, તે સાચા દિલથી તૌબા કરી લે અને પોતાની સુધારણા કરી લે તો ખુદાવંદે તઆલા મહાન માંફ કરનાર અને રહમ કરનારો છે. “પરંતુ, હા જે લોકએ ત્યાર બાદ તૌબા કરી લીધી અને પોતાની સુધારણા કરી લીધા

તો બેશક ખુદા મહાન બક્ષનાર અને માંફ કરનાર (દયાળુ) છે”(૨૪-૫)

અહીં સુધારણાનો અર્થ એ છે કે તે તૌબા કરીને પછી તેની ઉપર કાયમ રહે (એટલે કે પછી ગુનોહ ન કરે) અને તેના ચારિત્ર માં નેકી અને ખૈર (ભલાઈ) સિવાય બીજું કંઈ દેખાય નહીં.

મબ્સુતમાં શૈખ ફરમાવે છે : તૌબા ર્ક્યા પછી માણસે નેક કાર્યો જ કરવા જોઈએ. એનામાં થએલા સુધારણાને લીધે એ પણ શક્ય છે કે આક્ષ્ોપ મૂકનાર માણસ જેની

ઉપર આક્ષ્ેપ મૂકાયો હોય તેની સાથે સમાંધાન કરી લે, એટલે કે તેની માંફી માંગી લે. અથવા તો શરઈ હદ જારી કરવા માટે પોતાને તેને હવાલે કરી દે અને પોતે મૂકેલા તહોમતને જુઠલાવે. આ બધું ર્ક્યાં પછી તે ફાસિક કાઝીમ (જુઠો) નહીં રહે, તેની ગવાહી કબૂલ થઈ શકે છે, અને શરઈ રીતે તે આદીલ બની જાય છે.

## કઝફ અને મુસ્લિમોની જવાબદારી

તહોમત (ની વાત) સાંભળનાર ઉપર કેટલીક બાબતો વાજીબ છે. અને કેટલીક હરામ છે.

કોઈ મુસલમાન એ વાત સાંભળે કે કોઈ વ્યક્તિએ બીજા મુસલમાન વિશે ઝીના અથવા લાવાતની વાત કરી છે, તો તેની વાતને (પૂરેપુરી) સાંભળવી અને સાચી માનવી હરામ છે. એવી અયોગ્ય (અનૈતિક) સંબંધો વિશેની વાતને યોગ્ય સમજવી હરામ છે, અને જે મુસલમાન

ઉપર તે તહોમત મૂક્વામાં આવી રહ્યું હોય તે વ્યક્તિ માટે નફરત કરવી અને તેને ખરાબ ચારિત્ર ની માંની લેવી તે પણ હરામ છે. અને માં સાંભળેલી એ વાતને બીજા સુધી પહોંચાડવી પણ હરામ છે. જ્યાં સુધી ચાર આદીલ ગવાહોએ ઝીના કે લાવાત થતું જોયું ન હોય અને તેમણે શરઈ કાઝી સમક્ષ ગવાહી ન આપી હોય ત્યાં સુધી એ વિશે વાત કરવી હરામ છે. ભલે પછી પોતે પોતાની આંખેથી જોયું હોય અથવા તો તહોમત મુકનાર પર

યકીન હોય. કારણ કે સ્પષ્ટ છે કે સાંભળનાર માંસણ બીજાને વાત કહે, તો જેની ઉપર તહોમત મૂકાયું હોય તે માણસ વિશે ખરાબ વાત ફેલાવાને લીધે તે બદનામ થઈ જાય છે. જે ઇસ્લામને મંજુર નથી.

તહોમત સાંભળનાર માટે વાજીબ છે કે, તહોમત મૂકનારને તહોમત મૂક્તો અટકાવે અને તેને ઠપકો આપીને ચેતવે કે જ્યાં સુધી ચાર આદીલ ગવાહ ન મળે ત્યાં સુધી તે જુઠો અને ફાસિક જ ગણાશે.

લાવાત અથવા ઝીનાના તહોમતની વાત સાંભળનાર વ્યક્તિ માટે વાજીબ છે કે, ચાર આદીલ ગવાહ મૌજૂદ ન હોય ત્યાં સુધી વાત સંપૂર્ણ સાચી હોય છતાં તેને તહોમત જ સમજે અને તે વાત કરનારને જુઠ્ઠો અને ફાસિક ગણે. અને તેવો માણસ, ઉપર જણાવેલ શરતોનું પાલન કરીને પોતે મૂકેલ તહોમતને જુઠલાવીને તે મુજબ તૌબા ન કરી લે, ત્યાં સુધી તેની ગવાહી કબુલ કરવી હરામ છે. તહોમતની વાત સાંભળનારે તહોમત મૂકનારને કહેવું

જોઈએ કે આ મોટું બોહતાન છે અને અમે તારી વાતને શરઈ રીતે યોગ્ય માનતા નથી.

“જયારે કે તમોએ તેને સંાળ્ભયો, ત્યારે મોઅમિન પુરૂષ તથા સ્ત્રીઓએ પોતાના માંણસો માટે સારી કલ્પના કેમ ન કરી, અને કેમ ન કહ્યું કે આ ખુલ્લું જુઠાણું છે. (૨૪-૧૨)

“(વળી જેમણે તહોમત મૂક્યું હતું) તેઓ આ (વાત) ની સચ્ચાઈ માટે ચાર સાક્ષીઓ કેમ ન લાવ્યા ? હવે જયારે તેઓ ચાર

સાક્ષીઓ નથી લાવ્યા તો તેઓ અલ્લાહની પાસે અવશ્ય જુઠ્ઠા છે.” (૨૪-૧૩)

“અને જો દુનિયા તથા આખેરતમાં તમારા પર અલ્લાહની કૃપા અને દયા ન હોત તો જે (વાત) ની તમોએ ચર્ચા કરી તેના કારણે તમારા પર એકાદ શિક્ષા જરૂર આવી પડતે.” (૨૪-૧૪)

“બલ્કે તમારી જીભ વડે તે (વાત) ની ચર્ચા કરવા માંડી પોતાના મોઢેથી એવું કાંઈ બક્વા લાગ્યા કે જેની તમને જરાય જાણ ન હતી અને તેને નજીવી વાત

સમજતા હતા, જો કે તે અલ્લાહ પાસે (ઘણી) ગંભીર વાત હતી.” (૨૪-૧૫)

“અને જે વખતે તમોએ તે (વાત) સાંભળી, ત્યારે એમ કેમ ન કહ્યું, કે તમને આવી વાત મોઢામાંથી કાઢવી શોભતી નથી. (અને એમ કેમ ન કહ્યું કે હે પરવરદિગાર ) તું પાક છે, આ એક ઘણું મોટું તહોમત છે.” (૨૪-૧૬)

“અલ્લાહ તમને ઉપદેશ આપે છે કે, જો તમે મોઅમિન હો તો (ખબરદાર ) ફરીથી એવું કદી કરશો નહીં.” (૨૪-૧૭)

"અને અલ્લાહ પોતાના હુકમોને સ્પષ્ટ રીતે વર્ણવે છે, અને અલ્લાહ મોટો જાણનાર (અને) હિકમત વાળો છે."(૨૪-૧૮)

"જે લોકો એ ઇચ્છે છે કે, ઈમાન લાવનારાઓના સંબંધમાં નિર્લજ્જ વાતોની ચર્ચા ફેલાય. નિસંશય તેમના માટે દુનિયામાં દુ:ખ દાયક અઝાબ છે અને આખેરતમાં પણ, અને અલ્લાહ (ખરી હકીકત) સારી પેઠે જાણે છે, અને તમે નથી જાણતા" (૨૪-૧૯)

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : જે કોઈ માણસ કોઈ મોઅમિન વિશે એવી ખોટી વાત કરે જે તેણે આંખોથી જોઈ ન હોય કે ન કાનોથી સાંભળી હોય તો તે એવા માંણસોમાંથી છે જેના વિશે ખુદા ફરમાવે છે.

તે લોકો કે જેઓ ઇચ્છે છે કે ઈમાન લાવનારાઓના સંબંધમાં નિર્લજ્જ વાતોની ચર્ચા ફેલાય, નિસંશય તેમના માટે દુનિયામાં દુ:ખદાયક અઝાબ છે. અને

આખેરતમાં પણ, અને અલ્લાહ (ખરી હકીકત) સારી પેઠે જાણે છે, અને તમે નથી જાણતા. (૨૪-૧૯)

સારાંશ એ કે પોતાની આંખોથી જોયા વગર ઝીના કે લાવાતનું તહોમત મૂક્વું હરામ છે. એટલું જ નહીં, પોતાની આંખોથી જોયા પછી પણ જ્યાં સુધી ચાર આદીલ ગવાહોએ તે કૃત્ય જોયું ન હોય ત્યાં સુધી તેને બયાન કરવું હરામ છે.

અલબત્ત, જો પતિ પોતાની પત્નિ ઉપર ઝીનાનું તહોમત મૂકે, તો તે વિશેનો હુકમ

આગળ આવી ચૂક્યો છે. તે સંજોગોમાં ચાર આદીલ ગવાહની જરૂર રહેતી નથી. પરંતુ તેણે (પતિએ) કાઝી સમક્ષ શરઈ રીતે કહેવું પડશે કે, જો તે ખોટો હોય તો તેની ઉપર અલ્લાહની લાનત થાય. તો એની વાત માનવામાં આવશે, આ હુકમને "લેઆન" કહેવામાં આવે છે. અને આગળ ઉલ્લેખ થઈ ચૂક્યો તેમ તહોમત મૂકનાર માટે પાંચ શર્ત હોવી જરૂરી છે. જો આ પાંચ શરતો મૌજૂદ ન હોય, તો બે આદીલ ગવાહોની સાક્ષી ઉપર તે તહોમત

મૂકનારને ૮૦ (એંસી) કોરડાની સજા મળશે. પરંતુ એ કોરડા ઝીના અને શરાબ પીવાના ગૂનાહો માટે જે રીતે મારવામાં આવે છે, તેના કરતા હળવેથી મારવામાં આવશે. તેમ જ તહોમત મૂ(નાર માણસને ઝીનાકાર અથવા શરાબ પીનારની જેમ પીઠ ઉઘાડી કરીને કોરડા મારવામાં નહીં આવે, પરંતુ કોરડા માંરતી વખતે તેના શરીર ઉપર પહેરણ (ખમીસ વગેરે) પહેરવા દેવાશે.

**કઝફની શર્ત પૂરી થતી ન હોય ત્યારે**

જેની ઉપર ઝીના કે લાવાતનું તહોમત મૂક્વામાં આવ્યું હોય તેના માટે જો આગળ ઉલ્લેખ થવા મુજબની કઝફની પાંચ શરતો મૌજૂદ ન હોય, તો પણ તેનો સંબંધ ઝીના કે લાવાતની વાત સાથે જોડવો હરામ છે. કેટલાક સંજોગોમાં આવું તહોમત મૂકનારની તઅઝીર (ડાંટ - ફીટકાર) થઈ શકે છે. અલબત, જો કોઈ મુસલમાનને ફક્ત "હરામઝાદો" કહી દે, તો તેની ઉપર તહોમતની શરઈ હદ જારી કરી શકાતી

નથી. કારણ કે ફક્ત હરામઝાદો કહેવાથી એ વાત સાબિત થઈ શક્તી નથી કે તે ઝીનાથી પૈદા થયો છે. પરંતુ હરામઝાદો કહેવાનો અર્થ એમ પણ થાય કે તેનો ગર્ભ એ વખતે રહ્યો હોય જયારે તેની માતા હ્યઝની હાલતમાં હોય. જે વખતે તેના પિતા માટે સમાંગમ કરવો હરામ છે. એવી જ રીતે જો કોઈને “ખબીસ” (મોટો ગુનેહગાર - ધૂર્ત) અથવા દૂરાચારી કહેવામાં આવે, તો પણ ઝીના કે લાવાતનું તહોમત સાબિત થતું નથી. અલબત,

અપમાંનીત કરવાના ગુનાહસર તેને તઝીર અથવા તંબીહ (ચેતવણી) આપી શકાય છે.

એવી જ રીતે જો કોઈ મુસલમાન પુરૂષ કાફર ઉપર ઝીના કે લાવાતનું તહોમત મૂકે, તો તેની ઉપર કઝફની હદ (એંસી કોરડા મારવાની સજા) જારી કરી શકાતી નથી. અલબત એવી વાત કાફિર માટે પણ કરવી હરામ તો છે જ. એવી વાતનો સંબંધ ખુલ્લી રીતે જોડવો અથવા ઇશારાથી કે ગોળ ગોળ રીતે વાત કરવી

પણ જાએઝ નથી. અલબત, શરઈ રીતે સાબિત થઈ જાય કે તેણે ઝીના કર્યા હતા, ત્યાર પછી વાત કરી શકાય છે.

## કાફિરો વિશે ઝીનાની વાત

ઉમરૂ બિન નોઅમાન જોઅફી કહે છે કે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામના એક દોસ્ત હતા. તે હંમેશા ઈમામ અલય્હિસ્સલામ સાથે જ રહેતા. તે માણસનો એક ગુલામ હતો, જે સીંધનો વતની હતો. ઈમામ અલય્હિસ્સલામનો તે દોસ્ત, એક દિવસ

મોચીઓની બજારમાંથી જઈ રહ્યો હતો. તેનો ગુલામ તેની પાછળ પાછળ ચાલી રહ્યો હતો. તેણે એક વખત પાછળ ફરીને જોયું તો તેનો ગુલામ દેખાયો નહીં. તેને ગુલામનું કંઈ કામ હતું, પણ ગુલામ મળતો ન હતો. તેણે ત્રણ વખત ફરી ફરીને જોયું પણ તે દેખાયો નહીં, પણ ચોથી વખત ફરીને જોયું તો તેનો ગુલામ નજરે પડયો. તેણે ગુસ્સામાં પોતાના ગુલામને કહ્યું :

અય ઝીનાકાર સ્ત્રીના પૂત્ર, તું ક્યાં હતો ?

રાવી કહે છે કે, ઇમાંમે સાદિક અલયહિસ્સલામે પોતાનો હાથ ઉપાડીને પોતાના પવિત્ર કપાળ ઉપર માંર્યો.

આપે ફરમાવ્યું : સુબ્હાનલ્લાહ, તું આ (ગુલામ) ની માતા ઉપર ઝીનાનું તહોમત લગાવી રહ્યો છે ? મને તો તારામાં તકવાના કંક ચિહ્નો દેખાઈ રહ્યા હતા, પરંતુ હવ. તારામાં કોઈ ઝોહદ કે તક્વો રહ્યો નથી.

સહાબીએ કહ્યું : હું આપ ઉપર કુરબાન થઈ જાઉં, આની (ગુલામની) માતા સિંધ (હિંદુસ્તાન) ની વતની અને મુશ્રિ ક છે.

ઇમાંમે ફરમાવ્યું : શું તમે એ નથી જાણતા કે દરેક કૌમમાં નિકાહની પોત પોતાની અલગ રીત હોય છે, ચાલ્યો જા, મારી સામેથી.

રાવી કહે છે : ત્યાર પછી ઈમામ અલય્હિસ્સલામના જીવન દરમ્યાન મેં તેને કદી ઈમામ અલય્હિસ્સલામની સાથે

ચાલતો જોયો ન હતો. બીજી રિવાયતના શબ્દો મુજબ

દરેક કૌમમાં પોતાના રિવાજ મુજબના નિકાહ હોય છે. જેના કારણે લોકો ઝીનાથી બચતા રહે છે. (ઉસુલે કાફી, બાબુલ બેઝાઅ ગાળના વિષયમાં)

અબુલ હસન હઝઝાઅ કહે છે કે હું હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની પાસે મૌજૂદ હતો, એક માણસે મને પૂછયું કે તારા કર્ઝદારે શું કર્યું ?

મેં કહ્યું : તે ઝીનાકાર સ્ત્રીના પુત્રની તમે વાત કરો છો ?

આ સાંભળીને હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે મારી સામે તેજ નજરોથી જોયું.

મેં કહ્યું : હું આપ પર કુરબાન થાઉં, તે મજુસી (અગ્નિપુજક) છે. તેની માં તેની બહેન પણ છે. (એટલે કે તેના બાપે તેની બહેન સાથે શાદી કરી છે.)

ઇમાંમે ફરમાવ્યું : શું તેઓના મઝહબમાં એવા નિકાહ જાએઝ નથી ?

(વસાએલુશ્શીઆ, કિતાબુલ હોદુદ, પા. ૪૩૯)

## ગાળ દેવી હરામ છે.

ઝીના અથવા લાવાતનું તહોમત મૂક્યા ઉપરાંત કોઈ એવો મુસલમાન જે ખુલ્લમ ખુલ્લા બદકારી કરતો ન હોય, તેને એવા ખરાબ શબ્દોમાં સંબોધન કરવું હરામ છે. જે સાંભળીને તેને તકલીફ પહોંચતી ન હોય. જેમકે કોઈ મુસલમાન જે ખુલ્લે આમ બદકારી ન કરતો હોય તેને અય ફાસિક, કુતરા, સુવ્વર જેછા શબ્દોથી સંબોધન

કરનાર (ગાળો ભાંડનાર) ને શરઈ શરતો સાથે તઅઝીર કરી ચેતવણી આપવી વાજીબ છે. તેવી જ રીતે કોઈને તેની બીમારી કે અપંગતા (અસમર્થતા - જે ખામી તેનામાં હોય તે વિશે) જેનાથી તેનું દિલ દુભાતું હોય તે વિશે સંબોધન કરવું પણ હરામ છે. જેમકે કોઈને આંધળો, લંગડો, બહેરો વગેરે કહીને સંબોધન કરવું ગુનોહ પણ છે અને એ સંજોગોમાં હરામ પણ છે.

“મુસ્તદરકુલ વસાઈલ” માં છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી અલયહિસ્સલામે ફરમાવ્યું : જો કોઈ માણસ બીજા માણસને ફાસિક, ખબીસ, કાફર, મુનાફીક અથવા ગધેડો કહે, તો તેને ઓગણ ચાલીસ (૩૯) કોરડા મારવા જોઈએ.

એવી ગાળો જે સગાં વ્હાલાંઓને ભાંડવામાં આવે કે અન્ય કોઈને, તેના હરામ હોવામાં કોઈ ફર્ક પડતો નથી. જેમકે વિદ્યાર્થીઓને, ચાકરને અથવા બીજા કોઈને ભાંડવામાં

આવે, ગાળો દેવામાં આવે તે હરામ જ છે. અલબત, એવી ગાળ જેમાં શરીરના ગુપ્ત ભાગોના નામ લેવામાં આવે અથવા બદકારીનો ઉલ્લેખ થયો હોય તે તમામ સંજોગોમાં હરામ છે. ભલે પછી તે ગાળો જેને ભાંડવામાં આવી હોય તે ખુલ્લે આમ બદકારી કરતો હોય કે ન કરતો હોય અથવા તેને એ ગાળો ભાંડવાથી ખરાબ લાગે કે ન લાગે.

## ગાળો દેવાની ખરાબી વિશે રિવાયત

ગાળો દેવા અને બીજાઓને ખરાબ શબ્દોથી સંબોધવાના વિષય ઉપર કેટલીએ રિવાયતો છે. દાખલા તરીકે :-

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : ગાળો ભાંડવી એ એક પ્રકારની તકલીફ (કષ્ટ) આપવા બરોબર છે, અને બીજાને કષ્ટ પહોંચાડવાનું પરિણામ જહન્નમ છે. (ઉસૂલે કાફી, ગાળો દેવા વિશેનું પ્રકરણ)

નબીએ કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત છે કે જહન્ન્મમાં ચાર પ્રકારના એવા લોકો છે કે, જહન્નડમમાં તેને થતા અઝાબને કારણે બીજા જહન્નહમીઓને તકલીફ પહોંચશે.

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : અને જે શખ્સ એવો હશે જે (દુનિયામાં) આનંદપૂર્વક ખરાબ શક્યો બક્યા કરતો હોય. અને ગાળો દીધા કરતો હોય. જહન્નંમમાં તેના મોઢામાંથી લોહી અને પરૂ વહયા કરશે.

આ વિષય પરની રિવાયતોનો ઉલ્લ્ેખ ગાળ દેવાના વિષયમાં થશે.

## ગાળનો જવાબ

સામાંન્ય રીતે એ વાત પણ જાણી લેવી જોઈએ કે, જે રીતે ગાળ દેવાનો કે ખરાબ શબ્દોથી સંબોધન કરવું હરામ છે, તેવી જ રીતે તે વાતનો (ગાળ કે ખરાબ શબ્દોનો) જવાબ પણ ગાળથી આપવો હરામ છે. અલબત, એ વાત જે ગાળ કે કઝફ (ઝીના કે લાવાતનું તહોમત) ન હોય, તો તે વાત (શબ્દો) નું પૂનરાવર્તન કરી તેને સામે

કહેવી જાએઝ છે. જેમકે કોઈ જાહિલ, મુર્ખ કે ઝાલિમ એવા શબ્દો કહે, તો તેના જવાબમાં એમ કહી શકાય કે તું જ જાહિલ, મુર્ખ કે ઝાલિમ છે. (મુસ્તદરકુલ વસોઅલ, અબ્વાબે જેહાદે નફસ. પોતાના નફસની સામે જેહાદના પ્રકરણમાં, પ્રકરણ નં ૭૧) કુરઆને મજીદમાં પણ આ વાત મૌજૂદ છે. "પછી જો કોઈ તમારી ઉપર ઝુલ્મ કરે તો તેનો બદલો નક્કી કરવામાં આવ્યો છે, પછી જે કોઈ તમારી પર સખ્તાઈ કરે, તો તમે પણ એવી જ સખ્તાઈ તેના પર કરો,

જેવી તેણે તમારી પર સખ્તાઈ કરી હોય.” (૨-૯૪)

તેવી જ રીતે ઇરશાદ થાય છે :

“જો મઝલુમ ઝુલ્મ સહન કર્યા પછી તેનો બદલો લે તો એવા લોકોની વિરૂધ્ધ કંઈ નહીં કરવામાં આવે. તેમના પર કોઈ (દોષ મૂક્વાનો) માર્ગ નથી.” (૪૨-૪૧)

આ જ પ્રમાંણે ઇરશાદ છે :

“જો તમે બદલો લેવા માંગો તો એવી જ રીતે બદલો લ્યો, જે રીતે તમારી સાથે ઝુલ્મ કરવામાં આવ્યો હોય (જેટલી

સખ્તાઈ તમારા પર કરવામાં આવી હોય)” (૧૬-૧૨૬)

## બળજબરી ન કરે તો

હઝરત ઈમામ મૂસા કાઝિમ અલયહિસ્સલામે એક બીજાને ગાળો દેતા બે માંણસો વિશે ફરમાવ્યું :

એ બંને (ગાળા ગાળી કરનાર) માંણસોના પ્રારંભ કરનાર વધારે ઝાલિમ છે. એવા ગુનાહોમાં ગાળનો જવાબ ગાળથી દેનાર માણસનો ગુનોહ ગણાઈ જશે (અને તેનો અઝાબ પણ તેને મળશે.) પણ તેની શર્ત

એ છે કે (મઝલૂમ જેને ગાળો દેવાઈ હોય તે) હદથી વધી ગયો ન હોય. (ઉસૂલે કાફી, બાબુસ સુફ્ફાહ, બેહુદા વાતો કરવાનું પ્રકરણ)

એટલે કે એટલી હદનો જ જવાબ આપે અને સમાન બદલો લેવાની હદથી આગળ વધીને તેનાથી વધારે સખ્ત જવાબ ન આપે. નહીંતર તેના ગુનોહ પણ ગાળ દેવાનો પ્રારંભ કરનારના ગુનોહ જેટલો જ ગણાઈ જશે.

દાખલા તરીકે એક માણસ બીજા માણસને કહે : અય ગધેડા, અને તેના જવાબમાં જેને સંબોધન કરાયું હોય તે કહે, અય કુતરા, તો આમ કહેનાર (બીજો માણસ) હદથી વધી ગયો ગણાશે. તેવી જ રીતે એક વખત ગધેડા કહેનારને જવાબમાં બે કે તેની વધારે વખત ગધેડા કહે, તો તે પણ હદથી વધી જવું ગણાશે. અલબત, જો ગાળ દેનાર માણસ દઈને તુરત જ ગાળનો જવાબ ગાળથી સાંભળવા પહેલા જ માંફી માંગી દિલગીરી વ્યક્ત કરી લે,

તો તેને માંફ કરી દેવો જોઈએ. અને એ સંજોગોમાં ગાળનો જવાબ ગાળથી દેવો જાએઝ નથી.

બીજી એક રિવાયતમાં હઝરત ઈમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામનો ઇરશાદ છે કે :

એ બંને માંણસો પૈકી શરૂઆત કરનાર માણસ વધારે ઝાલિમ છે.ગાળ દેનાર જો માંફી ન માંગી લે તો ગાળનો જવાબ દેનારનો ગુનોહ પણ તેને મળશે. (ઉસૂલે કાફી, ગાળો વિશેનું પ્રકરણ)

મૌન બહેતર છે.

અત્રે એ વાત પણ ઉલ્લેખનીય છે, કે ખરાબ વાતોની સામે તેનો જવાબ તેનો જવાબ દેવો જાએઝ છે. પણ તે સંજોગોમાં મૌન સેવવું વધારે સારૂં છે. કુરઆને મજીદમાં ઇરશાદ છે :

“અને બુરાઈનો બદલો તો તેવી જ બૂરાઈ છે, છતાં જો કોઈ શખ્સ માંફ કરી દે અને સમાંધાન (માંમલાની સુધારણા) કરી લે, તો તેનો સવાબ આપવાની જવાબદારી

ખુદાની છે. બેશક તે (અલ્લાહ) ઝાલિમોને દોસ્ત રાખતો નથી.” (૪૨-૪૦)

બીજી એક જગ્યાએ ઇરશાદે ખુદાવંદી છે :

“અને જો તમે (હે સ્ત્રીઓ ) આખી (મહેર) માંફ કરી દો તો તે પરહેઝગારીની વધુ પાસે છે. (વધારે નીતિ ભરેલું છે.)” (૨-૨૩૭)

## ગાળો દેનાર પોતે જ હલકો પડે છે.

હઝરત જાબિરથી રિવાયત છે કે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામે એક એવા માણસને જોયો જે હઝરત

કંબરને ગાળો દઈ રહ્યો હતો. હઝરત કંબર તેને તેની જેવો જ જવાબ આપવા માંગતા હતા, તેવામાં હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે તેને બોલાવ્યા.

“અય કંબર, થંભી જાવ, તમોને ગાળ દેનાર માણસને એમ જ મૌન (ચૂપ) રહીને ઝલીલ કરો. તેનાથી રહમાન (અલ્લાહ) રાજી થશે અને શૈતાનને ગુસ્સો ચડશે. અને તે રીતે તમારા દુશ્મનને ઇજા પહોંચાડી શકશો. (અને તેમ કરીને) ખુદાને

રાજી કરી શકશો, જેણે બીજને ફોડયા અને ખુશ્બુમાં હવા ચલાવી.”

કોઈ મોઅમિન પરવરીદગારને પોતાના હિલ્મ (સહનશીલતા) થી વધારી બીજી કોઈ બાબતથી રાજી કરી શક્તો નથી. એવી જ રીતે કોઈને ગાળના જવાબમાં મૌન રાખ્યા સિવાય બીજી કોઈ બાબતથી શૈતાનને ગુસ્સે કરી શકાતો નથી.

મુર્ખ (અજ્ઞાન અને નાદાન) માણસ સામે મૌન રહીને જે બદલો લઈ શકાય છે, તેવો બદલો બીજી કોઈ પણ રીતે લઈ શકાતો

નથી. (સફીનતુલ બેહાર, જીલ્દ પહેલી, પાનું 300)

જો કોઈ માણસ અઘટીત શબ્દો અને ગાળનો જવાબ દેવાના બદલે નમ્રતા પુર્વક મીઠા શબ્દોમાં કહે કે ભાઈ ગાળ ન દેવી જોઈએ, તો તે નેકી કરી છે અને ખુદાની નઝદીક તેવા માણસનો દરજ્જો ખૂબ જ બુલંદ છે. કુરઆને મજીદમાં ઇરશાદ છે :

“નેકી (ભલાઈ) અને બદી (બુરાઈ) કદી સરખી હોતી નથી. માટે તું (સખતમાં

સખત) વાતને એવી (વાત) થી દૂર કર જે ઉત્તમમાં ઉત્તમ હોય. (સખત વાતનો જવાબ એકદમ સારી વાતથી દયો.) જો તમે એમ ક્ર્યું તો તમે જોશો કે તમે અને તમારી વચ્ચે જે દુશ્મની હતી તે જાણે તમારો એક દિલસોઝ મિત્ર થઈ જશે.” (૪૧-૩૪)

“આ વાત (ગુણ) માત્ર એ લોકોને જ પ્રાપ્ત થાય છે, જે સબ્ર કરનારા (ધીરજ ધરનારાઓ) છે, અને એવા જ લોકોને મળે છે, જે સવાબ (મેળવનારા) ની ષ્ટિએ

ખુશનસીબ (મહા ભાગ્યશાળી) છે” (૪૧-૩૫)

“કશકુલ ગમ્માહ” નામની કિતાબમાં લખ્યું છે કે એક માણસ જે શામનો રહેવાસી હતો તે મદીનામાં આવ્યો, તેણે જોયું કે એક માણસ સુંદર ઉંટ ઉપર સવાર થએલો છે. તેણે એ માણસનો પરિચય મેળવવા માટે કોઈને પૂછયું કે આ માણસ કોણ છે ? જવાબ મળ્યો કે તેઓ હસન ઇબ્ને અલી અલય્હેમસ્સલામ છે. શામનો રહેવાસી ગુસ્સે થઈ ગયો. તે બોલ્યો, તો શું તુ અલી

ઇબ્ને અબી તાલિબ અલય્હેમસ્સલામનો પૂત્ર છે આપે જવાબ આપ્યો કે હા, હું અલી અલય્હિસ્સલામનો પૂત્ર છું. પછી તે માણસે (મઆઝલ્લાહ) કહ્યું : તો તું એવા માણસનો ફરઝંદ છે, જે મુશ્રિ(ક હતો ? પછી તો તે માણસે બની શકે તેટલા પ્રમાણમાં ઈમામ હસન અલય્હિસ્સલામ અને હઝરત અલી અલય્હિસ્સલામને જેમ તેમ કહેવા લાગ્યો. અને છેવટે ચૂપ થઈ ગયો. આ બધા સમય દરમ્યાન ઈમામ હસન અલય્હિસ્સલામ મૌન રહ્યાં. આ

જોઈને તે શરમાંઈ ગયો. તેની શરમીંદગી જોઈને ઈમામ અલયહિસ્સલામે સ્મિત કર્યું અને ફરમાવ્યું : તું મુસાફર જણાય છે. શામથી આવ્યો લાગે છે. તેણે કહ્યું : જી હા, ઇમાંમે ફરમાવ્યું : જો તને રહેવાના સ્થળ (ઉતારો) ની જરૂર હોય તો અમે તેને રહેવાની જગ્યાની વ્યવસ્થા કરી આપશું. જો તને માલની જરૂર હોય તો માલ આપશું અને જો તને કાંઈ તકલીફ હોય તો તે દૂર કરવામાં અમે તારી મદદ કરશું. આ સાંભળીને ઈમામ અલય્હિસ્સલામને ગાળો

દેનાર માણસે ફક્ત શરમ જ ન અનુભવી, પણ ઈમામ અલય્હિસ્સલામનું આટલું સુંદર ચારિત્ર જોઈને તે આશ્ચર્ય ચક્તિ થઈ ગયો. તેના પ્રત્યાઘાતમાં તેના જ શબ્દો જોઈએ. “જયારે હું હઝરત હસન ઇબ્ને અલી અલય્હેમસ્સલામની ખિદમતમાંથી પાછો ફર્યો ત્યારે તેઓની પવિત્ર ઝાત મને દુનિયાના તમામ લોકો કરતા વધારે પસંદ અને માનવંત લાગતી હતી.”

હઝરત ઈમામ હુસૈન અલયહિસ્સલામે પણ અસમ ઇબ્ને મુસ્તલક શામી સાથે આવું જ વર્તન કર્યું હતું, જેના કારણે તે દુશ્મન પણ ઈમામ અલય્હિસ્સલામનો ચાહવાવાળો અને દોસ્ત બની ગયો હતો.

# તેરમો ગુનોહ

# શરાબ - મદ્યપાન



HAJINAJI.com

# તેરમો ગુનોહ

## શરાબ - મધપાન

ગુનાહે કબીરા પૈકી શરાબ પીવો એ તેરમો ગુનોહ છે. હઝરત ઈમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ, હઝરત ઈમામ અલી રઝા અલય્હિસ્સલામ અને હઝરત ઈમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામથી જે રિવાયતો મળે છે તેમા શરાબ પીવો, એ ગુનાહે કબીરા હોવાનું સાબિત છે. કુરઆને મજીદમાં પણ આ ગુનાહને સ્પષ્ટ શબ્દોમાં

ગુનાહે કબીરા ગણવામાં આવ્યો છે. ઇરશાદ છે.

“યસઅલુનક અનીલ ખમરે વલ મયસેરે, કુલ ફી હેમાં ઇસ્મુન કબીરૂંવ વ મનાફેઓ લિન્નાસે, વ ઇસ્મોહોમાં અકબરો મિન નફએહેમાં” (૨ - ૨૧૯)

“અય રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ  તમને લોકો શરાબ અને જુગાર વિશે પૂછે છે, તમે તેઓને કહી દો કે એ બન્નેમાં મોટા ગુનાહ છે. અને ફાયદા કરતાં તેના નુકસાન વધારે છે.” (૨-૨૧૯)

તફસીરૂલ મીઝાનમાં છે કે ઇસ્મ અને ઝન્બ જેવા શબ્દો સમાંનાર્થી છે. તેનો અર્થ એવી હાલત થાય છે કે જે હાલતમાં ઇન્સાનની અક્કલ કામ કરતી અટકી જાય છે. તેથી જ ઇસ્મ એવા ગુનાહ છે જેની ખરાબ અસરો માનવ જીવન ઉપર વિવિધ રીતે થતી હોય છે. જેના લીધે માણસ શાંત અને ખુશહાલ રહેવાથી વંચિત બની જાય છે. શરાબ (દારૂ) પીવાથી થતાં નુકસાનની વાત સર્વ સામાંન્ય છે. શરાબ પીવો, માણસની તંદુરસ્તી માટે પણ કેટલીયે રીતે

નુકસાન ર્ક્તા છે. શરાબીનું પાચનતંત્ર યોગ્ય રીતે કાર્ય કરતું નથી. તેનાં આંતરડાની ક્રિયા ખોરવાઈ જાય છે. જીગર, ફેકફસા, સ્નાયુઓ, રક્તવાહિનીઓ, હૃદય અને માનવીની પાંચ ઇન્ીયો, જેમકે દ્રષ્ટિ તેમજ સ્વાદ પારખવાની શક્તિ વગેરે ઉપર શરાબની અસરો પડે છે. જુના જમાનાના વૈદ અને હકીમો તથા અર્વાચીન યુગના ડોકટરોએ આ વિષય પર પુસ્તકો લખ્યા છે. જેમાં તેઓએ આશ્ચર્ય ચક્તિ થઈ જાય તેવા આંકડાઓ

સાથેનાં અહેવાલ પ્રસ્તુત કરીને સાબિત કર્યું છે કે શરાબ ન પીનારા અન્ય લોકોનો સરખામણીએ શરાબનું સેવન કરનારાઓ કેટલીયે પ્રકારની બીમારીમાં સપડાઈ જાય છે. એ તબીબોએ દારૂ પીવાના કારણે કેટલી અને કેવી બીમારી પૈદા થાય છે તેનો ઉલ્લેખ કરીને દારૂને ધીમું, જીવલેણ ઝેર કહ્યું છે.

દારૂને કારણે માનવ શરીર ઉપર ખરાબ અસર અને પ્રતિક્રિયા થાય છે તેનો અમે

અત્રે ફક્ત ઉપર છલ્લો ઉલ્લેખ કરીએ છીએ.

(૧) શરાબની મગજ ઉપર અસર

શરાબના કારણે મગજના જ્ઞાન તંતુઓ કામ કરતા બંધ થઈ જાય છે. ક્યારેક એવું પણ બને છે કે શરાબના કારણે મગજની નાજુક નસો ફુટી જાય છે. અને ક્યારેક તો મગજની અંદરની નસ ફાટી જવાને લીધે મગજમાં લોહી જામી જાય છે. જેના પરિણામે માણસના દીમાંગ ઉપર ગાંડપણ છવાઈ જાય છે. જો ક્યારેક જીવનભર

તેની અસર રહે છે. ક્યારેક તો ખરાબ મગજ પરનાં સોજા (મગજમાં લોહીની ગાંઠ બંધાઈ જવી) અને હાઈ બ્લડ પ્રેશર (લોહીના ઉંચા દબાણ) માટે કારણરૂપ બને છે. જેના પરિણામે આધાશીશી (અડધા માંથામાં રહેતો સતત દુ:ખાવો) અને આખા શરીરે અસર થઈ જાય છે.

(૨) શરીરના સ્નાયુઓ પર શરાબની અસર

શરાબને કારણે શરીરના વિવિધ અવયવોમાં જુદા જુદા રોગ લાગુ પડે છે. હાથ પગમાં ધ્રુજારી થાય છે. શરાબીને

પોતાના શરીરના અવયવો ઉપર કાબુ રાખવા જેટલી શક્તિ રહેતી નથી. આખુ શરીર દુ:ખાવા અને કળતરથી તુટે છે. શરીરની પાંચેય ઇન્◌ીયો નબળી થઈ જાય છે. તેને ઉંઘ બરાબર આવતી નથી. અને ઉંઘમાં ભયંકર સ્વપ્ના આવે છે.

(3) પાચનતંત્ર ઉપર શરાબની અસર

શરાબ પીવાના કારણે શરાબીની સ્વાદ પારખવાની શક્તિ ચાલી જાય છે. એટલું જ નહીં, તેના મુખમાં કુદરતી રીતે થૂંક બનવાનું બંધ થઈ જાય છે. અને કુદરતી

પાચક રસ ખોરાકમાં ન ભળવાથી તેની અસર હોજરી અને પાચનતંત્ર ઉપર પડે છે. ખોરાકમાં જેટલો એસીડ હોવો જોઈએ તે રહેતો નથી. મુખમાં પાચક રસ ઉત્પન્નર ન થવાને કારણે ઘણી વાર શરાબીને સતત ઉલ્ટી થયા કરે છે. તે ઉલ્ટીઓમાં કફ (બલગમ) ની સાથો સાથ ઘણીવાર લોહીના ટૂકડા પડે છે. આ ઉપરાંત હોજરી અને આંતરડાના કેટલાય રોગ થાય છે. હોજરીનું કદ હદથી વધી જાય છે. આંતરડા ખૂબ જ ફુલી જાય છે. હોજરી

ઉપર સોજો આવી જાય છે. આંતરડા ઉપર ઉઝરડાનું પ્રમાણ વધી જાય છે. સમગ્ર પાચનતંત્ર અવ્યવવસ્થિ બની જાય છે. ક્યારેક શરાબીને સતત અને સખ્ત મરડો થઈ જાય છે. જે મોટા આંતરડાની ખરાબીની નિશાની છે.

(૪) જીગર (કાળજા) ઉપર શરાબની અસર

શરાબથી કલેજું નબળું પડી જાય છે. તેની ઉપર સોજો આવી જાય છે. અને તેની કાર્ય શક્તિ મંદ પડી જાય છે. સોજો સખ્ત થઈ જતાં તેમા દર્દ થવા લાગે છે. આ તકલીફ

પેટની બાજુએ જીગર (કલેજા) માં શરૂ થાય છે અને તેના ગુર્દા (મુત્રપીંડ) પીળા પડવા માંડે છે, જેની અસર આંખોમાં થાય છે.

(પ) લોહીના પિરભ્રમણ ઉપર શરાબની અસર

શરાબ શરીરના સમગ્ર કારખાનાને કોઈ રીતે કામ કરવા દેતો નથી. તેથી શરાબનો કોઈ ભાગ (એક ટીપું પણ) શરીનો ભાગ (લોહી, માંસ વગેરે) બનવાને લાયક હોતો નથી. જેનું પરિણામ એ આવે છે કે શરાબ

હોજરીમાં પહોંચતાની સાથે જ લોહીમાં ભળવા લાગે છે. અને લોહીમાંના સફેદ (શ્ર્વેત કણ) નો નાશ કરવા માંડે છે. જેના કારણે લોહીનું દબાણ (બ્લડ પ્રેશર) ઘટી જાય છે અને ક્યારેક બેભાન થઈ જવાય છે.

(૬) શ્ર્વસનતંત્ર ઉપર શરાબની અસર

શરાબનો સૌથી જીવલેણ હુમલો શ્વાસની બીમારીઓના રૂપમાં જાહેર થાય છે. શરાબીને શ્વાસ લેવામાં ખુબ જ તકલીફ પડે છે. શરાબ લોહીમાં ભળીને ફેફસામાં

પહોંચી જાય છે. જેના પરિણામે ફેફસાનું કામ મંદ પડી જાય છે. ફેફસા ઉપર સોજો આવી જાય છે. શરીરમાંથી કેલશ્યમ (ચુનો) ઘટવા માંડે છે અને શરાબી છેવટે ટી.બી. (ક્ષય) ની બીમારીનો ભોગ બને છે.

(૭) મૂત્રપિંડ (કિડની) ઉપર શરાબની અસર

જે આંકડાકીય મોજણી થઈ છે તેનાથી જાણવા મળ્યું છે કે, મૂત્રપિંડ (કિડની) ના રોગો પૈકીનાં નેવું ટકા રોગ શરાબના કારણે થતા હોય છે. જયારે શરાબનું

પ્રવાહી પેશાબ સ્વરૂપે મૂત્રપિંડમાં ભેગુ થઈને પેશાબની જગ્યાએથી બહાર નિકળે છે તેટલા સમયમાં પેશાબની નળીના સમગ્ર કામને અસર કરે છે અને એવી બીમારીઓ થાય છે જેનાથી શરાબીનું પેશાબ અટક્યા વગર વહયા કરે છે.

(૮) દય ઉપર શરાબની અસર

શરાબ લોહીમાં ભળી જતો હોવાથી ધીમે ધીમે લોહીમાં બગાડ પૈદા કરે છે, અને તેની સીધી અસર હ્દય (દિલ) ઉપર થાય છે. જેના કારણે હ્દય શરીરના બીજા

અવયવોને યોગ્ય પ્રમાણમાં, યોગ્ય રીતે લોહી પહોંચી શક્તું નથી. હૃદય ઉપર ચરબીના થર વધારે પ્રમાણમાં જામી જાય છે. જેના કારણે હૃદયમાં ભાર વધી જાય છે અને હૃદય પહોળું થવા લાગે છે. જેથી હૃદયની ગતિ ધીમી નબળી પડી જાય છે. આજ કારણોસર શરાબીના હૃદયના ધબકારા બહુ જ ધીમાં અથવા અનિયમિત હોય છે.

(૯) અક્કલ પર શરાબની અસર

શરાબની પ્રાથમિક અસર ગાંડપણ અને દિવાનગી રૂપે જાહેર થાય છે. હોસ્પિટલોમાંથી મળતા આંકડા મુજબ ગાંડપણનો ભોગ બનતા મોટા ભાગનાં લોકો વર્ષો જુના શરાબી હોય છે.

“બલાહાઈ ઇજતમાંઈ” નામની કિતાબમાં “તંદુરસ્તી” સામયિકમાંથી નોંધવામાં આવ્યું છે કે, ડોકટરોએ તારવેલા ખાત્રીપૂર્વકના પરિણામ મુજબ ફ્રાંસમાં બે લાખ દિવાના લોકો બેફામ દારૂ પીવાના કારણે ગાંડપણનો ભોગ બન્યા છે. એંસી ટકા

લોકો શરાબ પીવાના કારણે ગાંડપણનો ભોગ બને છે. અને ચાલીસ ટકા બીમારીઓ શરાબને કારણે થતી હોય છે. યુરોપના વિાનોએ તારવેલ પરિણામ મુજબ બ્રિટનમાં ગાંડપણનો ભોગ બનેલા લોકો પૈકી (નેવું) ૯૦% લોકો શરાબની કુટેવમાં ફસાએલા હતા.

(૧૦) શરાબની વારસાગત અસર

આગળ જણાવ્યા મુજબની કિતાબમાં જ નોંધવામાં આવ્યું છે કે, માણસના વીર્ય બિંદુઓમાં પણ શરાબની અસર થાય છે.

પશ્ચિમ જર્મનીના એક ડોકટરના સંશોધન મુજબ જો શરાબીની ભવિષ્યની ત્રણ પેઢીનાં લોકો શરાબ ન પીવે તો શરાબની અસર ઓછામાં ઓછી ત્રણ પેઢીના વંશજ ઉપર ચાલુ રહે છે.

શરાબ પીવાના કારણે પ્રજોપત્તિ (બાળકોના જન્મ) ઉપર અવળી અસર પડે છે. અને એક તબક્કો એવો આવે છે કે જયારે શરાબ પીનારામાંથી વંશ વૃધ્ધિ કરવાની શક્તિ ચાલી જાય છે. એટલે કે શરાબી નપુંસક બની જાય છે. મેરિકન

નેલ્સનના મતે એક તંદુરસ્ત અને શરાબ ન પીનાર માણસ ૧૧ (અગિયાર) બાળકો પૈદા કરવાની ક્ષમતા ધરાવે છે. જયારે તેવો જ શરાબ પીનાર માણસ ફક્ત એકથી લઈને ત્રણ તંદુરત બાળકોનો જ બાપ બની શકે છે. પરંતુ તે એકથી માંડીને ત્રણ બાળકો મુર્છારોગ, આધાશીશી, ચીડીયાપણું, મંદબુધ્ધિ, અને લોહીના અભાવ વગેરે જેવી બીમારીઓનો ભોગ બનેલા હોય છે. એટલું જ નહીં શરાબીના બાળકો હંમેશા માનસિક બીમારીઓથી પીડાતા રહે છે.

શરાબ પીવાથી માણસના ચારિત્ર ને પણ નુકસાન થાય છે. શરાબી હંમેશા ખરાબ ચારિત્ર  અને કડવી વાણી ધરાવે છે. શરાબી માટે વિવિધ ગુનાહો જેમકે આંતકવાદ, ઝીના, લાવાત, બીજાઓના રહસ્ય ખુલ્લા પાડવા, તમામ કાયદા કાનુનનો ભંગ કરવો વગેરે બાબતો સામાંન્ય હોય છે. ટું◌ંકમાં શરાબી ઝિંદગીની ખૂશીઓથી વંચિત રહેતો હોય છે. તે શરાબ પીવામાં એટલો મસ્ત રહેતો હોય છે કે તેની અક્કલ તેના કાબુમાં હોતી

નથી. મસ્તીની હાલત તે દુનિયાના ખરાબમાં ખરાબ કામ કરતા અચકાતો નથી.

ઇસ્લામી શરીઅત પર અમલ કરવાનો પાયો એ છે કે માણસ પોતાની અકલે સલીમ ને સલામત રાખે, એટલું જ નહીં, તેને સુરક્ષિત રાખી તેમા વૃધ્ધિ પણ કરતો રહે, જો અકલ સલામત ન હોય, તો બધા અમલ બાતિલ છે. તેથી ઇસ્લામમાં અક્કલ ઉપર સીધે સીધી અસર થતી હોય તેવા દરેક કાર્યો કરવા ઉપર પ્રતિબંધ મુક્વામાં

આવ્યો છે. અને એવા કાર્યોમાં શરાબ પીવો, જુગાર રમો, બેવડી નીતિ અપનાવી અને જુઠું બોલવું એ મુખ્ય છે. આ કારણથી જ ઇસ્લામ જુઠ ઉપર આધારિત રાજકારણનો સખ્ત વિરોધ કરે છે. મસ્તી (નશો) અને જુઠ આ બે બાબતો એવી છે જે ઇન્સાનને ઇન્સાનીયતના ઉચ્ચ દરજ્જેથી ઉતારી પાડે છે. અને તેને પશુ કરતાંય બદતર બનાવી દે છે. એવો માણસ કદી મોટી જવાબદારી ઉઠાવી શક્તો નથી. શરાબીને કોઈ મોટા કામમાં

સફળતા મળવી ખૂબ જ મુશ્કેલ રહે છે. જો તે કોઈ કામ કરવાનો નિશ્ચય કરે, તો તેનો નિશ્ચય લાંબો સમય ટક્તો નથી. કામ જેટલું મોટુ અને અગત્યનું હશે તેટલું જ શરાબી માટે તે પાર પાડવું અઘરૂં અને મુશ્કેલ બનશે. જો ઇસ્લામના બીજા કાનુનોની મસ્લેહત જાહેર ન થતી હોય, તો પણ ઇસ્લામે અકલ અને વ્યક્તિની જે તરફેણ કરી છે તેની ગર્વ લેવા એ પુરતી વાત છે.

કુરઆને મીજીદમાં કત્લ, શરઈ કાઝી પાસે ગવાહી છુપાવવી અને તહોમત જેવા ગુનાહને “ઇસ્મ” કહેવામાં આવેલ છે. જયારે કત્લ જો ગુનાહને પણ “ઇસ્મે કબીર” કહેવામાં આવ્યા નથી. પરંતુ તે ફક્ત શરાબ અને જુગારને કહેવામાં આવેલ છે. (ફુલ ફીહે.માં ઇસ્મુન કબીર) આમ શરાબ પીવો એ ગુનાહે કબીરા હોવામાં શંકાને સ્થાન રહેતુંં નથી.

ફમનાફેઓ લિન્નાસે (અને શરાબ અને જુગારમાં લોકો માટે થોડો ફાયદો પણ છે.)

આયતના આ ટુકડાનો અર્થ એ છે કે તેના ખરીદ વેચાણ અને તેને બનાવવવામાં થોડો આર્થિક (માંલી) ફાયદો પણ મળે છે. ભોગ વિલાસી લોકોમા શૈતાની કાર્યોને લીધે ગાંડપણ પૈદા થાય છે. શરાબથી ક્ષણિક આનંદ પ્રાપ્ત થાય છે. પરંતુ જુગારની જેમ શરાબમાં પણ ફાયદો ઓછો અને નુકસાન વધારે થાય છે. આ બંને ગુનાહથી દુનિયાના નુકસાન કરતા આખેરતનું નુકસાન વધારે થાય છે. સૂ. માંએદાહમાં ઇરશાદ છે.

“અય ઈમાનદારો શરાબ, જુગાર અને સ્થાપિત કરેલ મૂર્તિઓ (સામે કરવામાં આવતી કુરબાની) તથા બાણ પર લેવાતી સોરટી એ શૈતાનના નાપાક કાર્યો માહેના (કાર્યો઼ છે. માટે તમે તેનાથી બચતા રહો કે કદાચને તમે સફળતા મેળવો.” (૫-૯૦)

“એ સિવાય બીજુ કાંઈ જ નથી કે શૈતાન તમારી વચ્ચે શરાબ તથા જુગાર વડે શ્રુતા તથા દવેષ નાખતા અટકાવે છે, તો પણ શું તમે (તેને અનુસરતા) અટકશો નહીં.” (૫-૯૧)

“અને અલ્લાહની આજ્ઞા માનતા રહો તથા રસૂલની પણ આજ્ઞા માનતા રહો અને (નાફરમાનીથી) સાવચેત રહો, પછી જો તમે મોઢું ફેરવી લેશો તો સમજી લો કે અમારા રસૂલના માંથે તો માત્ર (અમાંર) સંદેશો સ્પષ્ટ કરીને પહોંચાડી દેવાનું જ છે.” (૫-૯૨)

ઉપરની છેલ્લી બે આયતથી શરાબ અને જુગાર હરામ હોવાની વાતની કેટલીક રીતે તાકીદ કરવામાં આવી છે જે નીચે મુજબ છે.

(૧) પહેલી આયતમાં ‘ઇન્નમાં’ શબ્દ તાકીદ અને ભારપૂર્વક રજુઆત કરવા માટે વાપરવામાં આવ્યો છે.

(૨) શરાબનો ઉલ્લેખ બૂત પરસ્તી (મુર્તિપૂજા) ની સાથે કરવામાં આવ્યો છે. જેથી સ્પષ્ટ થાય છે કે શરાબ પીવો એ બૂત પરસ્તી જેટલું જ ખરાબ કામ છે.

(3) શરાબ પીવાને જુગાર રમવાની જેમ જ શૈતાનનું કામ ગણવામાં આવ્યું છે.

(૪) શરાબથી બચવાનો હુકમ સ્પષ્ટ રીતે સાફ શબ્દોમાં મુક્તિ પામવાનો માર્ગ પણ

કહેવામાં આવ્યો છે. (લઅલ્લકુમ તુફલેહુન)

(૬) શરાબ પીવાથી થતાં નુકસાનમાં અદાવત, દવેષ અને નમાઝ તથા તમામ પ્રકારના ઝિક્રે ખુદાથી દૂર રહેવા જેવા ગુનાહનું વર્ણન પણ કરવામાં આવ્યું છે.

(૭) પછી એ પ્રશ્ન કરવામાં આવ્યો છે કે (આટલા બધા નુકસાન જાણ્યા પછી પણ) હવે તમે આવા ખરાબ કામથી બચશો કે નહીં ? (ફહલ અન્તુમ મુન્તહૂન)

(૮) આટલી બધી તાકીદ કરવા પછી હુકમ થાય છે કે ખુદાની ઇબાદત કરો, રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ઇતાઅત કરો, ખુદાની નાફરમાની કરવાથી ડરો અને જાણી લો કે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું કામ ફક્ત હિદાયત પહોંચાડવાનું અને ફરજ બજાવવાનું છે.

તફસીરૂલ મીઝાનમાં લખ્યું છે કે શબદ કોષ (ડીક્ષનરી) ના શાબ્દિક અર્થ મુજબ શરાબ દરેક એ પ્રવાહી ચમકતી વસ્તુને

કહેવાય છે જેના ખાવા પીવાના કારણે નશો ચડે. જુના જમાનામાં અરબ લોકો ાક્ષ, જવ અને ખજૂરમાંથી દારૂ બનાવતા હતા, પરંતુ ધીમે ધીમે સમજ જતા તેના કેટલાય પ્રકાર થઈ ગયા, એવા કેટલાય કેફી પદાર્થ બનાવવા લાગ્યા છે, જે બધા પ્રકારની શરાબ પીવાથી મસ્તી પૈદા થાય છે. અને બધાની અસર વિવિધ પ્રકારની થતી હોય છે, પરંતુ તે દરેક પ્રકારની શરાબની અસર ભલે ગમે તેટલી ઓછી થતી હોય તે શરાબ જ ગણાય છે. અને

“રિજસ” શબ્દનો અર્થ દરેક પ્રકારની ગંદકી એવો થાય છે. અને ઉપરની આયતમાં શરાબનો અર્થ રિજસ અથવા ગંદકી કરવામાં આવ્યો છે. માનવ પ્રકૃતિ શરબ પીવા તરફ પ્રેરાતી નથી અને સ્વાભાવિક રીતે સામાંન્ય લોકો શરાબ પીવાનું પસંદ કરતા નથી. શૈતાનીયત માણસને ગંદા કામ કરવા અને ગંદી વસ્તુનો ઉપયોગ કરવા પ્રેરે છે. શૈતાન ઉલટા સુલટા વિચારો પૈદા કરીને માણસને ગુમરાહ કરે છે કે આનાથી (ફક્ત) કૈફ અને માંથાનો

દુ:ખાવો થશે. પણ કુરઆને મજીદની આયત સ્પષ્ટ કરી છે કે, આમ કરવા પાછળનો શૈતાનનો હેતુ લોકો વચ્ચે અદાવત, દુશ્મની અને દવેષ પૈદા કરવાનો હોય છે. શૈતાનનો હેતુ લોકો વચ્ચે અદાવત, દુશ્મની અને દવેષ પૈદા કરવાનો હોય છે. શૈતાન શરાબ, જુગાર અને બુત પરસ્તી દ્વારા માણસને ઝીક્રે ખુદા કરવાથી અને નમાઝ પડવાથી અટકાવે છે. દુશ્મની અને ગુસ્સાને આ આયતમાં ફક્ત શરાબ અને જુગારની અસર દર્શાવેલ

છે. ખરો અર્થ એ છે કે દુશ્મની અને ગુસ્સાનું સૌથી મોટું કારણ એ છે શરાબ પીવાને લીધે શરાબી પોતાના શરીરના અવયવોને કાબુમાં રાખી શક્તો નથી. તેની અકલ કામ કરતી નથી. અને તે ગાંડપણની અસર નીચે જે કાંઈ કૃત્ય કરી બેસે છે તેના ખરાબ પિરણામો આવે છે. શરાબી શરાબના નશામાં એવા એવા ગુનાહ કરી બેસે છે જે ગુનાહ જંગલના પ્રાણીઓ પણ કરતા નથી. શરાબના નશામાં માણસને દરેક ખરાબ વાત સારી

લાગતી હોય છે. બીજા લોકોની ઇઝઝત અને દોલત પર હુમલો કરી લાજ લુંટવાનું સારૂં લાગે છે. નશાની હાલતમાં માણસ એટલો બધો હલકો થઈ જાય છે કે તેને સમાજની કોઈ મર્યાદાઓનું ભાન રહેતું નથી. એટલું જ નહીં તે મઝહબ અને એઅતેકાદની વિરૂધ્ધ પણ એલફેલ બક્વા માંડે છે. શરાબના નશામાં માણસ એટલી હદે પાશવી બની જાય છે કે તે પોતાની બહેન અને દિકરીઓને માત્ર સ્ત્રી તરીકે જુવે છે અને તે તેની સાથે પણ બદકારી

કરી બેસે છે. નશાની હાલતમાં શરાબીની જીભ કાબુમાં રહેતી નથી. અને તે ખૂબજ ગુપ્ત રહસ્યોને પણ ઓકી નાખે છે. આ વાત ક્યારેક ભયંકર પરિણામ લાવે છે.

સૂ. અઅરાફમાં ઇરશાદ છે : “અય રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) તું (સાફ) કહી દે, કે પરવરદિગારે તો તમામ બદકારીઓ (તમારા નિર્લજપણાના કાર્યો) તે જાહેર હોય કે છુપા અને ગુનાહ અને નાહક અતિરેક (ઝુલ્મ) કરવાને હરામ ગણાવેલ છે. અને તે વાતને પણ હરામ

ઠરાવેલ છે કે તમે (કોઈને) ખુદાનો શરીક બનાવો, જેના વિશે તેણે કોઈ દલીલ નાઝિલ ફરમાવી નથી અને એ વાતને પણ કે તમે એવું બોલી નાખો કે જે તમે જાણતા ન હો.” (૭-૩૩)

“ફવાશ” શબ્દો ફાહેશહનું બહુવન છે. જેનો ર્અ છે અત્યાધિક દુષ્ટ અને ખરાબ કામ. કુરઆને મજીદમાં ઝીના, લાવાત, અને કઝફ, (ઝીના કે લાવાતનું તહોમત મૂકવા) ને ફાહેશહ ગણાવવામાં આવેલ છે. ફાહેશહના બે પ્રકાર છે. એક જાહેરી ફાહેશહ

એટલે ખુલ્લમ ખુલ્લા ગુનાહ કરવા અને બીજા છુપાઈને ગુનાહ કરીને અનૈતિક સંબંધ બાંધવા, અને જ્યાં સુધી ઇસ્મનો સંબંધ છે, તો તેનો અર્થ પણ ગુનાહનો જ છે. અને કુરઆને મજીદમાં શરાબ પીવા અને જુગાર રમવાને ગુનાહે કબીરા (ઇસ્મે કબીર) ના નામથી ઓળખાવેલ છે.

કિતાબે કાફીમાં અલી બિન યક્તીનની રિવાયત છે : અબ્બાસી બાદશાહ મહદીએ હઝરત ઈમામ મૂસા કાઝિમ અલયહિસ્સલામે શરાબ વિશે પૂછયું :

“શું ખુદાએ તઆલાની કિતાબ કુરઆનમાં શરાબને હરામ ગણવામંા આવેલ છે ? લોકો એ તો જાણે છે કે શરાબ પીવા પર પ્રતિબંધ છે, પણ શરાબ પીવો હરામ છે એ નથી જાણતા.”

ઈમામ મૂસા કાઝિમ અલયહિસ્સલામે તેને જવાબ આપ્યો : “શરાબ ખુદાએ તઆલાની કિતાબમાં હરામ ગણાવવામાં આવેલ છે.”

મહદીએ હઝરત ઈમામ મૂસા કાઝિમ અલયહિસ્સલામે પૂછયું : અય અબુલ

હસન અલય્હિસ્સલામ, કિતાબે ખુદામાં કઈ જગ્યાએ તેને હરામ ગણાવેલ છે ?

ઈમામ અલયહિસ્સલામે ફરમાવ્યું : ખુદાવંદે તઆલાનો આ કૌલ છે.

“કુલ ઇન્નમાં હર્રમ રબ્બેયલ ફવાહેશ માં ઝહર મિન્હા વમાં બતન વલ ઇસ્મ વલ બગ્ય બે ગયિરલ હક્કે.......” (૭-૩૩)

“અય રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ તું (સાફ) કહી દે કે પરવરદિગારે તો તમામ બદકારીઓ (તમામ નિર્લજપણાના કાર્યો) તે જાહેર

હોય કે છુપા, અને ગુનાહ નાહક અતિરેક (ઝુલ્મ) કરવાને હરામ ઠરાવેલ છે.”

પછી ઈમામ અલયહિસ્સલામે ફમાંવ્યું : જ્યાં સુધી ‘માં ઝહર મિન્હા’ (જાહેરી બદકારીનો સંબંધ) છે, તો તેનો અર્થ ખુલ્લમ ખુલ્લા ઝીના કરવા અને ઘરોમાં ઝીનાના ર્અા (વેશ્યાવેડા) ની નિશાની રૂપે ઝંડા (વાવટા) ફરકાવવા છે. (જે રીતે અજ્ઞાનતાનાં યુગમાં બદકારી કરનાર બદકારીની જગ્યાએ નિશાની રૂપે આવા ઝંડા (વેશ્યાઘર ઉપર) ફરકાવતા હતાં.)

ત્યાર બાદ ઈમામ અલયહિસ્સલામે ફરમાવ્યું : જ્યાં સુધી ‘વમાં બતન’ (બાતેની) છુપી બદકારીઓનો સંબંધ છે, તેનો અર્થ એ છે કે લોકો તેમના પિતાની પત્નિઓ (સાવકી માં) સાથે નિકાહ ન કરે. નબીએ કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની બઅેસત અને તેઓ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના રસૂલ બનવા પહેલા લોકો પોતાના પિતાના અવસાન પછી પોતાની સાવકી

માં સાથે શાદી કરી લેતા હતા. ખુદાવંદે તઆલાએ તે કામને હરામ ઠેરવ્યું.

હઝરત ઈમામ મૂસા કાઝિમ અલયહિસ્સલામે ફરમાંવયું : “ઇસ્મ શબ્દનો સંબંધ છે ત્યાં સુધી તેનો અર્થ શરાબ થાય છે.” અન્ય એક જગ્યાએ ખુદાવંદે તઆલાનો ઇરશાદ છે : “લોકો તને શરાબ જુગાર વિશે પૂછે તો એ લોકોને કહી દે કે બન્નેમાં મોટા ઇસ્મ (ગુનાહ) છે અને લોકો માટે કંઈક ફાયદો પણ છે. અલબત તેના

ફાયદા કરતાં તેના ઇસ્મ (નુકસાન) વધારે છે."(૨-૨૧૯)

ઉપરની હદીસમાં ઈમામ અલયહિસ્સલામે પહેલા બે આયત રજૂ કરી છે. જેમાં 'ઇસ્મ' ગણાવેલ છે. આનાથી સાબિત થાય છે કે 'ઇસ્મ' હરામ છે. અને શરાબ પણ એક 'ઇસ્મ' છે. તેથી શરાબ પણ હરામ છે.

## એહલેબૈત અલય્હેમુસ્સલામની રિવાયતમાં શરાબખોરીનો ઉલ્લેખ

શરાબની મઝિમ્મતમાં જે હદીસો મળે છે તેની સંખ્યા ઘણી છે. જેમકે હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામનો ઇરશાદ છે :

“કયામતના દિવસે શરાબી એ હાલમાં આવશે કે તેનો ચહેરો કાળો હશે, તેની જીભ (મોઢાની) બહાર લટકતી હશે અને તેનું થૂંક તેની છાતી પર વહેતું હશે.” (વસાએલુશ્શીઆ)

બીજી એક રિવાયત મુજબ ઈમામ અલયહિસ્સલામે આ પ્રમાંણે ફરમાવ્યું : તે ‘અલ અતશ - અલ અતશ’ ની બુમો પાડતો હશે. અને ખુદાવંદે તઆલાને એ હક રહેશે કે તેને એવા કુવામાંથી પ્રવાહી પીવડાવે જેમાં ઝીનાકાર લોકોનો ગંદો પદાર્થ નાખવામાં આવેલો હોય. (વસાએલુશ્શીઆ, હરામ હસ્તુઓ પીવાનું પ્રકરણ નં ૯)

બીજી એક હદીસમાં હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો ઇરશાદ છે કે :

“ખુદાની કસમ, જે માણસ નમાઝ પડવામાં બેદરકારી કરશે, તે મારી શફાઅતથી વંચિત રહેશે. અને મારી પાસે તે હૌઝે ક્વસર સુધી પહોંશી નહીં શકે. અને ખુદાની કસમ, જે માણસ નશાકારણ વસ્તુઓ પીશે તેના સુધી પણ મારી શફાઅત નહીં પહોંચે. અને તે પણ મારી પાસે હૌઝે ક્વસર સુધી પહોંચી નહીં શકે.”

(વસાએલુશ્શીઆ, હરામ વસ્તુઓ પીવાનું પ્રકરણ નં ૯)

બીજી એક રિવાયતમાં છે કે :

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે શરાબ વિશે દસ પ્રકારના લોકો ઉપર લાનત કરી છે.

(૧) એ માણસ જે શરાબ બનાવવાની નિય્યતથી છોડ વાવે.

(૨) જે શરાબ બનાવવા માટે છોડને ઉછેરે.

(3) જે શરાબ બનાવવા માટે ◌ાક્ષને મસળે કે છુંદે.

(૪) શરાબને પીનાર

(૫) સાકી બનનાર, એટલે કે શરાબને જામ કે પ્યાલામાં ભરનાર

(૬) શરાબની હેરફેર (ટ્રાન્સપોર્ટ) કરનારા.

(૭) શરાબ લાવનાર પાસેથી શરાબ મેળવનાર.

(૮) શરાબ વેચનાર.

(૯) શરાબ ખરીદનાર.

(૧૦) શરાબ દ્વારા મળતી કમાંણી ખાનાર. (વસાએલુશ્શીઆ, કિતાબુત તિજારત, પ્રકરણ ૪)

ઉપરના દસ પ્રકારના લોકો ઉપર હુઝુર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે લાનત કરી છે.

શરાબી જયારે ખુદા સાથે મુલાકાત કરશે ત્યારે તે કોઈ બૂત પરસ્ત (મૂર્તિપૂજક) ની જેમ ખુદા સાથે મુલાકાત કરશે.

બીજી એક રિવાયતમાં છે કે શરાબ પીવાની ટેવવાળો માણસ ખુદા સાથે મુલકાત કરવાના (કયામતના) દિવસે કાફિર તરીકે પુન : જીવીત થશે.

બીજી એક રિવાયતમાં છે કે હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : શરાબખોરી દરેક ગુનાહો માટે કારણરૂપ બને છે. (વસાએલુશ્શીઆ, હરામ વસ્તુઓ પીવાનું પ્રકરણમાં બાબ - ૧૨, પાના નં ૩૧૮)

## શરાબ તમામ બૂરાઈઓનું મૂળ

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે : “શરાબ ખોરી (અથવા કોઈ પણ કેફી વસ્તુઓના

ઉપયોગ) થી ખુદાની નાફરમાની સૌથી વધુ પ્રમાણમાં થાય છે.”

“શરાબ પીનારો માણસ વાજીબ નમાઝ છોડી દે છે. અને પોતાની માતા, બહેન અને દિકરી સાથે નશાની હાલતમાં ઝીના કરી બેસે છે. અને તેની અક્કલ નશાની હાલતમાં ચાલી જતી હોય છે.” (વસાએલુશ્શીઆ, હરામ ચીજો પીવાના પ્રકરણમાં, નં ૧૨)

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : “બેશક જે

માણસ શરાબનો એક ઘૂંટ પણ પીવે છે તો તેજ વખતે ખુદાએ તઆલા ફરિશ્તાઓ, ખુદાના અંબિયાઓ અને મુકર્રબ મોઅમીન તેની ઉપર લાનત મોકલે છે.

જયારે તે એટલો શરાબ પી લે છે કે તેને નશો ચડી જાય તો તેના શરીરમાંથી ઈમાનની રૂહ ચાલી જાય છે. અને તેની જગ્યા એક ગંદી શૈતાની અને લાનતને પાત્ર રૂહ લઈ લે છે.

પછી જયારે તે માણસ નમાઝ છોડી દે છે, તો ફરિશ્તાઓ તેને ધમકાવે છે અને

ખુદાએ તઆલા તેને કહે છે કે અય મારા બંદા, તે કુફ્ર ઇખ્તયાર કરી લીધું અને ફરિશ્તાઓ તને ધમકાવવા લાગ્યા છે. અય મારા બંદા, તારૂં ખરાબ થાય.

પછી હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : "ખરાબ થયું, બિલ્કુલ એ રીતે જે બુરાઈ હોય છે. ખુદાની કસમ, ખુદાએ જલીલની એક પલ ભરની ધમકી એક હજાર વર્ષના અઝાબથી વધારે સખ્ત હોય છે."

“એવા લોકો એટલા બધા મલઉન (લાનત - ધિક્કારને પાત્ર) હોય છે કે જે કોઈ જગ્યાએ આશરો (કે શરણ) શોધવા જશે ત્યાં જ તેનો અંત આવી જશે. મલઉન છે, મલઉન છે એ માણસ જેણે ખુદાના હુકમ ઉપર પાલન કરવાનું છોડી દીધું, એવો માણસ જો ખુદાના જલાલ (પ્રભાવ) અને ખુદાના ગઝબથી બચવા માટે રણમાં શરણું શોધશે તો રણ પણ તેનો નાશ કરી નાખશે. અને સમુ દ્વારા ભાગવા મંડશે તો ખુદાનો ગઝબ જોઈ સમુ પણ એટલો બધો

ગઝબનાક થશે કે તેને ડુબાડી દેશે." (ફરોગે કાફી, હદીસ ૧૬)

ફરોગે કાફીમાં જ હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની રિવાયત છે કે :

"બેશક દુનિયામાં નશાકારક વસ્તુઓ (કેફી વ્યો) વધુ પ્રમાણમાં પીનાર તરસ્યા મરશે, તરસ્યા પુન : જીવિત થશે, અને એ જ હાલતમાં (તરસ્યા) જહન્નમમાં દાખલ થશે." (હદીસ નં ૧૭)

**શરાબી ખુદાથી ડરતો નથી.**

હઝરત અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલય્હિસ્સલામને પૂછવામાં આવ્યું : “શું આપ શરાબખોરીને ઝીના અને ચોરી કરવા કરતાં પણ વધારે ખરાબ કામ ગણો છો ?”

ઈમામ અલયહિસ્સલામે ફરમાવ્યું : “હા, શક્ય છે કે ઝીના કરનારો માણસ (ઝીના સિવાય) બીજા કોઈ ગુનાહ ન કરતો હોય, પરંતુ શરાબી જયારે શરાબ પીને નશામાં આવે ત્યારે ઝીના અને ચોરી પણ કરી બેસે

છે, ખુદાએ જે કામને હરામ ઠેરવ્યું છે તે કરી બેસે છે, અને નમાઝ પડવાનું છોડી દે છે.” (ફરોગે કાફી, શરાબ પીવાના પ્રકરણમાં, પ્રકરણ નં ૮) અને એ રીતે સમાજમાં ખરાબી પૈદા કરે છે.

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામથી રિવાયત છે કે :

જે કોઈ શરાબને હલાલ સમજીને પીશે તે હંમેશા જહન્નકમમાં રહેશે, અને જે કોઈ હરામ સમજીને પીશે તો તે પણ જહન્નમનો

અઝાબ ચાખશે. (વસાએલુશ્શીઆ, પીવાની વસ્તુઓના પ્રકરણમાં, પ્રકરણ નં ૧૩)

હઝરત ઈમામ અલી રઝા અલયહિસ્સલામે ફરમાવ્યું :

“નશાકારક વસ્તુઓ પીનારો હકીકતમાં કાફર છે.”

દુનિયાના તમામ ધર્મ અને પંથમાં શરાબને હરામ ગણવામાં આવેલ છે અને બધા તેને હરામ સમજે છે.હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે કે :

ખુદા સારી રીતે જાણે છે કે ખુદાએ એવા કોઈ પયગમ્બરને નથી મોકલ્યા જેણે પોતાના દીનને શરાબને હરામ ઠેરવીને સંપૂર્ણ ન કર્યો હોય, પ્રારંભથી અત્યાર સુધી (દરેક યુગમાં) શરાબને હરામ જ ગવણામાં આવેલ છે. (ફરોગે કાફી, શરાબ વિશેનું પ્રકરણ)

વર્તનમાન યુગમાં તૌરેત અને ઇન્જીલમાં ઘણા બધા ફેરફાર અને મનઘડત સુધારા વધારા કરવામાં આવ્યા છે. છતાં, તે બન્ને કિતાબોમાં શરાબ પીવાની મનાઈ જોવા

મળે છે. જે હઝરત સુલૈમાનના દાખલાઓથી અસ્હા નંબર ૨૩, આયત નં ૨૦ માં લખ્યું છે કે
શરાબખોરીમાં કદી ન જોડાવ. આયત નં ૩૯ માં છે. “કોના દુર્ભાગ્ય છે ? શેના માટે લડાઈ ઝઘડા છે ? સંતાપ અને વિટંબણાના કારણ શું છે ? કોઈ પણ કારણ વગર ઝખ્મી કેમ થવાય છે ? આંખો શાનેથી લાલ બને છે ? અર્થાત નશાની હાલતમાં માણસ પોતાની જાતને કે બીજાને ઇજા પહોંચાડી બેસે છે. કોઈનું ખૂન

કરી નાખે છે. અથવા તેનાથી બીજી કોઈ બદકારી થઈ જાય છે. આ બધી ખરાબી અને બદબખ્તી એવા લોકો માટે છે જે શરાબ પીવે છે.”

જયારે શરાબ લાલ રંગી હોય તો જામમાં તે પોતાની હયાતીનો રંગ પ્રદર્શિત કરે છે. શરાબ શુધ્ધ અને હલકો હોય તો પણ તેની ઉપર દ્રષ્ટિ ન નાંખ, છેવટે તે તમને સાંપની જેમ ડંખ માંરશે અને કાળા સાંપ જેવી બની જશે.

અસ્હા નં ૨૧ માં શરાબખોરીની સજાનો ઉલ્લેખ આ પ્રમાંણં કરવામાં આવ્યો છે. “શહેરના વડીલોને કહો કે અમાંરો આ પુત્ર ોહી અને ઉધ્ધત બની ગયો છે. અમારી વાત પર ધ્યાન આપતો નથી. વધારે પ્રમાણમાં (ખાણું) ખાય છે અને શરાબ પીવે છે. તેથી શહેરના તમામ લોકો તેને પત્થર મારીને ‘સંગસાર’ કરે જેથી તે મરી જાય.”

“પોલ્સ બાહલ અફસ” નામની કિતાબના પાંચમાં પ્રકરણની આયત નં ૧૮ માં

લખ્યું છે કે "શરાબમાં મસ્ત ન થઈ જાવ, કારણ કે તેમા ફસાદ (ઉપવ) છે."

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે કે :

"શરાબ તમામ ગુનાહોની માતા છે. શરાબ તેને પીનારાને દરેક પ્રકારના નુકસાન તરફ ખેંચી જાય છે. શરાબીની અકલ નાશ પામે છે. પછી તેની હાલત એવી થઈ જાય છે કે નશાની હાલતમાં તે પોતાના ખુદાને સુધ્ધાં ઓળખતો નથી. અને તેને જે કોઈ ગુનાહ સુઝે છે તે કરી નાખે છે. શરાબી

પરહેઝગારી વિરૂધ્ધના કાર્યોથી અને ચારિત્ર ખંડીત થાય તેવા કાર્યોથી પણ બચતો નથી.”

ઉપરની વિગતોથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે શરાબ એ માત્ર કુરઆન અને સુન્નતતનાં પ્રકાશમાં હરામ છે એટલું જ નહીં પણ ગુનાહે કબીરા છે અને જરૂરિયાતે દીનમાં એ વાત શામિલ છે કે શરાબ હરામ છે. એન જે કોઈ મુસલમાન શરાબને હલાલ સમજતો હોય તો તે કાફર થઈ જાય છે.

શરાબ સંપૂર્ણ રીતે હરામ છે.

"(કોઈપણ) વસ્તુથી વધારે નશો ચડતો હોય કે ઓછો, તે પીવી હરામ છે."

આમાં એલ.એસ.ડી. કે ડ્રગ્ઝનો પણ સમાંવેશ થઈ જાય છે.

એક માણસે ઈમામ અલયહિસ્સલામે કહ્યું : હું તો તેમા પાણી ભેળવીને તેને હલ્કો (લાઈટ) કરી નાખું છું.

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : નહીં, પાણી ભેળવવાથી હરામ વસ્તુ હલાલ બની જતી

નથી. ખુદાથી ડરો અને તે (શરાબ) ન પીવો. (મુસ્તનદુશ્શીઆ, ખાવા પીવાની વસ્તુઓનું પ્રકરણ)

ઉમર બિન હન્ઝલહ કહ છે કે તેમણે હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે પૂછયું : જો શરાબમાં એટલું બધું પાણી ઉમેરવા (ભેળવવા) માં આવે કે તેનાથી નશો ન ચડે, તો તેમા શું વાંધો છે ? ઈમામ અલયહિસ્સલામે જવાબ આપ્યો :

“નહીં ખુદાની કસમ, પાણીના ભરેલા કુવામાં શરાબનું એક ટીપું ટપકાવી દેવામાં આવે તો (તે કુવાનું પાણી પીવું) જાએઝ નથી. પણ આખા કુવાનું પાણી કાઢીને તે કુવો ખાલી કરી નાખવો પડશે.” (ફરોગે કાફી)

ઇબ્ને વહબે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત નોંધી છે :

“બધી નશાકારક વસ્તુઓ (કેફી વ્યો) હરામ છે. જે વસ્તુ વધારે પ્રમાણમાં લેવાતી નશો

ચડતો હોય તે વસ્તુને ફક્ત થોડા પ્રમાણમાં લેવી પણ હરામ છે.”

રાવી કહે છે કે મેં ઈમામ અલયહિસ્સલામે પૂછયું : શું તે જ વસ્તુનું ફક્ત થોડું પ્રમાણ બહુ વધારે પાણી સાથે ભેળવીને લેવાથી હલાલ થઈ જશે ? ઈમામ અલયહિસ્સલામે નહીં નહીં કહેતા બે વખત હાથ હલાવ્યા. (ફરોગે કાફી)

એ વસ્તુ થોડી હોય કે વધારે હરામ રહે છે. શરાબ જેવા જેરનું ભલે એક ટીપું પણ શરીરમાં જાય, તો પણ તે અસર કરે છે.

શુધ્ધ પાણીના ભરેલા મોટા હોજમાં લાલ રંગના પાણીની થોડી બાલદી ભરીને નાખવામાં આવે તો તેનાથી હોજ રંગીન થઈ જાય છે. પરંતુ શુધ્ધ પાણીથી ભરેલા હોજમાં એક ગ્લાસ ભરીને શાહી નાખવામાં આવે તો જાહેરી રીતે તેમા કોઈ ફેરફાર થતો નથી. તો શું કોઈ એમ કહી શકે ખરૂં કે હોજમાં શાહીની અસર નથી થઈ ? જી ના, જો તમે હોજનું પાણી ગરમ કરીને ઉડાડી દો, તો તેમા એક ગ્લાસ શાહીના કણો નજરે પડશે. શરાબનું પણ એવું જ

છે. બેશક, શરાબનું એક ટીપું પણ શરીરમાં જાય તો તે નુકસાન પહોંચાડે છે. ભલે તેની અસર તાત્કાલિક દેખાય કે અમુક સમય પછી દેખાય. માણસ એક એક ટીપું કરીને શરાબ પીવાનું શરૂ કરી દે તો ધીમે ધીમે શરાબની તલપ વધતી જાય છે. પછી તેની હાલત કાયમ દારૂ પીનારની જેવી થઈ જાય છે કે તે છોડવા માંગે, તો પણ શરાબ છોડી શક્તો નથી. પાણીનું એક ટીપું સતત કોઈ પથ્થર પર પડતું રહે, તો પથ્થરમાં ખાડો પડી જાય છે. એવું

જ શરાબ પીવાની ટેવનું છે. શરાબીના મૂત્રપીંડ અથવા ગુર્દા ઉપર તેની કંઈને કંઈ ખરાબ અસર પડતી રહે છે. આમ શરાબ એ એક પ્રકારનું ઝેર છે. શરાબ થોડી હોય કે વધારે તે ઝેર અને નુકસાનકર્તા છે. અલબત્ત, જયારે શરાબ બનેલી ન હોય અને તે ાક્ષ કીશ્મીશ, કે ખજૂરના સ્વરૂપમાં હોય તો ત્યાં સુધી તે એક સારી વસ્તુ છે, પરંતુ તેનો શરાબ બની જતા તે ખરાબ અને નુકસાનકારક બની જાય છે.

## નશાકારક પ્રવાહી વસ્તુઓ

નશાકારક વસ્તુઓ તેની અસલીયતની રીતે પ્રવાહી અને વહેવાવાળી (તરલ) વસ્તુ હોય, તો તે હરામ હોવા ઉપરાંત નજીસ પણ છે. પરંતુ નશાકારક વસ્તુઓ સામાંન્ય રીતે નક્કર (ઘન) પદાર્થમાં મળતી હોય અને અફીણ તથા ભાંગની જેવી હોય, તો નજીસ નથી, પણ તેનો ઉપયોગ કરવો શરાબની જેમ હરામ જ છે.

## બાળકોને શરાબ પીવડાવવો

બીજા કોઈને શરાબ પીવડાવવો પણ હરામ છે. ભલે તે નાનો માસુમ બાળક કેમ ન હોય. આ બારામાં મુસ્તનદ્રશીઆમાં ત્રણ હદીસ નોંધવામાં આવી છે. જેનો સારાંશ એ છે કે જે કોઈ નાના બાળકને (પણ) શરાબ પીવડાવશે, તો ખુદાવંદે આલમ તેને તેટલા પ્રમાણમાં જહન્નમનું ઉકળતું પાણી પીવડાવશે.

## દસ્તરખાન ઉપર (જમવાની વાનગી સાથે) શરાબ

જો દસ્તરખાન (સુફરા, ડાયનીંગ ટેબલ કે જમવાની પંગત) ઉપર શરાબ મૌજૂદ હોય અને કોઈ તે પી રહ્યું હોય, તો તે જગ્યાએ બેસીને જમવું હરામ છે. ભલે પછી ત્યાં જમનારા શરાબને હાથ પણ ન લગાડે. હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે કે પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

“જ્યાં શરાબ પીવાતો હોય એવા દસ્તરખાન ઉપર બેસનાર માણસ મલઉન છે, મલઉન છે.” (ધિક્કારને પાત્ર છે.) (વસાએલુશ્શીઆ)

એવી જ રીતે આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો ઇરશાદ છે : “જે માણસ ખુદા અને આખેરતના દિવસ ઉપર ઈમાન રાખતો હોય, તે એવા દસ્તરખાન ઉપર નથી જમતો જ્યાં શરાબ (પણ પીવા માટે) રાખવામાં આવી હોય.”

(મસાલિક શહીદે સાની, ખાવા પીવાના પ્રકરણમાં)

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામનું આ ફરમાન જુઓ :

“શરાબીઓ સાથે ન બેસો, કારણ કે જયારે (ખુદાની) લાનત નાઝિલ થાય ત્યારે શરાબીઓની મહેફીમાં તેની સાથે બેસનારને પણ પોતાની લપેટમાં લઈ લે છે.” (વસાએલુશ્શીઆ, પીવાની વસ્તુઓના પ્રકરણમાં, પ્રકરણ 33)

કેટલાક ઓલમાં ફરમાવે છે કે એવા દસ્તરખાન ઉપર બેસવું પણ હરામ છે જ્યાં બેઠેલા બીજા લોકો કોઈ હરામ કામ કરી રહ્યા હોય, દાખલા તરીકે કોઈ મુસલમાનની ગીબત કરી રહ્યા હોય, અથવા બીજા મુસલમાનને છેતરી રહ્યા હોય. નિસંશય જો એવી જગ્યાએ ન બેસવાથી ત્યાં થઈ રહેલા ગુનાહોમાં ફસાઈ જવાથી બચી શકાય તેમ હોય તો ત્યાં ન બેસવું વાજીબ અને બેસવું હરામ છે. તેવી જ રીતે ત્યાં ન બેસવાથી ત્યાં થતું હરામ

કામ અટકી શકે તેમ હોય તો પણ નહી અનિલ મુન્કર હિસાબે (ન બેસવું) વાજીબ થશે.

## શરાબ અને ઇલાજ

એહલેબૈત અલય્હેમુસ્સલામની કેટલીક રિવાયતથી જાણવા મળે છે કે શરાબનો ઉપયોગ ઇલાજ તરીકે કરવાની પણ મનાઈ છે. એટલું જ નહીં કોઈ પણ નશો ઉત્પન્નક કરે તેવી વસ્તુનો ઇલાજમાં ઉપયોગ કરવાની એહલેબૈત અલય્હેમુસ્સલામે મનાઈ ફરમાવી છે. કોઈ

પણ નશાકારક વસ્તુને બીમારી અથવા દર્દ દૂર કરવા માટે ઉપયોગ કરવાથી પરહેઝ કરવો જોઈએ. કારણ કે ખુદાવંદે આલમે કોઈ પણ નશીલી વસ્તુમાં શફા રાખી નથી અને મુજતહીદોમાં આ હુકમ મશહુર છે.

## ત્રણ શરતોથી ઇલાજ થઈ શકે

કેટલાક મુજતહિદોનું કહેવું છે કે અનિવાર્ય સંજોગોમાં જરૂર વખતે ત્રણ શરતો સાથે શરાબથી ઇલાજ થઈ શકે છે.

(૧) પહેલી શર્ત એ છે કે માણસ એ વાત જાણતો હોય કે તેનો રોગ સાધ્ય (ઉપચારથી મટી શકે તેવો) છે.

(૨) બીજી શર્ત એ છે કે જો શરાબી ઇલાજ કરવામાં ન આવે તો માણસ મરી જાય એમ હોય અથવા તો તેને ખૂબ જ (અસાધારણ પ્રમાણમાં) તકલીફ થાય તેમ હોય.

(૩) ત્રીજી શર્ત એ છે કે શરાબ સિવાય બીજી કોઈ પણ વસ્તુથી ઇલાજ શક્ય ન હોય.

આ ત્રણેય શરતો પૂરી થતી હોય તો જરૂરતના વખતે ફક્ત ઉપચાર તરીકે અને તે પણ રૂરી હોય તેટલા જ પ્રમાણમાં દર્દીને શરાબ પીવરાવી શકાય છે.

પરંતુ આગળ ઉલ્લેખ થઈ ચૂક્યો છે તે રીતે ખુદાવંદે તઆલાએ કોઈ હરામ વસ્તુમાં (બીમારીની) શફા રાખેલ નથી. તેથી એવો ખ્યાલ રાખવો ફક્ત એક તર્ક છે (કે શરાબથી ઉપચાર થઈ શકશે) અને તેનો હકીકત સાથે કશો જ સંબંધ નથી.

શરાબથી શફા (પુન : તંદુરસ્તી) મળતી નથી.

ઇબ્ને અલી યઅફૂરે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને અર્ઝ કરી કે હું એક બીમારીથી પીડાઉં છું અને જયારે મારી બીમારી વધી પડે છે ત્યારે હું થોડી ◌ાક્ષનો શરાબ પી લઉં છં, તેનાથી મારી તકલીફ દૂર થઈ જાય છે.

ઈમામ અલયહિસ્સલામે ફરમાવ્યું : શરાબ ન પીઓ, તે હરામ છે. એ તો શૈતાનની ચાલ છે જેથી તમને તે હરામ કામમાં

ફસાવી શકે. તમારા શરાબ ન પીવાથી શૈતાન નિરાશ થઈ જશે અને ચાલ્યો જશે. (વસાએલુશ્શીઆ, પીવાની વસ્તુઓનું પ્રકરણ)

ઈમામ અલય્હિસ્સલામની આ વાત સાંભળીને ઇબ્ને અલી યઅફૂર પોતાના વતન કુફા પાછો ચાલ્યો ગયો. ત્યાં પહોંચ્યા પછી તેને સખ્ત દર્દ થવા લાગ્યું. તેના ઘરના લોકો તેના માટે ાક્ષની શરાબ બનાવી લાવ્યા અને તે પીવાનો આગ્રહ કરવા લાગ્યા. ઇબ્ને અલી યઅફૂરે

કહ્યું : ખુદાની કસમ, હું આમાંથી એક ટીપું પણ નહીં પીઉં. તે કેટલાક દિવસ દર્દના લીધે બેચૈન રહ્યો, પછી આપ મેળે જ તેને દર્દ દૂર થઈ ગયું અને ત્યાર પછી જીવન ભર તેને તે દર્દ થયું નહીં.

## શરાબીનો અંતકાળ

અબૂ બસીર કહે છે કે ઉમ્મે ખાલીદ અબ્દીય્યહ હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં હાજર થઈ. તે જ વખતે અબૂ બસીર ઈમામ અલય્હિસ્સલામની ખિદમતમાં બેઠા હતા.

ઉમ્મે ખાલિદે અર્ઝ કરી : હું આપ ઉપર કુરબાન થાઉં, હું કયામતના દિવસે ખુદા તઆલાને કહીશ કે મને હઝરત જઅફર ઇબ્ને મોહમ્મદ અલય્હેમસ્સલામે જે પ્રમાંણે હુકમ આપ્યો તેમ મે કર્યું છે. તબીબોએ મને કહ્યું છે કે હું ાક્ષની શરાબથી લોટ ગુંદીને તેની રોટલી બનાવીને ખાઈશ, તો મારા દિલમાં સખ્ત દર્દ થાય છે તેનો ઉપચાર થઈ જશે. હું આપને પુછું છું કે શું હું એ પ્રમાંણે કરૂં ?

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ઉમ્મે ખાલિદને જવાબ આપ્યો :

“નહીં ખુદાની કસમ, હું તને શરાબનું એક ટીપું પીવાની પણ મંજુરી નહીં આપું, તેમાથી તું એક ટીપું પણ પીતી નહીં. નહીં તર જયારે તારી રૂહ અહીં (ઇમાંમે પોતાના ગળા તરફ ઇશારો કરીને કહ્યું) પહોંચશે, ત્યારે તને શરમીંદગી (પશ્ચાતાપ) થશે” પછી ઇમાંમે ઉમ્મે ખાલિદને ત્રણ વખત પૂછયું : શું તું વાત સમજી ગઈ ? ઉમ્મે

ખાલિદે જવાબ આપ્યો : જી હાં," (ફરોગે કાફી, પીવાની વસ્તુના પ્રકરણમાં)

કુઝૈલ ઇબ્ને અયાઝના એક શાગિર્દને મૌતનો સમય નઝદીક આવ્યો હતો. કુઝૈલ તેની પાસે આવીને પાંગતે બેસી ગયા અને તેની પાસે સૂ. યાસીનની તિલાવત કરવા લાગ્યા. શાર્ગિદે તેમના ઉસ્તાદને કહ્યું : કુરઆન ન પડો. કુઝૈલ મૌન થઈ ગયા. પછી પોતાના શાગિર્દને તલકીન પડાવવા લાગ્યા કે "લા એલાહ ઇલ્લલ્લાહ" કહો, શાગિર્દે કહ્યું હું એ કલમો નહીં પડું, કારણ

કે હું તેનાથી દૂર છું. તે શાગિર્દ એ જ હાલતમાં મરી ગયો. ફુઝૈલ ઇબ્ને અયાઝ આ બનાવથી ખૂબ જ ગમગીન થઈ ગયા. તેઓએ ખ્વાબમાં જોયું કે તેમનો શાગિર્દ અઝાબમાં ફસાએલો છે. તેઓએ તે શાગિર્દને પૂછયું "તું માંરો ખૂબ જ વિશ્વસનીય શાગિર્દ હતો. છતાં તુ ઈમાનથી વિમુખ થઈને મરણ પામ્યો. તેનું શું કારણ છે ? શાગિર્દે જવાબ આપ્યો : "તેના ત્રણ કારણ છે. (૧) પહેલું કારણ એ છે કે હું ચાડી - ચુગલી બહુ જ ખાતો હતો. (૨)

બીજું એ કે હું હસદ (ઇર્ષા) માં ફસાએલો રહેતો. (૩) ત્રીજું કારણ એ કે હું એક બીમારીથી પીડાતો હતો અને તબીબોએ મને તેના ઇલાજ માટે દર વર્ષ્ે એક જામ શરાબ પીવાની સલાહ આપી હતી. તબીબોએ એમ પણ કહ્યું હતું કે જો હું એ પ્રમાંણે નહીં કરૂં તો મારી બીમારી મટશે નહીં. તેથી દર વર્ષ્ે હું શરાબનો એક જામ પીતો હતો.” (સફીનતુલ બેહાર, આવૃતિ ૧, પાનું ૪૨૮)

હરામ વસ્તુઓમાં શફા ન હોવા બાબતનો ઉલ્લેખ ઘણી હદીસોમાં છે, તેથી શરાબમાં પણ શફા હોતી નથી. તેવી જ રીતે એવી દવા જેમાં નજીસ આલ્કોહોલ ભેળવેલ હોય તે ભલે પછી તેનું એક ટીપું ભળેલ હોય, તો પણ તેનાથી બચવું જોઈએ.

અંજુમને તબ્લીગાતે ઇસ્લામના સામયિકના પાના નં ૩૮૦ ઉપર નીચે મુજબનું લખાણ છે.

“આજે દુનિયામાં એવો એક પણ ડોકટર નથી જે શરાબને કોઈ પણ રીતે

ફાયદાકારક સમજતો હોય અને થોડા પ્રમાણમાં પણ શરાબ પીવાની રજા આપતો હોય. જો કોઈ ડોકટર દવા તરીકે શરાબ પીવાનું સુચવે, તો સમજી લેજો કે તેનું તબીબી જ્ઞાન અધુરૂં છે.”

સો વર્ષ પહેલા સુધી કેટલાક ડોકટરો અને તબીબો એમ સમજતા હતા કે શરાબ કેટલીક બીમારીઓના ઇલાજ માટે ફાયદાકારક છે. પરંતુ હાલમાં વૈજ્ઞાનિકોએ જાણી લીધું છે કે શરાબ બીમાંરના શરીરને કંઈ ફાયદો કરતું નથી. પરંતુ તેનાથી ઘણા

નુકસાન થાય છે. અને આલ્કોહોલના થોડા કણ લોહીમાં ભળીને લોહીના સફેદ કણો (શ્ર્વેતકણો) ને નકામા કરી દે છે.

લોહીના કેટલાક કણો સફેદ હોય છે, જે વાસ્તવમાં સુરક્ષાનું કામ કરતા હોય છે. શરીરમાં કોઈ બીમારી (ના જંતુઓ) પ્રવેશે તો તેની સામે શરીરનું રક્ષણ આ સફેદ કણો કરે છે .અને બહારના જંતુઓ ઉપર તે કાબુ મેળવી લે છે. એનો સારાંશ એ કે લોહીમાંના સફેદ કણ શરીરના સંરક્ષક (બોડીગાર્ડ) નું કામ કરે છે. પરંતુ શરાબ

એ સફેદ કણોને એટલા બધા નબળા પાડી દે છે કે તે બીમારીઓના જંતુઓ ઉપર કાબુ મેળવી શક્તા નથી. અને જો નવા સફેદ કણ પૈદા ન થયા કરે, તો માણસ મૌતના મુખમાં ધકેલાઈ જાય છે.

જો શરીરમાં રોગના લાખો જંતુઓ પ્રવેશી જાય અને શરીરમાં લોહીના સફેદ કણ સક્રીય હોય, તો તે બીમારીઓ ઉપ કાબુ મેળવી લે છે, અને બીમારીના જંતુને નિષ્ક્રીય કરી નાંખે છે. પરંતુ શરાબનું એક

નાનકડું બીંદુ પણ લોહીના સફેદ કણને નબળા બનાવી દે છે.

કેટલાક લોકોમા એવી માંન્યતા પ્રચલિત છે કે શરાબ પીવાથી ખોરાક ઝડપથી પચી જાય છે, પરંતુ આ વાત એક ભ્રામક પ્રચાર માત્ર જ છે. હકીકત તેનાથી ઉલ્ટી છે. શરાબ પીવાથી પાચનતંત્ર બગડી જાય છે. ખોરાક હોજરીમાં કડક થઈ જાય છે અને તેવો ખોરાક પચવાને લાયક રહેતો નથી. જો આપને પ્રયોગ કરવો હોય તો ગોશ્તના એક નરમ ટુકડા ઉપર શરાબ નાખશો તો

તે ચામડા જેવો (અને ચાવી ન શકાય તેવો) કડક થઈ જશે. આનાથી સાબિત થશે કે શરાબ પીનારના પેટમાં રહેલો ખોરાક પણ આટલો જ કડક થઈ જાય છે. શરીરની હોજરીમાં એવો પદાર્થ (કુદરતી રીતે પેદા થતો) હોય છે જે ખોરાકના પાચનમાં મદદરૂપ થાય છે, પરંતુ શરાબ એ પદાર્થનો નાશ કરી નાખે છે. જેના પરિણામે હોજરી (પેટ) ભારે થઈ જાય છે. અને ખરાબ થવા લાગે છે. હકીકત એ છે કે શરાબ ખોરાકની ભૂખને મારી નાખે છે.

શરાબનું એક નુકસાન એ પણ છે કે માણસ સમજણના અભાવે તેનો દવા તરીકે ઉપયોગ શરૂ કરે, તો પણ લાંબા ગાળે શરાબ પીવાની ટેવ પડી જાય છે અને છેવટે શરાબ પીવાની ટેવ છોડવી મુશ્કેલ થઈ પડે છે.

જો કોઈ એવી દલીલ કરે કે અમે એવા કેટલાય શરાબીઓ જોયા છે જે શરાબ પીવે છે, છતાં બીમાંર પડતા નથી, આ દલીલનો જવાબ એ છે કે બીમાંર ન પડવું એ જુદી વાત છે અને હકીકતમાં બીમાંર

હોવું એ જુદી વાત છે. જો શરાબીની સંપૂર્ણ શારીરિક તપાસ કરાવવામાં આવે, તો તેની હોજરી ખરાબ નિકળશે અને બીજા આંતિરક અવયવોને પણ અસર થએલી જણાશે. હવે આ લોકોની ગેર સમજ છે કે તેઓ શરાબીને થતી બીજી બીમારીઓનું કારણ શરાબને ગણતા નથી. કેટલાક લોકો એવું સમજે છે કે ફલાણો માણસ શરામી છે. તેનું શરીર જાડું છે અને તેના ગાલ ગુલાબી છે. તેથી તે તંદુરસ્ત છે. હકીકત એ છે કે ગાલ ગુલાબી (કે લાલ) હોવા એ

લોહીના પિરભ્રમણમાં ખામી હોવાની નિશાની છે. શરાબીનું શરીર ગમે તેટલું મજબુત હોય પણ તેનામાં સહનશક્તિનો પુરેપુરો ફાયદો ઉઠાવી શક્તો નથી. અલબત્ત એ વાત ચોક્કસ છે કે કેટલાક ઉપર વધારે અસર થાય છે. કેટલાક લોકોના વંશમાં જ એવી શક્તિ હોય છે કે તેને શરાબની અસર (આડ અસર) ઓછી થાય છે. તેવા લોકોએ એ વાત માટે ખુદાવંદે તઆલાનો શુક્ર અદા કરીને પોતાની આવતી નસ્લ (વંશ) ને બચાવવા

અને કમઝોર થતી અટકાવવા માટે શરાબ પીવાનું છોડી દેવું જોઈએ.

**શરાબીની સજા**

આકીલ (અક્કલમંદ) અને બાલિગ (શરઈ રીતે પુખ્ત) માણસ જે જાણતો હોય કે શરાબ પીવો હરામ છે તે કોઈની બળજબરી વગર પોતાની મેળે, (પોતાની ઇચ્છાથી) શરાબ પીવે, ભલે પછી તે શરાબનું એક ટીપું પણ કેમ ન હોય, ત્યાર પછી તે શરાબ પીવાનો સ્વિકાર કરે અથવા તો બે આદિલ માંણસોએ તેને

શરાબ પીતો જોયો હોય અને તે વિશે ગવાહી આપે, તો શરઈ કાઝીની ફરજ છે કે તેને સજા આપે. પરંતુ નાબાલિગ માણસ શરાબ પીવે, કોઈ દીવાનો શરાબ પીવે, જેને આ વાતની ખબર ન હોય કે શરાબ પીવો હરામ છે, કોઈ માણસ ભૂલ કે શંકાથી, જેમકે પાણી સમજીને શરાબ પી લે અને પછી ખબર પડે કે તે પાણી નહીં પણ શરાબ હતો. અથવા તો બળજબરીથી તેના ગળામાં શરાબ રેડવામાં આવે અથવા તો એટલી બધી તરસ લાગી હોય કે જીવ

બચાવવા માટે શરાબ પીવા સિવાય બીજો કોઈ રસ્તો ન હોય, તો ઉપર જણાવેલ તમામ સંજોગોમાં શરાબ પીનારને શરાબ પીવાની સજા કરી શકાતી નથી.

શરાબની શરઈ સજા એંશી કોરડા મારવાની છે. પહેલી જ વખત શરાબ પીનારની સજા એંશી કોરડા છે. એક વખત શરાબ પી ને તેની એંશી કોરડા ખાવાની સજા ભોગવ્યા પછી જો કોઈ બીજી વખત શરાબ પીવે તો તેને ૧૬૦ (એકસો સાંઈઠ) કોરડા મારવામાં આવશે. અને ત્રીજી વખત

શરાબ પીવાનો સ્વિકાર કરે અથવા બે આદીલ ગવાહ કાઝી સમક્ષ ગવાહી આપે તો તેને ત્રણ ગણી (એટલે કે ૨૪૦ કોરડા) ની સજા થશે. અને ચોથી વખત શરાબ પીવાની સજા રૂપે તેને કત્લ કરવામાં આવશે. અલબત્ત કેટલાક મુજતહિદ તેનાથી પણ વધારે સખ્ત ફત્વો આપે છે કે ત્રીજી વખત શરાબ પીવાની સજા રૂપે તે શરાબીને કત્લ કરી નાખવો વાજીબ છે. જો માણસ બે આદિલ ગવાહની ગવાહીની પહેલા શરાબ પીવાના ગુનાહથી તૌબા

કરી લે, તો તેને શરાબ પીવાની શરઈ સજા કરી શકાતી નથી. અલબત્ત ગવાહી આપ્યા પછી જો તે તૌબા કરી લે, તો પણ તે સજાથી બચી શક્તો નથી.

શરાબીને તે નશામાં હોય ત્યારે સજા કરી શકાતી નથી. પરંતુ તેનો નશો ઉતરી જાય પછી જ સજા કરી શકાય છે. શરાબી જો પુરૂષ હોય તો તેની પીઠ ઉઘાડી કરી તેને ઉભો રાખીને તેની પીઠ, ખભા અને આખા શરીરના કોઈ પણ ભાગમાં કોરડા ફટકારી શકાય છે. પરંતુ તેના માંથા, ચહેરા (મુખ)

અથવા શરીરના ગુપ્ત ભાગો ઉપર કોરડા મારવાની મનાઈ છે. જો સ્ત્રીએ શરાબ પીધો હોય, તો તેના પોશક ઉપ કોરડા મારવામાં આવશે.

જો શરાબીએ કોઈ પવિત્ર જગ્યાએ જેમકે ખાનએ કાબામાં શરાબ પીધો હોય અથવા કોઈ પવિત્ર સમયે જેમકે માહે રમઝાનમાં શરાબ પીધો હોય, તો શરઈ રીતે તેને કોરડા પણ મારવામાં આવશે અને સાથો સાથ તેને ‘તઅઝીર’ પણ કરવામાં આવશે. એટલે કે તેને એટલો મારવા -

પીટવામાં આવશે કે જેથી ભવિષ્યમાં તેને એવી બેહુરમતી કરવાની હિંમત ન થાય.

ઇબ્ને અબીલ હદીદે શર્હે નહજુલ બલાગાહમાં આ બનાવ નોંધ્યો છે કે, નજ્જાશી નામનો શાયર કુફાના વિખ્યાત લોકોમાનો હતો, તેના બાપ દાદા યમનના હતા. જંગે સીફ્ફીનમાં તે હઝરત અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલય્હિસ્સલામના દોસ્તોની હરોળમાં શામિલ હતો. માહે રમઝાનનો પહેલો દિવસ હતો, જયારે તેના સાથી અબુ

સમ્માકે તેને ક્વાબ ખાવા, શરાબ પીવા અને મસ્તીમાં આવીને શોર બકોર કરવા માટે ઉશ્કેર્યો હતો. જેનું પરિણામ એ આવ્યું કે તેની પાડોશમાંના લોકો સખ્ત નારાજ થયા, હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ પાસે ફરિયાદ કરવા પહોંચી ગયા. હઝરતે તે બંનેને બોલાવ્યા. તે બંનેને ઈમામના હુકમથી કૈદ રાખવામાં આવ્યા. બીજે દિવસે મુસલમાનોના સમુહની વચ્ચે તેમની પીઠ ઉઘાડી કરીને શરાબ પીવાના ગુનાહ સબબ બંનેને એંશી

કોરડા મારવામાં આવ્યા. ત્યાર પછી બીજા વધારાના વીસ કોરડા મારવામાં આવ્યા. નજ્જાશીઓ પૂછયું : આ વધારાના ૨૦ કોરડા શા માટે મારવામાં આવ્યા ?

ઈમામ અલયહિસ્સલામે જવાબ આપ્યો : આ (૨૦ કોરડા) એ માટે છે કે તે માહે મુબારક રમઝાનમાં શરાબખોરીની ધૃષ્ટતા કરીને માહે રમઝાનના એહતેરામનો ભંગ ર્ક્યો છે." (આ હદીસ ફરોગે કાફીમાં શરઈ સજા આપવાના પ્રકરણમાં છે.)

નજ્જાશીનો કબીલો હઝરત અલી અલય્હિસ્સલામના શીઆઓથી ભરપૂર હતો. તેમ છતાં તે લોકો આ વધારાની (૨૦ કોરડાની મારવાની) સજાના કારણે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામના વિરોધી બની ગયા. તે લોકોમા એક તારીક ઇબ્ને અબ્દુલ્લાહ નામનો માણસ હતો. તેણે ઈમામ અલય્હિસ્સલામને કહ્યું : "અમે યમનવાસીઓ આપ અલય્હિસ્સલામના જુના મિત્રો અને શીઆઓમાંથી છીએ.

અમને એવી અપેક્ષા હતી ક આપ અમને તથા આપના દુશ્મનોને સરખી ષ્ટિએ નહીં જુઓ. નજ્જાશી અમાંરો નામાંક્તિ માણસ છે. આપે તેને કોરડા ફટકારવાની સજા કરીને દોસ્તો અને દુશ્મનો બધાની સામે અમાંરૂં અપમાન ર્ક્યું છે. હવે અમને શંકા પડવા લાગી છે કે અમે અત્યાર સુધી જે માર્ગ ઉપર ચાલ્યા તે જહન્નિમ તરફ તો નહીં જતો હોય છે ?"

હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે ફરમાવ્યું : "અદલ અને

ઇન્સાફ અને ખુદાના હુકમ ઉપર અમલ થાય તે ગુનેહગારોને સખ્ત નાપસંદ હોય છે. મેં શું કર્યું છે ? નજ્જાશીએ ખુદાના હુકમ સામે ધૃષ્ટતા કરી, ખુદાની નાફરમાની કર હતી. મેં પણ શરઈ હુકમ પ્રમાંણે તેની સજા આપી દીધી છે. જે તેના ગુનાહોનો કફફારો છે, ખુદાવંદે તઆલા ફરમાવે છે.

“અને ખબરદાર કોઈ કૌમની (ગમે તેવી) સખ્ત દુશ્મનાઈ પણ તમને એ વાત પર ન ઉશ્કેરે કે તમે ન્યાય ન કરો : ન્યાયથી

વર્તો તે પરહેઝગારીની વધુ પાસે છે.” (૫ - ૮)

ઇબ્ને અબીલ હદીદ લખે છે કે નજ્જાશી અને તારીક બંને જયારે પોતાની વાત પર ભાર મૂકી શક્યા નહીં, ત્યારે કુફાથી ભાગી ગયા. અને શામ જઈને મોઆવિયા પાસે પહોંચી ગયા. મોઆવિયા સાથે તેઓની મુલાકાતનું વર્ણન લંબાણથી બચવાને કારણે અત્રે પ્રસ્તુત કરતા નથી. અલબત્ત આ બાબતમાં વિગતવાર વર્ણન જાણવા માટે ઇબ્ને અબીલ હદીદની લખેલી શર્હે

નહજુલ બલાગાહ (આવૃતિ પહેલી, ભાગ ૪, પાના નં ૩૬૬ બૈરૂતથી પ્રકાશિત) જોવા વિનંતી છે.

**શરાબથી દૂર રહો.**

ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે શરાબ પીવા જેવા મોટા ગુનાહ થતા અટકાવવા માટે હુકમ આપ્યો છે કે શરાબીને તમારી પાસે ફરક્વા પણ ન દો. આ એ રીત છે જેનાથી શરાબીની શરાબ પીવાની હિંમતમાં વૃધ્ધિ થતી નથી. અને શરાબ પીવાનો દુરાચાર

જે સમાજના વ્યક્તિગત અને સામુહિક જીવનને જડમુળમાંથી ઉખેડી નાંખે છે, તેનાથી બચી શકાય છે.

**શરાબીને દિકરી ન આપો.**

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

"જયારે ખુદાવંદે તઆલાએ મારા મુખેથી શરાબને હરામ કહેવડાવી દીધો. એ પછી કોઈ માણસ જે શરાબ પીતો હોય તે એ

વાતને લાયક નથી કે તે કોઈ માંગણી લઈને આવે તો તેનો સંબંધ કે સગપણ કબૂલ કરવામાં આવે. જો તે (કોઈ વાત માટે) ભલામણ કરવાનું કહે, તો તેના માટે ભલામણ પણ ન કરવી જોઈએ. જો તે કોઈ વાત કરે તો તેની વાતને સાચી ન માનવી જોઈએ. તેની ગવાહી કબૂલ ન કરવી જોઈએ. શરાબી પાસે કોઈ વસ્તુ અમાનત તરીકે ન મૂક્વી જોઈએ. જો કોઈ માણસ જાણી જોઈને શરાબીની પાસે કોઈ વસ્તુ અમાનત તરીકે મુકી જાય, તો ખુદા

તેનો ઝામિન (જવાબદાર) નહીં રહે. તેનું કાંઈ વળતર પણ મળશે નહીં અને તેનાથી કોઈ વસ્તુ ખોવાઈ જાય તો તેના બદલે બીજી વસ્તુ કે તેની કિંમત તેની પાસેથી લઈ શકાતી નથી.” (કિતાબે કાફી)

ઈમામ અલયહિસ્સલામે ફરમાવ્યું : જે કોઈ પોતાની સદચારિત્ર વાન દિકરીની શાદી કોઈ શરાબી સ્ત્રી સાથે કરશે તેણે પોતાની દિકરી સાથે કત્એી રહમ ક્યોં ગણાશે. (કાફી)

ઈમામ અલયહિસ્સલામે આ પણ ફરમાવ્યું:

“જો કોઈ માણસ પોતાની સારી ટેવો અને સુંદર ચારિત્ર વાળી દિકરીની શાદી કોઈ શરાબી સાથે કરી આપશે તો તેણે દિકરીને ઝીના (વ્યભિચાર) માટે આપી ગણાશે.” (મુસ્તદરકુલ વસાએલ)

ઈમામ અલયહિસ્સલામે આ પણ ફરમાવ્યું : “જો શરાબી બીમાંર પડી જાય, તો તેની અયાદત (ખબર અંતર પૂછવા) માટે ન જાવ. અને તે મરી જાય તો તેના જનાઝામાં પણ ન જાવ.”

## શરાબીનો બહિષ્કાર

ઉપર જણાવેલ હુકમો ઉપર અમલ કરીને નહી અનિલ મુન્કરની ફરજ બજાવવામાં આવે, તો શરાબી એ વાત સમજી જશે કે તેને મુસ્લિમ સમાજથી વિખુટો પાડી દેવામાં આવ્યો છે. જો શરાબીને કોઈ દિકરી ન આપે, તેની વાતને સાચી ન માંને, તેને અમાનતદાર ન સમજીને તેની સાથે કોઈ વ્યવહાર ન કરે તો તે ક્યાં જશે ? સાવ સીધી વાત છે કે તેણે સમાજમાં રહેવા માટે શરાબ પીવાનું છોડી જ દેવું પડશે.

## નશાકારક વસ્તુઓ સામે યુધ્ધ

‘મુસ્કીરાત’ એટલે શરાબ અને બીજી નશાકારક વસ્તુઓ ‘બુરહાને કુરઆન’ માં નશાકારક વસ્તુઓ વિરૂધ્ધ નીચે પ્રમાંણે લખ્યું છે.

‘મુસ્કીરાત’ ની ખરાબી સાબિત કરવા માટે આટલું જ કહેવું પુરતું છે કે ફ્રાંસ જેવા અય્યાશી દુરાચાર અને હલકા કાર્યોના ગઢ જેવાં દેશોમાં એક સંસદ મહિલા સભ્યે સંસદમાં ઉભા થઈને એ વાતની માંગણી કરી હતી કે શરાબ સહિતની તમામ

નશીલી વસ્તુઓ ઉપર પ્રતિબંધ મુક્વો જોઈએ. એટલે કે એ મહિલા સભ્યે સંસદમાં ઉભા થઈને એ વાતની માંગણી કરી કે શરાબ સહિતની તમામ નશીલી વસ્તુઓ ઉપર પ્રતિબંધ મુક્વો જોઈએ. એટલે કે એ મહિલા શરાબ અને બીજા કેફી વ્યોના નુકસાનથી માનસિક રીતે એટલી બધી તંગ થઈ ગઈ હતી કે તેણે આ પ્રતિબંધ મુક્વા માટે જોરદાર દેખાવ ર્ક્યો. જ્યાં સુધી સરકાર આ બદીને નાબુદ કરવા માટે કડક કાયદા અમલમાં ન મૂકે, ત્યાં

સુધી ફક્ત સમાજના લોકોનો શરાબીઓનો બહિષ્કાર અને સમાજની આ બધી સામેની જંગ અસરકારક થઈ શક્તી નથી.

દુનિયામાં લોકોને હજારો પ્રકારની મુશ્કેલી અને પરેશાનીઓનો સામનો કરવો પડતો હોય છે. પરંતુ તેનો ઉપાય એ નથી કે લોકો શરાબ અને બીજી નશીલી વસ્તુઓ પીને પરેશાનીઓને કાયમ માટે ભુલાવવાના પ્રયત્નો કરે. અને હંમેશા નશામાં ચૂર રહે. નશાની લત પોતે જ એક મોટી પરેશાની છે. જેના કારણે કુટુંબ અને

ઘરનું માંળખું વેર વિખેર થઈ જાય છે. શરાબી જીવતો હોય છતાં મરેલા કરતાંય વધુ ખરાબ જિંદગી વીતાવે છે. મુશ્કેલીઓ અને પરેશાનીઓનો આ કોઈ ઉપાય નથી. આ રીતે (પરેશાની અથે દુ:ખ ભૂલવા માટે શરાબ પીવાથી) પરેશાની ઘટવાના બદલે વધતી જાય છે. આ એક એવી જીવલેણ મહામારી છે જેનાથી સમાજને બચાવવા માટે ફક્ત વ્યક્તિગત અને સામુહિક રીતે યુધ્ધ છેડવું જોઈએ, એટલું જ નહીં, સરકારી રીતે પણ આ બધી નિવારવા માટે

કડક પગલાં લેવા જોઈએ. તે સિવાય આ મહામારી નાબુદ થવી કે ઘટવી શક્ય નથી.

એક જમાનામાં અમેરિકાની સરકારે શરાબ અને બીજી નશીલી વસ્તુઓના નિવારણ માટે ભરપૂર પ્રયત્નો ર્ક્યા હતા. દૈનિકો, સામયિકો, રેડિયો, ટેલીવીઝન, સીનેમાં, ફિલ્ એટલે કે તમામ પ્રચાર માંધ્યમો દ્વારા કેફી વ્યોના વિરૂધ્ધ મોઠા પાયે પ્રચાર ર્ક્યો હતો. આ કામ કરવા પાછળ અમેરિકાની સરકારે આઠ મિલીયન (એંશી લાખ) ડોલરનો ખર્ચ

કર્યો હતો. આ વાત ઇ.સ. ૧૯30 ના વર્ષના સમયગાળાની છે. એ જમાનામાં અમેરિકન સરકારે કેફી વ્યોની વિરૂધ્ધમાં પુસ્તકો અને સામયિકોનાં દસ બિલીયન (દસ અબજ) પાનાઓ છપાવીને પ્રસિધ્ધ કર્યાં હતા. ૧૩ વર્ષની અંદર નશીલી વસ્તુઓની વિરૂધ્ધ સરકારે ૨૫૦ (અઢીસો) મિલીયન (પચ્ચીસ કરોડ) લીરા (એક ચલણ) ખર્ચી નાખ્યા હતા. આ ગુનાહ સર 300 (ત્રણસો) માંણસોને ફાંસીના માંચડે લટકાવી દેવાયા હતા. ૫,30,000/-

(પાંચ લાખ ત્રીસ હજાર) માંણસોને કૈદ કરવામાં આવ્યા હતા. એક કરોડ એંશી લાખ જેટલા લોકો પાસેથી દંડ વસુલ કરવામાં આવ્યો હતો. એક્તાલીસ કરોડ પચાસ લાખ લીરાની કિંમતની મિલ્કત જપ્ત કરવામાં આવી હતી. પરંતુ આટલા આકરા પગલાં લીધા પછી પણ પરિણામ એ આવ્યું હતું કે કેફી વ્યો પ્રત્યે લોકોનો રસ વધતો રહ્યો. છેવટે લાચારી પૂર્વક ઇ.સ. ૧૯૩૩ માં સરકારે તમામ પ્રતિબંધ હટાવી લીધા. અને શરાબ પીવાની તેમજ

કેફી દ્રવ્યોનો ઉપયોગ કરવાની પૂરેપૂરી સ્વતંત્રતા આપી દીધી હતી.” (‘તનકીહાત’ નામની કિતાબમાંથી - સંપાદક અબૂલ આલા મોદુદી)

ઉપરની આંકડાકીય અને કડવી હકીકત જોતા એ સાબિત થાય છે કે જ્યાં સુધી સમાજ શરાબીનો બહિષ્કાર ન કરે ત્યાં સુધી શરાબખોરોની આ ગંભીર બીમારીનો ઇલાજ ફક્ત સત્તાધારી હુકુમતના દબાણ અને ડંડા (સજા) થી શક્ય બનતો નથી.

ઇસ્લામે શરાબને હરામ કરવાની સાથો સાથ તે અંગેની તમામ બાબતો ઉપર દ્રષ્ટિ રાખી છે. સૌ પ્રથમ તો ઇસ્લામે શરાબ પીવાના કારણો જડમૂળથી નાબુદ કરવાના પ્રયત્નો કર્યા. ત્યાર પછી શરાબ પીવાને હરામ અને પ્રતિબંધિત જાહેર કર્યો. શરાબખોરી વધી જવાના કારણો પૈકીનું એક કારણ એ પણ છે કે સમાજના લોકો શરાબ પીવાની બાબતમાં ઢીલ મુકે છે અને કડક હાથે કામ લેતા નથી. શરાબ પીનારને જે રીતે નફરતની ષ્ટિએ જોવો

જોઈએ તે જોવામાં આવતો નથી. અને શરાબીનો એવી રીતે બહિષ્કાર કરવામાં આવતો નથી જેથી શરાબ છોડીને તૌબા (પ્રાયશ્ચિત) કરવાની ફરજ પડે.

ઇસ્લામ કહે છે કે, આ ખતરનાક અને રૂહાના જડમૂળમાં પેસી જનારી બીમારીઓનો ઇલાજ દરેક રીતે કરવો જોઈએ. આ બાબતમાં ફક્ત એક જ ઇલાજ ઉપર ધ્યાન આપીને બેસી રહેવું પુરતું નથી. શરાબ અને કેફી વસ્તુઓનો ઉપયોગ કરનાર વ્યક્તિનો આર્થિક રીતે પણ

બહિષ્કાર કરવો જોઈએ. તેની સાથે કોઈ પણ પ્રકારની વ્યવહાર કરવો ન જોઈએ. આ ઉપરાંત શરાબીનો સામાંજિક બહિષ્કાર પણ કરવો જોઈએ. તેમજ શરાબની વિરૂધ્ધમાં એક યુધ્ધ જેવો કાર્યક્રમ નક્કી કરવો જોઈએ. જેથી શરાબીનો ઇલાજ રૂહાની રીતે પણ થઈ શકે. સાથોસાથ શરાબીને આખેરતના અઝાબથી પણ ડરાવવો જોઈએ. અને શારીરિક રીતે પણ તેને વ્યસનમાંથી મુક્ત કરાવવા માટે ઇલાજ કરાવવા જોઈએ. શરાબીને શરાબ

પીવાથી મળતી શરઈ સજાઓ ઉપરાંત તેના બીજા કેટલાય નુકસાન છે તે પણ સમજાવવા જોઈએ.

# ચૌદમો ગુનોહ

# જુગાર

# ચૌદમો ગુનોહ

## જુગાર

ચૌદમો ગુનાહે કબીરા જે કબીરા ગુનાહ હોવાનું સ્પષ્ટ શબ્દોમાં સાબિત છે તે ‘જુગાર રમવો’ ે. સૂ. બકરહમાં ઇરશાદ છે :

“યસઅલુનક અનીલ ખમરે વલ મયસરે, કુલ ફી હેમાં ઇસ્મુન કબીર - (હે રસૂલ સલ્લલ્લાહો અલચ્હે વઆલેહી વસલ્લમ) લોકો તને મદિરા (દારૂ) તથા જુગાર

સંબંધી પૂછે છે, કહે એ બંનેમાં મોટા ગુનાહ છે."(૨ - ૨૧૯)

'ઇસ્મુન કબીર' એટલે ખૂબ જ મોટા ગુનાહઝરત કુરઆને મજીદમાં ઇસ્મુન કબીર ફક્ત શરાબ અને જુગાર રમવાને ગણવામાં આવેલ છે.

ફઝલ ઇબ્ને શાઝાને હઝરત ઈમામ અલી રઝા અલય્હિસ્સલામથી જે રિવાયત નોંધી છે તેમા પણ ગુનાહે કબીરાની યાદીમાં જુગારને શામેલ કરેલ છે. અને અઅમશે હઝરત ઈમામ જઅફરે સાદિક

અલય્હિસ્સલામથી જે રિવાયત નોંધી છે, તેમા ઇમ્ામે સાફ શબ્દોમાં તેને ગુનાહે કબીરા ગણાવેલ છે.

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી એક હદીસ અબૂ બસીરે નોંઘેલ છે કે, શતરંજ વેચવી હરામ છે. શતરંજ વેચીને તેના પૈસા ખાવા હરામ છે, શતરંજ પોતાની પાસે રાખવી કુફ્ર છે. શતરંજ રમવું એ ખુદાની સાથે શિર્ક છે. શતરંજ રમનાર માણસને સલામ કરવી ગુનાહ છે. અને કોઈને શતરંજ રમતા

શીખવવું એ ગુનાહે કબીરા છે. જે જીવલેણ છે. જે કોઈને શતરંજ રમવા માટે પોતાના હાથ લંબાવે, તે જાણે કે એવું છે કે તેણે પોતાના હાથ સુવ્વર (ભૂંડ) ના ગોશ્તથી લથબથ ક્યાૃ હોય. (વસાએલુશ્શીઆ કિતાબે તિજારતમાં ઉપરની હદીસ છે.)

ઢમન લા યહઝરૂલ ફકીહ નામની કિતાબમાં છે કે કોઈને શતરંજ રમતા શીખવવું એ એવા ગુનાહે કબીરા છે, જે જીવલેણ છે.

હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે કે ખુદાવંદે આલમ માહે રમઝાનમાં ત્રણ પ્રકારના લોકો સિવાયના તમામ લોકોની મગ્ફેરત (બક્ષીસ) ફરમાવે છે. (૧) સાહેબે મુસ્કેરીન કોઈ નશીલી વસ્તુઓનો ઉપયોગ કરનાર (૨) જુગાર રમનાર અને (૩) કોઈ મુસલમાન સાથે દવેષ અને દુશ્મની રાખનાર.

ગુનારના ગુનાહે કબીરા હોવા બાબતની દલીલમાં કુરઆનની એક આયતે શરીફા છે.

“ઇન્નફમલ ખમરો વલ મયસરો વલ અનસાબો વલ અઝલામો રિજસુમ મિન અમલિશ્શૈતાન - ......શરાબ તથા ગુનાર તથા સ્થાપિત કરેલી મુર્તિઓ (સામે કરવામાં આવતી કુરબાની) તથા બાણ પર લેવાતી સોરટી એ શૈતાનના નાપાક કાર્યો માહેના કાર્યો છે.” (૫ - ૯૦)

**“મયસર” અને “અઝલામ” નો અર્થ શું છે ?**

ઉપરની આયતમાં ‘મયસર’ શબ્દ વાપરવામાં આવ્યો છે, તેમા બધા પ્રકારના જુગાર આવી જાય છે. આ શબ્દ ‘યુસ્ર’ ઉપરથી આવ્યો છે. જેનો અર્થ સરળતા (સહેલાઈ) થાય છે. કેમકે જુગાર રમનાર માણસ સહેલાઈથી બીજાનો માલ મેળવી (જીતી) લે છે. તેથી જુગારને ‘મયસર’ કહેવામાં આવે છે.

‘અઝલામ’ એ વાસ્તવમાં એક લાકડાનો ટુકડો છે. જે ખાસ રીતે જુગાર રમવા માટે વાપરવામાં આવતો હતો. ‘અઝલામ’ ને ‘અકલામ’ પણ કહેવામાં આવે છે. એવું બનતું હતું કે લોકો જુગાર રમાંડવા માટે ઉંટ ખરીદતા હતા. તેને કાપીને હલાલ કરતાં હતાં. તેના એક સરખા ૨૮ (અઠયાવીસ) ટુકડા કરતા હતા. જુગાર રમવાની જગ્યાએ દસ તીર જેવા લાકડીના ટુકડાઓ જમીનમાં ખોડવામાં આવતા.. લાકડીના દરેક ટુકડાનું વિશેષ નામ

આપવામાં આવતું જે પૈકી સાતના નામ આ પ્રમાંણે રહેતા. ફઝ, તવાયેમ, રકીબ, હલ્સ, નાફીસ, મુસ્બલ અને મોઅલ્લા. આમાંથી દરેક ટુકડા અથવા તીરના કોઈને કોઈ ભાગ નિશ્ચિત રહેતા. દાખલા તરીકે ફઝનો એક ટુકડો હતો. અને મોઅલ્લાના સાત ભાગ હતા. અઠયાવીસ ભાગોમાં વહેંચાએલું ગોશ્ત આ દસ તીરોના નામ સામે નિશ્ચિત કરીને વહેંચી દેવામાં આવતા. અલબત લાકડીના ત્રણ તીર એવા હતા જેમાંની ઉપર ગોશ્તનો કોઈ

ટુકડો મળતો ન હતો.એટલું જ નહીં પણ જે ત્રણ માંણસોને નામે આ ત્રણ અઝલામ આવી જતા હતા તે ત્રણેયે ભેગા મળીને ઉંટની કિંમત અદા કરવી પડતી હતી. અને તેઓ જુગારમાં હારી ગએલા ગણાતા હતા. આ જુગારમાં કુલ દસ માંણસો ભાગ લેતા હતા, જે ત્રણ અઝલામને કારણે હારી જતા હતા તેના નામ મંબઅ, સફીહ અને રગદ હતા.

“અઝલાઅ” જુગારનો એક પ્રકાર છે. જયારે “મયસર” દરેક પ્રકારના જુગારને કહેવામાં

આવે છે. અઝલામનો ઉલ્લેખ વિશિષ્ઠ રીતે એ માટે કરવામાં આવે છે કે તે પ્રકારના જુગારની પંથા ઇસ્લામના પ્રારંભિક જમાનામાં પ્રચલિત હતી. અલબત્ત, અઝલામના બીજા પ્રકારનો ઉલ્લેખ પણ છે. પણ ગમે તે પ્રકાર હોય, જુગાર જ ગણાય છે. એટલે કે શરાબ, જુગાર, બુત અને અઝલામ વગેરે શૈતાનના કામો છે. તેમા ફસાવાથી મુક્તિ એ છુટકારાનો કોઈ માર્ગ ખુલતો નથી. એટલા માટે શરાબ

અને જુગારની નઝદીક પણ ન જવાનો હુકમ આપવામાં આવ્યો છે.

## જુગાર અને શરાબ પરસ્પર દવેષનું કારણ

“શૈતાન એવું ઇચ્છે કે શરાબ અને જુગારના કારણે તમારા વચ્ચે અદાવત અને બુગ્ઝ (દવેષ) નાખે.” (૫-૯૧)

આ વાત જન સાધારણ અનુભવની વાત છે. શરાબના નશામાં માણસ પોતાની જાત ઉપરનો કાબુ ગુમાંવી બેસે છે. અને એવા ગુનાહ કરી નાખે છે જે પરસ્પર દુશ્મનીનું

કારણ બને છે. એવા બનાવો પણ બને છે કે શરાબના નશામાં ચૂર થએલો માણસ પોતાના સૌથી નિકટના અને માનવંતા સગાંનું ખૂન કરી નાખે છે.

તેવી જ રીતે જુગારમાં માણસ કાં તો જીતે છે, કાં તો હારે છે. હારનાર માણસ જીતનાર સાથે હસદ (ઇર્ષા) અને દુશ્મની કરવા માંડે છે અને તેની સામે બદલો લેવાની ચિંતામાં રહે છે. જો માણસ એમ વિચારે કે જુગારની રમતમાં હારજીત તો થતી જ રહે છે, અને આવું વિચારીને હારવા છતાં તે

દુ:ખ ન લગાડવાની કોશિષ કરે, તો પણ તેનામાં હસદ પૈદા થવી એ એક કુદરતી બાબત છે. જેના પરિણામે છેવટે દુશ્મની ઉભી થયા વગર રહેતી નથી.

## જુગાર, દુરાચાર અને એશો - આરામ માટે કારણભૂત

જયારે માણસ જુગારમાં જીતે છે ત્યારે તેને મહેનત ર્ક્યા વગરનાં ઘણા પૈસા મળે છે જેનું પરિણામ એ આવે છે કે જુગારી પોતે એશો - આરામ કઈ રીતે ભોગવવો તેની ચિંતામાં પડી જ્ય છે. અને મફતમાં

મળેલા માલને તે બેફામ ખર્ચવા માંડે છે, પૈસાને પાણીની જેમ વાપરવા લાગે છે.

બીજી વાત એ છે જુગારમાં જીતેલા પૈસા હરામથી મેળવેલા હોય છે તેથી મોટે ભાગે તે હરામ કામમાં જ વપરાય છે. હરામ પૈસાની મોટામાં મોટી અસર એ થાય છે કે તેનાથી હરામ કામ કરવામાં માટે વધુ ઉત્તેજના થાય છે. જુગારમાં જીતનારને તેની લત લાગી જાય છે. અને વધારે પૈસા જીતવાની લાલચમાં તે પોતાની મોટી રકમ જુગારમાં રોકી દે છે. ક્યારેક તો એવું

બને છે કે જુગારની લતમાં ખૂન ખરાબી થઈ જાય છે.

“બલાહાએ ઇજતમાંઈ” નામની કિતાબના પાના નંબર ૨૩૧ પર લખ્યું છે કે ઈરાનના એક શહેરમાં એક જુગારીએ પોતાના હરીફને પેટમાં ચાકુના ઉપરા ઉપરી ત્રણ ઘા ઝીંકીને કત્લ કરી નાખ્યો હતો. કાતિલે અદાલતમાં એવું બયાન આપ્યું કે મરનારે જુગારમાં મારી બધી માલ મિલ્કત જીતી લીધી હતી. ત્યાર પછી છેલ્લે તે મારી સાથે એક બાજી રમવા માટે

પણ તૈયાર ન થયો. મેં તેને આ માટે બહુ જ આગ્રહ અને દબાણ કર્યું, પણ તે ભાગી છુટયો. મેં તેની પાછળ પડીને તેને કત્લ કરી નાખ્યો.

એજ કિતાબના પાના નં ૩૨૫ ઉપર ‘રોશન ફીક્ર’ સામયિકમાંથી નોંધવામાં આવ્યું છે કે

માંન્ટે કાર્લો નામના શહેરમાં અર્જેન્ટીના એક રહીશે સતત સોળ કલાક જુગાર રમીને ચાલીસ લાખ તુમાન જેટલી રકમ ગુમાંવી હતી. જુગારખાનાના ◌ાર બંધ

થયા કે તરત જ તે પોતાની કાર લઈને જંગલમાં ચાલ્યો ગયો અને ત્યાં પોતાના માંથા ઉપર ગોળી છોડીને આત્મહત્ય કરી લીધી.
માંન્ટે કાર્લોની આજુબાજુમાં ફેલએલા જંગલમાં આત્યહત્યાના આવા બનાવો સતત બન્યા કરે છે. મોટે ભાગે એવું બને છે કે શહેરમાં જુગાર રમવા આવનાર પોતાની પાસે હોય તે બધી જ રકમ હારી જાય છે, એટલે સુધી કે તેમની પાસે પોતાના ઘરે પાછા જવા માટેના મુસાફરી

ખર્ચ પુરતા પણ પૈસા રહેતા નથી. એવા લોકો જંગલમાં જઈને આપઘાત કરી નાખે છે. તાજેતરમાં જ મોન્ટે કાર્લોની જુગાર રમાંડતી કંપનીએ જુગારમાં હારી જનારા બહારથી આવેલા પ્રવાસીઓને પ્રવાસ ખર્ચની રકમ લોન તરીકે આપવાનો નિર્ણય કર્યો છે.

“ઇત્તેલાઅ” નામના દૈનિક અઠવાડિક પૂર્તિના અંક નંબર ૧૦૬૦ માં લખ્યું છે : જુગારના કારણે આપઘાત કરનારાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વૃધ્ધિ થતી જાય છે.

ગૈલપ નામની સંસ્થાએ જે આંકડા પ્રસિધ્ધ કર્યા છે તેનાથી આ વાત જાણવા મળે છે. ઇ.સ. ૧૩૬૧ માં પાછલા વરસોની સરખામણીએ વધારે જુગારીઓએ આપઘાત કર્યા હતા. જેના કારણે મોન્ટે કાર્લોના સટોડીયાઓએ તેને દુર્ભાગ્યનું વર્ષ ગણાવ્યું છે. આના આગલા વરસે ફક્ત એકલા પેરીસ શહેરમાં જ બાર જુગારીઓએ આપઘાત કર્યો હતો.

કિતાબ બલાહાઈ ઇજતમાંઈ પેજ નં ૩૨૯ ઉપર નોંધે છે કે અમેરિકાના

આંકડાશાસ્ત્રીઓના કહેવા મુજબ, લગભગ 30% ગુનાહખોરી માત્ર જુગારના કારણે થતી હોય છે. સર્વે કરવાથી જાણી શકાયું છે કે ખાસ કરીને ખિસ્સા કાતરૂ, અને છુરાબાજીના કાબેલ ગુનાહ જુગારખાનાની પયદાવાર હોય છે.

## ઝિક્રે ખુદાથી દૂર

શરાબ અને જુગારનું એક મોટું નુકસાન એ પણ છે કે આ બંને વસ્તુઓ ખુદાની યાદને ભુલાવી દે છે. એટલું જ નહીં, આ બંનેથી ખુદાની વધુને વધુ નાફરમાની થાય છે.

જુગારના ઉલ્લેખવાળી આયતના અનુસંધાને કુરઆન શરીફમાં છે : “અને શૈતાન ઇચ્છે છે કે આ રીતે તમને ખુદાની યાદથી અને નમાઝથી અટકાવે.” (૫ - ૯૧)

જેવી રીતે શરાબી માણસ શરાબની મસ્તીમાં ગફલતનો શિકાર બની જાય છે અને ખુદાને ભુલાવી દે છે અને નમાઝ જેવી વાજિબાત પણ અદા નથી કરતો તેવી જ રીતે જુગારમાં મફતની રકમ (હરામનો માલ) મેળવી લેવાની ધૂન

જુગારીનાં મગજ ઉપર એવી અસર સવાર થઈ જાય છે કે તે બધી વાજિબાતને ભૂલીને છોડી દે છે.

ત્યાર પછી આ જ આયતમાં વધુ તાકીદ માટે ખુદાવંદે તઆલા ઇરશાદ ફરમાવે છે કે "શું હવે પણ તમે આવા મોટા ગુનાહથી દૂર નહીં રહો ?" (તને અનુરસતા અટકશો નહીં)"

એ પછીની આયતમાં આ વિષય પર વધુ ભાર મુક્વા માટે ઇરશાદ થાય છે :

"ખુદા અને રસૂલના હુકમનું અનુસરણ કરો. તેમનો વિરોધ કરવાથી (નાફરમાનીથી) પરહેઝ કરો. નસીહત આપવા છતાં તમે ફરીવાર આ ગુનાહો (શરાબોરી, જુગાર અને બૂતપરસ્તી) તરફ જશો તો જાણી લ્યો કે અમારા રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પર તો માત્ર (અમાંરો) સંદેશો સ્પષ્ટ કરીને પહોંચાડી દેવાનું છે." (૫ - ૯૨)

આ રીતે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ફરજ પૂરી થઈ ગઈ

છે, અને હવે તમે કોઈ બહાનું રજુ નહીં કરી શકો કે અઅમને કંઈ ખબર ન હતી.

હવે અમે જુગારના કેટલાક પ્રકાર પ્રસ્તુત કરીએ છીએ -

**લહવો - લહબ (રમત ગમત) ના સાધનો અને શરત લગાડવી.**

જુગાર માટે જે સાધનો વપરાય છે (જેમકે ગંજીફા, પ્લેઈંગ કાર્ડઝ વગેરે) તેનાથી શર્ત લગાવ્યા વગર ફક્ત સમય પસાર કરવા, મનોરંજન માટે રમવું પણ હરામ છે. આ વાત ઉપર તમામ મુજતહિદો એકમત છે.

આગળ જે હદીસનું વર્ણન થયું હતં. જેમાં ઉલ્લેખ થયો હતો કે જુગારના ખેલમાં હાથ નાંખનાર માણસ એવો છે જાણે કે તેણે (હરામ જાનવર) સુવ્વરના ગોશ્તથી પોતાના હાથ લથબથ કર્યા હોય. એ જ હદીસના અનુસંધાનમાં છે કે :

શતરંજ રમનાર માણસ શતરંજ રમ્યા પછી હાથ ધોઈ ન લે, ત્યાં સુધી તેની નમાઝ (સહીહ) નહીં થાય. શતરંજને જોયું એ પોતાની માતાની શર્મગાહને જોવા

સમાન છે. (વસાએલુશ્શીઆ, બાબે તિજારત)

હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલમને શતરંજ વિશે પૂછવામાં આવ્યું, તો ઇમાંમે ફરમાવ્યું :

“મજુસીઓનું કામ તેમના માટે જ છોડી દો.”

એટલે મુસલમાનો શતરંજની બાજીની પાસે પણ જવું ન જોઈએ. બીજી એક રિવાયતમાં ઇમાંમે ફરમાવ્યું છે કે, શતરંજની પાસે પણ ન જાવ.

"તોહફુલ ઓકુલ" ની રિવાયતથી સ્પષ્ટ થાય છે કે એવી દરેક વસ્તુ વાપરવી હરામ છે, જેનો ઉપયોગ જુગાર માટે થતો હોય, જુગારના તમામ સાધન અને કામ હરામ છે. હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ઇરશાદ ફરમાવે છે કે :

"દરેક પ્રકારની રમતને જુગાર કહેવામાં આવે છે જેમાં એ શર્ત હોય છે કે હારનાર માણસ જીતનારને અમુક રકમ આપે. અને જુગારના સાધનો વેચવા, ખરીદવા અથવા ઉપયોગ કરવા બિલ્કુલ હરામ છે. આ તે

નીચ કામ છે જે શૈતાન કરાવે છે.” (તફસીરે કુમ્મી)

જો કોઈ એમ પૂછે કે શતરંજ અને ગંજીફાની રમતથી ખુબ જ સારી એવી માનસિક ક્સરત થાય છે, છતાં ગંજીફા પૈસાની શર્ત લગાવ્યા વગર રમવાનું શા માટે હરામ છે ? આ પ્રશ્નના જવાબમાં એમ કહેવું જદલએ કે જુગાર એ એવી ખરાબ લત છે જે કુટુંબનો નાશ કરી નાંખે છે. કોઈ પ્રકારની માલ કે પૈસાની શર્ત વગર જુગાર વગેરે રમતા રહેવાનું

પરિણામ એ આવે છે કે શૈતાન જુગારના માંધ્યમથી માલ - પૈસા મેળવવા માટે (જુગાર રમનારને) ઉશ્કેરે છે. એટલા માટે ઇસ્લામે જુગારમાં વપરાતી વસ્તુઓના ઉપયોગ પર પણ પ્રતિબંધ મુકેલ છે. જેથી કરીને સમાજમાં જુગારનો જડમૂળથી નાશ થઈ શકે. તેથી જુગારના સાધનો બનાવવા, વેચવા, ખરીદવા અને તેના ખરીદ - વેચાણથી મળેલી રકમનો ઉપયોગ કરવાની પણ હરામ ગણાવેલ છે. એટલું જ નહીં જુગારના સાધનો પોતાની

પાસે રાખવા હરામ વે. અને તેનો નાશ કરી દેવો વાજીબ છે. એ પણ સ્પષ્ટ છે કે જુગારથી મળતી આવક પણ હરામ છે.

ઇસ્હાક ઇબ્ને અમ્મારે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછયું કે બાળકો ઈંડા અને અખરોટથી (જુગારની જેમ) રમત રમે છે તે શું જુગાર કહેવાશે ? હઝરતે ફરમાવ્યું : "તેવી (રમતમાં વપરાતી) વસ્તુઓને ખાવ પણ નહીં"

જુગારનો માલ હરામ હોવા બાબતે નચે મુજબની આયત નાઝિલ થઈ છે.

“અય મોઅમિનો, બાતિલ અને ખોટી રીતે એક બીજાનો માલ ખાઈ જાવ નહીં.” (૪ - ૨૯)

જુગાર રમનાર માટે વાજીબ છે કે તેણે જે માણસને હરાવીને તેના પાસેથી જે કાંઈ રકમ જીતી હોય તે તેને પાછી આપી દે.

**જુગારના સાધનો વગર શરત લગાડવી.**

આ વિગતોથી સ્પષ્ટ થાય છે કે જે રીતે શરત લગાવીને જુગારના સાધનોથી રમવું હરામ છે, તેવી જ રીતે શર્ત લગાવ્યા

વગર પણ જુગારથી સંબંધિત હોય તેવા સાધનોનો ઉપયોગ કરવો હરામ છે. એટલે સુધી કે જુગારની બેઠકમાં બેસીને જુગારની રમત નિહાળવી પણ હરામ છે. નહી અનિલ મુન્કર માટે પણ એવી જગ્યાએથી બહાર નિકળી જવું વાજીબ છે.

કદાચ ઓચિંતા જુગારના સાધનો પર નજર પડી જાય, તો એ વખતે મુસ્તહબ છે કે (તે માણસ) હઝરત ઈમામ હુસૈન અલય્હિસ્સલામને યાદ કરે અને યઝીદ મલઉન ઉપર લાનત મોકલે.

ફઝલ ઇબ્ને શાઝાને હઝરત ઈમામ અલી રઝા અલય્હિસ્સલામને આ મુજબ ફરમાવતા સાંભળ્યા.

“જયારે સૈય્યદુશ શોહદા હઝરત ઈમામ હુસૈન ઇબ્ને અલી અલયહેમસ્સલામનું સર શામ લઈ જવામાં આવ્યું અને યઝીદના હુકમની ઈમામ અલય્હિસ્સલામનું સરે મુબારક તેની સામે મૂકી દેવામાં આવ્યું, ત્યારે યઝીદની સામે દસ્તરખ્વાન બીછાવવામાં આવ્યું. યઝીદ (ખુદા તેની ઉપર લાનત કરે) અને તેના સાથીદારોએ

ખાવાનું અને જવની શરાબ પીવાનું શરૂ કર્યું. જયારે તે લોકો ખાઈ - પી ચૂક્યા ત્યારે યઝીદે સર મુબારક વિશે હુકમ આપ્યો કે આ સર મુબારકને એક (તશ્ત) થાળીમાં મૂકીને આ તખ્તની નીચે મુકી દો. પછી યઝીદ માટે શતરંજની બાજી બીછાવવામાં આવી અને યઝીદ મલઉન શતરંજ રમવા બેસી ગયો ને સાથો સાથ તે હુસૈન અલય્હિસ્સલામ, તેના વાલિદ અને તેમના દાદા સલવાતુલ્લાહે અલયહિમની મજાક કરવા લાગ્યો. જયારે

પોતાના હરીફની સામે જીતી જતો ત્યારે જવની શરાબ (નો જામ) સંભાળી લેતો હતો. અને તે જામ ત્રણ વખત પી જતો હતો. (મઆઝલ્લાહ) જે શરાબ વધતી તેને તશ્ત (ઈમામ હુસૈન અલય્હિસ્સલામના સર મુબારક) ઉપર ફેંકતો હતો.”

હઝરત ઈમામ અલી રઝા અલય્હિસ્સલામ આગળ ફરમાવે છે :

“(હવે) અમારા જે કોઈ શીઆ હોય તેઓએ જવની શરાબ પીવાથી અને શતરંજ રમવાથી પરહેઝ કરવું જોઈએ. અને જે

કોઈ જવની શરાબ અથવા શતરંજ જુવે, તેણે ઈમામ હુસૈન અલય્હિસ્સલામને યાદ કરી યઝીદ અને આલે યઝીદ ઉપર લાનત મોકલવી જોઈએ.” (અયનુલ અખબારે રઝા, પાના નં ૧૯૩)

જો કોઈ શીઆ આ (ઉપર જણાવ્યા) પ્રમાંણે અમલ કરશે, તો ખુદાએ તઆલા તેના તમામ ગુનાહ માંફ કરી દેશે, ભલે પછી તે સિતારાઓની સંખ્યા જેટલા (વધારે પ્રમાણમાં) કેમ ન હોય.

જુગારના સાધનો વગર શરત લગાવી રમવું.

જુગાર રમવામાં ઉપયોગ થતો ન હોય તેવી વસ્તુઓ અને સાધનોથી પણ શર્ત લગવીને રમવું હરામ છે. અલબત્ત ઘોડદોડ અને તીરંદાઝીમાં શર્ત લગાડવી હરામ નથી. આ બંને વસ્તુઓ સિવાય બીજી કોઈ પણ હરીફાઈ (મુકાબલા) માં શર્ત લગાડવી હરામ છે. દાખલા તરીકે કુસ્તીનો મુકબલો અથવા વજન ઉંચક્વાની કે નેઝાબાઝી (ભાલાફેંક) ના મુકાબલા

જેવા મુકાબલામાં શર્ત લગાડવી હરામ છે. આમ છતાં જો કોઈ શર્ત લગાવીને શર્ત જીતે, તો તેમા મળેલી રકમ હરામ માલ ગણાશે અને તેવી રકમ (માલ) ને તેના માલિકને પાછી આપી દેવી જોઈએ.

## ઘોડા દોડાવવાની હરીફાઈ (ઘોડદોડ) અને તીરંદાઝી

ઘોડાદોડ, ઉંટોની દોડ અને તીરંદાઝીની હરીફાઈમાં ફક્ત હરીફો દરમીયાન શર્ત જાએઝ છે.જે લોકોએ આવી હરીફાઈમાં ભાગ ન લીધો હોય અને ફક્ત તેને જોઈ

રહ્યા હોય, તેઓ માટે શર્ત લગાડવી હરામ છે.

ઘોડા દોડાવવાની અને તીરંદાઝીની હરીફાઈને લાગે વળગે છે ત્યાં સુધી તે બંનેમાં કોઈ શંકા વગર શર્ત લગાવવી અને તેમા જીતીને રકમ મેળવી જાએઝ છે. એ શર્તમાં જીતનાર તે રકમનો માલિક થઈ જાય છે. ઇસ્લામે મુસલમાનોની લશ્કરી સજ્જતા (યોગ્યતા) માં વૃધ્ધિ લાવવા અને દુશ્મનોનો ચુસ્તી પૂર્વક સામનો કરવાની ટેવ પાડવાના હેતુસર આ

બંને બાબતોને જાએઝ કરી છે. આ બાબતના વિગતવાર હુકમો ફીકહી કિતાબોમાં મૌજૂદ છે.

શહીદે સાનીએ ‘મસાલીક’ નામની કિતાબમાં આ હુકમ પર ઓલમાંના સમુહના એકમત હોવાનું નોંધ્યું છે. કિતાબ “વાફી” માં હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ત્રણ હદીસો નોંધવામાં આવી છે, જેનો સારાંશ એ છે કે ઘોડદોડ અને તીરંદાઝી સિવાયના કોઈ પણ મુકાબલામાં શર્ત લગાવવામાં આવે છે,

ત્યારે ફરિશ્તા ગઝબનાક થાય છે અને તેવા કામ કરનારા ઉપર લાનત કરે છે.

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત છે કે :

“ઘોડદોડ, ઉંટોની તીરંદાઝી થતી હોય ત્યારે ફરિશ્તાઓ હાજર રહે છે. આ ત્રણ વસ્તુઓ સિવાય બાકીની જુગાર હરામ છે.” (કિતાબે વાફી)

બીજી એક રિવાયતમાં આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ઉપર જણાવેલ ત્રણ મુકાબલા સિવાયના

બીજા તમામ મુકાબલાની મનાઈ ફરમાવી છે. ઇરશાદ છે :

“ઘોડાની દોડ, ઉંટોની દોડ અને તીરંદાઝી સિવાય કોઈ મુકાબલા યોગ્ય નથી.” (કિતાબે વાફી)

મોહમ્મદ ઇબ્ને કૈસે હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામથી જે સહીહ હદીસ નોંધી છે તેમા ઈમામ અલય્હિસ્સલામ ઇરશાદ ફરમાવે છે :

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામે એક માણસ વિશે હુકમ

આપ્યો, જેણે પોતાના સાથીદારો સાથે (એક) ઘેટાને વધુમાં વધુ ખાવાની હરીફાઈ કરી હતી.

ચુકાદો આપતા ઇમાંમે ફમાંવ્યું :

“જો તમે ખાવાનું શરૂં કરી દીધું હોય, તો તે ઘેટું આખું તમાંરૂં છે, પરંતુ જો તમે હજી ખાવાનું શરૂં કર્યું ન હોય (અને શર્ત લગાવી હતી) તો તમારા માટે તેટલો દંડ છે. (મકાસિબે મોહર્રમાં, કાફી અને તહેઝીબમાંથી)

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે આ ચુકાદો આપ્યો હતો, કે એવી શર્ત બાતિલ (રદ) છે પણ વધુ ખાવાની હરીફાઈ કરનારાઓ પર કોઈ દંડ નથી. ભલે પછી તેઓએ વધારે ખાધું હોય કે થોડું. અલબત્ત, જો ઓછું ખાનારને હારી જતા નુકસાન ઉપાડવું પડે તો તે માટે તેઓએ મનાઈ ફરમાવી છે. એટલે કે એ હરીફાઈમાં જે માણસ સૌથી ઓછું ખાઈ

શકે, તેણે કંઈ (રકમ વગેરે) આપવું નહીં પડે, કારણ કે મૂળ શરત જ બાતિલ છે.

હઝરત જાબિર ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામથી નોંધે છે કે પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

“એ દરેક વ્યવહાર જુગાર છે, જેમાં હારી જનારે કંઈક આપવું પડતું હોય. ભલે પછી તે અખરોટ અને પાસાઓની હરીફાઈ જ કેમ ન હોય”

એટલે કે જેનાથી જુગારમાં હારજીત થતી હોય તે સાધન જુગાર રમવાનાં સાધનોમાં ગણાંતુ ન પણ હોય, છતાં તેનાથી જુગાર રમવો - હારજીતની રમત રમવી હરામ છે.

## શર્ત વગરની રમતો

એવી હરીફાઈઓમાં જેમાં જુગારના સાધનોનો ઉપયોગ થતો ન હોય અને જેમાં હારનારે કંઈ આપવું પણ પડતું ન હોય, તેના વિશે ઓલમાંના ફતવાઓ જુદા જુદા છે. મો◌ા ભાગના મુજતહિદોએ તેને

હરામ ગણાવેલ છે. અલ્લામા હિલ્લી દ્વારા તેમની કિતાબ “તઝકરહ” માં નોંધાયું છે કે “દરિયામાં નૌકા (હોડી) ચલાવવાની હરીફાઈમાં હારનારે કંઈ આપવું પડતું ન હોવા છતાં જાએઝ નથી.” આ બાબતે બધા ઓલમાં એકમત છે. અલ્લામા હિલ્લીએ એમ પણ ફરમાવ્યું છે કે હાથથી બીજી કોઈ વસ્તુની મદદથી પથ્થર ફેંક્વાની હરીફાઈ પણ જાએઝ નથી. એવી જ રીતે ઘોડા અને ઉંટ સિવાય બીજા કોઈ જાનવર પર સવારી કરીને હરીફાઈ (રેસ)

કશ્તીરાની (ઝડપથી નૌકા ચલાવવાની હરીફાઈ) અથવા પક્ષીઓ ઉડાડવાની હરીફાઈ જાએઝ નથી. ભલે પછી તેમા કોઈ રકમ કે માલની શર્ત રાખવામાં આવી ન હોય. આ ઉપરાંત મુર્ગા (કુકડા) અથવા બકરાને એક બીજા સાથે લડાવીને મુકાબલો કરાવવો પણ જાએઝ નથી. ટૂંકમાં એ કે એવો કોઈ મુકાબલો જાએઝ નથી જેનો ફાયદો મૈદાને જેહાદ (લડાઈના મૈદાન) માં કંઈ ન થતો હોય. જેમકે એક પગ ઉપર વધુમાં વધુ સમય ઉભા

રહેવાની હરીફાઈ, બંધ મુઠ્ઠીમાં રાખેલ સિક્કા કે વસ્તુ, એ એકી કે બેકી સંખ્યામાં હોવાનો તર્ક કરવાની હરીફાઈ, પાણીની નીચે (તળીયે) વધુ સમય રહેવાની અને આવી બીજી હરીફાઈઓ જેનો મૈદાને જેહાદમાં કંઈ ફાયદો થતો નથી. તે બધી હરીફાઈઓ જાએઝ નથી. માત્ર ઘોડા દોડાવવાની અને તીરંદાઝી સિવાયની કોઈ હરીફાઈ જાએઝ નથી. ભલે તેમા કોઈ શર્ત લગાડવામાં આવી હોય કે ન હોય.

કેટલાક બીજા મુતહદિ જેમકે શહીદે સાની એવા મુકાબલાને હરામ ગણતા નથી, જેમાં જુગારના સાધનોનો ઉપયોગ થયો ન હોય કે શર્ત પણ લગાવવામાં આવી ન હોય. તેઓ એવા મુકાબલાને જાએઝ ગણાવવા માટે સંમત છે. આ કૌલ એક રીતે મજબુત છે. ખાસ કરીને એવા મુકાબલાઓમાં જેમાં હરામનો કોઈ અંશ હોવાની શક્યતા નથી, પણ જેમાં કાંઈ યોગ્ય કારણ અને મસ્લહત (ભલાઈ) હોય. દા.ત. : સુલેખન (ખુશખી) ની હરીફાઈ, વાંચવાની, શિવણકામની, કોઈ

વસ્તુ બનાવવાની કે ખેતીવાડીનાં કામની હરીફાઈ, દોડવા અને નૌકા ચલાવવાની હરીફાઈ વગેરે હરીફાઈઓની પાછળ પણ આ કારણ છે. પરંતુ મોટાભાગના મુજતહિદોએ ઘોડા દોડાવવાની હરીફાઈ અને તીરંદાઝી સિવાયની તમામ હરીફાઈ માટે મનાઈ ફરમાવી છે, તેથી એહતિયાત (સાવચેતી) વધારે સારી છે.

અલબત્ત એવી હરીફાઈ ત્યારે જ જાએઝ છે જયારે તેમા કોઈ નુક્સાનીની શક્યતા ન હોય અને જો નુક્સાનીની શક્યતા હોય, તો

તેવી હરીફાઈ જાએઝ રહેશે નહીં. જેમકે મોટરકારની ભયંકર ઝડપની રેસ, વધુમાં વધુ કુશ્તી (મુક્કાબાજી) આ બધા હરામ કામ છે. કારણ કે તેમા નુકસાન થવાની સંભાવના છે.

“રાષ્ટ્રીય સહાય” (કૌમી ઇમદાદ) ના નામે એવી ટીકીટો ખરીદવી પણ હરામ છે. જેના પૈસા પાછા મળતા નથી અને ટીકીટ ખરીદનારાઓ પૈકી અમુક વ્યક્તિઓને (વગર મહેનતે) બેઠા બેઠા મોટી રકમ

મળી જતી હોય છે. બેશક આ જુગાર અને તેમા મોટા ગુનાહ છે.

# પંદરમો ગુનોહ
# સંગીત

# પંદરમો ગુનોહ
# સંગીત
## સંગીત (વાદ્ય વગાડવું - સાંભળવું)
પંદરમો ગુનોહ જે ગુનાહે કબીરા તરીકે સાબિત છે તે સંગીતના સાધનોનો ઉપયોગ કરવો છે. દાખલા તરીકે સિતાર, પિયાનો, તંબુરો, ઢોલ વગેરે વગાડવું હરામ છે. તેવી જ રીતે સંગીત સાંભળું એ પણ એક ગુનાહે કબીરા છે. ફઝલ ઇબ્ને શાઝાને હઝરત ઈમામ અલી રઝા અલય્હિસ્સલામથી ગુનાહે કબીરાની જે

યાદી નોંધી છે તેમા સંગીતનો સમાંવેશ થાય છે.

ઢલહવ' વ 'લઅબ' (ખેલકૂદ - મનોરંજન) ના સાધનોમાં મશ્ગુલ રહેવું (પણ એક ગુનાહે કબીરા) છે.

તમામ મુજતહિદો એ વાત પર એકમત છે કે ગીત ગાવા, સંગીત વગાડવાના સાધનો (વા૩) બનાવવા, ખરીદવા અથવા વેચવા જુગારના સાધનોની જેમ હરામ છે. અને તેમાથી મળતી રકમ માલ છે અને તે અંગેનો તમામ વ્યવહાર બાતિલ છે. એટલે

સુધી કે સંગીતના સાધનો પોતાની પાસે સુરક્ષિત રાખવા પણ હરામ છે. અને તેનો નાશ કરી દેવો વાજીબ છે. આ વાત હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની એક લાંબી હદીસથી સાબિત થએલી છે જે, “તોહફુલ ઓફ્લ” માં નોંધાએલી છે. એવી જ રીતે શેખ હુર્રે આમેલીનીન કિતાબ “ઢઅલ ફોસુલૂલ મોહીમ્મહ” માં હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની હદીસ નોંધવામાં આવી છે -

“અલ્લાહ તઆલાએ એવી તમામ વસ્તુઓ બનાવવી હરામ કરેલ છે, જેનો ઉપયોગ સંપૂર્ણ પણે હરામ કામોમાં જ થતો હોય અને જેનાથી ફક્ત ખરાબી જ ઉત્પન્નસ થતી (અને ફેલાતી) હોય દાખલા તરીકે બર્બત (એક વાજિંત્ર) વાંસળી, શતરંજ, લહવો લઅઅ બ્ખેલકુદ અને મનોરંજન) ના તમામ સાધનો, સલીમ (ક્રોસ), બૂત અને તેના જેવી તમામ વસ્તુઓ બનાવવી હરામ છે.”

ઈમામ અલયહિસ્સલામે એટલે સુધી ફરમાવ્યું :

(સંગીત) ગાતા (વાઉ) વગાડતા શીખવું, શીખાડવું, ગાવું, વગાડવું, તેનું મહેનતાણું લેવું અને કોઈ પણ રીતે (લહવો - લઅબ) મનોરંજન કે ખેલકૂદમાં મશ્ગુલ રહેવું હરામ છે.

## સંગીત : રિવાયતોના પ્રકાશમાં

લહવો - લઅબ (ખેલકૂદ અને મનોરંજન) ના ગીત અને સંગીતના સાધનોનો ઉપયોગ કરવો હરામ છે આ વિષયમાં

ઘણી રિવાયતો વારીદ થઈ છે. જેમકે હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી આ હદીસ નોંધી છે.

"હું તમને નૃત્ય કરવા, વાંસળઇ જગાડવા, ઢોલ અને તબલા વગાડવાની મનાઈ કરૂં છું." (કિતાબે કાફી)

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત છે :

"ખુદાવંદે આલમે મને લોકોની હિદાયત કરવા માટે સમગ્ર વિશ્વ ઉપર રહમત બનાવીને મોકલ્યો છે. અને મને હુકમ આપ્યો છે કે હું વાંસળી, ગાવા - વગાડવા (ગીત - સંગીતના સાધનો) (લહવો - લઅબ) (ખેલકૂત - મનોરંજન) ની વસ્તુઓ, બૂતો ને અજ્ઞાનતાના જમાનાના કાર્યોને નાબૂદ કરી દઉં." (મુસ્તદરકુલ વસાએલ, પ્રકરણ ૭ મું)

હઝરત ઇમાંમે જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

“ જે માણસને ખુદાએ કોઈ નેઅમત આપી હોય અને તે નેઅમત પ્રાપ્ત હોવા છતાં તે વાંસળી (સબુરી) વગાડે, તો તે (અલ્લાહની) નેઅમતની નાશુક્રી કરી રહ્યો છે જેમકે ખાવા પીવાની નેઅમતની, હાથ અને શરીરની સલામતી જેવી નેઅમતની ટૂંકમાં એ તમામ નેઅમતોની નાશુક્રી થઈ જશે જે વાસંળી વગાડનારને મળેલી હોય.” (વસાએલુશ્શીઆ, કિતાબે તિજારત, પ્રકરણ - ૧૨૮)

સંગીત વેર અને નિર્લજતા માટે કારણરૂપ છે.

છઠ્ઠા ઈમામ અલય્હિસ્સલામનો આ પણ ઇરશાદ છે :

“પાણીથી લીલોતરી ઉગી નિકળે છે તેમ સારંગી વગાડવાથી દિલમાં વેર (દુશ્મનાવટ) પૈદા થઈ જાય છે. (વસાએલુશ્શીઆ, પ્રકરણ ૧૨૮)

ઈમામ અલયહિસ્સલામે આ પણ ફરમાવ્યું :

“જે માણસના ઘરમાં ચાલીસ દિવસ સુધી ઢોલ તાસા વાગતા હોય તો ખુદા તેના ઉપર ‘ફકંદીર’ નામનો એક શૈતાન નિશ્ચિત કરે છે. જે તે માણસનાં શરીરના દરેક ભાગ ઉપર બેસે છે. જયારે એવું થાય ત્યારે તેનામાંથી શર્મો - હયા વિદાય થઈ જાય છે. પછી તે માણસને એ વાતની પરવા રહેતી નથી કે તે પોતે શું કરી રહ્યો છે. અને તેના વિશે શું કહેવામાં આવી રહ્યું છે. પછી તે શૈતાન એ માણસને ફુંક મારી દે છે. જેથી તે માણસને શર્મ (લજ્જા)

રહેતી નથી. એટલે સુધી કે તેની કુટુંબની સ્ત્રીઓ (માં - બહેન - દિકરી - પત્નિ વગેરે) સાથે બદફેલી કરવામાં આવે, તો પણ તે શરમાંતો નથી.” વસાએલુશ્શીઆ, પ્રકરણ ૧૨૮ કિતાબે તિજારત)

એ વાત અનુભવ સિધ્ધ છે કે જે લોકોના ઘરોમાં ઢોલ - તાસા અને ગીત - સંગીત સામાંન્ય થઈ પડયું હોય છે, ભલે તે રેડીઓ, ટેપરેકોર્ડર (કેસેટ પ્લેયર), ટેલીવીઝન વગેરે દ્વારા કેમ ન થતું હોય, તે

સાંભળનારા લોકો નિર્લજ્જ અને બેગૈરત હોય છે.

## સંગીતકાર અને ગાયનનો અવાજ

મોઅદ્દ્હ ઇબ્ને ઝિયાદ કહે છે કે હું હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં હાજર હતો ત્યારે એક માણસે ઈમામ અલય્હિસ્સલામને કહ્યું : “હું સંડાસમાં જાઉં છું, ત્યારે મારા પાડોશનાં ઘરમાંથી કનીઝોનો ગીત સંગીતનો અવાઝ આવે છે. ક્યારેક હું ત્યાં એ સાંભળવાના હેતુથી વધારે સમય બેસી રહું

છું.” હઝરતે ફરમાવ્યું : લહવો લઅબ (ગીત સંગીતને) ધ્યાનથી સાંભળવાનું છોડી દો. એ માણસે ફરીથી કહ્યું : મૌલા, હું તેની લહવો લઅબની મહેફિલમાં જતો નથી. પણ ફક્ત તેનો અવાજ જ સાંભળુ છું. હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : શું તે કુરઆનની આ આયત નથી વાંચી ?

“નિસંશય કાન તથા આંખ તથા દિલ (અંત : કરણ) બલ્કે એમાંથી દરેકને (કયામતના

દિવસે) સવાલ કરવામાં આવશે.” (૧૭ - ૩૬)

તે માણસે કહ્યું મને તે આયત વિશે ખબર ન હતી અને હું મારા અમલ માટે ભોંઠપ અનુભવું છું. મારા થઈ ચૂકેલા ગુનાહની તૌબા કરૂં છું. અને ખુદાની મગ્ફેરત (માંફી) ચાહું છું.

એ પરિસ્થિતિ જોઈને ઇમાંમે તેને ફરમાવ્યું: “ઉભા થઈ જાવ, જઈને ગુસ્લ કરો અને નમાઝ અદા કર્યા પછી આ (ગીત - સંગીત સાંભળવાના ગુનાહ માંફ થવા) માટે દુઆ

માંગો, બેશક તમે બહુ જ મોટા ગુનાહ કરતા રહ્યા છો. તમે કેવી હાલતમાં ફસાએલા હતા અને હવે તમે તમારી પોતાની જાત માટે (ગુનાહ કરવાના કારણોસર) શરમીંદગી અનુભવો છો. હું ખુદાનો શુક્ર અદા કરૂં છું અને દરેક એવી વસ્તુઓથી તૌબા કરૂં છું જે ખુદાને નાપસંદ હોય."

બેશક, ખુદા સૌથી ખરાબ (કનિષ્ઠ) વસ્તુઓને જ નાપસંદ કરે છે. કનિષ્ઠ વસ્તુઓને તેને પાત્ર લોકો માટે છોડી દો.

કારણ કે દરેક વસ્તુને લાયક કોઈને કોઈ લોકો તો હોય જ છે.”

(કિતાબે કાફી સંગીત વિશેનું પ્રકરણ)

**બરકત ચાલી જાય છે.**

હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે ફરમાવ્યું :

“જે ઘરોમાં શરાબ, દફ (તબલા) બાંસુરી જેવા સંગીતાના સાધનો હોય ત્યાં ફરિશ્તાઓ પ્રવેશતા જ નથી. એવા ઘરના લોકોની દુઆ પણ કબુલ થતી નથી અને

તેવા ઘરોમાંથી બરકત ચાલી જાય છે.” (વસાએલુશ્શીઆ)

હઝરત ઈમામ અલી રઝા અલયહિસ્સલામે ફરમાવ્યું :

“સંગીતના સાધનો સાંભળવા એ ગુનાહે કબીરામાંથી છે.”(મુસ્તદરકુલ વસાઈલ, પ્રકરણ ૭૯)

પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઇરશાદ ફરમાવે છે :

“જે માણસ પાસે સિતાર હશે તેને કયામતના દિવસે શ્યામ (કાળા) ચહેરા

સાથે ઉઠાડવામાં આવશે. (ત્યારે) તેના હામાં આગથી બનેલા સિતાર હશે. અને તેના માંથા ઉપર સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તા આગના ગુર્ઝ (ગદા) લઈને ઉભા હશે. જે તેના માંથા અને ચહેરા પર માંરશે. અને ગાયક (ગીત થાનારા) તેમની કબ્રમાંથી આંધળા, બહેરા અને મૂંગા ઠશે. અને ઝાની (ઝીનાકાર) ને પણ તેની કબ્રમાંથી એવી જ રીતે ઉઠાડવામાં આવશે. અને વાંસળી (બાંસુરી) વગાડનાર તેમજ ઢોલ વગાડનારની હાલત પણ એવી જ

હશે. એટલે એ તમામ લોકો હશ્રના મેદાનમાં આંધળા, બહેરા અને મૂંગા ઉપસ્થિત થશે." (મુસ્તદરકુલ વસાએલ)

જે ઘરમાં ચાલીસ દિવસ સુધી ગીત સંગીત ચાલતા હોય ત્યાં :

હઝરત ઈમામ રઝા અલચ્હિસ્સલામનો ઇરશાદ છે :

"જે માણસના ઘરમાં ઢોલ, વાંસળી અથવા ગીત - સંગીતના કોઈ પણ સાધન અથવા શતરંજ જેવી વસ્તુ ચાલીસ દિવસ સુધી રહે, તે માણસ ખુદાના ગઝબ (ગુસ્સા) ને

નિમંત્રણ આપે છે. જો તેવો માણસ એ ચાલીસ દિવસો દરમ્યાન મીર જાય, તો તેની મોત એક ફાસિક અને ફાજિર (વ્યભિચારી અને દુરાચાર) ની મૌત જેવી થશે અને તેનું ઠેકાણું જહન્નમ હશે, અને તે કેટલું ખરાબ ઠેકાણું છે “ (મુસ્તનદે નરાકી)

**આખર જમાનામાં સંગીત**

રિવાયતોમાં આખર જમાનાની જે નિશાનીઓનું વર્ણન કરવામાં આવ્યું છે તેમા એમ પણ છે કે:

અને (આખર જમાનામાં) તમે જોશો કે લહવો - લહબ (ગીત - સંગીત, ખેલકૂત વગેરે નકામા કાર્યો) એટલા બધા નકામા કાર્યો) એટલા બધા સામાંન્ય થઈ પડશે કે કોઈ એક બીજાને તેના કરવાની મનાઈ નહીં કરે. અન ન તો કોઈનામાં મનાઈ કરવાની હિંમત હશે. અને તમે એ પણ જોશો કે હરમૈન શરીફૈન (મક્કા મોઅઝઝમાં અને મદીનએ મુનવ્વરા) માં પણ ગીત સંગીત વગાડવું સામાંન્ય થઈ પડશે. (મુસ્તનદે નરાકી)

હાલના જમાનામાં ઉપરની વાત સાબિત થઈ ચુકી છે કે બજારો, સડકો, દુકાનો, ઘરો અને કારોમાં પણ મોટા અવાજથી અશ્લીલ અને બેહુદા સંગીતનો અવાજ સંભળાઈ રહ્યો છે, પરંતુ તેની રોટ ટોક કરવાની કોઈનામાં હિંમત રહી નથી.

અત્યાર સુધી ગીત અને સંગીત ગાવા - સાંભળવાની અને આખેરતની સજાઓનું વર્ણન થઈ ચૂક્યું - આ ગુનાહે કબીરાના દુન્યવી નુકસાન પણ ઘણા છે. આ વિષયમાં વિાનોએ ઘણા પુસ્તકો લખ્યા છે.

જેમકે ફારસી ભાષામાં ‘મનાઝરએ દક્તરો પીર’ ,‘બલાહાએ ઇજતમાંઈ કરને માં’ , ‘મૌસીક્સ વ ઇસ્લામ’ વગેરેનું વાંચન કરવની ભલામણ કરીએ છીએ.

## શરીરના અવયવો પર સંગીતની અસર

વિજ્ઞાન શાસ્ત્ર અને જીવ શાસ્ત્રના નિષ્ણાંતોએ માનવ શરીરના સ્નાયુઓના બે ભાગ ર્ક્યા છે. એક સંકલન કરનાર સ્નાયુ છે અને બીજા મિશ્રિકત સ્નાયુઓ છે. સંકલન કરનારા સ્નાયુઓ ગળા અને મગજથી આખા શરીરમાં કેન્્ીય ભાગ

ભજવે છે. અને મિશ્રિમત સ્નાયુઓ જે શાઆખો અને મુળીયાની જેમ કેન્્ીય સ્નાયુઓની સાથે પોતાની વિકાસ કરે છે. મિશ્રિમત સ્નાયુઓ શરીરના બાહ્ય ભાગોની નઝદીક હોય છે અને તેની માંરફત શરીરના બીજા અવયવો સુધી સંદેશો પ્રસારિત થતો હોય છે. આ અવયવો શરીરની નસ (રક્ત વાહિનીઓ)ને ફુલાવવાનું કાર્ય પણ કરે છે. જેના કારણે લોહીના દબાણમાં અડચણ ઉભી થઈ શકે છે અને લોહીનું દબાણ નીચું (લો - બ્લડ

પ્રેશર) થઈ જાય છે. જયારે શરીરમાંના અમુક ભાગમાં ‘લો’ અને અમુક ભાગમાં ‘હાઈ’ બ્લડ પ્રેશર થઈ જાય ત્યારે શરીરની તંદુરસ્તી ભાંગી પડે છે.

આ ઉપરાંત જયારે મિશ્રીત સ્નાયુઓ કાર્યશીલ હોય, ત્યારે શરીરમાં ગરમી ઉત્પન્નર થાય છે. આનાથી કેન્ીય અને સંકલન કરનારા સ્નાયુઓનું કામ ઉલ્ટું હોય છે. એટલે કે તેના કાર્યશીલ રહેવાનાં કારણે સુસ્તી, ઉંઘ, ભૂલ, બેદરકારી, ગમગીની, બેહોશી, બદહાલી એટલે સુધી કે

મૌત પણ આવી શકે છે. આથી સ્પષ્ટ થાય છે કે સંગીતના ગુનાહની અસર શરીરના વિવિધ ભાગો ઉપર જુદી જુદી પડે છે. અને તેનું નુકસાન એ થાય છે કે ગીત સંગીત સાંભળનારો માણસ બીમાંર રહ્યા કરે છે અને તેના દીમાંગને પણ અવળી અસર થાય છે. આ જ કારણોથી સંગીતની ધૂનમાં મસ્ત રહેનારો માણસ એક બુધ્ધિમાન અને ગંભીર પ્રકૃતિવાળા માણસની જેમ ઉંડાણથી સમજી - વિચારીને કામ કરી શક્તો નથી.

સંગીત શરીરમાં ધ્રુજારી (કંપન) પૈદા કરે છે. જેની અસર શરીરના તમામ અવયવોના સંચાલન તંત્ર પર થાય છે. અને તેની અસર પાચન તંત્ર પર પણ થાય છે. જેના કારણે ખોરાક પચતો નથી. સંગીતની અસર એટલી ખરાબ પડે છે કે હૃદયના ધબકારા પણ અનિયમિત થઈ જાય છે.શરીરનું બ્લડ પ્રેશર અનિયમિત રહ્યા કરે છે. સંગીતના કારણે માણસ એવી એવી બીમારીઓમાં કાયમ માટે સપડાય જાય છે કે અત્યંત આધુનિક તબીબિ

વૈજ્ઞાનિક સંશોધન પણ તેના સંપૂર્ણ ઇલાજ કરવામાં અસમર્થ બની જાય છે. ક્યારેક તો સંગીત એટલી બધી અશાંતિ ફેલાવનારૂં હોય છે કે તે સાંભળનારનું મગજ ચકરાવે ચડી જાય છે અને તેનાથી જાત જાતની માનસિક બીમારીઓ પણ પૈદા થાય છે. જે વિસ્તારોમાં ગીત સંગીત સાભળવાનું પ્રમાણ વધારે હશે ત્યાં માનસિક રોગના દર્દીઓ પણ વધારે જોવા મળશે. આના લીધે જ યુરોપ અને અમેરીકામાં માનસિક

રોગ (ગાંડાઓ) ની હોસ્પિટલો વધારે જોવા મળે છે.

ડોકટર એડલર સંગીતનો વિરોધ કરતા લખે છે : “પ્રાથમિક દ્રષ્ટિએ સંગીત સાંભળવું સારૂં લાગે છે પણ તેની શરીરના અવયવો ઉપર અવળી અસર પડે છે. ગરમીની સીઝનમાં સંગીતની પ્રતિકુળ અસરમાં વૃધ્ધિ થઈ જાય છે. તેથી જ સાઉદી અરેબીયા અને ઈરાનના કેટલાક ગરમ પ્રદેશોમાં સંગીતની અવળી અસરો વધારે પ્રમાણમાં જોવા મળે છે.

અમેરીકામાં હજારોની સંખ્યા લોકો સંગીત અને તેનાથી થતાં નુકસાનથી એટલા ત્રાસી ગયા હતા કે તેમણે અમેરિકાની સેનેટ સમક્ષ સંગીત ઉપર કાયદેસરનો પ્રતિબંધ મુક્વાનો પ્રસ્તાવ રજુ ર્ક્યો હતો. અફસોસની વાત એ છે કે સમગ્ર વિશ્વના લોકો સંગીતનો દુષ્પ્રભાવ અને દુર્ભાગ્ય નરી આંખે નિહાળી રહ્યા છે. છતાં તેના વ્યસનથી મુક્ત થઈ શક્તા નથી. (તાસીરે મોસીકી - બર અઅસાબ, નામના પુસ્તકના પાના ૩ અને ૧૦ ઉપરથી)